# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે: 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

## સંપાદનઃ

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

## વિષય સમિતિઃ

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

## પરામર્શન (વિષય):

| | |
|---|---|
| *ડૉ. પ્રદ્યુમન ખાચર* | *એસોસીએટ પ્રોફેસર ,ઈતિહાસ વિભાગ , મહિલા કોલેજ ,જૂનાગઢ* |
| *પ્રો. (ડૉ). પ્રફુલા રાવલ* | *નિવૃત પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.* |
| *પ્રો. (ડૉ). જીગીશ પંડ્યા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.* |

## લેખનઃ

| | |
|---|---|
| *ડૉ. વિક્રમ અમરાવત* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.* |

## પરામર્શન (ભાષા):

| | |
|---|---|
| *ડૉ.જાગૃતિ મહેતા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર,ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *શ્રી પ્રવીણ વણકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર,ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ.ધ્વનિલ પારેખ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ગુજરાતી વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા.* |
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |

**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

**ISBN : 978-81-953732-2-2**
**પ્રકાશન વર્ષ : 2025-પ્રથમ આવૃતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

BAOU
Education
for all

**સેમેસ્ટર- 02**

# HISMJ-201
# ભારતનો ઈતિહાસ
## (ઈ.સ. 650 થી1526 સુધી)


| | |
|---|---|
| **એકમ-1** ઈતિહાસ જાણવાના સ્રોતો | **01** |
| **એકમ-2** ચાલુક્ય (વાતાપી), પલ્લવ અને ચૌલ | **19** |
| **એકમ-3** પરમાર, રાષ્ટ્રકૂટ, ગુજરાતના ચાલુક્યો અને ગૂર્જર પ્રતિહાર | **40** |
| **એકમ-4** રાજપૂત શાસનકાલ દરમિયાન સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિ | **65** |
| **એકમ-5** દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વેની ભારતની રાજકીય સ્થિતિ | **77** |
| **એકમ-6** ભારતનો ઈતિહાસ ગુલામવંશ : કુત્તુબુદિન ઐબકની કારકિર્દી અને સિદ્ધિઓ | **91** |
| **એકમ-7** ખિલજીવંશ : અલાઉદ્દીન ખિલજીના સુધારા | **104** |
| **એકમ-8** તુઘલક  વંશ મોહમ્મદ તુઘલક અને ફિરોજશાહ તુઘલક | **131** |
| **એકમ-9** સૈયદ અને લોદીવંશ : સિકંદર લોદી અને ઈબ્રાહીમ લોદી | **146** |
| **એકમ-10** દિલ્હી સલ્તનત સમયના ભારતની રાજકીય, સામાજિક  અને  આર્થિક સ્થિતિ | **156** |

| | |
|---|---|
| એકમ-11<br>સલ્તનત સમયનું વહીવટીતંત્ર | 186 |
| એકમ-12<br>ભક્તિ આંદોલનના સંતો અને તેમનો પ્રભાવ | 205 |
| એકમ-13<br>સૂફી આંદોલનના સંતો અને તેમનો પ્રભાવ | 230 |
| એકમ-14<br>વિજયનગર સામ્રાજ્ય : કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ | 253 |
| એકમ-15<br>બહમની સામ્રાજ્યની રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિ | 271 |
| એકમ-16<br>ઈ.સ. ૬૫૦ થી ૧૫૨૬ સુધીનું ભારત, સાહિત્ય, શિક્ષણ અને વિજ્ઞાન | 287 |
| એકમ-17<br>ઈ.સ. 650 થી ઈ.સ.1526 સુધીનું ભારત, કલા અને સ્થાપત્ય | 326 |

## વિભાગ-1 ઈ.સ. 650 થી દિલ્હી સલ્તનતની સ્થાપના સુધી

---

**ભારતનો ઈતિહાસ (ઈ.સ. 650 થી ઈ.સ. 1526સુધી) પેપર-3** *ના વિભાગ-1 માં ઈ.સ.650 થી દિલ્હી સલ્તનતની સ્થાપના સુધીમાં કુલ 5 એકમોનો સમાવેશ કરવામાં આવેલ છે. ઈ.સ. 650 થી દિલ્હી સલ્તનતની સ્થાપના સુધીના ઇતહાસમાં રાજકીય,સામાજિક,આર્થિક,ધાર્મિક,સાંસ્કૃતિક બાબતોને આવરી લેવામાં આવી છે*

**એકમ-1***માં ઈતિહાસ જાણવાના સ્રોતોમાં ઈતિહાસની જાણકારી માટેના પુરાવાસ્તુકીય અને સાહિત્યિક સાધનોની ચર્ચા કરવામાં આવી છે.જેમાં શિલાલેખો,અભિલેખો,સિક્કાઓ,પ્રશસ્તિપત્રો, તામ્રપત્રો ઉપરાંત તે સમય માં રચાયેલી સાહિત્યિક કૃતિઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલી છે.*

**એકમ-2***માં ચાલુક્ય (વતાપી), પલ્લવ અને ચૌલ જેવા રાજ્યો ની ઉત્પતિ તેમનો રાજકીય,સામાજિક,આર્થિક,ધાર્મિક,અને સાંસ્કૃતિક ઈતિહાસની વિગતે માહિતી આપવામાં આવેલી છે*

**એકમ-3***માં ભારતમાં રાજપૂતો દરમ્યાન ઉત્તર અને દખ્ખણ ભારતના ચાર પ્રમુખ રાજ્યો પરમાર,રાષ્ટ્રકૂટ,ગુજરાતના ચાલુક્ય,અને ગુર્જર પ્રતિહાર રાજવંશોની રાજકીય બાબતોની ચર્ચા કરવામાં આવી છે જેમાં રાજ્યોની સ્થાપના તેમના આંતરિક કલહો,આરબ આક્રમણો સામેની તેમની નિષ્ફળતા અને ભારતમાં મજબુત બનતી મુસ્લિમ સત્તા વગેરેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે*

**એકમ- 4***માં રાજપૂત શાસનકાળ દરમિયાન સામાજિક,આર્થિક,ધાર્મિક સ્થિતિ વિશેની ચર્ચા કરવામાં આવી છે. જેમાં રાજપૂતકાલીન સામજિક રીવાજો , ખેતી અને સિંચાઈ અંગેની માહિતી તથા આ સમયના ધર્મો વગેરેની વિગતે માહિતી આપવામાં આવી છે.*

**એકમ-5***માં દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વેની ભારતની રાજકીય પરિસ્થિતિ માહિતગાર થશો.જેમાં મહેમુદ ગઝનવી નું આક્રમણ,મહમદ ઘોરીનું આક્રમણ,તરાઈના બે યુધ્ધો, દિલ્લી સ્લતનતની સ્થાપના પૂર્વે ભારતા રાજ્યો વગેરેની વિગતે માહિતી આપવામાં આવી છે.*

| એકમ-1 | ઈતિહાસ જાણવાના સ્રોતો |
| --- | --- |

**રૂપરેખા :**

**1.0 ઉદ્દેશ્યો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 ઈતિહાસ જાણવાના સ્રોતો**

**1.2.1 પુરાવસ્તુકીય સ્રોતો**

**I. અભિલેખો**

**II. સિક્કાઓ**

**III. ઈમારતો**

**1.2.2 સાહિત્યિક સ્રોતો**

**I. ભારતીય ભાષા સાહિત્ય**

**II. વિદેશી ભાષા સાહિત્ય**

**તમારી જાતે ચકાસો**

**1.3 સારાંશ**

**1.4 શબ્દાવલી**

**સ્વાધ્યાય**

**1.5 સંદર્ભ ગ્રંથો**

## 1.0 ઉદ્દેશ્યો

*આ એકમના ઉદ્દેશ્યમાં ઈ.સ. 650 થી 1526 સુધીના ભારતના ઈતિહાસ જાણવાના પુરાવસ્તુકીય સાધનો અને સાહિત્યિક સાધનો અંગેનો અભ્યાસ કરવાનો છે. આ એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે -*

- *ભારતીય ઈતિહાસના પૂર્વ મધ્યકાળીન ઈતિહાસ જાણવાના પુરાવસ્તુકીય સાધનો અંગે માહિતગાર થશે.*
- *ભારતીય ઈતિહાસના પૂર્વ મધ્યકાળીન ઈતિહાસ જાણવાના સાહિત્યિક સાધનો અંગે માહિતગાર થશે.*

- *ભારતીય ઈતિહાસના પૂર્વ મધ્યકાળની વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ વિશે માહિતગાર થશે.*

## 1.1 પ્રસ્તાવના

*ભારતીય ઈતિહાસમાં હર્ષવર્ધનની મૃત્યુ પછી ઉત્તર ભારતમાં જે રાજકીય વિખંડન થયું તેનાથી એક નવીન રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિસ્થિતિ ઉભી થઈ હતી જેને કેટલાંક ઈતિહાસકારો ભારતમાં સામન્તવાદના યુગ તરીકે જણાવે છે. રામશરણ શર્મા જેવા ઈતિહાસકારોએ આ સ્થિતિને ભારતીય સામન્તવાદ તરીકે જણાવે છે. કેટલાંક ઈતિહાસકારો ઈ.સ.* 650*થી દિલ્હીમાં તુર્કી સલ્તનતની સ્થાપનાના સમય ઈ.સ.*1206 *સુધીના સમયને રાજપૂત યુગ તરીકે પણ જણાવે છે. આ સમય દરમ્યાન ઉત્તર અને દક્ષિણ ભારતમાં અનેક રાજકીય સત્તાઓનો ઉદય, વિકાસ અને પતન થયો હતો. ગુપ્તો પછી ઉત્તર ભારતની રાજકીય સત્તાનો કેન્દ્ર મગધથી કન્નૌજ તરફ ખેંચાયો. હર્ષવર્ધન પછી કન્નૌજ પર અધિકાર મેળવવા માટે આઠમી અને નવમી સદીમાં જે સંઘર્ષ થયો તે ભારતીય ઈતિહાસમાં ત્રિ-રાષ્ટ્ર સંઘર્ષના નામે ઓળખાએ છે જેમાં ગૂર્જર પ્રતિહાર, પાલ અને રાષ્ટ્રકૂટ શાસકો વચ્ચે કન્નૌજ પર પ્રભાવ સ્થાપિત કરવા માટેની હરીફાઈ જોવા મળે છે. ઉત્તર ભારતમાં સાતમીથી બારમી સદી દરમ્યાન કેટલાંક નવીન રાજપૂત રાજ્યોનો ઉદય થાય છે જેમાં માળવાના પરમારો, ગુજરાતના સોલંકી, મેવાડના ગોહિલ, જેજાકભુક્તિના ચંદેલ, શાકમ્ભરીના ચૌહાણ વગેરે પ્રમુખ છે. હર્ષવર્ધનના સમયમાં જ દક્ષિણ ભારતમાં બાદામીના ચાલુક્ય વંશનો પ્રભાવ હતો, તેના પછી રાષ્ટ્રકૂટોની સત્તા પ્રવર્તી, આ જ સમયમાં સૂદૂર દક્ષિણમાં કાંચીમાં પલ્લવ વંશના શાસકોનો રાજ્ય હતો. બાદામીના ચાલુક્યો પછી દક્ષિણમાં રાષ્ટ્રકૂટોની સત્તા પ્રવર્તી, નવમી સદી પછી ચોલ રાજ્યનો ઉદય થાય છે. ત્યારે કલ્યાણીના ચાલુક્ય વંશનો પણ ઉદય થાય છે. પશ્ચિમી ભારત તરફથી આઠમી સદીની શરૂઆતથી વિદેશી આક્રમણોની શરૂઆત થઈ જાય છે જેનો સફળ પ્રતિરોધ બારમી સદીના અંત સુધી ક્ષેત્રીય રાજ્યો દ્વારા કરવામાં આવે છે. બારમી સદીના અંતમાં તરાઈનના બીજા યુદ્ધમાં શાકમ્ભરીના ચૌહાણ શાસક પૃથ્વીરાજ ત્રીજાની પરાજય પછી દિલ્હીમાં તુર્કી સલ્તનતની સ્થાપના થાય છે. એ ભારતીય ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના છે જેના પછી ભારતના ઈતિહાસના બધા ક્ષેત્રોમાં પરિવર્તનો જોવા મળે છે. રાજકીય જ નહી પણ, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક, વહીવટીય ક્ષેત્રે એક નવીન યુગનો આરંભ થાય છે. જે તુર્કી સત્તાની સ્થાપના ઈ.સ.* 1206*માં દિલ્હીમાં થાય છે તેના પછી ઈ.સ.* 1526 *સુધીમાં પાંચ જુદા-જુદા વંશના તુર્ક-અફગાન શાસકો દિલ્હી પર શાસન કરે છે. ઈ.સ.* 1206*થી* 1526 *સુધીનો આ યુગ ભારતના ઈતિહાસમાં સલ્તનત યુગના નામે ઓળખાય છે. આ અધ્યાયમાં રાજપૂત યુગ અને સલ્તનત યુગના ઈતિહાસ જાણવાના પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનોની ચર્ચા કરવામાં આવશે.*

## 1.2 ઈતિહાસ જાણવાના સ્રોતો

*ઈ.સ. 650 થી 1526 સુધીના ભારતના ઈતિહાસ જાણવા માટે હવે પ્રચુર માત્રામાં પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનો મળે છે. રાજપૂતકાળ દરમ્યાન સંપૂર્ણ ભારતમાં જે વિવિધ રાજકીય સત્તાઓનો ઉદય થયું તેના સમયમાં અને તુર્ક-અફગાન શાસન દરમ્યાન સલ્તનત કાલમાં શાસક વર્ગ દ્વારા પોતાના સંરક્ષણમાં અને અન્ય દરબારી સાહિત્યકારો અને ઈતિહાસકારો દ્વારા જે ગ્રંથોની રચના કરવામાં આવી તે તત્કાલીન ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વપૂર્ણ સાધનો છે. ઉપરાંત શાસક વર્ગ દ્વારા જે નિર્માણ કાર્ય કરાવવામાં આવ્યું તેના અવશેષો અને તે ઈમારતો જેમાં કે મંદિરો, મહલો, કિલ્લાઓ, મસ્જિદો, મકબરાઓ, દરવાજાઓ વગેરે શામેલ છે, તે પણ તત્કાલીન સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વપૂર્ણ પુરાવસ્તુકીય સાધનો છે. આ સમયગાળાના ઈતિહાસ જાણવા માટેના સાધનોને મુખ્યત્ત્વે બે ભાગમાં વંહેચી શકાય છે –(1) પુરાવસ્તુકીય સ્રોત અને (2) સાહિત્યિક સ્રોત.*

### 1.2.1 પુરાવસ્તુકીય સ્રોતો

*ઈતિહાસ જાણવા માટેના સાધનોમાં પુરાવસ્તુકીય સાધનો સાહિત્યિક સાધનો કરતા વધારે મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે. પુરાવસ્તુકીય સ્રોતોમાં રચનાકાલ વિશે સચોટ માહિતી મળવાની સંભવાના વધારે રહે છે. પુરાવસ્તુકીય સાધનોની બીજી નકલ કરી શકાતી નથી એટલે તે સાધનો પોતાના મૂલ સ્વરૂપમાં જ હોય છે જેનાથી ઈતિહાસ લેખનમાં તેને પ્રાથમિક સ્રોત તરીકે ગણી શકાય છે. પ્રાગૈતિહાસિક યુગ અને આદ્યૈતિહાસિક યુગના ઈતિહાસ જાણવા માટે તો પુરાવસ્તુકીય સાધનો સૌથી મહત્ત્વના છે. ઐતિહાસિક યુગના ઈતિહાસ જાણવા માટે સાહિત્યિક સાધનો પણ સહાયક સામગ્રી તરીકે આવી જાય છે તો પણ પુરાવસ્તુકીય સ્રોતોનો મહત્ત્વ આધાર સામગ્રી તરીકે છે. ઈતિહાસ જાણવાના પુરાવસ્તુકીય સ્રોતોમાં મુખ્યત્ત્વે અભિલેખો, જૂની ઈમારતો, અવશેષો, સિક્કાઓ, ચિત્રો આદિનો સમાવેશ થાય છે.*

### I. અભિલેખો

*પુરાવસ્તુકીય સાધનોમાં સૌથી મહત્ત્વના સાધન તરીકે અભિલેખો છે. અભિલેખો મુખ્યત્ત્વે પત્થર અથવા તો ધાતુ પર કોતરેલા હોય છે. અભિલેખો પર જે લખાણ હોય છે તે સાહિત્યિકિ સામગ્રીની જેમ જ હોય છે પરંતુ તેમાં કોઈ પણ રીતે ફેરફાર સંભવ નથી. અભિલેખોના અનેક પ્રકાર હોય છે. કોઈ રાજ્યાદેશ, શાસકની પ્રશસ્તિ, દાનપત્ર વગેરે, જનતા માટે સૂચનાઓ વગેરે અભિલેખોમાં હોય છે જે તત્કાલીન ઈતિહાસ જાણવા માટે આધાર સામગ્રી હોય છે. પૂર્વમધ્યકાળીન ભારતના ઈતિહાસ જાણવા માટેના કેટલાંક મહત્ત્વપૂર્ણ અભિલેખો નીચે મુજબ છે –*

**1) મિહિરભોજનો ગ્વાલિયર અભિલેખ**

*ઈ.સ. 880નો આ અભિલેખ ગૂર્જર-પ્રતિહાર વંશીય શાસક મિહિરભોજની પ્રશસ્તિ છે જે સંસ્કૃત ભાષા અને ઉત્તરી બ્રાહ્મી લિપિમાં છે. ગૂર્જર પ્રતિહાર વંશની વંશાવળી જાણવા માટે આ પ્રશસ્તિ મહત્ત્વપૂર્ણ સ્રોત છે. ગૂર્જર પ્રતિહાર વંશના શાસકોના બીજા રાજ્યો સાથેના સંબંધોની ચર્ચા આ પ્રશસ્તિમાં કરવામાં આવી છે. આ અભિલેખમાં ગૂર્જર-પ્રતિહાર શાસક નાગભટ્ટ, કક્કુક, દેવરાજ, વત્સરાજ અને મિહિરભોજના રાજકીય કાર્યો અને સિદ્ધિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.*

**2) બાઉકનો જોધપુર અભિલેખ**

*ઈ.સ. 837નો આ અભિલેખ સંસ્કૃત ભાષામાં અને ઉત્તરી બ્રાહ્મી લિપિમાં છે. આ અભિલેખ એક પ્રશસ્તિ તરીકે છે અને સંસ્કૃત ભાષાના કુલ 31 શ્લોક છે. આ અભિલેખથી પ્રતિહાર વંશની ઉત્પત્તિ અને તેના શાસકોની રાજકીય સિદ્ધિઓ વિશે મહત્ત્વપૂર્ણ માહિતી મળે છે. પ્રશસ્તિની રચના સ્વર્ણકાર વિષ્ણુરવિના પુત્ર કૃષ્ણેશ્વરે કરી હતી. અભિલેખથી જાણવા મળે છે કે પ્રતિહાર વંશના મૂળ પુરૂષ હરીશચંદ્ર એક બ્રાહ્મણ હતો અને તેની પત્નિ ભદ્રાક્ષત્રીય હતી તેનાથી ઉત્પન્ન પુત્ર પ્રતિહાર વંશી થયા.*

**3) બુચકલા અભિલેખ**

*આ અભિલેખ ગૂર્જર-પ્રતિહાર વંશના શાસક નાગભટ્ટના સમયનો છે. ઈ.સ. 816નો આ અભિલેખ સંસ્કૃત ભાષામાં છે જો રાજસ્થાનના જોધપુર પાસે બુચકલા ગામમાંથી મળી આવ્યો છે. આ અભિલેખમાં પ્રતિહારકાલીન સામન્તીય વ્યવસ્થાની અને પ્રતિહારવંશીય શાસકોની ધાર્મિક નિષ્ઠાની માહિતી મળે છે.*

**4) ધર્મપાલનો ખલીમપુર તામ્રપત્ર અભિલેખ**

*નવમી સદીનો આ તામ્રપત્ર વર્તમાન બાંગ્લાદેશના ખલીમપુરથી મળી આવ્યો છે. તેની ભાષા સંસ્કૃત છે અને તે એક દાનપત્ર છે જે બૌદ્ધ ધર્મથી સંબંધિત છે. જેમાં જાણવા મળે છે કે ધર્મપાલ પોતે બૌદ્ધ ધર્મનો અનુયાયી હતો ઉપરાંત વૈષ્ણવ મંદિર માટે દાન આપે છે. પાલ વંશના પ્રથમ શાસક ગોપાલને જનતાએ શાસક બનાવ્યો હતો તેની માહિતી પણ આ અભિલેખથી મળે છે. પાલ શાસકોના વહીવટીય અધિકારીઓ વિશેની પણ આ અભિલેખમાં માહિતી મળે છે.*

**5) નારાયણપાલનો ભાગલપુર તામ્રપત્ર અભિલેખ**

*ઈ.સ. 873નો આ તામ્રપત્ર સંસ્કૃત ભાષામાં અને દેવનાગરી લિપિમાં છે. આ ગદ્ય અને પદ્યમાં લખાયેલ છે. આ અભિલેખમાં પાલ વંશીય શાસક નારાયણપાલ દ્વારા 100 મંદિરોના નિર્માણ વિશે માહિતી મળે છે અને નારાયણપાલના પિતામહ જયપાલ દ્વારા ઉત્કલ રાજ્યની વિજય અંગેની માહિતી પણ મળે છે. પાલ સૈનામાં જુદી-જુદી જ્ઞાતિઓ વિશેની પણ માહિતી મળે છે.*

**6) દેવપાલનો નાલન્દા દાનપત્ર અભિલેખ**

*આ દાનપત્ર પાલ શાસક દેવપાલના શાસનના 31માં વર્ષનો છે. આ દાનપત્રમાં દેવપાલ દ્વારા જાવાના શાસક બાલપુત્રદેવ દ્વારા બનાવેલ બૌદ્ધ વિહાર માટે પાંચ ગામ દાન આપતુ વિવરણ છે. દાનપત્ર સંસ્કૃત ભાષામાં છે અને નાગરી લિપિમાં લખાયેલ છે જેમાં કુલ 66 લીટીઓ છે. અભિલેખ દ્વારા બૃહ્તર ભારત સાથે ભારતીય શાસકોના સંબંધો વિશે મહત્ત્વની માહિતી મળે છે.*

**7) વિજયસેનનો દેવપરા અભિલેખ**

*સેન વંશીય શાસક વિજયસેનના સમયનો (11મી સદી) આ અભિલેખ સંસ્કૃત ભાષામાં અને નાગરી લિપિમાં છે જે વર્તમાન બાંગ્લાદેશના દેવપરાથી મળી આવ્યો છે. આ એક પ્રશસ્તિ છે જેમાં કુલ 36 શ્લોક છે અને 32 લીટીઓ છે. સેન વંશના સંસ્થાપક સામન્તસેન વિશે માહિતી મળે છે. વિજયસેન દ્વારા એક શિવ મંદિર નિર્માણ વિશે માહિતી મળે છે. સેન વંશીય શાસકોના રાજકીય અને સાંસ્કૃતિક જીવન વિશે માહિતી મળે છે.*

**8) સીયક બીજાનો હરસોલ અભિલેખ**

*ઈ.સ. 949 નો આ તામ્રપત્ર માળવાના પરમાર શાસક સીયક બીજાના સમયનો છે જે સંસ્કૃત ભાષામાં અને નાગરી લિપિમાં છે જે ગદ્ય અને પદ્યમાં છે. કુલ બે તામ્રપત્ર છે જેમાં 16 અને 13 લીટીઓમાં લખાણ છે. એ તામ્રપત્ર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના હરસોલ ગામથી મળી આવ્યા છે. એ તામ્રપત્ર ગ્રામદાન માટેનો છે જેમાં કુમ્ભારોટક ગામ લલ્લોપાધ્યાયને અને સિહાકા ગામની દિક્ષિતાને આપવાનું વિવરણ છે. એ બન્ને પિતા અને પુત્ર હતા અને આનન્દપુરના બ્રાહ્મણ હતા.*

**9) મુંજનો ઉજ્જૈન દાનપત્ર અભિલેખ**

*ઈ.સ. 980નો એ દાનપત્ર પરમાર શાસક મુંજ દ્વારા આપેલ દાન વિશેની માહિતી આપે છે. આ અભિલેખમાં પરમાર વંશની વંશાવળીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મુંજ દ્વારા ધારણ કરેલ ઉપાધીઓ વિશેની માહિતી મળે છે – પરમભટ્ટારક, મહારાજાધિરાજ, પરમેશ્વર. ભટ્ટેશ્વરી દેવીના મંદિરના બાંધકામ અને નવીનીકરણ માટે આપેલ દાનનું વર્ણન છે.*

**10) ભોજની ઉદયપુર પ્રશસ્તિ**

*ઉદયપુરમાંથી મળી આવેલ આ પ્રશસ્તિમાંથી પરમાર વંશીય શાસક ભોજ દ્વારા મંદિર નિર્માણ વિશેની માહિતી મળે છે. પરમાર શાસક ભોજ દ્વારા ભોજપુર નામક નવીન નગરના નિર્માણ વિશે અને ભોજાસર નામક તળાવના નિર્માણ વિશેની માહિતી મળે છે.*

**11) અમોઘવર્ષનો સંજાન તામ્રપત્ર અભિલેખ**

*ઈ.સ. 871નો આ તામ્રપત્ર રાષ્ટ્રકૂટ નરેશ અમોઘવર્ષ પ્રથમના સમયનો છે. આ તામ્રપત્રમાં અમોઘવર્ષ પ્રથમ દ્વારા દ્રવિડ઼ પ્રદેશ પર મેળવેલ વિજય વિશેની વિશેષ માહિતી મળે છે. ગંગ વંશીય શાસકો સાથે રાષ્ટ્રકૂટોના સંબંધો વિશે પણ માહિતી મળે છે.*

**12) મણિમંગલમ અભિલેખ**

*આ અભિલેખ ચોલ શાસક રાજાધિરાજના સમયનો છે જેમાં ચોલ શાસકોની વંશાવળી આપવામાં આવી છે. અભિલેખમાં ચોલ શાસક રાજાધિરાજની રત્તમણ્ડલ રાજ્ય પર મેળવેલ વિજયની માહિતી મળે છે અને ચોલ શાસકોના શ્રીલંકા સાથેના સંબંધો વિશેની માહિતી પણ મળે છે.*

**13) રાજેન્દ્ર ચોલનો તાંજૌર અભિલેખ –**

*ચોલ શાસક રાજેન્દ્ર ચોલ પ્રથમનો આ અભિલેખ ઈ.સ. 1030નો છે. આ અભિલેખમાં ચોલ શાસકોના જાવા, સુમાત્રા, મલાયા, મલક્કા સુધીની વિજયોનો વિવરણ મળે છે.*

**14) ધ્રુવનો ભોર તામ્રપત્ર અભિલેખ –**

*ઈ.સ. 780નો આ તામ્રપત્ર રાષ્ટ્રકૂટ નરેશ ધ્રુવનો છે જે મહારાષ્ટ્રના પૂનાના નજીક ગામમાંથી મળી આવ્યો છે. અભિલેખમાં રાષ્ટ્રકૂટ શાસકોના રાજકારણ અને ત્રિરાષ્ટ્ર સંઘર્ષ વિશે વિસ્તારથી માહિતી મળે છે.*

**15) ધંગદેવનો ખજુરાહો અભિલેખ**

*આ અભિલેખ ચંદેલ શાસક ધંગદેવના સમયનો છે જે ઈ.સ. 954નો છે. ભાષા સંસ્કૃત અને લિપિ દેવનાગરી છે. અભિલેખમાં ચંદેલ શાસકો વિશે માહિતી મળે છે. ચંદેલોના સામ્રાજ્ય વિસ્તારની માહિતી આ અભિલેખથી મળી આવે છે.*

**I. સિક્કાઓ**

*ઈતિહાસ જાણવાની પુરાવસ્તુકીય સામગ્રીમાં સિક્કાઓનું વિશેષ મહત્ત્વ છે. મૌર્યો પછીથી સાતવાહનો સુધીના ઈતિહાસ માટે તો સિક્કાઓ પર વધારે નિર્ભર રહેવું પડે છે. ગુપ્તકાળના ઈતિહાસ માટે પણ સિક્કાઓનું વિશેષ મહત્ત્વ છે. રાજપૂતકાળ અને સલ્તનતકાલના ઈતિહાસ જાણવા માટે પણ આ સમયમાં વિભિન્ન શાસકો દ્વારા જારી સિક્કાઓ બહુ મહત્ત્વના છે. સિક્કાઓમાં રાજાઓના વંશ-વૃક્ષ, તેની સિદ્ધિઓ, તેના શાસનકાલ દરમ્યાન થયેલ રાજકીય, ધાર્મિક ઘટનાઓ વિશે મહત્ત્વની માહિતી મળે છે. ક્યારેક તો સિક્કાઓ પર અંકિત ચિત્રો કોઈ વિશેષ ઘટનાઓ વિશે પણ માહિતી આપે છે. સિક્કાઓ પર અંકિત શાસકોના નામ, સમયકાળ વગેરે તત્કાલીન ઈતિહાસ જાણવા માટેની પ્રાથમિક સામગ્રી ગણી શકાય છે. સિક્કાઓ સાંસ્કૃતિક, રાજકીય અને સામાજિક ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વના સાધન હોય છે પરંતુ સૌથી વધારે તો આર્થિક ઈતિહાસ જાણવા માટે સિક્કાઓનું મહત્ત્વ છે. રાજપૂતકાળ અને સલ્તનતકાળ ના સિક્કાઓ આ*

સમયના ઈતિહાસના મહત્ત્વના સ્રોત છે. એ સિક્કાઓ લોકોના વ્યક્તિગત સંગ્રહમાં અથવા તો સંગ્રહાલયોમાં સંરક્ષિત છે. અંગ્રેજોના ભારતીય ઈતિહાસમાં રસના લીધે એવા ઘણા સિક્કાઓ બ્રિટિશ સંગ્રહાલયો અને અંગ્રેજ અધિકારીઓના પોતાના સંગ્રહોમાં સંગ્રહિત છે.

ગુપ્તોત્તર કાલમાં સુવર્ણ સિક્કાઓ બહુ જ ઓછા જોવા મળે છે અને ચાંદીના સિક્કાઓમાં પણ ભારી કમી જોવા મળે છે. કેટલાંક ઈતિહાસકારો સુવર્ણ અને ચાંદીના સિક્કાઓની કમીનું કારણ વિખંડિત રાજકીય પરિસ્થિતિ અને તેનાથી ઉદ્ભવેલી નવીન આર્થિક અને સામાજિક સંરચનાને માને છે. રામશરણ શર્મા માને છે કે ભારતમાં આ સમયમાં સામન્તવાદની પરિસ્થિતિના લીધે વેપાર અને વાણિજ્યમાં પતન જોવા મળે છે. પરંતુ આ સમયમાં જ ચાંદી અને તામ્રના મિશ્રિત સિક્કાઓ અને તામ્ર અને કાંસ્યના સિક્કાઓ પર્યાપ્ત માત્રામાં મળે છે જેનાથી આ સમયના વેપાર વાણિજ્યમાં તત્કાલીન પ્રચલનો વિશે જાણી શકાય છે અને રામશરણ શર્માના આ તર્કનું ખંડન પણ કરવામાં આવે છે કે આ સમય દરમ્યાન વેપાર-વાણિજ્યનો પતન થયો હતો. કેટલાંક ઈતિહાસકારો આ સમયમાં રાજકીય વિકેન્દ્રીકરણના લીધે થએલ પરિવર્તન અને તેનાથી સ્થાનીય વેપાર-વાણિજ્યના વિકાસની પણ ચર્ચા કરે છે. રાજપૂતકાળ અને સલ્તનતકાળ દરમ્યાન ઉત્તર ભારતમાં પ્રચલિત ઈંડો-સાસાનીય સિક્કાઓ જેને ગદહિયા પણ કહેવામાં આવે છે, પણ મહત્ત્વના છે. એ સિક્કાઓ ચાંદી અથવા તો તામ્રના હતા. આ સમયમાં દ્રમ્મ સિક્કાઓનું પણ પ્રચલન હતું. એ સિક્કાઓ સુવર્ણ, ચાંદી, તામ્ર અને મિશ્રિત ધાતુઓના બનાવવામાં આવતા હતા. ગુર્જર પ્રતિહાર શાસકોના દ્રમ્મ સિક્કાઓ ઉત્તરભારતના વિભિન્ન સ્થળોથી મળી આવ્યા છે.

મુહમ્મદ બિન કાસિમના આક્રમણ પછી ભારતમાં સિંધ અને આરબ સાથે વેપાર વિશે પણ સિક્કાઓના આધારે કેટલીક માહિતી મળે છે. આ સમય દરમ્યાનમાં ઉત્તર ભારતમાંથી ચાંદીના દિરહમ અને સુવર્ણના દિનાર મળી આવ્યા છે જે ભારતમાં આરબ લોકો સાથે વેપારિક સંબંધોની માહિતી આપે છે. આઠમી સદી પછીના કશ્મીરના કર્કોટક વંશના સિક્કાઓ, બંગાળના ચંદ્ર વંશના સિક્કાઓ, દસમી સદીમાં ભારતના પશ્ચિમી દરિયા પર પ્રચલિત લારી સિક્કાઓ આ સમયનો આર્થિક જાણવા માટે મહત્ત્વના છે. ભારતમાં સલ્તનતની સ્થાપના પછી કુતુબુદ્દીન ઐબકના સમયમાં પ્રચલિત દેહલીવાલ સિક્કાઓ અને તેના પછી ઈલ્તુતમિશથી ફિરોજશાહ તુગલક સુધીના શાસકોના સમયમાં પ્રચલિત સુવર્ણ, ચાંદી, તામ્ર અને મિશ્રિત ધાતુના સિક્કાઓ આ સમયના આર્થિક, સામાજિક ઈતિહાસ વિશે પર્યાપ્ત માહિતી આપે છે.

## II. ઈમારતો

પુરાવસ્તુકીય સાધનોમાં વિભિન્ન ઈમારતો જેમ કે મંદિરો, ભવનો, મહલો, કિલ્લાઓ, મસ્જિદો, મકબરાઓ, દરવાજાઓ જેવા બાંધકામ વિશેષ મહત્ત્વના છે. રાજપૂતયુગ અને સલ્તનતયુગ દરમ્યાન શાસકો દ્વારા અથવા તો શાસકોના સંરક્ષણમાં જે

બાંધકામો થયા તે વર્તમાનમાં પૂર્ણ સ્વરૂપ અને ભગ્નાવશેષ સ્વરૂપમાં મળે છે જે તત્કાલીન ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વના પ્રાથમિક સ્રોત છે. રાજપૂત યુગમાં ઉત્તર અને દક્ષિણ ભારતમાં સ્થાપત્ય અને વાસ્તુકલાનું પર્યાપ્ત વિકાસ થયું હતું. જેમાં મંદિર સ્થાપત્યનો વિશેષ મહત્ત્વ છે. એવી જ રીતે સલ્તનતકાળ દરમ્યાન પણ સ્થાપત્યકલાનો વિકાસ થયો જેમાં મસ્જિદો, મકબરાઓ જેવી ઈમારતો મહત્ત્વની છે.

રાજપૂતકાળ દરમ્યાન જે મંદિરોની વિવિધ શૈલીઓનું વિકાસ થયો જેમાં સંપૂર્ણ ભારતમાં વિવિધ પ્રકારના મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું. નાગર, બેસર અને દ્રવિડ઼ એ ત્રણ શૈલીઓમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતમાં મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું. એ મંદિરો વર્તમાનમાં પણ પૂર્ણ અથવા ભગ્નાવશષોમાં મૌજૂદ છે જે સમકાલીન ઈતિહાસ જાણવા માટે મહત્ત્વના છે. ઉત્તર ભારતમાં સૌથી પ્રસિદ્ધ મંદિર ઓરિસ્સા શૈલીના છે. પર્સી બ્રાઊન જેનો સમયગાળો આઠમીથી તેરમી સદી નક્કી કરે છે. આ શૈલીના મંદિરોને ત્રણ શ્રેણીઓમાં વહેંચવામાં આવે છે. પ્રથમ શ્રેણી (ઈ.સ. 750-900 સુધી નિર્મિત)માં પરશુરામેશ્વર, વેતાલ દેવલ, શત્રુઘ્નેશ્વર, ભરતેશ્વર, ઈશ્વરેશ્વર અને ઉત્તરેશ્વર મંદિર છે. દ્વિતીય શ્રેણી (ઈ.સ. 900-1100 સુધી નિર્મિત)માં ભુવનેશ્વરનો મુક્તેશ્વર અને લિંગરાજ મંદિર અને પૂરીનું જગન્નાથ મંદિર છે. તૃતીય શ્રેણી (ઈ.સ. 1100-1250 સુધી નિર્મિત)માં અનન્તવાસુદેવ મંદિર, રાજારાણી મંદિર અને કોણાર્કનું સૂર્ય મંદિર છે. ખજુરાહોના મંદિરોનો પણ ઉત્તર ભારતના મુખ્ય મંદિર સમૂહોમાં સમાવેશ થાય છે. ત્યાં કુલ 25 મંદિરો છે જે શૈવ, વૈષ્ણવ અને જૈન મંદિરોના સમૂહમાં છે. ત્યાનાં પ્રમુખ મંદિરોમાં કંદરીય મહાદેવ મંદિર, વિશ્વનાથ મંદિર, કુઁવરમઠ મંદિર, ચતુર્ભુજ મંદિર, દેવી જગદમ્બા મંદિર, ચૌંસઠ યોગિની મંદિર, જિનનાથ મંદિર, પાર્શ્વનાથ મંદિર, ઘટઈ મંદિર પ્રમુખ છે. મધ્યભારતમાં ગ્વાલિયર મંદિર સમૂહમાં વેલી અને સાસ-વહૂના મંદિર દસમી અને અગિયારમી સદીના છે. એરણ અને ઓસિયાંના મંદિર સમૂહ પણ રાજપૂતકાળના મહત્ત્વપૂર્ણ મંદિર સમૂહ છે. આબુના વિમલસંગ વસ્તુપાલ અને તેજપાલના મંદિર દસમી અને અગિયારમી સદીના મહત્ત્વપૂર્ણ જૈન મંદિર છે. પશ્ચિમી ભારતમાં કાઠિયાવાડ, મારવાડ અને પાટણના મંદિરોમાં ધુમલીનું નવલખા મંદિર, સેજકપુરનું મંદિર, મોઢેરાનું સૂર્ય મંદિર, સિદ્ધપુરનો રૂદ્રમહાલય, સોમનાથ મંદિર અને કિરાડૂના મંદિર મહત્ત્વપૂર્ણ છે. પૂર્વી ભારતના બંગાળના મયૂરભંજનો મંદિર, બાંકુડા તથા બર્દવાનના મંદિર પ્રમુખ છે. દક્ષિણ ભારતમાં પણ આ સમયગાળા દરમ્યાન મંદિર સ્થાપત્યનો પર્યાપ્ત વિકાસ જોવા મળે છે. પૂર્વી ચાલુક્ય શૈલીના અયહોલ, બાદામી અને પટ્ટતકલ મંદિર સમૂહો છે જેમાં લાડખાઁ મંદિર, હુચીમલ્લીગુડી મંદિર, મેગુતિનો જૈન મંદિર, મહાકૂટેશ્વર મંદિર, માલેગિટ્ટી મંદિર, પાપનાથ મંદિર અને વિરૂપાક્ષ મંદિર પ્રમુખ છે. ઉત્તરકાલીન ચાલુક્ય શૈલીના કક્કાનૂરના મંદિર, ચૌદાદમપુરનું મંદિર મહત્ત્વના છે. હોયસલ શૈલીના મંદિરોમાં હર્નહલ્લીનો કેશવ મંદિર, બેલૂરના મંદિરો અને હલેવિદનો હોયશલેશ્વરનું મંદિર પ્રમુખ છે. પલ્લવ રાજ્યમાં સ્થાપત્યની ચાર શૈલીઓનો વિકાસ થયો. મહેન્દ્ર શૈલી, નરસિંહ શૈલી, રાજસિંહ શૈલી અને નંદીવર્મન શૈલી. પલ્લવ શૈલીના મંદિરો મુખ્યત્ત્વે કાંચી,

તાંજૌર અને પુટુકોટ્ટાઈમાં છે. કાંચીનો કૈલાશનાથ અને વૈકુણ્ઠ પેરૂમલનું મંદિર પ્રમુખ મંદિર છે. ચોલ શૈલીના મંદિરોમાં વિજયાલાય, મુવર્કોઈલ, કોરંગનાથ અને વૃહદેશ્વરનું મંદિર પ્રમુખ છે. રાષ્ટ્રકૂટ મંદિરોમાં બ્રાહ્મણ મંદિરોમાં ઈલોરાના કૈલાશનાથ, દશાવતાર, રામેશ્વર, રાવણ કી ખાઈ અને સીતાનહાનીના મંદિરો પ્રમુખ છે. જૈન મંદિરોમાં છોટા કૈલાસ, ઈન્દ્રસભાનું મંદિર અને જગન્ના સભાનું મંદિર પ્રમુખ છે.

સલ્તનતકાળની ઈમારતોમાં મુખ્યત્ત્વે મીનારા, મસ્જિદો, મકબરાઓ વગેરે એવી ઈમારતો છે જે ઈતિહાસ જાણવાના મહત્ત્વના પુરાવસ્તુકીય સાધનો છે. ભારતમાં તુર્કી સલ્તનતની સ્થાપના પછી વાસ્તુકલાની જે એક નવીન શૈલીનો ઉદ્ભવ થયો તેને ઈતિહાસકાર પર્સી બ્રાઉન ઈન્ડો-ઈસ્લામિક કલા કહે છે. આ ઈમારતોથી સમકાલીન રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આર્થિક ઈતિહાસ ઉપર પર્યાપ્ત પ્રકાશ પડે છે. ઈમારતોની શૈલી, તેની નિર્માણ સામગ્રી, તેની ભવ્યતા, તેના હેતુઓ વગેરેથી સમકાલીન ઈતિહાસની કેટલીક બાબતો જાણી શકાય છે. સલ્તનતકાળ દરમ્યાન દિલ્હીમાં પાંચ વંશો દ્વારા શાસન કરવામાં આવ્યું હતું જેમાં મમલૂક અથવા ગુલામ વંશ, ખિલજી વંશ, તુગલક વંશ, સૈય્યદ વંશ અને લોદી વંશ છે. આ જ સમયમાં ભારતના વિવિધ ક્ષેત્રોમાં કેટલાંક નવીન રાજ્યોનો ઉદય પણ થયો. જેમ કે જોનપુર, અમદાવાદ, માલવા, બહમની સામ્રાજ્ય, વિજયનગર સામ્રાજ્ય વગેરે. ત્યાં પણ આ યુગમાં રાજકીય સંરક્ષણમાં જે ઈમારતોનો નિર્માણ કરવામાં આવ્યું હતું તે ઈતિહાસ જાણવાના પુરાવસ્તુકીય સાધનો તરીકે ગણી શકાય છે. વાસ્તુકલાના નમુના તરીકે એ ઈમારતો ઈતિહાસના કેટલાંક પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે મહત્ત્વના છે જેમ કે, મધ્યકાળીન સમાજના અંતસંબંધો સમકાલીન વાસ્તુકલાના માધ્યમથી કેવી રીતે અભિવ્યક્ત થાય છે, આર્થિક સ્થિતિ અને તકનીકી વિકાસ પર એવી ઈમારતોની કલા-શૈલી કેવી રીતે પ્રકાશ પાડે છે, કલાના સંરક્ષણ અને સામાજિક-રાજકીય સત્તા વચ્ચેના સંબંધો વગેરે જેવા કેટલાંક પ્રશ્નો સમજવા માટે સમકાલીન સ્થાપત્યની એવી ઈમારતો સહાયક સિદ્ધ થઈ શકે છે.

મમલૂક વંશના શાસન દરમ્યાન બનેલી એવી ઈમારતોમાં દિલ્હીમાં નિર્મિત કુવ્વત-ઉલ-ઈસ્લામ મસ્જિદ, કુતુબમીનાર, ઢાઈ દિનકા ઝોંપડા, નાસીરુદ્દીન મોહમ્મદનો મકબરો, ઈલ્તુતમિશનો મકબરો, બલબનનો મકબરો પ્રમુખ છે. એવી જ રીતે બદાયૂઁમાં ઈલ્તુતમિશના સમયમાં બનાવવામાં આવેલ હૌજે શમ્શી, શમ્શી ઈદગાહ અને જામા મસ્જિદ પણ પ્રમુખ છે. ખિલજી વંશના શાસકોના સમયમાં નિર્મિત ઈમારતોમાં અલાઉદ્દીન ખિલજી દ્વારા બનાવવામાં આવેલ અલાઈ દરવાજો સૌથી મહત્ત્વની ઈમારત છે. ઉપરાંત હૌજ ખાસ, હૌજ અલાઈ, સીરીનો કિલ્લો, હજાર સિતૂન મહલ પણ મહત્ત્વની ઈમારતો છે. તુગલક કાલ દરમ્યાન કેટલાંક નવીન નગરો પણ નિર્માણ કરાવવામાં આવ્યો હતો જેમાં ફિરોજશાહ કોટલા, જૌનપુર અને દૌલતાબાદ પ્રમુખ છે. આ સમયની અન્ય પ્રમુખ ઈમારતોમાં ગિયાસુદ્દીનનો મકબરો, ફિરોજશાહ તુગલકનો મકબરો, ફિરોજશાહ કોટલાની જામા મસ્જિદ, તુર્કમાન દ્વારની કલાઁ મસ્જિદ અને ખાનેજહાઁ તેલંગાનીનો મકબરો પ્રમુખ છે. સૈય્યદ અને લોદી શાસકોના સમયમાં બનેલી

*ઈમારતોમાં મુબારકખાઁ લોહાનીનો મકબરો, મુબારક સૈય્યદનો મકબરો, મુહમ્મદ સૈય્યદનો મકબરો, સિકન્દર લોદીનો મકબરો આવેછે.*

*સલ્તનતકાળીન અન્ય ઈમારતોમાં દિલ્હીમાં આવેલ કેટલાંક મકબરાઓ, બડાખાઁ કા ગુમ્બદ, લાલ ગુમ્બદ, પોલી ગુમ્બદ, છોટાખાઁ કા ગુમ્બદ, બાગ-એ-આલમ ગુમ્બદ, શીશ ગુમ્બદ, દાદી કા ગુમ્બદ, શિહાબુદ્દીન તાજખાંનો મકબરો, જમાલી-કમાલી મસ્જિદ, મોઠ મસ્જિદ, ખિડકી મસ્જિદ પ્રમુખ ઈમારતો છે. જૌનપુરમાં આવેલ અટાલા મસ્જિદ, ઝંઝોરી મસ્જિદ, ખાલિસ મુખાલિસ મસ્જિદ, લાલ દરવાજા મસ્જિદ, અમદાવાદના મુસ્લિમ સ્થાપત્યો, બહમની સામ્રાજ્યની ઈમારતો, માલવાની સલ્તનતકાળીન ઈમારતો પણ સમકાલીન ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વપૂર્ણ પુરાવસ્તુકીય સ્રોત છે.*

### 1.2.2 સાહિત્યિક સ્રોતો

*ઐતિહાસિક કાળનો ઈતિહાસ જાણવા માટે સૌથી વધારે જે સાધનો મળે છે તે સાહિત્યિક સાધનો છે. રાજપૂતકાળ અને સલ્તનતકાળના ઈતિહાસ જાણવા માટેના સાહિત્યિક સાધનોમાં વિશેષતા એ છે કે આ સમય દરમ્યાન શાસક વર્ગના સંરક્ષણમાં અથવા તો પ્રેરણાના આધારે કેટલાંક ચરિત ગ્રંથોની રચના કરવામાં આવી હતી જે મૂળ તો શાસક વિશેષના જીવન ચરિત અથવા તો વંશ વિશેષના શાસકોની સિદ્ધિઓને કેન્દ્રમાં રાખીને રચવામાં આવી હતી આ સમયકાળના ઈતિહાસ જાણવા માટેના સાહિત્યિક સ્રોતોને મુખ્યત્ત્વે બે ભાગોમાં વહેંચી શકાય છે –* (1) *ભારતીય ભાષા સાહિત્ય,* (2) *વિદેશી ભાષા સાહિત્ય.*

### I. ભારતીય ભાષા સાહિત્ય

*આ સમય દરમ્યાન ઉત્તર અને દક્ષિણ ભારતમાં શરૂઆતમાં સંસ્કૃત ભાષાનું પ્રભુત્વ રહ્યું પરંતુ રાજકીય સત્તાના વિકેન્દ્રીકરણના કારણે કેટલીક નવીન ક્ષેત્રીય ભાષાઓનો પણ ઉદ્ભવ થયો અને કાલાન્તરમાં હિન્દી ભાષાનો ઉદ્ભવ અને વિકાસ પણ પૂર્વ મધ્યકાળ પછી સલ્તનતકાળ દરમ્યાન થયો. સંસ્કૃત, ક્ષેત્રીય ભાષાઓ અને હિન્દીના પ્રારંભિક ઐતિહાસિક સાહિત્ય સમકાલીન અને પૂર્વકાલીન ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વપૂર્ણ સાહિત્યિક સાધનો છે. આ સમય દરમ્યાન ભારતીય ભાષાઓમાં મુખ્યત્ત્વે રાસો સાહિત્ય, સિદ્ધ સાહિત્ય, જૈન સાહિત્ય, નાથ સાહિત્ય અને અન્ય ગદ્ય સાહિત્યની રચના થઈ જે રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને ધાર્મિક ઈતિહાસ જાણવા માટે મહત્ત્વના સાધનો છે. આ સમયગાળાની ભારતીય ભાષાઓમાં રચિત સાહિત્ય જે ઈતિહાસ જાણવા માટે મહત્ત્વના છે તેમાંથી કેટલાંક નીચે મુજબ છે –*

#### 1) રાજશેખર કૃત રચનાઓ

*રાજશેખર ગૂર્જર પ્રતિહાર વંશના શાસક મહેન્દ્રપાલ પ્રથમના દરબારમાં રાજકવિ હતો. તેણે કાવ્યશાસ્ત્રના ગ્રંથ કાવ્યમીમાંસા, સંસ્કૃતના નાટક કર્પૂર મંજરી અને*

*વિદ્ધશાલભંજિકાની રચના કરી હતી. રાજશેખરના એ ગ્રંથો ગૂર્જર પ્રતિહાર વંશના ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વના પ્રાથમિક સાધનો છે.*

**2) જયાનક કૃત પૃથ્વીરાજ વિજય –ગ્રંથ**

*જયાનક કાશ્મીરી કવિ હતો. જયાનકે પૃથ્વીરાજ વિજય નામક મહાકાવ્યની રચના કરી હતી જે સંસ્કૃત ભાષામાં લખાયેલો એક ચરિત ગ્રંથ છે. આ ગ્રંથમાં શાકમ્ભરીના ચૌહાણ શાસક પૃથ્વીરાજ ત્રીજાની સિદ્ધિઓ અંગેની માહિતી મળે છે. આ ચરિત ગ્રંથ ભારતમાં મુસ્લિમ સલ્તનતની સ્થાપનાના સમયમાં ભારતની રાજકીય અને સામાજિક સ્થિતિ જાણવા માટેનો મહત્ત્વનો ગ્રંથછે.*

**3) કલ્હણ કૃત રાજતરંગિણી**

*કલ્હણ કાશ્મીર રાજ્યનો કવિ હતો. તેણે સંસ્કૃત ભાષામાં રાજતરંગિણી નામક ગ્રંથની રચના કરી હતી. રાજતરંગિણી ભારતીય ઈતિહાસ લેખન પરમ્પરાનો એક પ્રમુખ ગ્રંથ ગણાય છે. રાજતરંગિણીમાં કાશ્મીર રાજ્યનો લગભગ એક હજાર વર્ષનો ઈતિહાસ છે. આ ગ્રંથમાં કલ્હણે અનેક બીજા ગ્રંથોના ઉદ્ધરણોની તપાસ કરે છે એટલે એ ભારતીય ઈતિહાસ લેખન પદ્ધતિનો એક પ્રતિનિધિ ગ્રંથપણ ગણી શકાય છે. રાજતરંગિણીમાં રાજપુત યુગની રાજકીય અને સામાજિક સ્થિતિ અંગે મહત્ત્વપૂર્ણ માહિતી મળે છે.*

**4) બિલ્હણ કૃત વિક્રમાંકદેવ ચરિત**

*વિલ્હણ એ પણ એક કાશ્મીરી કવિ હતો. તેણે કલ્યાણીના ચાલુક્ય શાસક વિક્રમાદિત્ય ચોથાના જીવનની સિદ્ધિઓ પર વિક્રમાંકદેવ ચરિત નામક ગ્રંથની રચના કરી હતી. સંસ્કૃત ભાષામાં લખાયેલો આ ગ્રંથ કલ્યાણીના ચાલુક્ય રાજ્યની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓ વિશે મહત્ત્વપૂર્ણ જાણકારી આપે છે.*

**5) પદ્મગુપ્ત પરિમલ કૃત નવસાહસાંકચરિત**

*પદ્મગુપ્ત પરિમલ માલવાના પરમાર શાસક સિન્ધુરાજનો રાજકવિ હતો. તેણે પરમાર શાસક સિન્ધુરાજના જીવનની સિદ્ધિઓ વિશે નવસાહસાંકચરિત નામક ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથમાં પરમારો અને કલ્યાણીના ચાલુક્ય શાસકો વચ્ચેના સંઘર્ષ અને સિન્ધુરાજની સિદ્ધિઓ વિશે મહત્ત્વની માહિતી મળે છે.*

**6) શ્રી હર્ષ કૃત નૈષધીયચરિત**

*શ્રી હર્ષ ગહડ઼ વાલ શાસક વિજયચન્દ્ર અને જયચન્દ્રનો સમકાલીન હતો. તેણે નૈષધીયચરિત નામક ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથમાં કન્નૌજ અને વિદર્ભના રાજ્યોના આપસી સંબંધો વિશે મહત્ત્વપૂર્ણ માહિતી મળે છે. કન્નૌજ માટે થયેલ ત્રિરાષ્ટ્ર સંઘર્ષ અંગે પણ આ ગ્રંથમાં મહત્ત્વની માહિતી મળે છે.*

**7) ચન્દરબરદાઈ કૃત પૃથ્વીરાજરાસો**

*ચન્દરબરદાઈ શાકમ્ભરીના ચૌહાણ શાસક પૃથ્વીરાજ ત્રીજાના સમયમાં રાજકવિ હતો. ચન્દરબરદાઈ પૃથ્વીરાજનો મિત્ર પણ હતો. તેણે પૃથ્વીરાજ ત્રીજાના જીવનની સિદ્ધિઓ પૃથ્વીરાજ રાસો નામક ગ્રંથની રચના કરી હતી. કેટલાંક ઈતિહાસકારો આ ગ્રંથને હિન્દી સાહિત્યના પ્રારંભિક ગ્રંથ તરીકે પણ જણાવે છે. આ ગ્રંથમાં ચૌહાણ વંશની ઉત્પત્તિ અને તેની સિદ્ધિઓ અંગે મહત્ત્વપૂર્ણ જાનકારી મળે છે. તરાઈનના પ્રથમ અને બીજા યુદ્ધ અંગે પણ મહત્ત્વની માહિતી આ ગ્રંથમાં મળે છે.*

**8) નરપતિ નાલ્હ કૃત વિસલદેવરાસો**

*નરપતિ નાલ્હ દ્વારા રચિત વિસલદેવરાસો પશ્ચિમી રાજસ્થાની ભાષાનો એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક કાવ્ય ગ્રંથછે. આ ગ્રંથમાં શાકમ્ભરીના ચૌહાણ વંશ અને માળવાના પરમાર વંશ વચ્ચેના રાજકીય અને સાંસ્કૃતિક સંબંધો વિશે મહત્ત્વની માહિતી મળે છે. આ ગ્રંથ શાકમ્ભરીના ચૌહાણ શાસક વિગ્રહરાજના જીવન અને તેના પરમાર વંશની રાજકુમારી સાથેના લગ્ન અંગેની માહિતી આપે છે.*

**9) પદ્મનાભ કૃત કાન્હડદે પ્રબન્ધ**

*જાલૌરના ચૌહાણ શાસક કાન્હડદેવના જીવનની સિદ્ધિઓ અંગે પદ્મનાભ દ્વારા રચિત ગ્રંથ કાન્હડદે પ્રબન્ધ એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ચરિત મહાકાવ્ય છે. ચૌહાણ વંશની ઉત્પત્તિ અને તેની શાખાઓ વિશે આ ગ્રંથ મૂલ આધાર સામગ્રી છે. કાન્હડદે પ્રબન્ધમાં સુલ્તાન અલાઉદ્દીન ખિલજીના જાલૌર વિજય અંગે મહત્ત્વની માહિતી મળે છે.*

**10) જગનિક કૃત આલ્હા-ખણ્ડ**

*જગનિક કાલિંજરના ચન્દેલ શાસક પરમર્દિદેવના સમકાલીન કવિ હતો. તેણે પરમર્દિદેવના સામન્ત આલ્હા અને ઉદલની સિદ્ધિઓ પર આલ્હા ખણ્ડ નામક ગ્રંથની રચના કરી હતી. આ એક ઐતિહાસિક રચના છે જે ચૌહાણો અને ચંદેલો વચ્ચે થયેલ સંઘર્ષ વિશે મહત્ત્વની માહિતી આપે છે.*

**11) મેરૂતુંગ કૃત પ્રબન્ધ ચિન્તામણી**

*મેરૂતુંગ એક જૈન કવિ હતો જેણે પ્રબન્ધ ચિન્તામણી નામક ગ્રંથની રચના કરી હતી. પ્રબંધ ચિન્તામણીમાં ગુજરાતના સોલંકી વંશ વિશેની મહત્ત્વની માહિતી મળે છે. સોલંકી શાસકોના અન્ય રાજ્યો સાથેના સંબંધોને તેઓની સાંસ્કૃતિક સિદ્ધિઓ વિશે પ્રબંધ ચિન્તામણી મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે.*

**12) ભોજ કૃત રચનાઓ**

*માળવાના પરમાર વંશનો શાસક ભોજ પોતે એક સાહિત્યકાર હતો. તેણે અનેક ગ્રંથોની રચના કરી હતી. વ્યવહારમંજરી, યુક્તિકલ્પતરૂ, તત્વપ્રકાશ, વિદ્વત્જનવલ્લભ,*

*શ્રૃંગારમંજરી, શાલીહોત્ર, સમરાંગણસૂત્રધાર જેવા ગ્રંથોની રચના કરી હતી. સમરાંગણ સૂત્રધારમાં વાસ્તુશાસ્ત્ર અને સમકાલીન યુદ્ધપ્રણાલી વિશે મહત્ત્વની માહિતી મળે છે. ભોજ દ્વારા લખાએલ ગ્રંથોમાં સમકાલીન સમાજ અને સંસ્કૃતિ વિશે માહિતી મળે છે.*

**13) મહેન્દ્રવર્મન કૃત મત્તવિલાસપ્રહસન**

*કાંચીના પલ્લવ વંશના શાસક મહેન્દ્રવર્મન પ્રથમે મત્તવિલાસ પ્રહસન નામક ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથસંસ્કૃતમાં ભાષામાં છે અને એક વ્યસની તાંત્રિકની કથા છે. મત્તવિલાસ પ્રહસન પલ્લવ કાલીન સમાજ અને સંસ્કૃતિ વિશેનો એક મહત્ત્વનો ગ્રંથછે. આ સમયમાં પ્રચલિત માન્યતાઓ અને તેના પ્રભાવો વિશે આ ગ્રંથમહત્ત્વપૂર્ણ માહિતી આપે છે.*

**14) હેમચન્દ્ર કૃત ગ્રંથો –**

*હેમચન્દ્ર એક જૈન વિદ્વાન હતો. તેણે પરિશિષ્ટપર્વન અને દ્વયાશ્રય કાવ્યની રચના કરી હતી. ગુજરાતના સોલંકી વંશના પ્રવર્તક મૂલરાજથી અંતિમ શાસક કુમારપાલ સુધીના ઈતિહાસ જાણવા માટે દ્વયાશ્રય કાવ્ય એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે.*

**15) નયચન્દ્ર કૃત હમ્મીર મહાકાવ્ય**

*નયચન્દ્ર એક જૈન વિદ્વાન હતો. તેણે રણથમ્ભૌરના ચૌહાણ શાસક હમીરના જીવન વિશે આ ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથમાં શાકમ્ભરીના ચૌહાણ શાસક પૃથ્વીરાજ ત્રીજાના તરાઈન યુદ્ધો વિશે પણ મહત્ત્વની માહિતી મળે છે.*

**II. વિદેશી ભાષા સાહિત્ય**

*આઠમી સદીના પ્રારમ્ભમાં પશ્ચિમી ભારતમાં આરબોના આક્રમણ પછી પશ્ચિમી એશિયાની સત્તાઓ માટેનો રસ્તો ખુલ્લો થયો હતો. ત્યાર પછી સતત થતા આક્રમણોમાં સૌથી મહત્ત્વપૂર્ણ આક્રમણ મહમૂદ ગઝની અને મુહમ્મદ ગૌરીના હતા. ત્યાર પછી તેરમી સદીની શરૂઆતમાં દિલ્હીમાં સલ્તનતની સ્થાપના થઈ અને ભારતમાં વિધિવત રૂપે બાહ્ય સત્તાની શરૂઆત થઈ. આ સમયગાળા દરમ્યાન આક્રમણોના સાથે જ આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોનો પણ વિકાસ થયો. આ જ સમયગાળામાં વિદેશી વેપારીઓ અને યાત્રીઓ દ્વારા ભારત સંબંધી વિવરણો પણ લખાયા જેમ કે પ્રાચીન કાલમાં યુનાની અને ચીની યાત્રીઓ દ્વારા લખાયા હતા. દિલ્હી સલ્તનતની સ્થાપના પહેલાના વિવરણો ભારતમાં આવેલા અને ભારતમાં એક ચોક્કસ સમય સુધી રોકાયેલા પ્રવાસીઓ દ્વારા લખવામાં આવ્યા હતા પણ દિલ્હીમાં સલ્તનતની સ્થાપના પછી જે ગ્રંથોની રચના થઈ તે લગભગ રાજકીય સંરક્ષણમાં શાસકોના જીવન ચરિત જેવા ગ્રંથોની રચના થઈ જેની ભાષા ફારસી હતી કેમ કે દિલ્હી સલ્તનતની સરકારી ભાષા ફારસી હતી. ગેર ભારતીય ભાષાઓમાં લખાએલા એવા ગ્રંથો સમકાલીન ઈતિહાસ જાણવા માટેના પ્રાથમિક સ્રોત તરીકે ગણી શકાય છે. જેવી રીતે ભારતમાં ચરિત ગ્રંથો, રાસો સાહિત્યની રચના થઈ હતી તેવી જ રીતે વ્યક્તિ અથવા વંશ કેંદ્રિત ઘટનાઓના વિવરણ માટે એ ફારસી ગ્રંથોની રચના થઈ હતી. આ ગ્રંથોની રચના ભારતમાં ઈતિહાસ લેખનમાં એક નવીન યુગનું*

*આરંભ કરે છે જે કાલાંતરમાં મુગલકાલ દરમ્યાન થયેલા ઈતિહાસ લેખનનો આધાર બને છે. એવા કેટલાંક ગ્રંથો જે સમકાલીન ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વના સાહિત્યિક સ્રોત છે તે નીચે મુજબ છે –*

**1) અલ્બરૂની કૃત કિતાબુલ હિન્દ –**

*અલ્બરૂની મહમૂદ ગજનવીના ભારત અભિયાનના સમયમાં તેમના સાથે હતો. તેઓ ઈ.સ.* 1017 *થી* 1030 *સુધી ભારતમાં આવતા રહ્યા અને તે સમયના ભારતનો વિવરણ પોતાની પુસ્તક કિતાબલ હિન્દમાં કરે છે. અલ્બરૂની પોતે એક ઈતિહાસકાર, ખગોળશાસ્ત્રી, ધર્મશાસ્ત્રનો તજજ્ઞ, ઔષધી વિજ્ઞાનનો તજજ્ઞ, ગણિતનો તજજ્ઞ હતો. તેણે ભારતમાં સંસ્કૃત પણ શીખી અને બીજી ભારતીય ભાષાઓ પણ શીખી અને તેના આધારે તેમણે ભારત સંબંધી વિવરણ તૈયાર કર્યો હતો જે સમકાલીન ઈતિહાસ જાણવા માટેનો એક મહત્ત્વપૂર્ણ સાધન છે.*

**2) હસન નિજામી કૃત તાજુલ મઆસિર**

*હસન નિજામી કૃત તાજુલ મઆસિર દિલ્હી સલ્તનતનો પ્રથમ રાજકીય ઈતિહાસ છે. તાજુલ મઆસિરનો લેખન હસન નિજામીએ ઈ.સ.* 1205*માં શરૂ કર્યો હતો અને તેમાં ઈ.સ.* 1191 *થી* 1229 *સુધીની ઘટનાઓનો વિવરણ છે. આ ગ્રંથમાં નિજામીએ રાજકીય ઘટનાઓના સાથે-સાથે તત્કાલીન કિલ્લાઓ, યુદ્ધો, હથિયારો, વહીવટી વ્યવસ્થા, મુદ્રા-વ્યવસ્થા, સામાજિક અને ધાર્મિક જીવનના સંદર્ભમાં પણ વિવરણ આપે છે. પોતે આ સમયમાં હાજર હતા એટલે એ ગ્રંથ એક પ્રાથમિક સ્રોત તરીકે ગણી શકાય છે.*

**3) મિન્હાજ ઉસ સિરાજ કૃત તબકાતે નાસિરી**

*મિન્હાજ દ્વારા રચિત તબકાતે નાસિરી ગ્રંથ દિલ્હી સલ્તનતનો પ્રથમ પચાસ વર્ષનો ઈતિહાસ છે. મિન્હાજે આ ગ્રંથની રચના ઈ.સ.* 1260*માં કરી હતી. સુલ્તાન નાસીરૂદ્દીન મહમૂદને સમર્પિત કરતા આ ગ્રંથનો નામ તબકાતે નાસિરી રાખવામાં આવ્યો હતો. આ ગ્રંથમાં મિન્હાજે દિલ્હીના સુલ્તાનોનો રાજકીય ઈતિહાસ લખે છે. તેઓ પોતે સમકાલીન હતા એટલે એ ગ્રંથ પણ પ્રાથિમક સ્રોતના રીતે મહત્ત્વપૂર્ણ છે.*

**4) ઈસામી કૃત ફુતુહુસ્સલાતીન**

*અબ્દુલ મલિક ઈસામી દ્વારા રચિત ગ્રંથ ફુતુહુસ્સલાતીનની રચના ઈ.સ.* 1350*માં થઈ હતી. આ ગ્રંથમાં ઈસામીએ મહમૂદ ગઝનવીથી તુગલક વંશ સુધીનો ઈતિહાસ લખ્યું છે. ખાસ કરીને ગુલામ વંશના શાસકોમાં રજિયા, નાસિરૂદ્દીન મહમૂદ, બલબન, અલાઉદ્દીન ખિલજીના દક્ષિણ અભિયાનો, જલ્લાલુદીનનું મૃત્યુ, ગિયાસુદ્દીન તુગલક અને મુહમ્મદ બિન તુગલકના સમયની ઘટનાઓનો વિવરણ વિસ્તારપૂર્વક મળે છે.*

**5) બરની કૃત તારીખ-એ-ફિરોજશાહી**

*જિયાઉદ્દીન બરનીએ તારીખ-એ-ફિરોજશાહીની રચના ઈ.સ. 1357માં કરી હતી. આ ગ્રંથમાં બરનીએ ઈ.સ. 1265 થી 1357 સુધીના દિલ્હી સલ્તનતના શાસકોનું વિવરણ આપે છે. બલબન થી ફિરોજશાહ તુગલક સુધીના ઈતિહાસ જાણવા માટેનો એ એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે જે એક પ્રાથમિક સ્રોતના રૂપે ગણી શકાય છે.*

**6) ફિરોજશાહ તુગલક કૃત ફુતુહાત-એ-ફિરોજશાહી**

*ફુતુહાત-એ-ફિરોજશાહીની રચના તુગલક સુલ્તાન ફિરોજશાહ તુગલક દ્વારા કરવામાં આવી હતી. તે સંભવતઃ દિલ્હી સલ્તનતના સુલ્તાનોમાં પ્રથમ આત્મકથા છે. ફુતુહાત-એ-ફિરોજશાહીનો અર્થ છે ફિરોજશાહના વિજયો, પણ આ પુસ્તકમાં ફિરોજશાહના વિજયોનો વર્ણન નથી. આ ગ્રંથમાં મુખ્યત્ત્વે ફિરોજશાહ દ્વારા કરાયેલા બાંધકામ, તેની અન્ય સિદ્ધિઓ વિશેના વિવરણ છે એટલે આ ગ્રંથ અન્ય સમકાલીન ઈતિહાસ ગ્રંથ કરતા જૂદું પડે છે કેમ કે રાજકીય ઘટનાઓ કરતા બીજી ઘટનાઓનું વર્ણન તે સમયના ઈતિહાસ માટે અન્ય બીજા ગ્રંથોમાં ઓછા જોવા મળે છે. એટલે આ ગ્રંથ સમકાલીન ઈતિહાસનો એક મહત્ત્વપૂર્ણ સ્રોત છે.*

**7) શમ્સ શિરાજ અફીફ કૃત તારીખ-એ-ફિરોજશાહી**

*અફીફ દ્વારા રચિત તારીખ-એ-ફિરોજશાહી તુગલક સુલ્તનાન ફિરોજશાહ તુગલતના સંપૂર્ણ રાજત્વ કાલનો સમકાલીન લિખિત ઈતિહાસ છે. આ ગ્રંથમાં તૈમૂરના આક્રમણનો વિવરણ છે એટલે આ ગ્રંથની રચના પરવર્તી તુગલક સુલ્તાનોના સમયમાં થઈ હશે એવું કહી શકાય છે. પાંચ ભાગમાં લખાયેલા આ ગ્રંથમાં સુલ્તાન ફિરોજશાહના જીવનના લગભગ દરેક તબક્કાનું વિસ્તૃત વિવરણ મળે છે. એટલે એ ગ્રંથફિરોજશાહ તુગલકના સમયના ઈતિહાસ જાણવા માટે સૌથી મહત્ત્વનો ગ્રંથ છે.*

**8) સરહિન્દી કૃત તારીખ-એ-મુબારકશાહી –**

*દિલ્હી સલ્તનતના સૈય્યદ સુલ્તાનોના સમયગાળાના ઈતિહાસ જાણવા માટેનો યાહ્ય બિન અહમદ સર હિન્દી દ્વારા રચિત તારીખ-એ-મુબારકશાહી એક મહત્ત્વપૂર્ણ સમકાલીન સ્રોત છે. સર હિન્દી મુબારકશાહ સૈય્યદનો સમકાલીન હતો. આ ગ્રંથમાં મુહમ્મદ ઘોરીના આક્રમણથી સૈય્યદ વંશનું શાસક અને મુબારકશાહના ઉત્તરાધિકારી મુહમ્મદશાહ સુધીનું (ઈ.સ. 1434-45) વિવરણ છે.*

**9) ઈબ્નેબતુતા કૃત રેહલા**

*ઈબ્નેબતુતા આફ્રિકાના દેશ મોરક્કોનો નિવાસી હતો અને તેણે ઈ.સ. 1325 થી 1353 સુધી ઘણા દેશોની યાત્રા કરેલી જેમાં પૂર્વના ભારત, શ્રીલંકા અને માલદીવ પણ શામેલ છે. ઈબ્નેબતુતાએ પોતાની એ યાત્રાઓનું સંસ્મરણ લખ્યું તે રેહલાના નામે પ્રસિદ્ધ*

*થયું છે. આ ગ્રંથમાં ભારતના સંદર્ભમાં જે વિવરણ છે તે ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપનાથી મુહમ્મદ બિન તુગલક સુધીનો વિવરણ મળે છે. તે મુહમ્મદ બિન તુગલકના સમયમાં ભારતમા હતો એટલા માટે આ સમયના ઈતિહાસ જાણવાનો એ પ્રાથમિક સ્રોત ગણી શકાય છે.*

**10) અમીર ખુસરોની રચનાઓ**

*અમીર ખુસરો સલ્તનતકાળનો એક પ્રમુખ સાહિત્યકાર અને સૂફી સંત હતો. તેઓ મમલૂક સુલ્તાન બલબનથી તુગલક સુલ્તાન ગિયાસુદ્દીન તુગલક સુધીના સુલ્તાનોનો સમકાલીન હતો. ખુસરોએ અનેક ગ્રંથોની રચના કરી હતી પરંતુ ઈતિહાસને લગતા તેના મહત્ત્વના ગ્રંથો મુખ્યત્ત્વે પાંચ છે. કિરાનુસ્સાદેન, મિફતાહુલ ફુતુહ, આશિકા, નુહ સિપેહર અને તુગલકનામા. તુગલકનામા તેની અંતિમ રચના હતી જે ગિયાસુદ્દીન તુગલકની ખુસરો ખાં પર વિજયનું વિવરણ આપેલ છે. અમીર ખુસરોના એ ગ્રંથો સમકાલીન ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વપૂર્ણ સાહિત્યિક સ્રોત છે.*

*ઉપરોક્ત સાહિત્યિક ગ્રંથો ઉપરાંત પણ કેટલાંકગ્રંથો છે જે રાજપૂતકાળ અને સલ્તનતકાળના ઈતિહાસના પ્રમુખ સ્રોતો છે. ચચનામા, પીર મુહમ્મદ કૃત તારીખે માસૂમી, ઉત્બી કૃત તારીખે યામીની, અબુલ હસન કૃત તારીખે મસૂદી, રિજકુલ્લા મુશ્તાકી કૃત વાકિયાતે મુશ્તાકી, અહમદ યાદગાર કૃત તારીખ સલાતીન એ અફગાની, નિયામત ઉલ્લા કૃત મખજન એ અફગાની, અબ્દુલ્લા કૃત તારીખે દાઉદી મહત્ત્વપૂર્ણ ગ્રંથો છે. વિદેશી યાત્રીઓમાં માર્કોપોલો, અબ્દુર્રજ્જાક, નિકોલ કોણ્ટી, ડોમિન્ગો પાઈજ વગેરેના વિવરણો પણ સલ્તનતકાળીન ભારતના ઈતિહાસ જાણવા માટે મહત્ત્વપૂર્ણ સ્રોત છે.*

- **તમારી પ્રગતિ ચકાસો**

1. *ઈતિહાસ જાણવાના પ્રાથમિક સ્રોત તરીકે પુરાવસ્તુકીય સ્રોતોની ચર્ચા કરો.*
2. *રાજપૂતકાળના ઈતિહાસ જાણવાના સ્રોતો તરીકે અભિલેખોની ચર્ચા કરો.*
3. *રાજપૂતકાળ ના ઈતિહાસ જાણવાના સ્રોતો તરીકે મંદિર સ્થાપત્યની ચર્ચા કરો.*
4. *સલ્તનતકાળીન ઈતિહાસ જાણવાના સ્રોતો તરીકે ફારસી સાહિત્યના ગ્રંથોની ચર્ચા કરો.*
5. *સલ્તનતકાળીન ઈતિહાસ જાણવાના સ્રોત તરીકે ઈસ્લામિક સ્થાપત્યની ચર્ચા કરો.*

## 1.3 સારાંશ

*ભારતના ઈતિહાસમાં રાજપૂતકાળ અને સલ્તનતકાળનો સમયગાળો મધ્યકાળીન ઈતિહાસનો ભાગ છે એટલે આ સમયને પૂર્વમધ્યકાળનો સમય માનવામાં આવે છે. આ સમયમાં ઈતિહાસ જાણવા માટેના સાધનોમાં પર્યાપ્ત વૃદ્ધિ જોવા મળે છે. પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનોની પ્રચુરતા આ સમયગાળાના ઈતિહાસલેખન માટે વિવિધ ક્ષેત્રે ભરપૂર સંભાવનાઓ વિકસિત કરે છે. આ સમયમાં જ સ્થાપત્યની વિભિન્ન ક્ષેત્રીય*

*શૈલીઓનો વિકાસ થયો, વિભિન્ન ક્ષેત્રીય ભાષાઓનો વિકાસ થયો, વિદેશી આક્રમણના લીધે થએલ રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તન આ સ્થાપત્ય અને સાહિત્યમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે. ઇતિહાસલેખન માટે પુરાવસ્તુકીય સાધનો સાથે સાહિત્યિક સાધનોની પ્રચુરતા આ સમયના ઇતિહાસ લેખનની એક વિશેષતા તરીકે ગણી શકાય છે. આ જ સમયમાં ભારતમાં ઇતિહાસ આધારિત ગ્રંથોની રચના શરૂ થઈ હતી. આ જ સમયમાં ભારતમાં ચરિત કાવ્યો અને રાસો સાહિત્યનો વિકાસ થયો. આ જ સમયમાં ભારતમાં આરબી અને ફારસી ઇતિહાસ લેખન પરંપરાનો આગમન થયો અને તેનો ભારતીય પરંપરામાં મિશ્રણ થયો અને એક નવીન ઇતિહાસ લેખનની પરમ્પરાનો વિકાસ થયો. આ જ સમયમાં ભારતીય-ઇસ્લામી સમન્વિત સંસ્કૃતિનો ઉદય થાય છે જે ખાસ કરીને સ્થાપત્યકલામાં જોવા મળે છે. પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનોની પ્રચુરતા આ સમયના ઇતિહાસ લેખન માટે વરદાન સ્વરૂપ છે.*

## 1.4 શબ્દાવલી

1. *નાગર શૈલી – મંદિર સ્થાપત્યની એક શૈલી છે જે મુખ્યત્ત્વે હિમાલયથી વિન્ધ્યપર્વત સુધીના પ્રદેશમાં બનેલા મંદિરોના સ્થાપત્યની શૈલી હતી.*
2. *દ્રવિડ઼ શૈલી – દક્ષિણ ભારતમાં મંદિર સ્થાપત્યની જે શૈલીનો વિકાસ થયો તેને દ્રવિડ઼ શૈલી કહેવામાં આવે છે.*
3. *બેસર શૈલી – મંદિર સ્થાપત્યની એક શૈલી છે જે મુખ્યત્ત્વે નાગર અને દ્રવિડ઼ શૈલીનું મિશ્રણ છે. મુખ્યત્ત્વે નર્મદાથી કૃષ્ણાનદી સુધીના મધ્ય અને દક્કન ભારતના વિસ્તારમાં બનેલા મંદિરો આ*
4. *સિદ્ધ સાહિત્ય – પૂર્વ મધ્યકાળમાં બૌદ્ધ સિદ્ધો દ્વારા રચિત સાહિત્યને સિદ્ધ સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે.*
5. *મકબરા – આ એક આરબી ભાષાનો શબ્દ છે જેનો અર્થ હોય છે જ્યાં કબ્ર છે તે જગ્યા. કબ્ર પર જે ઇમારત અથવા તો બાંધકામ કરવામાં આવે છે તે ઇમારતને મકબરા તરીકે ઓળખવામાં આવે છે.*

### સ્વાધ્યાય

1. *ભારતીય ભાષાઓમાં રચિત ચરિત્ર ગ્રંથો કેવી રીતે ફારસી તવારીખોના પૂર્વગામી ગણી શકાય તેની ચર્ચા કરો.*
2. *રાજપૂતકાળ દરમ્યાન વિકસિત મંદિર સ્થાપત્યની વિભિન્ન શૈલીઓમાં સમાનતા અને અંતર વિશે ચર્ચા કરો.*
3. *સલ્તનતકાળ દરમ્યાન વિકસિત ઇન્ડો -ઇસ્લામિક સ્થાપત્યશૈલી કેવી રીતે એક સમન્વિત સંસ્કૃતિનો ભાગ હતો આ અંગે ચર્ચા કરો.*

## 1.4 સંદર્ભ ગ્રંથો


1. *પાંડેય વિમલચંદ્ર, 'પ્રાચીન ભારત કા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ' ભાગ-2, સેંટ્રલ પબ્લિશિંગ હાઉસ, ઈલાહાબાદ,* 2001 *(પંચમ સંશોધિત સંસ્કરણ)*
2. *પાઠક વિશુદ્ધાનન્દ, 'ઉત્તર ભારત કા રાજનૈતિક ઈતિહાસ', ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ,*1982
3. *મજૂમદાર રમેશચન્દ્ર, 'પ્રાચીન ભારત', મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1995.
4. *ત્રિપાઠી, રમાશંકર, 'પ્રાચીન ભારત કા ઈતિહાસ', મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1971 *(છઠા સંસ્કરણ)*
5. *શ્રીવાસ્તવ કે.સી., 'પ્રાચીન ભારત કા ઈતિહાસ તથા સંસ્કૃતિ',* 1990.
6. *ભટ્ટાચાર્ય સચ્ચિદાનન્દ,' ભારતીય ઈતિહાસ કોશ', ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ,* 2004 *(ચતુર્થ સંસ્કરણ)*
7. *ચોપરા પી.એન. (સંપા.), 'ભારતનું ગઝેટિયર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2001.
8. *વાજપેયી કૃષ્ણદત્ત, 'ભારતીય વાસ્તુકલા કા ઈતિહાસ', ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ,* 2002 *(તૃતીય સંસ્કરણ)*
9. *સહાય સચ્ચિદાનન્દ, 'મન્દિર સ્થાપત્ય કા ઈતિહાસ', બિહાર હિંદી ગ્રંથઅકાદમી, પટના,* 1989 *(દ્વિતીય સંસ્કરણ)*
10. *જોશી મહેશચન્દ્ર, 'યુગ-યુગીન ભારતીય કલા', રાજસ્થાની ગ્રંથાગાર, જોધપુર,* 2018 *(દ્વિતીય સંસ્કરણ)*
11. *ગૈરોલા વાચસ્પતિ, 'ભારતીય સંસ્કૃતિ ઔર કલા', ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ,* 2003 *(તૃતીય સંસ્કરણ)*
12. *સિંહ અશોક કુમાર, 'તુગલક કાલીન ઈતિહાસકાર એવં ઈતિહાસલેખન', પંચશીલ પ્રકાશન જયપુર,* 2012 *(દ્વિતીય સંસ્કરણ)*
13. *વર્મા હરીશચન્દ્ર (સંપા.), 'મધ્યકાળીન ભારત' ભાગ*-1 (750-1540), *હિંદી માધ્યમ કાર્યાનિવ્ય નિદેશાલય, દિલ્લી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્લી,* 2011.
14. *શ્રીવાસ્તવ હરીશંકર, 'મધ્યકાળીન ભારતીય ઈતિહાસ લેખન'* (1200-1445), *વાણી પ્રકાશન, નઈ દિલ્લી,* 1997

| એકમ – 2 | ચાલુક્ય (વાતાપી), પલ્લવ અને ચૌલ |
|---|---|

**રૂપરેખાઃ**

**2.0 ઉદ્દેશ્યો**
**2.1 પ્રસ્તાવના**
**2.2 વાતાપીનો ચાલુક્ય વંશ**
**2.2.1વાતાપીનો ચાલુક્ય વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો**
**2.2.2 વાતાપીના ચાલુક્ય વંશની ઉત્પત્તિ**
**2.2.3 પ્રારમ્ભિક ઈતિહાસ**
**2.2.4 વાતાપીના ચાલુક્ય શાસકો**
**2.2.5 વાતાપીના ચાલુક્ય શાસકોની સિદ્ધિઓ**
**2.3 પલ્લવ વંશ**
**2.3.1 પલ્લવ વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો**
**2.3.2 પલ્લવોની ઉત્પત્તિ**
**2.3.3 પ્રારંભિક ઈતિહાસ**
**2.3.4 પલ્લવ શાસકો**
**2.3.5 પલ્લવ શાસકોની સિદ્ધિઓ**
**2.4 ચૌલ વંશ**
**2.4.1 ચૌલ વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો**
**2.4.2 ચૌલોની ઉત્પત્તિ**
**2.4.3 ચૌલોનો પ્રારંભિક ઈતિહાસ**
**2.4.4 ચૌલ શાસકો**
**2.4.5 ચૌલ શાસકોની સિદ્ધિઓ**
**તમારી જાતે ચકાસો**
**2.5 સારાંશ**
**2.6 શબ્દાવલી**
**સ્વાધ્યાય**
**2.7 સંદર્ભ ગ્રંથો**

## 2.0 ઉદ્દેશ્યો

*આ એકમના ઉદ્દેશ્યમાં રાજપૂતકાલ દરમ્યાન દક્ષિણ ભારતનાં ત્રણ પ્રમુખ રાજ્યોનો અભ્યાસ કરવાનો છે. જે એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે -*

- *વાતાપીના ચાલુક્ય વંશના શાસકો અને તેમની સિદ્ધિઓનો પરિચય થશે.*

- *કાંચીના પલ્લવ વંશનો ઈતિહાસ વિશે જાણશે.*
- *તાંજૌરના ચૌલ વંશના ઈતિહાસથી પરિચિત થશે.*

## 2.1 પ્રસ્તાવના

*સમુદ્રગુપ્તના સમયમાં ગુપ્ત શાસકો દ્વારા દક્ષિણ ભારત સુધીનો વિજય કરવામાં આવ્યો હતો અને એક સમયમાં ઉત્તર અને દક્ષિણ ભારતનું ક્ષેત્ર એક જ રાજનીતિક સત્તાને અધીન આવી ગયો હતો. ગુપ્તોનાં પતન પછી ઉત્તર અને દક્ષિણ ભારતમાં કેટલાંક નવીન રાજ્યોનો ઉદ્ભવ થયો. જેમાં દક્ષિણ ભારતમાં વાતાપી અથવા તો બાદામીનો ચાલુક્ય વંશ, વેંગીના ચાલુક્યો, કલ્યાણીના ચાલુક્યો, કાંચીનો પલ્લવ વંશ, તાંજૌરના પરવર્તી ચોલ શાસકો, દેવગિરીના યાદવો, વારંગલના કાકતીય શાસકો, મદુરાઈ પાંણ્ડ્ય શાસકો, દ્વારસમુદ્રના હોયસલો, કદમ્બવંશ, ગંગ વંશ, દક્કન ભારતમાં માન્યખેટના રાષ્ટ્રકૂટો વગેરે પ્રમુખ રાજ્યો હતાં. હર્ષવર્ધનના સમયમાં બાદામીના ચાલુક્યોએ ઉત્તર ભારત સુધી પોતાનો પ્રભાવ સ્થાપિત કરવા માટેના કેટલાંક પ્રયત્નો કરેલા, પછી રાષ્ટ્રકૂટોનો પણ કન્નૌજ પર પ્રભાવ જમાવવા માટે ગૂર્જર-પ્રતિહારો અને પાલ શાસકો સાથે સંઘર્ષ થયો. કલ્યાણીના ચાલુક્યોનો સંઘર્ષ માળવાના પરમાર શાસકો સાથે થયેલો. દક્ષિણ ભારતમાં જ પોતાની સત્તાના પ્રસાર અને પ્રભાવ માટે ચાલુક્યો અને પલ્લવોનો સંઘર્ષ, પલ્લવો અને ચોલોનો સંઘર્ષ થયો. એવી રીતે આ રાજકીય વિકેન્દ્રીકરણના લીધે ઘણા રાજકીય સંઘર્ષો ઊભા થયા હતા. પ્રસ્તુત એકમમાં દક્ષિણ ભારતની ત્રણ પ્રમુખ સત્તાઓમાં બાદામીના ચાલુક્યો, કાંચીના પલ્લવો અને તાંજૌરના પરવર્તી ચૌલ શાસકોની સિદ્ધિઓ વિશે ચર્ચા કરવામાં આવશે.*

## 2.2 વાતાપીનો ચાલુક્ય વંશ

*ઈ.સ.છઠ્ઠી સદીથી આઠમી સદીના મધ્ય સુધી દક્ષિણાપથમાં ચાલુક્ય વંશનો પ્રભાવ હતો. નર્મદા નદીના દક્ષિણ વિસ્તારમાં આ સમયમાં વર્તમાન કર્નાટકના બીજાપુર જિલ્લામાં સ્થિત બાદામી અથવા વાતાપી નામક સ્થળ આ ચાલુક્યોનું પાટનગર હતું એટલે એમને વાતાપીના ચાલુક્યો કહેવામાં આવે છે. ઉત્તર ભારતમાં આ જ સમયમાં ગુપ્તવંશના પતન પછી હર્ષવર્ધનનો પ્રભાવ હતો અને કન્નૌજ ઉત્તર ભારતની રાજનીતિનું કેન્દ્ર હતું. દક્ષિણ ભારતમાં આ જ સમયમાં પલ્લવ વંશની સત્તા પોતાનો પ્રસાર કરી રહી હતી જે કાંચીના પલ્લવો તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તરમાં વર્ધનવંશ અને દક્ષિણના પલ્લવ વંશ વચ્ચે દક્ષિણાપથમાં વાતાપીના ચાલુક્યોએ ત્રણ સદી સુધી પોતાની સત્તા ટકાવી રાખી હતી. વાતાપીના ચાલુક્યોને પશ્ચિમી ચાલુક્ય પણ કહેવામાં આવે છે. આ જ વંશની એક શાખા વેંગીના ચાલુક્યો અથવા તો પૂર્વી ચાલુક્યો તરીકે પણ ઓળખવામાં આવે છે. પુલકેશિન બીજાના ભાઈ વિષ્ણુવર્ધન આ વંશની સ્થાપના કરી હતી. પરંતુ દક્ષિણ ભારતમાં વાતાપીના ચાલુક્યોનો પ્રભાવ વધારે રહ્યો હતો અને દક્ષિણમાં ચાલુક્યોની આ મૂળ શાખા હતી.*

### 2.2.1 વાતાપીનો ચાલુક્ય વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો

*વાતાપીના ચાલુક્ય વંશનો ઈતિહાસ જાણવા માટેનાં પ્રાથમિક સાધનોમાં તત્કાલીન શાસકોના અભિલેખો પ્રમુખ છે. જેમાં સૌથી મહત્ત્વનું સાધન પુલકેશિન બીજાના સમયની રવિકીર્તિ જૈન કૃત અયહોલ પ્રશસ્તિ છે. જે સંસ્કૃત ભાષા અને દક્ષિણી બ્રાહ્મી લિપિમાં છે. આ પ્રશસ્તિમાં પુલકેશિન બીજાની સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે જે ચાલુક્યો વંશની સિદ્ધિઓ જાણવા માટે મહત્ત્વનું સાધન છે. અયહોલ પ્રશસ્તિ ઉપરાન્ત પણ કેટલાંક શિલાલેખો, તામ્રપત્રો છે જે વાતાપીના ચાલુક્યોનો ઈતિહાસ જાણવા માટે મહત્ત્વના સ્રોતો છે. જેમ કે, બાદામીનો શિલાલેખ જે મોટેભાગે પુલકેશિન પ્રથમનો છે, મહાકૂટ લેખ જેમાં કીર્તીવર્મન પ્રથમના વિજયોનું વર્ણન છે, હૈદરાબાદ દાનપત્રાભિલેખ જે પુલકેશિન બીજાના સમયનો છે. ઉપરાંત ઉદયગિરી અભિલેખ, કાહિ અભિલેખ અને નાન્દેડ અભિલેખથી પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વાતાપીના ચાલુક્યો વિશે માહિતી મળે છે.*

*પુરાવસ્તુકીય સાધનોની માહિતીને પ્રમાણિત કરવા માટે અથવા તો ચકાસણી માટે અન્ય સાહિત્યિક સામગ્રી પણ મહત્ત્વની છે જે વાતાપીના ચાલુક્યો વિશે પ્રાથમિક અથવા દ્વિતિય સ્રોતની જેમ માની શકાય છે.જેમાં, હ્યુંનસાંગના વિવરણો અને ઈરાની ઈતિહાસકાર તાબરીનાં વિવરણો પ્રમુખ છે.*

### 2.2.2 વાતાપીના ચાલુક્ય વંશની ઉત્પત્તિ

*વાતાપીના ચાલુક્યોની ઉત્પત્તિના સંબંધમાં કોઈ એક ચોક્કસ માહિતી નથી મળતી. ઈતિહાસકારો જુદાં જુદાં મંતવ્યો રજૂ કરે છે. ઈતિહાસકાર વિંસેન્ટ સ્મિથ ચાલુક્યોની ઉત્પત્તિ મધ્ય એશિયાની ચપ પ્રજાતિ દ્વારા માને છે જે ગૂર્જરોની એક શાખા હતી. વરાહમિહિરની બૃહત્સંહિતામાં શૂલિક જાતિનો ઉલ્લેખ મળે છે જેના આધારે કેટલાંક ઈતિહાસકારો તેનાથી ચાલુક્યોની ઉત્પત્તિ માને છે. પૃથ્વીરાજરાસોમાં વિરચિત અગ્નિકુણ્ડમાંથી રાજપૂતોની ઉત્પત્તિમાં ચાલુક્યોની ઉત્પત્તિ પણ યજ્ઞકુણ્ડમાંથી માને છે. વિક્રમાંકદેવચરિતમાં ભગવાન બ્રહ્માના ચુલુકથી ઉત્પત્તિ બતાવવામાં આવી છે. હ્યુંનસાંગ ચાલુક્યોને ક્ષત્રીય માને છે. વાતાપીના ચાલુક્યોના અભિલેખોમાં તેમની ઉત્પત્તિ વિશે ઉલ્લેખ નથી પણ વેંગીના ચાલુક્યોના અભિલેખોમાં તેમને ચંદ્રવંશી કહેવામાં આવ્યા છે. ઈતિહાસકાર દિનેશચન્દ્ર સરકારના પ્રમાણે ચાલુક્યો કન્નડ જાતિના જ હતા અને જેના સંસ્થાપક ચલિક, ચલક અથવા ચલુક હતા અને તેમના નામે આ વંશ ચાલુક્ય વંશ કહેવામાં આવે છે. ઈતિહાસકાર નીલકણ્ઠ શાસ્ત્રી પ્રમાણે આ રાજવંશનું મૂળ નામ ચલ્ક્ય હતું. ઈતિહાસકાર એસ.સી.નન્દિમથના પ્રમાણે ચાલ્કુયોચલ્કિ, શલ્કિ અથવા ચલુકીથી સંબંધિત છે. કન્નડ઼ ભાષામાં ઉક્ત નામો કૃષિ ઉપકરણોથી સંબંધિત હોવાથી એક અનુમાન એવું પણ છે કે ચાલુક્ય વંશના સંસ્થાપક કર્નાટક પ્રદેશના કૃષક સમુદાયના હશે. કે.સી.શ્રીવાસ્તવના પ્રમાણે કદમ્બો અને રાષ્ટ્રકૂટોની જેમ ચાલુક્યો પણ કોઈ સ્થાનિક કુળથી સંબંધિત હતા અને પ્રારમ્ભમાં તેઓ કદમ્બ રાજાઓને અધીન કામ કરતા હતા.*

### 2.2.3 પ્રારંભિક ઈતિહાસ

*વાતાપીના ચાલુક્ય વંશનો સંસ્થાપક પુલકેશિન પ્રથમ હતો પણ તેમના પૂર્વના બે શાસકોના નામ મહાકૂટ અભિલેખમાં મળે છે. જયસિંહ અને રણરાગ. કૈરા તામ્રપત્રથી જાણવા મળે છે કે વાતાપીના ચાલુક્ય વંશનો પ્રથમ ઉલ્લેખનીય નરેશ જયસિંહ હતો. જે સંભવતઃ બનવાસીના કદમ્બ શાસકોનો સામન્ત હતો. કલ્યાણીના ચાલુક્યોના અને રાષ્ટ્રકૂટોના અભિલેખોમાં પણ જયસિંહ નામના નરેશની ચર્ચા કરવામાં આવી છે. જયસિંહ પછી તેમના પુત્ર રણરાગ તેમનો ઉત્તરાધિકારી થયો. તે શૈવ ધર્મનો અનુયાયી હતો અને ગદાયુદ્ધમાં નિષ્ણાત હતો તેથી તેણે રણરાગસિંહની ઉપાધિ ધારણ કરી હતી. રણરાગનો પુત્ર પુલકેશિન પ્રથમ હતો જે વાતાપીના ચાલુક્ય વંશનો પ્રથમ સ્વતન્ત્ર શાસક ગણવામાં આવે છે.*

### 2.2.4 વાતાપીના ચાલુક્ય શાસકો

*વાતાપીના ચાલુક્ય વંશનો વાસ્તવિક સંસ્થાપક પુલકેશિન પ્રથમ હતો. પરંતુ જયસિંહ અને રણરાગને તેનાથી પૂર્વેના શાસકો માનવામાં આવે છે. વાતાપીના ચાલુક્ય વંશના શાસકોની સાલવારી નીચે પ્રમાણે છે –*

1) *જયસિંહ* (500-520)

2) *રણરાગ* (520-535)

3) *પુલકેશિન પ્રથમ* (535-566)

4) *કીર્તિવર્મન પ્રથમ* (566-597)

5) *મંગલેશ* (597-610)

6) *પુલકેશિન બીજો* (610-642)

7) *વિક્રમાદિત્ય પ્રથમ* (655-681)

8) *વિનયાદિત્ય* (681-696)

9) *વિજયાદિત્ય* (696-733)

10) *વિક્રમાદિત્ય બીજો* (733-747)

11) *કીર્તિવર્મન બીજો* (747-757)

### 2.2.5 વાતાપીના ચાલુક્ય શાસકોની સિદ્ધિઓ

**1) પુલકેશિન પ્રથમ**

*પુલકેશિન પ્રથમ રણરાગનો પુત્ર હતો અને તેણે વાતાપીમાં એક સ્વતન્ત્ર રાજ્યની સ્થાપના કરી હતી. ચાલુક્ય અભિલેખોમાં તેને વાતાપી રાજ્યનો પ્રથમ ભાગ્યવિધાતા (વાતપ્યઃ પ્રથમ-વિધાતા) અને વાતાપીના કિલ્લાના નિર્માણકર્તા (ધરાધરેનદ્રં વાતાપિમજૈય ભૂતયે મુવઃ) કહેવામાં આવ્યા છે. એટલે પુલકેશિન પ્રથમે જ સૌ પ્રથમ વાતાપીને પાટનગર બનાવ્યું હતું અને ત્યાં એક સ્વતન્ત્ર રાજ્યની સ્થાપના કરી હતી. પુલકેશિન પ્રથમે પોતાના રાજ્યકાળ દરમ્યાન ઘણા યજ્ઞો સંપાદિત કર્યા હતા જેમાં*

મુખ્યત્વે અશ્વમેધ યજ્ઞ છે. મહાકૂટ લેખથી જાણવા મળે છે કે બાજપેય, અગ્નિષ્ટોમ, પૌંડરિક, હિરણ્યગર્ભ જેવા યજ્ઞો પણ તેમણે કરાવ્યા હતા. તેમણે રણવિક્રમ, સત્યાશ્રય, ધર્મમહારાજ, શ્રીપૃથ્વીવલ્લભ જેવી ઉપાધિઓ ધારણ કરી હતી. પુલકેશિન પ્રથમના લગ્ન બટપુર પરિવારની દુર્લભદેવી સાથે થયું હતું. મહાકૂટ અભિલેખમાં તેમની સરખામણી વિષ્ણુ સાથે કરવામાં આવી છે અને તેમને બ્રાહ્મણોનો આદર કરનાર શાસક કહેવામાં આવ્યો છે.

**2) કીર્તિવર્મન પ્રથમ**

પુલકેશિન પ્રથમના બે પુત્રો હતા કીર્તિવર્મન પ્રથમ અને મંગલેશ. પુલકેશિનના મૃત્યુ પછી કીર્તિવર્મન પ્રથમ વાતાપીનો શાસક બન્યો. અયહોલ પ્રશસ્તિના અનુસાર કીર્તિવર્મને બનવાસીના કદમ્બો, કોંકણના મૌર્યો, કર્નૂલના નલવંશી શાસકોને પરાજિત કર્યા હતા. તેમના સમયમાં બનવાસીના કદમ્બ વંશનો શાસક અજયવર્મા હતો. અજયવર્માને પરાજિત કરીતેના પટનગર બનવાસી પર કીર્તિવર્મને અધિકાર કર્યો હતો. કોંકણના મૌર્ય શાસકોને હરાવ્યા પછી તે રાજ્ય રેવતી દ્વીપ (વર્તમાન ગોઆ) સુધી વિસ્તર્યું હતું. મહાકૂટ અભિલેખથી જાણવા મળે છે કે કીર્તિવર્મને બંગ, અંગ, કલિંગ, મગધ, ભદ્રક, કેરલ, ગંગ, મૂલક, પાણ્ડ્ય, ચોલ, વૈજયન્તિ શાસકોને હરાવ્યા હતા. પરંતુ ઉક્ત વિવરણ અતિશ્યોક્તિ પૂર્ણ લાગે છે.પરંતુ વાતાપીના રાજ્યનો વિસ્તાર વધારવામાં તેની મહત્ત્વની ભૂમિકા હતી. આ તથ્યમાં કોઈ શંકા નથી. એટલે કીર્તિવર્મનને વાતાપી રાજ્યના પ્રથમ નિર્માતા પણ કહેવામાં આવે છે. તેણે બહુસુવર્ણ અને અગ્નિષ્ટોમ યજ્ઞ કરાવ્યા હતા અને પુરૂરણપરાક્રમ, સત્યાશ્રય, પૃથ્વીવલ્લભ જેવી ઉપાધિઓ ધારણ કરી હતી. તેના મૃત્યુના સમયે તેના સંતાનો પુખ્ત વયના ન હતા એટલે તેના પછી વાતાપી રાજ્ય તેના ભાઈ મંગલેશને સોંપવામાં આવ્યું.

**3) મંગલેશ**

કીર્તિવર્મનના મૃત્યુના સમયે તેનો પુત્ર પુલકેશિન બીજો અલ્પવયસ્ક હતો એટલે મંગલેશે તેના સંરક્ષક રીતે રાજ કર્યું હતું.પરંતુ તેના છેલ્લા સમયમાં મંગલેશે પુલકેશિન બીજાને રાજ્યનો ઉત્તરાધિકાર સૌંપ્યો ન હતો અને પોતાના પુત્રને ઉત્તરાધિકારી બનાવવા માગતો હતો. પુલકેશિન બીજો જ્યારે પુખ્ત વયનો થયો તેના પછી ઉત્તરાધિકારનો સંઘર્ષ થયો હતો અને તે સંઘર્ષમાં મગંલેશનું મૃત્યુ થયું હતું.પોતાના રાજ્યકાલ દરમ્યાન મંગલેશે કીર્તિવર્મનની સામ્રાજ્યવાદી નીતિને અનુસરી હતી. તેમના નેરૂર દાનપત્ર અને મહાકૂટ લેખથી જાણવા મળે છે કે તેણે ઉત્તર ભારતમાં કલચુરી શાસક બુદ્ધરાજ પર આક્રમણ કરીને તેને હરાવ્યો હતો. આ સમયમાં બુદ્ધરાજની અધીનતામાં ગુજરાત, ખાનદેશ અને માળવાનો વિસ્તાર હતો. સંભવ છે કે મંગલેશ બુદ્ધરાજને હરાવી અને પરત પોતાના રાજ્યમાં આવી ગયો હશે કેમ કે બુદ્ધરાજના લેખોથી જાણવા મળે છે કે તેણે ફરીથી પોતાના રાજ્ય પર અધિકાર મેળવી લીધો હતો. મંગલેશ દ્વારા કોંકણ પ્રદેશના વિજયનો પણ લેખોમાં ઉલ્લેખ મળે છે. નેરૂર દાનપત્રના અનુસાર મંગલેશે રેવતીદ્વીપના

*સ્વામીરાજને હરાવ્યો હતો. એ સ્વામીરાજ કીર્તિવર્મન દ્વારા નિયુક્ત રેવતીદ્વીપનો ઉપરાજા હતો. જેણે કદાચ મંગલેશના વિરૂધ્ધવિદ્રોહ કર્યો હતો અને તે વિદ્રોહને દબાવવા માટે મંગલેશ દ્વારા રેવતીદ્વીપ પર આક્રમણ કરવામાં આવ્યું હતું.મંગલેશે સ્વામીરાજને હરાવીને તેના સ્થાને ધ્રુવરાજ ઈન્દ્રવર્માને ત્યાંનો ઉપરાજા બનાવ્યો હતો. મંગલેશે રણવિક્રાન્ત, શ્રીપૃથ્વીવલ્લભની ઉપાધિ ધારણ કરી હતી. તેને પરમભાગવત કહેવામાં આવે છે. તેઓ વૈષ્ણવ ધર્મનો અનુયાયી હતા. તેના અન્તિમ સમયમાં ઉત્તરાધિકાર માટે તેના ભત્રીજા સાથે યુદ્ધમાં તેનું મૃત્ય થયું હતું.*

**4) પુલકેશિન બીજો**

*ઉત્તરાધિકારના યુદ્ધમાં મંગલેશના મૃત્યુ પછી પુલકેશિન બીજો વાતાપીનો શાસક બન્યો. પુલકેશિન બીજો વાતાપીના ચાલુક્ય વંશનો સૌથી શક્તિશાળી શાસક ગણવામાં આવે છે. તેણે વાતાપી રાજ્યની સત્તા ઉત્તર અને દક્ષિણ ભારતમાં વિસ્તારી હતી. ઉત્તરાધિકારના યુદ્ધના કારણે વાતાપીના કેટલાંક સામન્તો અને અધીન રાજાએ પોતાની સ્વતંત્ર સત્તાઓની સ્થાપના કરી હતી. વાતાપીમાં અરાજકતાનું વાતાવરણ હતું. પુલકેશિન બીજા માટે પડકારજનક હતું. પુલકેશિન બીજાએ સૌ પ્રથમ કદમ્બ રાજ્ય વિરૂધ્ધ અભિયાન કર્યું અને ત્યાંના શાસક ભોગિવર્મન્ (કેટલાંક ઈતિહાસકારો આ નામ પર અસહમત છે.) ને હરાવ્યો. પુલકેશિનના આક્રમણ પછી કદમ્બ રાજ્ય કાયમ માટે નષ્ટ થઈ ગયું અને વાતાપીને અધીનં આવી ગયું. પુલકેશિને કદમ્બ રાજ્યની સત્તા પોતાના સામન્તો આલુપો અને સેન્દ્રકોને સૌંપી દીધુ હતું. કદમ્બ પછી પુલકેશિને દક્ષિણી કન્નડના આલુપો અને ગંગવાડી રાજ્યના ગંગો વિરૂધ્ધઅભિયાન કર્યું. આલુપ શાસક કુન્દવર્મ્મરસ અને ગંગનરેશ દુર્વિનીતને હરાવી તેમનાં રાજ્યને વાતાપીને રાજ્યને વાતાપીનો અધિન બનાવ્યા હતા. ત્યાર પછી તેમણે કોંકણ પ્રદેશ પર આક્રમણ કર્યું અને ત્યાં વિજયશ્રી પ્રાપ્ત કરી હતી. અયહોલ પ્રશસ્તિથી જાણવા મળે છે કે પુલકેશિને લાટ, માળવા અને ગૂર્જર પ્રદેશ પણ જીત્યા હતા. પુલકેશિનના ઉત્તર ભારત તરફના આ અભિયાનના લીધે તેમનો સંઘર્ષ હર્ષવર્ધન સાથે થયો. હર્ષવર્ધન સાથેના તેમના સંઘર્ષ વિશે અયહોલ પ્રશસ્તિમાં તેમના વિજયનો ઉલ્લેખ છે પરંતુ કેટલાંક ઈતિહાસકારો આ તથ્યનો અસ્વીકાર કરે છે. યુદ્ધના સ્થળ અને સમય વિશે પણ ઈતિહાસકારોમાં ઘણાં મતભેદ છે. અયહોલ પ્રશસ્તિમાં પુલકેશિન દ્વારા ત્રિમહારાષ્ટ્રકો પર અધિકારનો ઉલ્લેખ છે. જે સંભવતઃ કોંકણ, મહારાષ્ટ્ર અને કર્ણાટક હોઈ શકે છે. પુલકેશિને પૂર્વી દક્કનના કોશલ અને કલિંગ શાસકોને પણ હરાવ્યા હતા. દક્ષિણ કૌશલ રાજ્યમાં બાલાર્જુન શિવગુપ્તનું શાસન હતું. અને કલિંગમાં ગંગ વંશનું શાસન હતું.ત્યારપછી પુલકેશિને આન્ધ્રના પિષ્ટપુર પર આક્રમણ કરી વિષ્ણુકુંડિન વંશના શાસકોને હરાવ્યો અને ત્યાં પોતાના ભાઈ વિષ્ણુવર્ધનને ઉપરાજા બનાવ્યો. જેણે ત્યાં જ વેંગીના ચાલુક્ય વંશની સ્થાપના કરી હતી. પુલકેશિન બીજાના સમયમાં વાતાપીના દક્ષિણમાં કાંચીના પલ્લવ શાસકોનું રાજ્ય હતું. મહેન્દ્રવર્મન પ્રથમ પુલકેશિનનો સમકાલીન પલ્લવ શાસક હતો. પુલકેશિને પલ્લવ રાજ્ય*

પર આક્રમણ કર્યો અને મહેન્દ્રવર્મન સાથે ભીષણ સંઘર્ષમાં તેને હરાવ્યો. મહેન્દ્રવર્મન પોતાના પાટનગર કાંચીને સુરક્ષિત રાખવામાં સફળ રહ્યો.પલ્લવ રાજ્યના કેટલાંક વિસ્તારો પર પુલકેશિનનો અધિકાર થયો. પલ્લવો વિરુદ્ધ આ સંઘર્ષમાં પુલકેશિનનો વિજય વાતાપીના રાજ્યને સર્વોચ્ચ સ્તર સુધી લઈ ગયોહતો. પલ્લવો પર પુલકેશિનનો આ વિજય કાયમ નં રહી શક્યો. પલ્લવ શાસકો દ્વારા સમય-સમય પર ચાલુક્યો વિરુદ્ધનાં કાર્યો કરવામાં આવતા હતા. પુલકેશિન દ્વારા ફરીથી કાંચી પર આક્રમણ કરવામાં આવ્યું. આ બીજા આક્રમણના સમયે પલ્લવ શાસક નરસિંહવર્મન પ્રથમ હતો. તેણે પુલકેશિનને પરિયલ, મણિમંગલ, શૂરમાલ જેવા યુદ્ધોમાં હરવ્યો. પુલકેશિન વાતાપી પરત ફર્યો પરંતુ નરસિંહવર્મને વાતાપી સુધી તેનો પીછો કર્યો અને વાતાપી પર આક્રમણ કર્યું.વાતાપીના આ આક્રમણમાં પુલકેશિન બીજો યુદ્ધ દરમ્યાન માર્યો ગયો અને વાતાપી પર પલ્લવ શાસક નરસિંહવર્મનનો અધિકાર થઈ ગયો. પુલકેશિન બીજો વાતાપીના ચાલુક્ય વંશનો સૌથી શક્તિશાળી શાસક હતો પરંતુ તેનો અંત દુખદ રીતે થયો હતો.

**5) અન્ય શાસકો**

પુલકેશિન બીજાના ઈ.સ.642માં મૃત્યુ પછી વાતાપી પર પલ્લવોનો અધિકાર થઈ ગયો હતો અને વાતાપી પલ્લવોને એક અધિન રાજ્ય થયું હતું. ઈ.સ.655માં પુલકેશિન બીજાના એક પુત્ર વિક્રમાદિત્યએ ગંગ શાસક દુર્વિનિતની સહાયતાથી નરસિંહવર્મન વિરુદ્ધ સફળતા મેળવીને વાતાપી પર પુનઃ અધિકાર મેળવ્યો હતો. વિક્રમાદિત્યના પલ્લવો સાથેના સંઘર્ષમાં જાણવા મળે છે કે તેમનો સંઘર્ષ ત્રણ પલ્લવ શાસકો સાથે થયો હતો. નરસિંહવર્મન પ્રથમ, મહેન્દ્રવર્મન બીજો અને પરમેશ્વરવર્મન પ્રથમ. વિક્રમાદિત્યે પોતાના ભાઈ જયસિંહવર્મન અને ગંગ શાસકોની સહાયતાથી પલ્લવો સાથેના સંઘર્ષોમાં વિજય મેળવી હતી. પલ્લ્વ અભિલેખો જણાવે છે કે ચાલુક્ય-પલ્લવ સંઘર્ષમાં છેલ્લે પરમેશ્વરવર્મને વિક્રમાદિત્યને હરવ્યો હતો. વિક્રમાદિત્યે પાંડ્ય, ચોલ, કલભ્ર અને કેરલો વિરુદ્ધ સફળતા મેળવી હતી. વિક્રમાદિત્ય પછી તેમનો પુત્ર વિનયાદિત્ય શાસક બન્યો. તેણે વિક્રમાદિત્યની હારનો બદલો પલ્લવો વિરુદ્ધ વિજય મેળવીને લીધો હતો. ચાલુક્ય અભિલેખોથી જાણવા મળે છે કે તેણે પલ્લવો, કલભ્રો, હૈહય, માલવ, ચોલ, પાણ્ડ્યો વિરુદ્ધ સફળ અભિયાન કર્યા હતા. તેના પછી તેનો પુત્ર વિજયાદિત્ય શાસક બન્યો.તેણે કાંચી પર આક્રમણ કરવા માટે પોતાના પુત્ર વિક્રમાદિત્ય બીજાને મોકલ્યો હતો જેણે પરમેશ્વરવર્મન બીજાને હરાવ્યો હતો. વિજયાદિત્યે પટ્ટદકલમાં વિશાલ શિવમંદિરનું નિર્માણ કરાવ્યું હતું. તેણે સમસ્ત ભવનાશ્રય, ભટ્ટારક, સત્યાશ્રય જેવી ઉપાધિઓ ધારણ કરી હતી. વિજયાદિત્ય પછી તેનો પુત્ર વિક્રમાદિત્ય બીજો શાસક બન્યો. તેના સમયમાં પ્રથમ વર્ષે જ આરબોનું આક્રમણ થયું હતું. આરબોએ પશ્ચિમી પ્રદેશપરવિજય મેળવીને દક્ષિણ તરફ આક્રમણ કર્યું હતું. ત્યારે નવસારી પ્રદેશમાં તેમના સામન્ત પુલકેશિન દ્વારા આ આક્રમણનો સફળ પ્રતિરોધ કરવામાં આવ્યો હતો. વિક્રમાદિત્યે પુલકેશિનની આ સફળતાના લીધે તને અવનિજનાશ્રયની ઉપાધિ આપી

*હતી. વિક્રમાદિત્ય બીજાના પલ્લવ સાથેના સંઘર્ષમાં પણ સફળતા મેળવી હતી. પલ્લવ શાસક નન્દિવર્મા બીજાને પરાસ્ત કર કાંચી પર અધિકાર મેળવ્યો અને કાંચીકોણ્ડની ઉપાધિ ધારણ કરી હતી. વિક્રમાદિત્ય બીજાએ પોતાના રાજ્યકાળ દરમ્યાન ત્રણ વાર પલ્લવોને હરવ્યો હતો. વિક્રમાદિત્યની રાણી લોકમહાદેવીએ પ્રસિદ્ધ વિરૂપાક્ષ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. તેની બીજી  ત્રૈલોક્યમહાદેવીએ ત્રેલોકેશ્વર મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. વિક્રમાદિત્ય બીજાએ વલ્લભ, દુર્જય, મહારાજાધિરાજ, શ્રીપૃથ્વીવલ્લભ, પરમેશ્વર જેવી ઉપાંધિઓ ધારણ કરી હતી. તેમના પછી તેમનો પુત્ર કીર્તિવર્મન બીજો વાતાપીના ચાલુક્ય વંશનો શાસક બન્યો હતો. કીર્તિવર્મન બીજો વાતાપીના ચાલુક્ય વંશનો અંતિમશાસક હતો. તેના સમયમાં તેના સમકાલીન રાષ્ટ્રકૂટ સામન્ત દન્તુદુર્ગે પલ્લવ શાસક નન્દિવર્મન બીજાની સહાયતાથી કીર્તિવર્મન બીજાને હરવ્યો હતો. કીર્તિવર્મન બીજા દ્વારા રાજ્ય ફરી મેળવવા માટેનો સંઘર્ષ અસફળ રહ્યો હતો અને તે રાષ્ટ્રકૂટ શાસક કૃષ્ણ ત્રીજા સાથે સંઘર્ષમાં માર્યો ગયો. તેના પછી વાતાપીના ચાલુક્ય રાજ્ય પર રાષ્ટ્રકૂટોની સત્તા પ્રવર્તી અને વાતાપીના ચાલુક્ય વંશનો અંત થયો.*

## 2.3 પલ્લવ વંશ

*ઈ.સ. ચૌથી સદીથી દસમી સદી સુધીના સમયગાળા દરમ્યાન દક્ષિણ ભારતમાં જે પ્રમુખ રાજકીય સત્તાઓ હતી તેમાં પલ્લાવોનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે. પ્રાચીન કાલની દક્ષિણ ભારતની ત્રણ પરમ્પરાગત સત્તાઓમાં પલ્લવોનો ઉલ્લેખ નથી. પરંતુ સંગમ યુગ પછીના ઈતિહાસમાં પલ્લવોનો ઉલ્લેખ મળવાનો શરૂ થાય છે અને છઠ્ઠી સદી પછી તેમનું પ્રભુત્વ સમસ્ત દક્ષિણ અને દક્ષિણાપથ પર જોવા મળે છે. પલ્લવોના સમયમાં જ તેમના દક્ષિણમાં પરવર્તી ચોલવંશની સત્તા પ્રસરી હતી, તેમના ઉત્તરમાં વાતાપીના ચાલુક્યો અને માન્યખટના રાષ્ટ્રકૂટો હતા. ઈ.સ.છઠ્ઠી સદી પછીના દક્ષિણ ભારતના ઈતિહાસમાં જે રાજકીય અને સાસ્કૃતિક પરિવર્તનો જોવાં મળે છે તેમાં પલ્લવોનું મહત્ત્વનું યોગદાન છે. પલ્લવોના રાજ્યનું પાટનગર કાંચી હતું. એટલે તેમને કાંચીના પલ્લવો તરીકે પણ ઓળખવામાં આવે છે.*

### 2.3.1 પલ્લવ વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો

*પલ્લવોનો ઈતિહાસ જાણવા માટે સમકાલીન પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનો મળે છે. ઉપરાન્ત વિદેશી યાત્રીઓનાં વિવરણો પણ મળે છે જે પલ્લવોનો ઈતિહાસ જાણવા માટે મહત્ત્વનાં છે. પલ્લવોનો ઈતિહાસ જાણવા માટે સૌથી મહત્ત્વના સાધનો પુરાવસ્તુકીય સાધનો છે જેમાં અભિલેખો અને મંદિરો સૌથી મહત્ત્વનાં છે. શિવસ્કન્દવર્મનનો મેજવોલુ અને હીરહડગલ્લીના લેખો પલ્લવોનો પ્રારમ્ભિક ઈતિહાસ જાણવા માટે મહત્ત્વનાં છે. કુમારવિષ્ણુ બીજાના કેન્દલૂર દાનપત્ર અને નન્દિવર્મનના ઉતયેન્દિરમ દાનપત્ર પણ મહત્ત્વનાં છે. ઉપરાંત ચાલુક્યો, રાષ્ટ્રકૂટો અને ચોલોના અભિલેખો પણ પલ્લવ વંશનો ઈતિહાસ જાણવા માટે મહત્ત્વનાં છે. પલ્લવ શાસકોનો કાળ દક્ષિણ ભારતમાં કલા અને સ્થાપત્યના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ રહ્યો છે. આ સમયમાં*

*બનેલા વિભિન્ન મંદિરો પણ પલ્લવોનો ઈતિહાસ જાણવાનાંમહત્ત્વનાં પુરાવસ્તુકીય સાધનો છે. પલ્લવ શાસકોના સમયકાલમાં બનેલા મંદિરો દ્રવિડ઼ શૈલીના મુખ્ય મંદિરો છે. ઈતિહાસકાર પર્સી બ્રાઉન પલ્લવોની સ્થાપત્ય શૈલીને ચાર શાસકોના સમય દરમ્યાન બનેલા મંદિરોમાં વિભક્ત કરે છે. જેમાં મહેન્દ્રવર્મન પ્રથમના સમયની શૈલી મહેન્દ્રશલી, નરસિંહવર્મન પ્રથમના સમયની શૈલી મામલ્લ શૈલી, નરસિંહવર્મન બીજાના સમયની શૈલી રાજસિંહ શૈલી અને તેના પછી નિર્મિત મંદિરોની શૈલી નન્દિવર્મન શૈલી. આમ આ ચાર પ્રકારની શૈલીનાં મંદિરો પલ્લવોના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આર્થિક ઈતિહાસ જાણવા માટે મહત્ત્વનાં સાધનો છે. પુરાવસ્તુકીય સાધનો ઉપરાંત કેટલાંક સાહિત્યિક સાધનો પણ પલ્લવોનો ઈતિહાસ જાણવા માટે મહત્ત્વના છે. સોઢ્ઢલ કૃત અવન્તિસુન્દરી કથા, મહેન્દ્રવર્મન પ્રથમ કૃત મત્તવિલાસ પ્રહસન, તમિલ ગ્રન્થ નન્દિક્કલમ્બકમ, જૈન ગ્રન્થ લોકવિભાગ, બૌદ્ધગ્રન્થ મહાવંશ અને હ્યુનસાંગનાં વિવરણો પણ પલ્લવોના ઈતિહાસ માટે મહત્ત્વપૂર્ણ સાહિત્યિક સામગ્રી છે.*

### 2.3.2 પલ્લવોની ઉત્પત્તિ

*પલ્લવોની ઉત્પત્તિના સંદર્ભમાં ઈતિહાસકારોમાં ઘણા મતભેદ છે. સંગમ સાહિત્યમાં પ્રત્યક્ષ રીતે પલ્લવોનો ઉલ્લેખ મળતો નથી. પલ્લવોના અભિલેખોમાં પણ તેમની ઉત્પત્તિના સંદર્ભમાં સ્પષ્ટ ઉલ્લેખ નથી. એટલે ઈતિહાસકારો બીજા સ્રોતોના સુમેળ અને વ્યાખ્યાઓથી પોતાનાં મંતવ્યો રજૂ કરે છે. પલ્લવોની ઉત્પત્તિના સંદર્ભમાં મુખ્ય ચર્ચાઓ નીચે મુજબ છે –*

- *વિદેશી ઉત્પત્તિ – કાંચીના પલ્લવોની ઉત્પત્તિ મૂલતઃ પાર્થીયન અથવા પહલવોથી થઈ હતી. આ મતને સ્વીકાર કરનાર ઈતિહાસકારોમાં જે.ડુબ્રીલ, બી.એલ. રાઈસ, એસ.એન. અય્યર અને સી.આ. શ્રીનિવાસન છે.વિદેશી ઉત્પત્તિને માનનાર ઈતિહાસકારોનો મત છે કે શક મહાક્ષત્રપ રૂદ્રદામાના પહલવ મંત્રી સુવિશાખ પલ્લવ વંશનો સંસ્થાપક હતો. ઈતિહાસકારો નન્દિવર્મન બીજાની મૂર્તિની સમીક્ષા કરે છે અને આ મૂર્તિમાં ઈંડોગ્રીક શાસક ડેમેટ્રિયસની જેમ જ ગજશીર્ષ મુકુટ છે. પલ્લવોના સિક્કાઓના પૃષ્ઠ ભાગ પર સૂર્ય અને ચન્દ્રની આકૃતિઓ છે જે પાર્થીયન શાસકોના સિક્કાઓ પર પણ છે. પરંતુ પલ્લવોની વિદેશી ઉત્પત્તિનો સિધ્ધાંત કેટલાંક ઈતિહાસકારો સ્વીકાર નથી કરતા. પલ્લવોએ અશ્વમેધયજ્ઞ જેવા વૈદિક યજ્ઞો કરાવ્યા હતા અને એ કોઈ પણ વિદેશી માટે સંભવ નથી. ઉપરાંત પલ્લવોના અભિલેખોમાં પણ તેમના વિદેશી જાતિ સાથે કોઈ પણ રીતે સંબંધોનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉલ્લેખ નથી એટલે વિદેશી ઉત્પત્તિનો સિદ્ધાન્ત સ્વીકારવા કેટલાક ઈતિહાસકારો તૈયાર નથી.*
- *પ્રાચીન તમિલ જનજાતિ અથવા સિંહલી ઉત્પત્તિ – વી.એ.સ્મિથ, રામાસ્વામી આયંગાર અને રસનયગમ મુદાલિયર જેવા ઈતિહાસકારો માને છે કે પલ્લવો મૂલતઃ તમિલ જાતિના અથવા તો સિંહલદ્વીપના હતા. એમના અનુસારે તોંડમણ્ડલમના ચોલ શાસક કિલ્લીવને શ્રીલંકાના મણિપલ્લવ શાસકની નાગવંશી કન્યા સાથે લગ્ન કર્યા*

*હતા અને તેમનો પુત્ર ટોણ્ડેમાન ઈલાન્તિરૈયન થયો. એ ઈલાન્તિરૈયન તોંડલમનો શાસક બન્યો જેણે કાંચીને પોતાનું પાટનગર બનાવ્યું અને પોતાની માતાના નામે આ રાજ્યનું નામ રાખ્યું. મણિપલ્લવ. સમય જતા આ શબ્દમાંથી મણિ શબ્દ લુપ્ત થઈ ગયો અને પલ્લવ શબ્દ રહી ગયો. આ કથા માટે તેઓ સંગમસાહિત્યના પ્રમુખ ગ્રન્થ મણિમૈખલેનો પણ ઉલ્લેખ કરે છે.*

- *ભારતીય ઉત્પત્તિ – ઈતિહાસકાર કે.પી.જાયસવાલ, નીલકણ્ઠ શાસ્ત્રી, એસ.કે. આયંગાર, આર. ગોપાલન, એન. સુબ્રમણ્યમ, દિનેશચન્દ્ર સરકાર, એલેક્ઝેંડર રે, ટી.વી. મહાલિંગમ, બલરામ શ્રીવાસ્તવ જેવા ઈતિહાસકારો સ્પષ્ટ રૂપે માને છે કે પલ્લવો ભારતીય મૂળના જ હતા. જાયસવાલ પલ્લવોને વાકાટકોની જ એક ઉપશાખા માને છે. આર.ગોપાલન પલ્લવોને આન્ધ્રના નિવાસી માને છે. દિનેશચન્દ્ર સરકાર પલ્લવોને તોડમણ્ડલમ પ્રદેશના મૂળનિવાસી માને છે જે અશોકના સામ્રાજ્યનો દક્ષિણી પ્રાન્ત હતો. નીલકણ્ઠ શાસ્ત્રી પલ્લવોને ઉત્તર ભારતના નિવાસી માને છે. એલેક્ઝેંડર રે માને છે કે પલ્લવ શબ્દ તમિલ ભાષાના પાલઅવિલ શબ્દનો અપભ્રંશ છે. પાલઅવિલનો અર્થ છે દુગ્ધ-દોહન અર્થાત પશુપાલક. પલ્લવ અભિલેખોમાં પલ્લવોને ભારદ્વાજ ગૌત્રના બ્રાહ્મણ અને અશ્વત્થામાના વંશજ બતાવવામાં આવ્યા છે. તાલગુણ્ડ અભિલેખમાં પલ્લવોને ક્ષત્રીય કુળના બતાવવામાં આવ્યા છે.*

### 2.3.3 પ્રારંભિક ઈતિહાસ

*પલ્લવોના પ્રારંભિકઈતિહાસ માટે ત્રણ તામ્રલેખો મહત્ત્વના છે – ગુન્ટૂર જિલ્લાના મયિડવોલુનું તામ્રપત્ર, હીરહડગલ્લીનું તામ્રપત્ર અને ગુન્ટૂરથી જ મળેલ રાની ચારૂદેવીનું તામ્રપત્ર. આ લેખોમાં બપ્પદેવ, શિવસ્કન્દવર્મન અને વીરવર્મન નામક શાસકોનો ઉલ્લેખ છે. આ લેખોના પહેલા પણ અશોકના શિલાલેખોમાં વર્ણિત પુલિન્દ અથવા પલન્દ નામને ઈતિહાસકારો પલ્લવ તરીકે ગણે છે. હરિષેણની પ્રયાગ પ્રશસ્તિમાં કાંચીના શાસક તરીકે વિષ્ણુગોપનો ઉલ્લેખ થયો છે. પલ્લવોના પ્રારંભિક અભિલેખ પ્રાકૃત અને સંસ્કૃતમાં છે જેનાથી ઈતિહાસકારો અંદાજ લગાવે છે કે પલ્લવો શરૂઆતમાં સાતવાહનોના અધીન સામંતોની જેમ રાજ કરતા હતા અને પછીના સમયમાં પોતાની સ્થિતિ સુધારીને તોંડમંડલમ ક્ષેત્ર પર પોતાનું સ્વતન્ત્ર રાજ્ય બનાવ્યું. પ્રાકૃત ભાષાના તામ્રલેખોમાં સિંહવર્માનો પ્રથમ શાસક તરીકે ઉલ્લેખ થયો છે. હીરહડગલ્લી અભિલેખથી જાણવા મળે છે કે ચોથી સદીમાં શિવસ્કન્દવર્મા પ્રમુખ શાસક હતો જેમણે ધર્મમહારાજની ઉપાધિ ધારણ કરી હતી અને અશ્વમેધ, વાજપેય જેવા યજ્ઞો કરાવ્યા હતા. પ્રયાગ પ્રશસ્તિમાં ઉલ્લેખિત કાંચીના શાસક વિષ્ણુગોપ પછી લગભગ આઠ રાજાઓનો ઉલ્લેખ થયો છે જેના પછી સિંહવર્મન (ઈ.સ. 550-575) ઉલ્લેખ થાય છે. તેના પછી તેનો પુત્ર સિંહવિષ્ણુ પલ્લવ વંશનો પ્રથમ મહાન શાસક હતો. સિહંવિષ્ણુ પછી કાંચીના પલ્લવોનો ઉત્કર્ષ થાય છે.*

**2.3.4 પલ્લવ શાસકો**

1. *સિંહવર્મન (ઈ.સ.* 550-575*)*
2. *સિંહવિષ્ણુ (ઈ.સ.* 575-600*)*
3. *મહેન્દ્રવર્મન પ્રથમ (ઈ.સ.* 600-630*)*
4. *નરસિંહવર્મન પ્રથમ (ઈ.સ.* 630-668*)*
5. *મહેન્દ્રવર્મન દ્વિતીય (ઈ.સ.* 668-670*)*
6. *પરમેશ્વરવર્મન પ્રથમ (ઈ.સ.* 670-700*)*
7. *નરસિંહવર્મન દ્વિતીય (ઈ.સ.* 700-720*)*
8. *પરમેશ્વરવર્મન દ્વિતીય (ઈ.સ.* 720-730*)*
9. *નન્દિવર્મન દ્વિતીય (ઈ.સ.* 730-800*)*
10. *દન્તિવર્મન (ઈ.સ.* 800-846*)*
11. *નન્દિવર્મન તૃતીય (ઈ.સ.* 846-869*)*
12. *નૃપતુંગવર્મન (ઈ.સ.* 869-880*)*
13. *અપરાજિત (ઈ.સ.* 880-903*)*
14. *નન્દિવર્મન ચતુર્થ (ઈ.સ.* 904-926*)*
15. *કમ્પવર્મા (ઈ.સ.* 948-980*)*

**2.3.5 પલ્લવ શાસકોની સિદ્ધિઓ**

1) **સિંહવિષ્ણુ**

*સિંહવર્મનનો પુત્ર સિંહવિષ્ણુ પ્રથમ મહાન પલ્લવ શાસક હતો. સિંહવિષ્ણુએ કલભ્ર, ચોલ, પાણ્ડ્ય તથા સિંહલ શાસકોને પરાજિત કર્યા હતા. સિંહવિષ્ણુના વિજયોના પરિણામસ્વરૂપ પલ્લવ રાજ્યની સીમાઓ કાવેરી નદી સુધી પહોંચી ગઈ હતી. તેમણે અવનિસિંહની ઉપાધિ ધારણ કરી હતી. સિંહવિષ્ણુ વૈષ્ણવ હતો અને તેમણે મામલ્લપુરમમાં વારાહ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. કિરાતાર્જુનિયમ મહાકાવ્યનો રચયિતા સંસ્કૃતનો વિદ્વાન ભારવિ તેના દરબારમાં હતો.*

**2) મહેન્દ્રવર્મન પ્રથમ**

*સિંહવિષ્ણુના પછી તેનો પુત્ર મહેન્દ્રવર્મન પ્રથમ શાસક બન્યો. મહેન્દ્રવર્મનના સમયમાં પલ્લવોનો વાતાપીના ચાલુક્યો સાથે સંઘર્ષ શરૂ થયો હતો. તેમના સમયમાં વાતાપીના ચાલુક્ય શાસક પુલકેશિન બીજાએ કાંચી પર આક્રમણ કર્યું હતું. આ આક્રમણમાં પલ્લવોની હાર થઈ પરંતુ મહેન્દ્રવર્મન કાંચીને સુરક્ષિત કરવામાં સફળ થયો પરંતુ ચાલુક્યો સાથે એ સંઘર્ષ ભવિષ્યમાં પણ ચાલતો રહ્યો. મહેન્દ્રવર્મને શરૂઆતમાં જૈન ધર્મ સ્વીકાર્યો હતો પરંતુ શૈવ સંત અપ્પરના પ્રભાવના લીધે જૈન ધર્મ ત્યાગ કરીને શૈવ ધર્મ અપનાવ્યો. મહેન્દ્રવર્મન પ્રથમે બ્રાહ્મણ ધર્મના સંપ્રદાયો પ્રત્યે સહિષ્ણુતાની નીતિ અપનાવી હતી. તેણે દક્ષિણ ભારતમાં દરી-મંદિર બનાવવાની પ્રથાની શરૂઆત કરી હતી.*

*એવાં મંદિરો ત્રિમુખી સ્તંભનાં  હોય છે. એવા દરી-મંદિર દલવનુર, પલ્લવરમ, સિય્યમંગલમ, વલ્લમ વગેરે સ્થળો પર મળ્યાં છે. મહેન્દ્રવર્મન પ્રથમે મત્તવિલાસપ્રહસન અને ભગવદજ્જુકીયમ નામક ગ્રન્થોની રચના કરી હતી. તેણે સંગીતની શિક્ષા પણ પ્રાપ્ત કરી હતી. પ્રસિદ્ધ સંગિતજ્ઞ રૂદ્રાચાર્ય તેમના ગુરુ હતા. મહેન્દ્રવર્મન પ્રથમે મત્તવિલાસ, વિચિત્રચિત્ત, ગુણભાર, શત્રુમલ્લની ઉપાધિ ધારણ કરી હતી.*

### 3) નરસિંહવર્મન પ્રથમ

*નરસિંહવર્મન પ્રથમ મહેન્દ્રવર્મન પ્રથમનો પુત્ર હતો. નરસિંહવર્મન પ્રથમ પલ્લવ વંશનો સૌથી શક્તિશાળી શાસક હતો. મહેન્દ્રવર્મનના સમયમાં પુલકેશિન દ્વારા પલ્લવોના રાજ્યનો એક વિસ્તૃત પ્રદેશ લઈ લેવામાં આવ્યો હતો. નરસિંહવર્મન પ્રથમે પુલકેશિન બીજાના પાટનગર વાતાપી પર આક્રમણ કર્યું. આ આક્રમણમાં પુલકેશિન બીજાનું મૃત્યુ થયું અને વાતાપી પર પલ્લવોનો અધિકાર થઈ ગયો. આ વિજયના ઉપલક્ષમાં નરસિંહવર્મન પ્રથમે વાતાપીકોણ્ડની ઉપાધિ ધારણ કરી હતી. આ યુદ્ધમાં શ્રીલંકાના રાજકુમાર માનવવર્માએ નરસિંહવર્મનની સહાયતા કરી હતી. શ્રીલંકાના રાજકુમાર માનવવર્માને રાજગાદી અપાવવા માટે નરસિંહવર્મન પ્રથમ પોતાની સૈના મોકલી હતી જેની સહાયતાથી માનવવર્મા શ્રીલંકાનો શાસક બન્યો. પરંતુ નરસિંહવર્મનની સેનાના પરત ફરતા જ હત્થદત્થ દ્વારા પોત્થકુત્થની સહાયતાથી માનવવર્માને પદચ્યુત કરવામાં આવ્યો હતો. આ. સૂચના મળતા જ નરસિંહવર્મને ફરીથી એક વિશાળ સેના મોકલી અને મહાબલીપુરમ સુધી પોતે ગયો હતો. નરસિંહવર્મનનું આ અભિયાન પણ પૂર્ણરૂપે સફળ રહ્યું હતું. નરસિંહવર્મન એક વિજેતા હતો પરંતુ તેઓ એક મહાન નિર્માતા પણ હતો. તેણે મહાબલીપુરમમાં એકાશ્મ રથોનું નિર્માણ કરાવ્યું હતું. તેમણે મહામલ્લપુરમ નામક નગરની સ્થાપના કરી હતી. તેમના સમયમાં ચીની યાત્રી હ્યુંનસાંગ કાંચીની મુલાકાત લીધી હતી. નરસિંહવર્મન પ્રથમના મૃત્યુ પછી તેના પુત્ર મહેન્દ્રવર્મન બીજો શાસક બન્યો. તેનું શાસન બે વર્ષનું જ રહ્યું હતું.*

### 4) પરમેશ્વરવર્મન પ્રથમ

*મહેન્દ્રવર્મન બીજા પછી તેમનો પુત્ર પરમેશ્વરવર્મન પ્રથમ ગાદીએ આવ્યો. તેના સમયમાં પલ્લવ-ચાલુક્ય સંઘર્ષ ફરીથી શરૂ થઈ ગયો હતો. ચાલુક્ય શાસક વિક્રમાદિત્યે પરમેશ્વરવર્મન પ્રથમને હરાવ્યો હતો અને પરમેશ્વરવર્મનને ત્યાંથી ભાગવા માટે મજબૂર કર્યો હતો. એક લાંબા સંઘર્ષ પછી પરમેશ્વરવર્મને ચાલુક્ય રાજકુમારો વિનયાદિત્ય અને વિજયાદિત્યને હરાવીને પોતાનું રાજ્ય ફરીથી મેળવવું હતું. પરમેશ્વરવર્મન પ્રથમ શૈવ ધર્મનો અનુયાયી હતો. તેમણે લોકાદિત્ય,એકમલ્લ, રણંજય, અત્યન્તકામ, ઉગ્રદણ્ડ, વિદ્યાવિનીત જેવી ઉપાધિઓ ગ્રહણ કરી હતી.*

### 5) નરસિંહવર્મન બીજો

*પરમેશ્વરવર્મન પ્રથમ પછી તેનો પુત્ર નરસિંહવર્મન બીજો શાસક બન્યો. તેના સમયમાં પલ્લવ-ચાલુક્ય સંઘર્ષમાં વિરામ આવ્યો. તેના સમયમાં કલા અને સ્થાપત્યનો ઘણો વિકાસ થયો હતો. તેણે કાંચીમાં કૈલાશનાથ મંદિર અને મહાબલીપુરમમાં શોર મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. તેણે ચીની અને બૌદ્ધ યાત્રીઓ માટે નાગપટ્ટમમાં બૌદ્ધ વિહારની સ્થાપના પણ કરાવી હતી. તેના સમયમાં દરિયાઈ વેપારમાં પ્રગતિ થઈ હતી. કાવ્યાદર્શ અને દશકુમારચરિતના રચયિતા મહાકવિ દંડી તેના દરબારનો સભ્ય હતા. નરસિંહવર્મન બીજા પછી તેનો પુત્ર પરમેશ્વરવર્મન બીજો શાસક બન્યો. તેના સમયમાં ચાલુક્ય વિક્રમાદિત્યે ગંગ શાસક શ્રીપુરુષની સહાયતાથી કાંચી પર આક્રમણ કર્યું. આ યુદ્ધમાં પરમેશ્વરવર્મન બીજો માર્યો ગયો. પરમેશ્વરવર્મન બીજો સિંહવિષ્ણુની વંશ પરમ્પરાનો અંતિમ શાસક હતો.*

### 6) નન્દિવર્મન બીજો

*પરમેશ્વરવર્મનના અચાનક થયેલા મૃત્યુના લીધે ઉત્તરાધિકારી માટે સિંહવિષ્ણુના ભાઈ ભીમવર્માના વંશજ હિરણ્યવર્માના પુત્ર નન્દિવર્મા બીજાને લોકોએ પલ્લવ રાજ્યનો શાસક બનાવ્યો. નન્દિવર્મન બીજાનો સંઘર્ષ પાણ્ડ્ય નરેશ રાજસિંહ પ્રથમ સાથે થયો. રાજસિંહે નન્દિવર્મનને હરાવ્યો અને નન્દિપુરના કિલ્લામાં કેદ કર્યો. નન્દિવર્મનના સૈનાપતિ ઉદયચન્દ્રે પાણ્ડ્ય સેનાઓને હરાવીને નન્દિવર્મનને મુક્ત કરાવ્યો. ત્યાર પછી નન્દિવર્મનનો સંઘર્ષ રાષ્ટ્રકૂટ નરેશ દન્તિદુર્ગ સાથે થયો. દન્તિદુર્ગે નન્દિવર્મનને હરાવ્યો પરંતુ પછી બન્નેમાં સંધિ થઈ અને દન્તિદુર્ગે પોતાની પુત્રી રેવાના લગ્ન નન્દિવર્મન સાથે કર્યા. નન્દિવર્મન વૈષ્ણવ મતનો અનુયાયી હતો. તેણે કાંચીમાં મુક્તેશ્વર અને બૈકુણ્ટ પેરૂમલ મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. પ્રસિદ્ધ વૈષ્ણવ સંત તરૂમંગઈ તેના સમકાલીન હતા. નન્દિવર્મન બીજા પછી તેનો પુત્ર દન્તિવર્મન શાસક બન્યો. તેના સમયમાં પલ્લવોના રાષ્ટ્રકૂટો સાથે સંબંધ ખરાબ થઈ ગયા હતા. રાષ્ટ્રકૂટ શાસક ગોવિન્દ ત્રીજાએ દન્તિવર્મન પર આક્રમણ કયું અને પલ્લવ રાજ્ય પર અધિકાર મેળવ્યો હતો. ત્યાર પછી દન્તિવર્મને રાષ્ટ્રકૂટોને અધીન શાસકની જેમ રાજ કર્યું હતું. પાણ્ડ્ય નરેશ વરગુણ પ્રથમ અને તેના પુત્ર શ્રીમારે પણ દન્તિવર્મનના રાજ્ય પર આક્રમણ કર્યું અને કેટલાંક વિસ્તારો પર પોતાનો અધિકાર કર્યો હતો.*

### 7) નન્દિવર્મન ત્રીજો

*દન્તિવર્મનના મૃત્યુ પછી તેમનો પુત્ર નન્દિવર્મન ત્રીજો શાસક બન્યો. પાણ્ડ્ય શાસક શ્રીમાર સાથે સંઘર્ષ માટે ચોલ અને રાષ્ટ્રકૂટો સાથે સંધિ કરી અને વાણ્ડીવાશના નજીક તેલ્લૂરના યુદ્ધમાં પાણ્ડ્ય શાસકને પરાજય આપ્યો. ગંગ શાસકોએ પણ નન્દિવર્મન ત્રીજાની અધીનતા સ્વીકારી હતી. રાષ્ટ્રકૂટ નરેશ અમોઘવર્ષે પોતાની પુત્રી શંખાના લગ્ન*

*નન્દિવર્મન ત્રીજા સાથે કર્યાં હતા. નન્દિવર્મન ત્રીજાના દરબારમાં તમિલના પ્રસિદ્ધ કવિ પરૂન્દેવનાર નિવાસ કરતા હતા જેમણે તમિલ કાવ્ય નન્દિક્કલમ્બકમની રચના કરી હતી.*

**8) અન્ય શાસકો**

*નન્દિવર્મન ત્રીજા પછી તેમનો પુત્ર નૃપતુંગવર્મન શાસક બન્યો. તેમણે પાણ્ડ્યોને અને વાણ રાજવંશના શાસકોને પરાજિત કર્યા હતા. એમના સમયમાં એમના સૌતેલા ભાઈ અપરાજિતે વિદ્રોહ કર્યો હતો. ચોલ અને ગંગ શાસકોએ અપરાજિતની સહાયતા કરી હતી અને પાણ્ડ્ય શાસકે નૃપતુંગવર્મનની. ઉત્તરાધિકાર માટે થયેલા આ યુદ્ધમાં અપરાજિતની જીત થઈ હતી. અપરાજિત અંતિમ મહત્ત્વપૂર્ણ પલ્લવ શાસક હતો. ચોલ શાસક આદિત્ય પ્રથમે પલ્લવોની કમજોર સ્થિતિનો લાભ લઈ તોડમણ્ડલમ પર અધિકાર મેળવ્યો અને અપરાજિતને હરાવ્યો. અપરાજિત પછી નન્દિવર્મન ચોથો અને કમ્પવર્માનાં નામો મળે છે. ઈ.સ.980માં કમ્પવર્માના મૃત્યુ પછી કાયમ માટે પલ્લવ રાજ્ય પર ચોલ શાસકોનો અધિકાર થઈ ગયો અને પલ્લવ વંશનો અંત થયો.*

## 2.4 ચૌલ વંશ

*દક્ષિણ ભારતના સૌથી પ્રાચીન ત્રણ રાજ્યોમાંથી એક રાજ્ય ચોલ હતું. સંગમ સાહિત્યમાં ત્રણ પ્રમુખ રાજ્યોમાં ચેર, પાણ્ડ્ય અને ચોલ રાજ્યનો ઉલ્લેખ છે. લગભગ ઈ.સ.પૂ. બીજી સદીથી ઈ.સ.ની ત્રીજી સદી સુધીના આ સમયગાળા દરમ્યાન સંગમ સાહિત્યમાં ચોલ રાજ્યનો ઉલ્લેખ આવે છે. ઈ.સ. ત્રીજી સદી પછી તેમનો ઈતિહાસ અંધકારમય થઈ જાય છે. પછી નવમી સદીમાં ચોલ શાસકોનો ઉલ્લેખ મળે છે. આ વચ્ચેના સમયનો ચોલોનો ઈતિહાસ અંધકારમય છે. એટલે નવમી સદી પછી જે ચોલ રાજ્ય વિકસિત થયું તેમને પરવર્તી ચોલ પણ કહેવામાં આવે છે.*

### 2.4.1 ચૌલ વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો

*ચોલ વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનોમાં સાહિત્યિક, પુરાવસ્તુકીય અને વિદેશી મુસાફરોનાં વિવરણો મહત્ત્વના સાધનો છે.*

**I. સાહિત્યિક સાધનો -**

*સંગમ સાહિત્ય દ્વારા પ્રારંભિક ચોલ શાસક કરિકાલ વિશે વિસ્તૃત માહિતી મળે છે. જયન્ગોંડાર કૃત કલિંગતુપરણીમાં કુલોત્તુંગ દ્વારા કલિંગ વિજયની માહિતી મળે છે. ઓટ્ટકુટ્ટમ દ્વારા રચિત ઉલાઓમાં વિક્રમચોલ, કુલોત્તુંગ બીજા અને રાજરાજ બીજા વિશેની ઐતિહાસિક માહિતી મળે છે. શેક્કિલાર દ્વારા રચિત પરીયપુરાણમમાં કુલોત્તુંગ બીજા વિશેની જાણકારી મળે છે. બુધમિત્ર દ્વારા રચિત વીરશોલિયમ્માં વીર રાજેન્દ્ર વિશેની માહિતી મળે છે. બૌદ્ધગ્રંથ મહાવંશમાં પરાન્તકની પાણ્ડ્ય વિજય અને રાજેન્દ્રપ્રથમની લંકા વિજયની માહિતી મળે છે.*

**II. અભિલેખો**

*ચોલ શાસકોના અભિલેખો સંસ્કૃત, તમિલ, તેલુગુ અને કન્નડ઼ ભાષામાં મળે છે. વિજયાલય* (859-871) *પછીના ચોલ શાસકોનો ઈતિહાસ અભિલેખો દ્વારા જ પ્રાપ્ત થાય છે. રાજરાજ પ્રથમના લેડન દાનપત્ર અને તંજોર મંદિરના લેખમાં ચોલ વંશની મહત્ત્વપૂર્ણ માહિતી મળે છે. રાજેન્દ્ર પ્રથમના તિરૂવાલંગાડૂ અને કરન્દૈ દાનપત્ર. રાજરાજ ત્રીજાના તિરૂવેન્દિપુરમનો અભિલેખ. રાજાધિરાજ પ્રથમનો મણિમંગલમ અભિલેખમાં તેનાં લંકાવિજય અને ચાલુક્યો સાથેના સંઘર્ષની માહિતી મળે છે.*

**III. સિક્કાઓ**

*ધવલેશ્વરમથી પ્રાપ્ત ચોલ શાસકોના સુવર્ણના સિક્કાઓથી ચોલ વંશ વિશે મહત્ત્વની માહિતી મળે છે. રાજાધિરાજ પ્રથમના સિક્કાઓ લંકાથી પણ મળી આવ્યા છે. દક્ષિણ કિનારાથી રાજાધિરાજ પ્રથમના રજત સિક્કાઓ મળ્યા છે.*

**IV. વિદેશી મુસાફરો**

*ચીની યાત્રી ચાઊ-જૂ-કુઆનાં વિવરણો ચોલ વંશના ઈતિહાસ માટે મહત્ત્વપૂર્ણ છે. પેરીપ્લસ ઑફ એરિથ્રિયન સી નામક ગ્રંથ પણ ચોલોના ઈતિહાસ માટે મહત્ત્વનો ગ્રંથ છે. ટાલેમીનો ગ્રંથ ચોલ શાસકો વિશે કેટલીક માહિતી આપે છે.*

### 2.4.2 ચૌલોની ઉત્પત્તિ

*કેટલાક ઈતિહાસકારો ચોલ શબ્દની ઉત્પત્તિ સંસ્કૃતના ચોર અથવા તમિલના ચોલમ્ અથવા કોલશબ્દથી માને છે. એનાથી એવું લાગે છે કે તેઓ પ્રાચીનકાલમાં આર્યોના આગમનથી પણપહેલા દક્ષિણ ભારતના કૃષ્ણકાય નિવાસી હતા. કેટલાક ઈતિહાસકારો ચોલ શબ્દને તમિલ ધાતુ ચૂડ઼ સાથે જોડે છે. પરંતુ સંગમ સાહિત્યમાં ચોલોને ચેરો અને પાણ્ડ્યો જેટલા જ પ્રાચીન માનવામાં આવ્યા છે. પરવર્તી ચોલોના અભિલેખોમાં તેને સૂર્યવંશ કહેવામાં આવ્યો છે. કાત્યાયનના વ્યાકરણ અને મહાભારતમાં પણ ચોલોનો ઉલ્લેખ થયો છે. અશોકના તેરમાં લેખમાં પણ ચોલોનો ઉલ્લેખ થયો છે. મેગસ્થનીજેના પછીની ઈણ્ડિકા, પેરીપ્લસ અને ટૉલેમીનાં વિવરણોમાં પણ ચોલોનાં નગરો અને બંદરોનો ઉલ્લેખ થયો છે.*

### 2.4.3 ચૌલોનો પ્રારંભિક ઈતિહાસ

*સંગમ સાહિત્યથી જાણવા મળે છે કે બીજી સદીમાં ચોલ વંશમાં કરિકાલ નામક પ્રસિદ્ધ શાસક થયો હતો. તેમણે પોતાના સમકાલીન ચેરો અને પાણ્ડ્યો વિરુદ્ધ વિજય મેળવ્યો હતો. કરિકાલ પછી ચોલોની રાજકીય સત્તાનું પતન થયું. ત્રીજી સદીથી નવમી સદી સુધીનો ચોલ રાજવંશનો ઈતિહાસ લગભગ અજ્ઞાત જેવો છે. આ સમયમાં સમગ્ર દક્ષિણમાં ચાલુક્યો, પલ્લવો અને રાષ્ટ્રકૂટોની સત્તા હતી. ઈતિહાસકારો માને છે કે ચોલવંશના શાસકો આ સમયમાં પલ્લવ નરેશોને અધીન સામંતોની જેમ શાસન કરતા હશે. કાલાંતરમ પલ્લવોના સામંતોનાં રૂપમાં પોતાની સત્તાને મજબૂત કરી અને સ્વતન્ત્ર રાજ્યની સ્થાપના કરી. ચોલ શાસક વિજયાલયે દક્ષિણમાં પાણ્ડ્યોના અધીનસ્થ*

*મુત્તરૈયરોથી તન્જૌરના વિસ્તાર પર અધિકાર કર્યો અને તંજૌરને પોતાના રાજ્યનું પાટનગર બનાવ્યું હતું.*

### 2.4.4 ચૌલ શાસકો

1. *વિજયાલય (ઈ.સ.* 850-871*)*
2. *આદિત્ય પ્રથમ (ઈ.સ.* 871-907*)*
3. *પરાન્તક પ્રથમ (ઈ.સ.* 907-955*)*
4. *ગંગરાદિત્ય*
5. *અરિંજય*
6. *સુન્દર ચોલ (પરાન્તક બીજો)*
7. *રાજરાજ પ્રથમ (ઈ.સ.* 985-1014)
8. *રાજેન્દ્ર પ્રથમ (ઈ.સ.* 1044-1044*)*
9. *રાજાધિરાજ પ્રથમ (ઈ.સ.* 1044-1052*)*
10. *રાજેન્દ્ર બીજો (ઈ.સ.* 1052-1064*)*
11. *વીર રાજેન્દ્ર (ઈ.સ.* 1064-1070)
12. *અધિરાજેન્દ્ર (ઈ.સ.* 1070*)*
13. *કુલોત્તુંગ પ્રથમ (ઈ.સ.* 1070-1120*)*
14. *વિક્રમ ચોલ (ઈ.સ.* 1120-1133*)*
15. *કુલોત્તુંગ બીજો (ઈ.સ.* 1133-1150*)*
16. *રાજરાજ બીજો (ઈ.સ.* 1150-1173*)*
17. *રાજાધિરાજ બીજો (ઈ.સ.* 1173-1178*)*
18. *કુલોત્તુંગ ત્રીજો (ઈ.સ.* 1178-1218*)*
19. *રાજરાજ ત્રીજો (ઈ.સ.* 1218-1256*)*
20. *રાજેન્દ્ર ત્રીજો (ઈ.સ.* 1256-1279*)*

### 2.4.5 ચૌલ શાસકોની સિદ્ધિઓ

#### I. પ્રારમ્ભિક ચોલ શાસકો

*વિજયાલય દ્વારા તંજૌર પર અધિકાર કર્યા પછી પણ તેઓ પલ્લવોને અધીન સામંત હતો. વિજયાલયના મૃત્યુ પછી તેનો પુત્ર આદિત્ય પ્રથમ ગાદીએ આવ્યો. તેના સમયમાં પાણ્ડ્ય નરેશ વરગુણવર્મન બીજાએ ચોલો પર આક્રમણ કરેલું ત્યારે પલ્લવ નરેશ નૃપતુંગવર્મન હતો. તેણે પોતાના ચોલ સામંતની મદદ કરી અને શ્રીપુરમ્બિયમના યુદ્ધમાં પાણ્ડ્યોની હાર થઈ. આ વિજયથી આદિત્ય પ્રથમની પ્રતિષ્ઠામાં વધારો થયો. પલ્લવોના ઉત્તરાધિકાર માટેના આંતરિક સંઘર્ષોનો લાભ આદિત્ય પ્રથમે ઉઠાવ્યો અને પલ્લવ નરેશ અપરાજિત વિરુદ્ધ વિદ્રોહ કર્યો અને તોંડમણ્ડલમ પર આક્રમણ કર્યું. આ યુદ્ધમાં પલ્લવ નરેશ અપરાજિતની હાર થઈ અને તેનું મૃત્યુ થયું. પલ્લવ રાજ્ય પર આદિત્ય પ્રથમનો અધિકાર થઈ ગયો. આ વિજય મેળવ્યા પછી આદિત્ય પ્રથમે પાણ્ડ્ય નરેશ વીર નારાયણને*

પણ હરાવ્યો. ગંગ નરેશ પૃથ્વીપતિ બીજાએ આદિત્ય પ્રથમની અધીનતા સ્વીકારી. આદિત્ય પ્રથમને સ્વતન્ત્ર ચોલ રાજ્યનો સંસ્થાપક ગણી શકાય છે. આદિત્ય પ્રથમ પછી તેનો પુત્ર પરાન્તક પ્રથમ ગાદીએ આવ્યો. પરાન્તક પ્રથમે પાણ્ડ્ય નરેશ મારવર્મન રાજસિંહ બીજાને અને લંકાનરેશ કસ્સપને બેલૂરના યુદ્ધમાં હરાવ્યો અને મદુરૈકૌણ્ડની ઉપાધિ ધારણ કરી હતી. પરાન્તક પ્રથમનો સંઘર્ષ રાષ્ટ્રકૂટો સાથે પણ થયો હતો. રાષ્ટ્રકૂટ નરેશ કૃષ્ણ બીજાએ ચોલ રાજ્ય પર આક્રમણ કર્યું. બલ્લાલ નામક સ્થળ પર થયેલા આ યુદ્ધમાં કૃષ્ણ બીજાની હાર થઈ. પરંતુ જ્યારે કૃષ્ણ ત્રીજો રાષ્ટ્રકૂટ શાસક બન્યો ત્યારે ગંગ, બાણ અને વૈદુમ્બોની સહાયતા મેળવીને તેણે પરાન્તક પર આક્રમણ કર્યું. ઈ.સ.949માં થયેલા તક્કોલમના આ યુદ્ધમાં ચોલોની હાર થઈ અને ચોલોના રાજ્યને ઘણુંબધું નુકસાન થયું. પરાન્તક પ્રથમ પછીના ત્રીસ વર્ષમાં ત્રણ શાસકો થયા – ગંગરાદિત્ય, અરિંજય અને સુન્દર ચોલ. સુન્દર ચોલના સમયમાં ટોડમણ્ડલમ પર પુનઃ ચોલોનો અધિકાર થઈ ગયો હતો.

### II. રાજરાજ પ્રથમ

સુન્દર ચોલનો પુત્ર અરિમોલિવર્મન કે જેણે રાજરાજ ચોલના નામે શાસન કર્યું, તેને ચોલ સામ્રાજ્યનો ખરા અર્થમાં સંસ્થાપક માનવામાં આવે છે. રાજ્યારોહણ પછી રાજરાજ પ્રથમે કેરલ, પાણ્ડ્ય, સિંહલ, ગંગ પ્રદેશ, કલ્યાણીના ચાલુક્યો, વેંગીના ચાલુક્યો પર પોતાનું અધિપત્ય સ્થાપિત કર્યું. કેરલના શાસક રવિવર્માને ત્રિવેન્દ્રમના યુદ્ધમાં હરાવ્યો, ત્યાર પછી પાણ્ડ્ય નરેશ અમરભુજંગને હરાવી મદુરૈ જીત્યું. કેરલ અને પાણ્ડ્ય રાજ્યો સિંહલ રાજ્યના મિત્ર હતા અને સિંહલ રાજ્ય સાથે મળીને ચોલો વિરુદ્ધ સંઘ બનાવ્યું હતું. રાજરાજ પ્રથમે કેરલ અને પાણ્ડ્યોને હરાવ્યા પછી સિંહલ તરફ વળ્યો અને સિંહલ નરેશ મહેન્દ્ર પંચમને હરાવ્યો. સિંહલ રાજ્યમાં અનુરાધાપુર નામક સ્થળ પર પોલોન્નરૂવમાં પોતાનું પાટનગર બનાવ્યું અને તે નામ જનનાથ મંગલમ રાખ્યું. રાજરાજ પ્રથમે નોલમ્બો અને ગંગોને પણ હરાવ્યા. રાજરાજના સમયમાં કલ્યાણીના ચાલુક્ય વંશ પર સત્યાશ્રયનું રાજ હતું. રાજરાજ કલ્યાણીના રાજ્ય પર આક્રમણ કરીને તેમણે પણ હરાવ્યાં. પરંતુ કેટલોક સમય પછી સત્યાશ્રય પોતાનું રાજ્ય પરત મેળવી લીધું હતું. વેંગીના ચાલુક્ય રાજ્યના ઉત્તરાધિકાર માટેના સંઘર્ષનો લાભ રાજરાજ પ્રથમે ઉઠાવ્યો અને ત્યાં ચોડભીમને પરાસ્ત કરી શક્તિવર્મનને વેંગીનો શાસક બનાવ્યો. રાજરાજે પૂર્વમાં કલિંગના રાજ્ય પર પણ વિજય પ્રાપ્ત કર્યો. સૂદૂર પૂર્વમાં માલદીવના રાજ્ય પર પણ રાજરાજ પ્રથમે પોતાના અંતિમ સમય દરમ્યાન વિજય પ્રાપ્તું કર્યો હતો. તેણે ચોલ માર્તણ્ડ, રાજાશ્રય, રાજમાર્ત્તણ્ડ, ચોલેન્દ્રસિંહ જેવી ઉપાધિઓ ધારણ કરી હતી. તેણે તંજૌરમાં રાજરાજેશ્વરના ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

### III. રાજેન્દ્ર પ્રથમ

રાજરાજ પ્રથમના મૃત્યુ પછી તેનો પુત્ર રાજેન્દ્ર પ્રથમ શાસક બન્યો. તેણે પોતાના પિતાની સામ્રાજ્યવાદી નીતિને અનુસરીને પોતાના સામ્રાજ્યનો વિસ્તાર ઉત્તર, દક્ષિણ અને પૂર્વી સમુદ્ર સુધી કર્યો હતો. રાજરાજ પ્રથમે સિંહલ દ્વીપની વિજય તો કરી હતી પરંતુ

સંપૂર્ણ સિંહલ દ્વીપ પર અધિકાર મેળવી શક્યો ન હતો. રાજેન્દ્ર પ્રથમે સિહલ દ્વીપ પર આક્રમણ કર્યું અને મહેન્દ્ર પંચમને બન્દી બનાવ્યો. સંપૂર્ણ સિંહલ દ્વીપ પર ચોલોનો અધિકાર થઈ ગયો. પરંતુ છ માસના સંઘર્ષ પછી મહેન્દ્ર પંચમના પુત્ર કસ્સપે સિંહલના દક્ષિણી વિસ્તાર પર પુનઃ અધિકાર મેળવી લીધો હતો. સિંહલ પછી રાજેન્દ્ર પ્રથમે કેરલ અને પાણ્ડ્ય રાજ્યો પર આક્રમણ કરીને તેમને જીત્યા હતા. વેંગીના ચાલુક્યોના ઉત્તરાધિકાર સંઘર્ષમાં રાજેન્દ્ર પ્રથમે હસ્તક્ષેપ કર્યો હતો. વિમલાદિત્યના પુત્રો વિજયાદિત્ય અને રાજરાજ વચ્ચે ઉત્તરાધિકારનો સંઘર્ષ ચાલી રહ્યો હતો જેમાં કલ્યાણીના ચાલુક્ય નરેશ જયસિંહ બીજાએ અને કલિંગના ગંગ શાસક મધુકામાનવ વિજયાદિત્યની સહાય કરતા હતા. રાજેન્દ્ર પ્રથમે રાજરાજને સહાય કરી અને જયસિંહ અને મધુકામાનવને હરાવ્યો. રાજેન્દ્ર પ્રથમે ઉત્તર અને પૂર્વ તરફ પણ અભિયાનો કર્યા હતા. પુત્ર વિક્રમચોલને એક વિશાલ સેના સાથે ઉત્તર-પૂર્વી વિસ્તારમાં વિજય અભિયાન પર મોકલ્યો હતો. વિક્રમ ચોલે ઉડીસા, બસ્તર, ઈન્દ્રરથ અને દક્ષિણ કૌશલના પ્રદેશો પર વિજય મેળવ્યો હતો. દક્ષિણી રાઠના શાસક રણશૂર તથા પૂર્વી બંગાળના શાસક ગોવિન્દચન્દ્રને પણ હરાવ્યા. ત્યાર પછી બંગાળના પાલ શાસક મહીપાલ ઉપર આક્રમણ કર્યું અને હરાવ્યો. ગંગા ઘાટીના સફળ અભિયાનના ઉપલક્ષમાં રાજેન્દ્ર પ્રથમે ગંગૈકોણ્ડની ઉપાધી ધારણ કરી હતી અને ગંગૈકોણ્ડચોલપુરમ નામના નગરની સ્થાપના કરી હતી. રાજેન્દ્ર પ્રથમે વૃહત્તર ભારતમાં પણ વિજયશ્રી મેળવી હતી. દક્ષિણ-પૂર્વી એશિયામાં શ્રીવિજય (શૈલેન્દ્ર) રાજ્ય પર આક્રમણ કર્યું. જેમાં મલય પ્રાયદ્વીપ, જાવા, સુમાત્રા સમ્મિલિત હતા. શૈલેન્દ્ર શાસક વિજયોતુંગવર્મને ચોલોની અધીનતા સ્વીકાર કરી. શૈલેન્દ્ર રાજ્યના વિજય પછી રાજેન્દ્ર પ્રથમે અંડમાન-નિકોબાર, અરાકાન તથા પીગૂના રાજ્યો પર પણ વિજય પ્રાપ્ત કર્યો હતો. એવી રીતે રાજેન્દ્ર પ્રથમે ચોલ સામ્રાજ્યને ગંગાથી સિંહલ દ્વીપ સુધી અને બંગાળથી આગળ જાવા, સુમાત્રા, મલય પ્રાયદ્વીપ સુધી વિસ્તાર્યો હતો.

## IV. રાજાધિરાજ પ્રથમ, રાજેન્દ્ર બીજો, વીર રાજેન્દ્ર અને અધિરાજેન્દ્ર

રાજેન્દ્ર પ્રથમ પછી તેમનો પુત્ર રાજાધિરાજ પ્રથમ ગાદીએ આવ્યો. તેમણે પાણ્ડ્ય, કેરલ અને સિંહલના વિદ્રોહોનો સફળતાપૂર્વક દમન કર્યો. પશ્ચિમી ચાલુક્ય રાજ્ય પર આક્રમણ કર્યું અને ત્યાં પણ સફળતા મેળવી. પરંતુ રાજાધિરાજ પ્રથમની કલ્યાણી પર આ વિજય સ્થાયી રહી નહી અને ચાલુક્ય નરેશ સોમેશ્વરે ચોલ સેનાને પોતાના રાજ્યથી બાહર કાઢી નાખી. રાજાધિરાજ સોમેશ્વરના વિરુદ્ધમાં બીજુ અભિયાન કર્યું પરંતુ કોપ્પમના યુદ્ધમાં તે લડતા મૃત્યુ પામ્યો. રાજાધિરાજ પ્રથમના પુત્ર રાજેન્દ્ર બીજાએ યુદ્ધ ક્ષેત્રમાં જ પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો. રાજેન્દ્ર બીજાએ કલ્યાણીના ચાલુક્ય નરેશ સોમેશ્વરના વિરુદ્ધમાં સફળતા મેળવી. રાજેન્દ્ર બીજા પછી વીર રાજેન્દ્ર શાસક બન્યો. તેમના સમયમાં ચોલ-ચાલુક્ય સંઘર્ષ શરૂ રહ્યો. તેમણે તુંગભદ્રા નદીના કિનારે સોમેશ્વરની સેનાને હરાવી વેંગીમા વિજયાદિત્યને અને પછી કલિંગ રાજ્ય પર પણ વિજય મેળવી. સોમેશ્વર પ્રથમ પછી સોમેશ્વર બીજાના કાળમાં તેનો ભાઈ વિક્રમાદિત્ય વીર રાજેન્દ્ર સાથે સન્ધિ કરી અને તેની અધિનતા સ્વીકાર કરી. વીર રાજેન્દ્રે સિંહલ નરેશ વિજયબાહૂ

પ્રથમને પણ હરાવ્યો. તેના પછી તેમનો પુત્ર અધિરાજેન્દ્ર ચોલ શાસક થયો પરંતુ એક જ વર્ષમાં વેંગીના ચાલુક્ય વંશી રાજેન્દ્ર દ્વારા તેમને પદ પરથી દૂર કરવામાં આવ્યો અને રાજેન્દ્ર કુલોત્તુંગ પ્રથમના નામે ચોલ વંશની ગાદી પર સ્થાપિત થયો.

## V. કુલોત્તુંગ પ્રથમ અને તેમના ઉત્તરાધિકારીઓ

રાજેન્દ્ર પૂર્વી ચાલુક્ય નરેશ રાજરાજનો પુત્ર હતો પરંતુ તે ચોલ વંશથી નજીકનો સંબંધ ધરાવતો હતો. તેની માતા અમંગાદેવી ચોલ શાસક રાજેન્દ્ર પ્રથમની પુત્રી હતી અને તેની દાદી કુન્દવૈ રાજરાજ પ્રથમની પુત્રી હતી. અધિરાજેન્દ્રને પદ પરથી દૂર કરીને પોતે ચોલ રાજ્યની સત્તા મેળવી હતી. ચોલ રાજ્યમાં આવી એવી અવ્યવસ્થા અને અરાજકતાના લાભ ઉઠાવીને કેટલાંક રાજ્યો ચોલોની સત્તામાંથી મુક્ત થવાં માંડ્યા હતા. પશ્ચિમી ચાલુક્ય નરેશ વિક્રમાદિત્ય છઠા સાથે નંગિલિમાં સઘર્ષ થયો જેમાં કુલોત્તુંગ પ્રથમે જીત મેળવી. સિંહલના શાસક વિજયબાહૂએ પણ પોતાને ચોલોથી સ્વતંત્ર કર્યો અને કુલોત્તુંગે આ સ્વતન્ત્રતાને સ્વીકારી પણ હતી. કુલોત્તુંગે પાણ્ડ્ય અને કેરલ રાજ્યોના વિદ્રોહને અટકાવ્યો. અને પોતાના અધિન રહેવા માટે બાંધી લીધી. કુલોત્તુંગે ઈ.સ. 1077માં કુલ 72 વેપારીઓના એક જૂથને ચીન મોકલ્યું હતું. કુલોત્તુંગ પછી વિક્રમ ચોલ શાસક બન્યો. તેમણે વેંગી પર પુનઃ અધિકાર મેળવ્યો અને કલ્યાણીના ચાલુક્ય શાસક સોમેશ્વર ત્રીજાને યુદ્ધમાં હરાવ્યો હતો. વિક્રમચોલ પછી તેમનો પુત્ર કુલોત્તુંગ બીજો શાસક બન્યો. તેના પછી રાજરાજ બીજો, રાજાધિરાજ બીજો, કુલોત્તુંગ ત્રીજો, રાજરાજ ત્રીજો અને છેલ્લે રાજેન્દ્ર ત્રીજો ચોલ શાસક બન્યો. રાજન્દ્ર ત્રીજો ચોલ વંશનો અન્તિમ શાસક હતો. આ સમય દરમ્યાન ચોલોની સત્તા નબળી પડી હતી અને કેટલાંક અધીન રાજ્ય અને સામંતો પોતે સ્વતંત્ર થવાના પ્રયાસો કરતા હતા. રાજેન્દ્ર ત્રીજાના સમયમાં પાણ્ડ્ય શાસક જટાવર્મન સુન્દર પાણ્ડ્ય એક શક્તિશાળી રાજા હતો જેણે ચોલ શાસક રાજેન્દ્ર ત્રીજાને હરાવ્યો હતો અને પોતાના સામંત તરીકે રાખ્યો હતો. જટાવર્મન પછી કુલશેખરે ફરીથી ચોલ રાજ્ય પર આક્રમણ કર્યું અને ત્યાં કુલશેખરની જીત થઈ. અહી ચોલ વંશનો અંત આવે છે અને સમસ્ત ચોલમણ્ડલ પર કલ્યાણીના ચાલુક્ય શાસક કુલશેખરનો અધિકાર થઈ જાય છે.

- **તમારી જાતે ચકાસો**

1. ગુપ્ત શાસકોનાં પતન પછી દક્ષિણ ભારતમાં થયેલ રાજકીય વિકેન્દ્રીકરણની ચર્ચા કરો.
2. ચાલુક્યોની વિભિન્ન શાખાઓ અંગે ચર્ચા કરો.
3. પલ્લવોની ઉત્પત્તિના સંબંધમાં વિવિધ મંતવ્યો અંગે ચર્ચા કરો.
4. ચાલુક્ય-પલ્લવ સંઘર્ષની ચર્ચા કરો.
5. પૂર્વવર્તી ચોલ અને પરવર્તી ચોલ વચ્ચેના સમયગાળામાં ચોલ રાજ્ય વિશે ચર્ચા કરો.

## 2.5 સારાંશ

*ઈ.સ. છઠ્ઠી સદીથી બારમી સદી સુધીના દક્ષિણ ભારતના ઈતિહાસમાં વિભિન્ન સત્તાઓનો ઉદય અને અસ્ત થયો. ગુપ્ત સામ્રાજ્યના પતન પછી દક્ષિણમાં કેટલાંક સામન્તીય રાજ્યોએ પોતાના સ્વતન્ત્ર સત્તાની સ્થાપના કરી હતી. પ્રાચીન ચેર, ચોલ અને પાણ્ડય રાજ્યોના અવશેષો પર પલ્લવ, ચોલ અને ચાલુક્યોની સત્તાનો ઉદય થયો. ચેર અને પાણ્ડ્ય રાજ્યો અવિરત રીતે પોતાના રાજ્યો પર ક્યારેક સ્વતંત્ર રહીને અને ક્યારેક અધીન રહીને રાજ કરતા હતા પરંતુ ચોલ રાજ્ય એક લાંબા વિરામ પછી નવમી સદીમાં ફરીથી દેખાય છે. છઠી સદીથી બારમી સદી સુધીના સમયગાળામાં દક્ષિણ ભારતમાં જે મુખ્ય સત્તાઓ રહી તેમાં વાતાપીના ચાલુક્યો, કાંચીના પલ્લવો અને તંજૌરના ચોલ રાજ્ય પ્રમુખ છે કે જેમણે સંપૂર્ણ દક્ષિણ જ નહી પરંતુ સમય-સમય પર ઉત્તર અને પૂર્વી ભારત પર પોતાનો પ્રભાવ સ્થાપિત કર્યો અને ચોલ શાસકે તો સમુદ્ર પારના દ્વીપો સુધી પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો હતો.*

## 2.6 શબ્દાવલી

1. *વાતાપીકોણ્ડ – વાતાપી નગર પર વિજય મેળવનાર વ્યક્તિ. વાતાપીકોણ્ડની ઉપાધી નરસિંહવર્મન પ્રથમે ધારણ કરી હતી.*
2. *દક્કન પ્રદેશ – નર્મદા નદી અને કૃષ્ણાનદી વચ્ચેના પ્રદેશને દક્કનનો પ્રદેશ કહેવામાં આવે છે.*
3. *અશ્વમેધ અને રાજસૂય યજ્ઞ – વૈદિક યજ્ઞ કે જે ચક્રવર્તી સમ્રાટ બનવા માટેના યજ્ઞો છે.*
4. *શૈલેન્દ્ર રાજ્ય – વર્તમાન ઈન્ડોનેશિયાનું એક પ્રાચીન રાજ્ય.*
5. *સિંહલ રાજ્ય – વર્તમાન શ્રીલંકાનું રાજ્ય.*
6. *અરાકાન – મ્યાનમારના પશ્ચિમી ભાગમાં આવેલ એક વિસ્તાર*
7. *પીગૂ – વર્તમાન મ્યાનમારમાં આવેલ ઉત્તર પૂર્વી પ્રાંત*
8. *સંગમ સાહિત્ય-સંગમનો અર્થ હોય છે સમ્મેલન. ઈ.સ.ત્રીજી સદી પૂર્વથી ઈ.સ.ની ત્રીજી સદી સુધીના સમયગાળામાં તમિલ ભાષા સાહિત્યની રચના માટે મુખ્યત્વે ત્રણ સંગમ થયેલા. આ ત્રણ સંગમમાં જે તમિલ ભાષાના સાહિત્યની રચના થઈ તેને સંગમ સાહિત્ય કહેવામાં આવેછે અને આ સાહિત્યમાં જે યુગની માહિતી મળે છે તેને સંગમયુગ કહેવામાં આવે છે.*

- *સ્વાધ્યાય*

1. *વાતાપીના ચાલુક્ય વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો જણાવો.*
2. *વાતાપીના ચાલુક્ય વંશના શાસકોની સિદ્ધિઓ જણાવો.*
3. *કાંચીના પલ્લવોની ઉત્પત્તિના સંબંધમાં ઈતિહાસકારોના વિભિન્ન મંતવ્યો વિશે ચર્ચા કરો.*

4. *પલ્લવ-ચાલુક્ય સંઘર્ષની ચર્ચા કરો.*
5. *ચોલ શાસકોના સામ્રાજ્ય વિસ્તારની ચર્ચા કરો.*

## 2.7 સંદર્ભ ગ્રંથો


1. *પાણ્ડેય વિમલચંદ્ર, પ્રાચીન ભારત કા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ-2, સેંટ્રલ પબ્લિશિંગ હાઉસ, ઈલાહાબાદ,* 2001 *(પંચમ સંશોધિત સંસ્કરણ)*
2. *મજૂમદાર રમેશચન્દ્ર, પ્રાચીન ભારત, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1995
3. *ત્રિપાઠી, રમાશંકર, પ્રાચીન ભારત કા ઈતિહાસ, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1971 *(છઠ્ઠું સંસ્કરણ)*
4. *શ્રીવાસ્તવ કે.સી., પ્રાચીન ભારત કા ઈતિહાસ તથા સંસ્કૃતિ,* 1990
5. *ભટ્ટાચાર્ય સચ્ચિદાનન્દ, ભારતીય ઈતિહાસ કોશ, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ,* 2004 *(ચતુર્થ સંસ્કરણ)*
6. *ચોપરા પી.એન. (સંપા.), ભારતનું ગઝેટિયર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2001
7. *વર્મા હરીશચન્દ્ર (સંપા.), મધ્યકાલીન ભારત ભાગ-*1 (750-1540)*, હિંદી માધ્યમ કાર્યાન્વય નિદેશાલય, દિલ્લી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્લી,* 2011.
8. *દુબે હરિ નારાયણ, દક્ષિણ ભારત કા બૃહત્ ઈતિહાસ, શારદા પુસ્તક ભવન, ઈલાહાબાદ,* 2004.
9. *શાસ્ત્રી નીલકણ્ઠ, દક્ષિણ ભારત કા ઈતિહાસ, પટના,* 1972.
10. *ભાર્ગવ વી.એસ., પ્રાચીન ભારતીય ઈતિહાસ, રિસર્ચ પબ્લિકેશન, જયપુર,* 2011

| એકમ – 3 | પરમાર, રાષ્ટ્રકૂટ, ગુજરાતના ચાલુક્યો અને ગૂર્જર પ્રતિહાર |
|---|---|

## રૂપરેખા :


3.0 ઉદ્દેશ્યો
3.1 પ્રસ્તાવના
3.2 ગૂર્જર-પ્રતિહાર વંશ
3.2.1 ગૂર્જર-પ્રતિહાર વંશનો ઇતિહાસ જાણવાનાં સાધનો
3.2.2 ગૂર્જર-પ્રતિહારોની ઉત્પત્તિ
3.2.3 ગૂર્જર-પ્રતિહારોનો પ્રારમ્ભિક ઇતિહાસ
3.2.4 ગૂર્જર-પ્રતિહાર શાસકો
3.2.5 ગૂર્જર-પ્રતિહાર શાસકોની સિદ્ધિઓ
3.3 ગુજરાતનો ચાલુક્ય વંશ
3.3.1 ગુજરાતના ચાલુક્ય વંશના ઇતિહાસ જાણવાનાં સાધનો
3.3.2 ગુજરાતના ચાલુક્ય વંશની ઉત્પત્તિ
3.3.3 પ્રારમ્ભિક ઇતિહાસ
3.3.4 ગુજરાતના ચાલુક્યવંશી શાસકો
3.3.5 ગુજરાતના ચાલુક્ય શાસકોની સિદ્ધિઓ
3.4 રાષ્ટ્રકૂટ વંશ
3.4.1 રાષ્ટ્રકૂટ વંશનો ઇતિહાસ જાણવાનાં સાધનો
3.4.2 રાષ્ટ્રકૂટોની ઉત્પત્તિ
3.4.3 રાષ્ટ્રકૂટોનો પ્રારમ્ભિક ઇતિહાસ
3.4.4 રાષ્ટ્રકૂટ શાસકો
3.4.5 રાષ્ટ્રકૂટ શાસકોની સિદ્ધિઓ
3.5 મળવાનો પરમાર વંશ
3.5.1 પરમાર વંશનો ઇતિહાસ જાણવાનાં સાધનો
3.5.2 પરમાર વંશની ઉત્પત્તિ
3.5.3 પ્રારમ્ભિક ઇતિહાસ
3.5.4 માળવાના પરમાર શાસકો
3.5.5 પરમાર શાસકોની સિદ્ધિઓ
- તમારી જાતે ચકાસો
3.6 સારાંશ
3.7 શબ્દાવલી
- સ્વાધ્યાય
3.8 સંદર્ભ ગ્રંથો

## 3.0 ઉદ્દેશ્યો

*આ એકમના ઉદ્દેશ્યમાં રાજપૂતકાલ દરમ્યાન ઉત્તર અને દખ્ખન ભારતનાં ચાર પ્રમુખ રાજ્યોનો અભ્યાસ કરવાનો છે જે એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે -*

- *ગૂર્જર-પ્રતિહાર વંશના શાસકો અને તેમની સિદ્ધિઓ વિશે પરિચય થશે.*
- *ગુજરાતના ચાલુક્ય વંશના ઇતિહાસ વિશે જાણશે.*
- *રાષ્ટ્રકૂટ વંશના ઇતિહાસ વિશે પરિચય થશે.*
- *માળવાના પરમાર વંશના ઇતિહાસ વિશે માહિતગાર થશે.*

## 3.1 પ્રસ્તાવના

*ભારતનાં ઇતિહાસમાં સાતમી સદીથી બારમી સદી સુધીનો સમય રાજપૂત યુગ તરીકે ઓળખાય છે. આ સમયમાં ઉત્તર અને દક્ષિણ ભારતનાં ક્ષેત્રોમાં વિભિન્ન રાજપૂત રાજ્યોનો ઉદય અને પતન થયોં હતાં. ખાસ કરીને ઉત્તર ભારતમાં ઘણાંબધાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં અને સમય-સમય પર તેમની સ્થિતિ બદલાતી રહી. ક્યારેક તેઓ અધિનસ્થ રાજ્ય બની જતા હતાં. અને ક્યારેક તેઓ પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી લેતાંહતાં. આ સમય સતત સંઘર્ષનો રહ્યો હતાં. હર્ષવર્ધનની મૃત્યુ પછી ગૂર્જર-પ્રતિહાર, પાલ, ગહડવાલ, ગૌડ, ચાહમાન, ગોહિલ, ચન્દેલ, પરમાર, ચાલુક્ય, રાષ્ટ્રકૂટ, ચેદી, શિલાહાર, લોહાર આદિ રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં અને મહત્ત્વપૂર્ણ રાજકીય ભૂમિકા અદા કરી. ગુપ્તોના પતન પછી ઉત્તર ભારતની રાજનીતિક સત્તાનો કેન્દ્ર મગધથી બદલાઈને કન્નૌજ તરફ સ્થાયીથયોં. સાતમી સદીથી બારમી સદી સુધીના સમયમાં ઉત્તર ભારતમાં કન્નૌજ રાજકીય સંઘર્ષનો એક પ્રમુખ  કારણ રહ્યો હતાં. ખાસ કરીને ગૂર્જર-પ્રતિહાર, પાલ અને રાષ્ટ્રકૂટ શાસકો વચ્ચે થયેલ ત્રિરાષ્ટ્ર સંઘર્ષ મહત્ત્વનો છે. ઉત્તર ભારતમાં સૌથી પ્રમુખ સત્તા ગૂર્જર-પ્રતિહારોની હતી. આ જ સમયમાં તેમને દખ્ખનના રાષ્ટ્રકૂટ શાસકોએ પડકાર્યો અને ઉત્તર ભારતમાં પોતાનો પ્રભાવ સ્થાપિત કર્યો. તેમના પછી માળવાના પરમારો અને ગુજરાતના ચાલુક્યોનો પ્રભાવ પણ ઉત્તર ભારતમાં રહ્યો. અગિયારમી સદી સુધી આ રાજ્યો પોતાનો પ્રભાવ બનાવવામાં સફળ રહ્યાંહતાં. રાજકીય વિકેન્દ્રકરણના આ યુગમાં વિભિન્ન સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિવર્તનો પણ થયાંહતાં જેના લીધે આ યુગને સામન્તીયુગ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ અધ્યાયમાં મુખ્યત્વે ઉત્તર અને દખ્ખન ભારતની ચાર પ્રમુખ સત્તાઓ ગૂર્જર-પ્રતિહારો, ગુજરાતના ચાલુક્યો, માન્યખેટના રાષ્ટ્રકૂટો અને માળવાના પરમારો વિશે ચર્ચા કરવામાં આવશે.*

## 3.2 ગૂર્જર-પ્રતિહાર વંશ

*રાજપૂત યુગ દરમ્યાન ઉત્તર ભારતમાં ગૂર્જર-પ્રતિહાર એક પ્રમુખ રાજ્ય હતું. હર્ષવર્ધનના મૃત્યુ પછી ઉત્તરી ભારતને રાજકીય એકતામાં લાવવા માટેના પ્રયત્નો ગૂર્જર-*

*પ્રતિહારોએ કરેલા. એમના પ્રયત્નોમા તેમને આંશિક સફળતા પણ મળી હતી પરંતુ સતત સંઘર્ષોના લીધે ક્યારેય આ એકતા કાયમ રહી શકી નથી. લગભગ આઠમી સદીના પ્રારમ્ભથી દસમી સદીના અન્ત સુધી ઉત્તર ભારત પર ગૂર્જર-પ્રતિહારોનું પ્રભુત્વ રહ્યું હતું*

### 3.2.1 ગૂર્જર-પ્રતિહાર વંશનાં ઈતિહાસ જાણવાનાં સાધનો

*ગૂર્જર-પ્રતિહાર વંશના ઈતિહાસ જાણવા માટેના પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનોમાં સૌથી મહત્ત્વપૂર્ણ મિહિરભોજનો ગ્વાલિયર અભિલેખ છે જે એક પ્રશસ્તિ છે. આ પ્રશસ્તિમાં ગૂર્જર-પ્રતિહાર વંશના શાસકોની વંશાવલી અને તેમની રાજકીય સિદ્ધિઓ વિશે પર્યાપ્ત માહિતી મળે છે. ગૂર્જર-પ્રતિહારોના સમકાલીન પાલ, રાષ્ટ્રકૂટ અને માળવાના પરમારોના અભિલેખો પણ ગૂર્જર-પ્રતિહાર વંશના ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વનાં સાધનો છે. સાહિત્યિક સાધનોમાં સંસ્કૃતનો પ્રસિદ્ધ વિદ્વાન રાજશેખર જે મહેન્દ્રપાલ પ્રથમ અને મહીપાલ પ્રથમના દરબારમાં હતાં તેમના ગ્રન્થો કાવ્યમીમાંસા, કર્પૂર મંજરી, વિદ્ધશાલભંજિકા, બાલરામાયણ, ભુવનકોશ આદિ મહત્ત્વપૂર્ણ ગ્રન્થો છે. ઉપરાન્ત જયાનક કૃત પૃથ્વીરાજ મહાકાવ્ય વત્સરાજના સંદર્ભમાં, ચન્દ્રપ્રભસૂરી કૃત પ્રભાવક પ્રશસ્તિ નાગભટ્ટ બીજાના સંદર્ભમાં, કલ્હણ કૃત રાજતરંગિણી દ્વારા મિહિરભોજના સંદર્ભમા, આરબ યાત્રી સુલેમાનનાં વિવરણ મિહિરભોજના સંદર્ભમાં, અલમસુદીનાં વિવરણ મહીપાલ પ્રથમના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ માહિતી આપે છે.*

### 3.2.2 ગૂર્જર-પ્રતિહારોની ઉત્પત્તિ

*ગૂર્જરોની ઉત્પત્તિના વિષયમાં પણ બીજા રાજપૂત વંશોની જેમ જ વિવાદ છે. મુખ્યત્વે બે ધારણાઓ કરવામાં આવી છે. એક તો ગૂર્જરોને વિદેશી માને છે અને બીજી ધારણા અનુસાર ગૂર્જર પ્રતિહારો ભારતીય મૂળના જ હતાં.*

**1.વિદેશી ઉત્પત્તિ –** *કૈમ્પબેલ, જૈક્સન, ભણ્ડારકર અને રમાશંકર ત્રિપાઠી જેવા ઈતિહાસકારો ગૂર્જરોની ઉત્પત્તિ ખજર નામક પ્રજાતિથી માને છે જે હૂણોની સાથે ભારતમાં આવી હતી. કેનેડી જેવા ઈતિહાસકારો ગૂર્જર-પ્રતિહારોને ઈરાની મૂળના માને છે. તેમનો તર્ક છે કે ઈરાનીઓની જેમ જ ગૂર્જર-પ્રતિહારો પણ સૂર્યની ઉપાસના કરતા હતાં. કનિઘંમ ગૂર્જર-પ્રતિહારોને સખો અને યૂ-ચીઓની સંતાન કહે છે. પરંતુ કેટલાંક ઈતિહાસકારો ખજર અને હૂણો સાથે ગૂર્જરોની સરખામણીને સ્વીકાર નથી કરતા. ભારતીય અભિલેખો અને સાહિત્યમાં ક્યાંય પણ હૂણો સાથે ગૂર્જરોનો ઉલ્લેખ નથી. બાણભટ્ટે પણ પ્રભાકરવર્ધનના શત્રુઓનો ઉલ્લેખ કરે છે ત્યારે હૂણો અને ગૂર્જરોનો જુદો ઉલ્લેખ કરે છે, ચીની યાત્રી હ્યુનસાંગ ગૂર્જરોને ક્ષત્રીય કહે છે. ભારતમાં હૂણોને મ્લેચ્છ કહેવામાં આવ્યું છે અને હૂણોની જેમ જ વિદેશીઓને પણ મ્લેચ્છ માનવામાં આવતું હતુંપરંતુ ગૂર્જરોને ક્ષત્રીય અથવા તો બ્રાહ્મણ કહેવામાં આવ્યાં છે. પૃથ્વીરાજરાસોના અગ્નિકુણ્ડના સિદ્ધાન્તનો આધાર માની કેટલાંક ઈતિહાસકારો ગૂર્જર-પ્રતિહારોને વિદેશી કહે છે પરંતુ દશરથ શર્મા અને ગૌરીશંકર ઔઝા જેવા ઈતિહાસકારો પૃથ્વીરાજરાસોની આ કથાની ઐતિહાસિકતાનો*

અસ્વીકાર કરે છે. એટલે કહી શકાય છે કે ગૂર્જર-પ્રતિહારોના વિદેશી મૂળનો સિદ્ધાન્ત કમજોર છે.

**2.ભારતીય ઉત્પત્તિ –** સી.વી.વૈદ્ય, ગૌરીશંકર ઔઝા, દશરથ શર્મા, કે.એમ. મુનશી જેવા ઈતિહાસકારો ગૂર્જર-પ્રતિહારોને ભારતીય મૂળના માને છે. કે.એમ. મુનશીના મત અનુસાર ગૂર્જર શબ્દ સ્થાનવાચક છે એટલે તેમનો સંબંધ પ્રજાતિથી નથી પણ ક્ષેત્રથી છે. વૈદ્ય અને દશરથ શર્મા જણાવે છે કે ગૂર્જર-પ્રતિહારનો અર્થ છે ગૂર્જર પ્રદેશના પ્રતિહારી અથવા શાસક. તૈત્તરૈય બ્રાહ્મણમા પણ પ્રતિહાસી નામક વૈદિક યાજકોનો ઉલ્લેખ મળે છે જે યજ્ઞની રક્ષા કરતા હતાં. ગ્વાલિયર અભિલેખમાં આ વંશના શાસકો રામના ભાઈ લક્ષમણના વંશજ બતાવવામાં આવ્યાં છે.

### 3.2.3 ગૂર્જર-પ્રતિહારોનો પ્રારમ્ભિક ઈતિહાસ

હ્યુનસાંગ ગૂર્જરોના મૂળ સ્થાનમાં કૂ-ચે-લો નામક પ્રદેશનો ઉલ્લેખ કરે છે. એનો સમીકરણ ઈતિહાકારો રાજસ્થાનના ભીનમાલ સાથે કરે છે. ભિલ્લમલકાચાર્ય કૃત બ્રહ્મસ્ફૂતસિદ્ધાન્તમાં ભિલ્લમલનો ઉલ્લેખ છે, એ પણ ભીનમાલ હોય શકે છે. જોધપુરના ઘંટિયાલી શિલાલેખમાં ગૂર્જરો-પ્રતિહારોનું મૂળ સ્થાન ગૂર્જરાત્રા બતાવવામાં આવ્યું છે. ઈતિહાસકાર એચ.સી.રે ના મત મુજબ ગૂર્જર પ્રતિહારોનું પ્રારમ્ભિક સત્તા કેન્દ્ર માણ્ડવપુરા અથવા તો મણ્ડૌર હતાં. દશરથ શર્મા ગૂર્જરોનું પ્રારમ્ભિક સ્થળ અવન્તિને માને છે. રમાશંકર ત્રિપાઠી જણાવે છે કે પ્રતિહારોનો સૌપ્રથમ જ્ઞાત સ્થળ રાજસ્થાનનો મણ્ડૌર છે. ત્યાં હરીશચન્દ્રના વંશજોનું રાજ હતું. કાલાન્તરમાં તેમણે ત્યાંથી દક્ષિણમાં પ્રસ્થાન કર્યો અને ઉજ્જયિની પર અધિકાર મેળવ્યો. અમોઘવર્ષ પ્રથમના અભિલેખ અનુસાર દન્તિદુર્ગે ઉજ્જયિનીના ગૂર્જર શાસકને હરાવ્યો હતાં અને ત્યાં હિરણ્યગર્ભ મહાદાનનો સમારંભ કર્યો અને ગૂર્જર રાજાને પોતાનો પ્રતિહાર કર્યો. સંભવતઃ દન્તિદુર્ગે જે ગૂર્જર શાસકને પ્રતિહાર બનાન્યો હતાં તે નાગભટ્ટ પ્રથમહતાં. દન્તિદુર્ગના મૃત્યુ પછી નાગભટ્ટે પોતાની સત્તા પાછી મેળવી અને એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી.

### 3.2.4 ગૂર્જર-પ્રતિહાર શાસકો

1. નાગભટ્ટ પ્રથમ(ઈ.સ. 730-756)
2 કક્કુક, દેવરાજ(ઈ.સ. 756-775)
3. વત્સરાજ(ઈ.સ. 775-800)
4. નાગભટ્ટ બીજો (ઈ.સ. 800-833)
5. મિહિરભોજ પ્રથમ (ઈ.સ. 836-885)
6. મહેન્દ્રપાલ પ્રથમ (ઈ.સ. 885-910)
7. મહિપાલ (ઈ.સ. 912-944)
8. મહેન્દ્રપાલ બીજો
9. દેવપાલ

10. *વિજયપાલ*

11. *રાજ્યપાલ*

12. *ત્રિલોચનપાલ*

13. *યશપાલ*

**3.2.5 ગૂર્જર-પ્રતિહાર શાસકોની સિદ્ધિઓ**

**1. નાગભટ્ટ પ્રથમ**

*નાગભટ્ટ પ્રથમ ગૂર્જર-પ્રતિહાર વંશની સ્વતંત્ર સત્તાનો સંસ્થાપક હતાં. ગ્વાલિયર અભિલેખથી જાણવા મળે છે કે નાગભટ્ટ પ્રથમે કોઈ મ્લેચ્છ શાસકને હરાવ્યો હતાં. મ્લેચ્છ શબ્દ વિદેશીઓ માટે પ્રયોગ થાય છે. આ સમયમાં વિદેશી આક્રમણોમા આરબોનાં આક્રમણો જ થયાંહતાં. એટલે એ માની શકાય છે કે નાગભટ્ટ પ્રથમે આરબ આક્રમણનો સફળતાપુર્વક સામનો કર્યો હતાં. આરબ લેખક અલબિલાદુરી લખે છે કે જુનૈદને માલવામાં સફળતા મળી ન હતી. એટલે માની શકાય છે કે નાગભટ્ટે જુનૈદને હરાવ્યો હતાં. ભરૂચનો વિસ્તાર નાગભટ્ટે આરબોના અધિકારથી મુક્ત કરાવ્યો હતાં અને ચાહમાન શાસક ભૃતવડ્ઢ બીજાને ત્યાંનો શાસક બનાવ્યો હતાં.*

**2. વત્સરાજ**

*નાગભટ્ટ પ્રથમ પછી તેમનો ભત્રીજો કક્કુક અને તેના પછી દેવરાજ શાસક બન્યા પરંતુ તે મહત્ત્વહીન શાસક હતાં. દેવરાજનો પુત્ર વત્સરાજ તેમના પછી ગાદીએ આવ્યોં. વત્સરાજ આ વંશનો પ્રતાપી શાસક હતાં. તેમને ગૂર્જર-પ્રતિહાર વંશનો વાસ્તવિક સંસ્થાપક માનવામાં આવે છે. ગ્વાલિયર અભિલેખથી જાણવા મળે છે કે વત્સરાજે ભણ્ડી જ્ઞાતિને હરાવ્યુંહતું. આર. એસ. ત્રિપાઠી ભણ્ડીનુંસમીકરણ રાજસ્થાનના ભટ્ટીથી કરે છે. વત્સરાજના સમયમાં કન્નૌજ પર અધિકાર મેળવવા માટે ગૂર્જર-પ્રતિહારોનો સંઘર્ષ પાલો અને રાષ્ટ્રકૂટો સાથે થયોં હતાં. કન્નૌજ પર આયુધ વંશના શાસકોનો અધિકાર હતાં. વત્સરાજે કન્નૌજના શાસક ઈન્દ્રાયુદ્ધને પોતાના અધીન કર્યો. વત્સરાજના આ કાર્યને પાલ નરેશ ધર્મપાલે પડકાર આપ્યો. પૃથ્વીરાજવિજય અને રાધનપુર તામ્રલેખથી જાણવા મળે છે કે વત્સરાજ અને ધર્મપાલ વચ્ચે યુદ્ધ થયુંહતું અને વત્સરાજે ધર્મપાલને હરાવ્યો હતાં. કન્નૌજ પર પ્રભાવ માટે વત્સરાજનો સંઘર્ષ રાષ્ટ્રકૂટો સાથે પણ થયો. આ સમયમાં રાષ્ટ્રકૂટ શાસક ધ્રુવ હતાં. ધ્રુવે અવન્તિ પર આક્રમણ કર્યું અને આ સંઘર્ષમાં વત્સરાજનો પરાજય થયો હતો. ધ્રુવ દ્વારા વત્સરાજને હરાવ્યા પછી ધર્મપાલ પુનઃ પાલ વંશની પ્રતિષ્ઠા સ્થાપિત કરી અને વત્સરાજની પરાજયનો લાભ લઈ કન્નૌજના શાસક ઈન્દ્રાયુદ્ધને હરાવ્યો અને ત્યાં ચક્રાયુદ્ધને શાસક બનાવ્યો. ખલીમપુર તામ્રલેખથી જાણવા મળે છે કે વત્સરાજે કન્નૌજ પર ધર્મપાલની સત્તા સ્વીકારી હતી.*

**3. નાગભટ્ટ બીજો**

*વત્સરાજની મૃત્યુ પછી તેમનો પુત્ર નાગભટ્ટ બીજો ગાદીએ આવ્યોં. તેમના રાજ્યના પ્રારમ્ભિક વર્ષોમાં રાષ્ટ્રકૂટ નરેશ ગોવિન્દ ત્રીજાએ ઉત્તર ભારતનાં પોતાના*

અભિયાનમાં બુન્દેલખણ્ડમાં થયેલા યુદ્ધમાં નાગભટ્ટને હરાવ્યો હતાં. ગોવિન્દ ત્રીજાએ પોતાના ઉત્તર ભારતનાં અભિયાનમાં પાલ શાસક ધર્મપાલને અને કન્નૌજના શાસક ચક્રાયુદ્ધને પણ હરાવ્યો. ગોવિન્દ ત્રીજાના પરત ફરતા જ નાગભટ્ટે ફરીથી પોતાની સત્તાને સશક્ત કરવા માટેના પ્રયત્નો પ્રારંભ કર્યા અને કન્નૌજ પર આક્રમણ કર્યું અને કન્નૌજને પોતાના રાજ્યનું પાટનગર બનાવ્યું. કન્નૌજ પર અધિકારની આ સૂચના ધર્મપાલને મળતા જ ધર્મપાલે નાગભટ્ટ વિરૂદ્ધ યુદ્ધની ઘોષણા કરી. મુંગેરના નજીક થયેલા આ યુદ્ધમાં ધર્મપાલનો પરાજય થયો. ગ્વાલિયર અભિલેખથી જાણવા મળે છે કે નાગભટ્ટ બીજાનાં કન્નૌજ વિજયમાં આંધ્ર, સિન્ધુ, વિદર્ભ અને કલિંગ નરેશોએ પણ તેમની મદદ કરી હતી. આ જ અભિલેખમાં જાણવા મળે છે કે નાગભટ્ટ બીજાએ આનર્ત, માલવા, કિરાત, તુરૂષ્ક, વત્સ અને મત્સ્ય પ્રદેશો પર વિજય મેળવી હતી. પ્રબન્ધકોષ અને ખુમ્માણરાસોથી જાણવા મળે છે કે નાગભટ્ટ બીજાએ મુસ્લિમો વિરૂદ્ધ સફળતા મેળવ્યો હતો. પ્રબન્ધકોષ મુજબ ચાહમાન નરેશ ગોવિન્દરાજે સુલ્તાન બેગ વરિસને હરાવ્યો હતાં. ગોવિન્દરાજ નાગભટ્ટનો સામન્ત હતાં. નાગભટ્ટે પરમભટ્ટારક, મહારાજાધિરાજ અને પરમેશ્વરની ઉપાધિ ધારણ કરી હતી.

### 4. મિહિરભોજ પ્રથમ

નાગભટ્ટ બીજા પછી તેમનો પુત્ર રામભદ્ર ગાદીએ આવ્યો પણ તે નિંબળ શાસક હતાં. તેમનો સમયકાલ માત્ર ત્રણ વર્ષનો જ હતાં પરંતુ આ સમયગાળામાં પ્રતિહારોના કેટલાંક અધિનસ્થ રાજ્યો સ્વતંત્ર થઈ ગયાં હતાં. રામભદ્ર પછી તેમનો પુત્ર મિહિરભોજ પ્રથમ શાસક બન્યો. મિહિરભોજે સૌ પ્રથમ પોતાના રાજ્યને સુદંઢ કર્યું અને સ્વતંત્ર થયેલ ક્ષેત્રોને ફરીથી પોતાના રાજ્યમાં સામેલ કર્યા. મધ્યભારતનાં તથા રાજપૂતાનાના રાજ્યોમાં પોતાની સ્થિતિ સુધારી. કલચુરી અને ગુહિલોત વંશ સાથે મિત્રતા કરી. ગ્વાલિયર લેખથી જાણવા મળે છે કે ગુહિલ વંશી હર્ષરાજ અને કલચુરી નરેશ ગુણામ્બોધિદેવ તેમના સામન્ત હતાં. તેમનો પ્રભાવ પંજાબ, હરિયાણા, દિલ્હી, ગૌડ઼ પ્રદેશ સુધી હતો. બલવર્મા કાઠિયાવાડ઼ માં મિહિરભોજનો સામન્ત હતો. મિહિરભોજનો સંઘર્ષ પાલ શાસક દેવપાલ સાથે થયો હતાં. પાલ શાસકોના બાદલ અભિલેખ અને પ્રતિહાર શાસકોના ગ્વાલિયર અભિલેખમાં પરસ્પર વિરોધી વિવરણ પ્રાપ્ત થાય છે. પાલ અભિલેખ પાલોની વિજય અને પ્રતિહાર અભિલેખ પ્રતિહારોના વિજયની વાત કરે છે. નિષ્કર્ષ રૂપે કહી શકાય છે કે પાલો અને પ્રતિહારોનો આ સંઘર્ષ અનિર્ણિત રહ્યો હશે. મિહિરભોજના સમયમાં રાષ્ટ્રકૂટો સાથે પણ સંઘર્ષ થયો હતો. તેમના સમકાલીન રાષ્ટ્રકૂટ શાસકો અમોઘવર્ષ પ્રથમ અને કૃષ્ણ બીજો હતાં. પ્રારમ્ભમા મિહિભોજને અમોઘવર્ષન વિરૂદ્ધમાં સફળતા મળી હતી અને ઉજ્જયિની પર પુનઃ અધિકાર મેળવ્યો હતાં. પરંતુ રાષ્ટ્રકૂટોના ગુજરાતના સામન્ત ધ્રુવ બીજાએ મિહિરભોજને પરાસ્ત કર્યો. ત્યાર પછી કૃષ્ણ બીજા સાથે પણ મિહિરભોજને સંઘર્ષ થયો પરંતુ આ સંઘર્ષમાં વિજય કયા શાસકની થઈ એ સ્પષ્ટ નથી. એવું લાગે છે કે સતત થતા સંઘર્ષોમાં ક્યારેક એકની વિજય થતી હતી અને

*ક્યારેક બીજાની. મુસ્લિમ યાત્રી અલમસૂદી અને અલબિલાદુરીનાં વિવરણોથી જાણવા મળે છે કે મિહિરભોજ પ્રથમે આરબોની સત્તાને પડકાર્યો હતાં અને ભારત પર થતા આરબોના આક્રમણોને અટકાવ્યાં હતાં.*

**5. મહેન્દ્રપાલ પ્રથમ**

*મિહિરભોજ પછી તેમનો પુત્ર મહેન્દ્રપાલ પ્રથમ શાસક બન્યો. મહેન્દ્રપાલે ઉત્તરાધિકારમાં પ્રાપ્ત રાજ્યને કાયમ રાખ્યું અને પૂર્વ તરફ તેનો વિસ્તાર પણ કર્યો હતો. તેમનો સમકાલીન પાલ શાસક નારાયણપાલ હતાં. નારાયણપાલ પર તેમણે વિજય પ્રાપ્ત કર્યો હતો. અને પાલ રાજ્ય પર અધિકાર મેળવ્યો હતો. પરંતુ મહેન્દ્રપાલના છેલ્લા સમયમાં નારાયણપાલે પોતાનું રાજ્ય મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી. મહેન્દ્રપાલના અભિલેખ કાઠિયાવાડ઼ માં મળી આવ્યાં છે જેનાથી જાણવા મળે છે કે ત્યાંના શાસક બલવર્મા અને અવનિવર્મા તેમના સામન્ત હતાં. રાજતરંગિણીથી જાણવા મળે છે કે મહેન્દ્રપાલનો પ્રભાવ પંજાબ સુધી હતાં. મધ્યભારતમા ઝાઁસી અને અવધથી પણ મહેન્દ્રપાલના લેખો મળે છે. માલવાના પરમાર શાસક વાક્પતિ મુંજે પણ મહેન્દ્રપાલની અધીનતા સ્વીકારી હતી. મહેન્દ્રપાલ પ્રથમના દરબારમાં પ્રસિદ્ધ વિદ્વાન રાજશેખર સંરક્ષણ પ્રાપ્ત કરતો હતાં. રાજશેખર કર્પૂરમંજરી, વિદ્ધશાલભંજિકા, બાલરામાયણ, કાવ્યામીમાંસા, જેવા ગ્રન્થોનો રચયિતા હતાં.*

**6. મહીપાલ**

*મહેન્દ્રપાલ પ્રથમનાં મૃત્યુ પછી તેમના બે પુત્રો ભોજ બીજા અને મહીપાલ વચ્ચે ઉત્તરાધિકારનો સંઘર્ષ શરૂ થયો. ઉત્તરાધિકારના આ સંઘર્ષમાં ભોજની સહાયતા ચેદી કોક્કલદેવ અને મહીપાલની સહાયતા ચંદેલ નરેશ હર્ષદેવે કરી હતી. પ્રારમ્ભમાં ભોજને સફળતા મળી અને બે વર્ષ માટે ભોજે સત્તા પ્રાપ્ત કરી પરંતુ તરત જ મહીપાલે ભોજને હરાવીને સત્તા પ્રાપ્ત કરી હતી. મહીપાલના રાજ્યારોહણ પછી તેમનો સંઘર્ષ રાષ્ટ્રકૂટો સાથે થયો. આ સમયમાં રાષ્ટ્રકૂટ નરેશ ઈન્દ્ર ત્રીજો હતાં. ઈન્દ્ર ત્રીજાએ પોતાના ચાલુક્ય સામન્ત નરસિંહ ચાલુક્યની મદદથી મહીપાલને હરાવ્યો હતો. મહીપાલની આ પરાજયનો લાભ પાલ નરેશોએ ઉઠાવ્યો અને પોતાનું રાજ્ય પુનઃ મેળવ્યું. તેમના સમકાલીન પાલ શાસકો રાજ્યપાલ અને ગોપાલ બીજો હતાં. ઈન્દ્ર ત્રીજાએ કન્નૌજ પર અધિકાર મેળવ્યા પછી વધારે સમય ત્યાં રોકાયો ન હતાં અને દક્ષિણ પરત ફર્યો. આ સ્થિતિનો લાભ લઈ ચંદેલ અને ગુહિલોત શાસકોની મદદથી મહીપાલે કન્નૌજ પર ફરીથી અધિકાર મેળવ્યો. રાજશેખર મહીપાલના દરબારમાં પણ હતાં. રાજશેખર જણાવે છે કે મહીપાલે મુરલો, મેકલો, કલિંગ, કુલૂટો, કુન્તલો અને રમઠોને પરાસ્ત કર્યા હતાં.*

**7. મહીપાલના ઉત્તરાધિકારીઓ અને ગૂર્જર-પ્રતિહારોનો પતન**

*મહીપાલ પછી ગૂર્જર-પ્રતિહારોનો પતન શરૂ થયો. મહીપાલની મૃત્યુ પછી મહેન્દ્રપાલ બીજો, દેવપાલ, વિજયપાલ, રાજ્યપાલ, ત્રિલોચનપાલ અને યશપાલ ગૂર્જર-પ્રતિહાર શાસકો થયાં. વિજયપાલના સમયમાં ચૌહાણ શાસક વિગ્રહરાજ, ચન્દેલો,*

*પરમાર મુંજ, ગ્વાલિયરના કચ્છપઘાત, ગુજરાતના ચાલુક્યો, મેવાડ઼ ના ગોહિલો પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી. રાજ્યપાલના સમયમાં મહમૂદ ગજનવીના આક્રમણો થયાં હતાં. મહમ્મદે કન્નૌજ પર આક્રમણ કર્યું અને તેની લૂંટ કરી હતી. રાજ્યપાલ પછી ત્રિલોચનપાલના સમયમાં પણ મહમ્મદ ગઝની ભારત અભિયાન પર આવ્યો હતો. અને ત્રિલોચનપાલને પણ પરાસ્ત કર્યો હતાં. ત્રિલોચનપાલ પછી છેલ્લે ઈલાહાબાદના કડ઼ ાથી મળેલ ઇ.સ. 1036ના એક લેખમાં મહારાજાધિરાજ યશપાલદેવનો ઉલ્લેખ થાય છે. અને તેના પછી અન્ય કોઈ પ્રતિહાર નરેશનું નામ નથી મળતું. સંભવતઃ અહીં પ્રતિહાર વંશનો અંત થયો હતાં.*

## 3.3 ગુજરાતનો ચાલુક્ય વંશ

*પશ્ચિમી ભારતનાં ગુજરાતનું મહત્ત્વ પ્રાચીન કાળથી રહ્યું છે. ગુજરાતની ભૌગોલિક સ્થિતિ તેને વધારે મહત્ત્વનું બનાવે છે. ઉત્તરથી દક્ષિણ તરફ જવાના માર્ગ અને દરિયાઈ વેપાર માટેના ઉત્તર ભારતનાં સૌથી નજીકનાં સ્થળ તરીકે ગુજરાત શરૂઆતથી જ રાજનીતિક અને આર્થિક ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યું છે.રાજપૂત યુગ દરમ્યાન પણ આ વિસ્તાર પર અધિકાર માટે ગૂર્જર-પ્રતિહારો, રાષ્ટ્રકૂટો, ચાલુક્યો વચ્ચે સમય-સમય પર સંઘર્ષ થતો રહ્યો. દસમી સદીની શરૂઆતમાં ગુજરાતમાં ચાલુક્યોની સ્વતંત્ર સત્તાની સ્થાપના થઈ હતી. દસમી સદીથી બારમી સદી સુધી ગુજરાતના ચાલુક્યોએ ઉત્તર ભારતની રાજનીતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.*

### 3.3.1 ગુજરાતના ચાલુક્ય વંશના ઈતિહાસ જાણવાનાં સાધનો

*ગુજરાતના ચાલુક્ય વંશનો ઈતિહાસ જાણવાનાં પુરાવસ્તુકીય સાધનોમાં, કુમારપાલની વડનગર પ્રશસ્તિ , કર્ણદેવ પ્રથમનો ઈ.સ. 1084નું લાડોલ તામ્રપત્ર, નવસારીનાં ઈ.સ. 1074ના બે તામ્રપત્રો અને ઈ.સ. 1092નું સૂનકનું તામ્રપત્ર, સિદ્ધરાજ જયસિંહનું ઈ.સ. 1100નું લાડોલ દાનશાસન, જયસિંહનો ઇ.સ. 1141નો બિલપાંકનો પ્રશસ્તિલેખ, ભીમદેવ બીજાનું ઈ.સ. 1206નું તામ્રપત્ર, ભીમદેવ બીજાના સમયના દાનશાસન, જયસિંહ બીજાનું ભૂતિયાવાસણા તામ્રપત્ર, દુર્લભરાજના સામન્ત કૃષ્ણરાજનું વડનગર દાનશાસન વગેરે. સાહિત્યિક સાધનોમાં મુખ્યત્વે જૈન લેખકોના ગ્રન્થો મહત્ત્વના છે. હેમચન્દ્રાચાર્ય કૃત દ્વાશ્રયકાવ્ય, મેરુતુંગ કૃત પ્રબન્ધચિન્તામણી, સોમેશ્વર કૃત કીર્તિકૌમુદી, જયસિંહસૂરી કૃત કુમારભૂપાલચરિત, વગેરે મહત્ત્વપૂર્ણ છે.*

### 3.3.2 ગુજરાતના ચાલુક્ય વંશની ઉત્પત્તિ

*ગુજરાતના ચાલુક્ય વંશને સોલંકી વંશ તરીકે પણ ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં જેને સોલંકી કહે છે તેને સંસ્કૃતમાં ચૌલુક્ય કહેતા. મૂળરાજના વંશના અભિલેખોમાં શૌલ્કિક અથવા ચૌલિક્કનો ઉલ્લેખ થયો છે. પુરાણો, બૃહત્સિહંતા અને ચરકસંહિતાંમાં ચુલિક અથવા શુલિક જાતિનો ઉલ્લેખ છે. ઈતિહાસકારો માને છે કે આ શબ્દો આગળ જતાં અપભ્રંશ થતા ગયા અને ચુલુક, ચુલુક્ય, ચૌલુક્ય, ચાલ્કિ, ચૌલુક્કિ,*

*સાલુક્કિ અને છેલ્લે સોલંકી થઈ ગયો. દખ્ખનના ચાલુક્યો માટે ચાલુક્ય શબ્દનો ઉપયોગ થાય છે જ્યારે પશ્ચિમી ભારતનાં આ રાજવંશને ચૌલુક્ય તરીકે ઓળખાય છે. એક પૌરાણિક માન્યતા એવી પણ છે કે બ્રહ્માના ચુલુક (ખોબામાં ભરેલું પાણી) થી ઉત્પન્ન થયેલો વીર ચૌલુક્યોનો મૂળ પુરુષ છે. એક અનુશ્રુતિ એવી પણ છે કે આબૂમાં જે યજ્ઞ થયો હતાં તેમાંથી પરમાર, પ્રતિહાર, ચૌલુક્ય અને ચાહમાન રાજકુળોની ઉત્પત્તિ થઈ. ડૉ. ભણ્ડારકર ચૌલુક્યોની ઉત્પત્તિ ગૂર્જરોથી માને છે. ચરક સંહિતાંમાં ચુલિક જાતિને કિરાત, બાહલિલ, પહલવ અને ચીન-યવન અને શક જેવી વિદેશી જાતિઓ સાથે ગણાવેલી છે.*

### 3.3.3 પ્રારમ્ભિક ઈતિહાસ

*ગૂજરાતના ચાલુક્ય વંશના સંસ્થાપક મૂળરાજ પ્રથમના પિતા કન્નૌજના કલ્યાણકટકના રાજપુત્ર રાજી હતાં અને તેમની માતા ચાવડ઼ા અથવા ચપોટક વંશની કન્યા હતી. મૂળરાજના એક તામ્રપત્રમાં મૂળરાજને મહારાજધિરાજશ્રી રાજીનો સુત કહવામાં આવ્યો છે. ચામુણ્ડરાજના તામ્રપત્રમાં મૂળરાજને વ્યાલકાંચિ પ્રભુના વંશજ તરીકે જણાવ્યો છે. દ્વયાશ્રયકાવ્યમાં મૂળરાજને રાજીનો પુત્ર બતાવ્યો છે. પ્રબન્ધચિન્તામણીમાં પણ રાજીનો ઉલ્લેખ છે અને રાજિને કન્નૌજના રાજા ભૂયરાજના વંશજ મુંજાલદેવનો પુત્ર બતાવ્યો છે. કુમારભૂપાલચરિત અને રત્નમાલામાં પણ રાજિ અને તેમની વંશાવલીનો ઉલ્લેખ છે. ચામુણ્ડરાજના અભિલેખમાં રાજીના પૂર્વજ તરીકે વ્યાલકાંચિપ્રભુનો ઉલ્લેખ છે જે કુમારભૂપાલચરિતની વંશાવલીમાં ઉલ્લેખિત કાંચિકવ્યાલ હોઈ શકે છે. પ્રબંધચિન્તામણીમાં રાજિના પિતાનું નામ મુંજાલદેવ છે. ઈતિહાસકાર હરિપ્રસાદ શાસ્ત્રીના મત મુજબ એ મુંજાલદેવ અને કાંચિકાવ્યાલ એક જ હતાં અને મુંજાલદેવ એનું નામ તથા કાંચિકાવ્યાલ તેનું બિરુદ હોઈ શકે છે. પ્રબંધચિંતામણિમાં વર્ણિત પ્રસંગના અનુસાર રાજી પોતાના ભાઈઓ સાથે અણહિલવાડપાટન આવ્યાં હતાં. ત્યારે ત્યાંના રાજા સામંતસિંહે તેમની યોગ્યતાને જોઈને પોતાની બહેન લીલાદેવીના લગ્ન રાજી સાથે કર્યા હતાં. મૂળરાજ આ લીલાદેવીનો જ પુત્ર હતાં અને કાલાંતરમાં મૂળરાજ પોતાના મામાનો રાજ્ય હસ્તગત કર્યું અને પાટણમાં ચાલુક્ય વંશની સત્તાની શરૂઆત કરી.*

### 3.3.4 ગુજરાતના ચાલુક્યવંશી શાસકો

1. *મૂળરાજ પ્રથમ (ઈ.સ.* 942-997)
2. *ચામુંડ (ઈ.સ.* 997-1010)
3. *વલ્લભરાજ (ઈ.સ.* 1010-1010)
4. *દુર્લભરાજ (ઈ.સ.* 1010-1022)
5. *ભીમદેવ પ્રથમ (ઈ.સ.* 1022-1064)
6. *કર્ણદેવ(ઈ.સ.* 1064-1094)
7. *જયસિંહ સિદ્ધરાજ (ઈ.સ.* 1094-1143)
8. *કુમારપાળ (ઈ.સ.* 1143-1172)

9. *અજયપાલ (ઇ.સ.* 1172-1176)

10. *મળરાજ બીજો (ઇ.સ.* 1176-1178)

11. *ભીમ બીજો (ઇ.સ.* 1178-1242)

12. *ત્રિભુવનપાલ (ઇ.સ.* 1242-1244)

### 3.3.5 ગુજરાતના ચાલુક્ય શાસકોની સિદ્ધિઓ

### 1. મૂળરાજ પ્રથમ

*મૂળરાજ પ્રથમે પ્રતિહારો અને રાષ્ટ્રકૂટ શાસકોના અંદરોઅંદરનાં સંઘર્ષનો લાભ લઈ ગુજરાતમાં પોતાના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. વડનગર પ્રશસ્તિના અનુસાર મૂળરાજે ચપોત્કટ વંશ પર અધિકાર મેળવ્યો હતો. દ્વયાશ્રયકાવ્યના મુજબ આ સમયમાં સૌરાષ્ટ્ર પ્રતિહાર નરેશ મહીપાલનો સામન્ત ધરણિવરાહના અધિકારમાં હતાં. મૂલરાજે ધરણિવરાહને પરાસ્ત કર સૌરાષ્ટ્ર પર અધિકાર મેળવ્યો. મૂળરાજનો સંઘર્ષ સપાદલક્ષના શાસક વિગ્રહરાજ અને લાટના શાસક વારપ્પ સાથે થયો. વારપ્પની સરખામણી કલ્યાણીના ચાલુક્ય શાસક તૈલપના સેનાપતિ સાથે પણ કરવામાં આવે છે. પ્રબન્ધ ચિન્તામણીથી જાણવા મળે છે કે વારપ્પ અને વિગ્રહરાજ સાથે મળીને મૂળરાજ પર આક્રમણ કર્યું હતું. આ સંઘર્ષમાં મૂળરાજ પરાજિત થાય છે અને મૂળરાજ વિગ્રહરાજ સાથે સંધિ કરી લે છે. મૂળરાજના પુત્ર ચામુણ્ડરાજ વારપ્પ સાથે સંઘર્ષ કરે છે અને દ્વયાશ્રયકાવ્ય મુજબ ચામુણ્ડરાજ વારપ્પની હત્યા કરી નાખે છે પરંતુ કીર્તિકૌમુદી મુજબ વારપ્પની હત્યા મૂળરાજ પોતે કરે છે. આ સમય સુધી મૂલરાજે સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પોતાના રાજ્યનો વિસ્તાર કરે છે. માલવાના પરમાર શાસક મુંજ સાથે પણ મૂળરાજના સંઘર્ષના પ્રમાણ મળે છે. આ સંઘર્ષમાં મૂળરાજનો પરાજય થાય છે અને તેઓ મારવાડનાં રાજ્યમાં શરણ લે છે. પરંતુ પછી મૂળરાજ પોતાનો રાજ્ય મેળવી લે છે. કલચુરી શાસક લક્ષ્મણરાજ સાથે પણ મૂળરાજના સંઘર્ષના પ્રમાણ મળે છે. રાષ્ટ્રકૂટ નરેશ ધવલના બીજાપુરના લેખ મુજબ મૂળરાજે આબુના પરમાર શાસક ધરણિવરાહને હરાવ્યો હતો. આમ મૂળરાજ ગુજરાતમાં ચાલુક્યોની સત્તાની સ્થાપના અને પ્રસાર કરવામાં સફળ રહે છે.*

### 2. ચામુંડરાજ વલ્લભરાજ અને દુર્લભરાજ

*મૂળરાજ પછી તેમનો પુત્ર ચામુંડરાજ ગાદીએ આવ્યો. તેમના ટૂંકા સમયના શાસન કાળ દરમ્યાન તેઓ પરમાર શાસક સિન્ધુરાજ વિરૂદ્ધ સંઘર્ષમાં સફળતા મેળવી હતી પરંતુ લાટ પ્રદેશ પર અધિકાર કરવામાં નિષ્ફળ નીવડ્યો હતાં. ત્યાં વારપ્પના પુત્ર ગોગ્ગિરાજે પુનઃ પોતાની સત્તાની સ્થાપના કરી હતી. કલચુરી નરેશ કોક્કલે ચામુણ્ડરાજને પરાજિત કર્યો હતાં. ચામુંડરાજ પછી તેમનો પુત્ર વલ્લભરાજ બહુ જ ઓછા સમય માત્ર છ માસ માટે ગાદીએ આવ્યો હતો. અને તેનું મૃત્યુ થયું. તેમના પછી ચામુંડરાજનો બીજો પુત્ર દુર્લભરાજ ગાદીએ આવ્યો. દુર્લભારાજના સમયમાં લાટ પ્રદેશનો શાસક કીર્તિપાલ હતો. દુર્લભરાજે કીર્તિપાલને પરાસ્ત કરીને લાટ પ્રદેશ પર અધિકાર મેળવ્યો હતો. નાડોલના ચાહમાન શાસક મહેન્દ્રે પોતાની બહેનના લગ્ન સ્વયંવર દ્વારા કર્યા હતાં. દ્વયાશ્રયકાવ્ય*

મુજબ દુર્લભરાજે નાડોલની રાજકુમારી સાથે લગ્ન કર્યા હતાં. દુર્લભરાજ પોતે અપુત્ર હતાં એટલે તેમના ભાઈ નાગરાજના પુત્ર ભીમને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો હતો.

### 3. ભીમદેવ પ્રથમ

ભીમદેવ ગુજરાતના ચાલુક્ય વંશનો શક્તિશાળી શાસક હતો. તેને કલચુરી નરેશ કર્ણ સાથે મળીને માળવાના પરમાર શાસક ભોજ વિરૂદ્ધ અભિયાન કર્યું. આ યુદ્ધમા ભોજની પરાજય થયો હતો અને ભીમદેવે ધાર નગરીની લૂંટ કરી હતી. આ જ સમયમાં કલ્યાણીના ચાલુક્ય શાસક સોમેશ્વરે પણ ભોજ વિરૂદ્ધ અભિયાન કર્યું હતું. યુદ્ધ દરમ્યાન જ ભોજનું મૃત્યુ થયું. ભોજના મૃત્યુ પછી ભીમદેવ અને કર્ણ વચ્ચે સંબંધો બગડ્યા. સંભવ છે કે ધાર નગરીની લૂંટમાં મળેલ સંપત્તિની વહેંચણીના પ્રશ્ન પર બન્નેના સંબંધો બગડ્યા હતાં. ભીમદેવે કર્ણના વિરૂદ્ધ સંઘર્ષમાં પરમાર શાસક અને ભોજના ઉત્તરાધિકારી જયસિંહ બીજાની મદદ પ્રાપ્ત કરી અને કર્ણને પરાસ્ત કર્યો. હેમચન્દ્રના અનુસાર ભીમદેવે સિન્ધના રાજ્ય પર આક્રમણ કર્યું અને ત્યાંના શાસક હમ્મુકને પરાસ્ત કર્યો. આબુના શાસક ધન્ધુકે ભીમદેવની સત્તાને પડકાર આપ્યો ત્યારે ભીમદેવે આબુ પર પુનઃ અધિકાર મેળવ્યો. નાડોલના શાસકો સાથે પણ ભીમદેવનો સંઘર્ષ થયો પરંતુ ભીમદેવ આ સંઘર્ષમાં નિષ્ફળ નિવડ્યો હતો. ભીમદેવના સમયની સૌથી મહત્ત્વપૂર્ણ ઘટના મહમ્મદ ગઝનીનું સોમનાથ આક્રમણ છે. ગઝનીના આક્રમણ સમયે ભીમદેવે પ્રત્યક્ષ સંઘર્ષ કરવાનું ટાળ્યું અને પલાયન કરી ગયો. ગઝનીએ સોમનાથની લૂંટ કરી અને પરત ફરતી ફોજને માર્ગમાં આંતરવાનો વ્યૂહ ભીમદેવે રચ્યો હતો પરંતુ ગઝનીએ માર્ગ બદલતા ભીમદેવ આ યોજનામાં સફળ થયો ન હતો. ભીમદેવે સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ કરાવ્યું હતું. ભીમદેવના સમયમાં જ તેમના સામન્ત વિમલે આબુમાં પ્રસિદ્ધ દેલવાડાના મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

### 4. કર્ણદેવ

ભીમદેવ પછી તેમનો પુત્ર કર્ણ ગાદીએ આવ્યો. પ્રબન્ધ ચિન્તામણીથી જાણવા મળે છે કે કર્ણદેવે આશાપલ્લીના ભીલ રાજા આશાના વિરૂદ્ધ વિજય મેળવ્યો હતો. કર્ણે કલ્યાણીના ચાલુક્ય નરેશ સોમેશ્વર બીજાની સહાયતાથી માલવા પર આક્રમણ કર્યું અને જયસિંહ પરમારને પરાસ્ત કરી માળવા પર અધિકાર મેળવ્યો પરંતુ જયસિંહના ઉત્તરાધિકારી ઉદયાદિત્યે શાકમ્ભરી નરેશ વિગ્રહરાજ ત્રીજાની મદદથી કર્ણને પરાસ્ત કરી માળવા પર પુનઃ અધિકાર મેળવ્યો હતો. કર્ણદેવે કર્ણાવતી નગરી, ત્યાં કર્ણેશ્વર મંદિર અને કર્ણસાગરનું નિર્માણ કરાવ્યું હતું. તેણે અણહિલવાડમાં કર્ણમેરૂ મંદિરનું પણ નિર્માણ કરાવ્યું હતું.

### 5. સિદ્ધરાજ જયસિંહ

કર્ણદેવ પછી તેમનો પુત્ર જયસિંહ શાસક બન્યો. તેણે સિદ્ધરાજની ઉપાધિ ધારણ કરી હતી.સિદ્ધરાજ જયસિંહ ગુજરાતના ચાલુક્ય વંશનો સૌથી પ્રતાપી શાસક હતો. જયસિંહે સૌરાષ્ટ્રના આભીર શાસક નવઘનના વિરૂદ્ધમાં સફળતા મેળવી હતી. મેરૂતુંગના

મુજબ નવધને અગિયાર યુદ્ધોમાં ચાલુક્ય સેનાને હરાવી હતી. પરંતુ બારમા યુદ્ધમાં જયસિંહ પોતે આવ્યો. અને આ યુદ્ધમાં નવધનની હાર થઈ. જયસિંહે સજ્જનને સૌરાષ્ટ્રનો દંડાધિપતિ નિયુક્ત કર્યો હતો. જયસિંહના સમયમાં પરમાર-ચાલુક્ય સંઘર્ષ ચાલું રહ્યો. જયસિંહે માળવાના પરમાર નરેશ નરવર્મનને હરાવ્યો હતો. નરવર્મનના પુત્ર યશોવર્મનને પણ જયસિંહે હરાવ્યો હતો અને માળવામાં મહાદેવ નામક બ્રાહ્મણને પોતાનો રાજા બનાવ્યો હતો. આ ઉપલક્ષમાં જયસિંહે અવન્તિનાથની ઉપાધિ પણ ધારણ કરી હતી. જયસિંહનો સંઘર્ષ શાકમ્ભરીના ચાહમાન શાસકો સાથે પણ થયો હતો. આ સમયમાં શાકમ્ભરીમાં અર્ણોરાજ શાસક હતો. જયસિંહે અર્ણોરાજને હરાવ્યો પરંતુ પછી બન્ને વચ્ચે સન્ધિ થઈ અને જયસિંહે પોતાની પુત્રીના લગ્ન અર્ણોરાજ સાથે કર્યા. જયસિંહના સમયમાં નાડોલના ચાહમાન શાસક જોજલ્લે જયસિંહ પર આક્રમણ કર્યું હતું. અને અણહિલવાડ પર અધિકાર મેળવ્યો હતો. પરંતુ જોજલ્લનો આ વિજય અલ્પ સમયનો હતો. જયસિંહે ટુંક સમયમાં જ પાટનગર પરત લઈ લીધું. જોજલ્લ પછી નાડોલમાં ઉત્તરાધિકાર માટેનો સંઘર્ષ થયો અને આ સંઘર્ષનો લાભ જયસિંહે લીધો અને આશારાજને પોતાની અધીનતા સ્વીકારવા માટે વિવશ કર્યો. કુમારપાલચરિતથી જાણવા મળે છે કે જયસિંહે મહોબાના ચંદેલ શાસક મદનવર્માને હરાવ્યો. જયસિંહના સમયમા ચાલુક્ય રાજય ઉત્કર્ષ પર હતું. જયસિંહ કલા અને વિદ્યાપ્રેમી હતો. તેમણે હેમચન્દ્રનું સન્માન કર્યું હતું. સિદ્ધપુરમાં રૂદ્રમહાલય, પાટનમાં સહસ્ત્રલિંગ તાલાબનો નિર્માણ તેણે કરાવ્યું હતું.

**6. કુમારપાળ**

જયસિંહને કોઈ પુત્ર ન હતો. તેથી તે પોતાના મંત્રી ઉદયનના પુત્ર બાહડને પોતાનો ઉત્તરાધિકારી બનાવના ઈચ્છતો હતો. પરંતુ તેમના પછી તેમના જ વંશના કુમારપાળ ગાદીએ આવ્યો. કુમારપાળ બકુલાદેવી નામક નર્તકીનો પુત્ર હતો. એટલે તેમના નીચા કુળના કારણે જયસિંહ પોતે કુમારપાળને ઈચ્છતો ન હતો. જયસિંહના સમયમાં જ કુમારપાળ અજ્ઞાતવાસમાં જતો રહ્યો હતો. અને ત્યાં તેમણી મુલાકાત જૈનાચાર્ય હેમચન્દ્ર સાથે થઈ. હેમચન્દ્રની અને પોતાના બનેવી કૃષ્ણદેવની સહાયતાથી કુમારપાળ જયસિંહ પછી શાસક બન્યો હતો. કુમારપાલ શાસક બન્યા પછી સૌપ્રથમ પોતાના રાજ્યના આંતરીકે ઉપદ્રવોને શાંત કર્યા હતાં. પછી તેનો પ્રથમ સંઘર્ષ ચાહમાન શાસક અર્ણોરાજ સાથે થયો હતો. અર્ણોરાજ બાહડની સહાયતા કરવા માટે કુમારપાળ પર આક્રમણ કર્યું હતું.પરંતુ કુમારપાળે તેને હરાવ્યો અને અર્ણોરાજે પોતાની પુત્રી જલ્હણાદેવીના લગ્ન કુમારપાળ સાથે કર્યા. કુમારપાળે આબુ, નાડોલ અને ચિત્તોડ઼ માં પોતાના સામન્તોની નિયુક્તિ કરી હતી. અર્ણોરાજનો ઉત્તરાધિકારી વિગ્રહરાજ ચોથાએ ગુજરાતના ચાલુક્યોના પ્રભાવથી મુક્તિ માટેના પ્રયત્નો કર્યો અને ચિત્તોડ઼ ના સામન્ત સજ્જન પર આક્રમણ કરીને તેની હત્યા કરી નાખી અને ચાલુક્યો દ્વારા પૂર્વના પ્રદેશો પુનઃ મેળવ્યા. ચૌહાણ લેખો જણાવે છે કે વિગ્રહરાજે કુમારપાળને પણ હરાવ્યો હતો. છેલ્લે બન્ને રાજ્યોમાં સન્ધિ થઈ ગઈ હતી. કીર્તિકૌમુદીથી જાણવા મળે છે કે કુમારપાળે માળવાના નરેશ બલ્લાલને હરાવ્યો હતો. અને માળવા પર પોતાનો અધિકાર સ્થાપ્યો

હતો. શિલાહાર વંશના મલ્લિકાર્જુનને પણ કુમારપાળે હરાવ્યો હતો. કુમારપાળચરિતથી જાણવા મળે છે કે કુમારપાળે આબુના પરમાર શાસક વિક્રમસિંહને હરાવીને ત્યાં પોતાના ભાણેજ યશોધવલને રાજા બનાવ્યો. સૌરાષ્ટ્રમાં સુમ્બર નામક રાજા સાથે સંઘર્ષનો ઉલ્લેખ પણ પ્રબન્ધચિન્તામણીમાં મળે છે. જેમાં સુમ્બરની હાર થાય છે અને તેના સ્થાન પર સુમ્બરના પુત્રને રાજા બનાવે છે જે ચાલુક્યોની અધીનતા સ્વીકારી લે છે. સૌરાષ્ટ્રનો આ વિજય માટે તેમની સહાયતા નાડોલના ચાહમાન શાસક આલ્હાદાન કરે છે. મહાવીરચરિતના વર્ણનથી જાણવા મળે છે કે કુમારપાળનું રાજ્ય ઉત્તરમાં તુરૂષ્ક દેશ સુધી, દક્ષિણમાં વિન્ધ્યાચલ સુધી, પૂર્વમાં ગંગા નદી સુધી અને પશ્ચિમમાં સિન્ધુ, માળવા. કીર, કોંકણ, જાંગલક, સપાદલક્ષ, મેવાડ સુધી વિસ્તર્યું હતું. કુમારપાળ પોતે જૈન ધર્મનો અનુયાયી હતો. અને તેણે પોતાના રાજ્યમાં હિંસા અને બલી પર પ્રતિબન્ધ મૂક્યા હતા.

**7. અન્ય શાસકો**

કુમારપાળ પછી અજયપાલ, મૂળરાજ બીજો, ભીમદેવ બીજો અને ત્રિભુવનપાલ ચાલુક્ય વંશના શાસક હતાં. તેમના સમયમાં ચાલુક્યોની સત્તાનું પતન શરૂ થયું અને છેલ્લે ત્રિભુવનપાલ પછી ગુજરાતમાં ચાલુક્ય સત્તાનો અંત આવ્યો. અને વાઘેલા વંશના શાસનની શરૂઆત થઈ.

## 3.4 રાષ્ટ્રકૂટ વંશ

રાષ્ટ્રકૂટ વંશ ઉત્તર અને દક્ષિણ ભારતનાં મધ્યમાં દક્કનના પ્રદેશમાં એક પ્રમુખ રાજવંશ હતાં. જેમણે ઉત્તર અને દક્ષિણ ભારતમાં પોતાની સત્તાનો પ્રસાર કર્યો હતો. ઉત્તર ભારતનાં રાજવંશો ગૂર્જર-પ્રતિહાર, પરમાર, પાલ, આયુધો, દક્ષિણ ભારતનાં ચાલુક્યો, પલ્લવો સાથે તેમનો સતત સંઘર્ષ થતો રહ્યો. દખ્ખણમાં સાતમી સદીથી દસમી સદી સુધીના સમયમાં રાષ્ટ્રકૂટોનો પ્રભુત્વ રહ્યું હતું.

### 3.4.1 રાષ્ટ્રકૂટ વંશના ઈતિહાસ જાણવાનાં સાધનો

રાષ્ટ્રકૂટોનો ઈતિહાસ જાણવા માટે મુખ્યત્વે રાષ્ટ્રકૂટ શાસકોના અભિલેખો મહત્ત્વના સાધનો છે. સાથે જ સાહિત્યિક સાધનો પણ રાષ્ટ્રકૂટોનો ઈતિહાસ માટે સહાયક સામગ્રી છે. રાષ્ટ્રકૂટ લેખોમાં દન્તિદૂર્ગના એલોરા અને સામન્તગઢના તામ્રપત્રાભિલેખ, ગોવિન્દ ત્રીજાના રાધનપુર, વનિદિન્દોરી અને વડોદરાના લેખ, અમોઘવર્ષ પ્રથમના સંજન અભિલેખ, ઈન્દ્ર ત્રીજાના કમલપુર અભિલેખ, ગોવિન્દ ચોથાના કામ્બે અને સંગલીના લેખ, કૃષ્ણ ત્રીજાના કોલ્હાપુર, દેવલી અને કર્નાટિના લેખ પ્રમુખ છે. સાથે જ ગૂર્જર-પ્રતિહારોના, પાલ શાસકોના, ચાલુક્યોના અભિલેખો પણ રાષ્ટ્રકૂટ વંશના ઈતિહાસ પર પ્રકાશ પાડે છે. સાહિત્યિક સાધનોમાં જિનસેન કૃત આદિપુરાણ, મહાવિરાચાર્ય કૃત ગણિતસારસંગ્રહણ, અમોઘવર્ષ કૃત કવિરાજમાર્ગ મહત્ત્વના ગ્રન્થો છે.

### 3.4.2 રાષ્ટ્રકૂટોની ઉત્પત્તિ

*રાજપૂત કુલોની જેમ જ રાષ્ટ્રકૂટોની ઉત્પત્તિ વિશે પણ ઈતિહાસકારોમાં ઘણા મતભેદ જોવા મળે છે. રાષ્ટ્રકૂટોની ઉત્પત્તિ વિશે ઈતિહાસકારો નીચે મુજબના મંતવ્યો રજૂ કરે છે -*

- *ચન્દ્રવંશી - રાષ્ટ્રકૂટોના કેટલાંક અભિલેખો તેમને ચન્દ્રવંશી બતાવે છે.*
- *યદુવંશી – ભગવાનલાલ ઈન્દ્રજી રાધનપુર અભિલેખના આધારે રાષ્ટ્રકૂટોને યદુવંશી માને છે. રાધનપુર અભિલેખમાં રાષ્ટ્રકૂટ નરેશ ગોવિન્દ ત્રીજાની સરખામણી યદુવંશી કૃષ્ણ સાથે કરવામાં આવી છે. એક અન્ય અભિલેખમાં પણ દન્તિદુર્ગને યદુવંશની સાત્યકિ શાખાનો બતાવવામાં આવ્યો. છે.*
- *આર.જી.ભંડારકર કૃષ્ણ ત્રીજાના કરહદ અને દેવલી તામ્રલેખોના આધારે માને છે કે રાષ્ટ્રકૂટો રટ્ટ નામક રાજાનાં સંતાનો હતાં. રટ્ટ તુંગ નામક રાજાના સંતાન હતાં એટલે રાષ્ટ્રકૂટોનો આદિપુરુષ રટ્ટ હતાં અને તેઓ તુંગ કુળના હતાં.*
- *આન્ધ્રના રેડ્ડી વંશ – બર્નેલનો મત છે કે રાષ્ટ્રકૂટો વર્તમાન રેડ્ડીઓના પૂર્વજ હતાં એટલે તેઓ તેલુગુમૂળના હતાં.*
- *મરાઠાના પૂર્વજો –સી.વી. વૈદ્યના મત અનુસાર રાષ્ટ્રકૂટો મરાઠાના પૂર્વજ હતાં.*
- *પદ દ્વારા સર્જિત વંશ (અલ્તેકર, નીલકંઠ શાસ્ત્રી, મજૂમદાર જેવા ઈતિહાસકારો માને છે રાષ્ટ્રકૂટ શબ્દ પદનો સૂચક છે. જેમનો અર્થ છે પ્રાન્તના પ્રધાન. અલ્તેકરના મત મુજબ રાષ્ટ્રકૂટો રઠિક અથવા મહારઠીઓનાં સંતાન હતાં. રાષ્ટ્રકૂટ અથવા ગ્રામકૂટ શબ્દોનો અર્થ પ્રાન્તપતિ અથવા ગ્રામપતિ થાય છે. શરૂઆતમાં તેઓ પ્રાન્તીય અધિકારી હતાં અને પછી એ પદ જ્ઞાતિના રૂપમાં સંગઠિત થઈ ગયો. અશોકના અભિલેખોમાં રઠિકોને પશ્ચિમ ભારતનાં નિવાસીઓના રૂપમાં બતાવવામાં આવ્યું છે. સાતવાહન રાની નયનિકાના નાનાઘાટ અભિલેખમાં પણ મહારઠી વંશનો ઉલ્લેખ છે. ખણ્ડગિરી અભિલેખથી જાણવા મળે છે કે કલિંગ નરેશ ખારવેલે પશ્ચિમી ભારત પર આક્રમણ કરીને રઠિકોની સંપત્તિ લૂંટી હતી. એટલે રઠિક પ્રાંતપતિ હતાં અને કાલાંતરમાં એ પદ જ્ઞાતિના રૂપમાં વિકસિત થઈ ગયો જે પછી રાષ્ટ્રકૂટ થયાં.*

### 3.4.3 રાષ્ટ્રકૂટોનો પ્રારમ્ભિક ઈતિહાસ

*રાષ્ટ્રકૂટ અભિલેખો અને સિક્કાઓના આધારે એ.એસ.અલ્તેકર જણાવે છે કે રઠિક અને મહારઠી કુલ મહારાષ્ટ્ર અને કર્ણાટકના પ્રદેશમાં સામન્તો હતાં. અભિલેખોમાં તેમને લટ્ટલૂરપુરવરાધીશ કહેવામાં આવ્યું છે. અર્થાત લટ્ટલૂરના સ્વામી. લટ્ટલૂર વર્તમાનનો લાટૂર છે જે કન્નડ઼ ભાષી પ્રદેશ છે. આ કુળના લોકો ચાલુક્યોના પ્રાન્તપતિ હતાં. ઉત્તર અને દક્ષિણ ભારતમાં રાષ્ટ્રકૂટોની વિભિન્ન શાખાઓ મળે છે. માનપુરના રાષ્ટ્રકૂટ, એલિચપુરના રાષ્ટ્રકૂટોનો પણ ઉલ્લેખ થાય છે. ઈ.સ.631ના સમયગાળામાં એલિચપુરમાં રાષ્ટ્રકૂટ નરેશ નન્દરાજનો ઉલ્લેખ થયો છે. નન્દરાજ પછી દન્તિવર્મા રાષ્ટ્રકૂટોનો શાસક બન્યો જે સંભવતઃ ઉત્તરી દક્ષિણાપથમાં બાદામીના ચાલુક્યોનો સામન્ત*

*હતો. દન્તિવર્માનો શાસનકાલ ઈ.સ.* 650 *થી* 670 *વચ્ચે માનવામાં આવે છે. દન્તિવર્મા પછી ઈન્દ્ર (ઇ.સ.* 670-690), *ગોવિન્દરાજ (ઈ.સ.* 690-700), *કર્ક પ્રથમ (ઇ.સ.* 700-715), *ઈન્દ્ર પ્રથમ (ઈ.સ.* 715-735) *રાષ્ટ્રકૂટોના શાસક થયાં. તેમના પછી દન્તિદુર્ગ ગાદીએ આવ્યો. તે ચાલુક્ય નરેશ વિક્રમાદિત્ય બીજાનો સામન્ત હતો. પરંતુ કાલાન્તરમાં માન્યખેટમાં પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરવામાં તે સફળ રહ્યો.*

### 3.4.4 રાષ્ટ્રકૂટ શાસકો

1 *દન્તિવર્મન* (650-670)
2 *ઈન્દ્ર પ્રથમ* (670-690)
3 *ગોવિન્દ પ્રથમ* (690-710)
4 *કર્ક પ્રથમ* (700-715)
5 *ઈન્દ્ર બીજો* (715-735)
6 *દન્તિદુર્ગ* (735-756)
7 *કૃષ્ણ પ્રથમ* (756-773)
8 *ગોવિન્દ બીજો* (773-780)
9 *ધ્રુવ* (780-793)
10 *ગોવિન્દ ત્રીજો* (793-814)
11 *અમોઘવર્ષ પ્રથમ* (814-878)
12 *કૃષ્ણ બીજો* (878-914)
13 *ઈન્દ્ર ત્રીજો* (914-929)
14 *અમોઘવર્ષ બીજો* (929-930)
15 *ગોવિન્દ ચોથો* (930-936)
16 *અમોઘવર્ષ ત્રીજો* (936-939)
17 *કૃષ્ણ ત્રીજો (*939-967)
18 *ખોટ્ટિગ* (967-972)
19 *કર્ક બીજો* (972-914)

### 3.4.5 રાષ્ટ્રકૂટ શાસકોની સિદ્ધિઓ

#### 1 દન્તિદુર્ગ

*દન્તિદુર્ગ શરૂઆતમાં ચાલુક્ય શાસક વિક્રમાદિત્ય બીજાનો સામન્ત હતાં પરંતુ વિક્રમાદિત્યનાં મૃત્યુ પછી કીર્તિવર્મનના સમયમાં પોતાની સ્વતંત્રતાની ઘોષણા કરી. પરિમાણસ્વરૂપ કીર્તિવર્મને દન્તિદુર્ગ પર આક્રમણ કર્યું પરંતુ ચાલુક્યોની હાર થઈ. ચાલુક્યોના સામન્ત રૂપમાં દન્તિદુર્ગે આરબ આક્રમણોનો સફળ પ્રતિરોધ કર્યો હતાં ત્યારે વિક્રમાદિત્ય બીજાએ તેમને ખડ્ગાવલોક તથા પૃથ્વીવલ્લભની ઉપાધી પ્રદાન કરી હતી. દશાવતાર અને સમનગર અભિલેખોથી જાણવા મળે છે કે સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કર્યા*

*પછી દન્તિદુર્ગે કલિંગ, શ્રીશૈલ, કૌસલ, માલવા, લાટ, ટંક અને સિંધના રાજાઓને હરાવ્યા હતાં. તેમને મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારકની ઉપાધિ ધારણ કરી હતી. ચિત્તલદુર્ગ અભિલેખથી જાણવા મળે છે કે તેઓ નિઃસંતાન હતાં અને તેમની મૃત્યુ પછી તેમના કાકા કૃષ્ણ પ્રથમ રાષ્ટ્રકૂટ શાસક બન્યા હતાં.*

**2 કૃષ્ણ પ્રથમ**

*દન્તિદુર્ગના મૃત્યુ પછી કૃષ્ણ પ્રથમે સત્તા મેળવી. વેગ્રુમા દાનપત્રના આધારે વી.એ. સ્મિથ અને સી.વી વૈદ્ય જેવા ઈતિહાસકારો કહે છે કે કૃષ્ણ પ્રથમે દન્તિદુર્ગની હત્યા કરીને શાસન મેળવ્યું હતું. પરંતુ આ માન્યતા હવે ખોટી સિદ્ધ થઈ છે કેમ કે જે દાનપત્રનો દાખલો આપવામાં આવ્યો છે. તેના અશુદ્ધ પઠનના કારણે એવી માન્યતા ઊભી થઈ હતી. કૃષ્ણ પ્રથમે રાજગાદી પર આવ્યાં પછી લાટના શાસક કર્ક બીજાએ વિદ્રોહ કર્યો પરંતુ કૃષ્ણ પ્રથમે આ વિદ્રોહને શાંત કરી લાટ પ્રદેશ પર પુનઃ અધિપત્ય સ્થાપિત કર્યું. વેગ્રમા દાનપત્રથી જાણવા મળે છે કે કૃષ્ણ પ્રથમે રાહપ્પ નામના શાસકને હરાવ્યો હતો. ઈતિહાસકાર ડી.સી. સરકારના અનુસાર ચાલુક્ય નરેશ કીર્તિવર્મન બીજો જ એ રાહપ્પ છે.કૃષ્ણ પ્રથમે ઈ.સ. 760માં કીર્તિવર્મન બીજાને હરાવીને બાદામીના ચાલુક્યોની સત્તાનો અંત કર્યો હતો. તેણે શિલાહાર વંશના સ્થાપક સણફુલ્લને પોતાનો સામન્ત બનાવ્યો, મૈસૂરના ગંગ વંશી શાસક શ્રીપુરુષને હરાવ્યો અને પાટનગર માન્યપુર કબ્જે કરી, વેંગીના ચાલુક્ય નરેશ વિષ્ણુવર્ધન ચોથાને હરાવી ચાલુક્ય રાજ્ય પર અધિકાર કર્યો. કૃષ્ણ પ્રથમ વિજેતાના સાથે સાથે કલા અને સાહિત્યનો સંરક્ષક પણ હતો. તેણે એલોરાના પ્રસિદ્ધ કૈલાશ મન્દિરનું નિર્માણ કરાવ્યું હતું. રાજવાર્તિકના લેખક પ્રસિદ્ધ જૈનાચાર્ય અકલંક ભટ્ટ તેમના સંરક્ષણમાં હતાં.*

**3 ધ્રુવ**

*કૃષ્ણ પ્રથમ પછી ગોવિન્દ બીજો ગાદીએ આવ્યો. પરંતુ ગોવિન્દ બીજા અને ધ્રુવ વચ્ચે ઉત્તરાધિકાર માટે સંઘર્ષ થયો અને ઈ.સ. 780માં ધ્રુવે ગોવિન્દ બીજાને હરાવીને પોતે સત્તા પ્રાપ્ત કરી. સત્તા મેળવ્યા પછી તરત જ ધ્રુવે દક્ષિણના ગંગવાડી પ્રદેશના ગંગવંશી શાસક શિવમાર પર આક્રમણ કર્યું અને તેને હરાવ્યો. તેના પછી પલ્લવ શાસક દન્તિવર્મા પર આક્રમણ કર્યું અને તેને હરાવ્યો. દક્ષિણમાં જ વેંગીના ચાલુક્ય નરેશ વિષ્ણુવર્દ્ધન ચોથાને પણ પોતાની અધિનતા સ્વીકારાઈ. દક્ષિણનાં આ વિજય ઉપરાન્ત તેમણે ઉત્તર તરફ ધ્યાન આપ્યું. ઉત્તરમાં કન્નૌજ પર અધિકાર મેળવવા માટે બંગાળના પાલો અને ગૂર્જર-પ્રતિહારો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો હતો. આ સંઘર્ષમાં ધ્રુવે પણ રસ લીધો અને સૌપ્રથમ પ્રતિહાર નરેશ વત્સરાજ પર આક્રમણ કરીને તેને હરાવ્યો. પછી પાલ શાસક ધર્મપાલને હરાવ્યો અને કન્નૌજ પર અધિકાર મેળવ્યો પરંતુ ટુંક સમયમાં જ ત્યાંથી પરત પોતાના રાજ્યમાં આવી ગયો. ધ્રુવે નિરૂપમ, કાલિવલ્લભ, શ્રીવલ્લભ, ધારાવર્ષ જેવી ઉપાધિઓ ધારણ કરી હતી.*

**4 ગોવિન્દ ત્રીજો**

ધ્રુવના ચાર પુત્રોમાં કર્કનું મૃત્યુ ધ્રુવના સમયમાં જ થયું હતું. તેમના પછી સ્તમ્ભ, ગોવિન્દ તથા ઈન્દ્ર હતાં. ધ્રુવ ગોવિન્દને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો અને સ્તમ્ભને ગંગવાડીનો, ઈન્દ્રને લાટ પ્રદેશનાં રાજ્યપાલ નિયુક્ત કર્યો. સ્તમ્ભ ગોવિન્દનો મોટો ભાઈ હતાં એટલે તેને સત્તા પ્રાપ્ત કરવાની મહેચ્છા હતી. પરંતુ ધ્રુવના નિર્ણયને સ્વીકારીને તેઓ પ્રદેશમાં જતો રહ્યો. ગોવિન્દ ત્રીજાના સત્તા પ્રાપ્ત કર્યાના એક જ વર્ષ પછી સ્તમ્ભે દક્ષિણનાં રાજ્યો સાથે એક સંઘનું નિર્માણ કર્યું અને વિદ્રોહની તૈયારી કરી. આ બાર રાજાઓના સંઘ વિશે ગોવિન્દ ત્રીજાને ખબર પડ઼ી અને તેઓ આ વિદ્રોહના દમન માટે ગંગવાડી પહોંચ્યો અને યુદ્ધમાં સ્તમ્ભ અને બાર રાજાઓના સંઘને પરાસ્ત કર્યો. ગોવિન્દે પરાજિત સ્તમ્ભ સાથે સહાનુભૂતિ પૂર્વક વ્યવહાર કર્યો અને તેને ગંગવાડીનો ઉપરાજા બનાવ્યો સાથે જ ભાઈ ઈન્દ્રને લાટ પ્રદેશનો ઉપરાજા બનાવ્યો. ગંગવાડી વિજય પછી કાંચીના પલ્લવ શાસક દન્તિવર્માને હરાવ્યો અને સંપૂર્ણ દક્ષિણ પર રાષ્ટ્રકૂટોની સત્તા સ્થાપી. દક્ષિણના આ અભિયાન પછી ગોવિન્દ ઉત્તર તરફ ધ્યાન આપ્યું. ઉત્તરમાં પ્રતિહાર શાસક નાગભટ્ટ અને પાળ શાસક ધર્મપાલ વચ્ચે કન્નૌજ માટે સંઘર્ષ ચાલું હતાં. ગોવિન્દે સૌપ્રથમ નાગભટ્ટ વિરૂદ્ધ અભિયાન કર્યું અને બુન્દેલખણ્ડના વિસ્તારમાં નાગભટ્ટને હરાવ્યો. નાગભટ્ટની આ પરાજયથી ધર્મપાળે ગોવિન્દ ત્રીજા સમક્ષ સમર્પણ સ્વીકાર કર્યો અને કન્નૌજના શાસક ચક્રાયુદ્ધ પણ ગોવિન્દની સત્તાને સ્વીકારી લીધી. જ્યારે ગોવિન્દ ઉત્તરના અભિયાન પર હતો ત્યારે દક્ષિણનાં રાજ્યો તેના વિરૂદ્ધ એક સંઘ બનાવ્યો અને પલ્લવ, પાણ્ડ્ય, ચોલ, કેરલ અને ગંગ રાજ્યો મળીને ગોવિન્દના રાજ્ય પર આક્રમણ કર્યું. તુંગભદ્રા નદીના કિનારે ગોવિન્દે આ સંઘને હરાવ્યો અને સંઘના બધાં જ શાસકોએ ગોવિન્દની અધિનતા સ્વીકાર કરી. વેંગીના ચાલુક્ય રાજ્યમાં ઉત્તરાધિકાર માટેના સંઘર્ષમાં ગોવિન્દે રસ લીધો અને વિજયાદિત્યને હરાવ્યો. ચાલુક્ય ભીમેં ગોવિન્દની અધિનતા સ્વીકારી.

**5 અમોઘવર્ષ**

અમોઘવર્ષ જ્યારે શાસક બન્યો ત્યારે ઉંમરમાં નાનો હતો. એટલે ગુજરાતના ઉપરાજા કર્કના સંરક્ષણમાં હતાં. તેમની નાની વયનો લાભ લેવા માટે ચાલુક્ય નરેશ વિજયાદિત્ય બીજાએ વિદ્રોહ કર્યો અને કેટલાંક સામન્તોને પણ પોતાના સાથે કરી લીધા હતાં. અમોઘવર્ષે કર્કના મદદથી આ વિદ્રોહનો દમન કર્યો. ઈ.સ.830માં વેંગી પર આક્રમણ કર્યો અને અધિકાર મેળવ્યો. અમોઘવર્ષનો સંઘર્ષ પાલ શાસકો સાથે થયો. પાળ શાસક નારાયણપાલ હતો. રાષ્ટ્રકૂટ અભિલેખો અમોઘવર્ષની વિજયની વાત કરે છે અને પાળ અભિલેખો નારાયણપાલના વિજયની. પરંતુ ઈતિહાસકારો માને છે કે બન્ને વચ્ચે અનિર્ણાયિક નાની-મોટી લડાઈઓ થઈ હતી. અમોઘવર્ષના શાસન કાલ દરમ્યાન ગંગવંશ સાથે મૈત્રી સંબંધ સ્થાપિત કર્યા અને પોતાની પુત્રીના લગ્ન રાજકુમાર ભૂતુગ સાથે કર્યા. ગુજરાતના પ્રદેશ પર રાષ્ટ્રકૂટોનો અધિકાર હતો. ગુજરાતમાં અકાલવર્ષ અને ધ્રુવ બીજાનું શાસન હતું. અમોઘવર્ષનો સંઘર્ષ ગુજરાતના રાષ્ટ્રકૂટો સાથે પણ થયો. શરૂઆતમાં

*અકાલવર્ષે અમોઘવર્ષને હરાવ્યો પરંતુ અન્તે અમોઘવર્ષની વિજય થઈ. અકાલવર્ષ પછી ધ્રુવ બીજાના સમયમાં બન્ને પક્ષોમાં સન્ધિ થઈ ગઈ હતી. અમોઘવર્ષ એક સામ્રાજ્યવાદી શાસક ન હતો. તે શાંત પ્રકૃતિનો હતો. તેમણે કવિરાજમાર્ગ નામક ગ્રન્થની રચના કરી હતી. તે જૈન મતાવલમ્બી હતો. તેના સમયમાં પ્રસિદ્ધ જૈનાચાર્ય જિનસેને આદિપુરાણની રચના કરી હતી.*

**6 કૃષ્ણ બીજો**

*અમોઘવર્ષ પછી તેમનો પુત્ર કૃષ્ણ બીજો ગાદીએ આવ્યો.. કૃષ્ણ બીજાના પ્રતિહાર નરેશ મિહિરભોજ સાથે, વેંગીના ચાલુક્યો સાથે અને ચોલ નરેશ પરાન્તક સાથે સંઘર્ષો થયાં. મિહિરભોજે નર્મદા નદીના કિનારે કૃષ્ણ બીજાની સૈનાને હરાવી કૃષ્ણે આ પરાજય પછી ફરીથી પોતાની તૈયારી કરી અને લાટ, ચેદીના રાજ્યોની સહાયતા મેળવીને પ્રતિહારો સાથે સંઘર્ષ કર્યો. બેગ્રુમા અભિલેખથી જાણવા મળે છે કે આ યુદ્ધમાં કૃષ્ણ બીજાને સફળતા મળી હતી. કૃષ્ણ બીજાનો સૌથી લાંબો સંઘર્ષ વેંગીના ચાલુક્યો સાથે થયો હતાં. વેંગીના ચાલુક્ય શાસક વિજયાદિત્યે ત્રીજા અને ભીમ પ્રથમ સાથે દીર્ઘકાલીન સંઘર્ષ થયો હતાં. વિજયાદિત્ય કૃષ્ણને હરાવ્યો અને કૃષ્ણ ભાગીને ચેદી રાજ્યમાં શરણ પ્રાપ્ત કરી, છેલ્લે કૃષ્ણે ચાલુક્યોની અધિનતા સ્વીકાર કરી. વિજયાદિત્ય પછી ભીમ પ્રથમના સમયમાં કૃષ્ણે વેંગી પર પુનઃ આક્રમણ કરી અધિકાર કર્યો હતો. કૃષ્ણ બીજાના સંબંધ ચોલ શાસક આદિત્ય પ્રથમ સાથે સારા હતાં. તેણે પોતાની પુત્રીના લગ્ન આદિત્ય પ્રથમ સાથે કર્યા હતાં. પરંતુ આદિત્ય પ્રથમ પછી તેમના ઉત્તરાધિકારી પરાન્તક સાથે તેમના સંબંધો બગડ્યા અને પરાન્તક પર આક્રમણ કર્યું પરંતુ એમાં એની મોટી હાર થઈ. કૃષ્ણ બીજો જૈન ધર્મનો અનુયાયી હતો. પ્રસિદ્ધ જૈનાચાર્ય ગુણભદ્ર એમના ગુરૂ હતાં. ગુણભદ્રે આદિપુરાણના છેલ્લા પાંચ અધ્યાયોની રચના કરી હતી.*

**7 ઈન્દ્ર ત્રીજો**

*કૃષ્ણ બીજાનાં મૃત્યુ પછી તેનો પૌત્ર ઈન્દ્ર ત્રીજો ગાદીએ આવ્યો. આ સમયમાં પ્રતિહારોના સામન્ત માળવાના પરમાર શાસક ઉપેન્દ્રે નાસિક ઉપર આક્રમણ કર્યું. ઈન્દ્ર ત્રીજાએ ઉપેન્દ્રના આ આક્રમણને અસફળ કર્યું અને પરમારોના પાટનગર ઉજ્જયિની પર અધિકાર મેળવ્યો અને ઉપેન્દ્રની પોતાના અધિન સામન્ત તરીકે નિમણૂક કરી. પોતાના પૂર્વવર્તી રાષ્ટ્રકૂટ શાસકોની જેમ જ ઈન્દ્ર ત્રીજાએ પણ કન્નૌજ પર અધિકાર મેળવવા માટેના પ્રયત્નો કર્યા. કન્નૌજ પર પ્રતિહાર શાસકોનો અધિકાર હતો અને આ સમયમાં ત્યાં ઉત્તરાધિકાર માટે સંઘર્ષ થઈ રહ્યો હતો. પ્રતિહાર નરેશ મહેન્દ્રપાલનાં મૃત્યુ પછી તેમના પુત્રો ભોજ બીજા અને મહીપાલ વચ્ચે સંઘર્ષ શરૂ થયો. જેમાં મહીપાલને સફળતા મળી. ઈન્દ્ર ત્રીજાએ ઈ.સ. 916માં મહીપાલ વિરૂદ્ધ અભિયાન કર્યું અને તેને હરાવી કન્નૌજ પર અધિકાર મેળવ્યો. કન્નૌજ પર અધિકાર ઇંદ્ર ત્રીજા સૌથી શ્રેષ્ઠ વિજય તરીકે માનવામાં આવે છે. તે પ્રયાગ અને કાશી સુધી પોતાની સત્તાનો પ્રસાર કર્યો. ટુંક સમયમાં જ તેઓ ત્યાંથી પરત ફર્યો અને એક જ વર્ષમાં મહીપાલે કન્નૌજ પર ફરીથી અધિકાર મેળવી લીધો. એવી*

જ રીતે ઇંદ્ર ત્રીજાએ વેંગી રાજ્ય પર આક્રમણ કરી ત્યાંના શાસક વિજયાદિત્યને વીરજાપુરના યુદ્ધમાં હરાવ્યો અને પોતાના આશ્રિત યુધામલ્લને વેંગીનો શાસક બનાવ્યો. ઈન્દ્ર ત્રીજાના સમયમાં રાષ્ટ્રકૂટોની સત્તા ઉત્તર અને દક્ષિણમાં વિસ્તરી હતી.

**8 કૃષ્ણ ત્રીજો**

ઈન્દ્ર ત્રીજા પછી અમોઘવર્ષ બીજો, ગોવિન્દ ચોથો અને અમોઘવર્ષ ત્રીજો શાસક બન્યા. તેના પછી કૃષ્ણ ત્રીજો ગાદીએ આવ્યો. તે એક સમર્થ અને મહત્ત્વાકાંક્ષી શાસક હતાં. એણે પોતાની આન્તરીકે સ્થિતિ સુદૃઢ કરી દિગ્વિજયની યોજના બનાવી. ઈ.સ.943માં ચોલ શાસક પરાન્તક પર આક્રમણ કર્યું. પ્રથમ પ્રયાસમાં પરાન્તકની વિજય થઈ અને પરાન્તકે વીરચોલની ઉપાધિ ધારણ કરી. પરંતુ બીજા પ્રયાસમાં પરાન્તકની હાર થઈ અને કૃષ્ણ ત્રીજાએ કાંચી, તંજૌર પર અધિકાર મેળવ્યો. ઈ.સ.949માં ચોલ સાથે ફરીથી સંઘર્ષ થયો અને તોક્કલમના યુદ્ધમાં ચોલોની હાર થઈ. તેણે રામેશ્વરમમાં વિજય સ્તમ્ભનું નિર્માણ કરાવ્યું. દક્ષિણનના પાણ્ડ્ય, કેરલ અને લંકાના શાસકોને પણ હરાવ્યા. ઉત્તરમાં કાલિંજર અને ચિત્રકૂટ પર ચન્દેલોનું અધિકાર હતું એ ફરીથી મેળવ્યું. ઈ.સ.963માં માળવાના શાસક સીયકને હરાવી ઉજ્જયિની પર અધિકાર કર્યો. વેંગીના શાસક અમ્મ બીજાને વિરુદ્ધ બાદપની સહાયતા કરી અને શાસક બનાવ્યો કેટલાક સંઘર્ષો પછી અમ્મ વેંગીને છેલ્લે રાષ્ટ્રકૂટોથી મુક્ત કરાવી કવિ પોન્ન અને પુષ્પદન્ત કૃષ્ણ ત્રીજાના સંરક્ષણમાં હતાં. પોન્ને શાન્તિપુરાણની અને પુષ્પદંન્તે જ્વાલામાલિનીકલ્પની રચના કરી હતી.

**9 અન્ય શાસકો**

કૃષ્ણ ત્રીજા પછી તેનો ભાઈ ખોટ્ટિગ રાષ્ટ્રકૂટ શાસક બન્યો. તે એક દુર્બળ શાસક હતાં.તેમના સમયમાં પરમાર શાસક સીયકે ઈ.સ. 971માં માન્યખેટ પર આક્રમણ કર્યું અને પાટનગરની લૂંટ કરી હતી. ઈ.સ.972માં ખોટ્ટિગનું મૃત્યુ થયું તેમના પછી તેમનો ભત્રીજો કર્ક બીજો શાસક બન્યો. કર્ક બીજો રાષ્ટ્રકૂટ વંશનો અન્તિમ શાસક હતો. તેના સમયમાં કેટલાંક સામન્તોએ વિદ્રોહ કર્યો અને પોતાને સ્વતંત્ર કર્યા. તેમના તર્ડવાડિના સામન્ત તૈલ બીજાએ કર્ક પર આક્રમણ કર્યું અને કર્કને હરાવીને તૈલ બીજાએ કલ્યાણીના ચાલુક્ય વંશની સ્થાપના કરી અને રાષ્ટ્રકૂટ વંશનો અંત કર્યો.

## 3.5 માળવનો પરમાર વંશ

રાજપૂત યુગમાં મધ્યભારતની એક પ્રમુખ સત્તા તરીકે માળવાના પરમારોએ ઈ.સ.ની દસમી સદીના મધ્યમાં પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી હતી. છઠ્ઠી સદીથી દસમી સદી સુધી આ વિસ્તારમાં ગૂર્જર-પ્રતિહારો, રાષ્ટ્રકૂટો, હૂણો આદિનો પ્રભાવ રહ્યો હતો. દસમી સદીથી તેરમી સદી સુધીના સમયમાં માળવામાં પરમાર વંશનું પ્રભુત્વ જોવા મળે છે. એક સમયમાં તો માળવાના પરમારો સમસ્ત ઉત્તર ભારતની એક પ્રમુખ સત્તા

*તરીકે જોવા મળે છે. મધ્યપ્રદેશના ધાર નગરીને તેઓ પોતાનું કેન્દ્ર બનાવ્યું અને દરેક બાજુની સત્તાઓ સાથે સતત સંઘર્ષ રહ્યા.*

### 3.5.1 પરમાર વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો

*માળવાના પરમાર વંશના ઈતિહાસ જાણવા માટેનાં પ્રમુખ સાધનો છે -*

- *સીયક બીજાનો હર્સોલ અભિલેખ (ઈ.સ.948)*
- *વાક્પતિ મુંજનો ઉજ્જૈન અભિલેખ (ઈ.સ.980)*
- *ઉદયાદિત્યની ઉદયપુર પ્રશસ્તિ*
- *લક્ષ્મણદેવની નાગપુર પ્રશસ્તિ*
- *ભોજના બાંસવાડા અને બેતમાના લેખ*
- *પદ્મગુપ્ત પરિમાલનો નવસાહસાંકચરિત*
- *મેરુતુંગની પ્રબન્ધચિન્તામણી*
- *ભોજના કૂર્મશતક, શ્રૃંગારમંજરી, યુક્તિકલ્પતરુ, સમરાંગણસૂત્રધાર*
- *અલબેરૂની, ફરિશ્તા, અબુલફજલના વિવરણો*

### 3.5.2 પરમાર વંશની ઉત્પત્તિ

*અન્ય રાજપૂત રાજવંશોની જેમ માળવાના પરમારોની ઉત્પત્તિ વિશે પણ ઈતિહાસકારોમાં ઘણા મતભેદ દેખાય છે. નવસાહસાંકચરિતમાં પદ્મગુપ્ત એક કથાનું વર્ણન કરે છે જેના અનુસાર ઋષિ વસિષ્ઠ પોતાની કામધેનુ ગાય વિશ્વામિત્રથી પરત લેવા માટે આબુ પર્વત પર યજ્ઞ કરે છે અને આ યજ્ઞથી એક યોદ્ધા પ્રગટ થાય છે. એ યોદ્ધા વિશ્વામિત્રને હરાવીને ગાય પરત લાવે છે. વસિષ્ઠ આ યોદ્ધાને પરમાર એટલે શત્રુનો વિનાશ કરનારની ઉપાધિ આપે છે. આ વીરના વંશજ પરમાર હતાં. જેમ્સ ટૉડના મુજબ અગ્નિકુણ્ડથી જે ચાર યોદ્ધા ઉત્પન્ન થયાં હતાં તેમાંથી એક પરમાર હતો. ગૌરીશંકર ઔઝા પણ પરમારો અગ્નિવંશી હોવાનો સ્વીકાર કરે છે. રાજબલી પાણ્ડેય માને છે કે કેટલીક યુદ્ધરત જ્ઞાતિઓ અગ્નિને સાક્ષી કરીને શત્રુઓ વિરૂદ્ધ યુદ્ધ કરવા માટેની શપથ લીધી હતી એટલે એમને અગ્નિવંશી કહેવામાં આવે છે. હલાયુદ્ધ પોતાના ગ્રન્થ પિંગલ સૂત્રવૃત્તિમાં પરમાર નરેશ વાક્પતિ મુંજને બ્રહ્મક્ષત્રકુલીન કહે છે. ભણ્ડારકર અને એચ.સી.રે જેવા ઈતિહાસકારો પરમારોની ઉત્પત્તિ ગૂર્જરોથી માને છે. પી.સી. ગાંગુલી પરમારોની ઉત્પત્તિ રાષ્ટ્રોથી માને છે. સૌથી વધારે ઉચિત તર્ક બ્રહ્મક્ષત્રકુલીનનો લાગે છે કેમ કે હલાયુદ્ધ મુંજને બ્રહ્મક્ષત્ર કહે છે તો એ સંભવ છે કે પરમારો પણ શુંગો અને સાતવાહનોની જેમ બ્રાહ્મણ હતો અને યુદ્ધ-કર્મ કરવાને લીધે કાલાન્તરે ક્ષત્રીય થઈ ગયો હશે.*

### 3.5.3 પ્રારમ્ભિક ઈતિહાસ

*ઉત્તર ભારતમાં નવમી સદીના સમયમા ગૂર્જરપ્રતિહારો અને રાષ્ટ્રકૂટો વચ્ચે સંઘર્ષ ચાલું હતો. આ જ સમયમાં માળવા પર સમય-સમય પર પ્રતિહારો અને રાષ્ટ્રકૂટોનું પ્રભુત્વ રહ્યું. દસમી સદીના પ્રારમ્ભમાં માળવામા પ્રતિહાર સામન્ત ઉપેન્દ્ર અથવા*

કૃષ્ણરાજ થયો જેમણે ધાર નગરીને પરમારોનું પાટનગર બનાવ્યું અને વત્સરાજની ધ્રુવ દ્વારા થયેલી હારનો લાભ ઉપેન્દ્રે પોતાની સત્તાને પ્રસાર કરીને મેળવ્યો. પછી ગોવિન્દ ત્રીજાના ઉત્તરી અભિયાનના સમયમાં પરમારોએ રાષ્ટ્રકૂટોની અધિનતા સ્વીકારી. નાગભટ્ટના સમયમાં પરમારો ફરીથી પ્રતિહારોના અધિન થઈ ગયા હતાં. ઉપેન્દ્ર પછી વૈરસિંહ પ્રથમ, સીયક પ્રથમ, વાક્પતિ પ્રથમ અને વૈરસિંહ બીજો શાસક બન્યા. વૈરસિંહ બીજાનો પુત્ર સીયક બીજો રાષ્ટ્રકૂટ નરેશ કૃષ્ણ ત્રીજાને અધિન સામન્ત હતાં.

### 3.5.4 માળવાના પરમાર શાસકો

1 સીયક બીજો (945-972)
2 વાક્પતિ મુંજ (972-998)
3 સિન્ધુરાજ (998-1010)
4 ભોજ (1011-1055)
5 જયસિંહ પ્રથમ (1055-1070)
6 ઉદયાદિત્ય

### 3.5.5 પરમાર શાસકોની સિદ્ધિઓ

#### 1. સીયક બીજો

માળવાના પરમાર વંશની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરનાર સીયક બીજો પ્રથમ પરમાર શાસક હતો. સીયક બીજો રાષ્ટ્રકૂટ નરેશ કૃષ્ણ ત્રીજાને અધિન હતો પરંતુ કાલાંતરે કૃષ્ણ ત્રીજાનાં મૃત્યુ પછી પોતાને સ્વતંત્ર ઘોષિત કર્યો અને માળવામાં સ્વતંત્ર પરમાર રાજ્યની સ્થાપના કરી. સીયક બીજાના સમયમાં સૌરાષ્ટ્રમાં ચાલુક્ય નરેશ અવનિવર્મન યોગરાજ બીજાનું રાજ્ય હતું. સીયકે તેને હરાવ્યો. નવસાહસાંકચરિતથી જાણવા મળે છે કે સીયક બીજાએ હૂણોને હરાવ્યા હતાં. કૃષ્ણ ત્રીજા પછી ખોટ્ટિગ રાષ્ટ્રકૂટ શાસક બન્યો ત્યારે તેમણે સીયક સાથે યુદ્ધ કર્યું પરંતુ ખોટ્ટિગની પરાજય થઈ અને સીયકે માન્યખેટ સુધી પહોંચી ગયો હતો. ખજુરાહો અભિલેખથી જાણવા મળે છે કે ચંદેલ શાસક યશોવર્મને સીયક બીજાને હરાવ્યો હતો.

#### 2. વાક્પતિ મુંજ

સીયક બીજાનાં મૃત્યુ પછી તેમનો પુત્ર મુંજ પરમાર વંશનો શાસક બન્યો. મુંજના બીજા નામ વાક્પતિ અને ઉત્પલરાજ પણ હતાં. મુંજના સમયમાં માળવાને પરમાર વંશને ખ્યાતિ પ્રાપ્ત થઈ હતી. ઉદયપુર અભિલેખથી જાણવા મળે છે કે મુંજે કલચુરી શાસક યુવરાજ બીજાને હરાવ્યો હતો. ઈ.સ.997ના હસ્તિકુણ્ડી અભિલેખ મુજબ મેવાડ઼ ના ગુહિલ શાસક શક્તિકુમારને હરાવ્યો હતો. વિક્રમાદિત્ય પંચમના કૌથેમ દાનપત્રોથી જાણવા મળે છે કે મુંજે હૂણો પર વિજય મેળવ્યો હતો. બીજાપુર અભિલેખથી જાણવા મળે છે કે મુંજે ગુજરાતના શાસક મૂળરાજ પ્રથમને હરાવ્યો હતો. કોથેમ અભિલેખ દ્વારા જાણવા મળે છે કે નાડોલના ચૌહાણ શાસક બલિરાજને મુંજે હરાવ્યો હતો. ઉદયપુર

*અભિલેખના અનુસારે મુંજ લાટ પ્રદેશના વારપ્પને હરાવ્યો હતો. મુંજનો સૌથી કટ્ટર શત્રુ કલ્યાણીનો ચાલુક્ય શાસક તૈલપ બીજો હતાં. મુંજે કલ્યાણીના ચાલુક્ય નરેશને શરૂઆતના યુદ્ધોમાં હરાવ્યો હતો પરંતુ ગોદાવરી નદી પારના યુદ્ધમાં તૈલપે મુંજને હરાવ્યો અને મુંજને બંદી બનાવ્યો હતાં. પછી તેમની હત્યા કરવામાં આવી. મુંજે મુંજસાગર તળાવ અને મુંજપુર નગરની સ્થાપના કરી હતી. પદ્મગુપ્ત, હલાયુધ, અમિતગતિ, ધનિક આદિ વિદ્વાનો તેના દરબારમાં હતાં. મુંજે પૃથ્વીવલ્લભ, શ્રીવલ્લભ અને અમોઘવર્ષની ઉપાધિઓ ધારણ કરી હતી.*

### 3. સિન્ધુરાજ

*સિન્ધુરાજ મુંજનો ભાઈ હતો. તેણે સૌ પ્રથમ ભાઈની હત્યા કરનાર કલ્યાણીના ચાલુક્યો સાથે બદલો લેવા માટે કલ્યાણી પર આક્રમણ કર્યું. આ સમયમાં કલ્યાણીનો શાસક સત્યાશ્રય હતો. સત્યાશ્રયની હાર થઈ અને સિન્ધુરાજ પોતાના ગુમાવેલા પ્રેદેશો પરત મેળવ્યા. સિન્ધુરાજે લાટ પ્રદેશના ગોગ્ગીરાજ પર આક્રમણ કર્યું અને તેને હરાવ્યો. સિન્ધુરાજે કોંકણના શિલાહાર વંશના શાસકો, હૂણો અને બાગડના પરમાર સામન્ત ચણ્ડપને હરાવ્યો હતો. ગુજરાતના શાસક ચામુંડરાજ સાથે થયેલ યુદ્ધમાં સિન્ધુરાજની હાર થઈ હતી. સિન્ધુરાજનો શાસન અલ્પકાલીન રહ્યું હતું.*

### 4. ભોજ

*સિન્ધુરાજના મૃત્યુ પછી તેમનો પુત્ર ભોજ ગાદીએ આવ્યો. ભોજ માળવાના પરમાર શાસકોમાં સૌથી શક્તિશાળી અને મહત્ત્વપૂર્ણ શાસક હતો. તે એક વિજેતા તો હતો જ પરંતુ એક સારો વિદ્વાન પણ હતો. સૌપ્રથમ તેણે પરમારોના પરમ્પરાગત શત્રુ કલ્યાણીના ચાલુક્યોને હરાવ્યા. ત્યારે કલ્યાણીનો શાસક જયસિંહ બીજો હતો. ભોજે કલચુરી નરેશ ગાંગેયદેવ અને ચોલ નરેશ રાજેન્દ્રની સહાયતાથી જયસિંહ બીજાને હરાવ્યો. તેણે કલિંગના ગંગવંશીય શાસક ઈન્દ્રરથને, લાટના શાસક કીર્તિરાજને, કોંકણના શિલાહાર વંશીય શાસક કેશિદેવને, કન્નૌજના પ્રતિહાર વંશીય શાસક યશપાલને, મેવાડ઼ ના ગોહિલ શાસકોને, ગુજરાતના ચાલુક્ય વંશી શાસક ચામુંડરાજને અને ભીમને હરાવ્યા હતા. કલચુરી વંશના શાસક ગાંગેયદેવ સાથે તેમના સંબંધો શરૂઆતમાં સારા હતાં પરંતુ પછીના સમયમાં સંબંધો ખરાબ થયાં ત્યારે ભોજે ત્રિપુરી પર આક્રમણ કર્યું અને ગાંગેયદેવને હરાવ્યો હતો. ભોજનો સંઘર્ષ ચંદેલો સાથે પણ થયો હતાં. ચંદેલ નરેશ વિદ્યાધરે ભોજના આક્રમણનો સફળતાપૂર્વક સામનો કર્યો અને આ યુદ્ધમાં ભોજની હર થઈ હતી. એવી જ રીતે ચન્દેલોના અધીનસ્થ રાજ્ય ગ્વાલિયારના કચ્છપઘાતો પર પણ ભોજે આક્રમણ કર્યું હતું. પરંતુ કચ્છપઘાત શાસક કીર્તિરાજે વિરૂદ્ધ ભોજને સફળતા મળી ન હતી. નાડોલના ચાહમાન શાસક અણહિલ્લ વિરૂદ્ધ પણ ભોજ અસફળ રહ્યો હતો. ભોજ પોતાના સમયમા સતત સંઘર્ષશીલ રહ્યો હતો. તેમના અન્તિમ વર્ષોમાં કલ્યાણીના ચાલુક્ય શાસક સોમેશ્વર પ્રથમે ઈ.સ. 1043માં ભોજના પાટનગર*

*ધાર પર આક્રમણ કર્યું અને ભોજને હરાવ્યો. ભોજ ધાર નગરી છોડ઼ વા માટે મજબુર થયો. આ જ સમયમાં ગુજરાતના ચાલુક્યો અને ત્રિપુરીના કલચુરિઓ તેમના વિરૂદ્ધ એક સંઘ બનાવ્યો અને ભીમ પ્રથમના નેતૃત્વમાં માળવા પર આક્રમણ કર્યું. આ સમયે ભોજ બિમાર થઈ ગયો અને યુદ્ધ દરમ્યાન જ તેનું મૃત્યુ થયું હતું. ભોજ એક મહાન નિર્માતા, કલાપ્રેમી અને પોતે વિદ્વાન હતો. તેને ભોજપુર નગરની સ્થાપના કરી, ભોજસર તળાવનું નિર્માણ કરાવ્યું, ધારમાં કેટલાંક મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. તે કાવ્ય, ધર્મ, તત્વજ્ઞાન, જ્યોતિષ, ચિકિત્સશાસ્ત્ર, કલા, વ્યાકરણ, રાજનીતિનો તજજ્ઞ હતો. ભોજે સમરાંગણસૂત્રધાર, સરસ્વતીકણ્ઠાભરણ, સિદ્ધાન્તસંગ્રહ, રાજમાર્તણ્ડ, યોગસૂત્રવૃત્તિ, વિદ્યાવિનોદ, યુક્તિકલ્પતરૂ, ચારૂચર્યા, આદિત્યપ્રતાપસિદ્ધાન્ત, આયુર્વેદસર્વસ્વ, શુંગારપ્રકાશ, પ્રાકૃતવ્યાકરણ, કૂર્મશતક, શુંગારમંજરી, ભોજચમ્પૂ, શબ્દાનુશાસન, રાજમૃગાંક વગેરે ગ્રન્થોની રચના કરી હતી.*

### 5. જયસિંહ પ્રથમ અને અન્ય શાસકો -

*ભોજના મૃત્યુ પછી તેનો પુત્ર જયસિંહ ગાદીએ આવ્યો. તેણે શત્રુઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું અને માળવા પર કલચુરી કર્ણ અને ચાલુક્ય ભીમનો અધિકાર હતાં. જયસિંહ પ્રથમે કલ્યાણી નરેશ વિક્રમાદિત્યની સહાયથી ધાર પુનઃ મેળવ્યું પરંતુ વિક્રમાદિત્ય પછી કલ્યાણીના શાસક સોમેશ્વર બીજાએ પુનઃ ધાર પર આક્રમણ કર્યું અને આ યુદ્ધમાં જયસિંહ પ્રથમનું મૃત્યુ થયું. જયસિંહ પછી ઉદયાદિત્ય, લક્ષ્મણદેવ, નરવર્મા, યશોવર્મા, જયવર્મન, વિન્ધ્યવર્મન, સુભટવર્મન, અર્જુનવર્મન, દેવપાલ, જૈતુગિદેવ, જયવર્મન બીજો વગેરેનાં નામો મળે છે. અન્તે ઈ.સ. 1305માં અલાઉદ્દીન ખિલજીએ માળવામાં મુસ્લિમ સત્તાની સ્થાપના કરી હતી.*

- **તમારી પ્રગતિ જાતે ચકાસો.**

1. *ગુપ્ત શાસકોના પતન પછી ઉત્તર ભારતમાં થયેલ રાજકીય વિકેન્દ્રીકરણની ચર્ચા કરો.*
2. *કન્નૌજ માટે થયેલા ત્રિરાષ્ટ્ર સંઘર્ષની ચર્ચા કરો.*
3. *ગૂર્જર-પ્રતિહારો અને રાષ્ટ્રકૂટો વચ્ચે થયેલ સંઘર્ષની ચર્ચા કરો.*
4. *રાજપૂત યુગ દરમ્યાન ઉત્તર ભારત પર થયેલ મુસ્લિમ આક્રમણોની ચર્ચા કરો.*

- **સ્વાધ્યાય –**

1. *રાષ્ટ્રકૂટ વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો જણાવો.*
2. *ગુજરાતના ચાલુક્ય વંશના શાસકોની સિદ્ધિઓ જણાવો.*
3. *રાષ્ટ્રકૂટોની ઉત્પત્તિના સંબંધમાં ઈતિહાસકારોના વિભિન્ન મંતવ્યો વિશે ચર્ચા કરો.*
4. *પ્રતિહાર-રાષ્ટ્રકૂટ સંઘર્ષની ચર્ચા કરો.*
5. *માળવાના પરમાર શાસકોના સામ્રાજ્ય વિસ્તારની ચર્ચા કરો.*

## 3.6 સારાંશ

*ઉત્તરી ભારતનાં રાજપૂત રાજ્યોના પરસ્પર સંઘર્ષના લીધે સમસ્ત ભારતમાં રાજકીય સત્તા નબળી પડી હતી. પોતાના રાજ્યના પ્રસાર માટે દરેક શાસકે જે જોડ઼ તોડ઼ કર્યા અને તેના લીધે સતત સંઘર્ષમય વાતાવરણ રહ્યું હતું, તેના પરિણામસ્વરૂપે જ્યારે પશ્ચિમી ભારત તરફથી વિદેશી આક્રમણો થયાં ત્યારે વિદેશીઓએ સરળતાથી ભારતીય શાસકોને પરાજિત કર્યા અને છેલ્લે ભારતમાં પોતાની સ્થાયી સત્તાની સ્થાપના કરી. ઉત્તર ભારતનો રાજપૂત યુગ પરસ્પર સંઘર્ષનો યુગ છે. હર્ષવર્ધનના મૃત્યુ પછી ઉત્તર ભારતમાં ગૂર્જર-પ્રતિહારોએ સંપૂર્ણ ઉત્તર ભારતમા રાજકીય એકતા સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ રાષ્ટ્રકૂટો અને પાલો સાથે સતત સંઘર્ષના કારણે તેઓ પોતે કમજોર પડ્યા અને છેલ્લે તેમના સામન્તો અને અધીન રાજ્યોએ સ્વતંત્ર સત્તાઓની સ્થાપના કરી. એવી જ રીતે પશ્ચિમમાં ગુજરાતના ચાલુક્યો, મધ્યમાં માળવાના પરમારો અને દખ્ખનમાં રાષ્ટ્રકૂટોએ આ સમયની પ્રમુખ સત્તાઓ હતી.*

## 3.7 શબ્દાવલી

1. *હૂણ – હૂણ એક વિદેશી આક્રમણકારી પ્રજાતિ હતી.*
2. *મ્લેચ્છ – મ્લેચ્છ શબ્દનો પ્રયોગ અનાર્ય પ્રજાતિઓ માટે કરવામાં આવે છે. કાલાન્તરે વિદેશીઓ માટે પણ મ્લેચ્છ શબ્દનો ઉપયોગ થયો છે.*
3. *ગૌડ઼ પ્રદેશ – વર્તમાન બંગાળમાં સાતમી સદીમાં શશાંક દ્વારા સ્થાપિત રાજ્યને ગૌડ઼ રાજ્ય કહેવામાં આવે છે. બંગાળના વિસ્તારને ગૌડ઼ પ્રદેશ કહેવામાં આવે છે.*
4. *સામન્ત – સ્વતંત્ર શાસકોને અધિન પ્રદેશાધ્યક્ષ અથવા તો અધિન રાજાઓને સામન્ત કહેવામાં આવે છે. સામન્તોનો સંબંધ સૈન્ય સેવા અને ભૂ-દાન દ્વારા મેળવેલી સત્તાઓ સાથે છે.*
5. *યૂ-ચી – ઈ.સ. પૂર્વે બીજી સદીની પશ્ચિમી ચાઈનાની એક વિચરતી પ્રજાતિ. જેના વંશજો કૃષ્ણ શાસકો હતાં.*
6. *બ્રહ્મક્ષત્રકુલીન – બ્રાહ્મણ અને ક્ષત્રીય કુલના વંશજ.*

## 3.8 સંદર્ભ


1. *પાણ્ડેય વિમલચંદ્ર, પ્રાચીન ભારત કા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ-૨, સેંટ્રલ પબ્લિશિંગ હાઉસ, ઈલાહાબાદ,* 2001 *(પંચમ સંશોધિત સંસ્કરણ)*
2. *મજૂમદાર રમેશચન્દ્ર, પ્રાચીન ભારત, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1995
3. *ત્રિપાઠી, રમાશંકર, પ્રાચીન ભારત કા ઈતિહાસ, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1971 *(છઠા સંસ્કરણ)*
4. *શ્રીવાસ્તવ કે.સી., પ્રાચીન ભારત કા ઈતિહાસ તથા સંસ્કૃતિ,* 1990

5. ભટ્ટાચાર્ય સચ્ચિદાનન્દ, ભારતીય ઈતિહાસ કોશ, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનૌ, 2004 (ચતુર્થ સંસ્કરણ)
6. ચોપરા પી.એન. (સંપા.), ભારતનું ગઝેટિયર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, 2001
7. વર્મા હરીશચન્દ્ર (સંપા.), મધ્યકાલીન ભારત ભાગ-1 (750-1540), હિંદી માધ્યમ કાર્યાનિવ્ય નિદેશાલય, દિલ્લી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્લી, 2011.
8. દુબે હરિ નારાયણ, દક્ષિણ ભારત કા બૃહત ઈતિહાસ, શારદા પુસ્તક ભવન, ઈલાહાબાદ, 2004.
9. શાસ્ત્રી નીલકણ્ઠ, દક્ષિણ ભારત કા ઈતિહાસ, પટના, 1972.
10. ભાર્ગવ વી.એસ., પ્રાચીન ભારતીય ઈતિહાસ, રિસર્ચ પબ્લિકેશન, જયપુર, 2011
11. પરીખ રસિકલાલ છોટાલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર (સંપા.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રન્થ -૪, શેઠ ભો.જે.અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, 2005 (દ્વિતીય સંસ્કરણ)

| એકમ – 4 | રાજપૂત શાસનકાલ દરમિયાન સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિ |
|---|---|

**રૂપરેખાઃ**

**4.0 ઉદ્દેશ્યો**
**4.1 પ્રસ્તાવના**
**4.2 ભારતીય સામન્તવાદ**
**4.3રાજપૂત શાસનકાલ દરમિયાન સામાજિક સ્થિતિ**
**4.3.1 વર્ણવ્યવસ્થા**
**4.3.2 જ્ઞાતિ વ્યવસ્થા**
**4.3.3 સ્ત્રીઓની દશા**
**4.3.4 દાસ પ્રથા**
**4.4રાજપૂત શાસન કાલ દરમિયાન આર્થિક સ્થિતિ**
**4.4.1 કૃષિ-પશુપાલન**
**4.4.2 ઉદ્યોગ**
**4.4.3 વેપાર**
**4.4.4 વ્યાપારીક માર્ગ**
**4.4.5 શ્રેણી સંગઠન**
**4.5 રાજપૂત શાસન કાલ દરમિયાન ધાર્મિક સ્થિતિ**
**4.5.1 બ્રાહ્મણ ધર્મ**
**4.5.2 વૈષ્ણવ**
**4.5.3 શૈવ**
**4.5.4 શાક્ત**
**4.5.5 જૈન ધર્મ**
**4.5.6 બૌદ્ધ ધર્મ**
**તમારી જાતે ચકાસો**
**4.6 સારાંશ**
**4.7શબ્દાવલી**
**સ્વાધ્યાય**
**4.8 સંદર્ભ સૂચિ**

## 4.0 **ઉદ્દેશ્યો**

*આ એકમના ઉદ્દેશ્યમાં રાજપૂત કાલ દરમિયાનની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિ અંગેનો અભ્યાસ કરવાનો છે. આ એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે -*

- *રાજપૂત કાલ દરમિયાનની સામાજિક સ્થિતિમાં વર્ણવ્યવસ્થા, જ્ઞાતિ વ્યવસ્થા, પરિવાર, સ્ત્રીઓની દશા અને શિક્ષણવ્યવસ્થા અંગેની માહિતી કેળવાશે.*
- *રાજપૂત કાલ દરમિયાનની આર્થિક સ્થિતિમાં કૃષિ, વૈપાર, ઉદ્યોગો અને શ્રેણી સંગઠન વિશે માહિતગાર થશે.*
- *રાજપૂત કાલ દરમિયાન ધાર્મિક સ્થિતિમાં બ્રાહ્મણ ધર્મના વિવિધ સંપ્રદાયો, જૈન અને બૌદ્ધ ધર્મની સ્થિતિ અંગે માહિતગાર થશે.*

## 4.1 પ્રસ્તાવના

*ભારતીય ઈતિહાસમાં ઈ.સ. સાતમી સદીથી તેરમી સદી સુધીનો સમય રાજપૂત કાલ તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમિયાન સંપૂર્ણ ભારતમાં નવીન રાજ્યોનો ઉદય થયો અને તેમાં અધિકાંશમાં ક્ષત્રીય કુલના હતા. આ રાજવંશોના ઉત્તરાધિકારીઓને રાજપુત્ર કહેવામાં આવ્યો. આ સમય દરમિયાન એવા અનેક સ્વતંત્ર અને અર્ધ સ્વતંત્ર રાજ્યોનું પ્રભુત્વ રહ્યું હતું એટલે કેટલાંક ઈતિહાસકારો આ યુગને રાજપૂત યુગ તરીકે પણ વર્ણવે છે. ઈતિહાસકારો આ સમયને ભારતના ઈતિહાસમાં પ્રાચીનકાલના અંત અને મધ્યકાલની શરૂઆતનો સમય પણ માને છે. જુદા-જુદા ઈતિહાસકારો પોતાના મત, તર્ક અને વિશ્લેષણ પ્રમાણે ઈતિહાસની રાજનીતિક અને સામાજિક ઘટનાઓના આધારે આ યુગ પરિવર્તનની અવધારણા પ્રસ્તુત કરે છે. યુગ પરિવર્તનની વિવિધ ચર્ચાઓમાં આ યુગની રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતિના લીધે એક સ્વતંત્ર ઓળખાણ છે. આ ઓળખાણને રાજકીય ઈતિહાસના આધારે વિશ્લેષણ કરનાર ઈતિહાસકારો રાજપૂત યુગ કહે છે અને સામાજિક-આર્થિક ઈતિહાસના આધારે વિશ્લેષણ કરનાર ઈતિહાસકારો સામન્તવાદી યુગ કહે છે. ગુપ્તોના પતન પછી અને હર્ષવર્ધનના મૃત્યુ પછી ઉત્તર અને દક્ષિણ ભારતમાં સમય સમય પર નવીન રાજવંશોનો ઉદય થયો જેનાથી એક નવીન રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિનો નિર્માણ થયો હતો. આ અધ્યાયમાં આ યુગ દરમિયાનની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિનો પરિચય આપવામાં આવશે.*

## 4.2 ભારતીય સામન્તવાદ

*આરમ્ભિક મધ્યયુગીન ભારતમાં થયેલા સામાજિક પરિવર્તનોને આર્થિક ઘટનાઓના સંદર્ભમાં જોવાનું ઉપક્રમ કેટલાક માર્ક્સવાદી ઈતિહાસકારો કરે છે અને તેમાં ઈતિહાસકાર રામશરણ શર્માનું મહત્ત્વનું યોગદાન છે. ભારતીય ઈતિહાસમાં સામન્તવાદી યુગ વિશેની ચર્ચા મુખ્યત્વે રામશરણ શર્માએ કરેલી અને આરંભિક મધ્યયુગીન ભારતમાં થયેલા આર્થિક પરિવર્તનોના આધારે જે નવીન સામાજિક-રાજકીય પરિસ્થિતિ ઊભી થઈ તેને યુરોપીય સામન્તવાદના અનુરૂપ ભારતીય સામન્તવાદ ગણાવે છે. તેઓ કહે છે કે આ યુગનું સૌથી મહત્ત્વનું પરિવર્તન હતું, જમીન-મહેસૂલ અને જમીનની ગૈર-રાજ્યીય અને ધાર્મિક આધારે શાસકો દ્વારા તેમના અધીનોની વહેંચણી. તેઓ કહે છે કે સામન્તવાદ*

*મુખ્યત્વે કૃષિ-અર્થતન્ત્રમાં વિકસિત થાય છે. આ પ્રણાલીમાં ભૂ-સ્વામિઓ ગૈર-આર્થિક રીતિથી અધિશેષ પર નિયંત્રણ કરે છે. એ ગૈર-આર્થિક રીતિઓ મુખ્યત્વે સામાજિક, રાજકીય અને ધાર્મિક હોય છે. આ રીતિઓના કારણે સામાજિક અને ધાર્મિક સ્થિતિમાં પર્યાપ્ત પરિવર્તન જોવા મળે છે જે આ યુગની વિશેષતાઓ છે. આ નવીન પરિસ્થિતિને જ સામન્તીવાદી વ્યવસ્થા તરીકે જોઈ શકાય છે. કેટલાંક ઇતિહાસકારોએરામશરણ શર્માના આ વિચારની આલોચના પણ કરી છે અને ભારતીય સામન્તવાદના તેમનાં વિચારને પડકાર પણ આપ્યો છે. પરંતુ આ યુગ દરમિયાન થયેલા સામાજિક, આર્થિક પરિવર્તનોના લીધે જે નવીન વ્યવસ્થા ઉભી થઈ તેને અને આ આધારે રામશરણ શર્માના વિશ્લેષણને તો સ્વીકારે છે. રામશરણ શર્માની યુરોપીય સામન્તવાદના આધારે ભારતીય સામન્તવાદની વ્યાખ્યાને હરબંસ મુખિયા જેવા ઇતિહાસકારો સ્વીકાર નથી કરતા પરંતુ આ યુગ દરમિયાન જે એક વ્યવસ્થાગત પરિવર્તન થયું  તેને લગભગ ઇતિહાસકારો સ્વીકાર કરે છે.*

## 4.3 રાજપૂત શાસનકાલ દરમિયાન સામાજિક સ્થિતિ

*પ્રાચીન કાલના ભારતીય સમાજની જેમ જ પૂર્વમધ્યકાલીન સમાજમાં પણ વર્ણ-વ્યવસ્થા, પરિવાર, લગ્નપ્રથાઓ વગેરે સામાજિક બાબતો મહત્ત્વની હતી.પરંતુ તેમાં ઘણો બધો ફેરફાર જોવા મળે છે. પૂર્વમધ્યકાલ અથવા રાજપૂત કાલની સામાજિક સ્થિતિને નીચેના મુદ્દાઓમાં સમજી શકાય છે.*

### 4.3.1 વર્ણવ્યવસ્થા

*વર્ણવ્યવસ્થાની વિકાસ યાત્રા ઋગ્વેદકાળથી સતત પરિવર્તનો સાથે ચાલતી આવી હતી. રાજપૂતકાલમાં પણ વર્ણવ્યવસ્થાની હયાતીના ઉલ્લેખો મળે છે. આ યુગના અભિલેખોમાં શાસકો વર્ણવ્યવસ્થાના રક્ષકો તરીકે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વર્ણવ્યવસ્થામાં સમાજને ચાર વર્ણોમાં વહેંચવામાં આવતું હતું. રાજપૂત કાળ દરમિયાન પણ સમાજમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. પરંતુ બ્રાહ્મણોનાં કાર્યો અને સ્થિતિમાં કંઈક ફેરફાર પણ જોવા મળે છે. રાજકીય વિખંડન, સામાજિક અને આર્થિક સ્થિતિના લીધે બ્રાહ્મણો સામે આજીવિકાના પ્રશ્નો ઊભા થયા હતા એટલે તેમણે અન્ય કાર્ય કરવાનું શરૂ કર્યું હતું. બ્રાહ્મણો આ યુગમાં સૈન્યકાર્ય કરતા જોવા મળે છે. કૃષિ કાર્ય અને આપત્તિકાલમાં વેપાર-વ્યવસાય પણ બ્રાહ્મણો કરતા હતા. સ્મૃતિઓમાં આ અંગેનો ઉલ્લેખ પણ મળે છે. આ યુગમાં બ્રાહ્મણો પછી ક્ષત્રીય વર્ણ પ્રમુખ હતો. કેટલાંક પ્રસંગોમાં તો એ પણ જોવા મળે છે કે ક્ષત્રીયો કદાચ બ્રાહ્મણો કરતા વધારે મહત્ત્વના હતા. ખરેખર આ યુગ ક્ષત્રીય વર્ણની પ્રભુતાનો વર્ગ પણ હતો એટલા માટે જ આ  યુગને ક્ષત્રીય વર્ણના રાજપૂતોના નામે રાજપૂતકાલના રીતે પણ ઓળખવામાં આવે છે. ક્ષત્રીય વર્ણનો કાર્ય રાજ્ય સંબંધી કાર્યોનું સંચાલન, યુદ્ધ કરવાનું, રક્ષા કરવાની વગેરે હતું. વિવિધ રાજવંશોએ આ યુગમાં સ્વતંત્ર રાજ્યો સ્થાપિત કર્યા જેમ કે ગૂર્જર-પ્રતિહાર, પરમાર, રાષ્ટ્રકૂટ, સોલંકી, ચાલુક્ય, ચોલ*

*વગેરે, આ રાજવંશો ક્ષત્રીય વર્ણના ગણવામાં આવતા હતા. પરંતુ એવા પણ ઉદારહણો મળે છે કે જેમાં ક્ષત્રીય વર્ણ કરતા બીજા વર્ણના શાસકો પણ હતા. રાજપૂત કાલમાં વૈશ્ય વર્ણે પોતાની સ્થિતિમાં સુધારો કર્યો હતો. તેઓ કૃષિ-પશુપાલન કરતા વૈપાર-વ્યવસાય પર વધારે ભાર મૂકતા હતા. પ્રાચીન કાલમાં વૈશ્યોને શૂદ્રોના નજીક માનવામાં આવતા હતા. આ યુગમાં વૈશ્યોઓ સમાજના ઉત્પાદનમાં પોતાનો ફાળો વધાર્યો હતો એટલે એવું પણ જોવા મળે છે કે વૈશ્યો વધારે પ્રભાવશાળી થઈ ગયા હતા.પરંતુ આ સ્થિતિ દરેક જગ્યાએ ન હતી. આ અંગેના ઉદાહરણો બહુ ઓછાં જોવાં મળે છે. સોલંકી યુગમાં સમૃદ્ધ વેપારીઓનો પ્રભાવ હતો અને તેઓને સામન્તો પણ બનાવવામાં આવ્યા હતા. બંગાળના સેન રાજવંશમાં પણ વૈશ્યોના પ્રભાવના ઉલ્લેખ મળે છે. પરંતુ સામાન્યતઃ તો વૈશ્ય કર્મને ઉચ્ચ ગણવામાં આવતું ન હતું. અલબેરૂની વૈશ્યોની સ્થિતિનોઉલ્લેખ કરે છે જેમાં વૈશ્યો અને શૂદ્રોમાં વધારે અંતર કરતો નથી. રાજપૂત કાલ દરમિયાન જૈન, બૌદ્ધ અને વૈષ્ણવ ધર્મના વિકાસમાં વૈશ્યોનો મહત્ત્વનો યોગદાન રહ્યો હતો. શૂદ્ર સમાજનો ચોથો વર્ણ હતો. આ સમયમાં શૂદ્રોની આર્થિક અને સામાજિક સ્થિતિમાં પ્રાચીન કાલની તુલનામાં સુધાર જોવા મળે છે. આ યુગ સૌથી વધારે કૃષિ આધારિત અર્થવ્યવસ્થાનો યુગ હતો અને કૃષિ ઉત્પાદનમાં શૂદ્રોની મહત્ત્વની ભૂમિકા હતી. અન્ય બીજા વ્યવસાયોમાં પણ ઉત્પાદનમાં શૂદ્રોની ભૂમિકા મહત્ત્વની હતી એટલે શૂદ્રો અર્થવ્યવસ્થાના પાયાના અંગ હતા. આ યુગમાં શૂદ્રોને દ્વિજ જ્ઞાતિઓની જ સેવા કરવાની માન્યતાથી મુક્તિ મળવા લાગી હતી. તેઓ હવે પોતાની આજીવિકા માટે બીજાં કાર્યો પણ કરી શકતા હતા. બીજા વ્યવસાયોના પાયાના કામોમાં જોડાઈ શકતા હતા. છતાં પણ સામન્તી વ્યવસ્થાના અંતર્ગત જે સ્થાનીય અર્થવ્યવસ્થા અથવા બંદ અર્થવ્યવસ્થાનો ઉદ્ભવ થયો તેનાથી શૂદ્રોની ગતિશીલતા અને તેમની ઉત્પાદન ક્ષમતા પર પણ અસર થયી હતી. નવમી સદીના વિદ્વાન મેધાતિથિ શૂદ્રોની પોતાના સ્વામીઓ પર નિર્ભરતા પર વધારે ભાર આપે છે. આ યુગમાં શૂદ્રોની ધાર્મિક સ્થિતિમાં સુધારો જોવા મળે છે. શૂદ્રોને બે વર્ગોમાં વહેંચવામાં આવ્યા સત્ અને અસત્. સત્ શૂદ્રોને ધાર્મિક સંસ્કારોમાંથી કેટલાંક સંસ્કારો અને ધાર્મિક કાર્યો કરવાનો અધિકાર હતો. તીર્થયાત્રા, દાનકર્મ જેવા કાર્યો પણ શૂદ્રો કરી શકતા હતા. એ વધારે સંભવ છે કે શૂદ્રોની આર્થિક સ્થિતિમાં સુધારાના લીધે તેમની ધાર્મિક સ્થિતિમાં સુધારો થયો હતો.*

**4.3.2 જ્ઞાતિ વ્યવસ્થા**

*વૈદિક સાહિત્યમાં જ્ઞાતિનો કોઈ ઉલ્લેખ નથી. વસ્તુતઃ વર્ણવ્યવસ્થાને જ જ્ઞાતિ વ્યવસ્થાનો મૂળ માનવામાં આવે છે. રાજપૂત યુગમાં વર્ણવ્યવસ્થા કમજોર પડી પરંતુ સમાજ વધારે રૂઢિચુસ્ત થયો હતો. અનુલોમ-પ્રતિલોમ લગ્નો, વિવિધ વ્યવસાયોનો વિકાસ, વિવિધ ધાર્મિક સંપ્રદાયોનો ઉદય, વિદેશી આક્રમણોનો સામાજિક પ્રભાવ વગેરે કારણોસર સમાજમાં એક નવીન વ્યવસ્થા આ યુગમાં જોવા મળે છે. યદ્યપિ જ્ઞાતિ વ્યવસ્થાનો ઉદય મહાકાવ્ય અને સ્મૃતિકાલમાં માનવામાં આવે છે પરંતુ રાજપૂત યુગમાં*

આ વ્યવસ્થા વધારે સ્પષ્ટ થઈ. જ્ઞાતિ વ્યવસ્થા પ્રાચીન વર્ણવ્યવસ્થાનું જ એક વિકસિત સ્વરૂપ જેમ આ યુગમાં જોવા મળે છે. અંતર્વર્ણીય લગ્નોના કારણે અનેક જ્ઞાતિઓનો ઉદય થયો. બ્રાહ્મણ પિતા અને વૈશ્ય માતાનું સંતાન અમ્બષ્ઠ, ક્ષત્રીય પિતા અને બ્રાહ્મણ માતાનું સંતાન સૂત વગેરે ઘણા બધા ઉદાહરણો જોવા મળે છે. વ્યવસાય અને કાર્યોના આધારે પણ જ્ઞાતિઓનો વિકાસ થયો. માળી, તેલી, બઢઈ, લુહાર વગેરે. ક્ષેત્રીયતાના આધારે પણ જ્ઞાતિઓ બની હતી, માગધ, કનૌજિયા, સારસ્વત વગેરે. આ યુગમાં દરેક વર્ણમાં પણ જ્ઞાતિઓ અને ઉપજ્ઞાતિઓનો વિકાસ થયો હતો. એટલે સમાજમાં હવે જટિલતા વધવા લાગી હતી. રાજપૂત કાળમાં કાયસ્થ જાતિનો પ્રભાવ વધ્યો હતો. કાયસ્થોનું મુખ્ય કામ ચોપડા લખવાનું હતું. આ યુગમાં ગ્રામીણ અર્થવ્યવસ્થામાં કૃષિ-મહેસૂલ પર વધારે આધારિત હતી. એવી પરિસ્થિતિમાં મહેસૂલ અને તેના સંબંધિત વિવરણોના દફતરી કામ કરવા માટે કાયસ્થોની ભૂમિકા મહત્ત્વની થઈ હતી. કાયસ્થોનો પ્રભાવ વધવાથી બ્રાહ્મણોનો પ્રભાવ ઓછો થયો. જ્ઞાનના ક્ષેત્રે બ્રાહ્મણોનું વર્ચસ્વ હતો. પરંતુ કાયસ્થોએ જ્ઞાનના આ ક્ષેત્રમાં ગણિત અને દસ્તાવેજીકરણના મુદ્દા પર બ્રાહ્મણોની જેમ જ પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું.

### 4.3.3 સ્ત્રીઓની દશા

રાજપૂત કાલમાં સ્ત્રીઓની દશા પહેલા કરતા વધારે ખરાબ થઈ હતી. સમાજમાં હવે પુરુષના વર્ચસ્વમાં વૃદ્ધિ થઈ અને પરિવારમાં પણ પુરુષનો વર્ચસ્વ વધ્યું. એટલે સ્ત્રીની શિક્ષા, તેમના અધિકારો, તેમની સામાજિક સ્થિતિમાં નિરંતર ઘટાડો જોવા મળે છે. આ યુગમાં સ્ત્રીઓના સંપત્તિના અધિકારોમાં વૃદ્ધિ જોવા મળે છે પરંતુ તેમની સ્થિતિ વધારે ખરાબ થઈ. આ યુગના સાહિત્યમાં કન્યા જન્મ પર દુખ અને પુત્ર જન્મ પર હર્ષ પ્રકટ કરવામાં આવ્યો છે. આ યુગમાં બાલ-લગ્નની પ્રથા વધારે મજબૂતથઈ. આ યુગની સ્મૃતિઓના અનુસાર સ્ત્રીના લગ્નની વય ૮ થી ૧૦ વર્ષ ની હોવી જોઈએ. આઠ વર્ષની વયમાં તેમને ગૌરી અને દસ વર્ષની વયમાં તેમને કન્યા કહેવામાં આવતું હતું. વિધવા-વિવાહ અથવા તો પુનર્લગ્નને ખરાબ ગણવામાં આવતું હતું. આદિપુરાણ અને લઘુઆશ્વલાયન સ્મૃતિમાં વિધવા-વિવાહને નિષેધ ગણવામાં આવ્યું છે. વિધવાઓ માટે કઠોર નિયમો હતા. આ યુગમાં સતી-પ્રથામાં વધારો જોવા મળે છે. વિધવાઓની ખરાબ સ્થિતિ, વિધવા-વિવાહ નિષેધ, સંપત્તિમાં સ્ત્રીઓના અધિકારો સંબંધી સમસ્યાઓ વગેરેના લીધે સતી-પ્રથામાં વધારો જોવા મળે છે. બાણભટ્ટ અને મેધાતિથિ સતી-પ્રથાનો વિરોધ કરે છે પરંતુ અંગિરસ, હારીતિ જેવી સ્મૃતિઓમાં સતી-પ્રથાની પ્રશંસા કરવામાં આવી છે. સ્ત્રીઓના બાહ્યજીવન પર કેટલાંક પ્રતિબંધો આ યુગમાં જોવા મળે છે. સામન્તી વ્યવસ્થાના કારણે ઉત્પન્ન બંધ અર્થવ્યવસ્થા અને બંધ-સામાજિક વ્યવસ્થાના કારણે સ્ત્રીઓની દશા વધારે વિપરીત બને છે.

#### 4.3.4 દાસ પ્રથા

રાજપૂત કાલમાં દાસપ્રથાના ઉલ્લેખો જોવા મળે છે. ધર્મશાસ્ત્રો, જૈન અને બૌદ્ધ ગ્રન્થો, અભિલેખો, વિદેશી યાત્રીઓના વિવરણોમાં આ યુગમાં દાસોની સ્થિતિ અંગે જાણવા મળે છે. મિતાક્ષરામાં ૧૫ પ્રકારના દાસોનો ઉલ્લેખ છે. આર્થિક ઋણ પણ દાસ-પ્રથા માટે જવાબાદાર સ્થિતિ હતી. પ્રબન્ધચિન્તામણીમાં દાસપ્રથા અંગેની કથાઓ છે. દાસ-વૈપારના ઉલ્લેખો પણ કેટલાંક ગ્રન્થોમાં મળે છે. દરિયાઈ વેપારમાં દાસોના વેપારનો ઉલ્લેખ પણ છે. ધાર્મિક સ્થળોમાં દાસ દાન સ્વરૂપમાં આપવામાં આવતા હતા. ઘરેલું કાર્યો માટે પણ દાસો રાખવામાં આવતા હતા. પરંતુ ભૂ-સ્વામિઓ દ્વારા કૃષિ કાર્ય માટે વધારે દાસ રાખવાનો ઉલ્લેખ ક્યાંય જોવા મળતો નથી. પરંતુ અન્ય દેશોમાં પ્રચલિત દાસ-પ્રથાની તુલનામાં ભારતમાં દાસ-પ્રથામાં દાસોની સ્થિતિ સારી હતી. દાસત્વથી મુક્તિના પણ કેટલાંક નિયમો હતા જે નારદ સ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં જોવા મળે છે.

### 4.4 રાજપૂત શાસન કાલ દરમિયાન આર્થિક સ્થિતિ

રાજપૂત કાલમાં થયેલ આર્થિક પરિવર્તનોને સ્વતંત્ર રીતે જોઈ શકાય એમ નથી. હર્ષવર્ધનનાં મૃત્યુ પછી ઊભી થયેલ રાજકીય પરિસ્થિતિની પણ આર્થિક પરિવર્તનોમાં મહત્ત્વની ભૂમિકા છે. રાજપૂત કાળ દરમિયાનની આર્થિક સ્થિતિને નીચે મુજબ જોઈ શકાય છે.

#### 4.4.1 કૃષિ-પશુપાલન

રાજપૂત કાલમાં અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર કૃષિ હતો. કૃષિ કાર્ય મુખ્યત્વે શૂદ્રોનું કાર્ય હતું. બ્રાહ્મણો અને ક્ષત્રીયો તો પહેલાથી જ કૃષિ કાર્યકરતા ન હતા પરંતુ આ યુગમાં વૈશ્યો પણ કૃષિ કાર્ય ઓછો કરવા મંડ્યા અને વેપાર-વ્યવસાય વધારે કરવાનું શરૂ કર્યું હતું. તેનાથી કૃષિનો ભાર વધારે શૂદ્ર વર્ણ ઉપર જ હતો. કૃષિની સ્થિતિ આ યુગમાં સારી હતી. જમીનની સારી ઉત્પાદકતાનાં પ્રમાણો મળે છે. ઉત્પાદકતાના આધારે જમીન વર્ગીકૃત હતી. વાહીત, અકૃષ્ટ, ઊસર કૃષિ ભૂમિના પ્રકારો હતા. કૃષિમાં ખાતરના રૂપમાં છાણનો પ્રયોગ કરવાના ઉલ્લેખો પણ મળે છે. કૃષિના ઉપકરણોમાં લોખંડનો ઉપયોગ થતો હતો. અન્ય ઉપકરણોમાં હળ, પાવડો, દાંતરડી વગેરે વધારે ઉપયોગમાં આવતા હતા. કૃષિ માટે સિંચાઈની સગવડ઼ોનો વિશેષ ધ્યાન રાખવામાં આવતું હતું. સિંચાઈ માટે તળાવો, નહરો, વાવ વગેરેના નિર્માણના ઘણા બધા ઉલ્લેખો મળે છે. રાજતરંગિણીમાં ઝેલમ નદી પર ડેમ બનાવવા માટેના કર્મચારીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરમાર શાસક મુંજે મુંજ સાગરનું નિર્માણ કરાવ્યું હતું. સિંચાઈ માટે સગવડો કરવાનો કાર્ય રાજાનું પ્રમુખ કર્તવ્ય ગણાતું હતું. સામન્તી વ્યવસ્થાના લીધે કૃષકોની સ્થિતિ વિશે ઈતિહાસકારોમાં મતભેદ છે. છતા ભૂમિની ફળદ્રુપતા અને સિંચાઈની સગવડોના કારણે કૃષિકર્મીઓમાં સંતોષ જોવા મળે છે.

**4.4.2 ઉદ્યોગ**

*રાજપૂત કાલમાં શિલ્પ ઉદ્યોગોનો સ્થાનિક સ્તર પર વિકાસ જોવા મળે છે. આ યુગમાં થયેલ ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વર્ધકિ, કર્માર, સ્વર્ણકાર, ચર્મકાર, તન્તુવાય, દન્તકાર, મણિકાર, ગન્ધિક વગેરેનો ઉલ્લેખ થયો છે. ઉદ્યોગો મુખ્યત્વે વેશ્યોના હાથમાં હતા પરંતુ શિલ્પનો કામ મુખ્યત્વે શૂદ્રોનો હતો. આ યુગમાં મુખ્યત્ત્વે વસ્ત્ર ઉદ્યોગ અને ધાતુ ઉદ્યોગ પ્રમુખ હતા. વસ્ત્ર ઉદ્યોગમાં સૂતી અને રેશન મુખ્ય હતા. રાજપૂત કાળમાં મુલ્તાન, અણહિલવાડ઼ , માલવા, ભૃગુકચ્છ, મદુરૈ, કલિંગ વસ્ત્ર ઉદ્યોગના પ્રમુખ કેંદ્રો હતા. ધાતુ ઉદ્યોગમાં તામ્ર, કાંસ્ય, પિત્તળનાં વાસણો, મૂર્તિઓ બનાવવામાં આવતી હતી. લોખંડના હથિયારોનો ઉદ્યોગ પણ વિકસિત હતો.અલ્બેરૂની સ્ટીલના બનેલા અસ્ત્રો અને કવચનો ઉલ્લેખ કરે છે. સુવર્ણ અને ચાંદીની મૂર્તિઓનો ઉદ્યોગ પણ વિકસિત હતો. સામાન્ય જનતા માટે અને દૈનિક કાર્યો માટે ઉપયોગમાં આવતી વસ્તુઓના નિર્માણનો ઉદ્યોગ પણ વિકસિત હતો.*

**4.4.3 વેપાર**

*રાજપૂત કાલમાં સામન્તી વ્યવસ્થાના કારણે સ્થાનિક અર્થવ્યવસ્થા અને અધિશેષ પર સામન્તોના અધિકારના કારણે એમ મનાય છે કે વેપાર-વાણિજ્યમાં ઘટાડો થયો હતો. પરંતુ સાહિત્યિક સ્રતો અને અભિલેખોથી જાણવા મળે છે કે વૈપાર-વાણિજ્ય પ્રગતિ પર હતો. રાજ્યોના વચ્ચે દૈનિક જરૂરિયાતની વસ્તુઓ, ઉચ્ચ વર્ગ માટે વિલાસની વસ્તુઓ, શિલ્પ ઉદ્યોગ માટેનો કાચો માલ વગેરેનો વેપાર થતો હતો. વેપારી માટે વ્યવહારક શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો. બંગાળથી મલમલ, પાન, સુપારી વગેરે દેશના બીજા વિસ્તારોમાં જતા હતા. એવી જ રીતે માળવાથી અફીણનો વૈપાર થતો હતો. દ્વારકાથી શંખ અને છીપનો વેપાર થતો હતો. પશ્ચિમી દરિયાઈ તટ પર ખંભાત, ભૃગુકચ્છ અને સોમનાથ મુખ્ય બંદરો હતા. એવી જ રીતે પૂર્વી તટ પર તામ્રલિપ્તી મુખ્ય બંદર હતા. ભારતના વિવિધ વિસ્તારોમાં થયેલ કાચા માલ અને અન્ય ઉત્પાદિત વસ્તુઓ વિદેશના વૈપાર માટે આ બંદરો પર આવતી હતી અને ત્યાંથી વિદેશમાં વેપાર થતો હતો. વિદેશથી પણ આ બંદરો પર વસ્તુઓ આવતી હતી અને પછી દેશના વિવિધ વિસ્તારોના બાજારોમાં લઈ જવામાં આવતી હતી. વેપારીઓના સમૂહ અને સમ્મેલનોનો ઉલ્લેખ પણ અભિલેખોમાં જોવા મળે છે. આહાર અભિલેખમાં એવા જ એક સમ્મેલનનો ઉલ્લેખ છે. ભારતનો વિદેશી વ્યાપાર મુખ્યત્વે ચીન અને પશ્ચિમી એશિયા સાથે થયો હતો. આરબો સાથેનાં સંપર્કના લીધે ભારતના પશ્ચિમ એશિયા સાથેના વૈપારમાં પ્રગતિ થઈ હતી. વિદેશી વેપારમાં સૌથી મહત્ત્વનો ફાળો ગુજરાત, બંગાળ અને દક્ષિણી રાજ્યોનો હતો.*

**4.4.4 વ્યાપારીક માર્ગ**

*પૂર્વ મધ્યકાલમાં ભારતનાં નગરો નાના મોટા રાજમાર્ગોથી જોડાયેલા હતા. અલ્બેરૂની ભારતના વેપારીક માર્ગોની વિસ્તારથી ચર્ચા કરે છે. રાજપૂત કાળમાં કન્નૌજ ઉત્તર ભારતમાં રાજકીય ઘટનાઓનું જ નહીં પણ વેપાર માટે પણ કેંદ્ર સ્થળ હતું. કન્નૌજથી*

*લગભગ દરેક દિશાઓમાં વેપારિક માર્ગો જતા હતા. કન્નૌજથી તામ્રલિપ્તી થઈ કાંચી સુધી, કન્નૌજથી નેપાલ અને તિબેટ સુધીનો માર્ગ, કન્નૌજથી પશ્ચિમમાં કાબુલ અને ગજની સુધીનો માર્ગ પ્રમુખ વેપારિક માર્ગો હતા. મધ્ય ભારતમાં પ્રમુખ નગરી ધાર હતી. ત્યાંથી ગુજરાત અને બંગાળના બંદરો સુધી માર્ગો જતા હતા. આંતરરાજ્ય વેપાર માટેના માર્ગોની સુરક્ષાની જવાબદારી સંબંધિત રાજ્યોની હતી. આ વેપારી માર્ગોની સુરક્ષા કરનાર રાજ્યો માર્ગ કર પણ લેતા હતા અને તેને સમારકામ પણ કરાવતા હતા.*

### 4.4.5 શ્રેણી સંગઠન

*શ્રેણીનો સંબંધ ઉત્પાદકો અને વ્યવસાયિકોના સમૂહથી છે. ઉત્પાદન અને વ્યવસાય જેવી આર્થિક ગતિવિધિઓમાં સંકળાએલા લોકોના પોતાના વ્યવસાયના વિકાસ અને સુરક્ષા માટે સમૂહોની રચના કરતા હતા. સૌથી પહેલા શ્રેણીનો ઉલ્લેખ ઉત્તર વૈદિક યુગમાં મળે છે. અક જ વ્યવસાય કરનાર લોકોના સંગઠનને શ્રેણી કહેવામાં આવતું હતું. ગુપ્તકાલ સુધી શ્રેણીઓના સંગઠનોનો પર્યાપ્ત વિકાસ થયો હતો. પરંતુ પૂર્વ મધ્યકાલમાં સામન્તવાદના વિકાસ અને મુસ્લિમ આક્રમણોના કારણે ઉત્તર ભારતમાં શ્રેણીઓનું મહત્ત્વ ઓછું થયું હતું. આ યુગમા અધિશેષ પર સામન્તોનો અને ધાર્મિક સ્થળોનો અધિકાર વધારે થયો એટલે શ્રેણિઓનો મહત્ત્વ ઓછો થયો. ઉત્પાદકોની પણ શ્રેણીઓનો ઉલ્લેખ મળે છે.શ્રેણીઓનું મુખ્ય કાર્ય બજાર પર નિયંત્રણ, વસ્તુઓના ક્રય-વિક્રયની વ્યવસ્થા, વ્યાજ પર ધનની વ્યવસ્થા વગેરે હતા. શ્રેણીઓ બેંકનું પણ કામ કરતી હતી.*

## 4.5 રાજપૂત શાસન કાલ દરમિયાન ધાર્મિક સ્થિતિ

*રાજપૂત કાલમાં બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ધર્મ પ્રમુખ ધર્મો હતા. આ યુગમાં ધાર્મિક સ્વતંત્રતા હતી. આ યુગની ધાર્મિક સ્થિતિમાં સૌથી મહત્ત્વની બાબત મંદિરોનું નિર્માણ હતું. બ્રાહ્મણ ધર્મમાં પણ વૈષ્ણવ, જૈન, શાક્ત જેવા સંપ્રદાયોનો પર્યાપ્ત વિકાસ થયો. તાંત્રિક ધર્મનો પણ પ્રભાવ વધ્યો. રાજપૂત કાળની ધાર્મિક સ્થિતિ નીચે મુજબ હતી.*

### 4.5.1 બ્રાહ્મણ ધર્મ

*બ્રાહ્મણ ધર્મના પ્રમુખ દેવો બ્રહ્મા, વિષ્ણુ અને શિવ હતા. પરંતુ આ યુગમાં તેના સિવાય પણ કેટલાંક નામો ઉલ્લેખનીય છે જેમાં સૂર્ય, વિનાયક, કાર્તિકેય, ઈંદ્ર, અગ્નિ, યમ, વરુણ આદિ. શક્તિના રૂપમાં દેવીઓની પૂજા કરવામાં આવતી હતી. આ યુગમાં બ્રાહ્મણ ધર્મમાં મુખ્યત્વે વૈષ્ણવ, શૈવ અને શાક્ત સંપ્રદાયો પ્રમુખ હતા. કુમારિલભટ્ટ અને શંકરાચાર્યના પ્રયત્નોથી આ ધર્મનો પ્રચાર-પ્રસાર સંપૂર્ણ ભારતમાં થયો. કુમારિલના વૈદિક કર્મકાંડ, શંકરાચાર્યના અદ્વૈતવાદ અને રામાનુજના વિશિષ્ટદ્વૈતવાદનું  યોગદાન બ્રાહ્મણ ધર્મની દાર્શનિક વ્યાખ્યા અને તેના વિકાસ માટે મહત્ત્વનું હતું.*

#### 4.5.2 વૈષ્ણવ

*ત્રણ પ્રમુખ દેવોમાં વિષ્ણુ અને તેના અવતારોને માનનાર સંપ્રદાય વૈષ્ણવ સંપ્રદાય હતો. ગુપ્તયુગમાં વૈષ્ણવ સંપ્રદાયનો પર્યાપ્ત વિકાસ થયો હતો. આ યુગમાં અવતારવાદના સિદ્ધાન્તનો વિકાસ થયો હતો. જેમાં માનવામાં આવતું હતું કે વિષ્ણુ દુષ્ટોના નાશ માટે અવતાર લે છે અને ભક્તોને બચાવે છે. વિષ્ણુના અવતારોમાં વરાહ, કૃષ્ણ, રામ સૌથી લોકપ્રિય હતા. વિષ્ણુના વાસુદેવ, ચક્રધર, ગોવિન્દ, નારાયણ, ગદાધર, માધવ, જનાર્દન વગેરે નામો હતા. રાજપૂત કાળના અનેક રાજવંશો વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હતાં. ઉત્તર ભારતના બંગાલના સેન વંશ, ગૂર્જર-પ્રતિહારો, ચૌહાણ વંશના કેટલાંક શાસકો વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હતા. દક્ષિણ ભારતમાં વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ આલવાર કહેવાતા હતાં. તિરૂમંગાઈ, પેરિય અલવાર અંદાલ આ સંપ્રદાયના પ્રમુખ સંતો હતા. દક્ષિણ ભારતમાં બનાવવામાં આવેલ વૈષ્ણવ મંદિર આ સંપ્રદાયના વિકાસના પ્રતીક છે.*

#### 4.5.3 શૈવ

*ભગવાન શિવથી સંબંધિત સંપ્રદાય શૈવ કહેવાતા હતા.રાજપૂત કાલમાં ઘણા બધા વંશના શાસકો શૈવ હતા. શંભુ, મહાદેવ, પશુપતિ, શૂલપણિ, મહેશ્વર, પિનાકિન , ત્રિપુરાંતક વગેરે શિવનાં નામો હતાં. બનારસ શૈવ સંપ્રદાયનું પ્રમુખ કેન્દ્ર હતું. ત્યાં શિવ મંદિરોનું નિર્માણ કરાવવામાં આવ્યું હતું. શૈવ સંપ્રદાય હિંદુ ધર્મના બીજા સંપ્રદાયો કરતા વધારે પ્રસિદ્ધ હતો. શૈવ લોકો સંધ્યા, પૂજા, જપ, પ્રાણાયામ, મનન, સમાધિ, તપ અને પ્રાયશ્ચિત જેવી પ્રવૃત્તિને મહત્ત્વ આપતા હતા. શૈવ સંપ્રદાયના પણ કેટલાંક પેટા સંપ્રદાયો હતા. પાશુપત જમાં મુખ્ય હતો. લકુલીશ પાશુપત સંપ્રદાયનો પ્રવર્તક હતો.શૈવોના બીજા અન્ય સંપ્રદાયોમાં કાપાલિક અને કાલમુખ પ્રમુખ હતા. જે વિવિધ તાંત્રિક ક્રિયાઓમાં માનતા હતા અને તેનું પાલન કરતા હતા. દક્ષિણ ભારતમાં વૈષ્ણવ આલવારોની જેમ જ શૈવ સંપ્રદાયના અનુયાયીઓને નયનાર કહેવામાં આવતું હતું. નયનારોના પ્રમુખ સંત અપ્પાર, નાન સબંદર અને સુંદર મૂર્તિ હતા. દક્ષિણમાં શૈવ સંપ્રદાયમાં જ વીર શૈવ મતનો ઉદ્દભવ આ યુગમાં થયો હતો, જેના પ્રવર્તક વાસવરાજ હતા. વીર શૈવ મતના અનુયાયીઓને લિંગાયત કહેવામાં આવતું હતું.*

#### 4.5.4 શાક્ત

*શક્તિને ઈષ્ટદેવી માનનાર અને તેમની પૂજા કરનાર લોકોના સંપ્રદાયને શાક્ત સંપ્રદાય કહેવામાં આવે છે. શાક્ત સંપ્રદાયનો શૈવ સંપ્રદાય સાથે નજીકનો સંબંધ છે. રાજપૂત કાળમાં શાક્ત પૂજા વધારે લોકપ્રિય થઈ. આ યુગમાં દેવીના અધિકાંશ મંદિરોનો નિર્માણ આ યુગમાં થયો હતો. જબલપુર નજીક ભેડાઘાટમાં ચોસઠ યોગિની મંદિર છે. ખજૂરાહો અને સંભલપુર, કાલાહાંડી અને લલિતપુરમાં પણ ચોસઠ યોગિની મંદિર છે. આદિવાસીઓમાં પણ શાક્ત પૂજાનું પ્રચલન હતું. શબરી, પર્ણેશ્વરી, વિન્ધ્યવાસિની,*

શાકમ્ભરી, ગૌરી, પાર્વતી, દુર્ગા, ઉમા, ભૈરવી, કાલી, ચંડિકા વગેરે નામ શક્તિ સ્વરૂપા દેવીઓના હતા જે આ યુગમાં પ્રચલનમાં હતા.

### 4.5.5 જૈન ધર્મ

રાજપૂત કાળમાં સંપૂર્ણ ઉત્તર ભારતમાં જૈન ધર્મનો પ્રભાવ ન હતો પરંતુ પશ્ચિમ ભારતમાં રાજસ્થાન, માલવા અને ગુજરાતના રાજવંશોએ જૈન ધર્મને સંરક્ષણ આપ્યું હતું. આ સમયમાં રાજસ્થાનમાં અનેક જૈન મંદિરોનું નિર્માણ થયું. ઓસિયાઁ, મંડોર, આબુ વગેરેમાં બનેલાં જૈન મંદિરો મહત્ત્વના છે. જૈન ધર્મને સૌથી વધારે પ્રોત્સાહન ગુજરાતના ચાલુક્ય નરેશ કુમારપાળના સમયમાં મળ્યું હતું. આ સમયમાં જૈન ધર્મમાં મૂર્તિપૂજા અને મંદિરોનું પ્રચલન શરૂ થયું. આ યુગમાં જૈન ધર્મના વિકાસ માટે જૈન આચાર્ય હરિભદ્ર સૂરિનું યોગદાન મહત્ત્વનું છે. દક્ષિણ ભારતમાં પણ જૈન ધર્મનો પર્યાપ્ત વિકાસ થયો હતો. રાષ્ટ્રકૂટ નરેશ અમોઘવર્ષ જૈન ધર્મનો અનુયાયી હતો. રાષ્ટ્રકૂટો પછી દક્ષિણમાં આલવાર અને નયનારોના પ્રભાવના કારણે જૈન ધર્મનો પ્રભાવ ઘટ્યો પરંતુ પશ્ચિમી ચાલુક્યો અને હોયસલો જૈન ધર્મના સંરક્ષક હતા.

### 4.5.6 બૌદ્ધ ધર્મ

રાજપૂત કાલ બૌદ્ધ ધર્મ માટે પતનનો કાળ હતો. હર્ષવર્ધન પછી બૌદ્ધ ધર્મમાં નિરંતર હ્રાસ જોવા મળે છે. હૂણોના અને મુસ્લિમ આક્રમણોના કારણે મધ્ય ભારત અને ઉત્તર-પશ્ચિમમાં બૌદ્ધ ધર્મને નુકસાન થયું હતું. કુમારિલભટ્ટ અને શંકરાચાર્યના બ્રાહ્મણ ધર્મના પુનરુત્થાન માટેના પ્રયત્નો, દક્ષિણમાં આલવાર અને નયનાર સંપ્રદાયના પ્રભાવના કારણસર પણ બૌદ્ધ ધર્મનો હ્રાસ આ યુગમાં જોવા મળે છે. આ યુગમાં બૌદ્ધ ધર્મના વજ્રયાન સંપ્રદાયનો ઉદય થયો હતો જેમાં તંત્રની પ્રધાનતા અને હઠયોગનું વધારે મહત્ત્વ હતું. એને સહજયાન પણ કહેવામાં આવતું હતું. બૌદ્ધ ધર્મના આ તાંત્રિક સ્વરૂપના ઉદય અને વિકાસના કારણે બૌદ્ધોના પતન વધારે તીવ્ર ગતિથી થયો. રાજપૂત કાલમાં બૌદ્ધ ધર્મને સૌથી વધારે સંરક્ષણ બંગાલના પાલ શાસકોના સમયમાં મળ્યો હતો.

- **તમારી જાતે ચકાસો**

1. ભારતીય ઈતિહાસના કાલ વિભાજનમાં પ્રાચીન અને મધ્યકાલના નિર્ધારણ અંગેની ઈતિહાસકારોની ચર્ચાઓને તપાસો.
2. ભારતીય ઈતિહાસમાં સામન્તીયુગની અવધારણા અંગેની વિવિધ ચર્ચાઓને તપાસો.
3. રાજૂપત યુગ દરમિયાન થયેલ સામાજિક પરિવર્તનોની આર્થિક ભૂમિકાને તપાસો.

- **સ્વાધ્યાય**

1. રાજૂપતકાલ દરમિયાન વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિ-વ્યવસ્થા અંગે માહિતી આપો.
2. રાજપૂત કાલ દરમિયાન શિક્ષણના વિકાસ અંગે ચર્ચા કરો.
3. રાજપૂત કાલ દરમિયાન થયેલ વેપારીક વિકાસ અને શ્રેણી સંગઠનોની ચર્ચા કરો.
4. રાજૂપત કાલ દરમિયાન જૈન અને બૌદ્ધ ધર્મની સ્થિતિ અંગે ચર્ચા કરો.

5. *રાજપૂત કાલ દરમિયાન વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયોની ચર્ચા કરો.*

## 4.6 સારાંશ

*ભારતીય ઈતિહાસમાં જે યુગને રાજપૂત યુગ તરીકે ઓળખવામાં આવે છે તે યુગ રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક બાબતોમાં પરિવર્તનનો યુગ રહેલો છે. રાજકીય વિકેન્દ્રીકરણ યુગમાં પરિવર્તિત આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં કેટલીક નવીન અવધારણાઓનો વિકાસ થયો. સામ્રાજ્યોનાં પતન, નવીન રાજ્યોનાં ઉદય અને ભૂ-અનુદાનમાં વૃદ્ધિના કારણે સમાજમાં એક નવા સામન્ત વર્ગનો ઉદ્ભવ થયો. આ વર્ગના ઉદ્ભવના પરિમાણ સ્વરૂપ સંપૂર્ણ સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિમાં વ્યાપક પરિવર્તન જોવાં મળે છે. સમાજમાં વર્ણવ્યવસ્થાનું પ્રચલન તો હતું પરંતુ હવે તેમાં વ્યાપક પરિવર્તનો જોવાં મળે છે. અનુલોમ-પ્રતિલોમ લગ્નો, વિદેશી આક્રમણો, વિભિન્ન નવીન વ્યવસાયો આદિના લીધે જ્ઞાતિ પ્રથા હવે એક નવી સામાજિક સ્થિતિના સ્વરૂપમાં જોવાં મળે છે. આર્થિક સ્થિતમાં કૃષિમાં મુખ્ય વ્યવસાય હતો. ફળદ્રુપ જમીનના કારણસર કૃષિકાર્ય કરનારની સ્થિતિ કઈંક સુધરેલી હતી. આર્થિક સ્થિતમાં વૈપાર-વાણિજ્ય સામાન્ય સ્તરે હતો. વેપારિક માર્ગો દેશના વિવિધ નગરોને જોડતા હતા અને તેના લીધે આર્થિક ગતિવિધિઓ ચલિત અવસ્થામાં હતી. શ્રેણી સંગઠનો પૂર્વકાળની જેમ વિકસિત ન હતા પરંતુ વ્યવસાયિક ગતિવિધિઓમાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી. રાજપૂતકાળ દરમિયાન બ્રાહ્મણ ધર્મનું પુનરુત્થાન થયું હતું. બ્રાહ્મણ ધર્મના આ પુનરોદયમાં તેમા નવીન સંપ્રદાયોનો વિકાસ ઉત્તર અને દક્ષિણ ભારતમાં થતો. મંદિરોનો વિકાસ આ યુગની સૌથી પ્રમુખ ધાર્મિક બાબત હતી. બૌદ્ધ ધર્મનો હ્રાસ અને જૈન ધર્મની પ્રગતિ આ યુગમાં મહત્ત્વની ધાર્મિક બાબત ગણી શકાય.*

## 4.7 શબ્દાવલી

1. *માર્ક્સવાદી ઈતિહાસકાર – જર્મન વિચારક કાર્લ માર્ક્સના વિચારોના આધારે ઈતિહાસની વ્યાખ્યા કરનાર ઈતિહાસકારો.*
2. *વાહીત – વાવેતર કરેલી જમીન*
3. *અકૃષ્ટ – એવી જમીન કે જેમાં કોઈ કૃષિ થઈ નથી.*
4. *વજ્રયાન – બૌદ્ધ ધર્મનો એક સંપ્રદાય*

## 4.8 સંદર્ભ સૂચિ

1. *પાણ્ડેય વિમલચંદ્ર, પ્રાચીન ભારત કા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ-2, સેંટ્રલ પબ્લિશિંગ હાઉસ, ઈલાહાબાદ,* 2001 (*પંચમ સંશોધિત સંસ્કરણ)*
2. *મજૂમદાર રમેશચન્દ્ર, પ્રાચીન ભારત, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1995

3. ત્રિપાઠી, રમાશંકર, પ્રાચીન ભારત કા ઈતિહાસ, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી, 1971 (છઠા સંસ્કરણ)
4. શ્રીવાસ્તવ કે.સી., પ્રાચીન ભારત કા ઈતિહાસ તથા સંસ્કૃતિ, 1990.
5. ભટ્ટાચાર્ય સચ્ચિદાનન્દ, ભારતીય ઈતિહાસ કોશ, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઉ, 2004 (ચતુર્થ સંસ્કરણ)
6. ચોપરા પી.એન. (સંપા.), ભારતનું ગેઝેટિયર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, 2001.
7. દુબે હરિ નારાયણ, દક્ષિણ ભારત કા બૃહદ્ ઈતિહાસ, શારદા પુસ્તક ભવન, ઈલાહાબાદ, 2004.
8. શાસ્ત્રી નીલકણ્ઠ, દક્ષિણ ભારત કા ઈતિહાસ, પટના, 1972.
9. ભાર્ગવ વી.એસ., પ્રાચીન ભારતીય ઈતિહાસ, રિસર્ચ પબ્લિકેશન, જયપુર, 2011
10. લુણિયા બી.એન., પૂર્વ મધ્યકાલીન ભારત કા રાજનીતિક એવં સાંસ્કૃતિક ઈતિહાસ, કમલ પ્રકાશન, ઈન્દૌર, 1975 (દ્વિતીય સંસ્કરણ)
11. શર્મા રામશરણ, પ્રારંભિક ભારત કા આર્થિક ઔર સામાજિક ઈતિહાસ, હિંદી માધ્યમ કાર્યાન્વય નિદેશાલય દિલ્હી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્હી, 2008 (તૃતીય સંશોધિત સંસ્કરણ)
12. શર્મા રામશરણ, ભારતીય ઈતિહાસ એક પુનર્વિચાર, હિંદી માધ્યમ કાર્યાન્વય નિદેશાલય, દિલ્હી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્હી, 2011.
13. શ્રીવાસ્તવ પંકજ લતા, પ્રાચીન ભારત, એક્સી

| એકમ – 5 | દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વેની ભારતની રાજકીય સ્થિતિ |
|---|---|

**રૂપરેખા :**


**5.0 ઉદ્દેશ્યો**
**5.1 પ્રસ્તાવના**
**5.2 દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ ભારતમાં થયેલ મુસ્લિમ આક્રમણો**
**5.2.1 આરબ આક્રમણ**
**5.2.2 મહમદ ગઝનીના આક્રમણ**
**5.2.3મહમ્મદ ઘોરીના આક્રમણ**
**5.3 દિલ્હી સલ્તનતની સ્થાપના ભારતના પ્રમુખ રાજ્યો**
**5.3.1 કાશ્મીર**
**5.3.2પંજાબ**
**5.3.3 સિંધ અને મુલ્તાન**
**5.3.4 દિલ્હી અને અજમેર**
**5.3.5 કન્નૌજ**
**5.3.6 જેજાકભુક્તિ**
**5.3.7 ત્રિપુરી**
**5.3.8 ગ્વાલિયર**
**5.3.9 નાડોલ અને જાલોર**
**5.3.10 મેવાડ઼**
**5.3.11ગુજરાત**
**5.3.12 માળવા**
**5.3.13બંગાળ**
**5.3.14બયાના**
**5.3.15કલિંગ**
**5.4 દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ દક્ષિણ ભારતના પ્રમુખ રાજ્યો**
**5.4.1 ચાલુક્ય**
**5.4.2 દેવ ગિરિના યાદવ**
**5.4.3 બનવાસી**
**5.4.4 વારંગલ**
**5.4.5 દ્વારસમુદ્ર**
**5.4.6 મદુરૈ**
**5.4.7તંજૌર**
**5.4.8 શિલાહાર વંશ**
**5.4.9 ચેર**

- **તમારી જાતે ચકાસો**

**5.5 સારાંશ**

**5.6 શબ્દાવલી**

**5.7 સંદર્ભ સૂચિ**

## 5.0 ઉદ્દેશ્યો

*આ એકમના ઉદ્દેશ્યમાં દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વે ભારતની રાજકીય સ્થિતિ અંગેનો અભ્યાસ કરવાનો છે. આ એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે –*

- *દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ ભારતમાં થયેલ વિદેશી આક્રમણો અંગે માહિતગાર થશે.*
- *દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ ઉત્તર ભારતની રાજકીય સ્થિતિ અંગે માહિતગાર થશે.*
- *દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ દક્ષિણ ભારતની રાજકીય સ્થિતિ અંગે માહિતગાર થશે.*

## 5.1 પ્રસ્તાવના

*ભારતીય ઈતિહાસમાં દિલ્હી સલ્તનતની સ્થાપના એક મહત્વપૂર્ણ ઘટના હતી. પ્રાચીન કાલમાં પણ વિદેશી આક્રમણો થયા હતા અન વિદેશિઓએ પોતાની સત્તાઓની સ્થાપના કરી હતી. કુષાણો, શકો, હિન્દ-યુનાની શાસકો, હિન્દ-પહ્લવ શાસકોએ પશ્ચિમી વિસ્તારથી પ્રવેશ્યા અને પોતાની સત્તાઓનો પ્રસાર પૂર્વી ભારત સુધી કર્યો. ભારતમાં આઠમી સદીના પ્રારમ્ભથી આરબોના આક્રમણ શરૂ થયા. શરૂઆતમાં સિંન્ધ અને પંજાબમાં અને પછી આગળ વધીને ઉત્તર ભારતના રાજ્યો પર પણ આ આક્રમણોની અસર થઈ. અગિયારમી સદીની શરૂઆતમાં તુર્કોના આક્રમણો શરૂ થયા. મહમ્મદ ગઝનીએ તો લગભગ દરેક વર્ષે ભારત પર આક્રમણ કરતો હતો. તેણે ઉત્તરમાં કન્નૌજ સુધી આક્રમણઓ કર્યા. આરબોના આક્રમણો અને તુર્કોના આક્રમણોમાં ફેર દેખાય છે. આરબોના આક્રમણોનું જે પ્રતિરોધ થયું તે છેલ્લે તે સફળ રહ્યું હતું પરંતુ તુર્કોનું પ્રતિરોધ છેલ્લે અસફળ રહ્યું અને ભારતમાં તુર્કોની સત્તાનો પ્રારંભ થયો. આ અધ્યાયમાં આરબ અને તુર્કી આક્રમણો અંગે ટુંકમાં જણાવીને દસમીથી બારમી સદી સુધી ઉત્તર અને દક્ષિણ ભારતની રાજકીય સ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવશે. ખાસ કરીને આ સમય દરમિયાન ઉત્તર અને દક્ષિણ ભારતમાં જે રાજ્યો અસ્તિત્વમાં હતા તેમણો પરિચય આપવામાં આવશે.*

## 5.2 દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ ભારતમાં થયેલ મુસ્લિમ આક્રમણો

*દિલ્હીમાં તુર્કી સલ્તનતની સ્થાપના ઈ.સ. ૧૨૦૬માં થઈ હતી. પરંતુ ભારતમાં પશ્ચિમ તરફથી થયેલ મુસ્લિમ આક્રમણોની શરૂઆત સાતમી સદીથી થઈ ગઈ હતી. સર્વપ્રથમ આરબ શાસકો દ્વારા આક્રમણો થયા અને સિન્ધ,પંજાબ સુધી તેઓ સફળ પણ થયા હતા પરંતુ અંતે તેમનો રાજ્ય સ્થાપી નથી શક્યા. તેના પછી દસમી સદીના અંતમાં ભારતમાં તુર્કી શાસકોના આક્રમણ શરૂ થયા જેમણે પરિણામે તેરમી સદીની શુરૂઆતમાં દિલ્હીમાં સલ્તનતની સ્થાપના થઈ.*

### 5.2.1 આરબ આક્રમણ

*ભારતમાં સર્વપ્રથમ ઈ.સ. ૬૩૬-૩૭માં આરબોએ પશ્ચિમી તટ પર આક્રમણ કર્યું. પરંતુ તેઓ અસફળ રહ્યા અને પરત ફર્યા. આરબ લોકોનો બીજું આક્રમણ ખલીફા ઉસ્માનના સમયમાં ઈ.સ. 644માં આ વખ્તે સ્થળ માર્ગથી થયું. કિરમાન અને સિસ્તાન વિજય કર્યા પછી તેઓ મકરાન તરફ વળ્યા ત્યાં સિંધ અને મકરાનના શાસકોએ વિરોધ કર્યો પણ અસફળ રહ્યા અને આરબોનો વિજય થયો. તેઓ ભારતમા આગળ વધવાના હતા પરંતુ ખલિફાએ તેની મંજુરી આપી નહી એટલે પરત ફર્યા. આરબોનું ત્રીજું આક્રમણ ભારતમાં ઈ.સ. 711માં થયું હતું. ખલિફાની મંજૂરીથી અલહજ્જાજે એક વિશાળ સેના તૈયાર કરી અને સિંધ પર આક્રમણ કરવા માટે સેનાપતિ ઉપેદુલ્લાહના નેતૃત્વમાં સૈના મોકલી. પરંતુ તેમની પરાજય થઈ. અલ હજ્જાજે બીજી વખત બુદૈલના નેતૃત્વમાં સૈના મોકલી પરંતુ સિંધના શાસક દાહિરે આ સેનાને પણ પરાસ્ત કરી અને બુદૈલનો વધ કર્યો. ત્રીજી વખત અલ હજ્જાજે પોતાના ભત્રીજા અને જમાઈ મહમ્મદ બિન કાસિમના નેતૃત્વમાં સિંધ પર આક્રમણ માટે સૈના મોકલી. મહમ્મદ બિન કાસિમ આ અભિયાનમાં સફળ રહ્યો. સૌથી પહેલો તેણે સિંધના દેવલ પર આક્રમણ કર્યું અને દેવલ નગરની લૂંટ કરી. ત્યાર પછી તેઓ નીરૂન પર આક્રમણ કર્યું.જ્યાં રાજા દાહિરનો પુત્ર જયસિંહ હતો. નીરૂન પર પણ કાસિમે અધિકાર જમાવ્યો. ત્યાંથી સેહવાન ગયો જ્યાં દાહિરનો ભાઈ શાસક હતો. કિલ્લો છોડીને ભાગી ગયો અને સેહવાન પર કાસિમનો અધિકાર થઈ ગયો ત્યાંથી કાસિમ સીસમ તરફ આગળ વધ્યો. સીસમના શાસકે કાસિમનો પ્રતિરોધ કર્યો પરંતુ કાસિમે સીસમને પણ વિજય કર્યો. ત્યાર પછી કાસીમ બ્રાહ્મણાબાદ નગર તરફ આગળ વધ્યો ત્યાં રાજા દાહિર પોતાની સૈના આક્રમણ માટે તૈયાર કરી અને રાઓરમાં ઈ.સ. ૭૧૨માં બન્ને સૈનાઓ વચ્ચે ભયંકર યુદ્ધ થયો. આ યુદ્ધમાં દાહિરની પરાજય થયો , રાજા દાહિર યુદ્ધમાં માર્યો ગયો અને કાસિમે દાહિરની બે પુત્રીઓને પકડીને ખલીફાને ભેંટ સ્વરૂપ મોકલી દીધી. ત્યાંથી મુલ્તાન તરફ વધ્યો અને મુલ્તાનના પણ પરાજિત કર અધિકાર જમાવ્યો. સિંધ અને મુલ્તાનની વિજય પછી તેમની યોજના કન્નૌજ સુધી જવાની હતી પરંતુ મૃત્યુ પામ્યો હતો. કાસિમ પછી સિંધમાં ખલિફા તરફથી જુનૈદ અને તમિન નામક રાજ્યપાલોની નિયુક્તિ કરવામાં આવી હતી. આરબોએ સિંધ પ્રાપ્ત કર્યા પછી પશ્ચિમી ભારતના સૌરાષ્ટ્ર, ગુજરાત, લાટ વગેરે વિસ્તારોમાં આક્રમણો કર્યા. અને પોતાનો પ્રભાવ વિકસિત કરવાના પ્રયાસો કર્યા.પરંતુ તેઓ નિષ્ફળ નિવડ્યા. ખાસ કરીને ચાલુક્ય શાસકો*

અને ગૂર્જર પ્રતિહાર શાસકોના મજબૂત સૈન્ય અને પ્રતિરોધના લીધે તેમને કોઈ પણ રીતની સફળતા આ વિસ્તારમાં નથી મળી. આઠમી અને નવમી સદીમાં ગૂર્જર-પ્રતિહાર શાસકો સાથે આરબોના નાના-મોટા ઘણા સંઘર્ષો થયા અને આરબોએ સફળતા પ્રાપ્ત કરી શક્યા નથી એટલે આરબોનું શાસન ભારતમાં સ્થાઈત્વ પામી શક્યું નથી.

### 5.2.2 મહમદ ગઝનીના આક્રમણ

અબ્બાસી ખલિફાઓના સમયમાં ઈ.સ. 911માં બુખારામાં સમન-વંશી તુર્કી રાજ્યની સ્થાપના થઈ. આ રાજ્યના પતન કાલ દરમ્યાન ઈ.સ. ૯૬૨માં અફઘાનસ્તાનના ગજનીમાં સમન રાજ્યના એક અધિકારી અલપ્તગીને એક નાના તુર્કી રાજ્યની સ્થાપના કરી. અલપ્તગીનનું મૃત્યુ ઈ.સ. 969માં થયુ. તેમના પછી તેમના બે નિર્બળ ઉત્તરાધિકારીઓ આવ્યા પરંતુ ઈ.સ.677માં તેમના જ એક તુર્કી દાસ સુબુક્તગીને ગજની રાજ્યની સત્તા પોતાના હાથમાં લીધી અને એક નવીન રાજવંશની સ્થાપના કરી. આ સમયમાં ભારતના પંજાબમાં હિન્દુકુશ પર્વતથી ચિનાબ નદી સુધી ઉત્તર-પશ્ચિમ સીમાન્ત ક્ષેત્રમાં હિન્દુશાહી વંશના શાસક જયપાલનો રાજ્ય હતું. તુર્કી સાથે સૌથી પહલો સંઘર્ષ આ જ રાજ્યને કરવો પડ્યો હતો. ઈ.સ. ૯૮૬માં સુબુક્તગીને જયપાલના રાજ્યની સીમાઓ પર આક્રમણ કર્યું.અને કેટલાંક વિસ્તારો પર અધિકાર મેળવી લીધો. જયપાલે એક વિશાળ સેના તૈયારી કરી અને સુબુક્તગીનના ગજની રાજ્ય પર આક્રમણ કર્યો. ભૌગોલિક પરિસ્થિતિના લીધે જયપાલને સફળતા ન મળી. જયપાલ દ્વારા સંધિનો પ્રસ્તાવ મુકવામાં આવ્યું. સુબુક્તગીન સંધિ સ્વીકારી અને પોતાના બે અધિકારિઓને જયપાલના દરબારમાં મોકલ્યા પરંતુ જયપાલે તેઓને કેદ કર્યા. જયપાલના આ કૃત્યના કારણે સુબુક્તગીને જયપાલના રાજ્યની સીમાઓ પર ફરીથી આક્રમણ કરીને સીમાઓ પર અધિકાર મેળવી લીધો. જયપાલે પણ કાલિંજર, કન્નૌજ, અજમેરના શાસકોની સહાયતાથી સુબુક્તગીન પર આક્રમણ કર્યું. પરંતુ તેઓ ફરીથી પરાજિત થયો. સુબુક્તગીનની આ વિજયના લીધે ખૈબર અને પેશાવર પર સુબુક્ગીનનો અધિકાર થઈ ગયો. સુબુક્તગીન પછી ઈ.સ. ૯૯૭માં તેમનો પુત્ર મહમ્મદ ગજનીનો શાસક બન્યો. તેણે ઈ.સ. 1000 થી 1026 સુધી ભારત પર 17 આક્રમણો કર્યા. ઈ.સ. 1000માં જયપાલના રાજ્યના સીમાન્ત ક્ષેત્ર પર આક્રમણ, ઈ.સ. 1001મા જયપાલના રાજ્ય પર આક્રમણ, ઈ.સ. 1003માં ઝેલમ નદીના કિનારે ભેરા પર આક્રમણ, ઈ.સ. 1004-04માં મુલ્તાન પર આક્રમણ, ઈ.સ. 1005માં ભટિંડા પર આક્રમણ, ઈ.સ. 1008માં મુલ્તાન પર બીજું આક્રમણ, ઈ.સ. 1008માં આનંદપાલ પર આક્રમણ અને નાગરકોટની લૂંટ, ઈ.સ 1009માં રાજસ્થાનના અલવર જિલ્લાના નારાયણપુર પર આક્રમણ, ઈ.સ 1010માં મુલ્તાન પર ત્રીજું આક્રમણ, ઈ.સ. 1013-14માં શાહી નરેશ ત્રિલોચનપાલ પર આક્રમણ, ઈ.સ. 1014માં થાનેશ્વર પર આક્રમણ, ઈ.સ. 1015માં કાશ્મીર પર આક્રમણ, ઈ.સ. 1018-19માં મથુરા અને કન્નૌજ પર આક્રમણ, ઈ.સ. 1019માં કલિંજર પર આક્રમણ, ઈ.સ. 1020માં પંજાબ પર આક્રમણ, ઈ.સ. 1022માં ગ્વાલિયર અને કાલિંજર પર આક્રમણ, ઈ.સ. 1025-26માં સોમનાથ પર આક્રમણ અને ઈ.સ. 1027માં જાટ અને ખોખરો પર

*આક્રમણ. જાટો અને ખોખરો પર આક્રમણ એ મહમ્મદનું ભારત પર છેલ્લું આક્રમણ હતું. મહમ્મદને આ દરેક આક્રમણમાં સફળતા મળી હતી. મહમ્મદ પછી ગજનીનો શાસક મસૂદ બન્યો. તેણે ઈ.સ. 1037માં પંજાબના હાઁસી અને હરીયાણાના સોનીપત પર આક્રમણ કર્યું. મસૂદ સલ્જુક  તુર્ક સુલ્તાન તુગરિલબેગથી પરાજિત થયો અને તેણે પંજાબમાં શરણું લીધું. મસૂદ પછી અરસલન, બહરામ અને ખુસરો મલિક ગજનીના સુલ્તાન બન્યા પરંતુ તેઓ પોતાની સત્તાને ટકાવી શક્યા નથી અને ગૌર શાસક ગયાસુદ્દીન બિનસામે ગજની પર અધિકાર જમાવી  ઘોરી વંશની સ્થાપના કરી.*

### 5.1.3 મહમ્મદ ઘોરીના આક્રમણ

*ગયાસુદ્દીને પોતાના ભાઈ મુઈજુદ્દીન મહમ્મદ બિન સામને ગજનીની સત્તા સૌંપી. ગયાસુદ્દીનના મૃત્યુ પછી મહમ્મદ ઘોરીએ ઘોર અને ગજનીને એક જ રાજયમા સંગઠિત કર્યો અને ત્યાંનો શાસક બન્યો. મહમ્મદ ઘોરીએ પણ ભારત પર સતત આક્રમણો કર્યા હતા. ઈ.સ. 1175માં મુલ્તાન અને સિંધ પર આક્રમણ, ઈ.સ. 1178માં ગુજરાત પર આક્રમણ, ઈ.સ. 1179માં પેશાવર પર આક્રમણ, ઈ.સ. 1181માં પંજાબ પર આક્રમણ, 1191 અને 1192માં તરાઈનના યુદ્ધો, ઈ.સ. 1194માં કન્નૌજ પર આક્રમણ, ઈ.સ. ૧૧૯૫-૯૬માં બયાના અને ગ્વાલિયર પર આક્રમણ. મહમ્મદ ઘોરીના આક્રમણોના પરિણામ મહમ્મદ ગઝનની જેમ નથી રહ્યા. શરૂઆતના આક્રમણોમાં મહમ્મદ ઘોરીને પરાજિત પણ થવું પડ્યું હતું. દાખલા તરીકે ગુજરાતના આક્રમણમાં ગુજરાતના શાસક મૂલરાજની સેનાએ ઘોરીને ભયંકર પરાજય આપ્યો. તરાઈનના પ્રથમ યુદ્ધમાં પણ ઘોરીની ભયંકર પરાજય થયો હતો. પરંતુ તરાઈનના વિજય પછી ઘોરીએ જીતેલા પ્રદેશોમાં પોતાના પ્રતિનિધિઓની નિમણુક કરી જેમાં કુતુબુદ્દીન ઐબકને ભારતના પોતાના જીતેલા પ્રદેશોનો પ્રતિનિધિ બનાવ્યો. ઈ.સ. 1192થી 1206 સુધી ઐબકે ભારતમાં મહમ્મદ ઘોરીના પ્રતિનિધિ તરીકે રહ્યો અને અનેક રીતે પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. ઈ.સ. 1206માં મહમ્મદ ઘોરીની મૃત્યુ પછી ઐબકે ઘોરીના ભારતીયમાં જીતેલા પ્રદેશોનો સ્વતન્ત્ર સુલ્તાન બન્યો અને દિલ્હીને પાટનગર બનાવીને ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના કરી. દિલ્હી સલ્તનતની સ્થાપના ભારતીય ઈતિહાસ માટે એક નવા યુગની શરૂઆત હતી.*

## 5.3 દિલ્હી સલ્તનતની સ્થાપના ભારતના પ્રમુખ રાજ્યો

*ભારતમાં દિલ્હી સલ્તનતની સ્થાપના ઈ.સ. 1206માં થઈ હતી પરંતુ તુર્કોના આક્રમણોની શરૂઆત દસમી સદીના છેલ્લા તબક્કામા થઈ ગઈ હતી. દસમી સદીથી બારમી સદી સુધીના સમયગાળા દરમ્યાન ઉત્તર ભારતમાં રાજકીય વિખંડન જોવા મળે છે. ઉત્તર ભારતમાં અનેક રાજકીય સત્તાઓ આ સમય દરમ્યાન એક બીજા સાથે સંઘર્ષમાં રહેતી હતી અને આ પરિસ્થિતિના લીધે તેઓ ક્યારેય બાહ્ય આક્રમણોના વિરૂદ્ધ એક સશક્ત પ્રતિરોધ કરી શક્યા નહી અને છેલ્લે બાહ્ય તાકતોનો વિજય થયો. આ બે સદીઓમાં ઉત્તર ભારતમાં નીચે મુજબની પ્રમુખ રાજકીય સત્તાઓ જોવા મળે છે.*

### 5.3.1 કાશ્મીર

*નવમી સદીમાં કાશ્મીરમાં કર્કોટક વંશની સત્તાના પતન પછી ઉત્પલ વંશ (ઈ.સ. 855-949) અને પૂર્વગુપ્ત વંશ (ઈ.સ. 949-1003)ની સત્તા હતી. અગિયારમી સદીની શરૂઆતમાં જ કાશ્મીરમાં લોહાર વંશની સત્તા સ્થપાઈ. પૂર્વગુપ્ત વંશની અંતિમ શાસક રાની દિદ્દાએ પોતાના ભાઈ લોહર રાજા વિગ્રહરાજના પુત્ર સંગ્રામરાજને કાશ્મીરનું રાજ્ય સોંપી દીધું હતું. મહમ્મદ ગઝનીના આક્રમણ સમયે કાશ્મીર પર સંગ્રામરાજનું શાસન હતું. કવિ કલ્હણ આ વંશના શાસક જયસિંહના સમકાલીન હતા. ભારતમાં દિલ્હી સલ્તનતની સ્થાપના સમયે કાશ્મીરમાં લોહાર વંશનું શાસન હતું.*

### 5.3.2 પંજાબ

*ભારતના ઉત્તર પશ્ચિમી ક્ષેત્ર અને પંજાબમાં નવમી સદીથી અગિયારમી સદી સુધી હિન્દુશાહી વંશનું શાસન હતું. સુબુક્તગીન અને મહમ્મદ ગઝનીના આક્રમણો સમયે ત્યાંનો શાસક જયપાલ હતો. જયપાલ પછી આનન્દપાલ, ત્રિલોચનપાલ અને ભીમપાલ શાસક થયા. ભીમપાલ પછી હિન્દુશાહી વંશનો અંત થયો અને પંજાબનો આ વિસ્તાર ગજની રાજ્યનું અંગ બની ગયું. મહમ્મદ ઘોરીના આક્રમણના સમયે પંજાબમાં ખુસરો મલિક શાસક હતો. મહમ્મદના આક્રમણોના કારણે ખુસરો મલિકની સત્તા કમજોર થઈ ગઈ હતી અને છેલ્લે ઈ.સ. 1192માં ખુસરો મલિકની હત્યા કરી ઘોરીએ પંજાબના રાજ્યમાં પોતાનું આધિપત્યમાં મેળવી લીધું.*

### 5.3.3 સિંધ અને મુલ્તાન

*મુલ્તાનથી નીચેના દરિયાકાંઠા સુધીનો પ્રદેશ સિન્ધ પ્રદેશ રીતે ઓળખાતો હતો. પશ્ચિમમાં બલુચિસ્તાન સુધી અને પૂર્વમાં ભારતીય રણક્ષેત્ર સુધી આ રાજ્યનો વિસ્તાર હતો. શરૂઆતના આરબ આક્રમણો સિંધ પર જ થયા હતા અને ત્યારે ત્યાં બ્રાહ્મણ શાસક દાહિરનું શાસન હતું. દાહિરે શરૂઆતમાં આરબોના આક્રમણોના સફળ પ્રતિરોધ કર્યો પરંતુ છેલ્લે આરબોએ સફળતા મેળવી અને સિંધ પર તેમનો અધિકાર થઈ ગયો. અગિયારમી સદીના મહમ્મદ ગઝનીએ આ પ્રદેશને આરબોના અધિકારથી મુક્ત કરાવ્યો અને પોતાના સામ્રાજ્યમાં મેળવી લીધો પરંતુ તેમનો પ્રભાવ ઉત્તરી સિંધમાં જ રહ્યો. દક્ષિણી સિંધમાં સુમર નામક હિન્દુ વંશની સત્તા સ્થપાઈ જે દિલ્હીમાં સલ્તનતની સ્થાપના સમયે પણ હતી. ઉત્તરી સિન્ધમાં સુન્ની જાતિના મુસલમાન શાસકો હતા અને મુલ્તાનમાં કરમાથી મુસલમાનોની સત્તા હતી. એ બન્ને રાજ્યો શિયા સંપ્રદાયના હતા.*

### 5.3.4 દિલ્હી અને અજમેર

*મહમદ ગઝનીના આક્રમણ સમયે દિલ્હીમાં તોમર વંશની સત્તા હતી. ગઝનીએ ઈ.સ. 1014માં થાનેશ્વર પર આક્રમણ કર્યું. હતું. દિલ્લી પર શાકમ્ભરીના ચૌહાણ નજર રહેતી. શાકમ્ભરીન ચૌહાન શાસક વિગ્રહરાજ વિસલદેવે બારમી સદીના મધ્યમાં તોમરો પાસેથી*

*દિલ્હી જીતી લીધું. ઈ.સ. ૧૧૭૭માં પૃથ્વીરાજ ગાદીએ આવ્યો. પૃથ્વીરાજ સાથે મહમ્મદ ઘોરીના બે યુદ્ધો થયા જે તરાઈનના પ્રથમ અને બીજા યુદ્ધ તરીકે પ્રસિદ્ધ છે. બીજા યુદ્ધમાં પૃથ્વીરાજની પરાજય થઈ અને એ રાજ્ય મહમ્મદ ઘોરીના પ્રભુત્વમાં એક રાજ્ય તરીકે રહી ગયું હતું.*

### 5.3.5 કન્નૌજ

*મહમ્મદ ગઝનીના આક્રમણ સમયે કન્નૌજમાં પ્રતિહાર વંશનો શાસક રાજ્યપાલ રાજ કરતો હતો. આ આક્રમણ પછી કન્નૌજમાં અરાજકતા પ્રવર્તી. ઈ.સ. 1080માં ત્યાં ગહડવાલ વંશની સત્તાની પ્રતિષ્ઠા થઈ. ગહડ્ વાલ વંશના શાસકોએ સમય સમયપર મુસ્લિમ આક્રમણોનો પ્રતિરોધ કરતા રહ્યા. આ વંશમાં ચન્દ્રદેવ, ગોવિન્દચન્દ્ર, વિજયચન્દ્ર અને જયચન્દ્ર નામક શાસકો થયા. મહમ્મદ ઘોરીના આક્રમણો સમયે ત્યાં જયચન્દ્ર નામક શાસક રાજ કરતો હતો. ઈ.સ. 1194ના ચંદાવરના યુદ્ધમાં જયચન્દ્રની પરાજય થાય છે. તેના પછી મહમ્મદ ઘોરીએ જયચન્દ્રના પુત્ર હરિશચન્દ્રને કન્નૌજની સત્તા સોંપી છે. ઈ.સ. 1226 સુધી આ વિસ્તારમાં*

### 5.3.6 જેજાકભુક્તિ

*નવમી સદીમાં નન્નુકના નેતૃત્વમાં બુંદેલખંડમાં ચંદેલ શક્તિનો ઉદ્ભવ થયો. નન્નુકના પૌત્ર જેજા અથવા જયશક્તિના નામે આ રાજ્યનું નામ જેજાકભુક્તિ થયું. હર્ષદેવ ચન્દેલ, યશોવર્ધન, ંગ ચંદેલો પ્રારંભિક પ્રમુખ શાસકો થયા. મહમ્મદ ગઝનીના આક્રમણ સમયે ચંદેલ શાસક ગંડ હતો. છેલ્લે તેણે મહમદ સમક્ષ આત્મસમર્પણ કર્યું. અને મહમ્મદે વિજિત પ્રદેશો પરત કર્યા. તેના પછી કીર્તિવર્ધન અને મદનવર્ધન શાસકો થયા. બારમી સદીના છેલ્લા તબક્કામાં ચંદેલોનો શાસક પરમર્દીદેવ થયો. ઈ.સ. ૧૧૮૨-૮૩માં ચૌહાણ શાસક પૃથ્વીરાજ ચૌહાણ સાથે પરમર્દીદેવનો સંઘર્ષ થયો જેમાં પરમર્દીદેવની પરાજય થયો. ઈ.સ. 1203માં કુતુબુદ્દીન ઐબક સાથે થયેલ સંઘર્ષમાં પરમર્દીદેવના રાજ્યનો અંત આવ્યો અને ત્યાં મુસ્લિમ સત્તાની શરૂઆત થઈ.*

### 5.3.7 ત્રિપુરી

*ત્રિપુરી વર્તમાનનાં મધ્યપ્રદેશના જબલપુર પાસે તેવર નામક સ્થળ છે. ત્યાં કલચુરી અથવા ચેદી વંશનો રાજ્ય હતું. તેઓ કાર્તવીર્ય અર્જુનના વંશજો કહેવામાં આવે છે. નવમી સદીમાં ત્યાં કોક્કલ નામક વિખ્યાત શાસક થયો. તેના પછી અગિયારમી સદીની શરૂઆતમાં ત્યાં ગાંગેયદેવ નામક પ્રસિદ્ધ શાસક થયો જેમણે કલચુરિઓની સત્તાનો પ્રસાર કર્યો. તેના પછી લક્ષ્મીકર્ણ શાસક થયો. કલચુરિઓનો સતત સંઘર્ષ પડોસી રાજ્યો સાથે થતો રહ્યો. બારમી સદીમાં ચંદેલો સાથેના સંઘર્ષમાં કલચુરી રાજ્યનો અંત આવ્યો.*

**5.3.8 ગ્વાલિયર**

ગ્વાલિયરમાં દસમી સદીમાં કચ્છપઘાત વંશનું શાસન હતું. મહમ્મદ ગઝનીએ ગ્વાલિયર પર આક્રમણ કર્યું અને વિજય મેળવ્યો. મહમ્મદ ઘોરીના આક્રમણના સમયે ગ્વાલિયરમાં પ્રતિહાર વંશનું રાજ્ય હતું. ઐબકના ગ્વાલિયરના વિજય પછી વિગ્રહરાજે ગ્વાલિયર પુનઃ મેળવ્યું પરંતુ ઈ.સ. ૧૨૩૫માં ઇલ્તુતમિશે પુનઃ ગ્વાલિયર પર અધિકાર કર્યું.

**5.3.9 નાડોલ અને જાલોર**

રાજપુત યુગમાં નાડોલ અને જાલોરમાં ચાહમાન વંશની સત્તા હતી. શાકમ્ભરીના ચાહમાન શાસક વાકપતિરાજના પુત્ર લક્ષમણના સમયમાં નાડોલમાં ચાહમાન સત્તાનો ઉદય થયો. આ જ વંશના શાસકોએ જાબાલિપુર (જાલોર)માં ચાહમાન સત્તાની સ્થાપના કરી. ભારતમાં મહમ્મદ ઘોરીના આક્રમણના સમયમાં નાડોલ અને જાલોરમાં ચાહમાન વંશની સત્તા હતી.

**5.3.10 મેવાડ઼**

છઠ્ઠી સદીમાં મેવાડ઼ માં ગુહાદિત્યે ગોહિલ વંશની સ્થાપના કરી હતી. પરંતુ બપ્પા રાવલને આ રાજ્યનો વાસ્તવિક સંસ્થાપક માનવામાં આવે છે. ભારતમાં મહમ્મદ ગઝની અને મહમ્મદ ઘોરી ના આક્રમણો સમયે દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનના વિસ્તારમાં, ગુજરાત અને માળવાના માર્ગમાં ગોહિલ શાસકોની સત્તા હતી.

**5.3.11 ગુજરાત**

પશ્ચિમી ભારતમાં ગુજરાતમાં દસમી સદીમાં સોલંકી વંશનું શાસન હતું. મહમ્મદ ગઝનીના આક્રમણ સમયે ગુજરાતમાં ભીમ પ્રથમનો શાસન હતો. ભીમ પછી કર્ણ, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ જેવા શાસકો થયા જેમણે સોલંકીઓના રાજ્યને ઉત્તર ભારતમા પ્રભુત્વ અપાવ્યું. સોલંકીઓના પછી ગુજરાતમાં વાઘેલા વંશની સત્તા આવી. - દિલ્હી સલ્તનતની સ્થાપનાના સમયે ગુજરાતમાં સોલંકી વંશના શાસક ભીમદેવ બીજાનું (ઈ.સ. 1178-1242) શાસન હતો.

**5.3.12 માળવા**

નવમી સદીમાં મધ્યભારતના માળવા પ્રાંતમાં પરમારોની સત્તાની શરૂઆત થઈ હતી. સીયક, મુંજ, સિન્ધુરાજ, ભોજ જેવા શક્તિશાળી શાસકોના આધારે પરમારો એક સમયમાં મધ્ય અને ઉત્તર ભારતની પ્રમુખ શક્તિ હતા. આસપાસના બીજા રાજ્યો જેમ કે ગુજરાતના સોલંકીઓ, ત્રિપુરીના કલચુરીઓ, કલ્યાણીના ચાલુક્યો, જેજાકભુક્તિના ચંદેલો સાથે તેમનો સતત સંઘર્ષ જારી રહ્યો. ગઝની અને ઘોરીના આક્રમણો સમયે માળવામાં પરમાર વંશની સત્તા હતી.

### 5.3.13 બંગાળ

*ભારતના પૂર્વી વિસ્તારમાં આવેલા બંગાળમાં ગુપ્તોત્તર કાલમાં ગૌડ઼ વંશનો શાસન હતું. આઠમી સદીના ઉત્તરાર્ધમાં બંગાળમાં એક નવા પાલ વંશનો ઉદય થયો. ગોપાલ, ધર્મપાલ, દેવપાલ, નારાયણપાલ જેવા શાસકોને અધીન પાલ વંશ ઉત્તર અને પૂર્વી ભારતની એક પ્રમુખ સત્તા બની ગઈ હતી. ગઝનીના આક્રમણના સમયે નહી પાલ વંશની સત્તા હતી. પૂર્વી અને સૂદૂર વિસ્તાર થવાના લીધે ગજનવી અહી સુધી આવી શક્યો નહી. બારમી સદીના અંત આવતા પાલોની સત્તા પણ સમાપ્ત થઈ અને આ વિસ્તારમાં સેન વંશની પ્રભુસત્તા (ઈ.સ.* 1095-1199*) સ્થપાઈ. સેન વંશના શાસકોમાં વિજયસેન, બલ્લાલસેન, લક્ષ્મણસેન પ્રમુખ હતા. લક્ષ્મણસેનના સમયમાં ઈ.સ. ૧૧૯૯માં મહમ્મદબિન બખ્તૃયાર ખિલજીએ બંગાળ પર આક્રમણ કર્યું હતું અને બંગાળ પર અધિકાર મેળવ્યો હતો.*

### 5.3.14 બયાના

*પૂર્વી રાજસ્થાનમાં શ્રીપથ રાજ્યમાં યદુવંશીઓનું રાજ્ય હતું. અગિયારમી સદીમાં જૈતપાલ અને વિજયપાલ નામના શાસકો થયા. ઈ.સ. ૧૧૯૬માં જ્યારે કુંવરપાલ બયાનાનો શાસક હતો ત્યારે મહમ્મદ ઘોરીએ હુમલો કર્યો હતો અને બયાનાને વિજયી કર્યો હતો. તેરમી સદીના અંત સુધી ત્યાં યદુવંશી શાસકો શાસન કરતા હતા.*

### 5.3.15 કલિંગ

*પૂર્વી સમુદ્રી તટ પર મહાનદીથી ગોદાવરી વચ્ચેનો વિસ્તાર કલિંગ રાજ્ય હતો. કલિંગમાં આઠમી સદીના આરંભમાં પૂર્વી ગંગ વંશની સત્તા સ્થપાઈ. આ વંશનો સૌથી પ્રતાપી શાસક અનન્તવર્મન હતો. દિલ્હીથી સલ્તનતની સ્થાપના પછી કલિંગ પર સતત આક્રમણો થતા રહ્યા.*

## 5.4 દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ દક્ષિણ ભારતના પ્રમુખ રાજ્યો

*દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વે દક્ષિણ ભારતમાં અનેક સત્તાઓ પોતાના અધિપત્ય માટે સંઘર્ષરત હતી. ઉત્તરી ભારતમાં જે વિદેશી આક્રમણો થયા તેવી રીતેના આક્રમણોથી દક્ષિણ ભારતના રાજ્યો દૂર જ રહ્યા. તેમણે આવા આક્રમણોનો સામનો નથી કરવો પડ્યો. પરંતુ દક્ષિણના રાજ્યો પરસ્પર રાજકીય વર્ચસ્વ માટે સતત સંઘર્ષરત તો રહ્યા જ. - દિલ્હીમાં સલ્તનતની સ્થાપના પછી પણ કેટલાંક સમય સુધી દક્ષિણના રાજ્યો અને વિશેષ કરીને સુદૂર દક્ષિણના રાજ્યો પર દિલ્હીના સુલ્તાનોનું કોઈ આક્રમણ નથી થયો. સૌથી પહેલા અલાઉદ્દીન ખિલજી દક્ષિણના રાજ્યો તરફ જુવે છે અને દક્ષિણના કેટલૉક રાજ્યો પર આક્રમણ કરીને પરાસ્ત કરે છે. અગિયારમી સદીથી તેરમી સદીના પ્રથમ દાયકામાં દક્ષિણ ભારતમાં નીચે મુજબની રાજકીય સત્તાઓ રહી હતી.*

### 5.4.1 ચાલુક્ય

*દસમી સદીના અંતિમ તબક્કામાં રાષ્ટ્રકૂટોના પતન પછી કલ્યાણીમાં ચાલુક્ય વંશની સત્તાનો ઉદય થયો. તે કલ્યાણીના ચાલુક્યોના નામે ઓળખાયા. કલ્યાણીના ચાલુક્યોનો સંઘર્ષ ઉત્તર અને દક્ષિણ ભારતની રાજનીતિક શક્તિઓ સાથે સતત થતો રહ્યો. તૈલ બીજો, સત્યાશ્રય, જયસિંહ બીજો, સોમેશ્વર બીજો, વિક્રમાદિત્ય ચોથો આ વંશના પ્રમુખ શાસકો થયા. બારમી સદીના અંતિમ તબક્કામાં તેમને અંતિમ શાસક સોમેશ્વર ચોથો (ઈ.સ.* 1181-1186*) હતો. તેના સમયમાં દક્ષિણ કર્ણાટકમાં હોયસલો અને ઉત્તરી કર્ણાટકમાં યાદવો તેમનાથી સ્વતંત્ર થયા. કાકતીયો પણ સોમેશ્વર ચોથાના સમયમાં સ્વતંત્ર થયા હતા.*

### 5.4.2 દેવ ગિરિના યાદવ

*જ્યારે દખ્ખનમાં રાષ્ટ્રકૂટોની અને દક્ષિણમાં કલ્યાણીના ચાલુક્યોની સત્તા હતી ત્યારે દેવગિરિના યાદવો તેમના અધિનસ્થ રાજ્ય તરીકે રાજ કરતા હતા. કલ્યાણીના ચાલુક્ય શાસક સોમેશ્વર ચોથાના સમયમાં ઈ.સ. ૧૧૮૭માં કૃષ્ણા નદીના ઉત્તરના વિસ્તારો યાદવોના શાસક ભિલ્લમ પાઁચમાંના નેતૃત્વમાં સ્વતંત્ર થઈ ગયા. ભિલ્લમે પોતાના રાજ્યની રાજધાની દેવગિરિમાં સ્થાપિત કરી. વારંગલના હોયસલ શાસક વીર બલ્લાલ સાથે સંઘર્ષમાં ભિલ્લમ માર્યો ગયો અને તેના પછી જૈતુગી શાસક બન્યો. જૈતુગી પછી સિંઘણ (ઈ.સ.* 1210-1247*) શાસક બન્યો.*

### 5.4.3 બનવાસી

*બનવાસી કર્ણાટકનો વિસ્તાર છે ત્યાં કદમ્બ વંશના શાસકોની સત્તા હતી. પલ્લવોના સમયમાં કદમ્બ વંશની સત્તાની સ્થાપના થઈ હતી પરંતુ બાદામીના ચાલુક્યોના પ્રભાવના લીધે કદમ્બો પોતાની સ્વતંત્ર સત્તા ગુમાવી. રાષ્ટ્રકૂટોના પતન પછી દસમી સદીમાં કદંબ સત્તા પુનઃ જીવિત થઈ. કલ્યાણીના ચાલુક્યો, ચોલો, હોયસલો સાથે તેમનો સંઘર્ષ સતત રહ્યો. ઉત્તર ભારતના રાજવંશો સાથે કદમ્બોના સંબંધો હતા. દસમી સદીમાં કદમ્બોનો બીજા રાજ્ય અસ્તિત્વમાં આવ્યા જેમનું પાટનગર ચંદ્રપુરમાં હતું. જયકેશી પહેલાએ ગપકપત્તન (ગોવા)ને પોતાનો પાટનગર બનાવ્યું. દિલ્હીમાં સલ્તનતની સ્થાપનાના સમયે ત્યાં જયકેશી ત્રીજાનું શાસન હતું.*

### 5.4.4 વારંગલ

*કલ્યાણીના ચાલુક્યોના પતન પછી તેલંગાણાના વિસ્તારમાં કાકતીય વંશની સત્તા પ્રવર્તિ. કાકતીયોનું પ્રારમ્ભિક સત્તાનું કેંદ્ર હનુમકોંડ હતું. પરંતુ પછીથી તેમની રાજધાની વારંગલ થઈ હતી. તેથી તેઓ વારંગલના કાકતીય રીતે ઓળખાય છે. આ વંશના પ્રમુખ શાસક પ્રોલરાજ, રૂદ્ર, મહાદેવ અને ગણપતિ હતા. દિલ્હી સલ્તનતની સ્થાપનાના સમયમા હોયસેલ શાસક ગણપતિ હતો.*

### 5.4.5 દ્વારસમુદ્ર

*હોયસલોના અભિલેખોમાં યાદવકુલતિલક અથવા ચંદ્રવંશીય ક્ષત્રિય લખેલુ મળે છે. કર્ણાટકના મૈસુરના એક નાના વિસ્તાર પર આ વંશનું શાસન હતું અને તેઓ ચોલોં અને કલ્યાણીના ચાલુક્યોના આધીન રાજ્ય હતા. વિનયાદિત્ય (ઈ.સ. ૧૦૪૫)ના સમયમાં હોયસલાએ પોતાની સત્તાનો પ્રસાર કર્યો. બિટ્ટિગ વિષ્ણુવર્ધનના સમયમાં હોયસલાએ દક્ષિણમાં પોતાની સત્તામાં વધારો કર્યો અને પાટનગર દ્વારસમુદ્ર બનાવ્યો. આ વંશનો સૌથી પ્રતાપી શાસક વીર બલ્લાલ (૧૧૭૨-૧૨૧૫) હતો જે વિષ્ણુવર્ધનનો પૌત્ર હતો.*

### 5.4.6 મદુરૈ

*મદુરૈમાં પાણ્ડ્ય રાજ્યની સત્તા હતી. પાણ્ડ્યો પણ ચોલ અને ચેરોની જેમ પ્રાચીન રાજવંશ હતો. સુદૂર દક્ષિણમાં પૂર્વી તટ પર પાણ્ડ્યોની સત્તા હતી. ચોલોની જેમ જ પાણ્ડ્યોનો ઈતિહાસ પણ સંગમયુગ પછી અંધકારમય છે. સાતમી સદીમી પાણ્ડ્યોએ પોતાના સ્વતન્ત્ર રાજ્યની સ્થાપના કરી છે. પરંતુ ચોલ શાસક પરાન્તક પ્રથમના સમયમાં પાણ્ડ્ય રાજ્ય પોતાની સ્વતંત્ર સત્તા ગુમાવી દીધી. ઈ.સ.* 1190 *માં જટાવર્ધન કુલશેખરના સમયમાં પાણ્ડ્યોએ ફરીથી પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપી. દિલ્હીમાં સલ્તનત સ્થાપનાના સમયે પાણ્ડ્ય શાસક જટાવર્ધન કુલશેખર (ઈ.સ.* 1190-1216*) હતો.*

### 5.4.7 તંજૌર

*દક્ષિણમાં તંજૌરના ચોલ સૌથી પ્રમુખ રાજ્ય હતા. દક્ષિણ ભારતના ત્રણ પ્રમુખ પ્રાચીન વંશોમાનો ચોલ એક છે. પરંતુ નવમી સદીમાં દક્ષિણ ભારતમાં જે ચોલ વંશની સત્તા હતી તેમને પરવર્તી ચોલ કહેવામાં આવે છે કેમ કે સંગમયુગીન ચોલ વંશ અને પરવર્તી ચોલવંશ વચ્ચે લગભગ છઃ સદીઓનું અંતર છે. નવમી સદીથી તેરમી સદીના અંત સુધી દક્ષિણ ભારતમાં પરવર્તી ચોલોનું પ્રભુત્વ રહ્યું હતું. દસમી સદીની શરૂઆતમાં ચોલ દક્ષિણ ભારતની એક પ્રમુખ સત્તા બની જાય છે જે તેરમી સદીના અંત સુધી તંજોર પર રાજ કરે છે. દિલ્હીમાં સલ્તનતની સ્થાપનાના સમયે ચોલ શાસક કુલોત્તુંગ ત્રીજો (ઈ.સ.* 1178-1218*) હતો.*

### 5.4.8 શિલાહાર વંશ

*શિલાહાર વંશની કુલ ત્રણ શાખાઓ હતી. પ્રથમ શાખા આઠમી સદીથી અગિયારમી સદી સુધી રાજ કર્યું જેમનું પાટનગર ગોવા હતું અને પછી પતન થયું. બીજી શાખા ઉત્તરી કોંકણમાં હતી. જે નવમી સદીથી તેરમી સદી સુધી થાણા અને રત્નાગિરીના વિસ્તારમા શાસન કર્યું. ત્રીજી શાખા કોલ્હાપુર અને સતારાની હતી જે અગિયારમી સદીમા સત્તામાં આવી હતી. શિલાહારો મૂળ રૂપે રાષ્ટ્રકૂટો, ચાલુક્યો અને યાદવોના આધીન રાજ્યની જેમ જ રાજ કર્યું હતું.*

**5.4.9 ચેર**

*ચેર વંશની ગણતરી દક્ષિણ ભારતના પ્રાચીનતમ રાજવંશમાં કરવામાં આવે છે. અગિયારમીથી તેરમી સદી સુધી ચેર રાજ્યના સંઘર્ષ ચોલો અને પાંડ્યો સાથે થતા રહ્યા અને તેઓ ચોલોના અધિનસ્થ રાજ્યની જેમ પણ રહ્યા. તેરમી સદીના અંતમાં આ વંશ ફરીથી રવિવર્ધન કુલશેખરના નેતૃત્વમાં પોતાની સત્તાનો પ્રસાર કર્યો પરંતુ તેમના પછી ચેર વંશનું પતન થઈ ગયું.*

**તમારી જાતે ચકાસો**

1. *ઉત્તર ભારતમાં થયેલ આરબ આક્રમણો વિશે ચર્ચા કરો.*
2. *ભારતમાં આરબ આક્રમણોના પ્રભાવ અંગે ચર્ચા કરો.*
3. *ઉત્તર ભારતના રાજ્યોના આપસી સંબંધો ચકાસો.*
4. *ઉત્તર અને દક્ષિણ ભારતના ક્યા રાજ્યો પરસ્પર સંઘર્ષરત રહ્યા હતા તે ચકાસો.*

## 5.5 સારાંશ

*ભારતના ઈતિહાસમાં અગિયારમીથી તેરમી સદીનો સમય અત્યંત મહત્વપૂર્ણ સમય છે. આ સમય દરમ્યાન ભારતમાં પશ્ચિમી ક્ષેત્રથી વિદેશી આક્રમણો થયા હતા. આ આક્રમણોનો તત્કાલિક પ્રભાવ તો હતો જ પરંતુ દીર્ઘકાલીન પ્રભાવ વધારે પડ્યો. પ્રાચીન કાળથી પશ્ચિમ તરફથી સતત આક્રમણો થતા રહ્યા છે પરંતુ આ સમય દરમ્યાન થયેલા આક્રમણોએ ભારતનો આખો ઈતિહાસ જ ફેરવી નાખ્યો હતો. આ પહેલા જે આક્રમણો થયા તેમાં આક્રમણકારીઓએ પોતાની સત્તાઓની સ્થાપના પણ કરી હતી પરંતુ તે ભારતમાં સમિશ્રિત થઈ ગયા હતા. ભારતીય ધર્મ, સંસ્કૃતિ, વિચાર, દર્શન વગેરેને અપનાવ્યો અને તે પ્રમાણે જ રહ્યા. તેમણે ભારતીય શાસકો પર આક્રમણો કર્યા પરંતુ ભારતીય જનમાનસને પ્રભાવિત કરવાના પ્રયાસો નહીંવત કર્યા હતા. પરંતુ આ સમયમાં થયેલા આક્રમણો ભારતીય જનમાનસને પ્રભાવિત કરનાર હતા. તે આક્રમણો ફક્ત રાજકીય સત્તા પ્રાપ્ત કરવા માટે નહી પરંતુ આર્થિક,ધાર્મિક અને સાંસ્કૃતિક કારણોસર પણ થયા હતા. તેરમી સદીની શરૂઆતમાં ભારતમાં વિધિવત રૂપે મુસ્લિમ સત્તાની સ્થાપના દિલ્હીમાં થઈ હતી જેણે સલ્તનત તરીકે ઓળખવામાં આવે છે. દિલ્હીમાં એક વિદેશી સત્તાની સ્થાપના અને તેમનો વિકાસ કોઈ અચાનક થએલી ઘટના નથી પરંતુ ભારતમાં છેલ્લી પાઁચ સદીઓથી જે રાજકીય વિકેન્દ્રીકરણ થયું અને તેનો દુષ્પ્રભાવ ભારતીય પ્રતિરોધ ક્ષમતા પર પડ્યો તે મહત્વનું હતું. ઉત્તર અને દક્ષિણ ભારતમાં કોઈ પણ એવી સત્તા ન હતી જે વિદેશી આક્રમણોનો સફળતાપૂર્વક સામનો કરી શકે. પરિણામસ્વરૂપે દિલ્હીમાં સ્થપાએલી સલ્તનત આવનાર ત્રણ સદીઓમાં સંપૂર્ણ ભારત પર પ્રસરી અને ભારતીય રાજનીતિને બદલી નાખી.*

## 5.6 શબ્દાવલી

1. *ખલિફા – પૈગમ્બર મહમ્મદ સાહબના પ્રતિનિધિ અથવા ઉત્તરાધિકારીને ખલિફા કહેવામાં આવે છે. ઈસ્લામી રાજ્યોના રાજકીય પ્રમુખ તરીકે ખલિફાઓ હતા.*
2. *સલ્તનત – ખલિફાના રાજ્યને ખિલાફત કહેવામાં આવે છે અને સલ્તનતને ખિલાફતનો જ એક ભાગ માનવામાં આવે છે.*
3. *સંગમયુગ – તમિલ ભાષાના પ્રાચીન સાહિત્યની રચના જે સંમેલનોમાં થઈ તેમને સંગમ કહેવામાં આવે છે. આ સાહિત્યને સંગમ સાહિત્ય કહેવામાં આવે છે અને આ સાહિત્યમાં જે યુગનો વર્ણન છે તે યુગને સંગમયુગ કહેવામાં આવે છે.*

- **સ્વાધ્યાય**

1. *આઠમી સદીથી બારમી સદા સુધી ભારતમાં થયેલા વિદેશી આક્રમણોની ચર્ચા કરો.*
2. *તેરમી સદીના પ્રારંભમાં ઉત્તર ભારતની રાજકીય સ્થિતિની ચર્ચા કરો.*
3. *તેરમી સદીના પ્રારંભમાં દક્ષિણ ભારતની રાજકીય સ્થિતિની ચર્ચા કરો.*
4. *મુસ્લિમ આક્રમણો દ્વારા નષ્ટ પામેલી ઉત્તર અને દક્ષિણ ભારતની રાજકીય સત્તાઓની ચર્ચા કરો.*

## 5.7 સંદર્ભ સૂચિ


1. पाएडेय विमलचंद्र, प्राचीन भारत का राजनीतिक तथा सांस्कृतिक इतिहास भाग-2, सेंट्रल पब्लिकेशिंग हाउस,इलाहाबाद, 2001(पंचम संशोधित संस्करण)
2. मजूमदार रमेशचंद्र, प्राचीन भारत, मोतीलाल बनारसीदास प्रकाशन, दिल्ही,1995
3. त्रिपाठी, रमाशंकर, प्राचीन भारत का इतिहास, मोतीलाल बनारसीदास प्रकाशन, दिल्ही,1971 (छठ्ठा संस्करण)
4. श्रीवास्तव के.सी. प्राचीन भारत का इतिहास तथा संस्कृति, 1990
5. भट्टाचार्य सच्चिदानन्द, भारतीय इतिहास कोश, उत्तर प्रदेश हिंदी संस्थान, लखनऊ,2004 (चतुर्थ संस्करण)
6. *ચોપરા પી.એન. (સંપા.), ભારતનું ગઝેટિયર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2001
7. *વર્મા હરીશચન્દ્ર (સંપા.), મધ્યકાલીન ભારત ભાગ*-1 (750-1540), *હિંદી માધ્યમ કાર્યાનવ્ય નિદેશાલય, દિલ્લી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્લી,* 2011.
8. *દુબે હરિ નારાયણ, દક્ષિણ ભારત કા બૃહત્ ઈતિહાસ, શારદા પુસ્તક ભવન, ઈલાહાબાદ,* 2004.
9. *શાસ્ત્રી નીલકણ્ઠ, દક્ષિણ ભારત કા ઈતિહાસ, પટના,* 1972.
10. *ભાર્ગવ વી.એસ., પ્રાચીન ભારતીય ઈતિહાસ, રિસર્ચ પબ્લિકેશન, જયપુર,* 2011
11. *લુણિયા બી.એન., પૂર્વ મધ્યકાલીન ભારત કા રાજનીતિક એવં સાંસ્કૃતિક ઈતિહાસ, કમલ પ્રકાશન, ઈન્દૌર,* 1975 *(દ્વિતીય સંસ્કરણ)*

12.પરીખ રસિકલાલ છોટાલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર (સંપા.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રન્થ-4, શેઠ ભો.જે.અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, 2005 (દ્વિતીય સંસ્કરણ)

13. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, પ્રાચીન ભારત ભાગ – 2, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ ગુજરાત, અમદાવાદ, 2018 (તૃતીય આવૃત્તિ)

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ–ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *ડૉ. પ્રદ્યુમન ખાચર* | *એસોસીએટ પ્રોફેસર ,ઈતિહાસ વિભાગ , મહિલા કોલેજ ,જૂનાગઢ* |
| *પ્રો. (ડૉ). જીગીશ પંડ્યા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ. અમૃત ઠાકોર* | *એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,આદિવાસી આર્ટ્સ અને કોમર્સ કોલેજ , સંતરામપુર.* |
| *ડૉ. ભાવિન પરમાર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર,ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ( સાંજની) , અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. અશોક વાઘેલા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી આર્ટ્સ કોલેજ, અમીરગઢ.* |
| *ડૉ. વિરસંગભાઈ ચૌધરી* | *એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , ગૂજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ , અમદાવાદ.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ.જાગૃતિ મહેતા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *શ્રી પ્રવીણ વણકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ.ધ્વનિલ પારેખ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ગુજરાતી વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા.* |
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |



**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**ISBN : 978-81-953732-1-5**
**પ્રકાશન વર્ષ : 2025- પ્રથમ આવૃતિ**

## વિભાગ-2 : દિલ્હી સલ્તનતનો રાજકીય ઈતિહાસ

---

**ભારતનો ઈતિહાસ (ઈ.સ.650 થી ઈ.સ. 1526 સુધી)પેપર-3**ના *વિભાગ 2 દિલ્હી સલ્તનતનો રાજકીય ઈતિહાસમાં કુલ ચાર એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં દિલ્હી સલ્તનતની સ્થાપનાથી લઈને પાણીપતના પ્રથમ યુધ્ધ સુધીની માહિતી આવરી લેવામાં આવી છે.*

**એકમ-6***માં કુત્બુદ્દીન ઐબક દ્વારા સલ્તનતની સ્થાપના તેની પ્રારંભિક મુશ્કેલીઓ,તેની લશ્કરી કારકિર્દી અને તેની સિધ્ધિઓની વિગતે ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-7***માં ખલજીવંશની સ્થાપના,અલ્લાઉદ્દીન ખલજીના રાજકીય,આર્થિક,લશ્કરી,મહેસુલી તથા બજાર અંગેના સુધારાની વિગતે સમજુતી આપવામાં આવેલી છે.*

**એકમ-8***માં તુઘલકવંશ વિશેની બાબતો આવરી લેવામાં આવી છે જેમાં મોહમદ તુઘલકની લશ્કરી કારકિર્દી,તેના વિજયો,તરંગી યોજનાઓ,તથા ફિરોઝશાહ તુઘલકના ખેતી અંગેના સુધારા અને સિંચાઈ યોજનાઓ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલી છે.*

**એકમ-9***માં સૈય્યદવંશ અને લોદીવંશની જાણકારી આવરી લેવામાં આવી છે જેમાં લોદીવંશના બે સુલતાનો સિકંદર લોદી અને ઈબ્રાહીમ લોદી જાણકારી પ્રાપ્ત થાય છે.ઈબ્રાહીમ લોદીની પાણીપતના પ્રથમ યુધ્ધમાં હાર અને ભારતમાં મુઘલ સત્તાનો પાયો નખાયો ત્યાં સુધીની રાજકીય બાબતોનીજાણકારી પ્રસ્તુત કરવામાં આવી છે.*

**એકમ-10***માં દિલ્હી સલ્તનત સમયની ભારતની રાજકીય,સામાજિક,આર્થિક સ્થિતિ વિશે વિગતે ચર્ચા કરવામાં આવેલી છે.*

**એકમ-11***માં દિલ્હી સલ્તનત સમયના વહીવટીતંત્રની ચર્ચા કરવામાં આવી છે જેમાં કેન્દ્રીય વહીવટીતંત્ર, પ્રાંતિય વહીવટીતંત્ર અને પ્રાદેશિક કક્ષાના વહીવટીતંત્રને આવરી લેવામાં આવ્યું છે.*

| એકમ – 6 | ભારતનો ઈતિહાસ ગુલામવંશ : કુત્તુબુદ્દિન ઐબકની કારકિર્દી અને સિદ્ધિઓ |
|---|---|

રૂપરેખા :

**6.0** ઉદ્દેશો
**6.1**પ્રસ્તાવના
**6.2** કુત્તુબુદ્દિન ઐબકનું પૂર્વજીવન
**6.3** કુત્તુબુદ્દિન ઐબકની નાયબ તરીકેની સિદ્ધિઓ
● તમારી પ્રગતી ચકાસો – 1
**6.4.1** મહંમદ ઘોરીનું અવસાન અને કુત્તુબુદ્દિન ઐબકનું રાજયારોહણ
**6.4.2** દાસત્વમાંથી મુક્તિ
**6.5** પ્રારંભિક મુશ્કેલીઓ અને તેનું નિવારણ
**6.5.1** પોતે ગુલામ હતો
**6.5.2** કુબાચાને મિત્ર બનાવ્યો
**6.5.3** તાજુદ્દીન યિલ્દિજ સાથે સંઘર્ષ
**6.5.4**ખ્વારિજમના સંભવિત ભયથી
દિલ્લીનું રક્ષણ
**6.5.5** બંગાળના ખિલજી સરદારોને વશમાં કર્યા.
**6.5.6** રાજપૂત તથા હિન્દુ વિદ્રોહીઓને નમાવ્યા.
● તમારી પ્રગતિ ચકાસો – 2
**6.6** કુત્તુબુદ્દિન ઐબકનું મૂલ્યાંકન
**6.6.1** શાસન વ્યવસ્થા
**6.6.2** એક સૈનિક અને સેનાપતિ તરીકે
**6.6.3** એક વ્યક્તિ તરીકે
**6.6.4** તે ધર્માંધ હતો
**6.6.5** તેને સાહિત્ય અને સ્થાપત્યમાં રૂચીહતી.
**6.6.6**ભારતમાં મુસ્લિમ સામ્રાજ્યનો સ્થાપક
● તમારી પ્રગતિ ચકાસો – 3
**6.7** સમાપન
**6.8** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 6.9 સંદર્ભ ગ્રંથો

## 6.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસથી તમે*

- *ભારતમાં તુર્ક સામ્રાજ્યના સ્થાપક કુત્તુબુદ્દિન ઐબકના પૂર્વજીવન તેમજ તેના વંશ વિષે જાણી શકશો.*
- *કુત્તુબુદ્દિન ઐબકની સ્વતંત્ર શાસક બન્યા પહેલાની સિદ્ધિઓ જાણી શકશે.*
- *સ્વતંત્ર સુલતાન તરીકે કુત્તુબુદ્દિન ઐબક સામે આવેલી મુશ્કેલીઓ અને તેના નિવારણ માટે તેણે કરેલા પ્રયાસો વિશે જાણી શકાશો.*
- *એક સામ્રાજ્ય સ્થાપક, સેનાપતિ અને માનવી તરીકે કુત્તુબુદ્દિન ઐબકનું મૂલ્યાંકન કરી શકશો.*

*ઉપરના ઉદ્દેશો મુજબ આ એકમનો મુખ્ય ધ્યેય ભારતમાં દિલ્લી સલ્તનતની સ્થાપના કરનાર કહો કે ભારતમાં મુસ્લિમ સામ્રાજ્યના સ્થાપક કહો એવા કુત્તુબુદ્દિન ઐબકની કારકિર્દી અને જીવનનો પરિચય કરાવવાનો છે. આ પ્રકરણમાં આપણે કુત્તુબુદ્દિન ઐબકની સિદ્ધિઓ અને મર્યાદાઓ વિશે જાણી શકીશું.*

## 6.1 પ્રસ્તાવના

*ઈ.સ.1206 થી 1290 સુધીના દિલ્લી સલ્તનતના શાસકોને ગુલામવંશના શાસકો તરીકે ઓળખવામાં આવે છે. આ વંશની સ્થાપના કુત્તુબુદ્દિન ઐબકે કરી હતી. જોકે આ વંશના નામની બાબતમાં ઘણા બધા મતભેદો ચાલે છે. છતાં આપણે એટલું જાણી લઈએ કે આ વંશનું નામ ગુલામવંશ એટલા માટે પ્રથમ કે આ વંશના નવ સુલતાનોમાંથી પ્રથમ ત્રણ કુત્તુબુદ્દિન ઐબક. ઈલ્તુત્મિશ અને બલ્લન મૂળ ગુલામ હતા. કુત્તુબુદ્દિનને બાદ કરતા બાકીના બંનેએ સુલતાન બનતા પહેલા ગુલામીથી મુક્તિ મેળવી લીધી હતી. ગુલામવંશના સુલતાનો મમ્લૂક કે ઈલ્બારી જાતિના તુર્કો હતા. તેથી તેમના વંશને મામલૂક કે મમ્લૂક તેમજ ઈલ્બારી વંશ પણ કહેવામાં આવે છે.*

*મહંમદ ઘોરીને કોઈ પુત્ર ન હતો. તેની તેના મૃત્યુ બાદ તેના દ્વારા સ્થાપિત સામ્રાજ્યને તેના શક્તિશાળી ગુલામોએ પોતાના હસ્તક કરી લીધું. જોકે મહંમદ ઘોરી પણ એવું જ ઈચ્છતો હતો કે તેનું રાજ્ય તેના ગુલામોને મળે. તેના જીવનકાળ દરમિયાન તેણે આ વાતની જાણકારી આપી હતી. એકવાર તેણે કહ્યું હતું " બીજા મુસલમાનોને એક કે બે પુત્રો હોય છે મારા તો હજારો તુર્કો ગુલામ પુત્ર છે જે મારા મૃત્યુ બાદ જીતેલા પ્રદેશોના ખુતબામાં મારું નામ જાળવી રાખશે." તેના આ કથનથી સ્પષ્ટ થાય છે કે તે પોતાનું વિશાળ રાજ્ય પોતાના તુર્કો ગુલામોને સોંપવા માંગતો હતો. અને એની ઈચ્છા મુજબ જ થયું. ઈ.સ.1206 માં જ્યારે તે મૃત્યુ પામ્યો ત્યારે તેના ચાર શક્તિશાળી ગુલામો ગઝનીમાં યિલ્હિજ, મુલતાનમાં નાશિરૂદ્દીન કુબચા, દિલ્લીમાં કુત્તુબુદ્દિન ઐબક અને બંગાળમાં ઈમ્તીયાર – ઉદ્દીન – એ સત્તા હસ્તગત કરી. જોકે સાર્વભૌમ શાસનકર્તાની*

*ગેરહાજરીમાં ચારેય સરદારો વચ્ચે સત્તા માટે સંઘર્ષ થયો. તેમાં કુત્તુબુદ્દિન ઐબક સફળ થયો. જેણે હિન્દુસ્તાનના પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપિત કરી.*

## 6.2 કુત્તુબુદ્દિન ઐબકનું પૂર્વજીવન

*ભારતમાં તુર્ક સામ્રાજ્યના સ્થાપક કુત્તુબુદ્દિન ઐબકના માતા- પિતા તુર્ક હતા. અને તુર્કસ્તાનના નિવાસી હતા. નાનપણમાં એક તુર્ક વેપારી એ કુત્તુબુદ્દિન ઐબકને ખરીદી લીધો હતો. તેને નિશાપુરમાં ફકરુદ્દિન અબ્દુલ અઝીઝ નામના વડા કાઝીને વેચી દીધો હતો. કાઝી ફકરુદ્દિન ઉદાર વૃત્તિનો માણસ હતો. તેને કુત્તુબુદ્દિન ઐબકનો ઉછેર પોતાના બાળકની જેમ જ કર્યો. તેણે કુત્તુબુદ્દિનને શિક્ષણ આપ્યું. ઘોડેસવારી શીખવાડી તેમજ લશ્કરી તાલીમ પણ આપી હતી. જોકે કાઝીના મૃત્યુબાદ તેના પુત્રોએ કુત્તુબુદ્દિનને એક સોદાગરને વેચી દીધો. આ સોદાગર કુત્તુબુદ્દિનને ગઝની લઈ આવ્યો. જ્યાં મહંમદ ઘોરીએ તેને ખરીદી લીધો. ટૂંકમાં વેચાતો તે મહંમદ ઘોરી પાસે આવ્યો હતો.*

*કુત્તુબુદ્દિન દેખાવે કદરૂપો હતો. પરંતુ તે આકર્ષક અને પ્રસંશનીય ગુણો ધરાવતો હતો.ઘોરી એ તેના ગુણો પારખીને તેને ખરીદયો હતો.ધીમે ધીમે કુત્તુબુદ્દિન પોતાના ગુણો અને આવડતને કારણે ઘોરીનો વિશ્વાસુ બની ગયો. સુલતાને તેને "અમીરે આખૂર" (શાહી તબેલાનો વડો) નિયુક્ત કર્યો. મહંમદ ઘોરીની સાથે રહીને તે ભારતમાં અનેક લડાઈઓ લડ્યો હતો. ઘોરીના ભારતમાના ઘણા બધા વિજયો કુત્તુબુદ્દિનને આભારી હતા. પૃથ્વીરાજ ચૌહાણ સાથે તરાઈના બીજા યુધ્ધ ઈ.સ. 1192માં વિજય મેળવ્યા બાદ શહાબુદ્દીન  મહંમદ ઘોરીએ તેને હિન્દુસ્તાનમાં પોતાનો 'નાયબ' તરીકે નિયુક્ત કર્યો. કુત્તુબુદ્દિને દિલ્લી પાસેના ઈન્દ્રપ્રસ્થને જે એ સમયે 'કિલ એ રાય પીથોરા' તરીકે ઓળખાતું હતું. પૃથ્વીરાજ ત્રીજાનું રહેવાનું મુખ્ય મથક હતુ. પોતાનું મુખ્ય મથક બનાવ્યું.*

## 6.3 કુત્તુબુદ્દિન ઐબકની નાયબ તરીકેની સિદ્ધિઓ

*શહાબુદ્દિન ઘોરીની ગેરહાજરીમાં કુત્તુબુદ્દિન ઐબક હિંદમાં અનેક લડાઈઓ લડ્યો. તેણે અનેક વિદ્રોહો દબાવ્યા. ઈ.સ.1192માં અજમેર અને મેરઠના વિદ્રોહો દબાવ્યા. તરત જ તેણે દિલ્લી જીત્યું જે પાછળ જતાં ભારતમાં તુર્કી સામ્રાજ્યની રાજધાની બન્યું. હાંસી, મેરઠ, રણથંભોર અને કોઈલ (અલીગઢ) તેના કબજામાં આવ્યા. ઈ.સ.1193 – 94 માં તેણે અજમેર લીધું તે પછીના વર્ષે તે પાટણના ચૌલુક્ય રાજા ભીમદેવ બીજા સાથે લડ્યો પણ તેમાં તેનો પરાજય થયો. ઈ.સ.1197માં તેણે અણહિલવાડ પર ફરીથી ચઢાઈ કરી અને પાટણ લુંટ્યું. 1195માં કોઈલ જીત્યા બાદ ચૌહાણોએ ત્રીજો વિદ્રોહ દબાવવા તે અજમેર ગયો. આ ચઢાઈ દરમિયાન તેણે રણથંભોરનો પ્રસિધ્ધ કિલ્લો જીતી લીધો. ઈ.સ.1196માં મેડ રાજપુતોએ ઐબકને ઘેરી લીધો. જો કે ભયંકર સ્થિતિમાંથી ભાગી નીકળવામાં તે સફળ થયો. ઈ.સ.1197– 98માં ઈ.સ. કુત્તુબુદ્દિને બદાયુ, ચંદાવર અને કનોજ જીતી લીધા. સિરોહી અને માળવાના*

*કેટલાક ભાગો પણ જીતી લીધા. ઈ.સ.1202/03માં બુંદેલખંડ પર આક્રમણ કરી ચંદેલ રાજવી પરમર્દી દેવને પરાજય આપ્યો. કાલિંજર, મહોલા અને ખજુરાહો પર કબજો કરી લીધો. આ સમય દરમિયાન ઐબકના સાથી સિપાહસાલાહ મોહમ્મદબિન ઈખ્તિયાર ઉદ્દીન*

*નાયબ–સુલતાનનો પ્રતિનિધિ ખિલજીએ બંગાળ અને બિહારમાં વિજય અભિયાન ચલાવ્યું. બંગાળનો રાજા લક્ષ્મણસેન નાસી છુટ્યો મોહમ્મદબિન ઈખ્તિયાર ખિલજીએ લખનૌતીમાં પોતાનું પાય તખ્ત સ્થાપ્યું અને ઐબકને લુંટનો માલ પહોંચતો કર્યો.*

*આ બધા ભવ્ય વિજયો મેળવીને ઐબકે ઘોરીનું ભારત વિજયનું સ્થાન સાકાર કર્યું જોકે આ વિજયો દરમિયાન તેણે પ્રજા પર અનેક અત્યાચારો કર્યા. કાલિંજર વિજય દરમિયાન તેણે અનેક મંદિરો તોડ્યા, મસ્જિદો બંધાવી. પચાસ હજાર જેટલા સ્ત્રી પુરુષોને કેદ કરીને તે પોતાની સાથે લઈ ગયો.*

*કુત્તુબુદ્દિનની વફાદાર કામગીરીના બદલામાં ઘોરીએ તેને ભારતીય પ્રદેશોનો વહીવટ સોંપ્યો. વળી ઘોરીને કોઈ પુત્ર ન હતો. તેથી ભારતમાં કુત્તુબુદ્દિન તેનો વારસદાર બને તેવી તેની ઈચ્છા હતી તેથી જ ઈ.સ.1206 માં ઘોરીએ ઐબકને 'મલિક' ની ઉપાધિ થી વિભૂષિત કર્યો હતો.*

- **તમારી પ્રગતિ ચકાસો – 1**

**અ. નીચેના પ્રશ્નોના એક – બે વાકયમાં જવાબ લખો.**

(i) *સલ્તનત યુગમાં ગુલામવંશનો સમય કયાંથી કયા સુધીનો ગણવામાં આવે છે. ?*

(ii) *ભારતમાં તુર્ક સામ્રાજ્યના સ્થાપક તરીકેનું બહુમાન કોને મળ્યું છે ?*

(iii) *સલ્તનત યુગમાં પ્રથમ રાજવંશને ગુલામવંશ તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?*

(iv) *કુત્તુબુદ્દિન ઐબકને શિક્ષણ, ઘોડેસવારી અને લશ્કરી તાલીમ કોના દ્વારા મળી હતી ?*

(v) *કુત્તુબુદ્દિન ઐબકને 'નાયબ' નું પદ કયારે આપવામાં આવ્યું ?*

______________________________________________________

____________________________________________________

**બ. નીચેના જોડકા યોગ્ય રીતે જોડો.**

| અ | બ |
|---|---|
| (i) કુબાચા | A. દિલ્લીનો શાસક |
| (ii) કુત્તુબુદ્દિન ઐબક | B.બંગાળ – બિહારનો શાસક |
| (iii) તાજુ દ્દીન યિલ્દિજ | C. સિંધ અને મુલતાનનો શાસક |
| (iv) ઈખ્તિયાર ઉદ્દીન ખિલજી | D. ગઝનીનો શાસક |

**ક. નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો.**

(i) *ગુલામવંશ ઈલ્બારી કે મામલુક વંશ તરીકે ઓળખાય છે.*

(ii) *કુત્તુબુદ્દિન ઐબક દેખાવે રૂપાળો હતો.*

(iii) *તરાઈના બીજા યુધ્ધમાં વિજય પછી કુત્તુબુદ્દિન ઐબકને 'નાયબ' નું પદ આપવામાં આવ્યું.*

(iv) *કુત્તુબુદ્દિન ઐબકે ઈન્દ્રપ્રસ્થ ને પોતાનું મુખ્ય મથક બનાવ્યું હતું.*

(v) *પાટણના રાજા ભીમદેવ બીજા સાથેના યુધ્ધમાં કુત્તુબુદ્દિન ઐબકનો વિજય થયો હતો.*

### 6.4.1 મહંમદ ઘોરીનું અવસાન અને કુત્તુબુદ્દિન ઐબકનું રાજ્યારોહણ :

*મુલતાનના ખોખ્ખરો (ગક્કરો) નું દમન કરીને મહંમદ ઘોરી જ્યારે ગઝની પરત જઈ રહયો હતો ત્યારે 15 માર્ચ 1206 ઈ.સ. ના રોજ સંધ્યાની નમાજ સમયે કેટલાક શિયા અને કેટલાક હિંદુ ખોક્કર વિદ્રોહીઓએ ઘોરીનો વધ કર્યો. ઘોરીને કોઈ પુત્ર ન હતો તેથી તેનો ભત્રીજો મહમૂદબિન ગયાસુદ્દીન ઘોરમાં તેનો કાયદેસરનો વારસ બન્યો.*

*શહાબુદ્દિન મહંમદ ઘોરીના ખૂનના સમાચાર મળતાં જ લાહોરના નાગરિકોને સર્વોપરી સત્તા ગ્રહણ કરવા કુત્તુબુદ્દિન ઐબકને આમંત્રણ આપ્યું. કુત્તુબુદ્દિન દિલ્લીથી લાહોર ગયો અને સિંહાસનારૂઢ થયો.(24જુન 1206)ડૉ. ઈશ્વરીપ્રસાદ મને છે કે તુર્કી અમીરો તથા સેના નાયકોએ તેને સુલતાન તરીકે ચૂંટયો અને ઘોરના શાસકે પણ તેમાં પોતાની સહમતી પ્રગટ કરી. ટૂંકમાં ઘોરીના અવસાન બાદ સત્તા ગ્રહણ કરવામાં કુત્તુબુદ્દિન ઐબકને કોઈ તકલીફ પડી ન હતી.*

*સત્તા ગ્રહણ કર્યા પછી કુત્તુબુદ્દિન ઐબકે ન તો પોતાના નામના સિક્કા પડાવ્યા કે ન તો પોતાનું નામ ખુત્બામાં દાખલ કરાવ્યું. તેણે સુલતાનની ઉપાધિ પણ ધારણ કરી નહોતી. સત્તા પર આવતાની સાથે જ તેણે અમીરો અને જનતામાં એટલું બધું ધન વહેંચ્યું કે લોકો તેને 'લકળક્ષ' (લાખોનું દાન કરનાર) કહેવા લાગ્યા. આમ કરીને તેણે પોતાના સમર્થકોના જૂથને મજબુત કરી લીધું.*

### 6.4.2 દાસત્વમાંથી મુક્તિ :

*ઐબકની મહત્વાકાંક્ષા સ્વતંત્ર શાસક બનવાની હતી. આથી તેણે એક દૂત ગ્યાસુદ્દીન મહંમદ પાસે મોકલ્યો. તેની સાથે ઘણી બધી ભેટો અને એક પ્રસ્તાવ પણ મોકલી આપ્યો. તેમાં તેણે ગ્યાસુદ્દીનને જણાવ્યું કે જો તેને ભારતનો સુલતાન જાહેર કરવામાં આવે તો ખ્વારિજમના શાહ વિરુધ્ધ તે ગ્યાસુદ્દીનને મદદ કરશે. ઘોરીના શાસકને પણ ખ્વારિજમના શાહનો ભય સતાવતો હતો. આથી તેણે ઘોરીના પોતાના વંશનું અસ્તિત્વ ટકાવી રાખવા ઐબકનો પ્રસ્તાવ સ્વીકારો લીધો.અને 'દાસત્વ મુક્તિપત્ર' અને રાજ ચિન્હો (છત્ર, ધ્વજ) વગેરે મોકલી આપી. સુલતાનની ઉપાધિ આપી. આ રીતે સાચા અર્થમાં કુત્તુબુદ્દિન ઐબક પોતાના ભારતીય સામ્રાજ્યનો માલિક બન્યો.*

## 6.5.પ્રારંભિક મુશ્કેલીઓ અને તેનું નિવારણ

*કુત્તુબુદ્દિન ઐબક ભારતનો શાસક તો બની ગયો.પરંતુ તેની સામે મુશ્કેલીઓ મોં ફાડીને ઊભી હતી. જે તેના ભારતીય સામ્રાજ્યને જોખમમાં મૂકી શકે તેમ હતી. ઘોરીના મૃત્યુ પછી તરત જ તેનું વિશાળ સામ્રાજ્ય તેના ગુલામો દ્વારા વહેંચી લેવામાં આવ્યું હતું. ગઝનીમાં તાજુદ્દીન યિલ્દિઝ, મુલતાનમાં નાશિરુદ્દિન કુબાચા અને દિલ્લીમાં સ્વયં કુત્તુબુદ્દિન ઐબક સ્વતંત્ર શાસક બની ગયા હતા. લખનૌતીમાં ઈખિત્યા રુદ્દિન ખિલજી શાસક બની બેઠો હતો. એ સિવાય પણ ઐબકે બીજી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવાનો હતો. જેને આપણે હવે પછી જોઈએ.*

### 6.5.1 **પોતે ગુલામ હતો.**

*ઐબક ની પ્રથમ મુશ્કેલી એ હતી તે પોતે ગુલામ હતો. અને તે સમયે એવી માન્યતા હતી કે ગુલામ કયારેય સુલતાન બની શકે નહી. કુત્તુબુદ્દિને આ મુશ્કેલી નિવારવા આપણે આગળ જોયું તેમ પ્રથમ તો પોતાને સુલતાન ઘોષિત કર્યો નહી પરંતુ 'માલિક કે સિપાહ સાલાર' તરીકે જ ઓળખાવ્યો. તથાપોતાના નામના સિક્કા પણ પડાવ્યા નહી. ખુતબો પણ પઢાવ્યો નહી ચેક 1208 માં ગોરના શાસક ગ્યાસુદ્દીન મોહમ્મદ પાસેથી વિધિસર 'દાસત્વમાંથી મુક્તિપત્ર' અને 'રાજચિન્હ' મળ્યા પછી જ પોતાને સુલતાન ઘોષિત કર્યો. અને પોતાના નામના સિક્કા પડાવ્યા આ રીતે 'દાસત્વ મુક્તિપત્ર' મેળવી પોતાની સામેના સૈધ્ધાંતિક વિરોધને શાંત કરી દીધો.*

### 6.5.2 કુબાચાને મિત્ર બનાવ્યો.

*કુત્તુબુદ્દિન દાસત્વમાંથી તો મુક્ત થઈ ગયો અને પોતાને સુલતાન પણ જાહેર કર્યો. તેમ છતાં તેના ભારતીય સામ્રાજ્યની સ્થિરતા સામે બીજી ઘણી મુશ્કેલીઓ હતી. જેમકે ઘોરીના પ્રાંતિય સુબાઓની સ્વતંત્રતા. આપણે આગળ જોયું તેમ દરેક પોતપોતાના અધિકાર ક્ષેત્રમાં સ્વયં શાસક બની બેઠા હતા. તેમાં પ્રથમ હતો નાશિરુદ્દિન કુબાચા. તે ઘોરીનો વિશ્વાસપાત્ર સરદાર હતો. તે મુલતાન અને ઉચ્છનો હકિમ હતો. તેનું સ્થાન કુત્તુબુદ્દિનની સમકક્ષ હતું. કુત્તુબુદ્દિને એક વ્યવહારુ રાજ નીતિજ્ઞ તરીકે કુબાચા સાથે*

*પોતાની પુત્રીનું લગ્ન કરીને તેને પોતાનો મિત્ર બનાવી લીધો. કુબાચાએ ઐબકનું આધિપત્ય સ્વીકારી લીધું.*

### 6.5.3 તાજુદ્દીન યિલ્હિજ સાથે સંઘર્ષ

*ઘોરીના મૃત્યું પહેલા યિલ્હિજ કિરમાન નો સુબેદાર હતો. ઘોરીના મૃત્યુબાદ તેણે ગઝની ઉપર અધિકાર કરી લીધો હતો. ગઝની ઉપર અધિકાર ધરાવતો હોવાને લીધે તે ઘોરીના ભારતીય પ્રદેશો પર પણ પોતાનો અધિકાર સમજતો હતો. કુત્તુબુદ્દિને પોતાના જમાઈ નાશિરુદ્દિન કુબાચાની સાથે મળી યિલ્હિજ પર આક્રમણ કરી દીધું. યિલ્હિજને પરાજય આપ્યો. અને ગઝની ઉપર અધિકાર કરી લીધો. કહેવાય છે કે કુત્તુબુદ્દિન ગઝનીમાં વિલાસી બની ગયો અને વિલાસમય જીવન જીવવા લાગ્યો. તેથી નારાજ થઈ ગઝનીની જનતાએ તેની વિરુધ્ધ વિદ્રોહ કરી દીધો.અને યિલ્હિજને પુનઃ સત્તા ગ્રહણ કરવા આમંત્રણ આપ્યું.*

*જો કે વિદ્રોહનું મુખ્ય કારણ એ માનવામાં આવે છે કે ગઝનીવાસી અત્યાર સુધી ગઝનીના તાબા નીચે રહેલ દિલ્લીના શાસકને પોતાના સ્વામી તરીકે સ્વીકારવા તૈયાર ન હતા. આથી માત્ર 40 દિવસમાંજ કુત્તુબુદ્દિને ગઝનીની સત્તા છોડવી પડી. કુત્તુબુદ્દિન જેવો દિલ્લી તરફ પરત ફર્યો કે તરતજ યિલ્હિઝે ગઝની પર અધિકાર કરી લીધો. ભારતની આંતરિક સમસ્યાઓને કારણે કુત્તુબુદ્દિન ફરીથી ગઝની તરફ ધ્યાન આપી શક્યો નહી.*

*કુત્તુબુદ્દિન ગઝનીમાં પોતાની સત્તા ટકાવી રાખવામાં નિષ્ફળ રહયો. પરંતુ યિલ્હિજને કુત્તુબુદ્દિનની તાકાતનો પરિચય થઈ ગયો. તેથી તેણે ક્યારેય દિલ્લી પર આક્રમણ કરવાની હિંમત કરી નહી. આ રીતે દિલ્લીનો ગઝનીથી સંબંધ વિચ્છેદ થયો. દિલ્લીને એક સ્વતંત્ર સલ્તનત તરીકે વિકસાવવાની તક કુત્તુબુદ્દિનને મળી, તેમાં તે સફળ થયો. દિલ્લીને મધ્ય એશિયાની રાજનીતિમાં ફસાતું બચાવી લેવામાં આવ્યું.*

### 6.5.4 ખ્વારિજમના સંભવિત ભયથી દિલ્લીનું રક્ષણ

*મધ્ય એશિયાના ખ્વારિજમ (ખીવો) નો શાહ ખુબ જ મહત્વાકાંક્ષી હતો. તે સહાબુદ્દિન મહંમદ ઘોરીના આખાય સામ્રાજ્યને હડપ કરવા માંગતો હતો. પરંતુ કુત્તુબુદ્દિને કુબાચા સાથે મળીને ગઝનીનો કબજો લઈ લેતા તે તેમ કરી શક્યો નહી. તેનાથી ગઝની અને દિલ્લી સલ્તનત પરનો ખ્વારિજમના શાહનો સંભવિત ભય કાયમ માટે દૂર થયો. તેણે હંમેશા શાહ સાથે તટસ્થ નીતિ અપનાવી.બીજી તરફ ઉત્તરમાંથી સંભવિત ભય સામે કુત્તુબુદ્દિને લાહોરને જ પોતાની રાજધાની બનાવી લીધી. જેથી દિલ્લી સલ્તનતના નવા ઊભરતા સામ્રાજ્યને સુરક્ષિત રાખી શકાય. પોતાની બીજી પુત્રીનું લગ્ન બદાયૂના સુબા ઈલ્તુત્મિશ સાથે કરીને તેને પોતાનો સંબંધી બનાવી લીધો. આ રીતે પોતાના એક શક્તિશાળી સરદારને પોતાનો જમાઈ બનાવીને સામ્રાજ્યની સુરક્ષાને વધુ મજબુત બનાવી લીધી.*

### 6.5.5 બંગાળના ખિલજી સરદારોને વશમાં કર્યા.

*કુત્તુબુદ્દિને એક ગંભીર સમસ્યા બંગાળ અને ત્યાંના ખલજી સરદારો હતા. અલીમર્દાન ખિલજી નામના એક સરદારે ઈખ્તિયાર – ઉદ્દીનની હત્યા કરીને પોતાને બંગાળનો શાસક બનાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ ઈખ્તિયાર- ઉદ્દીનના સમર્થક સરદારોએ અલિમર્દાન ખિલજીનો વિરોધ કર્યો. અને તેને કેદ કર્યો. જોકે તે યુક્તિપૂર્વક જેલમાંથી ભાગી નીકળ્યો અને દિલ્લીમાં કુત્તુબુદ્દિન ઐબક પાસે આવ્યો. કુત્તુબુદ્દિને સૈન્ય સાથે તેને પરત મોકલ્યો. અલીમર્દાન ખિલજીને ઐબકનું સમર્થન મળતાં અન્ય ખિલજી સરદારોને અલીમર્દાન ખિલજીનો વિરોધ કરવાનું છોડી દીધુ. એ રીતે અલીમર્દાન ખલજી ઐબક ના પ્રતિનિધિ તરીકે બંગાળમાં શાસન કરવા લાગ્યો. અને કુત્તુબુદ્દિનને નિયમિત કર મોકલતો રહયો. બીજી તરફ બંગાળની સ્વતંત્રતાની શંકાને કારણે કુત્તુબુદ્દિને નામશેષ કરી.*

### 6.5.6 રાજપૂત તથા હિન્દુ વિદ્રોહીઓને નમાવ્યા

*કુત્તુબુદ્દિન ઐબકે વિવિધ રાજપૂત અને હિન્દુ વિદ્રોહીઓનો સામનો કરવો પડ્યો. મહંમદ ઘોરીના મૃત્યુના સમાચાર મળતાં જ વિવિધ રાજપૂત રાજાઓએ હિન્દુસ્તાનમાંથી તુર્ક સત્તાને ઉખેડી ફેકવા કમર કસી હતી, ચંદેલ શાસક ત્રૈલોક્યવર્માએ કાલિંજર પર ફરીથી અધિકાર કરી લીધો. તથા તુર્કોને પોતાના રાજયની બહાર ધકેલી દીધો.હવે તુર્કોના દક્ષિણ તરફના પ્રયાણને તેણે મુશ્કેલ બનાવી દીધુ હતું. પરિહારોને પણ ગ્વાલિયરનો કિલ્લો જીતી લઈ ત્યાંથી તુર્કોને હાંકી કાઢ્યા હતા. ગુજરાતની સરહદે રાજય કરતા નાના-મોટા રાજ્યોએ પણ કર આપવાનું બંધ કરી દીધું હતું. એટલું જ નહી પણ પોતાના વિસ્તારોમાંથી તુર્કોને ભગાડી મુકયા હતા. જયચંદના ઉત્તરાધિકારી હરિશ્ચન્દ્રએ ગઢવાલોની શક્તિને સંગઠિત કરીને બદાયુ અને ફરુખાબાદના પ્રદેશોમાંથી તુર્ક હકીમોને હાંકી કાઢ્યા હતા. શેનવંશી શાસક પણ પૂર્વમાંથી પશ્ચિમ તરફ આગળ વધી પોતાનું રાજય પાછુ મેળવવા પ્રયત્નશીલ હતો. આવી કપરી પરિસ્થિતિમાં ઐબક માટે સૌથી ડર એ હતો કે તુર્કોના આંતરિક વિખવાદોને કારણે તુર્ક સામ્રાજ્ય જોખમમાં ન આવી પડે આથી તેણે પૂર્વ અને પશ્ચિમની સમસ્યાઓ હલ કર્યા પછી રજપૂતો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. બદાયુ અને ફરુઆબાદ તેણે પાછા જીતી લીધા પરંતુ ગ્વાલીયર અને કાલિંજર તે જીતી શકે તે પહેલાં જ ઈ.સ.* 1210 *માં ચોગાન (પોલોની રમત જેવી) ની રમત દરમ્યાન ઘોડા પરથી પડી જવાથી તેનું મૃત્યુ થયું. લાહોરમાં એક સાદી કબરમાં તેને દફનાવવામાં આવ્યો.*

- **તમારી પ્રગતિ ચકાસો** – 2

*અ.* (i) *મહંમદ ઘોરીના અવસાન બાદ લાહોરના નાગરિકોએ સત્તાગ્રહણ કરવા કોને આમંત્રણ આપ્યું ?*

(ii) *ઐબકની સુલતાન બન્યા પછીની પ્રથમ મુશ્કેલી કઈ હતી ?*

(iii) *ઐબકે કુબાચાનું સમર્થન મેળવવા શું કર્યું ?*

(iv) *કુત્તુબુદ્દિન ગઝનીની સત્તા કેમ છોડવી પડી ?*

(v) *કુત્તુબુદ્દિન ઐબકનું મૃત્યું કેવી રીતે થયું ?*

બ. (i) કુત્તુબુદ્દિને તાજુદ્દીન યિલ્હિજ ની સમસ્યા કેવી રીતે હલ કરી.

(ii) કુત્તુબુદ્દિને દિલ્લી સલ્તનતને મધ્ય એશિયાની રાજનીતિથી કેવી રીતે અલગ કર્યું.

(iii) ઐબકે પોતાની બીજી પુત્રીનું લગ્ન કોની સાથે કર્યું ?

(iv) ઘોરીના મૃત્યુબાદ કયા કયા રાજપૂત રાજ્યોએ વિદ્રોહો કર્યા હતા ?

(v) કયા બે રાજપુત રાજ્યોને ઐબક જીતી શકયો નહોતો ?

## 6.6 કુત્તુબુદ્દિન ઐબકનું મૂલ્યાંકન

6.6.1 કુત્તુબુદ્દિન ઐબકે સ્વતંત્ર સુલતાનના રૂપમાં માત્ર ચાર જ વર્ષ રાજ્ય કર્યું. કોઈપણ શાસક માટે નવા સ્થપાયેલ રાજ્ય માટે શાસન વ્યવસ્થા ગોઠવવા

*માટે આટલો સમય ઘણો ટૂંકો ગણાય. એમાં પણ કુત્તુબુદ્દિનનો મોટાભાગનો સમય યુધ્ધો કરવામાં અને વિદ્રોહો દબાવવામાં પસાર થયો હતો. તેથી તે શાસનતંત્રને ઠીક કરવા પાછળ પુરતો સમય આપી શકયો નહોતો. હિન્દુસ્તાનમાં તેની શાસન વ્યવસ્થા સંપૂર્ણપણે લશ્કર પર આધારિત હતી. રાજધાનીમાં અને દરેક મોટા શહેરોમાં તેણે મુસ્લિમ અધિકારીઓની નિમણૂંક કરી હતી. જે મોટાભાગે લશ્કરી અધિકારીઓ હતા. સ્થાનિક વહીવટ તેણે હિન્દુ અધિકારીઓ પર છોડી દીધો હતો. મહેસુલ અંગેના જુના નીતિ નિયમો તેણે ચાલુ રાખ્યા હતા. વહીવટીતંત્રમાં નવી વ્યવસ્થા ગોઠવવામાં તે નિષ્ફળ રહયો હતો.*

6.6.2 *કુત્તુબુદ્દિન ઐબક પ્રતિભાશાળી સેનાપતિ હતો. તે હીન અને દ્રરિદ્ર અવસ્થામાંથી ઉપર ઊઠીને શક્તિ તથા યશના શિખર પર પહોંચ્યો હતો. તેનામાં અપાર સાહસ, શૂરવીરતા અને નિર્ભયતા ભારોભાર ભરેલા હતા. તે નિપુણ ઘોડેસવાર, અને અચૂક તિરંદાજ હતો. એક સેનાપતિ તરીકે તેણે પોતાના સ્વામીની લગનથી સેવા કરી હતી. તેના આ ગુણોના કારણેજ તે પોતાના માલિક મહંમદ ઘોરીનો કૃપાપાત્ર બની શકયો હતો. સુલતાન બન્યા બાદ તેણે યિલ્દિજને હરાવ્યો.કુબાચાને કુટનીતિથી મિત્ર બનાવ્યો. ખલજી સરદારોને વશમાં કર્યા. બદાયુ અને ફરુખાબાદને તેણે પાછા મેળવી લીધા. જોકે ગ્વાલિયર અને કાલિજર તે પુનઃ મેળવી શકયો નહી.*

6.6.3 *એક વ્યક્તિ તરીકે ઐબક વીર, વફાદાર, ઉદાર અને દાની હતો. ઈતિહાસકારોએ તેની ઉદારતાના ભારોભાર વખાણ કર્યા છે.સમકાલીનોએ તેને 'લકલક્ષ' (લાખોનું દાન કરનાર) ની ઉપાધિથી વિભૂષિત કર્યો છે. તેણે હંમેશા પોતાની પ્રજાની ભલાઈની ચિંતા કરી હતી. એસ.આર શર્માના મતે તેણે હિંદુઓ સાથે પણ દયાળુતાથી વ્યવહાર કર્યો હતો. પ્રો.એ.બી.એમ હબીબુલ્લા ને મતે તેનામાં "તુર્કોની નીડરતા અને ઈરાનીઓની પરિસ્કૃત અભિરૂચી મૌજુદ હતી." મીનહાજ સિરાજ કુત્તુબુદ્દિનને વીર અને ઉદાર હ્રદય સુલતાન ગણાવે છે. શાંતિના સમયમાં તેણે હિંદુઓ સાથે ઉદારતાથી વ્યવહાર કર્યો હતો. એટલે જ તેણે પોતાના રાજયને મિત્રોથી ભરી દીધુ અને દુશ્મનોથી ખાલી કરી દીધું હતું.*

**6.6.4** *કુત્તુબુદ્દિન ઐબક ધર્માંધ હતો કારણકે તેની માનવતા અને ઉદારતા મુસ્લિમ જનતા માટે જ હતી. આમજનતા માટે તે ક્રુર અને આતતાયી હતો. તેણે અનેકોની કતલ કરાવી હતી. મધ્ય એશિયાના ઝનૂની યોધ્ધાઓ જેવો તે હિન્દુસ્તાનમાં એક નમૂનો હતો. સમકાલીન મુસલમાન ઈતિહાસકારો એ લખ્યું છે કે " તેના સમયમાં વરુઓ અને બકરાઓ એક આરે પાણી પીતા હતા એવોતે નિષ્પક્ષ હતો" પરંતુ હિન્દુઓ ઉપર તેણે કરેલા અત્યાચારો જોતા આ વાકય વ્યંગ ભરેલું હોવાનું જણાય છે. તેણે હજારો*

*હિન્દુઓને ગુલામ બનાવ્યા હતા. તેમની પાસેથી જજીયા વેરો વસૂલ કર્યો હતો. અનેકોને ઈસ્લામ ધર્મ સ્વીકારવાની ફરજ પાડી હતી. તેણે જીતેલા શહેરોમાં લુંટફાટ કરાવી વિનાશ સર્જ્યો હતો. તેણે કેટલાય મંદિરોનું મસ્જિદોમાં પરિવર્તન કરાવ્યું હતું આ બધું કરવામાં તેનો ઉદાર અને ન્યાયી સ્વભાવ ક્યાંય આડો આવ્યો નહતો. તે ધર્માંધ અને ક્રૂર હતો.*

**6.6.5** *કુત્તુબુદ્દિન ઐબકને સાહિત્ય અને સ્થાપત્યમાં રૂચી હતી. તેના સમયમાં નિઝામીએ 'તારીખે તાજુલ મુઆસિર' ની રચના કરી હતી. 'તારીખે મુબારકશાહી' નો કર્તા ફકરૂદ્દીન પણ તેના દરબારમાં બિરાજતો હતો.ઐબકે દિલ્લી અને અજમેરમાં એક એક મસ્જિદ બંધાવી હતી. 27 જેટલા મંદિરો તોડીને તેના કાટમાળમાંથી તેણે દિલ્લીની જામે મસ્જિદનું નિર્માણ કરાવ્યું હતું તેનું નામ તેણે 'કુવ્વતુલ ઈસ્લામ' (અર્થાત – ઈસ્લામની તાકાત) રાખ્યું હતું. અજમેરમાં તેણે મસ્જિદ બંધાવી હતી. જે 'અઢાઈ દિનકા ઝોંપડા' નામે ઓળખાય છે. દિલ્લીમાં આવેલાં પ્રસિધ્ધ કુતુબમિનારનું બાંધકામ તેણે શરૂ કરાવ્યું હોવાનું માનવામાં આવે છે.*

**6.6.6** *પ્રસિધ્ધ ઈતિહારકાર હેગ તથા અનેક અન્ય વિદ્વાનો કુત્તુબુદ્દિન ઐબકને ભારતમાં મુસ્લિમ સામ્રાજ્યનો વાસ્તવિક સંસ્થાપક ગણાવે છે. પ્રો.એ.બી.એમ હબિબુલ્લાને મતે "મુઈજુદ્દીન (મહંમદ ઘોરી) એ સંચાલનની પ્રેરણા આપી. કુત્તુબુદ્દિન ઐબકે યોજનાઓ બનાવી તેને અમલમાં મૂકી. ટૂંકમાં મહંમદ ઘોરી યોજનાઓ બનાવતો અને કુત્તુબુદ્દિન ઐબક એને કાર્યાન્વિત કરવાનું કામ કરતો. ઘોરીની યોજનાઓમાં પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તનો કરીને તેણે દિલ્લી રાજ્યની સ્થાપના કરી. માટે જ ઘોરીની સફળતાનો યશ ઐબકને આપવામાં આવે તો એમાં કાંઈ ખોટું નથી. સમયની કમી અને વિપરીત રાજનૈતિક પરિસ્થિતિને કારણે દિલ્લી સલ્તનતને તે સુદ્રઢ કરી શકયો નહી તેમ છતાં કેટલીક હદ સુધી તેણે ઈલ્તુત્મિશ માટે રસ્તો સાફ કરી દીધો હતો.*

- **તમારી પ્રગતિ ચકાસો – 3**

(1)*ઐબકનું એક સૈનિક તરીકે મૂલ્યાંકન કરો.*

(2)*એક વ્યક્તિ તરીકે ઐબકનું મૂલ્યાંકન કરો.*

(3)'કુત્તુબુદ્દિન ઐબક ધર્માંધ હતો' – ચર્ચા કરો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 6.7 સમાપન

આ રીતે કુત્તુબુદ્દિન ઐબકે ઘોરી દ્વારા જીતેલા ભારતીય પ્રદેશોને એક સામ્રાજ્યમાં પરિવર્તિત કર્યા. તે પ્રથમ મુસલમાન હતો જેને હિન્દુસ્તાનમાં મુસ્લિમ રાજ્યનો પાયો નાખ્યો હતો. આ રીતે તેણે ઈસ્લામની મોટી સેવા કરી હતી. કપરા સંજોગોમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે તે એકલા હાથે ઝઝુમ્યો. તેનાથી ભારતમાં એક નવા જ રાજવંશની શરૂઆત થઈ.

## 6.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો – 1**

બ. (i) – C
(ii) – A
(iii) – D
(iv) – B

ક. (i) ખરું
(ii) ખોટું
(iii) ખરું
(iv) ખરું
(v) ખોટું

## 6.9 સંદર્ભ ગ્રંથો


| | | |
|---|---|---|
| 1. | નાયક ડૉ. છોટુભાઈ રણછોડજી | મધ્યયુગીન ભારત ખંડ –2પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી – અમદાવાદ, સુધારેલી આવૃત્તિ –1984. |
| 2. | પ્રા. કાઝી સલીમ એન.<br>પ્રા. ભટ્ટ દેવેન્દ્ર<br>ડૉ. જાની એસ.વી.<br>ડૉ. કોરાટ પી.જી | મધ્યકાલીન ભારતનો ઈતિહાસ પ્રકાશક : સી જમનાદાસની કંપની સી -18, માધવપુરા માર્કેટ, શાહીબાગ રોડ, અમદાવાદ, આવૃત્તિ –2005/06 |

| | | |
|---|---|---|
| 3. | मजमुदार रमेशचन्द्र राय चौधरी हेमचंद्र दत्त कालिकिंकर | भारत का ब्रुहत इतिहास, मध्यकालीन भारत, *प्रकाशक :* MACMILAN INDIA LIMITED 1989 |
| 4. | सतीशचन्द्र | मध्यकालीन भारत, सल्तनत से मुगल काल तक *प्रकाशक :*जवाहर पब्लिकेशन ऐंड डिस्ट्रीब्यूटर्स – 2000 |
| 5. | डो. खन्ना कैलाश | मध्यकालीन भारत का इतिहास भाग - 1 *प्रकाशक :*अर्जुन पब्लिशिंग हाउस, नई दिल्ली – 2007. |
| 6. | पाठक रश्मि | दिल्ली सल्तनत का इतिहास, *प्रकाशक :*अर्जुन पि हाउस, नई दिल्ली – 2003. |
| 7. | गोहित राजीवकुमार | भारत का इतिहास विश्वकोश खंड –2, रजत प्रकाश दिल्ली – 2010. |

# એકમ-07 ખિલજીવંશ : અલાઉદ્દીન ખિલજીના સુધારા

**રૂપરેખા :**


**7.0 ઉદ્દેશો**
**7.1 પ્રસ્તાવના**
**7.2 અલાઉદ્દીન ખિલજીની પ્રારંભિક કારકિર્દી**
**7.3 અલાઉદ્દીન ખિલજીની મુશ્કેલીઓ**
**7.4 અલાઉદ્દીન ખિલજીની હાસ્યાસ્પદ યોજનાઓ**
**7.5 અલાઉદ્દીન ખિલજીના રાજાશાહી અંગેના વિચારો**
**7.5.1 રાજાની સર્વોપરિતાનો સિદ્ધાંત**
**7.5.2 અમીરોની સત્તાનો નાશ**
**7.5.3 ઉલેમાઓની હકાલપટ્ટી**
**તમારી પ્રગતિ ચકાસો 1**
**7.6 અલાઉદ્દીન ખિલજીના સુધારાની પૂર્વભૂમિકા-વિદ્રોહો**
**7.6.1 નવ મુસલમાનોનો વિદ્રોહ**
**7.6.2 આકતખાનનો વિદ્રોહ**
**7.6.3 અમીર ઉમર તથા મંગુખાનનો વિદ્રોહ**
**7.6.4 હાજી મૌલાનો વિદ્રોહ**
**7.6.5 વિદ્રોહમાંથી બોધપાઠ**
- **તમારી પ્રગતિ ચકાસો 02**

**7.7 અલાઉદ્દીન ખિલજીના સુધારા**
**7.7.1 મહેસૂલી સુધારા**
- **તમારી પ્રગતિ ચકાસો 3**

**7.7.2 લશ્કરી સુધારા**
- **તમારી પ્રગતિ ચકાસો- 4**

**7.7.3 અલાઉદ્દીન ખિલજીના આર્થિક સુધારા**
- **તમારી પ્રગતિ ચકાસો- 5**

**7.7.4 અલાઉદ્દીન ખિલજીના અન્ય સુધારા**
**તમારી પ્રગતિ ચકાસો- 6**
**7.8 સારાંશ**
**7.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો – ૨**
**7.10 સંદર્ભસૂચિ :**


## 7.0 ઉદ્દેશો

*- અલાઉદ્દીન ખિલજીની પ્રારંભિક કારકીર્દિ અને તેની મુશ્કેલીઓની જાણકારી મેળવવી.*

*- અલાઉદ્દીન ખિલજીના મહેસૂલી સુધારાની જાણકારી મેળવવી.*
*- અલાઉદ્દીન ખિલજીના લશ્કરી સુધારાની જાણકારી મેળવવી.*
*- અલાઉદ્દીન ખિલજીના આર્થિક સુધારા (ભાવનિયમન)ની જાણકારી મેળવવી.*
*- અલાઉદ્દીન ખિલજીના અન્ય સુધારાઓની જાણકારી મેળવવી.*

## 7.1 પ્રસ્તાવના

*મધ્યકાલીન ભારતના ઈતિહાસમાં ખિલજી વંશના શાસક અલાઉદ્દીન ખિલજીનું વિશેષ મહત્ત્વ છે. તે એક વિજેતા અને સામ્રાજ્યવાદી શાસક હતો. સાથે સાથે તે સુધારક શાસક પણ હતો.તેના સમયમાં દિલ્લી સલ્તનત પર મોગલોનો સતત ભય રહેતો હતો. મોગલ આક્રમણોથી સલ્તનતનું રક્ષણ કરવા તેને વિશાળ લશ્કરની જરૂર હતી. વળી તે આપખુદ અને દૈવિરાજાશાહીના સિદ્ધાંતમાં વિશ્વાસ ધરાવતો હતો તેણે પોતાના પૂર્વજ સુલતાન જલાલુદ્દીન ખિલજીની ઉદાર નીતિનો ત્યાગ કર્યો હતો. તે બબનની જેમ લોહી અને તલવારની નીતિમાં વિશ્વાસ કરતો હતો, તેણે પોતાની ઈચ્છાઓને પૂર્ણ કરવા રાજ્યના મહેસૂલ વિભાગ, લશ્કરી વિભાગ, આર્થિક બાબતોમાં મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા. જેની માહિતી આપણે આ પ્રકરણમાં મેળવીશું.*

## 7.2 અલાઉદ્દીન ખિલજીની પ્રારંભિક કારકીર્દી :

*અલાઉદ્દીન ખિલજીનો જન્મ ઈ. સ. 1266-67માં થયો હતો.તે જલાલુદ્દીન ખિલજીના ભાઈ શિહાબુદ્દીન મસૂદ ખિલજીનો પુત્ર હતો તેના પિતાના મૃત્યુ બાદ તેના કાકા જલાલુદ્દીન ખિલજીએ તેનો ઉછેર કર્યો હતો. તેણે ખાસ શિક્ષણ પ્રાપ્ત કર્યું નહોતું. છતાં શસ્ત્રવિદ્યામાં તે પારંગત હતો. તે અત્યંત ઝનૂની અને મહત્ત્વાકાંક્ષી સૈનિક હતો. જલાલુદ્દીનને ગાદી અપાવવામાં તેણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તેથી ગાદીપ્રાપ્તિ પછી જલાલુદ્દીને તેને 'અમીર-એ-તુજુક' નું પદ આપ્યું હતું. અને પોતાની પુત્રીનું લગ્ન તેની સાથે કર્યું હતું. લિક છજ્જુનો વિદ્રોહ દબાવવામાં અલાઉદ્દીને મહત્ત્વની કામગીરી બજાવી હોવાથી તેને કડા-માણિકપુરનો સૂબો બનાવવામાં આવ્યો હતો.*

*ઈ. સ. 1292ના ભિલસા વિજયે અલાઉદ્દીનની મહત્ત્વકાંક્ષા અને વિજય લાલસામાં તીવ્ર વધારો કર્યો. ઈ. સ. 1295માં તેણે દેવગીરી ઉપર આક્રમણ કર્યું. અપાર ધન-સંપતિની લૂંટ કરી લાવ્યો. લૂંટના માલ અને સત્તાની લાલસા એ તેને પોતાના કાકા અને સસરા જલાલુદ્દીન ખિલજીની હત્યા કરવા સુધી પ્રેર્યો.તેણે દગાથી તેના કાકાની હત્યા કરી રાજગાદી પડાવી લીધી. તે દિલ્લીનો સુલતાન બન્યો.*

## 7.3 અલાઉદ્દીન ખિલજીની મુશ્કેલીઓ

અલાઉદ્દીન ખિલજી પોતાના કાકાની હત્યા કરીને સત્તા પર આવ્યો હતો.તેણે અનેક સમસ્યાઓનો સામનો કરવાનો હતો. તેની પ્રારંભિક મુશ્કેલીઓ નીચે મુજબ ગણી શકાય.

1. બધાં જ સ્વતંત્ર રાજ્યો પર વિજય પ્રાપ્ત કરવો એ તેની પ્રથમ મુશ્કેલી હતી. તેણે સમગ્ર હિન્દુસ્તાનના વિજયનું સ્વપ્ન જોયું હતું જે તેણે પૂરું કરવાનું હતું.
2. તેણે પોતાના કાકા અને સુલતાન જલાલુદ્દીનની હત્યા કરી હોવાથી પ્રજામાં ઘૃણાપાત્ર બન્યો હતો. તેથી તેણે પ્રજાનો, પ્રેમ સંપાદન કરવાનો હતો.
3. અનેકજલાલી-જલાલુદ્દીન ખિલજીના સમર્થકો તેનો વિરોધ કરતા હતા તેમના કાવતરાનો અંત લાવવાનો હતો.
4. જલાલુદ્દીનનો મોટો પુત્ર આર્કલીખાન પંજાબ, મુલતાન અને સિંધનો સ્વતંત્ર શાસક બની ગયો હતો. અનેક જલાલી સરદારો તેની સાથે હતા. જે ગમે ત્યારે તેને માટે ભય પેદા કરી શકે તેમ હતા.
5. ઉત્તર-પશ્ચિમ સીમા પર ખોક્કર જાતિ સાથે દુશ્મનાવટ હતી. મોગલોના આક્રમણો પણ સતત ચાલુ હતાં.
6. બંગાળ, બિહાર અને ઓરિસ્સા જેવા દૂરના પ્રદેશો દિલ્લી સલ્તનતથી સ્વતંત્ર થઈ ચૂકયા હતા.
7. રાજસ્થાનના બધાં જ રાજ્યો સ્વતંત્ર હતાં. રણથંભોરનું રાજ્ય દિલ્લી સલ્તનત માટે મોટી મુશ્કેલીરૂપ હતું.
8. બુંદેલખંડ અને માળવામાં રાજપૂત રાજ્યો શક્તિશાળી બન્યાં હતાં.
9. ગુજરાતમાં વાઘેલા વંશના રાજવીઓ સ્વતંત્ર હતા.
10. દક્ષિણ ભારતમાં મુસ્લિમ સત્તાએ હજુ પગ પેસારો જ નહોતો કર્યો.
11. વહીવટીતંત્ર સુદૃઢ બનાવવાનું હતું તથા સલ્તનત પ્રત્યે સન્માન અને ભય ઊભા કરવાના હતા.

અલાઉદ્દીન ખિલજી આ બધી જ મુશ્કેલીઓ સામે હિમ્મતભેર ટકી રહ્યો. મુશ્કેલીઓને તેણે સફળતાથી પાર પાડી તે હત્યાને સહારે ગાદીએ આવ્યો હોવા છતાં ધીર, સાવધાન, સાહસી, કઠોર અને સફળ આયોજક અને સંગઠનકર્તા સાબિત થયો.

પ્રજાનો પોતાના પ્રત્યેનો રોષ દૂર કરવા તેણે જનતામાં પુષ્કળ ધન વહેંચ્યુ. જેથી લોકમાનસમાંથી એક હત્યારા તરીકેની છાપ ભૂંસાવા લાગી. બીજી બાજુ વફાદાર સૈનિકોને ઊંચા પદો આપીને ખુશ કરી દીધા. જલાલી પરિવારના બધા જ સભ્યો ને મારી નાખ્યા. ચાલીસ હજાર સૈનિકોને તેણે મુલતાન પર આક્રમણ કરવા આજ્ઞા આપી. આર્કલીખાને આત્મસર્મપણ કર્યુ. જો કે પાછળથી તેને પણ મારી નાખવામાં આવ્યો.

ઈ. સ. 1297અને ઈ. સ.1299ના મોગલ આક્રમણોને નિષ્ફળ બનાવ્યાં.

આમ ટૂંક સમયમાં જ તે યોગ્ય અને મહત્ત્વાકાંક્ષી શાસક સિદ્ધ થયો. તેની આ સફળતાઓએ તેની મહત્ત્વાકાંક્ષાઓમાં ખૂબ વધારો કર્યો. તે પોતાને સર્વશક્તિમાન

*સમજવા લાગ્યો. સફળતા અને અહંકારથી પ્રેરિત થઈ તે અસંભવ અને હાસ્યાસ્પદ યોજનાઓ વિચારવા લાગ્યો.*

## 7.4 અલાઉદ્દીન ખિલજીની હાસ્યસ્પદ યોજનાઓ

*નવાધર્મની સ્થાપના એ તેની પ્રથમ યોજના હતી. અલાઉદ્દીન ખિલજી એવા ધર્મની સ્થપાના કરવા માગતો હતો જે તેના મૃત્યુ બાદ પણ ચાલુ રહે. તે એક મહાન રાજ્યનો નિર્માતા હતો તેમ તેણે એક ધર્મ નિર્માતા પણ બનવું હતું. નવો ધર્મ સ્થાપવા પાછળનો તેનો ઉદ્દેશ ઈસ્લામને અવગણવાનો નહીં પરંતુ કીર્તિ પ્રાપ્ત કરવાનો હતો.*

*જો કે દિલ્લીના કોટવાલ અલાઉલીન મુલ્કે સાહસ કરીને તેને સમજાવ્યો કે " ધર્મ એ ઈશ્વરીય જ્ઞાનનો મામલો છે અને માનવીની બુદ્ધિ દ્વારા તેની સ્થાપના ન થઈ શકે પરંતુ પ્રજા જો એ જાણશે કે સુલ્તાન તેમના ધર્મમાં હસ્તક્ષેપ કરવા માગે છે તો પ્રજા તમારાથી વિમુખ થશે. " કોટવાલની આ સલાહથી અલાઉદ્દીને પોતાની ભૂલ સુધારી લીધી.*

*અલાઉદ્દીનની બીજી યોજના બીજા સિકંદર બનવાની હતી. સિકંદરની માફક તે પૂર્વ અને પશ્ચિમને પોતાના ધ્વજ તળે લાવવા માગતો હતો. જો કે આ વખતે પણ અલાઉલીન મુલ્કે તેને સમજાવી લીધો.*

## 7.5 અલાઉદ્દીન ખિલજીના રાજાશાહી અંગેના વિચારો

### 7.5.1 રાજાની સર્વોપરિસત્તાનો સિદ્ધાંત

*ગાદી પ્રાપ્તિ પછી અલાઉદ્દીનની એક પ્રમુખ મુશ્કેલી એ હતી કે પ્રજામાં રાજસત્તાનો પ્રભાવ ઊભો કરવો. જો એવી રાજસત્તા ઊભી કરવા માગતો કે જેના પ્રત્યે જનતામાં પ્રેમ, ભક્તિ અને લગાવ હોય. જોકે જલાલુદ્દીન અને કૈકુબાદની જેમ માનવીય અભિગમથી કે ઉદારતાથી તે આ સિદ્ધાંત સ્થાપવા નહોતો માગતો. અલાઉદ્દીનને પૃથ્વી પર ઈશ્વરની છાયા, ઈશ્વરનો પ્રતિનિધિ ગણવામાં આવ્યો. પરંતુ શરિયતના સિદ્ધાંત ને આધારે નહીં તેણે પોતાની સર્વોપરિતા સિદ્ધ કરવા ક્યારેય શરિયતનો સહારો લીધો નથી.પોતાના બાહુબળ પર તે સર્વોપરી બનવા માગતો હતો.તેણે ખલીફા પાસે પોતાના સુલતાન પદની માન્યતા માગવાનું ક્યારેય ઉચિત માન્યું નહોતું તેમજ તે માટે તેણે ક્યારેય પ્રયાસ કર્યો નહોતો. શાસનતંત્રમાં ન તો તેણે ઈસ્લામના સિદ્ધાંત નો સહારો લીધો કે ન ઉલેમાઓની સલાહ લીધી. સુલતાનના અધિકારો પર ધર્મનું બંધન તેને સ્વીકાર્ય ન હતું.*

*અલાઉદ્દીન માનતો કે "સુલતાનનો શબ્દ જ દેશનો કાયદો છે અને તેનો ન્યાય એ જ ઈશ્વરનો ન્યાય છે." અલાઉદ્દીન કહેતો હતો કે સુલતાનના તમામ આદેશો અને તેની તમામ ઈચ્છાઓને પ્રજાએ કોઈપણ પ્રકારની આનાકાની વગર શિરોમાન્ય ગણવી જોઈએ.*

### 7.5.2 અમીરોની સત્તાનો નાશ

*બલ્લનની માફક અલાઉદ્દીન ખિલજી પણ સમજતો હતો કે સુલતાનની નિરંકુશતાના માર્ગમાં સૌથી મોટું વિઘ્ન અમીરો છે. અમીરોની સત્તાનો નાશ કરવા તેણે*

જાહેર કર્યું કે 'રાજાશાહી પાસે કોઈ સગાવાદ ચાલી શકે નહિ' (Kingship knows no kinship) રાજાનો કોઈ સગો ન હોઈ શકે, તેના સિવાયના બીજા લોકો કાં તો તેના પ્રજાજનો હોય અથવા તો તેના ગુલામો હોય. અલાઉદ્દીને આ સિદ્ધાંતના આધારે અમીર-ઉમરાવોના વર્ચસ્વને છિન્ન-ભિન્ન કરી દીધું.

### 7.5.3 ઉલેમાઓની હકાલપટ્ટી

અલાઉદ્દીને રાજનીતિ અને ધર્મને અલગ કર્યા. તે દૃઢપણે માનતો હતો કે રાજકારણ એ ઉલેમાઓનું ક્ષેત્ર નથી. રાજનીતિમાં તેમનો હસ્તક્ષેપ અનુચિત અને અનિચ્છનીય છે. અલાઉદ્દીને ઉલેમાઓ, મુસ્લિમ ધર્માધિકારીઓ અને અધિકારીઓને સ્પષ્ટપણે કહી દીધું કે, 'એ જરૂરી નથી કે હું ઉલેમાઓની સલાહ પ્રમાણે શાસન ચલાવું હું રાજ્યના કલ્યાણ માટે જે કાર્યો ઉચિત લાગશે તે કરીશ. ' આ રીતે તેણે ઉલેમાઓના પ્રભાવને ઘટાડવાનો પ્રયાસ કર્યો. એ. એલ. શ્રીવાસ્તવ લખે છે, કે "અલાઉદ્દીન ખિલજી પહેલો સુલતાન હતો જેણે ધર્મ ઉપર રાજસત્તાનું નિયંત્રણ સ્થાપિત કર્યું અને એવા તત્ત્વોને જન્મ આપ્યો જેમાં કમસે કમ સિદ્ધાંતના રૂપમાં રાજ્ય બિનસાંપ્રદાયિક આધાર પર ઊભું થઈ શકતું હતું. "

અલબત આ બધી બાબતોનો અર્થ એવો નથી કે તે બિનસાંપ્રદાયિક રાજ્ય સ્થાપવા માગતો હતો. હકીકતમાં તો તે માત્ર ઉલેમાઓનું વર્ચસ્વ જ દૂર કરવા માગતો હતો. તે એક ક્રૂર, ધર્માંધ શાસક હતો. તેણે હિંદુઓ પર ત્રાસ ગુજારવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું. તેણે યુદ્ધ દરમિયાન અનેક હિંદુ મંદિરો અને ધર્મસ્થાનોમાં લૂંટ ચલાવી હતી. તેને ખેદાન-મેદાન કરી દીધા હતા. હિંદુ રાજાઓ વિરુદ્ધના યુદ્ધને 'જેહાદ' નું રૂપ આપવામાં તેને ખચકાટ નહોતો. તે ઈસ્લામનો કટ્ટર અનુયાયી હતો.

હિંદુઓ સાથે ખૂબ જ કઠોર નીતિ અપનાવી હતી.

**તમારી પ્રગતિ ચકાસો- 1**

**અ. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

I. અલાઉદ્દીન ખિલજી કયા યુદ્ધ માં અપાર ધનસંપતિ લૂંટી લાવ્યો હતો.

______________________________
______________________________
______________________________
______________________________

II. અલાઉદ્દીન ખિલજીની પ્રારંભિક ત્રણ મુશ્કેલીઓ જણાવો.

______________________________
______________________________
______________________________
______________________________

III. અમીરોની સત્તાનો નાશ કરવા અલાઉદ્દીને કયો સિદ્ધાંત અપનાવ્યો.

______________________________
______________________________

IV. *અલાઉદ્દીન ખિલજીએ ઉલેમાઓ સાથે કેવી નીતિ અપનાવી?*

## 7.6 અલાઉદ્દીનખિલજીના સુધારાની પૂર્વભૂમિકા

### 7.6. 1 નવ મુસલમાનોનો વિદ્રોહ

*આપણે આગળ જોયું કે*

*અલાઉદ્દીન સત્તા પર આવ્યો ત્યાર પછી તેણે અનેક વિદ્રોહોનો સામનો કરવો પડ્યો હતો. સૌપ્રથમ ઈ. સ 1307 માં તેનું સૈન્ય ગુજરાત વિજય પછી પરત ફરી રહયું હતું ત્યારે લૂંટના માલ માટે નવ મુસલમાનાએ વિદ્રોહ કરી દીધો. તેમણે સુલતાનના ભત્રીજા તથા નુસરતખાનના ભાઈની હત્યા કરી હતી. અલાઉદ્દીને આ વિદ્રોહીઓને ક્રૂરતાથી કચડી નાખ્યો. લગભગ 3000 જેટલા નવ મુસલમાનોને મોતને ઘાટ ઉતાર્યા. તેમના બાળકોને પણ ટુકડા ટુકડા કરીને મારી નાખવામાં આવ્યાં.*

### 7.6.2 આકતખાનનો વિદ્રોહ

*સુલતાનનો ભત્રીજો આકતખાન એક મહત્ત્વાકાંક્ષી હતો. રણથંભોર જતી વેળાએ સુલતાનની એકલતાનો લાભ લઈ તેણે અલાઉદ્દીન પર હુમલો કરી દીધો. સુલતાને મૃત સમજીને તે દિલ્લીની ગાદી પર બેસવા આવી ગયો પરંતુ મલિક કાફૂરે તેની ચાલને નિષ્ફળ બનાવી. તેને મારી નાખવામાં આવ્યો સાથે સાથે તેના ભાઈ કુતલુંગખાનને પણ મોતને ઘાટ ઉતારવામાં આવ્યો.*

### 7.6.3 અમીર ઉમર તથા મંગુખાનનો વિદ્રોહ

*આ બંને અમીરો સુલતાનની બહેનના પુત્ર હતાં. આકતખાનનો વિદ્રોહ દબાવી સુલતાન રણથંભોરનો ઘેરો ઘાલીને બેઠો હતો.ત્યારે આ બંને ભાઈઓએ બદાયુ અને અવધમાં વિદ્રોહ કરી દીધો. સુલતાને સમય સૂચકતા વાપરી બંનેને બંદી બનાવી લીધા ત્યાર બાદ બંનેની આંખો ફોડી નાખવામાં આવી.*

*નવ મુસલમાનો : જલાલુદ્દીન ખિલજીએ મગોલ યુદ્ધ બંદીઓને માફ કરી દિલ્લીમાં મુગલપુરીમાં વસાવ્યા હતા જે અલાઉદ્દીનના સમયમાં નવમુસલમાનો તરીકે ઓળખાયા.*

### 7.6.4 હજી મૌલાનો વિદ્રોહ

*દિલ્લીના કોટવાલ અલાલદીન મુલ્ક ના મૃત્યુ બાદ હાજીમૌલા દિલ્લીનો કોટવાલ બનવા માગતો હતો. પરંતુ તેને કોટવાલ ન બનાવતા તે નારાજ થયો હતો.તેણે સુલતાન*

વિરુદ્ધ બળવો કરી દીધો. તેણે સુલતાન દ્વારા નિયુક્ત કોટવાલ તિર્મિજની હત્યા કરી રાજકોષ પર કબજો જમાવી દીધો. સુલતાનને આ ઘટનાની જાણ થતા તેણે ઉલુગખાનને દિલ્લી તરફ રવાના કર્યો. જોકે તેના પહોચતા પૂર્વે જ સ્વામી ભક્ત મલિક હમદુદ્દીને હાજીમૌલાને મોતને ઘાટ ઉતારી દીધો.

### 7.6.5 વિદ્રોહોમાંથી બોધપાઠ

ઉપરોક્ત બળવાઓને નિષ્ફળ બનાવ્યા પછી સુલતાન અલાઉદ્દીન ખિલજીએ પોતાના વિશ્વાસુ સલાહકારોની સાથે બળવાનાં કારણો અંગે ચર્ચા વિચારણા કરી. બળવાનાં કારણો શોધી કાઢ્યાં. તેમણે જણાવ્યું કે ચાર બાબતો વિદ્રોહ માટે જવાબદાર છે. જેમાં

(1) સુલતાન પોતાની પ્રજા અને અધિકારીઓના સારાં—નરસાં કાર્યોથી અજાણ હોય છે.

(2)શરાબની મહેફિલોમાં અમીરો ભેગા મળીને સુલતાન વિરુદ્ધ કાવતરાં કરે છે.

(3)અમીરો અને સરદારોના અંદરો અંદરના લગ્નસંબંધથી તેમનામાં એકતા વધે છે અને તેમની તાકાત વધે છે.

(4)વધારે પડતું ભેગું કરેલું ધન સરદારોને વિદ્રોહ કરવા પ્રેરે છે.

સુલતાને ઉપરોક્ત ચાર કારણોને સમાપ્ત કરવા નીચે મુજબનાંપગલાં ભર્યાં.

1. મજબૂત ગુપ્તચર વ્યવસ્થાની સ્થાપના કરી, જેથી સામ્રાજ્યમાં ઘટતી તમામ ઘટનાઓની રોજે રોજની માહિતી સુલતાન સુધી પહોંચતી થાય.
2. સરદારો,અમીરોને દાન અને ઉપહારમાં આપેલી જમીનો પછી લઇ લીધી. એટલું જ નહિ પણ આવી વ્યક્તિઓ પાસેથી વધુમાં વધુ કર વસૂલ કરવા અધિકારીઓને આદેશ કર્યો જેથી તેઓ પાયમાલ થાય.
3. ત્રીજા ઉપાય તરીકે અલાઉદ્દીને શરાબખાનાં અને જુગારખાનાં બંધ કરાવ્યાં. શરાબની મહેફિલો બંધ કરાવી.
4. ચોથા ઉપાય તરીકે સરદારોના અંદરોઅંદરના મેળાવડા અને લગ્નસંબંધો બંધ કરાવ્યા. આમ કરીને વિરોધીઓ પર અંકુશ મેળવ્યો.

- **તમારી પ્રગતિ ચકાસો –2**

**અ. નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. ઈ. સ 1307માં અલાઉદ્દીન ખિલજી સામે --------- એ બળવો કર્યો હતો.

2. રણથંભોરના આક્રમણ સમયે અલાઉદ્દીન ખિલજી પર----------એ હુમલો કરી દીધો હતો.

3. અમીર ઉમર તથા મંગુખાન અલાઉદ્દીનની-----------ના દીકરા હતાં.

4. હાજીમૌલાને ---------ન બનાવતા તેણે અલાઉદ્દીન સામે વિદ્રોહ કર્યો હતો.

**(બ) ટૂંકનોધ લખો.**

1. અલાઉદ્દીન ખિલજીની ધર્મગુરુઓ, (ઉલ્લેમાઓ) સાથેની નીતિ.

2. *વિદ્રોહો નાબૂદ કરવા અલાઉદ્દીનખિલજીએ લીધેલાં પગલાં.*

## 7.7 અલાઉદ્દીન ખિલજીના સુધારા

### 7.7.1 મહેસૂલી સુધારા

*દિલ્લી સલ્તનત યુગમાં અલાઉદ્દીન ખિલજી પ્રથમ શાસક હતો. જેણે મહેસૂલ પ્રણાલીમાં નોધપાત્ર*

*ફેરફારો કર્યા હતાં.મહેસૂલ વ્યવસ્થામાં સુધારા કરવા પાછળના અલાઉદ્દીન ખિલજીના મુખ્ય બે ઉદ્દેશ હતાં. એકતો રાજ્યની આવકમાં વધારો કરવો અને બીજી બાજુ પ્રજાને આર્થિક અભાવની સ્થિતિમાં રાખવી. જેથી તેમના મોઢામાંથી વિદ્રોહ નું નામ ન નીકળે. રાજ આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો વિચાર સુદ્ધાં ન કરે.*

- **દાન,ઈનામ કે ભેટમાં આપેલી જમીનો જપ્ત કરી**

*અલાઉદ્દીન ખિલજીએ તેના કાકા અને સસરા જલાલુદ્દીન ખિલજીની પરોપકારી અને માનવતાવાદી નીતિનો ત્યાગ કર્યો. તેણે એવી નીતિને સુલતાનની નિર્બળતા ગણાવી તેણે આતંક અને ક્રૂરતાને પોતાની નીતિના આધાર બનાવ્યા. તેણે રાજ્યના અમીર,ઉમરાવ કે સરદારોને ઈનામ,ઈદારત (પેન્શન),વક્ફ (ધર્મસ્થ) વગેરેના રૂપમાં આપેલી જમીનો જપ્ત કરી લીધી. તે જમીનોને ખાલસા કરી તેની ઉપર રાજ્યનો અધિકાર સ્થપિત કરી દેવામાં આવ્યો. આ જમીનો પર ઉપજનો અડધો ભાગ રાજભાગ તરીકે લેવાનો અધિકારીઓને આદેશ કરી દીધો. આ નિર્ણય થી મુસલમાન અમીરો આર્થિક રીતે પાંગળા બની ગયા. સાથે રાજ્યની આવકમાં પણ વધરો થયો.*

### ❖ ગામડાં સાથે સીધો સંપર્ક–ખાલસા નીતિ

*અલાઉદ્દીનખિલજી ગામડાઓને સરકારના સીધા સંપર્કમાં લાવવા માગતોહતો. સરકાર અને ખેડૂત વચ્ચેના વચેટિયા વર્ગ ને ખતમ કરવા માગતોહતો. આથી તેણે લાહોરથી કડા (આધુનિક ઈલાહાબાદ)સુધીના વિસ્તારનાં ગામોને ખાલસા કર્યા. એટલે કે આ વિસ્તારની જમીનો કોઈ અમીર કે અધિકારીને ઈક્તા રૂપે આપવાને બદલે તે જમીનોનો વહીવટ સરકાર નિયુક્ત અધિકારીઓને સોંપવામાં આવ્યો. જેને રોકડમાં પગાર ચુકવવામાં આવતો હતો. આમ કરીને તે ખેડૂતો સાથે સીધો સંપર્ક પણ સ્થાપી શક્યો અને અમીરોને પાયમાલ પણ કરી શકયો.*

### ❖ વિશેષાધિકારોની નાબૂદી

*અલાઉદ્દીન ખિલજી સત્તાપર આવ્યો ત્યારે દોઆબ વિસ્તારમાં રાય,રાણા,રાવત,સરદાર કે સામંત તરીકે ઓળખાતા હિંદુ સામંતો ખૂબ પ્રભાવાશાળી હતાં. ઘણા મોટા ભૂભાગ પર તેમનું વર્ચસ્વ રહેતું હતું. તેઓ ખૂબ ધનવાન બન્યા હતાં.ક્યારેક વિદ્રોહીઓ સાથે મળીને મુશ્કેલીઓ પણ ઊભી કરતો. અલાઉદ્દીન ખિલજી એ દોઆબ વિસ્તારની બધીજ જમીનો ખાલસા કરીને આવા સામંતોને વિસ્થાપિત કરી દીધા. તેમના વિશેષ અધિકારો સમાપ્ત કરી દીધા. તેમને સામાન્ય ખેડૂતની હરોળમાં મૂકી દીધા. તેનાથી રાજ્યની આવકમાં વૃદ્ધિ થઈ. અને અને વિરોધીઓના વિશેષાધિકાર નાબૂદ થયા.*

### ❖ નવા વિભાગની સ્થાપના

*ખાલસા જમીનોમાં થયેલા વધારાને કારણે જમીન મહેસૂલને લગતા સુધારાની અમલવારીનું કાર્ય થોડું કઠિન બન્યું હતું. જમીન સુધારાનો કડકાઈ અને કુશળતાપૂર્વક અમલ થાય તે માટે અલાઉદ્દીન ખિલજી એ 'દીવાનએ મુસતખરાજ નામના નવા વિભાગ ની સ્થાપના કરી. અને તેમાં હજારોની સંખ્યામાં આમીલ, મુશરીફ, મુહસ્સિલ, ગુમાસ્તા,નવસિદા સરહંગ વગેરે અધિકારીઓની નિયુક્તિ કરી આમ કરીને તેણે મહેસૂલ વિભાગને વધારે વ્યવસ્થિત અને મજબૂત બનાવ્યો. અધિકારીઓ દ્વારા છેક નાનાં શહેરો સુધી સરકારનો સંપર્ક સ્થાપિત થઈ શક્યો.*

### ❖ લાંચ, રુશ્વત અને ભ્રષ્ટાચાર સામે કડકાઈ

*અલાઉદ્દીન ખિલજીએ લાંચરુશ્વત અને ભ્રષ્ટાચારને કડક હાથે દાબી દીધા કર્મચારીઓ સારી રીતે જીવન નિર્વાહ કરી શકે તેટલો પગાર આપવા તે તૈયાર હતો આ માટે તેણે કર્મચારીઓના પગારમાં પણ વધારો કર્યો હતો. પરંતુ તે લાંચ કે ભ્રષ્ટાચારને ચલાવી લેવા માગતો નહોતો. પટવારીની ખાતાવહીમાં એક જીતલ પણ વધારે જુએ તો તેને કઠોર દંડ કરવામાં આવતો. ભ્રષ્ટાચારીને કારાવાસની સજા કે એથી પણ ભયંકર*

યાતનાઓ આપવામાં આવતી.  બરની લખે છે કે "દશ હજાર આમિલ અને કારકુન દંડનો ભોગ બન્યા હતાં મહેસૂલ વિભાગની નોકરી એટલી ખરાબ ગણવામાં આવતી કે અત્યંત સાહસી વ્યક્તિ જ તેમાં જોડાતો હતો. "ડાબરની લખે છે કે "પાંચસો કે હજાર ટકા લાંચ લેનાર અધિકારીને વર્ષો સુધી જેલમાં રહેવું પડતું ,ખૂત અને ચૌધરીઓને મારીને અધિકારીઓ કર વસુલ કરતો આવા અધિકારીઓને ત્યાં કોઈ પોતાની પુત્રીના લગ્ન કરવા તૈયાર થતા નહિ."આ ઉપરથી કહી શકાય કે અલાઉદ્દીને વહીવટીતંત્રમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવા કડક પગલાં ભર્યા હતાં.

### ❖ ખૂત મુકદ્દમ અને ચૌધરીઓ પર કડક નિયંત્રણ

અલાઉદ્દીન ના સમયમાં ગ્રામ્ય કક્ષાએ મોટેભાગે હિંદુ અધિકારીઓ મહેસૂલ ઉઘરાવવાનું કાર્ય કરતો હતાં તેઓ ખુત, મુકદમ કે ચૌધરી એવા નામે ઓળખાતા હતાં. મહેસૂલ ઉઘરાવવાના અધિકાર તેમને વંશપરંપરાથી પ્રાપ્ત થતા હતાં. તેઓની પોતાની માલિકીની પુષ્કળ જમીનો પણ તેમની પાસે હતી. તેઓ મોટે પાયે પશુપાલન પણ કરતો હતા. સરકારી જમીનોનો ગૌચર તરીકે ઉપયોગ કરતો હતા.

જ્યારે તેઓ ગામનું મહેસૂલ ઉઘરાવતા ત્યારે પોતાની જમીનોનું મહેસૂલ ગામના અન્ય ખેડૂતો પર નાખી દેતા પોતે કોઈ કર ભરતા નહિ. ઉપરથી પુષ્કળ ધન કમાતા હતા. બરની લખે છે. "તેઓ ખૂબ ધનવાન બની ગયા હતાં,મુસલમાનોથી દબાતા નહિ. સુંદર કપડા પહેરતાં, પાન ખાતાં, સોનાનાં ઘરેણાં પહેરી ઘોડે સવારી કરતો, ક્યારેક રાજદ્રોહ કરી વિદ્રોહીઓને સાથ આપતા હતાં" આ કારણોથી જ અલાઉદ્દીને તેમની વિરુદ્ધ  કડક પગલાં ભર્યા, તેમને મળેલા વિશેષ અધિકારો છીનવી લેવામાં આવ્યા. તેમની જમીનો પર કર નાખવામાં આવ્યા મુસલમાન હોય તો ઉપજનો ભાગ અને હિંદુ હોય તો ઉપજનો અડધો ભાગ રાજભાગ તરીકે લેવાનું નક્કી કર્યું તેમની ઉપર ગૌચરવેરો અને ઘર વેરો પણ નાખવામાં આવ્યો. આ પગલાંથી રાજ્યની આવકમાં વૃદ્ધિ થઈ અને ભ્રષ્ટાચાર પણ દૂર થયો.

### ❖ જમીનની માપણી

ડૉ. કે. એસ.લાલ નોંધે છે કે "અલાઉદ્દીન ભારતનો પ્રથમ મુસ્લિમ શાસક હતો. જેણે જમીનની વાસ્તવિક માપણી કરાવી મહેસૂલ નક્કી કર્યું હતું". રાજ્યની જમીનની વાસ્તવિક ઉપજની જાણકારી માટે તેણે દલ્લી,પાલમ,રેવાડી,અફઘાનપુર,અમરોહા,બદાયું,કોયલ,કટેહર,સમાના,સુનામ,લાહોર અને દીપાલપુર વિસ્તારની જમીનોની માપણી કરાવી તથા એ માપને આધારે જમીન મહેસૂલ મળે છે કે નહિ તે માટે પટવારીઓનાં ચોપડાંમાં તપાસ કરાવી માપને આધારે મહેસૂલ પ્રાપ્ત થાય તે માટે અધિકારીઓને કડક આદેશ કર્યો. અલાઉદ્દીન ખિલજીએ છેક ગ્રામ્ય કક્ષા સુધીના અધિકારીઓના દફતરોની તપાસ કરવાના એવા સિદ્ધાંતો અને આદર્શો પ્રસ્થાપિત કર્યા જે પાછળ જતા શેરશાહ અને અકબર જેવા શાસકોએ પણ અપનાવવાનો પ્રયાસ કર્યો હતો.

*જમીન માપણીના એકમ તરીકે બીસ્વા (એક વદ્દિયાનો વીસમો ભાગ) રાખવામાં આવ્યો હતો. જો કે સામ્રાજ્યની બધી જ જમીનોની માપણી થઈ શકી નહોતી અવધ, ગુજરાત, સિંધ, માળવા અને રાજપૂતાનાની મોટાભાગની જમીનોની માપણી થઈ શકી નહોતી.*

❖ **હિંદુઓ પર અતિશય કર ભારણ :**

*અલાઉદ્દીન ખિલજીએ હિંદુઓ પાસેથી ઉપજનો અડધો ભાગ ખરાજ તરીકે લેવાનું શરૂ કર્યું હતું. ઉપરાંત ઘરવેરો પણ તેમણે ભરવાનો,વેઠ કરવાની, બે જોડી બળદ, બે ગાય અને દસ બકરીથી વધારે પશુઓ ધરાવનાર પાસેથી ચરાઈ વેરો લેવામાં આવતો. મહેસૂલ ઉઘરાવવાની રીતરસમો પણ હિંદુઓને અપમાનિત કરનારી અને કડકાઈ ભરેલી હતી. હિન્દુઓને ઘોડેસવારી કરવા, સુંદર વસ્ત્રો પહેરવાં, શસ્ત્રો ધારણ કરવા પર પ્રતિબંધ લાદ્યા હતાં. બરની નોંધે છે કે આ બધાને કારણે હિંદુ સ્ત્રીઓને મુસલમાનોના ઘરોમાં નોકરી કરવી પડતી હતી તેમને અપમાનિત જીવન જીવવું પડતું હતું.*

*હિંદુઓ પર આ બધા અત્યાચારો કરવા પાછળનો અલાઉદ્દીનનો આશય હિંદુઓને દાબમાં રાખવાનો હતો. બ્યાનાનો કાઝી મુગીસુદ્દીન ધર્મ અંગેની બાબતમાં સુલતાનનો સલાહકાર હતો. તે કહેતો કે "હિંદુઓ તો ખિરાજ ગુઝાર" અર્થાત ખિરાજ આપનાર તરીકે જ ઓળખાતા આવ્યા છે. કર ઉઘરાવનાર અધિકારી તેમની પાસેથી ચાંદી માગે તો તેમણે ચૂપચાપ નમ્રતાપૂર્વક અને વિનયપૂર્વક સોનું આગળ ધરવું જોઈએ" આવું કહીને હિંદુઓને હલકા પાડવા તે સુલતાનને સતત અનુરોધ કરતો રહેતો.*

*અલાઉદ્દીન હિંદુઓને નિર્ધનતાની એટલી હદે લઈ જવા માગતો હતો કે જેથી તેઓ ક્યારેય બળવો કરવાની હિંમત ન કરે.*

● **તમારી પ્રગતી ચકાસો –3**

**અ. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. *જમીન મહેસૂલ સુધારા પાછળ અલાઉદ્દીન ખિલજીનો મુખ્ય ઉદ્દેશ કયો હતો?*

2. *અલાઉદ્દીન ખિલજીએ કોના વિશેષાધિકાર નાબૂદ કર્યા?*

3. *અલાઉદ્દીન ખિલજીએ મહેસૂલ વિભાગમાં કયા નવા અધિકારીઓ નિયુક્ત કર્યા?*

4. *અલાઉદ્દીન ખિલજી કેટલા વિસ્તારની જમીનોની માપણી કરાવી શક્યો હતો?*

**બ. ટૂંકનોંધ લખો.**

1. *અલાઉદ્દીન ખિલજીની ખાલસા નીતિ*

2. *અલાઉદ્દીન ખિલજીના સમયમાં હિંદુઓ પર કરવેરા*

3. *અલાઉદ્દીન ખિલજીના ભ્રષ્ટાચાર નિવારણ માટેનાં પગલાં*

**7.7.2 લશ્કરી સુધારા**

*અલાઉદ્દીન ખિલજી સામ્રાજ્યવાદી શાસક હતો તેણે બીજા સિકંદર બનવાની ઈચ્છા રાખી હતી. તે આપખુદ અને અનિયંત્રિત રાજાશાહીમાં વિશ્વાસ ધરાવતો હતો. બરની લખે છે કે "રાજાશાહીના મુખ્ય બે આધારસ્તંભ હોય છે પ્રથમ પ્રશાસન અને બીજો વિજયો, આ બન્નેનો આધારસ્તંભ હોય છે લશ્કર, જો શાસક લશ્કરી બાબતમાં ઉદાસીન રહેશે તો તે પોતાના હાથે જ રાજ્યનો નાશ કરશે" આ રીતે મધ્યયુગમાં સૈન્યનું ખૂબ જ મહત્ત્વ હતું. પોતાની સત્તાના આધારસ્તંભ એવા લશ્કર તરફ અલાઉદ્દીન વિશેષ ધ્યાન આપે એ સ્વાભાવિક હતું. વળી તે પોતાના કાકાની હત્યા કરીને સત્તા પર આવ્યો હોવાથી વિદ્રોહનો ભય સતત રહેતો હતો, મોગલોના આક્રમણની પરંપરા પણ ચાલુ હતી કેટલાક હિંદુ રાજાઓ વિજિત હતાં તો કેટલાક સ્વતંત્ર થવાની પેરવી કરતોહતાં. આવી પરિસ્થિતિમાં અલાઉદ્દીન ખિલજીને એક મજબૂત, શિસ્તબંદ્ધ લશ્કરની આવશ્યકતા હતી. તે માટે તેણે લશ્કરી બાબતોમાં નીચે મુજબ સુધારા કર્યા.*

❖ **સ્થાઈ લશ્કરની સ્થાપના**

*સલ્તનતયુગમાં અલાઉદ્દીન પૂર્વે સૈનિકોની ભરતી પ્રાંતિય સૂબાઓ દ્વારા કરવામાં આવતી અને જયારે સુલતાનને જરૂર પડે ત્યારે તેઓ પોતાના સૈન્ય સાથે સુલતાનની સેવામાં હાજર થતા હતાં. આવા સૈનિકોમાં સુલતાન પ્રત્યે ભક્તિભાવનો અભાવ જોવા મળતો હતો તેથી સુલતાન સામે વિદ્રોહ થતા હતાં. તેથી અલાઉદ્દીને રાજધાનીમાં કેન્દ્રીય ધોરણે સૈનિકોની ભરતી કરી. રાજધાનીમાં સ્થાયી સૈન્ય ઊભુ કર્યું. આ સૈન્ય સીધું સુલતાનને જવાબદાર હતું. કેન્દ્રમાં અરિજ-એ-મમાલિક નામના નવા અધિકારીની નિયુક્તિ કરવામાં આવી.તેના દ્રારા સૈનિકોની ભરતી કરવામાં આવતી. ખુદ સુલતાન વ્યક્તિગત નિરીક્ષણ કરી લાયક અને યોગ્ય સૈનિકોની પસંદગી કરતો.આ સૈનિકોની કેન્દ્રિય તિજોરીમાંથી રોકડમાં પગાર ચુકવવામાં આવતો. આ રીતે અલાઉદ્દીન ખિલજીએ સ્થાયી અને વફાદાર લશ્કર ઊભું કર્યું.*

❖ **સૈનિકોની નોંધણી :**

*દીવાન-એ-અરિજ વિભાગ દ્વારા દરેક સૈનિકોની નોંધણી રાખવામાં આવતી. સૈનિકોનું રજીસ્ટર રાખવામાં આવતું. જેથી વ્યક્તિગત રીતે સૈનિકો પર ધ્યાન રાખી શકાય. અમીર ખુસરો નોંધે છે કે "જે સૈન્યને વારંગલ મોકલવામાં આવ્યું હતું તે સૈનિકોની નામાવલી બનાવવામાં ચૌદ દિવસ લાગ્યા હતાં" આ બધું કરીને અલાઉદ્દીને સૈન્ય પર પોતાનો સંપૂર્ણ અંકુશ સ્થાપિત કર્યો હતો. તત્કાલીન ઈતિહાસકાર વસ્સફ જણાવે છે, કે "અત્યારે શાહી લશ્કરમાં 4,75,000 શિસ્તબદ્ધ મુસ્લિમ યોદ્ધાઓ છે. પોતાને મળતા હુકમોનું શિસ્તબદ્ધ રીતે પાલન કરે છે. શાહી તબેલામાં 400 યુદ્ધ હાથીઓ હંમેશા તૈયાર હોય છે અને યુદ્ધ વખતે સામ્રાજ્યના દૂરદૂરના વિભાગોમાંથી રોજબરોજના સંદેશાઓની આપ-લે કરવા 40 ઝડપી સાંઢણીઓ રોકવામાં આવેલ છે.*

❖ **નવા કિલ્લાઓનું નિર્માણ**

*અલાઉદ્દીન ખિલજીએ સામ્રાજ્યની સરહદોની સુરક્ષા માટે કિલ્લાઓ પર વિશેષ ધ્યાન આપ્યું. ખાસ ઉત્તર પશ્ચિમ સરહદ જ્યાંથી સતત મોગલોના આક્રમણો થતાં હતાં તે વિસ્તારમાં નવા કિલ્લા બંધાવ્યા તથા જૂના કિલ્લાઓનું સમારકામ કરાવ્યું. કિલ્લાની ચારે તરફ દૂર દૂર સુધી કાંટાળા વૃક્ષ તથા ઝાડીઓ રોપાવી. જેથી દુશ્મન સૈન્ય ઝડપથી આગળ વધી ન શકે.*

*આ કિલ્લાઓમાં તેણે વિવેકશીલ તથા અનુભવી સેનાનાયકોની નિમણૂક કરી જે કોટવાળ તરીકે ઓળખાતા હતાં. કિલ્લાઓમાં જરૂરી ખાદ્ય સામગ્રી, શસ્ત્ર સરંજામનો પૂરતો પુરવઠાનો સંગ્રહ કરવામાં આવતો.*

**❖ દાગ પ્રથા**

*અલાઉદ્દીન ખિલજીએ કેન્દ્રમાં સ્થાયી લશ્કરની સ્થાપના કરી હતી તેમ છતાં અમીરો, સામંતો અને પ્રાંતિય સૂબાઓ પાસે લશ્કરો હતાં. જરૂર પડે ત્યારે તેઓ સુલતાનની સેવામાં હાજર થતા હતાં. પરંતુ આવાં લશ્કરના ઘણા માલિકો નિયમિત લશ્કર રાખવાની દરકાર કરતો નહી. જ્યારે સુલતાન તરફથી નિરીક્ષણ આવે ત્યારે ગમે તેવા માણસો અને ઘોડાઓ ગમે ત્યાંથી હાજર કરી નિરીક્ષણ પૂરું કરાવી દેતા ક્યારેક તો અન્ય પાસેથી ઉછીના લાવીને બતાવી દેતા. અલાઉદ્દીન ખિલજીએ આ અપ્રામાણિકતા અને બેઈમાની દૂર કરવા 'દાગપ્રથા' અમલમાં મૂકી. સરકારના સૈન્ય વિભાગ દ્વારા દરેક સૈનિકનું વર્ણન નોંધવામાં આવતું તથા ઘોડાની ઓળખ માટે તેના શરીર પર છાપ (દાગ) મારવાનું શરૂ કરવામાં આવ્યું. અલાઉદ્દીનના આ સુધારાથી લશ્કરી સૂબાઓની બેઈમાની દૂર થઈ તથા કાર્યક્ષમતામાં વધારો થયો.*

**❖ લશ્કરમાં ગુપ્તચરોની નિમણૂક :**

*સલ્તનત યુગમાં સૈન્ય વિદ્રોહો સામાન્ય બાબત હતી. સુલતાન સામે અવારનવાર વિદ્રોહ થતા હતાં. અલાઉદ્દીન ખિલજીએ સૈન્યની દરેક ટુકડીમાં ગુપ્તચરોની નિમણૂક કરી દીધી. જે લશ્કરી વડાઓની દરેક કામગીરી, વિચારો વગેરેની વિગતો સુલતાન સુધી પહોંચાડતા હતાં. આનાથી કોઈ સેનાપતિ સુલતાન વિરોધી ગતિવિધિ કરતો પહેલા સો વાર વિચાર કરતો હતો.*

**❖ અશ્વદળ પર વિશેષ ધ્યાન**

*મધ્યયુગમાં સૈન્યની સફળતાનો આધાર અશ્વદળ પર રહેતો હતો. અલાઉદ્દીને અશ્વદળને મજબુત બનાવવા પર વિશેષ ધ્યાન આપ્યું. અશ્વદળ માટે વિદેશોમાંથી ઊંચી ઓલાદના ઘોડા મંગાવવામાં આવ્યા. દેશમાં પણ ઉંચી ઓલાદના ઘોડા તૈયાર થાય તે માટે પ્રયાસ કર્યા. મોગલો સાથેના યુદ્ધ દરમિયાન મોગલોના સારી ઓલાદના ઘોડા પડાવી લેવામાં આવતા ભારતના વિજયો દરમ્યાન યુદ્ધ લુંટમાંથી તે હાથી અને ઘોડા લેવાનું વધુ પસંદ કરતો હતો. આ બધી બાબતો પરથી લાગે છે કે તેણે અશ્વદળને મજબૂત બનાવવા વિશેષ પ્રયાસ કર્યા હતાં. ફરિસ્તા નોંધે છે, કે "અલાઉદ્દીનના સૈન્યમાં 4,75,0000 નું અશ્વદળ હતું. દરેક સૈનિકને વર્ષે 234 ટકા વેતન આપવામાં આવતું. વધારાના અશ્વ માટે*

78 ટકા વધારાનું ભથ્થું આપવામાં આવતું. બે ઘોડાવાળાને દો અસ્પા કહેવામાં આવતો તેને 312ટકા વાર્ષિક પગાર મળતો."

આ રીતે ઉપર મુજબના સૈન્ય સુધારાઓને કારણે અલાઉદ્દીન ખિલજીનું સૈન્ય દરેક મોરચે વિજયી સાબિત થયું હતું.

**તમારી પ્રગતિ ચકાસો –4**

**અ. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. મધ્યયુગમાં રાજાશાહીના મુખ્ય બે આધારો કયા હતાં?

2. અલાઉદ્દીનના સ્થાયી સૈન્યને પગાર કેવી રીતે ચૂકવાતો?

3. અલાઉદ્દીનના સમયમાં કિલ્લાનો મુખ્ય અધિકારી કયા નામે ઓળખાતો?

4. દાગપ્રથા' એટલે શું?

5. અલાઉદ્દીનના અશ્વદળમાં કેટલા સૈનિકો હતાં?

બ. ટૂંકનોંધ લખો

1. અલાઉદ્દીનનુંસ્થાયી લશ્કર

2. *અલાઉદ્દીન ખિલજીનું અશ્વદળ*

**7.7.3 અલાઉદ્દીન ખિલજીના આર્થિક સુધારા**

*અલાઉદ્દીન ખિલજી એક વિશાળ સામ્રાજ્યનો માલિક હતો. સતત વિજયો, મોગલ આક્રમણો, વિશાળ સૈન્ય અને પોતાના 50000 ગુલામોને નિભાવવા માટે તેને પુષ્કળ ધનની જરૂર હતી તેણે આકરા કરવેરા નાખ્યા હતાં. અધિકારીઓને કર ઉઘરાવવા માટે કડક નીતિ અપનાવવા સૂચનાઓ આપી હતી. તેમ છતાં તેની ધનની જરૂરિયાત પૂરી થઈ શકે તેમ નહોતી હિસાબ લગાવવામાં આવે તો પાંચ કે છ વર્ષમાં જ રાજ્યની તિજોરી ખાલી થઈ જાય તેવી સ્થિતિ હતી. આ પરિસ્થિતિ માંથી બહાર નીકળવા તેણે આર્થિક સુધારાઓ અમલમાં મૂક્યા. જે આપણે નીચે પ્રમાણે જોઈએ.*

❖ **ભાવનિયમનઃ**

*અલાઉદ્દીન ખિલજીએ જીવન જરૂરીયાતની દરેક ચીજવસ્તુઓના ભાવ નક્કી કર્યા. તે મુજબ સરકાર તરફથી બધી જ ચીજ વસ્તુઓના ભાવોની યાદી બહાર પાડવામાં આવી. અનાજ, દાળ, કઠોળ, શેરડી, સોય, દોરા, કાંસકા જેવી વસ્તુઓનું પણ ભાવ નિયંત્રણ કર્યું. દરેક વસ્તુના અલગ અલગ બજાર ઊભા કરવામાં આવ્યા.*

*અલાઉદ્દીન ખિલજી જાણતો હતો કે ભોજન મનુષ્યની અનિવાર્ય અને પ્રથમ જરૂરિયાત છે. આથી તેણે સૌ પ્રથમ ખાદ્યચીજોનું મૂલ્ય નક્કી કર્યું.*

*વસ્તુ અને તેના ભાવ (ખાદ્યાન્ન બજાર )*

| | | | |
|---|---|---|---|
| 1. | *ઘઉં* | 7. 5 *જીતલ* | 1 *મણ* |
| 2. | *જઉ* | 4 *જીતલ* | 1 *મણ* |
| 3. | *ચણા* | 5 *જીતલ* | 1 *મણ* |
| 4. | *ચોખા* | 5 *જીતલ* | 1 *મણ* |
| 5. | *ખાંડ* | $1\frac{1}{2}$ *જીતલ*1 *શેર* | |
| 6. | *ગોળ* | $\frac{1}{3}$ *જીતલ* | 1 *શેર* |

7. ઘી 1 જીતલ $2\frac{1}{2}$ શેર

8. સરસવતેલ1 જીતલ 3 શેર

9. મીઠું1 જીતલ$\frac{1}{2}$ મણ

કાપડના ભાવ = (કાપડ બજાર)

દિલ્હીનું રેશમી કાપડ 16 ટંકા

સિલહટી (ઉત્તમ) 6 ટંકા

સિલહટી (મધ્યમ) 4 ટંકા

સિલહરી (સામાન્ય ) 2 ટંકા

લંકલાટ (ઉત્તમ) 1 ટંકા 20 ગજ

લંકલાટ (સામાન્ય) 1 ટંકો 40 ગજ

ચાદર 10 જીતલ

વસ્તુભાવ(પશુઓ અને ગુલામ બજાર)

| | |
|---|---|
| પ્રથમ કક્ષાનો ઘોડો | 100 થી 120 ટંકા |
| બીજી કક્ષાનો ઘોડો | 80 થી 90ટંકા |
| ત્રીજી કક્ષાનો ઘોડો | 60 થી 70ટંકા |
| ટટ્ટુ | 10 થી 20ટંકા |
| ઘરમાં કામ કરવાવાળી દાસી | 5 થી 10 ટંકા |
| કુશળ નોકર | 10 થી 15ટંકા |
| સામાન્ય નોકર | 7 થી 8 ટંકા |
| દૂધ આપતી ભેંસ | 10 થી 12 ટંકા |
| દૂધ આપતી ગાય | 3 થી 4 ટંકા |
| સુંદર કન્યા | 1000 થી 2000 ટંકા |

નોંધ : એક ટંકાની કિંમત એક રૂપિયાની કિમતથી થોડી વધારે હતી.

જીતલ ચાંદીના ટંકાનો ચોસઠમો ભાગ હતો.

ઉપર મુજબ અલાઉદ્દીન ખિલજીએ જીવન જરૂરિયાતનીતમામ ચીજવસ્તુઓનું મૂલ્ય નક્કી કર્યું હતું. બજારોની તમામ જવાબદારી દીવાન-એ-રિયાસત' ને સોંપવામાં આવી હતી, તેણે તમામ ધંધાર્થીઓ માટે અલગ અલગ બજાર નક્કી કર્યા હતાં. પ્રત્યેક બજાર માટે એક એક શહનાની નિમણૂક કરવામાં આવતી, ખાદ્યાન્ન બજારનો શહના મલિક કબુલ હતો. કાપડ બજારની જવાબદારી શહનાયે મંડી માથે હતી. યાકૂબ દિવાન-એ-રિયાસત પણ હતો.આ રીતે ઘોડાબજાર, પશુબજાર વગેરે માટે અલગ અલગ શહનાની નિમણૂક કરવામાં આવી હતી. શહનાના હાથ નીચે અનેક બરીદ નિમાતા જે વસ્તુઓના ભાવ, તોલ-માપ વગેરેની રોજ રોજ તપાસ કરી સુલતાનને રીપોર્ટ મોકલતા.

આ અધિકારીઓ ઉપરાંત કેટલાક ગુપ્તચરો પણ બજારમાં ફરતા રહેતા જે ‘મુન્હિયા’ તરીકે ઓળખાતા તેના દ્વારા બજાર અંગેની માહિતી સુલતાનને મળતી રહેતી.

### ❖ ખાદ્યાન્ન બજાર

*ખાદ્યાન્ન બજારમાં અનાજ અને બીજી ખાદ્ય વસ્તુઓની આપૂર્તિ માટે સુલતાન તરફથી પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી. ગામડાંઓથી શહેર સુધી અને શહેરના બજારોથી નાગરિકોમાં અનાજના વિતરણ સુધીની બાબતોનું ધ્યાન રાખવામાં આવતું હતું. અનાજનો વેપાર કરનાર વણઝારાઓને તેમનીપત્ની અને બાળકો સાથે નગરમાં રહેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. તેમને ચેતવણી આપવામાં આવી કે તેમના કોઈપણ ગેરકાનૂની કાર્યને લીધે બજારમાં ગરબડ ઊભી થશે તો તેની સજા તેમને જ નહી પણ તેમના પરિવારના સભ્યોએ પણ ભોગવવી પડશે. વળી, સરકારી અધિકારીઓ સતત આ વણઝારાઓની ગતિવિધિઓ પર ધ્યાન રાખતા. આમ એ બજારમાં ક્યારેય અનાજની તંગી ઊભી થઈ નહી.*

*ખેડૂતો પણ તેમની જરૂર પૂરતું અનાજ રાખીને બાકીનું વેચવા ઈચ્છે તો તેમણે એક સરકારી એકરારનામું ભરવું પડતું હતું કે તેમાં હસ્તાક્ષર કરવા પડતા કે તે કોઈને પણ નફાખોરી નહી કરવા દે તથા સરકારે નક્કી કરેલા ભાવે જ અનાજનું વેચાણ કરશે. જો કોઈ ખેડૂત નિયમનો ભંગ કરે તો તેનું અનાજ જપ્ત કરી લેવામાં આવતું હતું, આમ, ખેડૂતોએ પોતાનું અનાજ સસ્તા ભાવે વેચવું પડતું.*

### ❖ સરકારી અન્ન ભંડાર (ગોદામ)ની સ્થાપના :

*અલાઉદ્દીન ખિલજીએ બજારમાં અનાજનો પૂરતો પુરવઠો જળવાઈ રહે તે માટે પણ વ્યવસ્થા કરી હતી વેપારીઓ બજારમાં અનાજની કુત્રિમ અછત ઊભી કરીને ભાવો ન વધારે તે માટે તેમ જ નફાખોરી ન કરે તે માટે અનાજનો પૂરતો પુરવઠો હોવો જરૂરી હતો. વળી, દુષ્કાળ કે અતિવૃષ્ટિના સમયે અનાજની તંગી ઊભી ન થાય તે પણ જરૂરી હતું. આ માટે રાજધાનીમાં 'શાહી અનાજ ભંડાર' ઊભા કરવામાં આવ્યા. ખાલસા વિસ્તારોના અધિકારીઓને આદેશ કર્યો કે તેમણે તેમના વિસ્તારોની જમીનનો રાજભાગ એટલે કે ઉપજના અડધાભાગનું અનાજ રાજધાનીમાં પહોચતું કરવું. અધિકારીઓ સુલતાનના આદેશનું પાલન કરી અનાજનો જથ્થો રાજધાનીમાં મોકલતા.*

*બરની નોંધે છે કે "ભાગ્યે જ એવો કોઈ મહોલ્લો હશે જ્યાં ખાદ્યાન્ન ભરેલા બે થી ત્રણ સરકારી અન્ન ભંડાર ન હોય, અછતના સમયે અનાજની આપૂર્તિ માટે તેમાં અનાજનો સંગ્રહ કરવામાં આવતો. આમ દુષ્કળના સમયે પણ દિલ્હીમાં અનાજની તંગી પડતી નહોતી. "*

### ❖ કાપડ બજાર :

*અનાજ પછીનું બીજું મોટું બજાર એ કાપડ બજાર હતું. તેને 'સરાય-એ-અદલ' કહેવામાં આવતું. આ બજારમાં કાપડ ઉપરાંત ઘી, તેલ, મેવા, જડીબુટ્ટી વગેરે વેચવામાં આવતા. એ જમાનામાં કાપડ ખૂબ મોંઘુ હતું. વળી સુલતાને કાપડના ભાવ પણ નક્કી કર્યા હતાં તેથી કોઈ વેપારી કાપડનો વેપાર કરવા તૈયાર થતો નહી.*

*આથી સુલતાને મુલતાની વેપારીઓને ૨૦ લાખ રૂપિયા પેશગી (એડવાન્સ) આપ્યા. તથા તેમને આદેશ કર્યો કે તેઓએ તેમનું કાપડ માત્ર-સરાયે-એ-અદલમાં જ વેચવું. વળી તેઓએ જે ભાવમાં કાપડ ખરીદ્યું હોય તે જ ભાવે વેચવાનું હતું સુલતાન*

*તરફથી તેમને તેમના રોકાણના પ્રમાણમાં કમિશન આપવામાં આવતું. નિયમોનું ચુસ્ત રીતે પાલન થાય તે માટેની જવાબદારી પણ વેપારી મંડળને જ સોંપી હતી.*

*વળી સરાયે- એ-અદલમાંથી ખરીદેલું મોઘુ કાપડ અન્ય શહેરોમાં ચાર કે પાંચ ગણા ભાવે ન વેચાય તે માટે પણ એક અધિકારીની નિમણૂક કરી હતી. કિંમતી સામાન ખરીદતાં પહેલા જે તે મલિક કે અમીરને સરકારી અધિકારી પાસેથી મંજૂરી મેળવવી પડતી હતી.*

**❖ રેશનિંગ પ્રથા :**

*દુષ્કાળ અને અતિવૃષ્ટિના સમયે જયારે અનાજની તંગી હોય ત્યારે પ્રજાને સસ્તા ભાવે અનાજ મળી રહે તે માટે સુલતાન અલાઉદ્દીન ખિલજીએ રેશનિંગની વ્યવસ્થા કરી હતી. અછતના સમયે દરેક દુકાનદારને તેના વિસ્તારની વસ્તીને ધ્યાનમાં રાખીને સરકારી અનાજ ભંડારમાંથી અનાજ આપવામાં આવતું. આ વેપારી તેના વિસ્તારની અનાજની જરૂરિયાત પૂરી કરતો. કોઈપણ વ્યક્તિ એક દિવસમાં અડધા મણથી વધારે અનાજ ખરીદી શકતો નહી. જોકે અમીરોને આ નિયમમાંથી બાકાત રાખવામાં આવ્યા હતાં. બરની લખે છે કે "અલાઉદ્દીનની ઉપરોક્ત વ્યવસ્થાને કારણે દુષ્કાળના દિવસોમાં પણ અનાજની કિમતોમાં એક દામ કે એક દિરહમનો વધારો થયો નહતો. "*

**❖ બેઈમાની માટે કડક સજાની જોગવાઈ**

*જો કોઈ દુકાનદાર કે વેપારી સરકારના નિયમોનો ભંગ કરે તો તેના માટે કડક સજાની જોગવાઈ કરવામાં આવી હતી. જો કોઈ વેપારી વજનમાં હલકા બાટનો ઉપયોગ કરે તો જેટલું વજન ઓછુ હોય તેટલું માંસ તેના શરીરમાંથી કાપી લેવામાં આવતું. સરકારે નક્કી કરેલા ભાવથી જ વસ્તુઓનું વેચાણ કરવું પડતું. જો કોઈ વેપારી નક્કી થયેલા મૂલ્યથી એક જીતલ પણ વધારે લેતો તેનો બધો માલ જપ્ત કરી લેવામાં આવતો. આથી કોઈપણ વેપારી બેઈમાની કરતો પહેલા સો વાર વિચાર કરતો.*

**❖ દલાલોની હકાલપટ્ટી**

*સામાન્ય રીતે જ્યાં વેપાર હોય ત્યાં દલાલો પણ હોય જ છે. અલાઉદ્દીનના સમયમાં ખાસ કરીને ઘોડા બજારમાં દલાલોની ભૂમિકા જણાઈ આવી હતી. મુલતાની અને અફઘાની વેપારીઓ ઘોડાનો વેપાર કરતો દલાલો તેમની પાસેથી ઘોડા ખરીદી લઈ પછી ઊંચી કિંમતે વેચતા અથવા તો દલાલો ઘોડાના વેપારીઓ સાથે સાંઠગાંઠ કરી લેતા. બરની નોંધે છે કે "ધનવાન દલાલો સરકારી અફસરો જેટલા જ શક્તિશાળી હતાં. પોતાના વ્યવહારમાં બેશરમીથી લાંચ લેતા અને ભ્રષ્ટ વ્યવહારોમાં લિપ્ત રહેતા."*

*અલાઉદ્દીને આવા દલાલો વિરુદ્ધ કડક કાર્યવાહી કરી તેમને શહેરમાંથી નિર્વાસિત કરી દીધા હતાં. ઘણા દલાલોને કિલ્લામાં બંધ કરી દેવામાં આવ્યા. બીજા દલાલોની મદદથી ઘોડાની કિંમતો નક્કી કરવામાં આવી. અલાઉદ્દીનનો આગ્રહ હતો કે ઘોડાના*

વેપારીઓએ તેમના ઘોડા માત્ર સરકારને જ વેચવા. જો કે આ બાબતમાં કેટલી સફળતા મળી હશે એના વિશે ખાસ માહિતી ઉપલબ્ધ નથી.

**❖ સંગ્રહખોરીની મનાઈ**

અલાઉદ્દીન ખિલજીએ કોઈપણ જાતની જીવનજરૂરિયાતની વસ્તુઓના સંગ્રહ પર કડક પ્રતિબંધો મુક્યા હતાં. વેપારી કે ખેડૂત કોઈને પણ સંગ્રહ કરવાનો અધિકાર ન હતો. બરની લખે છે કે "ખેડૂત પણ ૧૦ મણથી વધારે અનાજ પોતાની પાસે રાખી શકતો નહી. "

**❖ અલાઉદ્દીન ખિલજીના આર્થિક સુધારાના પરિણામ :**

(I) અલાઉદ્દીનના આર્થિક સુધારા તે સમય પૂરતા તેના હેતુઓ સિદ્ધ કરવામાં સફળ રહ્યા. તેની ઈચ્છા હતી કે દરેક વસ્તુ નક્કી કરેલા મૂલ્ય પ્રમાણે જ વેચાય બરની નોંધે છે કે "જ્યાં સુધી અલાઉદ્દીન ખિલજીએ શાસન કર્યું ત્યાં સુધી વસ્તુઓનું મૂલ્ય ન ઘટ્યું કે જ વધ્યું પરંતુ નિશ્ચિત રહ્યું. " વસ્તુઓની કિમત સ્થિર રાખવા પાછળનો અલાઉદ્દીનનો આશય વિશાળ સૈન્ય નિભાવવાનો હતો. આ હેતુમાં તે સફળ થયો હતો. તેનું વિશાળ સૈન્ય દરેક મોરચે વિજયી સાબિત થયું હતું.

અલાઉદ્દીનના બજાર નિયંત્રણથી દિલ્લીવાસીઓને વિશેષ લાભ થયો. કારણ કે તેમને દરેક વસ્તુ સામાન્ય કિંમતમાં મળી રહેતી હતી તેમાં ભ્રષ્ટાચાર કે વસ્તુઓના વધારે ભાવ લેવાની કોઈ શક્યતા ન હતી. કે. એસ. લાલ લખે છે કે,

(II) "અલાઉદ્દીનના શાસનનું વાસ્તવિક મહત્ત્વ વસ્તુઓનું મૂલ્ય નિશ્ચિત રાખવામાં રહેલું છે. જે ખરેખર એ યુગમાં એક આશ્ચર્ય ગણાવામાં આવ્યું હતું"

(III) અલાઉદ્દીનની બજાર નિયંત્રણ વ્યવસ્થા કેટલેક અંશે સફળ થઈ હોવા છતાં તે સામાન્ય જનસમાજ માટે હિતકર નહોતી, ખેડૂતોને તેનાથી કોઈ જ લાભ થયો નહોતો કારણ કે તેમણે ઉપજનો અડધો ભાગ કર તરીકે આપી દેવો પડતો હતો અને બાકીનો ભાગ સરકારે નક્કી કરેલા ભાવે જ વેચવો પડતો. વળી તેણે વેચેલા માલ કરતો મોંઘા ભાવે વસ્તુઓ ખરીદવી પડતી હતી.

(IV) આ વ્યવસ્થાથી કારીગરોને પણ કોઈ ફાયદો થયો નહી કારણ કે તેમણે બનાવેલી વસ્તુઓ તેમણે ખૂબ ઓછા ભાવે વેચવી પડતી હતી.

(V) વેપારી વર્ગને પણ તેનાથી સંતોષ થયો નહી કારણ કે અલાઉદ્દીને તેમને વેપાર કરવાની ફરજ પાડી હતી. વેપારીઓ પર કડક નિયંત્રણો મૂકવામાં આવ્યા હતાં. વેપારીઓના કુટુંબીજનોને બંધક બનાવવામાં આવ્યા હતાં. કે. એસ.લાલ લખે છે "કદાચ સુલતાનનો આશય નિર્ધન ખેડૂતો પર જુલમ કરવાનો ન હતો અને તેમના કોઈ પ્રશ્નો પણ ન હતાં છતાં રાજ્યની આવશ્યકતાઓએ તેને આવા કડક પગલાં ભરવા મજબૂર કર્યો હતો. તેણે સૈન્યના હિતો માટે ખેતી અને વેપારના હિતોનો ત્યાગ કર્યો." ડૉ.એસ.રોય લખે છે કે "અલાઉદ્દીનની બજાર વ્યવસ્થાથી આખા દેશનું ધન રાજધાનીમાં જમા થયું.દિલ્હીમાં અનાજનો સંગ્રહ એટલી હદ સુધી થયો કે ઈ. સ. 1334 માં દિલ્હી આવેલ

*ઈબ્નબતુતાએ તે ચોખા ખાધા હતાં. તેનાથી દિલ્હી અને સૈન્યને લાભ થયો પરંતુ તે આર્થિક સિદ્ધાંતોથી વિરુદ્ધ હતી. જેથી અલાઉદ્દીનના મૃત્યુ સાથે જ તેની બજાર વ્યવસ્થા પણ સમાપ્ત થઇ ગઈ. "*

**તમારી પ્રગતિ ચકાસો –5**

**અ. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

(i) *અલાઉદ્દીન ખિલજીએ આર્થિક સુધારા શા માટે કર્યા.*

(ii) *અલાઉદ્દીન ખિલજીએ ઘોડાનું મૂલ્ય કેટલું નક્કી કર્યું હતું?*

(iii) *અલાઉદ્દીને કયા કયા ત્રણ બજારો ઊભા કર્યા હતાં?*

(iv) *કાપડ બજાર કયા નામે ઓળખાતું હતું?*

(v) *અલાઉદ્દીનના સમયમાં ખેડૂત વધુમાં વધુ કેટલું અનાજ પોતાની પાસે રાખી શકતો?*

**બ. ટૂંકનોંધ લખો.**

1. *ભાવ નિયમન*

2. *ખાદ્યાન્ન બજાર*

3. *રેશનિંગ પ્રથા*

4. *અલાઉદ્દીન ખિલજીના આર્થિક સુધારાનાં પરિણામો*

7.7.4 **અલાઉદ્દીન ખિલજીના અન્ય સુધારા**

*અલાઉદ્દીન ખિલજીના મહેસૂલી સુધારા, આર્થિક સુધારા, લશ્કરી સુધારા આપણે આગળ જોયા તે સિવાય બીજા કેટલાક પોલીસ અને ન્યાયવ્યવસ્થાને લગતા સુધારા આપણું ધ્યાન ખેંચે છે. તેના સામાજિક સુધારા પણ મહત્ત્વના હતાં, જે આપણે આગળ હવે જોઈએ.*

❖ **મજબૂત ગુપ્તચર વિભાગની સ્થાપના :**

*અલાઉદ્દીના શાસનના શરૂઆતના કાળમાં જ રાજ્યમાં વિદ્રોહ થયા હતાં. અલાઉદ્દીને તપાસ કરતો જાણવા મળ્યું કે નબળી ગુપ્તચર વ્યવસ્થા તેને માટે જવાબદાર છે.*

*તેથી તેણે ગુપ્તચર વિભાગ તરફ વિશેષ ધ્યાન આપ્યું. રાજધાનીમાં ગુપ્તચર વિભાગની સ્થાપના કરવામાં આવી. આ વિભાગનો અધિકારી 'બરીદ-એ-મુમાલિક' કહેવાતો તેના હાથ નીચે અનેક બરીદ (ગુપ્તચર)રહેતા. મોટાં શહેરો, નગરો અને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તેમની નિમણૂક થતી. તેમણે રોજે રોજની ઘટનાઓની જાણકારી સુલતાન સુધી પહોંચાડવાની હતી. ઈમાનદાર વ્યક્તિઓની બરીદ તરીકે નિમણુક થતી ડો. કુરેશીના મત મુજબ "જો કોઈ ગુપ્તચર કોઈ મહત્ત્વની ઘટનાની જાણકારી સુલતાન સુધી પહોચાડવામાં નિષ્ફળ જાય તો તેણે પોતાના જીવથી હાથ ધોવા પડતા હતાં" બરીદ ઉપરાંત મુન્હી નામના બીજા બાતમીદારોની નિમણૂક કરવામાં આવી હતી. જે લોકોનાં ઘરોમાં, દફતરોમાં પ્રવેશ કરી શકતા અને લોકોને ઘરોની માહિતી પણ સુલતાન સુધી પહોંચાડતા.બરની લખે છે, કે "ગુપ્તચરોના ડરથી અમીરોએ હજાર સિતૂન (ખુલ્લા મેદાન) માં પણ ઊંચેથી બોલવાનું બંધ કરી દીધું હતું અને તેમણે કઈ કહેવું હોય તો સંકેતો દ્વારા વાત કરતો અથવા ગુપચુપ વાતો કરતા. ગુપ્તચરોની ગતિવિધિઓને કારણે તેઓ પોતાના ઘરમાં પણ રાત-દિવસ કાંપતા રહેતા.*

### ❖ કુશળ પોલિસ વિભાગની સ્થાપના

*અલઉદ્દીન ખિલજીએ સ્થાનિક અપરાધો પર અંકુશ મેળવવા પોલીસ વિભાગને મજબૂત બનાવ્યો હતો. રાજધાની અને મોટાં નગરોમાં પોલીસ વિભાગના અધિકારી તરીકે 'કોટવાળ' નિમણૂક કરી હતી. તે કાનૂન અને શાંતિની જાળવણી કરતો, સુલતાનની ગેરહાજરીમાં રાણીવાસની સુરક્ષાની જવાબદારી પણ કોટવાળની રહેતી આથી વિશ્વાસુ અને પ્રતિષ્ઠિત વ્યક્તિને આ હોદ્દા પર નિમવામાં આવતો હતો. દિલ્હીના કોટવાળ અલાઉલીન મુલ્કનો અલાઉદ્દીન ખિલજી પર ખૂબ પ્રભાવ હતો. ઘણીવાર સુલતાન તેની સલાહ લેતો હતો.કોટવાળે આ વિભાગમાં અનેક લાયક વ્યક્તિઓની નિમણૂક કરી હતી.*

### ❖ ન્યાય વિષયક સુધારા

*અલાઉદ્દીને પ્રજાને નિષ્પક્ષ ન્યાય મળે તે માટે પણ પ્રયાસ કર્યા હતાં. સ્વયં સુલતાન સર્વોચ્ચ ન્યાયધીશ હતો. ન્યાયની બાબતમાં તે એકદમ કઠોર અને નિષ્પક્ષ હતો તથા લાગણી શૂન્ય હતો. ન્યાયની બાબતમાં તે કોઈ ભેદભાવ રાખતો નહી. તેણે શક્ય એટલી હદે રાજ્યવહીવટને ધર્મથી અલગ કરવાનો પ્રયાસ કર્યો હતો. બરની નોંધે છે "અલાઉદ્દીન એ વાત પર વિશ્વાસ કરતો હતો કે રાજ્ય અને વહીવટ સંબંધી વિષય શરિયતના નિયમો અને આદેશોથી અલગ છે. અલાઉદ્દીને દિલ્હીના કાજી મુગીસને એકવાર કહ્યું હતું કે :શું યોગ્ય અને શું અયોગ્ય છે એ હું નથી જાણતો હું એવા આદેશ આપું છું જે રાજ્યના કલ્યાણ માટે જરૂરી હોય પછી ભલે શરિયત (ઇસ્લામી કાનૂન) મને તેની મંજૂરી આપે કે ન આપે" આમ અલાઉદ્દીને વહીવટ અને ન્યાયતંત્ર પરનો ધર્મનો (ઉલેમાઓનો) અનુચિત પ્રભાવ દૂર કર્યો હતો.*

*એક શરાબ પીનાર કાજીને તેણે આકરો દંડ કર્યો હતો. ન્યાયધીશો નૈતિક મૂલ્યોનું પાલન કરે તેવો તેણે આગ્રહ રાખ્યો હતો.*

*સદ્ર-એ-જહા-કાજી-ઉલકુજાત ન્યાય વિભાગનો મુખ્ય અધિકારી હતો. તેના હાથ નીચે નાયબ કાજી, મુફ્તી વગેરે રહેતા. મુફ્તી મુસ્લિમ કાનૂનનો જાણકાર હતો.*

**❖ દંડવ્યવસ્થા**

*અલાઉદ્દીનના શાસનકાળમાં દંડવ્યવસ્થા કઠોર હતી. શિરચ્છેદ, અંગભંગ, ગુનેગારોને બેડીઓ પહેરવી બંદી બનાવવા એ સામાન્ય બાબત. ચાબુક મારવાની પ્રથા પણ પ્રચલિત હતી. ગુનો કબુલ કરાવવા ગુનેગારોને કઠોર યાતનાઓ આપવામાં આવતી હતી. આપણે આગળ જોયું તેમ ઓછું તોલનાર વેપારીના શરીરમાંથી એટલું જ માંસ કાપી લેવામાં આવતું હતું પરસ્ત્રીગમન કરનારને પથ્થરથી મારી નાખવાની સજા કરવામાં આવતી હતી. ગુનેગારોમાં ભય પેદા કરવા તેણે ભયાનક કારાગૃહો બંધાવ્યાં હતાં.*

**❖ ટપાલવ્યવસ્થા**

*અલાઉદ્દીન ખિલજીએ રાજ્યના વિવિધ ભાગોમાં સંપર્ક જાળવી રાખવા ટપાલવ્યવસ્થા પર વિશેષ ધ્યાન આપ્યું હતું. તેણે ઠેરઠેર ટપાલ ચોકીઓની સ્થાપના કરી હતી. ઉપરાંત સૈન્યને જ્યારે આક્રમણ માટે મોકલવામાં આવતું ત્યારે રસ્તામાં ઠેરઠેર ચોકીઓ ઊભી કરવામાં આવતી. દરેક ચોકીઓમાં ઘોડેસવારની નિમણૂક કરવામાં આવતી. આ ઘોડેસવારો સૈન્યની રોજે રોજની ગતિવિધિઓની જાણકારી સુલતાન સુધી પહોંચાડતા. અલાઉદ્દીને ટપાલવ્યવસ્થામાં કોઈ મૌલિક પરિવર્તન નહોતું કર્યું પરંતુ તેની ક્ષમતામાં વધારો કર્યો હતો.*

**❖ સામાજિક સુધારા**

*અલાઉદ્દીન ખિલજીએ શરાબખાનાં અને જુગારખાનાં બંધ કરાવ્યા હતાં, પોતે પણ શરાબનો ત્યાગ કર્યો હતો. રાજધાનીમાં જેટલો પણ શરાબનો જથ્થો હતો તેનો તેણે નાશ કરાવી દીધો હતો. દારૂ વેચનારા ક્લાલોદલાલોને શહેરની બહાર ચાલ્યા જવાનું ફરમાન બહાર પાડ્યું હતું. દિલ્હીથી 20/25 કિ. મી. દૂર ગયા પછી જ દારૂ મળી શકતો હતો.આટલાં કડક પગલાં છતાં દારૂબંધી સફળ ન થતાં તેણે અમીરોને તેમના ઘરમાં દારૂ બનાવીને પીવાની છુટ આપી હતી પરંતુ શરાબની મહેફિલો તેણે બંધ કરાવી હતી.*

*શરાબ ઉપરાંત તમાકુ, ભાંગ, તાડી જેવી નશીલી વસ્તુઓના સેવન પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.*

*જાદુ, ટોણા કરીને ભોળા લોકોને છેતરનારા ઠગોને પણ ઢોર માર મારીને મરાવી નાખ્યા હતાં.*

*વ્યભિચાર અને વેશ્યાવૃત્તિ પર તેણે પ્રતિબંધ મૂક્યા હતાં. ચરિત્રહીન સ્ત્રીઓ માટે મૃત્યુદંડની સજા નક્કી કરી હતી. આપગલાંથી તેણે ઉલેમા વર્ગની સહાનૂભૂતિ મેળવી હતી.*

**તમારી પ્રગતિ ચકાસો- 6**

**અ. નીચેના પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ આપો.**

1 *અલઉદ્દીન ખિલજીના સમયમાં ગુપ્તચર વિભાગનો વડો કયા નામે ઓળખાતો હતો ?*

2. *સલ્તનત યુગમાં મોટાં નગરોમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખનાર અધિકારી કયા નામે ઓળખાતો ?*

3. *અલાઉદ્દીન ખિલજીએ દારૂબંધી માટે કયાં પગલાં ભર્યા હતાં?*

4. *અલાઉદ્દીન ખિલજીના સમયમાં ટપાલવ્યવસ્થા કેવી હતી?*

**બ. ટૂંકનોંધ લખો.**

1 *અલાઉદ્દીન ખિલજીની ગુપ્તચર વ્યવસ્થા*

2 *અલાઉદ્દીન ખિલજીની ન્યાયવ્યવસ્થા*

3 અલાઉદ્દીન ખિલજીના સમયની પોલીસ વ્યવસ્થા

4 અલાઉદ્દીન ખિલજીના સામાજિક સુધારા

## 7.8. **સારાંશ**

*એક કુશળ વહીવટકર્તા અને સુધારક તરીકે અલાઉદ્દીન ખિલજી દિલ્હી સલ્તનતયુગના શાસકોમાં સૌથી ઊંચું સ્થાન ધરાવે છે. તે નિરંકુશ શાસક હોવા છતાં પ્રજા કલ્યાણના કાર્યમાં રુચી રાખતો હતો. તેણે રૂઢિચુસ્ત ઉલેમા વર્ગને પોતાને શરણે થવા મજબૂર કર્યો હતો. રાજવહીવટમાં તે સ્વેચ્છાચારી હતો. તેના બધા જ મંત્રીઓ તેના સેવકો હતાં.તે ન્યાયપ્રિય શાસક હતો. તેણે અપરાધીઓને કડક સજા કરી હતી. તેણે સ્વેચ્છાચારી અમીર વર્ગને કાબુમાં કરવા તેમના પ્રત્યે કઠોર નીતિ અપનાવી. સૈનિકોની સીધી ભરતી, રેશનિંગ વ્યવસ્થા, જમીનની માપણી, માપને આધારે જમીન મહેસૂલ, ઘોડાને છાપ લગાવવાની પ્રથા, સૈનિકોનું વર્ણન લખવાની પ્રથા, સૈનિકોને રોકડમાં પગાર, બજાર વ્યવસ્થા, ટપાલ વ્યવસ્થા અને ગુપ્તર વિભાગ વગેરે સુધારા તેને કુશળ શાસક પુરવાર કરે છે.*

*અલાઉદ્દીન ખિલજી નિરક્ષર હોવા છતાં ભારતીય ઈતિહાસમાં એક મહાન વ્યક્તિ વીર વિજેતા, કુશળ સેનાનાયક અને સમાજસુધારકહતો. તે ધાર્મિક વ્યક્તિ હોવા છતાં પણ ધર્માન્ધ ન હતો. શરાબખાનાં અને જુગારખાનાં બંધ કરાવી ને તેણે આ દૂષણો દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. ભલે તેનો ઉદ્દેશ રાજકીય હતો તેમ છતાં તેનો ફાયદો*

*સમાજને જરૂર થયો હશે. ટૂંકમાં મધ્યકાલીન ભારતમાં અકબર અને શેરશાહને છોડીને તે સૌથી સફળ શાસક હતો. કેટલીક બાબતોમાં તે તેમના માટે પ્રેરક અને માર્ગદર્શક હતો.*

## 7.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો – 2

**અ. ખાલી જગ્યા પૂરો.**

1. *નવ મુસલમાનો* 2. *અખતખાન* 3. *બહેન* 4. *દિલ્હીનો કોટવાલ*

## 7.10 સંદર્ભસૂચિ


1. डो, कैलाश : मध्यकालीन भारतA इतिहास भाग-१ प्रथम संस्करण २००७, प्रकाशन : अर्जुन पब्लिकेशन हाउस नई दिल्ही .
2. मजुमदार रमेशचंद्र हेमचंद्र : भारतमाँ बुहत् इतिहास भाग-2 Third Edition-1970 Reprinted 1889, MACMILAN INDIA LIMITED, हेमचंदराय चौधरी, कालिकिकर दत्त
3. सतीशयन्द्र : मध्यकालीन भारत *सल्तनत* से मुगलकाल तक (दिल्ही *सल्तनत* १२०६-१५२६), षष्टम् संशोधित संसकरण : २०१३, प्रकाशक: जवाहर पब्लीकर्स एंड डिस्ट्रीब्यूटर्स)
4. गोहित राजीवकुमार : भारतका इतिहास विश्वकोश भाग-१ मध्यकालीन भारतका इतिहास सलतनतकाल, प्रथम संस्क्ररण-२०१०रजत प्रकाशन नई दिल्ही.
5. इरफ़ान हेबीब(संघा) : मध्यकालीन भारत भाग-4 राजकमल प्रकाशन प्रद्वेद लिमिटेड, नई दिल्ही १९९२
6. पाठक रश्मि : दिल्ही सलतनत का इतिहास अर्जुन पब्लिशिंग हाउस नई दिल्ही २००३
7. डॉ. परूथीआर. के. : सल्तनतकालीन भारतमें शासन व्यवस्था, अर्जुन पब्लिकेशन हाउस नई दिल्ही- २००५.
8. સ્વ .નાયક ડૉ .છોટુભાઈ રણછોડજી :મધ્યયુગીન ભારત ખંડ-૨ ગુજરાત યુનવિર્સટિ ,અમદાવાદ 1984
9. ડૉ .ધારૈયા આર .કે .તથા અન્ય :મધ્યકાલીન ભારતનો ઈતહિાસ સી .જમનાદાસ કંપની શાહીબાગ રોડ અમદાવાદ.

| એકમ- 8 | તુઘલક વંશ મોહમ્મદ તુઘલક અને ફિરોજશાહ તુઘલક |
|---|---|

## રૂપરેખા :


8.0 ઉદ્દેશ્યો
8.1 પ્રસ્તાવના
8.2 મોહમ્મદ તુઘલક
8.3 મોહમ્મદ તુઘલકનું વ્યક્તિત્વ
8.4 મોહમ્મદ તુઘલકની મહત્ત્વકાંક્ષી (તરંગી) યોજનાઓ
8.4.1 રાજધાનીનું સ્થળાંતર
8.4.2 પ્રતીક મુદ્રા યોજના
8.4.3 દોઆબ પ્રદેશમાં કરવૃદ્ધિ
8.4.4 ખેતીવાડી ખાતાની સ્થાપના
8.4.5 પ્રદેશો જીતવાની યોજનાઓ
8.4.5.1 ખુરાસન અને ઈરાક જીતવાની યોજના
8.4.5.2 કરચીલ જીતવાની યોજના
8.4.6 સામ્રાજ્યમાં થયેલા વિદ્રોહો અને મોહમ્મદ તુઘલકએ લીધેલા લશ્કરી પગલાંઓ
8.4.7 મૂલ્યાંકન
8.5 ફિરોઝશાહ તુઘલક
8.5.1 આર્થિક સુધારા : કરવેરા
8.5.2 ખેતીમાં સુધારા
8.5.3 સિંચાઈ વ્યવસ્થા
8.5.4 ન્યાયવ્યવસ્થા
8.5.5 જાહેર બાંધકામોને પ્રોત્સાહન
8.5.6 શિક્ષણને ઉત્તેજન
8.5.7 સાહિત્યનો વિકાસ
8.5.8 લશ્કરી સુધારા
8.5.9 લોકકલ્યાણના કાર્યો.
8.5.9.1 દીવાન-ઈ- ખેરાત
8.5.9.2 દારૂલ સફા
8.5.9.3 બેકારી સ્મસ્યા
8.5.10 ગુલામો અંગેના સુધારા
8.5.11 ફિરોઝશાહનું મૂલ્યાંકન
8.6 ચાવીરૂપ શબ્દો
8.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ
8.8 સંદર્ભો ગ્રંથો

## 8.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *સુલતાન મોહમ્મદ તુઘલકની મહત્ત્વકાંક્ષી(તરંગી) યોજનાઓ વિશે જાણી શકશો.*
- *સુલતાન મોહમ્મદ તુઘલકના વિજયો વિશે પરિચય મેળવશો.*
- *સુલતાન ફિરોઝશાહ તુઘલક વિશે માહિતી પ્રાપ્ત કરશો.*

## 8.1 પ્રસ્તાવના

*દિલ્લી સલ્તનતના સમય દરમિયાન ખીલજીવંશના પતન બાદ ગ્યાસુદ્દીન તુઘલકે દિલ્લીની ગાદી પર તુઘલકવંશની સ્થાપના કરી હતી. આ વંશના સુલતાનોએ 68 વર્ષ સુધી દિલ્લી સલ્તનતની સત્તા સંભાળી હતી. તુઘલકવંશના શાસન દરમિયાન ગ્યાસુદ્દીન તુઘલક (ઈ.સ.1320 થી ઈ.સ.1325), મોહમ્મદ તુઘલક (ઈ.સ.1325 થી ઈ.સ.1351), ફિરોઝશાહ તુઘલક (ઈ.સ.1351 થી ઈ.સ.1388) અને ત્યારબાદ તેના ઉત્તરાધિકારીઓ જેવા કે ગ્યાસુદ્દીન બીજો, અબુબકર નાસિરૂદ્દીન, મુહમ્મદ, અલાઉદ્દીન સિકંદર શાહ, નાસિરૂદ્દીન મહમૂદશાહ જેવા શાસકો થઈ ગયા. જેમણે ઈ.સ.1388 થી ઈ.સ.1414 સુધી રાજ્ય કર્યુ હતું. નાસિરૂદ્દીન મહમૂદ શાહના સમયમાં ચગતાઈ તુર્ક સરદારએ વિપુલ ધનસંપત્તિ લૂંટવાની ઈચ્છાથી ભારત પર ઈ.સ.1398-99 દરમિયાન આક્રમણ કર્યું. જેણે તુઘલક સામ્રાજ્યને મરણતોલ ફટકો માર્યો. પરિણામ સ્વરૂપ તુઘલકવંશનું પતન થયુ હતું અને ઈ.સ.1414માં સૈયદ વંશની સ્થાપના થઈ હતી.*

*તુઘલક વંશમાં આપણે સૌ પ્રથમ મોહમ્મદ બિનતુઘલક વિશે માહિતી મેળવીએ.*

## 8.2 મોહમ્મદ તુઘલક

*મોહમ્મદ તુઘલકનું મૂળનામ ફખ્રુદ્દીન મોહમ્મદ જોનાખાન હતું. તે બાળપણથી જ તેજસ્વી અને બુદ્ધિશાળી હતો. તે ફારસી અને અરબી સાહિત્યનો મોટો વિદ્વાન હતો. ખગોળશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ઔષધવિદ્યા, વક્તૃત્વકળામાં તે નિષ્ણાંત હતો. સુલતાન ખુસરોખાનના સમયમાં તે 'અમિ-એ-અખુર ' (શાહી તબેલાનો અધ્યક્ષ) હતો. પિતા સાથે રહીને તેણે ખુસરોખાનના શાસનને ઉથલાવી દેવા માટે પ્રજાને ભડકાવી હતી. ઈ.સ.1320 ગ્યાસુદ્દીન સુલતાન બન્યો. પિતાના શાસન દરમિયાન તેણે વારંગલના રાજા પ્રતાપ રૂદ્રદેવને હરાવી મહત્ત્વની સિદ્ધિ હાંસલ કરી હતી. ગ્યાસુદ્દીનના સમય દરમિયાન તેને 'ઉલુઘખાન'નો ખિતાબ આપવામાં આવ્યો અને વારસદાર જાહેર કરવામાં આવ્યો હતો.*

## 8.3 મોહમ્મદ તુઘલકનું વ્યક્તિત્ત્વ

*ઈ.સ.1325માં મોહમ્મદ તુઘલક 'મોહમ્મદ બિન તુઘલક' નામ ધારણ કરી ગાદી પર આવ્યો હતો. તેના દરબારમાં શેખ નિઝામુદ્દીન ઓલિયા અને શેખ રૂકનુદ્દીન જેવા વિદ્વાનો હતા. હિંદુ સંતો તથા જૈન સાધુ-સંતો સાથે ધાર્મિક ચર્ચાઓ યોજવામાં તે મુઘલ*

*સમ્રાટ અકબરનો પુરોગામી હતો. મોહમ્મદ તુઘલક પોતાના વ્યક્તિગત જીવનમાં ચુસ્ત મુસલમાન હતો પરંતુ ઈસ્લામના નિયમોનું પાલન તે પોતાની બુદ્ધિ અને સમજ પ્રમાણે કરતો હતો.*

*મોહમ્મદ તુઘલક નવીનતાનો શોખીન હતો. શાસન દરમિયાન તેણે નવી નવી યોજનાઓ બનાવી પંરતુ તેને અમલમાં મૂકતા વ્યવહારૂ દ્રષ્ટિ ન રાખતા તે પ્રજાની ઉપેક્ષાઓનો ભોગ બન્યો હતો. તેની નવીન યોજનાઓના પરિણામ નિષ્ફળતામાં આવ્યા હતાં. મોહમ્મદ તુઘલકના વ્યક્તિત્ત્વ, ચરિત્ર, શાસક તરીકેની કામગીરી, સુધારાઓ, લશ્કરી પ્રવૃત્તિઓ જેવા પાસાં પર વિદ્વાનોએ જુદી જુદી રીતે લખ્યુ છે. મોહમ્મદ તુઘલકના સમકાલીન ઈતિહાસકારો ઝિયાઉદ્દીન બર્ની અને ઈબ્નબતૂતાએ પણ તેમના લખાણોમાં તેના હકારાત્મક પાસાં કરતા નકારાત્મક પાસાં પર વધુ લખ્યું છે.*

*મોહમ્મદ તુઘલકના શાસનના પ્રથમ દશ વર્ષમાં(ઈ.સ.૧૩૨૫-૩૫) સામ્રાજ્યમાં શાંતિ સ્થપાયેલી હતી. પરંતુ પછીના પંદર વર્ષ સામ્રાજ્યમાં ઠેર ઠેર અરાજકતા, બળવાઓની પરિસ્થિતિ હતી. આ પરિસ્થિતિને પહોંચી વળવા તથા સુધારા કાર્યને ચાલુ રાખવા તેણે અથાગ પ્રયત્નો કર્યા હશે એમ કહી શકાય.*

*હવે આપણે મોહમ્મદ તુઘલકની પાંચ મહત્ત્વકાંક્ષી(તરંગી) યોજનાઓ વિશે ચર્ચા કરીએ.*

## 8.4 મોહમ્મદ તુઘલકની મહત્ત્વકાંક્ષી (તરંગી) યોજનાઓ

### 8.4.1 રાજધાનીનું સ્થળાંતર

*ઈ.સ.1327માં મોહમ્મદ તુઘલકે પોતાની રાજધાની દિલ્લીથી 1500 કિ.મી. દૂર દેવગીરી બદલવાનું નક્કી કર્યું. તેણે દેવીગીરીને નવું નામ દોલતાબાદ આપ્યું. તેણે પાટનગરનું સ્થળાંતર કરવા માટે જે કારણો આપ્યા તે આ મુજબ છે.*

- *આ સમયે દિલ્લી સલ્તનતનો સીમા વિસ્તાર ઉત્તર પંજાબથી માંડીને બંગાળ સુધી અને દક્ષિણે મદુરાઈ સુધી ફેલાયેલો હતો. દિલ્લીથી દક્ષિણના પ્રદેશોનો વહીવટ કરવાનું કાર્ય મુશ્કેલ હતુ. જ્યારે દોલતાબાદનું સ્થાન વ્યૂહાત્મક દ્રષ્ટિએ મહત્ત્વનું હતુ. ઝિયાઉદ્દીન બર્નીના જણાવ્યા પ્રમાણે "દેવગીરી સામ્રાજ્યની મધ્યમાં આવેલું હતું. દિલ્લી, ગુજરાત, લખનૌ, મદુરાઈ, દ્વારસમુદ્રમ, કામ્પિલ વગેરે દોલતાબાદથી સમાન અંતરે આવેલા હતા."*
  - *પ્રો.ગોર્ડનર બ્રાઉન જણાવે છે કે "વાયવ્ય સરહદ પરથી થતાં મુઘલોના આક્રમણોથી દિલ્લી સુરક્ષિત ન હતું. મુઘલ આક્રમણનો ભય જ્યાં સતાવી ન શકે તેવા કોઈક સલામત સ્થળે રાજધાની હોય તો સારૂ એવો સુલતાનનો વિચાર ખરો. દેવગીરીનું સ્થાન સુરક્ષિત હતુ." તેથી મુઘલોના સતત આક્રમણથી બચવા માટે સામ્રાજ્યની રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર દિલ્લીથી દેવગીરી લઈ જવાનું સુલતાનને યોગ્ય લાગ્યું.*

- *ઉત્તરના રાજ્યો પર દિલ્લી સલ્તનતની વ્યવસ્થા હતી જ્યારે દક્ષિણના રાજ્યો પર થોડા સમય પહેલા જ દિલ્લી સલ્તનતની સત્તા સ્થપાઇ હતી. તેથી જો રાજધાની દક્ષિણમાં ખસેડવામાં આવે તો નવા જોડાયેલા પ્રદેશોનો વહીવટ યોગ્ય રીતે થઈ શકે.*

*મોહમ્મદ તુઘલકે નવી રાજધાનીમાં કચેરીઓ, અમલદારો અને લોકોના નિવાસ માટે મકાનોનું નિર્માણ કરાવ્યું. જેની પ્રશંસા ઈબ્નબતૂતાએ પોતાના ગ્રંથમાં કરી છે. દિલ્લીથી શાહી દરબાર અને સરકારી તંત્રએ લોકોને તબ્બકાવાર લઈ જવાની અને દોલતાબાદ સુધીના માર્ગો પર સ્થળાંતર કરતા લોકો માટે વિરામસ્થાનો, પાણી-ખોરાકની તમામ સગવડો પૂરી પાડવાની વ્યવસ્થા કરાવી હતી. સુલતાનનો આદેશ દિલ્લીના તમામ લોકોને દોલતાબાદ જવાનો હતો તેનું આ કાર્ય લોકો માટે ભારે વિપત્તિકારક સાબિત થયું. આ સમયે વાહનવ્યવહારનો એટલો વિકાસ થયો ન હોવાથી લોકોને રસ્તામાં ઘણા કષ્ટો સહન કરવા પાડ્યાં. અનેક માણસોના મૃત્યુ થયા. સુલતાને પોતી વ્યવહારૂ નીતિ અપનાવી માત્ર સરકારી કચેરીઓને ત્યાં ખસેડી હોત તો દરબારીઓ,અમલદારો,વેપારીઓ આપોઆપ ત્યાં આવીને વસવાટ કર્યો હોત અને પ્રજાને આ મુશકેલી વેઠવી ન પડી હોત,*

*થોડા સમય બાદ મોહમ્મદને પ્રજાની મુશ્કેલીનો ખ્યાલ આવતા પુનઃ રાજધાની દિલ્લી લઈ જવાનો હુકમ ફરમાવ્યો.લોકોને પાછા ફરવામાં ઘણી મુશ્કેલી સહન કરવી પડી. મોહમ્મદની આ યોજના નિષ્ફળ ગઈ એટલા માટે નહી કે રાજધાની પરિવર્તનની યોજના કોઇ નવી બાબત હતી પરંતુ તેની અમલ માટેની પદ્ધતિ ભૂલ ભરેલી હતી. આ યોજનાથી રાજધાની દિલ્લીએ પોતાની જાહોજલાલી ગુમાવી દીધી. દિલ્લીને પોતાના વૈભવ પાછો મેળવવામાં વર્ષો પસાર થઈ ગયા. સામ્રાજ્યનાં ધન અને જનની અપાર ખુવારી થઈ અને સુલતાનને પણ ભારે ક્ષતિ પહોંચી.*

*સ્ટેનલી લેનપૂલ સુલતાનની આ યોજના વિશે લખે છે કે "દિલ્હીથી રાજધાનીને દોલતાબાદ ખાતે ફેરવવાનું સુલતાનનું કાર્ય ગેરમાર્ગે દોરવાયેલી શાહી શક્તિનું સ્મારક બની ગયુ હતું."*

### 8.4.2 પ્રતીક મુદ્રા યોજના

*સુલતાન મોહમ્મદ તુઘલકની આ યોજના અર્થવ્યવસ્થામાં સુધારો કરવાનો વિશિષ્ટ પ્રયોગ હતો. સુલતાને ચલણમાં સોના અને ચાંદીની ટંકાઓ(સોના-ચાંદીના સિક્કા)ને બદલે તાંબા અને પિતળના સિક્કા દાખલ કર્યા. તાંબા અને પિતળના સિક્કાનું મૂલ્ય સોના-ચાંદીના સિક્કા જેટલુ જ નક્કી કર્યું. જો કે સોના- ચાંદીના બદલે તાંબા અને પિતળના સિક્કા દાખલ કરવાનું એક માત્ર કારણ એ હતું કે આ સમયે વિશ્વ સ્તરે ચાંદીની ધાતુની અછત હતી. વિદ્વાનોએ સુલતાનના આ પ્રયોગ માટે કેટલાક કારણો આપ્યા છે.*

*જેવાં કે રાજધાની સ્થળાંતરના થયેલા ખર્ચના કારણે રાજ્યની તિજોરી ભરવી હતી, વ્યાપારને સમૃદ્ધ બનાવવો હતો, મોહમ્મદ નવીન યોજનાઓનો શોખીન હતો વગેરે વગેરે છે.*

*સુલતાને તાંબા અને પિતળના સિક્કા અમલમાં તો મૂક્યા પરંતુ સિક્કા પાડવાનો ઈજારો રાજ્ય હસ્તક રાખ્યો ન હતો. તેથી લોકોએ ઘેર ઘેર બનાવટી સિક્કા પાડીને ચલણમાં ફરતા કરી દીધા.રોજિંદા વ્યવહારમાં અને વ્યાપારમાં તેની લેવડ દેવડ થવા લાગી. શાહી ટંકશાળ અને લોકોના તેથીબનાવટી સિક્કામાં કોઈ તફાવત પરખાતો ન હતો. આર્થિક ક્ષેત્રે અવ્યવસ્થા સર્જાઈ. સુલતાનને પોતાની ભૂલ સમજાતા તેણે પરિસ્થિતિનો ખ્યાલ મેળવી શાહી અધિકૃત અને માન્ય કરેલા તાંબા અને પિતળના સિક્કા પાછા ખેંચી લઈ ચલણમાં પુનઃ સોના-ચાંદીના સિક્કા અમલી બનાવ્યાં. શ્રીવાસ્તવ નામના વિદ્વાન લખે છે કે 'સુલતાન પોતાના યુગની મર્યાદાઓ સમજી શક્યો નહી તેથી તેની આ યોજના નિષ્ફળ ગઈ.'*

### 8.4.3 દોઆબ પ્રદેશમાં કર વૃદ્ધિ

*સુલતાન મોહમ્મદ તુઘલકે રાજ્યના મહેસૂલી તંત્રમાં સુધારો કરવા પ્રાંતોની આવક તથા ખર્ચની વિગતો સૂબાઓ પાસે મંગાવી. પોતાના રાજ્યની આવક વધારવા તેણે ઈ.સ.૧૩૪૦-૪૪ના સમયમાં ગંગા યમુના નદીઓ વચ્ચે આવેલા દોઆબ પ્રદેશમાં જમીન મહેસૂલમાં વધારો કર્યો વધારાનો દર કેટલો હતો તે નિશ્ચિતપણે જાણી શકાતું નથી. આ પ્રદેશમાં માત્ર જમીન મહેસૂલ નહીં પરંતુ ગોચર જમીન, મકાનો ઉપર પણ વેરાઓ નાંખવામાં આવ્યાં. સુલતાનનો મહેસૂલ વધારવાનો આ સમય અયોગ્ય હતો કારણ કે આ સમયે દોઆબ પ્રદેશમાં દુકાળ પડ્યો હતો અને મરકીનો રોગચાળો ફાટી નીકળ્યો હતો.*

*સુલતાને સખ્તાઈ પૂર્વક કર વસૂલ કરવાનો હુકમ કર્યો અને અમલદારોએ પ્રજાની આવકનો ખ્યાલ રાખ્યા વગર કઠોરતા પૂર્વક મહેસૂલ ઉઘરાવવાનું શરૂ કર્યું. પ્રજાએ વિદ્રોહ કર્યા ખેતી છોડી લૂંટ-ફાટ શરૂ કરી. જ્યારે સુલતાનને લોકોની સાચી પરિસ્થિતિ માહિતી મળી ત્યારે તેણે ખેડૂતોને બિયારણ અને બળદ ખરીદવા લોનો આપી. કૂવાઓ ખોદાવ્યા.પરંતુ આ બધુ વ્યર્થ પૂરવાર થયું. આમ દોઆબ પ્રદેશમાં કરવૃદ્ધિની યોજનાથી રાજ્યના ખર્ચમાં વધારો થયો અને સુલતાન પ્રજામાં અપ્રિય બન્યો.*

### 8.4.4 ખેતીવાડી ખાતાની સ્થાપના

*સુલતાન મોહમ્મદ તઘલકે રાજ્યની ખેતીવાડીની પ્રગતિ અને વિકાસ માટે "દીવાને-એ-કોહી" નામના ખાતાની સ્થાપના કરી. આ ખાતાનો મુખ્ય હેતુ ખેડૂતોને સહાય કરી વધારેમાં વધારે જમીન ખેતી હેઠળ લાવવાની હતી. ૪૬૬૨ ચો.કી.ના વિસ્તારમાં જુદા-જુદા પાકો ઉગાડવામાં આવ્યાં. જેમ કે એક જ ક્ષેત્રફળના વિભાગમાં વારાફરતી જવની જગ્યાએ ઘઉં તેના પછી શેરડી, શેરડી પછી દ્રાક્ષ અને ખજૂર ઉગાડવા પ્રોત્સાહન આપ્યું. આ યોજના પાછળ ૨ વર્ષમાં ૭૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો પરંતુ આ યોજનાનો અમલ કરાવવા નીમેલા બિનઅનુભવી અને અપ્રમાણિક*

*અધિકારીઓને લીધે આ પ્રયોગ નિષ્ફળ ગયો. અને ત્રણ જ વર્ષમાં આ પ્રયોગ પડતો મુકવો પડ્યો હતો.*

### 8.4.5 પ્રદેશો જીતવાની યોજનાઓ

*મોહમ્મદ તુઘલક સુલતાન અલ્લાઉદ્દીન ખીલજીની જેમ વિશ્વ વિજેતા બનવાની ઈચ્છા ધરાવતો હતો. તેથી વિશ્વ વિજયની જે ભવ્ય યોજનાઓ બનાવી તે નીચે મુજબ છે.*
‘

### 8.4.5.1 ખુરાસન અને ઈરાક જીતવાની યોજના

*સુલતાન મોહમ્મદ તુઘલકની આ યોજના પાછળ ચોક્કસ હેતુઓ હતા. મધ્ય અને પશ્ચિમ એશિયામાં મોગલોની સત્તા અને અધિકાર નબળાં પડતા ત્યાં રાજકીય શૂન્યાવકાશ ઊભો થયો હતો. તેથી સુલતાન મોહમ્મદ તુઘલકે ખુરાસની અમીરોની ચઢવણીથી ભારતની સરહદોની પેલે પારના ગઝની અને અફઘાનિસ્તાન જીતી લઈ પોતાનો રાજકીય પ્રભાવ સ્થાપવા માગતો હતો. તેણે આ પ્રદેશો જીતી લેવા માટે લશ્કરી આક્રમણની તૈયારી રૂપે ૩ લાખ ૭૦ હજાર સૈનિકોનું વિશાળ લશ્કર ઉભુ કર્યું. તેમને એક વર્ષ સુધી કોઈપણ જાતની કામગીરી વિના પગાર આપીને તેને નભાવ્યું. પરંતુ તૈમુરે મધ્ય એશિયામાં પોતાની સત્તા સ્થાપી હોવાની જાણ સુલતાન મોહમ્મદ તુઘલકને થતાં તેને લાગ્યું કે આ સમય આક્રમણ કરવા માટે યોગ્ય નથી. તેથી તેણે પોતાનું લશ્કર વિખેરી નાંખ્યું અને યોજના પડતી મૂકી.*

### 8.4.5.2 કરચીલ જીતવાની યોજના

*કરચીલ હિમાલયના કુમાઉ પહાડી વિસ્તારમાં ગઢવાલ પ્રદેશમાં આવેલું એક નાનું હિંદુ રાજ્ય હતું. જે હજુ સુધી સુલતાનની હકૂમત હેઠળ આવ્યું ન હતું. સુલતાનના કેટલાંક વિરોધી વિદ્રોહીઓને આ રાજયએ આશ્રય આપ્યો હતો. સુલતાન મોહમ્મદ તુઘલકે આ પ્રદેશને દિલ્હી સલ્તનતના અંકુશ હેઠળ લાવવાના હેતુથી ઈ.સ.1337-38માં ખુશરો મલિકને સેનાપતિ નીમી કરચીલ પર આક્રમણ કરાવ્યું. કરચીલ સહેલાઈથી જીતી લેવાયું. ત્યાંના રાજાએ સુલતાનનું આધિપત્ય સ્વીકાર્યું. વિજયથી આનંદિત બનેલી ખુસરોની સેનાએ ત્યાંથી તિબેટ પ્રદેશમાં કૂચ કરી. આ પ્રદેશમાં શિયાળામાં ખરાબ ઋતુની આબોહવાના કારણે તેનું લશ્કર ભારે હેરાન પરેશાન થયું. સૈનિકોના મોત થતાં તેની સંખ્યા ઓછી થવા લાગી. પ્લેગ જેવો રોગચાળો ફેલાતા બધું જ લશ્કર નાશ પામ્યું. ડો.કે.કે.દત્ત મોહમ્મદ તુઘલકના કરચીલ આક્રમણ વિશે લખે છે કે “આ આક્રમણના કારણે સુલતાનની સૈનિક શક્તિને એટલો આઘાત લાગ્યો કે તે ત્યાર પછી ક્યારેય શત્રુની સામે આટલી મોટી સેના સંગઠિત કરી શક્યો નહી. જો કે કરચીલ પર લશ્કરી કૂચ દ્વારા સુલતાનનું ધ્યેય પાર પડ્યું એમ કહી શકાય, કારણ કે ત્યારપછી આ પ્રદેશનો રાજા સુલતાનને વાર્ષિક ખંડણી મોકલતો રહ્યો હતો.”*

### 8.4.6 સામ્રાજ્યમાં થયેલા વિદ્રોહો અને મોહમ્મદ તુઘલકએ લીધેલા લશ્કરી પગલાંઓ

સુલાતન મોહમ્મદ તુઘલકના શાસનકાળ દરમિયાન ૩૫ જેટલા વિદ્રોહો થયા હતાં. આ બળવોઓને દબાવી દેવા માટે મોહમ્મદ તુઘલકે કડક પગલાંઓ લીધા હતાં. આ વિદ્રોહો થવા પાછળના કારણો જોઈએ તો સુલાતનાના નવીન પ્રયોગો, યોજના અમલના કડક હુકમો, યોજના નિષ્ફળ જતા જવાબદાર અધિકારીઓને થતી કડક શિક્ષાઓ, અમીર વર્ગની ઉપેક્ષા, લશ્કરનો યંત્રની જેમ ઉપયોગ, ખંડિયા રાજાઓનો અસંતોષ વગેરે વગેરે રહેલાં છે. આપણે અહી કેટલાક વિદ્રોહોની માહિતી મેળવીએ.૭

- બહાઊદ્દીન ગુરશાષ્પ સુલતાન મોહમ્મદ તુઘલકનો ભાણેજ અને સાગરનો સૂબો હતો. તેણે મોહમ્મદ તુઘલકને સુલતાન માનવાનો ઈન્કાર કરી ઈ.સ.1326-27માં વિદ્રોહ શરૂ કર્યો. મોહમ્મદ તુઘલકે પોતાના બે સેનાપતિઓને મોકલી આ વિદ્રોહ દબાવી દિધો હતો. બહાઉદ્દીનને કેદ કરી જીવીત અવસ્થામાં જ તેની ચામડી ઉતરાવી તેમાં મસાલો ભરી બધા પ્રાન્તોમાં ફેરવ્યો અને પછી તેનો વધ કર્યો હતો. આ ઘટના પરથી લોકો અને બળવાખોરો બોધપાઠ લે એવી સુલતાનની નીતિ આમાં જણાય છે પણ તે બિનઅસરકારક પુરવાર થઈ.
- ઈ.સ.1335માં દક્ષિણના મબર પ્રાંતના સૂબા સૈયદ જલાલુદ્દીન અહસનશાહે બંડ કરી પોતાને સ્વતંત્ર જાહેર કર્યો. મોહમ્મદ તુઘલક તેને હરાવવામાં નિષ્ફળ ગયો. આમ સામ્રાજ્યમાંથી મબર પ્રાંત છુટો પડી ગયો હતો.
- મોહમ્મદ તુઘલકે અવધના સૂબા ઐનુલ મુલ્કને દોલતાબાદનો સૂબો બનાવ્યો પરંતુ ઐનુલ મુલ્કને પોતાની સામે કોઈ કાવતરૂ રચાતું હોવાની જાણ થતાં તેણે સુલાતન મોહમ્મદ તુઘલક સામે વિદ્રોહ કર્યો. તેના વિદ્રોહને દબાવી દેવાયો ઐનુલ મુલ્કે સામ્રાજ્યની કરેલી સેવાના ધ્યાને રાખી મોહમ્મદ તુઘલકે તેને મોતની સજા ન આપી અને બગીચાનો સંરક્ષક નીમ્યો હતો.
- ઈ.સ.1336-37માં હરિહર અને બુક્કા નામના બે ભાઈઓએ વિદ્રોહ કરી હિંદુ રાજ્ય વિજયનગરની સ્થાપના કરી.
- ઈ.સ.1337માં હસનકાંગુ નામના સરદારે વિદ્રોહ કર્યો તેણે હસન અલાઉદ્દીન બહમનશાહનો ખિતાબ ધારણ કરી સ્વતંત્ર મુસ્લિમ બહમની રાજ્યની સ્થાપના કરી.
- ઈ.સ.1345-51 દરમિયાન ગુજરાતમાં મલિક તઘીની આગેવાની નીચે વિદ્રોહ થયો હતો. મોહમ્મદ તુઘલકે આ વિદ્રોહને દબાવી દેવા ઠેરઠેર મલિક તઘીનો પીછો કર્યો હતો. લાંબી ભાગદોડ પછી તે સિંધમાં પ્રવેશ્યો અને 20 માર્ચ,1931ના રોજ તેનુ અવસાન થયું હતુ.

### 8.4.7 મૂલ્યાંકન

મોહમ્મદ તઘલકનું મૂલ્યાંકન કરતી વખતે તેના શાસક તરીકેના રચનાત્મક પાસાંઓ જેવાં કે આદર્શ વિચારસરણી, નવી યોજના અને સુધારા કરવાની વૃત્તિ, દીર્ઘદ્રષ્ટિ, વગેરે ધ્યાને લેવા જોઈએ. તે દિલ્લીના સુલતાનોમાં સૌથી વધુ અભ્યાસી હતો.

જો કે તેણે અમલમાં મુકેલી યોજનાઓમાં તે નિષ્ફળ ગયો હતો. આ માટે તેના સમકાલીન ઈતિહાસકારો તેને પાગલ કહે છે જે પોતાના સમય કરતા ૫૦ વર્ષ આગળનું વિચારનાર શાસક હતો એટલે અમુકને પાગલ લાગ્યો પણ તેણે જે યોજનાઓ અમલમાં મૂકી તે ઉત્તમ હતી પણ તેના સ્વભાવ અને અમલમાં યોગ્ય રીત નહી હોવાથી વિવિધ ઉત્તમ યોજનાઓ નિષ્ફળ ગઈ પરંતુ પાગલ કહેવું વધારે પડતું છે. કેટલાંક આધુનિક ઈતિહાસકારો તેને અસ્થિરતાનો સંચય અને સુષ્ટિની આશ્ચયજનક રચના કહે છે. અહી આપણે એ પણ ધ્યાને લેવુ જોઈએ કે મોહમ્મદે સંખ્યાબદ્ધ બંડ-બળવાઓનો સામનો કર્યો હતો. આ બંડ-બળવા શમાવવા માટે તેને સામ્રાજ્યમાં ઠેક ઠેકાણે ઘૂમતો રહ્યો હતો. 20 માર્ચ,1351ના રોજ સિંધમાં થટ્ટા પાસે મોહમ્મદ તુઘલકનું અવસાન થયું હતું.

**ક) તમારી પ્રગતિ ચકાસો ૧.**

**અ. નીચેની ખાલી જગ્યાઓ પૂરો**

1. મોહમ્મદ તુઘલકે પોતાની રાજધાનીનું સ્થળાંતર દિલ્લી થી ___________ કર્યું.
2. ગંગા-યમુના વચ્ચે આવેલા___________પ્રદેશમાં મોહમ્મદ તુઘલકે મહેસૂલ વધારો કર્યો.
3. મોહમ્મદ તુઘલકે ‘દિવાને-એ-કોહી’ ખાતાની સ્થાપના ___________ ના વિકાસ માટે કરી.
4. ખુરસાન જીતવા મોહમ્મદે ___________નું લશ્કર ઉભુ કર્યું.
5. ગુજરાતના ___________શાસકનો પીછો કરતા મોહમ્મદનુ અવસાન થયુ હતું.

**બ. મોહમ્મદ તુઘલકનો પરીચય દસ લીટીમાં આપો.**

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

## 8.5 ફિરોઝશાહ તુઘલક

ફિરોઝશાહ તુઘલકનો જન્મ ઈ.સ.1309માં થયો હતો. તે મોહમ્મદ તુઘલકના કાકા રજબનો પુત્ર હતો. તેની માતા નઈલા ભટ્ટીવંશના રાજા રણમલની પુત્રી હતી. ઈ.સ.1345માં મોહમ્મદ તુઘલક દક્ષિણના વિદ્રોહો નિષ્ફળ બનાવી રહ્યો હતો ત્યારે ઉત્તરના રાજ્યોનો વહીવટ ફિરોઝશાહ તુઘલકે કર્યો હતો. મોહમ્મદ તુઘલકે પોતાના અવસાન પહેલા શેખ નાસરૂદ્દીન અવધી તથા ચિરાગ-એ-દહલવીની સહાયથી ફિરોઝને ઉત્તરાધિકારી પસંદ કર્યો હતો. મોહમ્મદના અવસાન બાદ તા.23 માર્ચ,1351ના રોજ સિંધના થટ્ટા મુકામે તેનો રાજ્યાભિષેક થયો હતો. તેણે ઈ.સ.1351 થી ઈ.સ.1388 દરમિયાન શાસન કર્યું હતું. તેણે ઈ.સ.1353માં બંગાળા, ઈ.સ.1358માં જજનગર,

ઈ.સ.1360માં નગરકોટ અને ઓરિસ્સા, ઈ.સ.1371માં સિંધ પર આક્રમણ કરીને પોતાનો રાજ્ય વિસ્તાર વધાર્યો હતો. યુદ્ધમાં વ્યસ્ત હોવા છતાં તેણે કરેલા પ્રજા કલ્યાણના કાર્યોથી તે લોકપ્રિય શાસક બન્યો હતો. આપણે સૌ પ્રથમ ફિરોઝશાહે કરેલા સુધારાઓ વિશે માહિતી મેળવીએ.

### 8.5.1 આર્થિક સુધારા : કરવેરા

ફિરોઝશાહે કરવેરા પ્રધ્ધતિને ઈશ્વયરીય સંકેત માની 28 જેટલા કરવેરા લેવાનું બંધ કર્યું. તેણે કુરાને-શરીફના કાયદાઓ પ્રમાણે ચાર પ્રકારના કરવેરા નાખ્યા. જેવાં કે,

- ખરાજ (જમીનવેરો) – ઉપજાઉ જમીન પર ઉપજનો 10મો ભાગ
- જકાત(મુસ્લિમ માટેનો વેરો) – મુસ્લિમોની આવકના 2.50 કર
- જજિયા(બિનમુસ્લિમ માટેનો વેરો)- હિંદુઓ પાસેથી લેવાતો કર
- ખમ્સ- યુદ્ધમાં કબજે કરેલી લૂંટનો $^1/_5$ ભાગ રાજ્યનો અને $^4/_5$ ભાગ લશ્કરનો અને ખાણોની ઉપજનો ૫મો ભાગ ફિરોઝે ઘરવેરો અને ગૌચરવેરો નાબૂદ કર્યો. નહેરો દ્વારા મળતા પાણીથી થતી ખેતીની ઉપજ પર 10મો ભાગ કર નંખાયો. આમ ફિરોઝે કરેલા આર્થિક સુધારાઓથી રાજ્યની આવકમાં વધારો થયો હતો. જેનો ઉપયોગ તેના પ્રજા કલ્યાણના કાર્યોમાં કર્યો હતો.

### 8.5.2 ખેતીમાં સુધારા

ફિરોઝશાહે ખેતીમાં સુધારા લાવવા ખાસ ધ્યાન આપ્યું. ખેતીમાં સુધારા માટે હિસામુદ્દીનની નિમણૂંક કરી. હિસામુદ્દીને ૬ વર્ષમાં રાજ્યના વિવિધ ભાગોમાં ખેતીનો અભ્યાસ કરીને વિવિધ સુધારાઓ સુચાવ્યાં. ફિરોઝશાહે હિસામુદ્દીને સૂચવેલા સુધારાઓને આધારે ખેતીમાંથી ૨૩ જેટલા કર દૂર કર્યા. સિંચાઈની નવી વ્યવસ્થા ઉભી કરી. ખેડૂતોને બિયારણો તથા ખેતીની સાધનો ખરીદવા માટે લોનની વ્યવસ્થા કરી આપી. સ્થાનિક અને પ્રાંતીય સ્તરે જે અધિકારીઓ ખેડૂતો પાસેથી ભેટ સોગાદો લેતા તેના પર કડક નિયમ લાવી તે બંધ કરાવી. નવી અસાધ્ય જમીનોને ખેતી લાયક બનાવી. ઉત્તમ પાકો લેવા માટે પાકની વિવિધ જાતો દાખલ કરાવી. 1200થી વધુ રાજ્ય સંચાલિત નવા ફળ બગીચા તૈયાર કરાવ્યા. પરિણામે રાજ્યમાં ખેતીની આવકમાં વધારો થયો.

### 8.5.3 સિંચાઈ વ્યવસ્થા

સુલતાન ફિરોઝશાહે ખેતીવાડી બારેમાસ થાય તે માટે સિંચાઇ વ્યવસ્થા કરાવી. તારીખે-ફિરોઝશાહીમાં જણાવ્યા પ્રમાણે સુલતાને ચોમાસા સિવાય ખેતી થઈ શકે તે માટે પાંચ નહેરો બંધાવી જે આ મુજબ છે.

- પ્રથમ નહેર- યમુનાનુ પાણી હિસાર સુધી પહોંચે તેવી ૧૫૦ માઈલની લાંબી નહેર તૈયાર કરાવી.
- બીજી નહેર- સતલજ થી ધધર નદી સુધી આશરે ૯૬ માઈલની નહેર તૈયાર કરાવી.

➢ ત્રીજી નહેર- ઘઘર થી ફિરોઝાબાદ

➢ ચોથી નહેર- ફિરોઝાબાદ થી યમુના નદી સુધી

આ સિવાય ફિરોઝશાહ તુઘલકે રાજ્યમાં 150 જેટલા કૂવાઓ ખોદાવ્યા. આમ નહેરોના કારણે રાજ્યના કૂવાઓમાં પાણીના તળ ઊંચા આવ્યા. ખેતીવાડીને ચોમાસાની ઋતુ સિવાય સિંચાઈની સુવિધા પ્રાપ્ત થઈ. તેથી ખેડૂતો ચોમાસા ઉપરાંત રવિ પાક પણ લેવા લાગ્યાં.

### 8.5.4 ન્યાય વ્યવસ્થા

ફિરોઝશાહે કુરાને શરીફના નિયમોના આધારે ન્યાયિક સુધારા કર્યા. પ્રજાને ઝડપી ન્યાય મળે તેવી વ્યવસ્થા તેણે ઉભી કરી.રાજધાની દિલ્લી અને પ્રાંતોમાં ન્યાયાલયો તથા ન્યાય આપવા માટે કાઝીની નિમણૂંક કરી. કાયદા સ્પષ્ટ કરવાનું કાર્ય મુફ્તી(મુખ્ય ન્યાયાધીશ) દ્વારા થતું અને મુફ્તી દ્વારા અભિપ્રાય મુજબ કાઝી ન્યાય આપતા. ફિરોઝશાહે અંગ વિચ્છેદ અને પ્રાણદંડની શિક્ષાઓ ઓછી કરી દિધી. આમ ફિરોઝશાહના સમયની ન્યાયવ્યવસ્થા એટલી કઠોર ન હતી જેટલી મોહમ્મદ તુઘલકના સમમાં હતી.

### 8.5.5 જાહેર બાંધકામોને પ્રોત્સાહન

સુલતાન ફિરોઝશાહ બાંધકામોનો શોખીન હતો તેણે પોતાના સામ્રાજ્યમાં જાહેર બાંધકામની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા જાહેર બાંધકામ ખાતાની સ્થાપના કરી.

- ફિરોઝશાહે અલ્લાઉદ્દીને બનાવેલા ૩૦ જેટલા ઉપવનોનું પુનઃનિર્માણ કરાવ્યું.
- ફિરોઝશાહે બાગ-બગીચા શોખીન હોવાથી દિલ્લીની આસપાસ બાગ-બગીચાનું નિર્માણ કરાવ્યું.
- ફિરોઝાબાદ (પોતાના નામ પરથી), ફતેહાબાદ, ફિરોઝા-હિસાર, જોનપુર, ફિરોઝપુર જેવા શહેરો બંધાવ્યાં.
- ફિરોઝશાહે પોતાની રાજધાની ફિરોઝાબાદની શોભા વધારવા સમ્રાટ અશોકના બે સ્તંભો એક તોપરાથી અને બીજો મેરઠથી લાવીને ઊભા કરાવ્યા હતા.
- ફિરસ્તાના લેખક જણાવે છે કે સુલતાને 50 બંધો, 40 કોલેજો સહિતની મસ્જિદો, 20 રાજમહેલો, 100 મુસાફરખાના,150 પુલ બંધાવ્યા હતા.

ઉપરોક્ત તમામ જાહેર બાંધકામો ફિરોઝશાહ તુઘલકના સ્થાપત્યનો શોખ દર્શાવે છે.

### 8.5.6 શિક્ષણને ઉત્તેજન

અબ્દુલ બાકીના પુસ્તક 'માસિરે રહીમી' માં ફિરોઝશાહે શિક્ષણના વિકાસ માટે 50 મદ્રેસાની શરૂઆત કરાવી. જેમાં ફિરોઝાબાદની ફિરોઝશાહી મદ્રેસા સર્વશ્રેષ્ઠ હતી. આ મદ્રેસાઓમાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું. ફિરોઝશાહે વિદ્યાભ્યાસને ઉત્તેજન આપવા માટે ધાર્મિક શિક્ષણ માટેની શાળાઓ ઉપરાંત કોલેજ કક્ષાના શિક્ષણની વ્યવસ્થા

*કરી. ઉપરાંત ફિરોઝશાહે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે શિષ્યવૃત્તિ તથા અધ્યાપકોને પેન્શન આપવાની વ્યવસ્થા પણ શરૂ કરી હતી.*

### 8.5.7 સાહિત્યનો વિકાસ

*સુલાતન ફિરોઝશાહ સાહિત્યનો પોષક હતો. તેણે અનેક સૂફી-સંતો, વિદ્વાનો અને સાહિત્યકારોને પોતાના રાજ્યમાં આશ્રય આપ્યો હતો. ફિરોઝશાહના શાસન દરમિયાન ઝિયાઉદ્દીન બર્નીએ "તારીખ-એ-ફિરોજશાહી" નામનો ગ્રંથ લખ્યો હતો. સિરાઝ અફિફ તેના દરબારનો ઇતિહાસકાર હતો. ફિરોઝશાહ પોતે વિદ્વાન હતો તેણે પોતાની આત્મકથા "ફુતુહાને ફિરોઝશાહી" લખી હતી. ફિરોઝશાહ પ્રથમ મુસ્લિમ શાસક હતો જેણે હિંદુ ધર્મગ્રંથોનો ફારસીમાં અનુવાદ કરાવ્યો હતો. નગરકોટ મંદિરમાંથી મળેલા વૈદકશાસ્ત્ર,સંગીત,ગણિત જેવા ગ્રંથોનો ફારસીમાં અનુવાદ કરાવ્યો હતો.*

### 8.5.8 લશ્કરી સુધારા

*મોહમ્મદ તઘલકના સમયમાં લશ્કરી અસંતોષના કારણે ફિરોઝશાહ માટે લશ્કરમાં સુધારા મોટો પ્રશ્ન હતો. તેણે લશ્કરના સ્થાયી સૈનિકોને પગારના બદલે જાગીર આપવાની શરૂઆત કરી. અસ્થાયી સૈનિકોને નકદમાં પગાર આપવાની વ્યવસ્થા કરી. તેની શાહી સેનામાં 20 લાખ સૈનિકો અને ૮ લાખ ઘોડેસવાર હતા. ફિરોઝે લશ્કરમાં વૃદ્ધ સૈનિક નિવૃત્ત થતાં તેના જમાઈ કે પુત્રને લશ્કરમાં લેવાનો આદેશ કર્યો. પરિણામે લશ્કરમાં લાગવગશાહીનું પ્રમાણ વધ્યુ હતું. લશ્કરમાં સૈનિકોની યોગ્યતા પર ભરતી બંધ થઈ ગઈ. જેથી ફિરોઝના લશ્કરી સુધારા મહત્ત્વપૂર્ણ ન કહી શકાય.*

### 8.5.9 લોક કલ્યાણના કાર્યો.

#### 8.5.9.1 દીવાન-ઈ- ખેરાત

*ફિરોઝશાહ તુઘલકે ગરીબ અને જરૂરિયાતવાળા મુસ્લિમો માટે 'દીવાન-ઈ-ખેરાત' નામની ખાતાની સ્થાપના કરી. આ ખાતા તરફથી મુસ્લિમ કન્યાઓને આર્થિક સ્થિતિ અનુસાર લગ્ન માટે આર્થિક સહાય તેમજ મુસ્લિમ વિધવાઓ અને અનાથ લોકો માટે યતિમખાનાની વ્યવસ્થા કરવામાં આવી હતી.*

#### 8.5.9.2 દારૂલ સફા

*ફિરોઝશાહે પ્રજાની તબીબી સેવા માટે દિલ્લીમાં 'દારૂલ સફા' (આરોગ્ય ખાતું)ની શરૂઆત કરાવી. આ ખાતા તરફથી ગરીબોને રાજ્યના ખર્ચે તબીબી સહાય આપવામાં આવતી. લશ્કરના સૈનિકોને મફત સારવાર આપવામાં આવતી.*

#### 8.5.9.3 બેકારી સ્મસ્યા

*ફિરોઝશાહે રાજ્યમાં બેકારીની સમસ્યા નિવારવા માટે એક ખાતા* (Employment Bureau)*ની શરૂઆત કરાવી. આ ખાતાના કોટવાલ દ્વારા બેકાર*

યુવાનોની નોંધણી કરવામાં આવતી. આ ખાતા તરફથી યુવાનોને તેમની યોગ્યતા પ્રમાણે રોજગારી આપવામાં આવતી હતી.

લોક કલ્યાણના કાર્યોની દેખરેખ રાખવા માટે 'દીવાન-એ-વજારત' ખાતાની સ્થાપના કરવામાં આવી હતી.

**8.5.10 ગુલામો અંગેના સુધારા**

ફિરોઝશાહના શાસન સમયે ગુલામોની સંખ્યા 1,80,000ની હતી. તેણે ગુલામોની સ્થિતિ સુધારવા માટે 'દીવાને બન્દગાન' નામના વિભાગની સ્થાપના કરી હતી. આ વિભાગ દ્વારા ગુલામોને હુન્નર ઉદ્યોગોની તાલીમ આપી શાહી કારખાનાઓમાં કામ આપવામાં આવ્યું. ગુલામોની સૈનિક તરીકે લશ્કરમાં ભરતી કરવામાં આવી જે પૈકી 40000 ગુલામો અંગરક્ષક તરીકે સુલતાનની સેવામાં, 1,40,000 રાજ્યના કેન્દ્રીય અને પ્રાંતીય અધિકારીઓની સેવામાં મુકવામાં આવ્યાં. ગુલામોની સ્થિતિમાં સુધારો થવાના કારણે તેઓ રાજકારણમાં ભાગ લેવા લાગ્યા. તુઘલક વંશના પતનમાં ગુલામોની સ્થિતિ પણ જવાબદાર કારણ ગણવામાં આવે છે.

**તમારી જાતે ચકાસો. 2.**

1. સુલતાન મોહમ્મદ તુઘલકની તરંગી યોજનાઓ વિશે જાણકારી આપો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

2. સુલતાન ફિરોઝશાહ તુઘલકના સુધારાઓ વિશે વિસ્તૃત નોંધ લખો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

3. દિલ્લી તથા અમદાવાદમાં આવેલા મુસ્લિમ સ્થાપત્યની મુલાકાત ગોઠવો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

**અ. નીચેનાં વિધાનો વાંચી તે સાચાં (√) છે કે ખોટાં (X) તેની નિશાની કરો.**

1. મુસ્લિમો પાસેથી લેવાતો કર જકાત કહેવાતો
2. ઝિયાઉદ્દીન બર્નીએ ફતુહાતેફિરોઝશાહી નામનો ગ્રંથ લખ્યો.

3. પ્રજાની તબીબી સેવા માટે "ફતુહાતે ફિરોઝશાહી 'દારૂલ સફા'ની શરૂઆત કરાવી..

4. ફિરોઝશાહે મોહમ્મદ તુઘલકના નામ પરથી ફિરોઝપુર શહેર વસાવ્યું.

5. ફિરોઝશાહે ઝડપી ન્યાય માટે કાઝીઓની નિમણૂંક કરી.

**બ. સુલતાન ફિરોઝશાહ તુઘલકના પાંચ સુધારાઓની સંક્ષિપ્તમાં જાણકારી આપો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**ક. બહુવિકલ્પીય પ્રશ્નો**

1. રાજધાની સ્થળાંતર માટે મોહમ્મદે કઈ પ્રજાના આક્રમણને જવાબદાર ગણાવ્યું.

(A) તુર્ક B) ઈરાકી

(C) મુઘલ (D) ખલીફા

2. દોઆબ પ્રદેશ કઈ બે નદીઓ વચ્ચે આવેલો છે.

(A) ગંગા-યમુના (B) નર્મદા-તાપી

(C) ગંગા-બ્રહ્મપુત્રા (D) યમુના-બ્રહ્મપુત્રા

3. કયા પ્રદેશને જીતવા મોહમ્મદે ૩ લાખ ૭૦ હજારનું સૈન્ય ભેગુ કર્યું હતું.

(A) કરચીલ (B) ખુરસાન

(C) ગુજરાત (D) બંગાળા

4. હરિહર અને બુક્કા નામના ભાઈઓએ કયા સામ્રાજ્યની સ્થાપના કરી.

(A) અવધ (B) બહમની

(C) બંગાળા (D) વિજયનગર

5. ઉપજાઉ જમીન પર લેવાતું મહેસૂલ કયા નામે ઓળખાતું.

(A) ખરાજ (B) ખમ્સ

(C) જજિયા (D) ખમ્સ

6. કયા સમ્રાટના બે સ્તંભ ફિરોઝશાહે ફિરોઝાબાદમાં ઉભા કર્યા.

(A) અશોક (B) ચદ્રગુપ્ત

(C) સમુદ્રગુપ્ત (D) કનિષ્ક

7. કયા મંદિરમાંથી મળેલા ગ્રંથોનો ફિરોઝશાહે ફારસીમાં અનુવાદ કરાવ્યો હતો.

(A) પદ્મનાભ (B) તિરૂપતિ

(C)નગરકોટ (D) મદુરાઈ

8. કયા વિભાગ દ્વારા મુસ્લિમ કન્યાઓને લગ્ન માટે આર્થિક સહાય કરવામાં આવતી.

(A) દીવાને-ઈ-ખેરાત (B)દીવાને-અર્જ

(C) દારૂલ સફા (D) દીવાને ઈશા

9. ફિરોઝાબાદની કઈ મદ્રેસા શિક્ષણ માટે સર્વશ્રેષ્ઠ હતી.

(A) ફિરોઝશાહી (B) તુગલકશાહી

(C) ઈમાનશાહી (D) કલમશાહી

10. સુલતાન ફિરોઝશાહ તુઘલકનું અવસાન કયા વર્ષમાં થયું હતું.

(A) ઈ.સ.૧૩૮૭ (B) ઈ.સ.૧૩૮૮

(C) ઈ.સ.૧૩૮૯ (D) ઈ.સ.૧૩૯૦

**8.5.11 ફિરોઝશાહનું મૂલ્યાંકન**

ફિરોઝશાહ તુઘલકના અંતિમ દિવસો ખૂબ કષ્ટદાયક રહ્યા હતા. તેના શાસન દરમિયાન જ તેણે વારસ તરીકે નીમેલા બે પુત્રો ફતેહખાન અને જફરખાનનું અવસાન થઇ ગયું હતું. સમગ્ર રાજ્યનો વહીવટ તેના મુખ્યપ્રધાન ખાન-ઈ-જહાને હસ્તગત કરી લીધો હતો. 20 ડિસેમ્બર,1388ના રોજ ફિરોઝશાહનું અવસાન થયું હતું. ફિરોઝશાહ તુઘલકની શાસક, લશ્કરી અને વહિવટી દ્રષ્ટિએ ઘણી ઉણપો હોવા છતાં તેણે સામ્રાજ્યને મજબુત બનાવવા માટે કરેલા સુધારાઓ નોંધપાત્ર હતા.

## 8.6 ચાવીરૂપ શબ્દો

1. ચરાઈ – પશુ ચારવા બદલ આપવાનો કર
2. અમિ-એ-અખુર – શાહી ઘોડારનો અધિપતિ
3. ઉલેમા- ધર્માધિકારી કરેલું કાર્ય
4. મદ્રેસા - મુસ્લિમ શિક્ષણ સંસ્થા
5. ટંકા - સોના-ચાંદીની સિક્કા
6. રવિ – શિયાળુ પાક
7. ફરમાન- સુલતાનનો આદેશ

## 8.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ.

(1). (અ). 1. દેવગિરી, 2. દોઆબ, 3. ખેતીવાડી,
4. 3 લાખ 70 હજાર, 5. મલિક તધી

(2). (બ) (1). (૧ – √), ( ૨ - X), ( ૩ - √), (૪ – ၆), ( ૫ - √)

**ક. બહુવિકલ્પીય પ્રશ્નો.**

(1 - C), (2 - A), (3 - B), (4 - D), (5 - A), (6 - A), (7 - C), (8 - A), (9 - A), (10 - B)

## 8.8 સંદર્ભો ગ્રંથો

1. ડો.છોટુભાઈ નાયકમધ્યયુગીન ભારત, ખંડ-1 અને 2. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, બીજી આવૃત્તિ, અમદવાદ,2016.

2. *ઈશ્વરલાલ ઓઝા, મધ્યયુગીન ભારતનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, બીજી આવૃત્તિ, અમદાવાદ,*2015.
3. *જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી-*21*, ભારત દર્શન-૨ (મધ્યકાલીન ભારત) વલ્લભ વિદ્યાનગર પ્રથમ આવૃત્તિ*
4. शर्मा हरीशचंद्र, मध्यकालीन भारत, दिल्ली विशवविद्यालय,प्रथम संस्करण,1993,दिल्ली
5. Dr.R.C.Majumdar, Delhi Sultanate Ed, Vol-VI, Bhartiya Vidya Bhavan, 1967,Bombay.

# એકમ-9 સૈયદ અને લોદીવંશ : સિકંદર લોદી અને ઈબ્રાહીમ લોદી

**રૂપરેખા :**

**9.0 ઉદ્દેશો**
**9.1 પ્રસ્તાવના**
**9.2 સૈયદવંશ**
**9.3 લોદીવંશ**
**9.3.1 લોદીઓ કોણ હતા ?**
**9.3.2 સિકંદર લોદી**
**9.3.2.1 પ્રારંભિક જીવન**
**9.3.2.2 લશ્કરી અભિયાન**
**9.3.2.3 અફઘાન અમીરો તથા જમીનદારો સાથે સંબંધ**
**9.3.2.4વહીવટી તંત્ર**
**9.3.2.5ધાર્મિક નીતિ**
**9.3.2.6મૃત્યુ**
**9.3.3 ઈબ્રાહીમ લોદી**
**9.3.3.1 ગાદી પ્રાપ્તિ અને જલાલખાં સાથેની નીતિ**
**9.3.3.2 અફઘાન શાસકો સાથે યુદ્ધ**
**9.3.3.3 અફઘાન અમીરો સાથે સંઘર્ષ**
**9.3.3.4 ગૃહ-નીતિ**
**9.3.3.5 ઈબ્રાહીમ અને બાબર**
**9.4 મૂલ્યાંકન**
**9.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**9.6 સંદર્ભ ગ્રંથો**

## 9.0 ઉદ્દેશો

*એકમ 8માં આપણે તુઘલક વંશ અને મોહમ્મદ તુઘલક તથા ફિરોજશાહ તુઘલક વિશે વિસ્તૃત રીતે અભ્યાસ કર્યો. આ એકમમાં આપણે તુઘલક વંશના પતન પછી દિલ્હીની ગાદી પર આવેલ સૈયદ વંશ તથા લોદીવંશની માહિતી મેળવીશું. આ સાથે સાથે લોદીવંશના શાસક સિકંદર લોદી અને ઈબ્રાહીમ લોદીના યુદ્ધો અને સંઘર્ષ વિશે વિસ્તૃત રીતે અભ્યાસ કરીશું ઉપરાંત કઈ રીતે દિલ્હી સલ્તનતનો અંત આવ્યો અને મુઘલવંશની સ્થાપના થઈ એ વિશે જાણીશું.*

## 9.1 પ્રસ્તાવના

*દિલ્હીની ગાદી પર ફિરોઝશાહ તુઘલકના ઉત્તરાધિકારી તરીકે પૌત્ર ગ્યાસુદ્દીન તુગલક રાજગાદી પર બેઠો, જેની એક વર્ષ પછી ષડયંત્ર દ્વારા હત્યા કરવામાં આવી. અને તેના પિતરાઈભાઈ અબૂબકરને ગાદી પર બેસાડયો. ત્યારબાદ ઈ.સ. 1390માં*

નાસિકદ્દીન મુહમ્મદ ગાદી પર બેઠો. ઈ.સ. 1394 માં તેનું મૃત્યુ થતા તેનો પુત્ર હુમાયુ બહુ ઓછા સમય માટે ગાદી નસીન થયો. તુઘલકવંશનો હવે પછીનો અને છેલ્લો શાસક નાસિરૂદ્દીન મહમૂદ હતો.

સુલતાન નાસિરૂદ્દીન મહમૂદના સમયમાં મધ્ય એશિયાના મહત્ત્વકાંક્ષી શાસક તૈમુરે ભારત પર આક્રમણ કર્યું અને પંદર દિવસ સુધી રાજધાનીને લૂંટીને અપાર સંપત્તિપોતાના દેશ લઈ ગયો. તૈમુરના આક્રમણ સમયે દિલ્હી ભાગી ગયેલ નાસિરૂદ્દીન મહેમૂદ તૈમુરના સ્વદેશ પાછા ફરતા દિલ્હી પરત તો આવ્યો પરંતુ ત્યાર બાદ તેના મૃત્યુ એટલે કે ઈ.સ. 1414 સુધી લડખડાતી હાલતમાં દિલ્હી પર તુઘલક વંશનું શાસન રહ્યું. આમ,ફિરોજ તુઘલકના બધા જ ઉત્તરાધિકારીઓ દુર્બળ અને દિલ્હી સલ્તનતના વિઘટનને બચાવવા માટે સંપૂર્ણ અયોગ્ય હતા.

તુઘલક વંશ પછી દિલ્હી પર સૈયદવંશની સ્થાપના થઈ અને સૈયદવંશ બાદ દિલ્હી સલ્તનત પર લોદી શાસકો અંતિમ સુલતાનો હતા. સુલતાન ઈબ્રાહીમ લોદી પછી દિલ્હી તખ્ત પર મુઘલ સત્તાની  સ્થાપના થઈ. આવો મિત્રો હવે વિગતવાર સૈયદ અને લોદી શાસકો વિશે અભ્યાસ કરીએ.

## 9.2 સૈયદવંશ

દિલ્હી તખ્તપર સૈયદવંશનો સંસ્થાપક ખિઝરખાન તુઘલક શાસકોના આધીન સેનાનાયકના રૂપમાં કાર્યરત હતો. તૈમુરના આક્રમણ સમયે ખિઝરખાને તૈમુરની સત્તા સ્વીકારી જેનાથી તેને પંજાબનો પ્રદેશ પ્રાપ્ત થયો. ઈ.સ. 1414માં તેણે દિલ્હી પર વિજય પ્રાપ્ત કરી સૈયદવંશની સત્તા સ્થાપી.ખિઝરખાન પોતાને પયંગબરનો વંશજ માનતો હતો અને સુલતાનને બદલે “રૈયત-એ-આલા” તરીકે ઓળખાવતો હતો. તે પોતાને તૈમુરનો પ્રતિનિધિ ગણતો હતો. એટલું જ નહિ તૈમુરના પુત્ર શાહરૂખને નિયમિત નજરાણાં અને ખંડણી મોકલાવતો હતો. વર્ષો સુધી તેણે શાહરૂખના નામનો ખુતબો વંચાવ્યો અને સિક્કાઓ પર તુગલક સુલતાનોના નામ કોતરાવ્યાં. આમ, ખિજરખાનનો વંશવેલો પયગંબર પરિવારમાંથી નીકળી આવે છે કે કેમ તે વિશે શંકા છે. તેમ છતાં તેના પૂર્વજો અરબસ્તાનના વતની હોવા વિશે કોઈ શક નથી. ઈ.સ. 1414થી ઈ.સ.1421 સુધી તેના અવસાન બાદ પુત્ર મુબારક શાહ (ઈ.સ. 1421-34) ગાદી પર આવ્યો. જેણે શાહની ઉપાધિ ધારણ કરી પોતાના નામનો ખુતબો વંચાવ્યો. સિક્કા પડાવ્યા અને તૈમુરના વારસદારોની ગુલામી હટાવી દીધી. સુલતાન મુબારક શાહ મુબારકાબાદ નામના નગરના નિર્માણ માટે તથા “તારીખ-એ-મુબારકશાહી”ના લેખક યાહા ઈબ્નસરહિન્દને આશ્રય આપવા માટે યાદ રહેશે.

મુબારક શાહ પછી તેના ભત્રીજા મુહમ્મદશાહે ઈ.સ. 1434થી 1445 સુધી અને ત્યારબાદ અલાઉદ્દીન શાહે ઈ.સ. 1445 થી 1450 સુધી શાસન કર્યું.

સૈયદ શાસકોના રાજ્ય અમલ દરમ્યાન ન તો ખિલજી શાસકોની જેમ સામ્રાજ્ય વિસ્તારના ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રગતિ કરી કે ન તો તુગલક શાસકોની જેમ વ્યાપક

પ્રશાસનિક સુધારો કરવામાંઆવ્યો. સલ્તનતની સીમા પણ દિલ્હીથી લગભગ 200 થી 300 કિમીના ક્ષેત્રમાં સીમિત થઈ ગઈ. સૈયદ શાસકોએ જેટલા પણ સૈનિક અભિયાન કર્યા એ પોતાના શાસન ક્ષેત્રફળમાં વિદ્રોહ અને ઉપદ્રવનું દમન કરવા માટે અથવા તો નજીકના રાજ્યોના શાસકો સાથેના યુદ્ધોને લીધે કર્યા. આમ, રાજનૈતિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં સૈયદ શાસકોની એવી કોઈ ઉપલબ્ધિ નથી કે જેનાથી ભારતીય ઈતિહાસમાં એમને ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત થાય.

આ વંશના અંતિમ શાસક અલાઉદ્દીન શાહ ડરપોક હતો. પોતાના વજીર હમીદખાન સાથેના મતભેદથી દિલ્હી છોડીને બદાયુ રહેવા જતો રહ્યો. પરિણામે અફઘાનના શક્તિશાળી અમીર બહલોલ લોદી દિલ્હી આવ્યો. અને અલાઉદ્દીનને દિલ્હી આવવા કહેણ મોકલ્યું પણ તે દિલ્હી ન આવતા બદાયુમાં તેનું મૃત્યુ થયું અને બહલોલ લોદીએ દિલ્હીમાં પોતાને ઈ.સ. 1451માં સુલતાન જાહેર કર્યો અને લોદી વંશની સત્તા સ્થાપી.

## 9.3 લોદીવંશ

### 9.3.1 લોદીઓ કોણ હતા ? :

લોદીઓના શરૂઆતના ઈતિહાસના વિષયમાં પ્રામાણિક માહિતીનો અભાવ છે. એમના મૂળ નિવાસ કે ક્ષેત્રના સંદર્ભમાં પણ ઈતિહાસકારોની વચ્ચે વિવાદ અને અલગ અલગ મત છે. ડૉ. વ બ્રિગ્સએ લોદીઓને અફઘાન કીધા છે. જ્યારે સર વુલ્જલે લોદીઓને પૂર્ણરૂપથી અફઘાન ન માની મૌલિકરૂપથી ખિલજી અથવા તુર્ક કીધા છે અને અફઘાનિસ્તાનમાં લાંબા સમયગાળાથી રહેવાને કારણે અફઘાન તરીકે ઓળખવા લાગ્યા.

અલ-ઉત્વીના મતાનુસાર એમની પ્રવૃત્તિઓથી મહમૂદ ગઝની પ્રભાવિત થયો અને એમને પોતાની સેનામાં ભરતી કર્યા. આમ, સૈનિકના રૂપમાં તેમણે ખ્યાતિ પ્રાપ્ત કરી. મુહમ્મદ તુગલકના શાસનકાળમાં તેમને ઉચ્ચ પદો જેવા કે સાંમતોના પદ પર નિયુક્ત થવાથી તેમની સ્થિતિ સુદ્રઢ થઈ. ફિરોઝશાહના સમયમાં એમનો પ્રભાવ એટલો વધ્યો કે એ પ્રાંતીય ગવર્નરોના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા. ખિજરખાએ પોતાની સેનામાં મોટી સખ્યામાં અફઘાનોની ભરતી કરી, ઉપરાંત તૈમુર પણ પોતાની સાથે અનેક અફઘાનોને લાવ્યો અને પંજાબમાં વસાવ્યા સુલતાન શાહ લોદી આ સમયનો એક ઉલ્લેખનીય વ્યક્તિ હતો અને દૌલતખાં પ્રથમ અફઘાન હતો. જે ઈ.સ. 1412માં દિલ્હીમાં પ્રભાવશાળી વ્યક્તિ માનવામાં આવતો. સૈયદવંશના સુલતાનોના શાસનકાળમાં ઘણા પ્રાંતોની સૂબેદારી લોદી અમીરોએ પ્રાપ્ત કરી હતી. આમ, ધીરેધીરે દિલ્હીની સત્તા લોદીવંશના હાથમાં આવી રહી હતી અને માટે જ ઈ.સ. 1451માં બહલોલ લોદીએ સત્તા પર અધિકાર સ્થાપિત કર્યો તો એમને કોઈ વિશેષ વિરોધ ન થયો.

દિલ્હીના તખ્ત પર લોદી વંશનો સ્થાપક બહલોલ લોદી અફઘાનોની પેટા જાતિ શાહુખેલનો હતો. તેને સુલતાન સૈયદવંશના શાસક મુહમ્મદશાહે "ખાન-એ-ખાના" ની ઉપાધિ આપી અને તેને પોતાના પુત્ર જેવો દરજ્જો આપ્યો. તેણે અંતિમ શાસક

*આલંગશાહના વજીર હમીદખાનને મારી 19મી એપ્રિલ 1451ના રોજ બહલોલ શાહગાઝી નામ ધારણ કરી. દિલ્હીની ગાદી પર બેઠો. બહલોલના શાસનકાળનું વાસ્તવિક મહત્ત્વ એ છે કે આ કાળમાં દિલ્હી સલ્તનતની પુનસ્થાપનાનો પ્રારંભ થયો. તેણે સલ્તનતના ક્ષેત્રોની સીમાનો વિસ્તાર કર્યો, અને ઉત્તર ભારતની રાજનીતિમા મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી સલ્તનતની ગુમાવેલી પ્રતિષ્ઠા પુનઃસ્થાપી અને રાજપદના ગૌરવમાં વધારો કર્યો. ઈ.સ. 1489માં સુલતાન બહલોલ લોદીનું અવસાન થયું. તે નિઃશંક પોતાના વંશનો સૌથી યોગ્ય સુલતાન હતો.*

### 9.3.2 સિકંદર લોદી :

#### 9.3.2.1 પ્રારંભિક જીવન :

*બહલોલ લોદીની ત્રીજી પત્ની દ્વારા કે જે એક સ્વર્ણકારની પુત્રી હતી.આ હેમાનો પુત્ર સિકંદર લોદી. હેમાને બહલોલ ખૂબ જ પ્રેમ કરતો હતો. હેમાના પ્રેમના કારણે બાળપણમાં નિઝામશાહના નામે ઓળખાતા સિકંદરની ઉપર પણ બહલોલને વધારે સ્નેહ હોય એ સ્વાભાવિક છે. બહલોલે ખાને-ખાના ફાર્મૂલીને નિઝામશાહનો સંરક્ષક નિયુક્ત કરી નિઝામશાહને સંભલની સૂબેદારી આપી. બહલોલ નિઝામશાહને દિલ્હીના સુલતાન તરીકે પણ જોવા માંગતો હતો.*

*નિઝામશાહ અનેક ગુણોથી પરિપૂર્ણ હતો અને એની વીરતા પર સુલતાનને પૂર્ણ વિશ્વાસ હતો.*

*નિઝામશાહે તાર-તારખાંને અંબાલાની નજીક હરાવી દીધો તો બહલોલે નિઝામને પોતાનો ઉત્તરાધિકારી ઘોષિત કર્યો. જ્યારે સુલતાન બીમાર સ્થિતિમાં હતો તો અમીરોએ તેના ઉત્તરાધિકારી વિશે પૂછ્યું તો બહલોલે નિઝામશાહને બોલાવ્યો. નિઝામશાહ ત્યારે દિલ્હીથી 80 કિ.મી. દૂર હતો તે તરત જ દિલ્હીની નજીકની છાવણીમાં આવી ગયો. પરંતુ નિઝામશાહ સહેલાઈથી દિલ્હીનો સુલતાન ન બની શક્યો. એના બે ભાઈઓ બારવકશાહ અને આજમ હુમાયુએએનો વિરોધ કર્યો. ઉત્તરાધિકારીઓના પ્રશ્ન માટે અમીરોની જ્યારે સભા થઈ ત્યારે માત્ર ખાન-ખાને ફાર્મૂલીના સહયોગથી 17જૂલાઈ 1449ના રોજ જલાલીમાં રાજ્યાભિષેક કરાવી "સુલતાન સિકંદર શાહ"નું નામ ધારણ કરીને દિલ્હીની ગાદીએ બેઠો.*

#### 9.3.2.2 લશ્કરી અભિયાન :

*પોતાના કાકા આલમખાન પાસેથી તેણે રાપરી પડાવી લીધું. પોતાના પિતરાઈ ભાઈ આઝમ હુમાયુ જે પોતાને દિલ્હીનો સુલતાન સમજીને બેઠો હતો તેને પણ સિકંદરે પરાસ્ત કરી તેના પાસેથી કાલ્પી પડાવી લીધું. ઝાલોરના વિરોધી સરદાર તાતારખાનને પણ પરાસ્ત કરવામાં આવ્યો. જોનપુરમાં પોતાની સ્વતંત્રતા જાહેર કરી બેઠેલા પોતાના મોટાભાઈ બારબકશાહને સિકંદરે ત્યાંથી હાંકી કાઢયો. ત્યારબાદ બંગાળના હુસેનશાહને પરાજય આપી સમસ્ત બિહારને સલ્તનત સાથે જોડી દીધું. આમ, સલ્તનતની સીમા લગભગ મુંગેર સુધી વિસ્તૃત થઈ.*

*સિકંદરે મધ્યભારતમાં પણ સૈનિક હાથ ધર્યું હતું. ગ્વાલિયરના રાજા માનસિંહે વગર યુદ્ધ કર્યું. સુલતાનનું આધિપત્ય સ્વીકારી લીધું અને એના તરફથી સુલતાનને અનેક નજરાણાં પ્રાપ્ત થયાં. ધૌલપુરના શાસક વિનાયકદેવને ઈ.સ.1504મા પરાજિત કર્યો એ જ વર્ષે મંદ્રૌલ પર અધિકાર કર્યો. ઈ.સ. 1507માં અવન્તપુર અને નરવર પર અધિકાર કર્યો. રાજસ્થાનના રાજપૂત શાસકો પર નિયંત્રણ રાખવા માટે સરહદ પાર 1506માં આગરા નગરનું નિર્માણ કર્યું અને રાજધાની ત્યાં સ્થળાંતરિત કરી. આમ એને તિરહુત, ધૌલપુર, ઉત્તગીર, મંદ્રૌલ,નરવર, નાગોર વગેરેને પોતાના શાસન તળે લાવી દીધાં. એના આ સૈનિક અભિયાનથી દિલ્હી સલ્તનત ફરીથી ઉત્તરી ભારતના રાજનૈતિક જીવનનું કેન્દ્ર બિંદુ બની ગયું.*

**9.3.2.3 અફઘાન અમીરો તથા જમીનદારો સાથે સંબંધ**

*સિંકદરશાહની મુખ્ય સમસ્યા અફઘાનઅમીરોની સ્વતંત્ર મનોવૃત્તિ પર અંકુશ મૂકવાની હતી. બહલોલની પ્રણાલિકા ત્યાગ કરી રાજસિંહાસન પર બેસવા લાગ્યો. અમીરોને સુંદર વસ્ત્રો તથા આકર્ષક પદ આપી એમને ખુશ કરવાનો પ્રયાસ કર્યો તો સાથેસાથે વિરોધી સરદારોને કડકમાં કડક સજા કરવામા આવી. અફઘાન જાગીરદારોની ઈચ્છા વિરુદ્ધ હિસાબી જાંચ તપાસ નાખી અને સામંત ઉપર કઠોર અનુશાસન લાગુ કર્યું. એમની જાગીરીના પ્રશાસન અને એમની આવક પર નિયંત્રણ સ્થાપિત કર્યું. આ રીતે અમીરો અને જાગીરદારો-સામંતોને અંકુશમાં લઈને તેમની પાસે શિસ્તપાલન કરાવ્યું.*

**9.3.2.4 વહીવટીતત્ર**

*વહીવટીકર્તાના રૂપમા સિકંદરે પોતાની પ્રતિભાનું સરસ પ્રદર્શન કર્યું. રાજસ્વની ચોરી કરવાવાળાને કઠોર દંડ આપવામાં આવ્યો. અલ્લાઉદ્દીન અને બલ્બનની માફક ગુપ્તચર વિભાગની સ્થાપના કરી. તેની જાસૂસી વ્યવસ્થા એટલી જડબેસલાક હતી કે સામાન્ય લોકો એવું માનતા કે સુલતાનને ભૂત-પ્રેત ગુપ્ત માહિતી પૂરી પાડે છે. સૈન્યની કાર્યકુશળતામાં પણ વૃદ્ધિ કરી. લગાન વ્યવસ્થામાં સુધારો કર્યો તથા જમીન માપણી માટે "ગજે સિકંદરી" નામક માપપટ્ટીનો પ્રયાગે કર્યો. લગાન સબંધી આંકડા એકઠા કરાવ્યા. ચીજ વસ્તુઓના ભાવનું તે જાતે જ ધ્યાન રાખતો. પ્રજાને જીવન જરૂરિયાતની વસ્તુઓ સરળતાથી મળી શકે તે માટે તેણે આંતરિક વેરાઓ નાબૂદ કર્યા. ન્યાયતંત્રને ગતિશીલતા બક્ષી, ખેતીને ઉત્તેજન આપ્યું, પ્રવાસ માટે માર્ગોને સુરક્ષિત બનાવ્યા.નિર્ધનોને આર્થિક અનુદાન મુકત ભોજન વગેરે જેવી જન કલ્યાણકારી કાર્યો પણ કરતો. તેણે વિદ્યા અને કલાને પ્રોત્સાહન આપ્યું. સિકંદર પોતે શાયરી અને સંગીતનો શોખીન હતો અને પોતે એક સારો કવિ હતો. તેણે "ગુલરુખી"ના ઉપનામથી કવિતાઓ રચી. તારીખે –દાઉદી લખે છે કે સિકંદરના શાસન-કાળમાં અનાજ, વસ્ત્ર અને જીવનજરૂરિયાતની અન્ય વસ્તુ ઘણી સસ્તી હતી.*

*વહીવટીકાર્યોમાં તે જાતે રસ લેતો. છેક પરોઢિયાથી મધરાત સુધી રાજકામમાં મગ્ન રહેતો. આમ, સક્ષમ લશ્કરી વ્યવસ્થા, પ્રજાનો સંતોષ, શાસનકાળમાં શાંતિ,*

*સુવ્યવસ્થા અને આર્થિક સંપન્નતાના કારણે સુલતાન પદના ગૌરવની પુનઃસ્થાપના તે કરી શક્યો.*

### 9.3.2.5 ધાર્મિક નીતિ

*સિકંદર ધર્માન્ધ હતો. સિકંદર એક હિંદુ માતાનો પુત્ર હોવા છતાં હિંદુ મદિરોને તોડાવી, મૂર્તિઓને નષ્ટ કરાવી, મંદિરોની જગ્યાએ મસ્જિદો બાંધવાની નીતિ અપનાવી. તેણે નગરકોટના જ્વાળામુખી દેવીની મૂર્તિના ટુકડા કરાવી કસાઈઓને માંસ જોખવા માટે આપ્યા. થાનેશ્વરના તળાવમાં તથા મથુરાના યમુના નદીના કિનારે હિંદુઓને સ્નાન તથા મુંડન કરવાની મનાઈ ફરમાવી. હિંદુઓને વટલાવવાની પ્રક્રિયાને પ્રોત્સાહન આપ્યું. બોધક નામના એક હિંદુ વિદ્વાન કે જે ઈસ્લામ અને હિન્દુ ધર્મને સમાન ગણતો હતો તેનો શિરચ્છેદ કરાવ્યો. કટ્ટર સુન્ની મુસલમાન હોવાથી મોહરમના તાજિયા પર પ્રતિબંધ મૂકયો તથા મુસ્લિમ મહિલાઓ પીરો અને ઓલિયાઓની મજાર ઉપર દર્શન કરવા ન જઈ શકે તેવો આદેશ બહાર પાડયો.*

### 9.3.2.6 મૃત્યુ :

*સતત યુદ્ધ અને સંઘર્ષના કારણે તેની તંદુરસ્તી ઉપર ખરાબ અસર થઈ. માલવા પર આક્રમણ કરીને તે બયાનાથી પરત ફર્યો તે સમયે બીમાર થયો હતો. આ બીમારીના નિદાન માટે અલગ અલગ ઉપચાર કરવામા આવ્યા જેમાં નિષ્ફળતા મળી અને 21 નવેમ્બર 1517ના રોજ સિકંદરશાહ મૃત્યુ પામ્યો.*

*આમ, સિકંદરશાહે 18 વર્ષ શાસન કર્યું. પ્રા. એલ.પી. શર્મા સિકંદરનું મૂલ્યાંકન કરતા નોંધે છે કે પોતાના પિતા દ્વારા શરૂ કરવામાં આવેલ વર્ષોને આગળ વધારવામાં તે સફળ રહ્યો હતો.*

**તમારી પ્રગતિ ચકાસો : 1**

**અ. ખાલી જગ્યા પૂરો.**

1. *દિલ્હી સલ્તનત પર તુઘલક વંશનો અંતિમ શાસક -------------હતો.*
2 *સૈયદવંશની સ્થાપના ----------------એ અને ------------સાલમાં કરી.*
3. *સુલતાન નાસિરૂદ્દીન મહમૂદના સમયમાં -------------એ ભારત પર આક્રમણ કર્યું.*
4. *સૈયદવંશના સુલતાન ખિઝરખાન પોતાને ----------તરીકે ઓળખાવતો હતો.*
5. *"તારીખે-એ-મુબારકશાહી" ના લેખક--------હતા.*

**બ. સૈયદ શાસકો વિશે ટૂંકમાં માહિતી આપો.**

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

## 9.3.3 ઈબ્રાહીમ લોદી :

*સુલતાન સિકંદરશાહના અવસાન પછી તેનો જયેષ્ઠ પુત્ર ઈબ્રાહીમ* 21 *નવેમ્બર* 1517*માં આગ્રાની ગાદી પર બેઠો.*

### 9.3.3.1 ગાદીપ્રપ્તિ અને તેના વિજય અભિયાનો

### 1 ગાદીપ્રાપ્તિ અને જલાલખાં સાથેની નીતિ

*ડૉ. અવધબિહારી પાન્ડેયના અનુસાર સિકંદર લોદીએ અમીરોની એક સભા દિલ્હીમાં આમંત્રિત કરી હતી. સભાના અમીરો અને સિકંદરના સામ્રાજયને બે ભાગમાં વિભક્ત કરવાની આશા વ્યકત કરી. આ વિભાજનનું એક કારણ રાજયવારસના યુદ્ધ પરુષ અને ગૃહયુદ્ધને ટાળવા માટેનું હતું. એમણેઈબ્રાહીમના ભાઈ જલાલને જોનપુરનો સ્વામી અને ઈબ્રાહીમને દિલ્લીના સુલતાન બનાવવાનુ નક્કી કર્યુ. પરંતુઈબ્રાહીમે આ વિભાજન સ્વીકારવાની ના પાડી. ઈબ્રાહીમે જલાલને દિલ્હી બોલાવ્યો પણ જલાલ ઈબ્રાહીમની ચાલ સમજી ગયો અને દિલ્હી ન આવ્યો તો ઈબ્રાહીમે કાલ્પી-જોનપુરમાં સૈન્યનો ઘેરો નાખ્યો. જલાલ ત્યાંથી ભાગી ગયો. ઈબ્રાહીમના સૈન્યે જલાલનો પીછો કરી તેને કેદ કરી ઈબ્રાહીમ પાસે લાવવામાં આવ્યો. પછીથી ઈબ્રાહીમે જલાલનો વધ કરાવ્યો. આમ, આ પ્રકારે તે સુલતાન બન્યો.*

### 2. રાજપૂત શાસકો સાથે યુદ્ધ :

*ગ્વાલિયરે દિલ્હીનું આધિપત્ય સ્વીકાર્યુ ન હતું અને તે વારંવાર સામે પડતા હતા. આ ઉપરાંત ગ્વાલિયરના રાજાએ જલાલને પોતાના રાજયમાં શરણાગતિ આપી હતી. ઈબ્રાહીમની સેનાએ ગ્વાલિયરને ઘેરી લીધુ. ગ્વાલિયરના રાજા વિક્રમાજીતે સુલતાનનું આધિપત્ય સ્વીકાર્યું. આધીનતા સ્વીકારી. ઈબ્રાહીમ લોદીએ ગ્વાલિયરને પોતાના આધિપત્યમાં લઈ વિક્રમાજીતને શમ્સાબાદનો હાકિમ પદે નિયુક્ત કર્યો.*

*ઈબ્રાહીમ મધ્ય ભારતમા આગળ વધી તેને સલ્તનતના આધિપત્ય નીચે લાવવા માગતો હતો. પરંતુ એના માર્ગમા મેવાડના રાજા સંગ્રામસિંહ નડતો હતો. તેણે મેવાડ પર ત્રણ વખત આક્રમણ કર્યું છતાં તે રાજપૂતોને હરાવી શકયો નહિ. ઉપરથી રાણા સંગ્રામસિંહે અજમેર, નાગોર, માળવા અને ચંદેરી પડાવી લીધા.*

### 3. અફઘાન અમીરો સાથે સઘર્ષ

*આજમ હુમાયુ જેણે જલાલને સાથ આપ્યો તેને બંદી બનાવી લેવામાં આવ્યો અને જેલમાં તેનું મૃત્યુ થયું. આજમખાંના બીજા પુત્ર ઈસ્લામખાંએ વિદ્રોહ કર્યો. તેણે અનેક અમીરોનો સાથ લઈ આગ્રા તરફ કૂચ કરી. ઈબ્રાહીમ પણ પોતાની સેના સાથે વિદ્રોહીઓના દમન માટે નીકળ્યો. બન્ને સેના વચ્ચે ભયંકર યુદ્ધ થયું. જેનું પરિણામ*

*સુલતાનના પક્ષમાં આવ્યું. અહમદ યાદગાર આ યુદ્ધના સંદર્ભમાં લખે છે કે લાશોના ઢગલા થઈ ગયેલા અને યુદ્ધ ક્ષેત્ર આ ઢગલાઓથી ઢંકાઈ ગયું. પૃથ્વી પર પડેલ માથાઓની સંખ્યા અસંખ્ય હતી.*

**4. ગૃહ નીતિ**

*બિહારના દરિયાખાં નૂહાની એ બગાવત કરેલ. પરંતુ આ સમયે તેનું મૃત્યુ થયું અને આ વિદ્રોહની આગેવાની તેના પુત્ર બહાદૂરખાં એ લીધી. પોતાને સ્વતંત્ર શાસક ઘોષિત કરી પોતાના નામના સિક્કા પડાવ્યા. ઈબ્રાહીમના રોકવા છતા તે તેણે સંભલ સુધી પોતાનું રાજ્ય પ્રસ્થાપિત કર્યું.*

*બહાદુરખાંના આ વિદ્રોહથી ઈબ્રાહીમ હવે ઘણો સતેજ થઈ ગયો હતો. તેને પંજાબના સૂબા દોલતખાં લોદીથી આ પ્રકારનો થોડો ભય હતો.માટે તેને તેણે દોલતખાંને દિલ્હી બોલાવ્યો. જેમાં દોલતખાં ન આવતાં પોતાના પુત્ર દિલાવરખાંને મોકલી દીધો. જેમાં તેણે દિલાવરખાં સાથે અપમાનજનક વર્તન કર્યું. જેનાંથી દોલતખાએ નારાજ થઈ કાબૂલના સુલતાન બાબર સાથે મિત્રતા કેળવવાનાં પ્રયાસ કર્યા અને તેને ભારત પર આક્રમણ કરવા આમંત્રિત કર્યો.*

**5 ઈબ્રાહીમ અને બાબર**

*ઈ.સ. 1514માં કાબૂલ જીત્યા પછી બાબરની નજર હવે ભારતના ફળદ્રુપ પ્રદેશ પર હતી.ઈ.સ. 1519માં તેણે ભારતના પ્રદેશ પર ચઢાઈ કરી અને ત્યાર બાદ ત્રણ વાર ઉત્તર ભારતના સરહદી વિસ્તાર પર ચઢાઈ કરી અને લૂંટફાટ કરી. પરંતુ ઈબ્રાહીમ લોદીના શાસનકાળમાં આંતરવિદ્રોહો અને કુશાસનની પરિસ્થિતિ વચ્ચે ભારત તરફ પ્રસ્થાન કરી 21, એપ્રિલ 1526પાણીપતના મેદાનમાં ઈબ્રાહીમને પરાજિત કર્યો અને તેને મારી નાંખ્યો. બાબર પોતે દિલ્હીનો સ્વામી બન્યો અને મઘલ વંશની સ્થાપના કરી.*

*આમ, ઈબ્રાહીમ લોદીના મૃત્યુનીસાથે જ દિલ્હી સલ્તનતની સમાપ્તિ થઈ ગઈ અને મુઘલવંશનો પ્રારંભ થયો.*

**(ખ) તમારી પ્રગતિ ચકાસો 2**

**અ. લોદીઓ કોણ હતા તે જણાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**બ. જોડકા જોડો.**

| | |
|---|---|
| 1. *બહલોલ લોદી* | A *સિકંદરીગજનો શોધકર્તા* |
| ૨. *સિકંદર લોદી* | B *લોદીવંશનો સ્થાપક* |
| 3. *ઈબ્રાહીમ લોદી* | C *સિકંદરનો ઉત્તરાધિકારી* |

4. *સંગ્રામ સિંહ* D *મેવાડના રાજા*

5. 1526 E *ઈબ્રાહીમની રાજગાદી પ્રાપ્તિ*

6. *ઈ.સ.* 1517 F *પાણીપતનું યુદ્ધ*

**3.સિકંદરશાહ લોદીની ધાર્મિકનીતિ વિશે ટૂંકમાં જણાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 9.4 મૂલ્યાંકન

*ઉપર આપણે સૈયદ શાસકો અને લોદી શાસકોનો અભ્યાસ કર્યો. સાથે સાથે આ સમયની દિલ્હી સલતનતની સ્થિતિનો પણ અભ્યાસ કર્યો. તુઘલક શાસકોના પતન પછી દિલ્હી સલતનતની ચઢતી –ઉતરતી સ્થિતિ અને ત્યાર બાદ બાબરના આક્રમણથી તેના હાન્ય અને મુઘલ સત્તાની સ્થાપના વિશે જાણ્યું. ઈતિહાસમાં સિકંદરશાહ લોદી અને ઈબ્રાહીમલોદીના યુદ્ધ અભિયાનો અને આંતરિક કલેહથી સત્તાનો પલટોએ નોંધપાત્ર બાબત છે.*

## 9.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો 1

**અ. ખાલી જગ્યા પૂરો.**

1. *નાસિરુદ્દીન મહંમદ*
૨. *ખિઝરખાન, ઈ.સ.*1414
3. *તૈમૂર*
4. *"રૈયત-એ-આલા"*
5. *યાહ્યા ઈબ્ન સરહિન્દી*

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો 2**

*(બ) જોડકા જોડોના જવાબો*

1-B
2-A
3-C
4-D
5-F
6-E

## 9.6 સદર્ભ ગ્રથો


1. *ડૉ. ઈશ્વરભાઈ ઓઝા,* **મધ્યયુગીન ભારતનો ઈતિહાસ (સલતનતકાળ)**, *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ* 2011.

૨. *ડૉ. પી.એન. ચોપરા (સંપાં)* **ભારતનુ ગેઝેટિયર- ઈતિહાસ અને સંસ્કૃતિ,** *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ* 2001
3. अमरेन्द्र कुमार सिंह, भारत में मुस्लिम साम्राज्य, पुष्पांजली प्रकाशन, दिल्ही, प्रथम संस्करण, २०१२.
4. डॉ. कैलाश खन्ना, मध्यकालीन भारतका इतिहास, अर्जुन पब्लीसिंग हाउस, दिल्ही, प्रथम संस्करण, २०१४
5. इमत्याज अहमद, मध्यकालीन भारत (8वी से 18वी शताब्दी) एक सर्वेक्षण, नेशनल पब्लीकेशन, पटना, पुनरिक्षित एवं संवर्धित संरक्षण, २००३.

# એકમ-10 દિલ્હી સલ્તનત સમયના ભારતની રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતિ

રૂપરેખા :


**10.0 ઉદેશો.**

**10.1 પ્રસ્તાવના.**

**10.2 દિલ્હી સલ્તનતની સ્થાપના**

**10.3 સલ્તનત સમયના ભારતની રાજકીય સ્થિતિઃ**

- **10.3.1 રાજવંશો અને સલ્તનતનો વિસ્તારઃ**
  - **10.3.1.1 ઈલ્બરી(ગુલામ) વંશ.**
  - **10.3.1.2 ખિલજી વંશ.**
  - **10.3.1.3 તુગલક વંશ.**
  - **10.3.1.4 સૈયદ વંશ.**
  - **10.3.1.5 લોદી વંશ.**
  - **10.3.1.6 પ્રાદેશિક સત્તાઓ.**
- **10.3.2 સલ્તનતનું વિઘટન**
- **10.3.3 વહીવટીતંત્ર**
  - **10.3.3.1 કેન્દ્રીય વહીવટીતંત્ર.**
  - **10.3.3.2 પ્રાંતિક વહીવટીતંત્ર.**
  - **10.3.3.3 મહેસૂલી વહીવટ.**
- **તમારી પ્રગતિ ચકાસો. 1**

**10.4 સલ્તનત સમયના ભારતની સામાજિક સ્થિતિ.**

- **10.4.1 હિંદુ સમાજ.**
- **10.4.2 મુસ્લિમ સમાજ.**
- **10.4.3 હિંદુ-મુસ્લિમ સમન્વય.**
- **તમારી પ્રગતિ ચકાસો. 2**

**10.5 સલ્તનત સમયના ભારતની આર્થિક સ્થિતિ.**

- **10.5.1 ખેતી**
- **10.5.2 ઉદ્યોગ-ધંધા**
- **10.5.3 વેપાર-વાણિજ્ય**
- **10.5.4 વિનિમય વ્યવસ્થા**
- **તમારી પ્રગતિ ચકાસો. 3**

**10.6 સારાંશ**

**10.7 ચાવીરૂપ શબ્દો**

**10.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**10.9 સંદર્ભ ગ્રંથો**

## 10.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોથી અવગત થશો.*

- *સલ્તનત સમયના ઈતિહાસના સાધનો.*
- *સલ્તનતની સ્થાપના, દ્રઢીકરણ અને વિસ્તાર અને વિઘટન*
- *સલ્તનત સમયનો રાજકીય, આર્થિક અને સામાજિક સ્થિતિ.*
- *સલ્તનતના વિઘટનના પરિબળો.*
- *સલ્તનત સમયનું વહીવટીતંત્ર.*

## 10.1 પ્રસ્તાવના

*તમે આ અગાઉ ભારતીય ઈતિહાસના ગુર્જર પ્રતિહાર સામ્રાજ્ય વિભાજનના કારણે ઉત્પન્ન થયેલી વ્યવસ્થાથી પરિચિત થયા છો. આ એકમમાં દિલ્હી સલ્તનત વિશે સમજ વિકસાવીશુ. અહી તમે સલ્તનત (તુર્ક-અફઘાન) સત્તાના પ્રારંભ સમયની અને લગભગ ત્રણેક સદી સુધીના સલ્તનતકાલીન રાજ્ય, સમાજ અને અર્થકારણ વિશે જાણશો.*

*મોટા ભાગના ઈતિહાસકારો ભારતમાં સલ્તનતના ઉદયથી મરાઠા સત્તાના અંત (ઈ.સ.1818) સુધીના કાલને મધ્યયુગ માને છે. ભારતમાં મુસ્લિમ આક્રમણોમાં ઈ.સ.712નું મોહમ્મદ-બિન- કાસિમનું આક્રમણ પહેલ વહેલું ગણાય છે. જે ભારત માટે નવા યુગની એંધાણી સમાન હતું. તેના પછી મહમૂદ ગઝનવી વગેરે મુસ્લિમ આક્રમણો સુધી તેમનો મુખ્ય આશય ભારતીય ધન સમૃદ્ધિ રહી પરંતુ શહાબુદ્દીન ઘોરીનું ઈ.સ.1192નું આક્રમણ ભાવી ભારતના રાજકારણમાં ગહન બદલાવ લાવનાર સાબિત થયું. અંતે ઈ.સ.1206માં કુતુબુદ્દીન ઐબક દિલ્હીનો પહેલો સુલતાન થયો.*

*આ સમય બે સંસ્કૃતિઓના સામ-સામે અથડાવાનો હતો. તેમ છતાં સાંપ્રદાયિકતા અને સમન્વય આ સમયની મુખ્ય દેન રહી. તુર્કો ભારતમાં નવા અને અજાણ હોઈ પ્રારંભમાં ભારતની પુરાણી વહીવટી વ્યવસ્થા ચાલુ રાખી. પ્રારંભમાં સાર્વભૌમ સત્તાની કાયદેસરતા સ્થાપવા ખલીફા સાથે સબંધ સ્થાપિત કર્યો. આ એકમનો અભ્યાસ કરતાં તમારે એ બાબત ખાસ ધ્યાનમાં લેવી જોઈએ કે તુર્કોની મહેસૂલી વ્યવસ્થા અને ઈકતા પ્રણાલી એ બે આ યુગના સમગ્ર વહીવટીતંત્રનો આધાર હતો. આજ પ્રણાલીએ આગળ જતાં ઉમરાવોને શક્તિશાળી બનાવ્યા જેમણે કેન્દ્રીય સત્તાને નબળી પાડી અને સલ્તનતનું વિઘટન થયું.*

## 10.2 દિલ્હી સલ્તનતની સ્થાપના

*સમ્રાટ હર્ષવર્ધનના મૃત્યુ પછી ભારતમાં ગુર્જર પ્રતિહારો, દખ્ખણમાં રાષ્ટ્રકૂટો તથા બંગાળમાં પાલ વંશની સત્તાઓ પ્રવર્તી અને પરસ્પર લડીને દશમી સદીના અંતે તેમનો અસ્ત થયો. ભારતમાં પ્રતિહાર, ચાલુક્ય, ચૌહાણ અને સોલંકીઓ વગેરે નાનાં મોટાં અનેક રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં. ભારત પર પ્રથમ આક્રમણ કરનાર મુસ્લિમો*

આરબો હતા જે સહિષ્ણુ અને ઉદાર હતા. સિંધમાં ઈ.સ.૭૧૨માં મોહમ્મદબિન કાસિમે મુસ્લિમ સત્તા સ્થાપી. આમ, ૧૦મી સદીથી ભારતની નિર્બળ રાજકીય સ્થિતિથી ભારતમાં મુસ્લિમ આક્રમણો માટેનો માર્ગ મોકળો બન્યો હતો.

તુર્કો મધ્ય એશિયાના હૂણ જાતિના હતા અને તેઓ મધ્ય એશિયા, મધ્યપૂર્વ એશિયામાં આરબોના સંપર્કમાં આવ્યા ને તેમણે મુસ્લિમ ધર્મ અપનાવ્યો આરબો કરતાં તુર્કો વધુ લડાયક, વીર, સાહસિક, ધર્મઝનૂની તથા મહત્ત્વાકાંક્ષી હતા. ઈ.સ. ૯૩૨માં અલપ્તગીન નામના તુર્કે ગઝનીમાં (અફઘાનિસ્તાન) સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. જેમાં આગળ ચાલતાં મહમૂદ ગઝની સત્તા પર આવ્યો. ડૉ. ઈશ્વરીપ્રસાદ નોંધે છે તેમ, “મહમૂદના આક્રમણોનો મૂળભૂત ઉદ્દેશ રાજ્ય જીતવાનો નહીં, પરંતુ ધન લૂંટાવાનો હતો, વિજય મેળવવાનો નહીં પરંતુ મૂર્તિપૂજાનો નાશ કરવાનો હતો.” આમ, તેણે ઈ.સ.1000 થી 1026 સુધીમાં ભારત પર સત્તર વાર આક્રમણો કર્યા. સોમનાથ પરની તેની ચડાઈ અને બર્બરતા જાણીતી છે. ઈ.સ.1030માં તે મૃત્યુ પામ્યો. તેના પછી મુહમ્મદ ઘોરીના આક્રમણો સુધીના બસો વર્ષો સુધી વાયવ્ય સરહદે શાંતિ રહી. પરંતુ અફઘાનિસ્તાનમાં શંસબની વંશનો ઘોર વંશ સત્તા પર આવ્યો.

મુહમ્મદ ઘોરીએ પ્રારંભમાં પંજાબ અને સિંધ મેળવવાના ઉદ્દેશથી આક્રમણો કર્યા અને ઘણા પ્રદેશો કબજે કર્યા. હવે તેણે ભારતમાં આગળ વધવાનું નક્કી કરી ઈ.સ. 1191માં ભટીંડા પર આધિપત્ય સ્થાપ્યું. ઈ.સ.1191ના તરાઈના પ્રથમ યુદ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણ સામે તેની હાર થઈ. આ તરાઈના યુદ્ધમાં કનોજ સિવાયનાં તમામ રાજપૂત રાજાઓએ પૃથ્વીરાજ ચૌહાણને મદદ કરી એ નોંધપાત્ર હતું. ઘોરીએ પુનઃ બીજું આક્રમણ ઈ.સ.૧૧૯૨માં મોટા સૈન્ય સાથે આક્રમણ કરી તરાઈના બીજા યુદ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણને હાર આપી દિલ્હી જીતી લીધું. આ જીતાયેલા રાજ્યને પોતાના વફાદાર ગુલામ કુતુબદ્દીન ઐબકને વિશાળ સત્તાઓ આપી મુહમ્મદ ઘોરી પાછો ફર્યો. ઈ.સ. ૧૨૦૬માં ગક્કરો અને પંજાબના બળવાઓને કાબુ કરવા તેને ભારત આવવું પડ્યું ને તેનું દમન કર્યા પછી ગઝની જઈ રહ્યો. જ્યાં ૧૫મી માર્ચ,1206માં ઘોરીનું મૃત્યુ થયું. આમ, તેણે ઉત્તર ભારતમાં વિશાળ પ્રદેશો પર મુસ્લિમ સત્તા સ્થાપી.

## 10.3 સલ્તનત સમયના ભારતની રાજકીય સ્થિતિ

### 10.3.1 રાજવંશો અને સલ્તનતનો વિસ્તાર

#### 10.3.1.1 ઈલ્બરી(ગુલામ) વંશ

ડૉ. એ.એલ.શ્રીવાસ્તવ આ વંશને જે ગુલામવંશ કહેવામાં આવે છે તે શબ્દ પ્રયોગને ખોટો માને છે. આ વંશનું નામાભિધાન ગુલામવંશ એટલા માટે થયું કે આ વંશના નવ સુલતાનોમાંના પ્રારંભિક ત્રણ સુલતાનો ગુલામ હતા. જોકે ગુલામવંશના સુલતાનો મામ્લૂક કે મામલૂક જાતિના તુર્કો હોઈ તે વંશને મામલૂક વંશ પણ કહે છે.

કુતુબદ્દીન ઐબક (ઈ.સ.1206-1210) ઘોરીના અવસાન પછી દિલ્હીમાં સત્તા પર આવ્યો. મુહમ્મદ ઘોરીના અન્ય સરદારો જેવા કે ગઝનીમાં તાજુદ્દીન યિલ્દૂઝ,

મુલતાનમાં  નાસિરુદ્દીન કુબાચા અને બંગાળમાં ઈખ્તિયાર-ઉદ્દીન પણ સત્તા પર આવ્યા. પરંતુ તેમાં અંતે ઐબકે સત્તા પ્રાપ્ત કરી. મુહમ્મદ ઘોરીએ ભારતમાં સામ્રાજ્યના શાસક તરીકે ઐબકને નીમ્યો હતો. તેણે ઈન્દ્રપ્રસ્થને પોતાની રાજધાની બનાવી. ઝાંસી, મીરત, દિલ્હી, રણથંભોર, કોલ ઉપરાંત કાલિંજર અને ગુજરાતને તેણે જીતી સમગ્ર ઉત્તર ભારતનો તે શાસક બન્યો. તેનો રાજ્યાભિષેક 24 જૂન, 1206ના રોજ થયો.તેમ છતાં તેણે 'મલિક' અને સિપાહસાલાર'ની જ ઉપાધિથી સંતોષ માન્યો. તેણે પોતાના નામના સિક્કા પડાવ્યા નહી  કે 'ખુત્બો'પઢાવ્યો નહોતો. ઈ.સ.1208માં ઘોરીના વારસદાર ગ્યાસુદ્દીન મોહમ્મદ ઘોરીએ તેને ગુલામમાંથી મુક્ત કરી રાજચિહ્ન અને ધ્વજ તથા 'સુલતાનની ઉપાધિ આપી હતી. કુતુબુદ્દીન ઐબકમાં રચનાત્મક શક્તિનો અભાવ હોઈ તે સુદ્રઢ શાસનવ્યવસ્થા સ્થાપી શક્યો નહોતો. ગાદી પ્રાપ્તિ પછી તેણે નવા વિજયો કર્યા ન હતા. નવેમ્બર 1210માં લાહોરમાં પોલો રમતમાં ઘોડા પરથી પાડી જતાં તેનું મૃત્યુ થયું. ફારસી સાહિત્યનો શોખીન તથા સાહિત્યકારોનો પોષક હોઈ તે 'લખ-બક્ષ' કહેવાતો. તેણે સ્થાપત્ય ક્ષેત્રે રુચિ દાખવી દિલ્હીમાં જામે મસ્જિદ (કુવ્વતુલ ઈસ્લામ મસ્જિદ), અજમેરમાં મસ્જિદ (ઢાઈ-દિન કા ઝોપડા) બંધાવી તથા કુતુબમિનારના બાંધકામની શરૂઆત કરાવી હતી. ડૉ. વી. એસ. ભાર્ગવના શબ્દોમાં "એક રાજવંશની સ્થાપનામાં ઐબકનું તે જ સ્થાન છે જે બાબરનું મોગલવંશની સ્થાપનામાં છે. ચાર વર્ષના તેના શાસનકાળમાં તેણે સલ્તનતનો પાયો નાંખી ઈસ્લામની ભારે મોટી સેવા કરી."
ડૉ. છોટુભાઈ નાયકની નોંધ પ્રમાણે ઐબક પછી તેનો પુત્ર આરામશાહ ગાદીએ આવ્યો જે અયોગ્ય શાસક હતો. તેથી ઈ.સ.1211માં કુતુબદ્દીનના જમાઈ ઈલ્તુત્મિશે દિલ્હીના તુર્કી અમીરોની ઈચ્છાથી અને પોતાની શક્તિથી દિલ્હીની ગાદી પ્રાપ્ત કરી. શમ્સ-ઉદ્દીન-ઈલ્તુત્મિશ તુર્કોની ઈલ્બેરી શાખાનો હતો. તે ખૂબ સૌંદર્યવાન અને બુદ્ધિશાળી હતો અને ઐબકનો ગુલામ હતો. તેની યોગ્તતાને કારણે ઐબકે પોતાની પુત્રીને તેની સાથે પરણાવી હતી.

ઈલ્તુત્મિશને ખલીફા તરફથી સુલતાનની માન્યતા મળી હતી. તેણે પોતાની યોગ્યતા પુરવાર કરી હતી.ખિલજી માલિકોના ઉપદ્રવ, મુલતાનમાં કુબચાની શક્તિમાં વૃદ્ધિ, ગઝનીમાં યલ્દિઝનો ભય, રાજપૂત રાજ્યોના વિદ્રોહો, ગક્કારોની સમસ્યા, અમીરો, સરદારોનો વિરોધ વગેરે જેવી મુશ્કેલીઓનો મક્કમતાથી સામનો કર્યો. તેણે ૪૦ તુર્ક ગુલામ અધિકારીઓનું એક સંગઠન બનાવ્યું હતું. જે 'તુર્કાન-ઈ-ચિહિલગાની' તરીકે ઓળખાતું હતું. બલ્બન તેનો સભ્ય હતો જે આગળ જતાં સુલતાન થયો હતો. ઈ.સ.1235માં તેના મૃત્યુ સમયે મોટા ભાગનું ઉત્તર ભારત તેના સામ્રાજ્યમાં આવી જતું હતું. ડૉ. નાયકના મતે ઈલ્તુત્મિશ જ ગુલામવંશનો સાચો સ્થાપક હતો. કેમ કે તેણે પોતાની શક્તિથી અસંગઠિત રાજ્યને સંગઠિત કર્યું. તેણે ઐબકના જીતાયેલા પ્રદેશોનું શાસન સુદ્રઢ તથા વ્યવસ્થિત કર્યું પરંતુ તે સ્થાયી વહીવટીતંત્ર સ્થાપી શક્યો નહોતો.તેણે બહુલ હિંદુ પ્રજા પ્રત્યે ઐબક જેવી જ અસહિષ્ણુ નીતિ અપનાવી હતી.

ઈલ્તુત્મિશ પછી તેની પુત્રી રઝિયા સુલતાના (ઈ.સ.1236 થી 1240) શાસક બની. સ્વયં ઈલ્તુત્મિશે પોતાના અયોગ્ય પુત્રોને સ્થાને રઝિયાને પોતાની ઉત્તરાધિકારી સ્થાપી હતી. અમીરોનો રોષ અને ખટપટો હોવા છતાં 6 નવેમ્બર,1236માં રઝિયા દિલ્હીના પાયતખ્ત પર આરૂઢ થઈ. અમીરો, પોતાના ભાઈઓની વિરોધી પ્રવૃત્તિઓ, રજપૂતોના વિદ્રોહોનો રઝિયાને સામનો કરવો પડ્યો. રાજ્યની નિર્બળ સ્થિતિમાં મુલતાન, બદાયૂં, ઝાંસી, લાહોરના સુબોઓએ રઝિયા વિરુદ્ધ વિદ્રોહો કર્યા. ૧૩ ઓક્ટોબર,1240માં કૈથલ નજીકના નિર્ણાયક યુદ્ધમાં રઝિયાની હાર થઈ અને આમ તેના શાસનો અંત આવ્યો. દિલ્હીની ગાદીએ બેસનાર તે પ્રથમ સ્ત્રી શાસક હતી. સાડા ત્રણ વર્ષના શાસનમાં તેણે સફળ શાસકની જેમ પોતાને પુરવાર કરી. મિનહાજ-ઉસ-સિરાજ તેની પ્રશંસામાં લખે છે કે, “મહાન સુલતાના ન્યાયી, ઉદાર, વિદ્વાનોની પુરસ્કર્તા અને ન્યાયની દાતા હતી. એક શાસકમાં હોવા જોઈતા તમામ ગુણો અને લાયકાત તેનામાં વિદ્યમાન હતા.” તેમછતાં તેનો દોષ એ હતો કે તે સ્ત્રી હતી અને તેથી તુર્કી અમીરો, સરદારો તેણે ઘ્રુણાની નજરે જોતા. ડૉ. એ.એલ.શ્રીવાસ્તવના નોધ્યા પ્રમાણે, “મૂળ કારણ તો તુર્ક અમીરોની શક્તિ અને સત્તા પર રઝિયાએ મૂકેલો કાપ તેના અંત માટે જવાબદાર હતો.”

રઝિયાના પતન પછી ઈલ્તુત્મિશનો ત્રીજો પુત્ર મુઈઝુદ્દીન બેહરામશાહ(ઈ.સ.1240 થી 1242) અને પછી ઈલ્તુત્મિશનો પૌત્ર અલાઉદ્દીન મસૂદશાહ (ઈ.સ.1242 થી 1246)ને તુર્ક સરદારોએ ગાદીએ બેસાડ્યો. મસૂદશાહ અયોગ્ય હોવાથી તેના સ્થાને ઈલ્તુત્મિશના ત્રીજા પુત્ર નાસિરુદ્દીન (ઈ.સ.1246 થી 1266)ને ગાદીએ બેસાડવામાં આવ્યો અને તેનું શાસન તેના સસરા વઝીર બલ્બનના હાથમાં રહ્યું. તે ઈ.સ.1266માં મૃત્યુ પામ્યો ત્યારે સામ્રાજ્ય માટે બલ્બનને ઉત્તરાધિકારી જાહેર કરતો ગયો હતો.

બલ્બન ઈલ્બરી તુર્ક કુટુંબનો હતો. ઈલ્તુત્મિશે તેણે ખરીદેલો. એક ભીસ્તીની કામગીરી કરનાર બલ્બન પોતાની પ્રતિભા, વફાદારી અને પુરુષાર્થથી ‘ચાલીસના દળનો સભ્ય, રઝિયાના વખતમાં ‘અમીર-ઈ-શિકાર’, બહેરામશાહના સમયમાં રેવાડી અને હાંસીનો જાગીરદાર અને નાસિરુદ્દીનના સમયમાં ‘નાયબ-ઈ-મુમલિકન’ (રાજ્યનો નાયબ) બન્યો હતો. તેણે નાસિરુદ્દીન સાથે પોતાની પુત્રી પરણાવી સલ્તનતના દરબારમાં મુખ્ય પ્રધાન બન્યો. સુલતાન નાસિરુદ્દીનના વઝીર તરીકે અને પછી સુલતાન તરીકેની તેની કારકિર્દી સિદ્ધિઓથી સભર રહી.વઝીર તરીકે રાજ્યમાં બળવાઓનું શમન કરી સુલતાનની સત્તા પુનઃ સ્થાપી. સરહદી પ્રાંતોની અરાજકતાને કાબૂમાં લઈ ત્યાં શાંતિ સ્થાપી. રૈહાન જેવા ભારતીય મુસલમાનોનાં કાવતરાં નિષ્ફળ બનાવી વિદ્રોહીઓનું દમન કર્યું. ઈ.સ. 1257 અને 1260 દરમ્યાન મોંગોલ ભયને દૂર કરવામાં સફળ રહ્યો ને આમ 20 વર્ષ સુધી સુલતાનના વફાદાર તરીકે સેવા કરી. નાસિરુદ્દીન અપુત્ર મૃત્યુ પામતાં બલ્બન ગ્યાસુદ્દીન બલ્બનના નામે દિલ્હીના પાયતખ્ત પર બેઠો.તેણે સુલતાન તરીકે રાજાશાહીની દ્રઢ સ્થાપના કરી. ભયાવહ અંગરક્ષકો, ઈરાની તહેવાર નૌરોજ, દરબારમાં

*હસવા પર પ્રતિબંધ મૂક્યો ને એ પ્રસ્થાપિત કર્યું કે સુલતાન કોઈનો સમકક્ષ નથી, તે સૌથી ઉપર છે.*

*સુલતાનની નિરંકુશતાને આડે અમીરો અને તેમનું 'ચાલીસનું દળ' આવતું હોઈ તેનો નાશ કર્યો. ગુપ્તચર વિભાગ અને સેનાનું પુનઃગઠન કર્યું. તેના લશ્કરી સુધારાઓથી બળવાખોરોનું વર્ચસ્વ ઘટ્યું તો આંતરિક અને બાહ્ય બળવાઓને અંકુશમાં લાવી શક્યો. પ્રો. એસ.આર.શર્મા નોંધે છે તેમ "ન્યાયના અમલમાં તે ખૂબ જ કઠોર હતો. જાતિ, મિત્રો, પુત્રો કે નોકરો કોઈપણ સાથે તે પક્ષપાત કરતો નહિ." અમીર ખુશરો, હસન નિઝામી વગેરે તેના દરબારના વિદ્વાનો હતા. ઈ.સ. ૧૨૮૭માં શાહજાદા મુહમ્મદના પુત્ર કૈખુશરોને ઉત્તરાધિકારી જાહેર કર્યો ને મૃત્યુ પામ્યો. ડૉ. ઈશ્વરીપ્રસાદ નોંધે છે કે, "અવિશ્રાંત રૂપમાં ક્રિયાશીલ બલ્બનનો ચાલીસ વર્ષનો કાર્યકાળ મધ્યયુગીન ભારતીય ઈતિહાસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે." આમ સમગ્ર રીતે જોતાં તેણે શિશુ અવસ્થાના મુસ્લિમ રાજ્યને સુરક્ષિત રાખ્યું. તો પણ તેનામાં રચનાત્મક કાર્યો કે પ્રજા માટે કોઈ પગલાં લઈ શક્યો નહિ કે કોઈ સંસ્થાઓ સ્થાપી શક્યો નહિ. બલ્બનના અવસાન પછી મુસ્લિમ સરદારો અને તુર્ક ઉમરાવોએ કૈખુશરોને સ્થાને બુઘ્રાખાનના પુત્ર કૈકુબાદ (ઈ.સ. 1287 થી 1290)ને ગાદીએ બેસાડ્યો અને તુર્ક સરદારો વાસ્તવિક સત્તાધિશો બન્યા. દરબાર તુર્ક સરદારો અને ખિલજી(અફઘાન) ઉમરાવો વચ્ચે સત્તા માટે સાઠમારી શરુ થઈ ને અંતે ખિલજી અમીરોનો નેતા જલાલુદ્દીન ખિલજી દિલ્હીની ગાદીએ આવ્યો તથા મામલૂક કે ગુલામવંશનો અસ્ત થયો.*

**10.3.1.2 ખિલજી વંશ**

*જલાલુદ્દીન ખિલજીએ(ઈ.સ.1290-1296) દિલ્હીમાં ખિલજી વંશની સત્તા સ્થાપી. તે વૃદ્ધ હોઈ તેના મહત્ત્વાકાંક્ષી ભત્રીજા અલાઉદ્દીનનો પ્રભાવ વધ્યો. તેણે પોતાના કાકા જલાલુદ્દીનને મારી નંખાવ્યો અને પોતે ઈ.સ. 1296માં સુલતાન બન્યો. સલ્તનતના સુલતાનોમાં અલાઉદ્દીન (ઈ.સ.1296-1316) સૌથી સફળ સાબિત થયો. તેણે અનેક વિજયો કર્યા અને શાસનવ્યવસ્થામાં સફળતા મેળવી. રણથંભોર, ચિત્તોડના અજેય ગઢ જીત્યા. માળવા, જાલોર અને ગુજરાતનાં હિંદુ રાજ્યો પણ જીત્યાં. વળી તેનો સેનાપતિ મલિક કાફૂરે દક્ષિણમાં દેવગિરિના યાદવો, વારંગલના કાકતિયો, દ્વાર સમુદ્રના હોયસળો તથા મદુરાના પાંડ્યોને પણ હરાવ્યા અને તે રીતે દક્ષિણ ભારતમાં લૂંટ, ખંડણીથી અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી. આમ સુલતાન અલાઉદ્દીનને ઉત્તર અને દક્ષિણ ભારતમાં વિશાળ પ્રદેશો પર સલ્તનતની સત્તા પ્રસારી. (જુઓ નકશાનં.૧.)*




**1. ખિલજીકાલીન ભારત ઈ.સ.1290 થી 1296**

*તેણે આંતરિક બળવાઓને શમાવ્યા તથા જાસૂસી વ્યવસ્થા દુરસ્ત કરી. લોકો અને અમીરોના એકઠા થવા પર રોક લગાવી, દારૂ પર પ્રતિબંધ લગાવ્યો, ધાર્મિક મદદો ને દાનની જમીનો પાછી લઈ લીધી. મહેસૂલ ઉગરાવવા કડક આદેશો બહાર પાડ્યા. તે પૃથ્વી પર ઈશ્વરના નાયબ તરીકેનો દાવો કરતો. તે માનતો કે ધર્મને રાજનીતિ સાથે કોઈ લેવાદેવા નથી. હિંદુઓ પ્રત્યે કઠોર નીતિ અપનાવી જઝિયા, જકાત ઉપરાંત અન્ય કરવેરા નાંખ્યા.તેણે સ્થાયી લશ્કરની સ્થાપના કરી અને સૈનિકોની ભરતી તથા રોકડ પગારની નીતિ અપનાવી. ઘોડા પર 'દાગ પ્રથા' શરુ કરી જેથી લશ્કરમાં ઘોડા બાબતે દગો થાય નહિ. તે જાતે લશ્કરનું નિરીક્ષણ રાખતો. તેના આર્થિક સુધારા-ભાવનિયમન અને બજાર નિયંત્રણને સમકાલીન ઈતિહાસકાર ઝિયા-ઉદ્દીન-બર્ની તો 'અજાયબી' કહી મૂલવે છે. પૂરતાં પ્રમાણમાં પૂરવઠાની જોગવાઈની વ્યવસ્થા કરી હતી. મહેસૂલ પણ રોકડને બદલે અનાજ અને ઊપજના સ્વરૂપે લેવાની શરૂઆત કરી હતી.તેણે સંગ્રહખોરી પર નિયંત્રણ મૂકતાં કડક પ્રતિબંધો લાદ્યા હતા. લોનો અને લાઈસન્સની પ્રથા દાખલ કરી અનાજને સરકારી લાઈસન્સદારોને નક્કી ભાવે વેચવાની વ્યવસ્થા કરી. તેણે બજાર પર અંકુશ રાખવા વિશેષ ખાતાં શરુ કરી તેના અધિકારી તરીકે દીવાને-રિસાયત' અને 'શહનાયે-મંડી'ની નિયુક્તિ કરી હતી. તેણે એટલા કડક આદેશો કર્યા હતા કે કોઈ પણ ભ્રષ્ટાચાર કે ઓછુ તોલમાપ કરતાં ડરતું હતું. આમ સુલતાન અલાઉદ્દીન બાહોશ સૈનિક, સેનાનાયક, રચનાત્મક પ્રતિભા સંપન્ન સુલતાન હતો. ડૉ. એ એલ. શ્રીવાસ્તવના મતે "આ દ્રષ્ટિએ સુસંગઠિત સામ્રાજ્યની રચના કરવાનું બલ્બનનું અધૂરું કાર્ય તેણે પૂરું કર્યું."*

**10.3.1.3 તુગલક વંશ**

*અલાઉદ્દીનના મૃત્યુ પછી મલિક કાફૂરના હાથમાં સત્તા આવી. એક જૂઠા વસિયતનો આશરો લઈ તેણે બાળ શાહજાદા શાહબુદ્દીનને ગાદીએ બેસાડી પોતે સંરક્ષક બની બેઠો. તેથી કેટલા સૈનિકોએ તેનો વધ કર્યો.ઉમરાવો-સરદારોએ અલાઉદ્દીનના બીજા પુત્ર કુતુબુદ્દીન મુબારકશાહને બાળ સુલતાન શહાબુદ્દીનના સંરક્ષક તરીકે નીમ્યો. જેણે નાના ભાઈની હત્યા કરી પોતે ઈ.સ.૧૩૧૬માં સત્તારૂઢ થયો. તેણે અલાઉદ્દીનના બધા સુધારા, ફરમાનો, કાયદાઓ, નિયમો પાછા ખેંચી અમીરો-સરદારોને ખૂંચવી લેવાયેલી જમીનો અને હક્કો પરત કર્યા. છેવટે ઈ.સ.૧૩૨૦માં તેના વફાદાર સરદાર ખુશરવશાહે તેણે કપટથી મારી નાંખી સ્વયં શાસક બન્યો. જે મૂળે હિંદુ માતાનો પુત્ર હોઈ તુર્ક ઉમરાવોએ ષડયંત્રો કરી ગાઝી મલિકની સરદારી નીચે ખુશરવશાહને યુદ્ધમાં હરાવી મારી નાંખ્યો. હવે આ સરહદી સુબા ગાઝી મલિક ગ્યાસુદ્દીન તુગલકના નામ સાથે દિલ્હીની ગાદીએ આવ્યો ને તુગલક વંશની સ્થાપના ઈ.સ.૧૩૨૦માં કરીને ખિલજી વંશનો અંત આણ્યો.*




*ગ્યાસુદ્દીને (ઈ.સ.1320-1325) અંધાધૂંધીનો લાભ લઈ સ્વતંત્ર થયેલ વારંગલ, ગુજરાત, બંગાળ, તિરહટના વિજયો કર્યા.બંગાળ વિજય પછી પાછા ફરતાં તેના માનમાં ગોઠવાયેલ*

*સમારંભનો મંડપ પડતાં તેનું મૃત્યુ ફેબ્રુઆરી, 1325માં થયું. ઈબ્નબતુતા તેને 'કાવતરું' માને છે. તો કેટલાંક ઈતિહાસકારો તેને ઉલુઘખાનનું (મુહમ્મદ તુગલક) ષડયંત્ર માને છે. ગ્યાસુદ્દીનનો ઉત્તરાધિકારી મુહમ્મદ બિન તુગલક(ઈ.સ.1325-1351) સુલતાન બન્યો. તે તરંગી સુલતાન તરીકે ખ્યાત છે. 'તુગલકી ફરમાનો' કહેવતથી તમે વાકેફ હશો. તેણે રાજધાની દિલ્હીથી દૌલતાબાદ(દેવગિરિ) ખસેડી. લોકો રસ્તામાં મૃત્યુ પામતાં અને પારાવાર હેરાન થતાં પુનઃ રાજધાની દિલ્હી લાવ્યો. તેણે નાણાંકીય સ્થિતિ દુરસ્ત કરવા ચાંદીના સિક્કાને સ્થાને તાંબાના સિક્કા અમલમાં મૂક્યા. આ પ્રતિક મુદ્રા યોજના પણ નિષ્ફળ રહી. વિશ્વ વિજેતા બનવાની એક નિષ્ફળ યોજના પણ ઘડેલી. દોઆબમાં કરવૃદ્ધિ કરી અને દુષ્કાળમાં પણ કડકાઈથી કર વસૂલ્યો. તેને સાચી વસ્તુ સ્થિતિની જાણ થઈ તો ખેડૂતોને લોનો આપી, કૂવા કરાવ્યા, બિયારણ આપ્યાં. આમ દોઆબમાં કરવૃદ્ધિનો કશો લાભ થયો નહિ. તેણે ખેતીવાડી ખાતાની (દીવાન-ઈ-કોહી) સ્થાપના કરી 'ફાર્મ'ની યોજના ઘડી તે પણ નિષ્ફળ નિવડી અને ત્રણ જ વર્ષમાં આ મહાન પ્રયોગ બંધ કરવો પડ્યો. ડૉ. શ્રીવાસ્તવ નોંધે છે તેમ " રાષ્ટ્રના રેવન્યુ વહીવટના ઈતિહાસમાં જેને સૌથી શ્રેષ્ઠ પ્રયોગોમાંનો એક ગણાવી શકાય એવા પ્રયોગને આમ પડતો મુકાયો." તેણે નગરકોટ(પંજાબ), કરંજલ (હિમાલય), ગીરનાર-જૂનાગઢના વિજયો કર્યા હતા તેના શાસનકાળમાં અનેક બળવાઓ શુરુ થયા અને કેન્દ્રીય સત્તા નબળી પડી. વિજયનગર અને બહમની રાજ્યો તેની હયાતિમાં જ સ્વતંત્ર બન્યાં.*

*ઈતિહાસકારોમાં સલ્તનત યુગમાં કોઈ સુલતાન વિશે વધુ મતભેદ હોય તો તે મુહમ્મદ-બિન-તુગલકની પ્રતિભા વિશે રહ્યા છે. તેનું મૂલ્યાંકન કરતાં સર સ્ટેનલી લેનપૂલ નોધે છે કે "શ્રેષ્ઠ આશયો અને અદ્દભૂત વિચારોથી પ્રેરિત હોવા છતાં સમતૂલન, ધીરજ તથા પ્રમાણસરતાના અભાવને લીધે, મુહમ્મદ તુગલકશાહને સર્વાંગી નિષ્ફળતા મળી હતી." બળવાઓ શમાવવામાં તેનો અંત આવ્યો અને તેના મૃત્યુ પછી સામ્રાજ્યનું વિઘટન થયું.*

*સુલતાન મુહમ્મદ તુગલક પછી ફિરોઝશાહ તુગલક(ઈ.સ.1351-1388) સુલતાન થયો. તેણે ખાસ કોઈ વિજયો મેળવ્યા નહોતા. તેણે જાજનગર(ઓરિસ્સા), નગરકોટ અને સિંધ સર કર્યા હતા.(જુઓ નકશો-૨) બંગાળમાં તેને નિષ્ફળતા મળી હતી. આમ તે યોગ્ય સૈનિક કે સેનાનાયક પુરવાર થયો નહોતો. તેમ છતાં એ. એલ.શ્રીવાસ્તવના શબ્દોમાં "તે અનિવાર્યપણે શાંતિપ્રિય સુલતાન હતો અને તેની નીતિ પ્રજાની આર્થિક સ્થિતિ સુધારણા તરફ કેન્દ્રિત હતી." તે કટ્ટર મુસ્લિમ સુલતાન હતો ને કુરાન મુજબ શાસનતંત્ર ગોઠવી મુસ્લિમ કાયદો અને ન્યાય વ્યવસ્થાને રાજ્યના આધારસ્તંભ બનાવ્યા. જોકે તેણે પ્રજાકલ્યાણ માટે ધ્યાન કેન્દ્રિત કરી ખેતીવાડીના વિકાસ માટે સિંચાઈ માટે પાંચ નહેરો કરાવી હતી. આને લઈને જ દોઆબમાં અનેક વસાહતો ઊભી થઈ. તો પણ સામ્રાજ્યની મોટી બહુમત હિંદુ પ્રજા પર ત્રાસ વધી પડ્યાં હતાં. તેના સમયમાં ખેતી ઉપરથી કરભારણ ઓછું થતાં ખેતીનો વિકાસ થયો. તેવી જ રીતે અનેક પ્રકારના નાકાવેરા રદ કરી વેપાર વાણિજ્યને પણ ઉત્તેજન આપ્યું હતું.શમ્સ-ઈ-સિરાજ અફિફ ફિરોજ તુગલકનો દરબારી ઈતિહાસકાર હતો. તેનો હવાલો આપી ડૉ. આર.સી. મજુમદાર પણ એ વાત સ્વીકારે છે*

*કે, "સુલતાનના સુધારાઓ દ્વારા રૈયત સમૃદ્ધ અને સંતુષ્ટ હતી." તેણે જાહેર બાંધકામ ક્ષેત્રે અનેક બગીચા, પુલો, મકબરા વગેરે બંધાવ્યા હતા. ખિઝરાબાદ અને મેરઠથી સમ્રાટ અશોકના બે સ્તંભો દિલ્હી ખસેડાવ્યા. તેણે રોજગારી નિગમ' અને 'દિવાન-ઈ-ખૈરાત'(દાનધર્મ ખાતું), દારુલ સાફા (દવાખાનાં)ની સ્થાપના કરી હતી. તે પોતે વિદ્વાન હતો ને તેણે પોતાની આત્મકથા 'ફતુહાત-ઈ-ફિરોઝશાહી' લખી છે. તેણે વિદ્યાભ્યાસને ઉત્તેજન આપવા શાળાઓ, ખાનકાહોની વ્યવસ્થા કરી હતી. ઝિયાઉદ્દીન-બર્ની અને શમ્સ-ઈ-સિરાજ તેના સમકાલીન ઈતિહાસકારો હતા. તેણે જૌનપુર, ફિરોઝપુર, ફત્તેહાબાદ, હિસારફિરોઝ વગેરે શહેરો વસાવ્યા હતાં. તેના પુત્રોના મૃત્યુના આઘાતમાં દુઃખ વચ્ચે ઈ.સ.1388ની 20મી સપ્ટેમ્બરના રોજ તેનું અવસાન થયું હતું. આમ તેણે 37 વર્ષો સુધી લાંબુ શાસન કર્યું હતું. હેન્રી ઈલિયટ અને એલ્ફિસ્ટન તેને 'સલ્તનત યુગનો અકબર' કહીને નવાજે છે. જોકે તેનામાં ધાર્મિક ઉદારતા નહોતી.*

**10.3.1.4 સૈયદ વંશ.**

*ફિરોઝશાહના અવસાન પછી સામ્રાજ્યનું વિઘટન ઝડપી બન્યું. પ્રાદેશિક અમીરો, સરદારો બળવા કરી સ્વતંત્ર થવા લાગ્યા. ફિરોઝશાહ પછી અનુક્રમે પૌત્ર ગ્યાસુદ્દીન તુગલકશાહ બીજો, ઝફરખાનનો પુત્ર અબુબકર, શાહજાદો મોહમ્મદશાહ, અલાઉદ્દીન સિકંદરશાહ અને છેલ્લે મોહમ્મદશાહનો નાનો પુત્ર નસિરુદ્દીન મેહમૂદ સત્તા પર આવ્યો. આમ, ફિરોઝશાહના નિર્બળ વારસદારોની સત્તા પતન તરફ ધકેલાઈ. સુલતાન નસિરુદ્દીનના સમયમાં સમરકંદના સુલતાન અમીર તીમૂરે ભારત પર ઈ.સ.૧૩૯૮માં આક્રમણ કર્યું. જેણે પારાવાર નુકસાન અને કત્લેઆમ કરી લૂંટ ચલાવી દિલ્હીની જાહોજલાલીનો અંત આણ્યો. નિર્મમ આક્રમણ ઉપરાંત દુકાળ, પ્લેગ વગેરેએ દિલ્હીની પ્રજાની દુર્દશા કરી.*

*તુગલક વંશનો આ રીતે ઈ.સ.1413માં અંત આવ્યો. પછી ખિઝરખાને સૈયદવંશની સ્થાપના કરી ઈ.સ.1414 થી 1421 સુધી શાસન કર્યું. તેના સામ્રાજ્યમાં દિલ્હી આસપાસના પ્રદેશો, મુલતાન, લાહોર, દીપાલપુરનો સમાવેશ થતો હતો. ગુજરાત, જૌનપુર હરિફ રાજ્યો બનેલાં. આમ, ખિઝરખાનના સમયમાં નોંધનીય બનાવો બન્યા નહિ. તેના પછી તેનો પુત્ર મુબારકશાહ (ઈ.સ.1421-1434) સુલતાન બન્યો. તેના સમયમાં હિંદુઓને ઉમરાવ પદો મળેલાં. ભટીંડા, દોઆબના વિદ્રોહોનું શમન તેણે કરેલું. ખોખરોના વિદ્રોહો તેના પિતાના સમયથી ચાલ્યા આવતા હતા. કાવતરાખોરોએ તે જ્યારે યમુના કાંઠે બંધાતા એક નગરનું નિરીક્ષણ કરતો હતો ત્યારે તેનું ખૂન કર્યું. તેના પછી મોહમ્મદશાહ (ઈ.સ.1434-1445) અને છેલ્લે અલાઉદ્દીન આલમશાહ ગાદીએ આવ્યો. તેના સમયમાં બહલુલ લોદીએ આક્રમણ કરી દિલ્હી જીતી લીધું ને ઈ.સ.1451માં લોદીવંશની સ્થપા કરી.*

**10.3.1.5 લોદી વંશ.**

*બહલુલ લોદીએ ઈ.સ.1451 થી 1489 સુધી શાસન કર્યું તે લોદી જાતિનો સાહુખૈલ કુળનો હતો. પોતાની યોગ્યતાથી સરહિંદનો સૂબો બન્યો અને સૈયદ સમયમાં તે*

શક્તિશાળી હાકેમ બન્યો હતો. સૈયદ સુલતાન મુહમ્મદશાહે તેને પોતાનો પુત્ર તુલ્ય માન્યો હતો. અંતે પોતાના હરિફ હમીદખાનને દૂર કરી દિલ્હીની ગાદી પર બેસનાર તે પ્રથમ અફઘાન હતો. પંજાબ, દોઆબના વિદ્રોહો કચડી ઉપરાંત જૌનપુર વિજય કર્યો હતો તથા વહીવટીતંત્રની પુનઃ રચના કરી. આમ, દિલ્હીની ખોવાયેલી પ્રતિષ્ઠા પુનઃ પ્રસ્થાપિત કરવામાં તેનો ફાળો રહ્યો.

બહલુલ લોદી પછી તેનો ત્રીજો પુત્ર નિઝામખાન(સિકંદર લોદી) ઈ.સ. 1489માં ગાદીએ આવ્યો. તે શુદ્ધ અફઘાન રક્તનો ન હોઈ તેનો વિરોધ થયેલો. તો પણ તે મુશ્કેલીનો સામનો કરી તે સુલતાન બન્યો. પોતાના જ્યેષ્ઠ ભાઈ બારબકનું દમન કર્યું. બિહાર અને તિરહુતને જીતી લીધા. તેની રાજ્ય સીમા બંગાળ સુધી ફેલાઈ ને આમ તેની પ્રતિષ્ઠામાં અને રાજ્યની આવકમાં વધારો થયો. તેણે કાર્યદક્ષ ન્યાયતંત્ર અને કુશળ વહીવટીતંત્ર સ્થાપ્યું.વેપાર-ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું. પ્રજા કલ્યાણકારી પ્રવૃત્તિઓ ઉપરાંત વિદ્યા અને કલાને ઉત્તેજન આપ્યું. આ બધું હોવા છતાં અને તેની માતા હિંદુ સોનીની દીકરી હોવા છતાં હિંદુઓ પ્રત્યે ધર્માંધ નીતિ અપનાવી હતી. નિશંક તેણે નિષ્પ્રાણ દિલ્હી સલ્તનતમાં પ્રાણ પુરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે સુલતાનપદની પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત કરી હતી. ડૉ. શ્રીવાસ્તવ તેને લોદીવંશનો મહાન શાસક ગણાવે છે.

સિકંદરના મૃત્યુ પછી તેનો પુત્ર ઈબ્રાહિમ લોદી અમીરોની સંમતિથી ઈ.સ.૧૫૧૭માં દિલ્હીની ગાદીએ આવ્યો. અમીરો રાજ્યને બે ભાગમાં વહેંચવા માંગતા હતા. તેથી જૌનપુરના ઈબ્રાહિમના ભાઈ જલાલખાન સાથે ગૃહયુદ્ધ થયું ને તેમાં ઈબ્રાહિમનો વિજય થયો. આ ઉપરાંત તેણે ગ્વાલિયર પણ જીતી લીધું. મેવાડ સાથેના યુદ્ધમાં સુલતાનના લશ્કરની હાર થઈને તેની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચ્યો હતો. અંતે ઈ.સ.૧૫૨૬માં લોદી વંશના છેલ્લા સુલતાન ઈબ્રાહિમ લોદીને પાણીપતનાં યુદ્ધમાં બાબરે હરાવીને મુગલવંશની સ્થાપના કરી સલ્તનતનો અંત આણ્યો.

**10.3.1.6 પ્રાદેશિક સત્તાઓ.**

તમે વિજયનગર અને બહમની રાજ્યો વિશે આગળ વિસ્તારથી અભ્યાસ કરશો. તેથી અહી આપણે દિલ્હી સલ્તનત વિઘટિત થઈ સ્વતંત્ર થયેલ રાજ્યોનો ટૂંકમાં પરિચય મળવીશું. તુગલક વંશમાં સલ્તનતના વિઘટનની શરૂઆત થઈ અને પ્રાદેશિક રાજ્યો સ્વતંત્ર બનવા લાગ્યાં. સલ્તનત તરફથી જીતાયેલા પ્રદેશોમાં સૂબા નીમવામાં આવતા હતા. જે કેન્દ્રીય સત્તા નબળી પડતાં સ્વતંત્ર થવાની પેરવી કરતા અને સ્વતંત્ર સત્તાની સ્થાપના કરતા. અલાઉદ્દીન ખિલજીએ માળવા જીતીને સલ્તનતમાં જોડી દીધેલું. પરંતુ તુગલક વંશના મુહમ્મદ તુગલકના મૃત્યુ પછી મળવાના સૂબા દિલાવરખાને ઈ.સ.1401માં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. તેના પુત્ર હોશંગશાહે માંડૂને રાજધાની બનાવી. મહમૂદખાં ખિલજી એ સલ્તનતનો બાહોશ સુલતાન હતો તેણે દિલ્હી અને ચિત્તોડ સામે સંઘર્ષરત રહેવું પડ્યું. તેના મૃત્યુ પછી માળવાની ગાદીએ નિર્બળ શાસકો આવ્યા ને ગુજરાતના સુલતાન બહાદુરશાહે ઈ.સ.૧૫૩૧માં માળવા જીતી લીધું.

ગુજરાતમાં વાઘેલા-સોલંકીની સત્તા ૧૩મી સદીના અંત સુધી ટકી. અલાઉદ્દીનના સૈન્યે ઈ.સ.1297 અને 1304માં ગુજરાત જીતી હિંદુ રાજ્યનો અંત લાવી દીધો.આ રાજ્ય છેક ફિરોઝશાહ તુગલકના સમય સુધી સલ્તનતનો ભાગ રહ્યું. જ્યારે દિલ્હીમાં અંધાધૂંધી વ્યાપી ત્યારે મુઝફ્ફરશાહે ઈ.સ.1407માં સ્વતંત્ર સલ્તનતની સ્થાપના કરી. મહમદશાહે અમદાવાદને રાજધાની બનાવી. આ સલ્તનતમાં મહમૂદ બેગડો શક્તિશાળી સુલતાન થયો. તેના પછી બહાદૂરશાહના સમયથી સલ્તનત નબળી પડવા લાગી. પછીના નિર્બળ શાસકોના સમયમાં સલ્તનત પર સંકટ આવું તેમ છતાં ઈ.સ.1572 સુધી આ સલ્તનત ટકી રહી. જૌનપુરની સ્થાપના ફિરોઝ તુગલકે કરી ત્યાં એક સૂબો નીમ્યો હતો. અહી તીમૂરના આક્રમણ પછી ત્યાંની અંધાધૂંધીનો લાભ ઉઠાવી ખ્વાઝાજહાં શર્કીએ જૌનપુરને સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. આ વંશમાં સુલતાન ઈબ્રાહિમના સમયમાં રાજ્યે વિકાસ કર્યો. પરંતુ તેના ઉત્તરાધિકારીને લોદી સુલતાનો સાથે જૌનપુરને સંઘર્ષમાં આવવું પડ્યું. બહલુલ લોદીએ ઈ.સ.1480માં જૌનપુર જીતી શર્કિવંશની સત્તાનો અંત લાવ્યો.

બખ્તિયારખિલજીના બંગાળ વિજયે બંગાળને સલ્તનતનો ભાગ બનાવ્યું. મુહમ્મદ તુગલકના સમયમાં ફખરુદ્દીન મુબારકશાહે ઈ.સ.1337માં બંગાળની સ્વતંત્ર સત્તા સ્થાપી. અહી હુસૈનશાહ પ્રસિદ્ધ સુલતાન થયો. તેણે પોતાના રાજ્યની સરહદો ઓરિસ્સા સુધી ફેલાવી.તેનો પુત્ર નસીબખાં નાસિરુદ્દીન પણ તેના જેવો પુરવાર થયો. પરંતુ શેરશાહે અહીના છેલ્લા સુલતાન ગ્યાસુદ્દીનને ઈ.સ.૧૫૩૮માં હરાવી સ્વતંત્ર બંગાળ સલ્તનતનો અંત લાવ્યો.

ખાનદેશમાં ફિરોઝશાહે નીમેલો સૂબો મલિક રઝ ફારૂકીએ સ્વતંત્ર થઈ સત્તા સ્થાપી. આ સલ્તનતમાં નાસીરખાન ત્યાર પછી આદીલખાન-રજો યોગ્ય સુલતાનો હતા. ગુજરાત સાથે આ સલ્તનતને સંઘર્ષ થતો. તેમ છતાં ઈ.સ.1601 સુધી તે સ્વતંત્ર રહી.
દખ્ખણમાં હસન ગંગૂએ મુહમ્મદ તુગલકના સમયમાં 'બહમની'ની સ્વતંત્ર સલ્તનતની સ્થાપના કરી. આ સલ્તનતમાં ઘણા સુલતાનો થયા. જેમાં મુહમ્મદશાહ ૧લો નોંધપાત્ર સુલતાન હતો. તેણે વિજયનગર અને વારંગલ રાજ્યોને હરાવ્યાં. મુહમ્મદશાહ રજોનો સમય શાંતિપૂર્ણ રહ્યો ને તેણે વિદ્યા તથા કલાને ઉત્તેજન આપ્યું. અહમદશાહના સમયમાં ગુલબર્ગને સ્થાને બીડરમાં રાજધાની ખસેડવામાં આવી. આ રાજ્યમાં મહમૂદ ગાવાં કાબેલ વઝીર થયો. તેના ઈ.સ.1481માં મૃત્યુ પછી સામ્રાજ્યનું વરાડ, અહમદનગર, બીજાપુર, ગોલકુંડા અને બીડર એમ પાંચ રાજ્યોમાં વિભાજન થયું.

સલ્તનત સમયમાં હિંદુ રાજ્યોમાં વિજયનગર તથા ઉત્તરમાં મેવાડનું રાજ્ય મહત્ત્વનાં હતાં. મલિક કાફૂરે દક્ષિણના રાજ્યોને હરાવી સલ્તનતને આધીન બનાવ્યા હતાં. હરિહર અને બુક્કરાય નામના બે ભાઈઓએ ઈ.સ.1336માં વિજયનગર રાજ્યની સ્થાપના કરી. આ રાજ્યમાં સાલુવ વંશમાં કૃષ્ણદેવરાય શક્તિશાળી રાજા થયો. તેણે અનેક વિજયો કરી રાજ્ય વિસ્તાર કર્યો. તેના સમયને વિજયનગરનો સુવર્ણયુગ કહી શકાય. બહમનીમાંથી વિઘટન પામેલાં પાંચ રાજ્યોના સંયુક્ત આક્રમણે વિજયનગરના વૈભવનો અંત આણ્યો.

રજપૂતાનામાં અનેક નાનાં-મોટાં રાજ્યો હતાં. ઈ.સ.૧૩૦૩માં અલાઉદ્દીને ચિત્તોડ જીત્યું. ત્યાર પછી રજપૂતોએ સ્વતંત્રતા માટે સંઘર્ષ ચલાવ્યો ને મેવાડના મહારાણા હમ્મીરે મેવાડને સ્વતંત્ર કર્યું. રજપૂત રાજ્યો મેવાડની અધીનતા સ્વીકારી હતી. મેવાડમાં રાણા કુંભાએ ગુજરાત અને માળવા સાથે યુદ્ધો કર્યા. તેના ઉત્તરાધિકારી રાણા સંગ્રામસિંહ(સંગ) ખ્યાતનામ રાજા થયા. ઈ.સ. 1527માં બાબરે રાણા સંગને હરાવ્યો તેમ છતાં છેક સુધી મેવાડનો પ્રભાવ વર્તાતો રહ્યો.

13મી સદીમાં કાશ્મીરમાં હિંદુ રાજ્ય અસ્તિત્ત્વમાં હતું. તેમાં રાજા સહદેવને મોંગોલો આક્રમણો સામે સતત ઝઝુમાંવું પડ્યું. લડાખના ભૌરો રાજકુમાર રિંચે ઈ.સ. 1320માં ગાદી પ્રાપ્ત કરી અને ઈસ્લામ અંગીકાર કરી સુલતાન સદ્રુદ્દીન નામ ધારણ કર્યું. તેના ઉત્તરાધિકારીઓમાં ઈ.સ. 1470 સત્તા પર આવેલ ઝૈનુલ આબેદીન યોગ્ય શાસક થયો. તેણે કાશ્મીરનો 'અકબર' કહેવામાં આવે છે. તેનું શાસન એકંદરે સહિષ્ણુ રહ્યું. સૈયદ વંશના સુલતાનોએ કાશ્મીર પર અધિકાર કર્યો. ઈ.સ. 1586માં અકબરે કાશ્મીરને મુઘલ સામ્રાજ્યમાં ભેળવી દીધું હતું.

### 10.3.2 સલ્તનતનું વિઘટન.

દિલ્હીના સુલતાનોએ અનેક રાજકીય અને વહીવટી સમસ્યાઓનો સામનો કર્યો અને એ સમસ્યાઓએ વિકરાળ સરૂપ ધારણ કરતાં રાજકીય સંકટ ઉત્પન્ન થયું.જે તેને પતનના માર્ગે લઈ ગયું. ઈલ્બરી(ગુલામ) તુર્કો ભારતમાં નવા હતા. ઉપરાંત તેમનો રાજકીય ઈતિહાસ જોતાં જણાય છે કે તેઓ આંતરિક અને બાહ્ય સમસ્યાઓથી ઘેરાયેલા રહ્યા. એમાં મુખ્યત્ત્વે સુલતાનો અને અમીરો વચ્ચે ચાલતા સંઘર્ષે તેને પતનના માર્ગે ધકેલ્યું.

ઉત્તરાધિકારી નીમવાના નિયમનો અભાવ એ સલ્તનતના વિઘટન માટેનું રાજકીય કારણ ગણાય. મોટો પુત્ર જ ગાદીએ આવે તેવો કોઈ નિયમ નહોતો. મોટાભાગે શક્તિશાળી વ્યક્તિ જ તખ્ત પ્રાપ્ત કરી લેતો.આથી જ ગાદી વારસા માટે વારંવાર ષડયંત્રો રચાતાં ને તેણે શાસનને નબળું પાડી દીધું. શક્તિનાં જોર પર જ સત્તા આધારિત હતી. આના અનેક ઉદાહરણો છે. ઈલ્તુત્મિશ, બલ્બન, અલાઉદ્દીનના મૃત્યુ પછી આ સંઘર્ષ વધુ ઘેરો બનેલો. અલાઉદ્દીને પોતાના કાકા જલાલુદ્દીનનું કાસળ કાઢીને ગાદી પ્રાપ્ત કરી. આ બધાની પાછળ અમીર ઉમરાવો અને સરદારો મહત્ત્વની ભૂમિકા ભજવતા. અમીરોના ઉપદ્રવોએ તો મુહમ્મદ તુગલકના શાસનને નબળું પાડી દીધું હતું. સત્તા સંઘર્ષે તુગલક વંશનો અંત આણ્યો ને સૈયદ વંશની સ્થાપના થઈ. સિકંદર લોદીના મૃત્યુ પછી સામ્રાજ્યને બે ભાગમાં વહેંચવાનો સંઘર્ષ ચાલ્યો. અમીરો પણ લશ્કરો રાખતા હોઈ કેન્દ્રીય લશ્કર નબળું પડ્યું જે વાસ્તવમાં સુલતાનની તાકાત હતું. લશ્કરનું વિકેન્દ્રીકરણ પણ સલ્તનતના વિઘટન માટે જવાબદાર ગણી શકાય.

સલ્તનતકાલના અભ્યાસ પરથી એ જણાઈ આવે છે કે કોઈ સુલતાનને ગાદી પર બેસાડવા કે ઉઠાડી મૂકવામાં અમીર ઉમરાવો, સરદારોની મહત્ત્વની ભૂમિકા રહી. તેઓ વધુ લાભો

મેળે તેવા પક્ષની તરફેણ કરતા. આમ અહી શક્તિનું વિભાજન અમીરો-અમીરો વચ્ચે પણ જામતું. જેણે કેન્દ્રીય સત્તાને નબળી પાડી. આવા સંજોગોમાં શક્તિશાળી સુલતાન જ અમીરો પર અંકુશ રાખી શકાતો. ઈલ્તુત્મિશ, બલ્બન અને અલાઉદ્દીન ખિલજી તેનાં દ્રષ્ટાંત ગણાવી શકાય. નબળા સુલતાનો અમીરો પર કાબુ રાખી શકતા નહી. મુહમ્મદ તુગલક અમીરો પર નિયંત્રણ રાખી શક્યો નહી. તેના સમયમાં બાવીસ જેટલા બળવા એ બતાવે છે કે સંકટે કેટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

ઈલ્તુત્મિશે શરુ કરેલી ઈકતા પ્રથા ઈકતાધારકોને જમીની હક્કો આપતું ન હતું પરંતુ ફિરોઝ તુગલકના સમયમાં અમીરોને ઈકતા પર વંશાનુગત હક્કો મળી ગયા. જેનાથી લશ્કરી શિસ્ત અને કાર્યક્ષમતા પર ફટકો પડ્યો. અને આમ જમીન અનુદાન પ્રથાએ મહેસૂલી વ્યવસ્થાએ સામ્રાજ્ય પર આર્થિક સંકટ પેદા કર્યું ને સલ્તનત કરતાં પ્રાદેશિક વિસ્તારોના અમીરો મજબૂત બની સ્વતંત્ર થવા લાગ્યા. માળવા, ગુજરાત, જોનપુર જેવા ઉપજાઉ પ્રદેશો સ્વતંત્ર થતાં સલ્તનતની મહેસૂલી આવકને ફટકો પડ્યો. હવે દિલ્હી સલ્તનતનું ક્ષેત્રફળ દિલ્હી આસપાસના ૩૨૦ કિલોમીટરના વિસ્તારમાં સંકોચાઈ ગયું. આમ, ઉપરોક્ત વિભિન્ન કારણો દિલ્હી સલ્તનતના પતન અને વિઘટન માટે જવાબદાર રહ્યાં.

**10.3.3 વહીવટીતંત્ર**

**10.3.3.1 કેન્દ્રીય વહીવટીતંત્ર.**

મોહમ્મદ પયગંબર ના અવસાન પછી તેમની ગાદી માટે ખલીફા સંદર્ભે 'ખિલાફત' નામે સંસ્થાનો જન્મ થયો. અંતે ચૂંટણી થતાં હજરત અબુ બકર પ્રથમ ખલીફા બન્યા. એ પછી અનુક્રમે ઊંમર, હજર, ઉસ્માન અને હજરત અલી ખલીફ બન્યા. ખલીફાએ ધર્મ સંરક્ષક અને રાજનૈતિક વ્યવસ્થાનો રક્ષક ગણાતો અને તેથી તે મુસ્લિમો માટે ધાર્મિક વડો હતો. ખલીફા પદ વંશ પરંપરાગત બન્યું.ઈ.સ. ૬૬૧માં ઉમ્માયદ વંશના શાસનથી તેનો પ્રારંભ થયો. જેની રાજધાની દમાસ્કસ હતી. ૭મી સદીમાં બગદાદમાં અબ્બાસીદ વંશની સત્તા સ્થપાઈ. આમ ખલીફા સત્તા ઉમ્માદવંશ, ફાતિમી વંશ અને બગદાદનો જૂનો અબ્બાસીદ વંશમાં વહેંચાઈ ગઈ. દરેક મુસલમાન માટે સ્વતંત્ર રાજ્ય સ્થાપવા માટે ખલીફાની મંજૂરી જરૂરી હતી. જે વાસ્તમાં એક ભ્રમ જેવી ને ઔપચારિક હતી.

દિલ્હીના સુલતાનોએ અબ્બાસી ખલીફાની ઔપચારિક્તા જાળવી રાખી. સૈયદ વંશ અને લોદીવંશના સિક્કા પર ખલીફાનું લખાણ જવાઈ રહ્યું.ને આમ દિલ્હીના સુલતાનો વફાદારીના પ્રતીકરૂપે સિક્કાઓ પર ખલીફાનું નામ અને નમાજમાં ખુતબો પઢાવતા. તેના બદલામાં ખલીફા તરફથી સુલતાનોને વસ્ત્રો, ઉપાધિઓ અને સુલતાન તરીકેની માન્યતા પ્રદાન કરવામાં આવતી.

દિલ્હી સલ્તનત એક મઝહબી રાજ્ય હતું અને બધાં સાધનો ઈસ્લામ માટે હતાં તેવી માન્યતાએ તેની રાજનીતિનો વિકાસ થયો. શાસન અને કાનૂનો કુરાન મુજબ ગોઠવાયાં. તેમ છતાં રાજનીતિનું ઘડતર વિશિષ્ટ આવશ્યકતાઓ અને પરિસ્થિતિઓ મુજબ જ થતું.

*દિલ્હી સલ્તનતનો સર્વસત્તાધીશ, આપખુદ તથા સાર્વભૌમ સુલતાન હતો. તેથી કેન્દ્રીય રાજ્યના વહીવટીતંત્રનો તે સર્વોચ્ચ વડો હતો. સુલતાનની શક્તિ લશ્કરી બળ પર નિર્ભર હતી. નહિ કે મઝહબ પર. તેથી જ તલવારધારી તુર્ક ઉમરાવોનું મહત્ત્વ રહ્યું.*

*શાસકવર્ગના પરિવાર માટે અનેક અધિકારીઓ હતા. જેમાં 'વકીલ-ઈ-દર' રાજમહેલ અને રાજપરિવાર ઉપરાંત સુલતાનના ખાનગી અમલદારોનો પગારની વ્યવસ્થા તે સંભાળતો હતો. રાજમહેલનો બીજો અગત્યનો હોદ્દો 'અમીર-ઈ-હાજિબ' નો હતો. તે સમારંભો અને મુલાકાતીઓની સરભરા અને શિષ્ટાચાર પર દેખરેખ રાખતો. તેના દ્વારા જ સુલતાન સમક્ષ રજૂઆત કે માંગણી થતી.*

*કેન્દ્રીય વહીવટીતંત્રમાં સુલતાન પછીનું મહત્ત્વનું સ્થાન વઝીરનું હતું. તે નાણા વિભાગ સંભાળતો. સુલતાનની ગેરહાજરીમાં સત્તાનાં સૂત્રો સંભાળતો. સમગ્ર વહીવટીતંત્ર પર દેખરેખ રાખતો. વઝીરના કાર્યાલયને 'દીવાન-ઈ-વિઝારત' કહેવામાં આવતું હતું. લગભગ તમામ ખાતા મહેસૂલ, રાજ્યખર્ચ, હિસાબ, આવક-જાવક, અધિકારીઓનો પગાર, મુલકી વહીવટી અને અંકુશ ઉપરાંત લશ્કરી ખાતું પણ તેના કાર્યક્ષેત્રમાં આવી જતું.*

*લશ્કર ખાતાનો વડો અરિઝ-ઈ-મુમાલિક' કહેવાતો. સૈનિકોની ભરતી, ઘોડાઓની નોંધ, તેનાં દફતરો, લશ્કરનું નિરીક્ષણ, શિસ્ત, પુરવઠો, શસ્ત્રો અને યુદ્ધ સમયે લશ્કરનું નેતૃત્ત્વ વગેરે જેવાં કર્યો તે કરતો હતો.*

*અન્ય વિભાગોમાં 'દીવાન-ઈ-ઈન્શા' વિભાગ શાહી પત્રવ્યવહારનો વિભાગ હતો. તેનો વડો 'દબીર-ઈ-મુમાલિક' કહેવતો. અન્ય રાજ્યો, પ્રાંતીય સૂબાઓ, ખંડિયા રાજ્યો, જાગીરદારો સાથે પત્રવ્યવહાર અને શાહી ફરમાનો તૈયાર કરવા જેવાં મુખ્ય કર્યો તેના હતા. સમગ્ર સલ્તનતમાં બનતી મહત્ત્વની ઘટનાઓથી સુલતાનને વાકેફ રાખવાનું કામ 'બરીદ-ઈ-મુમાલિક' નિભાવતો. તે ટપાલ અને જાસૂસી ખાતાનો વડો હતો.ધાર્મિક બાબતોને લાગતું ખાતું 'દીવાન-ઈ-રિસાલત' કહેવાતું ને તેનો વડો 'સદર-ઉસ-સુદુર' હતો. પ્રજામાં ધર્માચરણ ઉપરાંત વિદ્વાનો, સંતો, ફકીરો, ઉલેમાઓ વગેરેને રાજ્ય તરફથી મળતાં વર્ષાસનો કે ઈનામો પર દેખરેખ તે રાખતો હતો.*

*આમ તો ન્યાયતંત્રનો સર્વોચ્ચ વડો સુલતાન હતો. તેમ છતાં 'કાજી-ઉલ-મુમાલિક'(મુખ્ય ન્યાયાધીશ)ની નિમણૂક કરાતી. ક્યારેક આ કામગીરી સદર-ઉસ-સુદુર'ને સોંપવામાં આવતી. શહેરોમાં કાઝી ન્યાય માટે નિમાતા હતા.*

*સલ્તનતકાળમાં ગુલામો રાખવાનું ચલણ સામાન્ય હતું. સુલતાનો, ઉમરાવો મોટી સંખ્યામાં સ્ત્રી-પુરુષ ગુલામો રાખતા. ફિરોઝે 'દીવાન-ઈ-બંદગાન' નામે ગુલામો માટે વિભાગ શરુ કર્યો હતો. આ ગુલામો શાહી કારખાનામાં કારીગરો તરીકે કામ કરતા. ફિરોઝશાહના સમયમાં ૩૬ શાહી કારખાના હતાં. તેની દેખરેખ માટે અમીરોને નીમવામાં આવતા. તેનો હિસાબ રાખવા માટે 'તુતસર્રિફ' નામનો અધિકારી રહેતો.*

**10.3.3.2 પ્રાંતિક વહીવટીતંત્ર.**

*ચૌદમી સદીમાં સલ્તનતનો વિસ્તાર થતાં નવા જીતાયેલા પ્રદેશોમાં જુદી-જુદી પદ્ધતિઓ અપનાવવામાં આવતી. કેટલાક નજીકના પ્રદેશો કેન્દ્રના સીધા અંકૂશ હેઠળ રહેતા તો કેટલાક અર્ધસ્વતંત્ર સ્થિતિમાં રખાતા. દૂરના પ્રદેશો માટે અનિશ્ચિત ઉપાયો અજમાવાતા.*

*તુર્ક સુલતાનોએ જીતાયેલા પ્રદેશોને સૈનિક વિસ્તાર (પ્રાંતોમાં) વહેંચી દીધા હતા. અને ત્યાં અમીરોને અધિકારી તરીકે નીમ્યા. આ પ્રત્યેક પ્રદેશોને 'ઈક્તા' કહેવામાં આવતું હતું ને તેનો અમીર અધિકારી 'મુક્તી' અથવા 'વલી' તરીકે ઓળખાતો. તેમને રોકડ પગારને બદલે જમીન મહેસૂલ ઉગારાવવાનો અધિકાર અપાતો. જે 'જમીન અનુદાન પદ્ધતિ' કે 'ઈક્તા પ્રણાલી' તરીકે પ્રસિદ્ધ થઈ. એ યાદ રાખવું ઘટે કે 'ઈક્તા'નો અર્થ જમીન પર અધિકાર કતઈ નહોતો. અને તે વંશપરંપરાગત પણ ન હતી. ઈક્તા ધારક ઉમરાવોને ત્રણ-ચાર વર્ષે બદલી કરી દેવામાં આવતા. જો કે ફિરોઝ તુગલકના શાસનમાં વંશાનુગત અધિકારો અપાયા હતા. આમ, ઈક્તા-ધારકો પ્રાંતનો વડો હતો અને તે પ્રાંતમાં શાંતિ-સલામતી, જમીન મહેસૂલ, લશ્કર, ન્યાય અને તેના કર્મચારીઓના પગાર વગેરેની જવાબદારી વહન કરવાની હતી. ઉપરાંત રાજ્યને મહેસૂલનો ચોક્કસ ભાગ મોકલવાનો હતો. રાજ્યને જરૂર પડ્યે લશ્કર લઈ હાજર થવું પડતું.*

*સમગ્ર સામ્રાજ્યને અનેક પ્રાંતોમાં વહેંચી દેવામાં આવ્યા હતું. મોટા પ્રાંતો 'અકલીમ' અને નાના પ્રાંતોને 'ઈક્ત' કહેવામાં આવતા હતા. મુહમ્મદ તુગલકના સમયમાં એક જ પ્રાંતમાં બે અધિકારીઓ પણ નિમાતા. એક લશ્કરી અને બીજો મહેસૂલી. તેમને વિઝારતમાંથી પગારની ચૂકવવાની વ્યવસ્થા કરવામાં આવતી. પ્રાંતોના હિસાબ-કિતાબ પર કેન્દ્રનું દીવાન કાર્યાલય દેખરેખ રાખતું.*

*પ્રાંતથી નાનો એકમ 'શિક' હતું. જે અત્યારના જિલ્લા સમાન હતું. તેનો વડો શિકદાર અથવા ફોજદાર કહેવાતો. તે પ્રદેશમાં શાંતિ-વ્યવસ્થા જળવાતો. શિકથી નાનો એકમ 'પરગણું' હતું. જે અત્યારના તાલુકા સમાન હતું. તેના માટે ૧૦૦ ગામો પર 'ચૌધરી' નામના અધિકારી નિમાતો. અને વહીવટીતંત્રનો નાનો એકમ 'ગામડું' હતું. જેમાં પ્રાચીન પરંપરાગતની વ્યવસ્થા ચાલુ રહેવા દેવામાં આવી. ગ્રામ પંચાયતના સભ્યો ઉપરાંત સરકાર દ્વારા ખોત, ચોકીદાર, પટવારી નીમાતા જે સહકારથી કામ કરતા હતા. પ્રાંતોમાં કાઝી ન્યાય આપવાનું કામ કરતા. કોટવાલ પોલીસ કામ સંભાળતો જ્યારે દીવાની ઝઘડાઓ ગ્રામપંચાયત સંભાળતી હતી.*

**10.3.3.3 મહેસૂલી વહીવટ**

*તેરમી સદીના જમીન મહેસૂલ વ્યવસ્થા વિશેની આધારભૂત માહિતી મળતી નથી. તેથી જૂની વ્યવસ્થા પ્રવર્તમાન હશે તેવું અનુમાન કરી શકાય. બદલાવ એ થયો કે કેન્દ્રીય કક્ષાએ જમીનની આવક પ્રાપ્ત કરનાર શાસક વર્ગ તુર્ક શાસકો આવ્યા. રાજ્યની આવકનો મુખ્ય સ્રોત જમીન મહેસૂલ હતું. પરંતુ તેને પ્રાપ્ત કરનાર શાસક પર તેનો આધાર રહેતો. છેક અલાઉદ્દીનના સમયમાં તેમાં ફેરફારો કરી મહેસૂલી તંત્રને કાર્યદક્ષ*

*બનાવવાના પ્રયાસો થયા. તેણે જમીનદારો(મુખ્યત્ત્વે હિંદુ) પ્રજા પાસેથી વધુ ધન ખેંચવા અને બળવા ડામવાના હેતુસર રાજ્યનું મહેસૂલ ઉપજના અડધા ભાગ જેટલું વધાર્યું. ગ્યાસુદ્દીનને દુષ્કાળ જેવાં કુદરતી આફતો ટાણે ખેડૂતોની ઊપજ ઓછી થઇ હોઈ રાજ્યનું મહેસૂલ ઉપજ પર ઓછુ કરવા પ્રયત્નો કરેલા  જાજો ફેરફાર તેણે પણ કરેલો નહીં.*

*સુલતાન મુહમ્મદ તુગલકે મહેસૂલી તંત્રમાં ફેરફાર કરવા નવા અખતરા કર્યા. જે નિષ્ફળ રહ્યા. તેણે અવિચારી રીતે દોઆબમાં કરવૃદ્ધી કરી પરંતુ વસ્તુસ્થિતિની જાણ થતાં ખેડૂતો માટે પ્રયાસો કર્યા. એ બધું વ્યર્થ નીવડ્યું. ફિરોઝ તુગલકના વખતથી ખેતી વિષયે નવો યુગ શરુ થયો. તેના સમયમાં જમીનની મોજણી-માપણી નવેસરથી કરવામાં આવી. મહેસૂલ અધિકારીઓ પર અંકુશ મુકાયા. વધારાના કરવેરા નાબૂદ કરવામાં આવ્યા. નહેરો, કૂવાઓ અને સિંચાઈની સગવડો વધારી ખેત ઉત્પાદનને વેગ આપવામાં આવ્યો. તેનાથી ખેડૂતો સમૃદ્ધ થયા સાથે રાજ્યની આવક પણ વધી. આમ, આ સુધારાનો અમલ પછીથી સૈયદ અને લોદી સુલતાનોના સમયમાં અપનાવવામાં આવ્યો.*

*સલ્તનત સમયની રાજ્ય તરફથી ઉગારાવવામાં આવતા જમીન મહેસૂલ અંગે વિદ્વાનોમાં મતભેદ છે. રાજ્ય તરફથી ઉપજનો પાંચમો ભાગ માંગવામાં આવતો. મુસ્લિમ કાનૂન મુજબ મુસ્લિમો પાસેથી જો તે કુદરતી સાધનોથી સિંચાઈ કરતા હોય તો ઊપજના ૧૦ ટકા અને કૃત્રિમ સાધનથી સિંચાઈ કરતા હોય તો ઉપજના ૫ ટકા લેવાની ભલામણ કરવામાં આવી હતી. હિંદુઓ પાસેથી ખેડાણ જમીન પર 'ખરાજ' નામે કર લેવામાં આવતો હતો. આમ, સમગ્ર ખેતઉપજ પર રાજ્ય અડધો ભાગ કે ત્રીજો ભાગ કર લેતું. અલાઉદ્દીન અને મુહમ્મદ તુગલકના સમયમાં અન્ય રીતે તે ઉપજનો અડધો ભાગ લેવાતું. તેમના સિવાયનાં સુલતાનો ત્રીજો ભાગ કર સ્વરૂપે લેતા હતા. જમીન મહેસૂલ ઉપજ અને રોકડ બંને સ્વરૂપે લેવાતું. મુકાદમ, ચૌધરી અને ખોત જેવા અધિકારીઓ ગામડાંમાંથી 'ખરાજ' કર ઉગરાવતા હતા. જે કેન્દ્રને તેના અધિકારીઓ મારફત જમા કરાવતા. તેનો અમુક ભાગ તેમની સેવાના બદલામાં પગાર સ્વરૂપે રાખતા જેને 'હક્ક-ઈ-ખોતી' કહેવામાં આવતો હતો. આ ઉપરાંત ખેડૂતો પાસેથી મુકાદમ, ચૌધરી કે ખોત ઉપજનો અમુક ભાગ અલગથી લેતા જે 'કિસ્મત-ઈ-ખોતી' કહેવામાં આવતો હતો. જમીન મહેસૂલ ઉપરાંત દરેક ખેડૂત ઘરવેરો(ઘરી) કે ચરાહ્ગાહ(ચરાઈ) વેરો પણ આપતા હતા.*

- **તમારી પ્રગતિ ચકાસો. 1.**

1. **યોગ્ય રીતે જોડકાં જોડો.**

| *(અ)* | *(બ)* |
|---|---|
| 1. *તહકીક-ઈ-હિંદ* | A. *અમીર ખુશરો* |
| 2. *ખઝાઈલ્ફૂતૂહ* | B. *કૃષ્ણદેવરાય* |
| 3. *આમુક્તમાંલ્યદા* | C. *અલબેરુની* |
| 4. *મિરાત-ઈ-સિકંદરી* | D. *લખબક્ષ* |
| 5. *કુતુબુદ્દીન ઐબક* | E. *ઈલ્તુત્મિશ* |

6. તુર્કાને ચિહિલગાની — F. સિકંદર બિન મોહમ્મદ
7. ભાવનિયમન — G. મુહમ્મદ તુગલક
8. દીવાન-ઈ-કોહી — H. વહીવટનો સર્વોચ્ચ વડો
9. સુલતાન — I. અલાઉદ્દીન ખિલજી
10. દીવાન-ઈ-મુમાલિક — J. લશ્કર ખાતાંનો વડો

1. સલ્તનત સમયનો ઈતિહાસ જાણવાના સાધનો વિશે ટૂંકમાં જણાવો.

2. સલ્તનતની સ્થાપના વિશે પાંચ વાક્યો લાખો.

3. ખિલજી વંશ વિશે સંક્ષિપ્તમાં જણાવો.

4. સલ્તનતના વિઘટનના પરિબળો વિશે ચાર વાક્યો લખો.

5. સલ્તનત સમયના વહીવટીતંત્ર પર પાંચ વાક્યો લખો.

## 10.4 સલ્તનત સમયના ભારતની સામાજિક સ્થિતિ

*ઈ.સ.1206 થી 1526ના સલ્તનત સમયમાં ભારતમાં મુસ્લિમ અને હિંદુ એમ બે વર્ગો અસ્તિત્વમાં હતા. મુસલમાનોમાં પરદેશી અને ભારતીય એવા વર્ગો હતા. તેની સામે દેશની બહુલ હિંદુ પ્રજા અસંખ્ય જ્ઞાતિઓ-પેટા જ્ઞાતિઓમાં વિભક્ત હતી અને તેમની વચ્ચે ઉચ્ચ-નીચના ભેદો હતા. જે વધારે કડક બન્યા. મુસ્લિમ સમાજમાં પણ વર્ગભેદ વધ્યા. હિંદુ-મુસ્લિમ બંને સમાજ રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રે જુદા-જુદા દરજ્જા ધરાવતા હતા. શાસક વર્ગ તુર્ક-અફઘાન મુસ્લિમો હોઈ તેઓ રાજ્ય અને સમાજમાં વિશેષ અધિકારો અને સન્માન ધરાવતા. હિંદુઓ પર નિયંત્રણો અને તેમને પ્રમાણમાં ઓછા હકો હતા.*

### 10.4.1 હિંદુ સમાજ

*હિંદુ સમાજ અનેક જ્ઞાતિઓ-પેટા જ્ઞાતિઓના વાડાઓમાં વહેંચાયેલો હતો. હિંદુઓમાં સંયુક્ત કુટુંબ પ્રથા હતી. બાળક ચાર વર્ષનું થાય ત્યારે વિદ્યા પ્રારંભ વખતે ઉપનયન(દ્વિજ) સંસ્કાર ધામધૂમથી ઉજવાતો. આ કાલે ક્ષત્રિયોની સત્તા છીનવાતાં આ વર્ગ ક્ષુબ્ધ થયો હતો. તેઓ મુસ્લિમ લશ્કરમાં સૈનિક તરીકે જોડતા થયા. ઉપરાંત અન્ય ધંધા તરફ પણ વળ્યા હતા. બ્રાહ્મણનું સમાજમાં મહત્ત્વ ઓછુ થયું હતું. ઘણા તો દક્ષિણમાં જઈ વસ્યા હતા. આમ છતાં નીચલા વર્ગના હિંદુઓ પ્રત્યેનો તેમની કઠોરતા ચાલુ જ રહી. ગામડાંમાં હિંદુ સમાજ પર તેમનો પ્રભાવ યથાવત રહ્યો. મુસ્લિમોને વેપાર પ્રત્યે અણગમો હોઈ વેપાર પર વૈશ્ય વર્ગનું પ્રભુત્ત્વ રહ્યું. શૂદ્રોની સ્થિતિ દયાજનક હતી. શુદ્રોને આ કાલમાં પુરાણોના અભ્યાસની છૂટ અપાઈ હતી. હિંદુઓમાં ઓછા શિક્ષણને લઈને અનેક બુરાઈઓ જેવી કે અંધશ્રદ્ધા, વહેમો, જાદુ-ટોના, મંત્ર-તંત્રમાં વિશ્વાસ વ્યાપેલો હતો. લગ્નો સમયે ધૂમ ખર્ચ કરવામાં આવતો.*

*અમુક સુલતાનોના સમયમાં હિંદુઓને સારા હોદ્દા મળ્યા તે અપવાદને બાદ કરતાં રાજ્ય શાસનની ઊંચી નોકરીઓ અને હોદ્દાઓમાં તેમને ઓછા હક્કો પ્રાપ્ત હતા. તેમ છતાં નાની પાયરીની નોકરીઓમાં તેમને સ્થાન મળતું. ખાસ કરીને આંકડાકીય હિસાબમાં હિંદુઓ પ્રવીણ હતા. પ્રાદેશિક રાજ્યોમાં કાશ્મીરના સુલતાન જૈનુલઆબેદીને હિંદુઓ સંદર્ભે ઉદારતા બતાવી રાજ્યની નોકરીઓ આપી હતી. બંગાળ અને માળવાના સુલતાનોએ હિંદુઓને ઊંચા પદોએ નીમ્યા હતા. હિંદુઓ પાસેથી જઝિયા વેરો લેવામાં આવતો.*

*હિંદુ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ નિમ્ન કક્ષાએ પહોંચી હતી. બાળલગ્નો, સતીપ્રથા, દૂધપીતીનો રિવાજ, વિધવા લગ્ન નિષેધ, દહેજપ્રથા, શિક્ષણનો અભાવ જેવા*

પરિબળો તેમની આવી સ્થિતિ માટે મુખ્યત્ત્વ જવાબદાર હતાં. પુત્રી જન્મ કરતાં પુત્ર જન્મ આવકારદાયક ગણાતો. રાજપૂત સ્ત્રીઓમાં જૌહર (સામુહિક ચિતા પ્રવેશ) રિવાજ પણ હતો. રાજપૂતો યુદ્ધમાં પરાજિત થાય તે સમયે તેમની સ્ત્રીઓ ચારિત્ર્યના જતન વાસ્તે જૌહર કરતી. ઉચ્ચવર્ગ અને મધ્યમવર્ગમાં ઘુંઘટ પ્રથાનો રિવાજ સામાન્ય હતો. આવી સ્થિતિ હોવા છતાં પતિ વ્રતાસ્ત્રીને સમાજમાં સન્માનની નજરે જોવામાં આવતી હતી. વિશિષ્ટ પરિબળોને બાદ કરતાં છૂટાછેડા ભાગ્યે જ થતા. નીચલા થરની કન્યાઓ શિક્ષણ મેળવી શકતી નહી. ઉપલા વર્ગની સ્ત્રીઓને લલિતકલાઓનું શિક્ષણ આપવામાં આવતું હતું. રૂપમતી, પદ્માવતી, દેવળરાની વગેરે તેનાં દ્રષ્ટાંત છે.

હિંદુઓ મોટાભાગે શાકાહારી હતા. હિંદુઓમાં રજપૂતો, બંગાળ અને પંજાબમાં બ્રાહ્મણો અને શૂદ્રો માંસાહાર કરતા. ગાય અને બળદ સિવાયના તમામ પ્રાણીઓનું માંસ ખાવામાં આવતું. હિંદુ સમાજના ઉચ્ચ વર્ગના લોકો રોટલી, ભાખરી, પૂરી, પરોઠા, ભાત, દાળ, દૂધ, દહીં, માખણ, ઘી, તેલ અને અનેક શાકભાજીનો ઉપયોગ થતો. અનેક પ્રકારનાં મિષ્ટાન પણ બનાવાતાં. સૂકાં મેવા અને ફળો પણ સામાન્ય હતાં. ખીચડી, ચોખા, રોટલી વગેરે  સાદો ખોરાક ગ્રામ્ય સમાજમાં સામાન્ય હતો. મદિરાનું સેવન પણ કરવામાં આવતું હતું. જુગાર, મહેફીલો, ચોગાન, શતરંજ. ચોપાટ,માછલી પકડવી, શિકાર, પશુ-પક્ષીઓ વચ્ચેની સાઠમારી, જાદુગરના ખેલ, મલ્લયુદ્ધ, વગેરેમાંથી લોકો મનોરંજન મેળવતા હતા.

વિજયનગર સામ્રાજ્યના સમકાલીન પ્રાપ્ય સાધનોના અભ્યાસ પરથી જણાય છે કે અહી હિંદુઓની સ્થિતિ સારી હતી. સમ્રાટો ચારે વર્ણોના પાલક કહેવાતા. અહીનો સમાજ ચાર વર્ણો ઉપરાંત અનેક જ્ઞાતિઓમાં વિભક્ત હતો. જ્ઞાતિ અને વ્યવસાય સંબંધમાં પરિવર્તન આવ્યું હતું. લશ્કરમાં અને સરકારી નોકરીઓમાં બધા વર્ગોના ઉપરાંત મુસ્લિમોને પણ સ્થાન અપાતું. બ્રાહ્મણો મહત્ત્વના હોદ્દાઓ પર નિમાતા હતા. ક્ષત્રિયો લશ્કર ઉપરાંત યોગ્યતા પ્રમાણે ઉચ્ચ સ્થાને પણ નિમાતા. વૈશ્યો ગણિતમાં પાવરધા હોઈ વેપારમાં પરોવાયેલ હતા. શુદ્રો કાપડવણાટનું કામ કરતા. જ્ઞાતિ બહાર મુકવાનો રિવાજ સમાજમાં પ્રવર્તમાન હતો.

ભારતના બીજા પ્રદેશો કરતાં વિજયનગર સામ્રાજ્યમાં સ્ત્રીઓની સ્થિતિ એકંદરે સારી હતી. સ્ત્રીઓ સરકારી નોકરીઓ કરતી. ઉપરાંત મલ્લ વિદ્યામાં પ્રવીણ અને વિદૂષીઓ પણ હતી. કંપનની રાણી ગંગાદેવીએ 'મદુરા વિજયમ' નામનું મહાકાવ્ય લખ્યું હતું. તો કૃષ્ણદેવરાયની રાણી ચિન્નાદેવી ખ્યાતિપ્રાપ્ત ગાયિકા હતી. નુનીઝે વિજયનગરના સમ્રાટોના અંત:પુરમાં ફરજ બજાવતી કાબેલ મહિલાઓ વિશે વર્ણન કર્યું છે. રાજકુમારીઓ માટે લલિતકલાઓ, વહીવટીતંત્ર તથા શસ્ત્રવિદ્યાની તાલીમ ઉપરાંત શિક્ષણની સુંદર વ્યવસ્થા કરવામાં આવતી.

બહમની સામ્રાજ્યના સમાજ સંદર્ભે ડૉ. ઈશ્વરલાલ ઓઝા નોંધે છે કે, "બહમની સલ્તનતની સામાજિક સંરચનાનો સર્વદેશીય ગણી શકાય કારણ કે તેમાં બહુમતી હિંદુઓ ઉપરાંત મુસ્લિમ, ઈરાની, ઈરાકી, એબિસિનિયન અને ટ્રાન્સઓક્સિયનોનો સમાવેશ થતો હતો." રશિયન પ્રવાસી અથનેસિયસ નિકિતિનની નોંધ મુજબ અમીરો ચાંદીની

પાલખીમાં બેસીને અનેક રક્ષકો સાથે આવતા અને એક ભવ્ય જુલૂસ જેવું તે ભાસતું. વઝીર મહમૂદ ગવાં પ્રતિદિન પાંચસો માણસો સાથે ભોજન લેતો. સુલતાનો હિંદુ પ્રજા પ્રત્યે અસહિષ્ણુ હતા.ચિશ્તી, કાદરી તથા શત્તારી, સૂફી સંપ્રદાય અહી મહત્ત્વના હતા. દિલ્હીના વિખ્યાત ચિશ્તી સંત સૈયદ ગેસુદારાજ ગુલબર્ગમાં સ્થાયી થયા હતા.

બહમનીના રાજકીય ઈતિહાસ જેટલી માહિતી સામાજિક સ્થિતિ વિશે મળતી નથી. ફારસી, મરાઠી, દક્ષિણી ઉર્દૂ, કન્નડ, તેલુગુ ભાષાઓ વિશેષ બોલાતી હતી. નિકિતિનના જણાવ્યા મુજબ ઉમરાવો, સામાન્ય પ્રજા સમૃદ્ધ, સુખી અને ધનવાન હતી. સમાજમાં અમીર અને ગરીબ એવા બે વર્ગો હતા. પરંતુ એક વર્ગ અતિ વૈભવી જીવન અને બીજો સમાજનો મોટો વર્ગ સામાન્ય પ્રજા, ગામડાંની પ્રજા નિર્ધન હતી. એક ત્રીજો વર્ગ વ્યાપારી મધ્યમવર્ગ પણ હતો.

### 10.4.2 મુસ્લિમ સમાજ

વિદેશી તુર્ક અને અફઘાન મુસ્લિમો ઉચ્ચ હોદ્દા ભોગવતા. તેમની તુલનામાં ભારતીય મુસ્લિમને ઉતરતી પાયરીના હોદ્દા આપવામાં આવતા હતા. એટલે દેશી કે ભારતીય મુસ્લિમનું સમાજમાં સ્થાન વિદેશી મુસ્લિમો પછીનું હતું. વિદેશી મુસ્લિમો પણ તલવારધારી અને કલમધારી એમ બે વર્ગોમાં વહેંચાયેલ હતા. તલવાર ધારણ કરનાર વિદેશી મુસ્લિમોની મદદથી સુલતાનોએ પોતાનું સામ્રાજ્ય ખડું કરી અને ટકાવી વિકસાવ્યું હતું. આવા પરદેશી મુસ્લિમોને વિશાળ જાગીરો મળતી. તેના પ્રતાપે આવા ઉમરાવો સમૃદ્ધ અને શક્તિશાળી બન્યા. આ વર્ગ સુલતાનને ગાદી અપાવવામાં અને સત્તા ઉથલાવવામાં સક્ષમ બન્યો. સાથે વિશાળ જાગીરોથી તેઓ વિલાસી, એશઆરામી ઉપરાંત મદિરા, જુગારના આદી બન્યા. આથી બલ્બન તથા અલાઉદ્દીન ખિલજીએ તેમના પર અંકુશ અર્થે સામાજિક નિયંત્રણો લાદ્યા હતાં. આ રાજકીય વર્ગના ઉમરાવોમાં સૌથી ઊંચું સ્થાન ‘ખાન’નું ત્યારબાદ ‘મલિક’ ને પછી ‘અમીર’ના હોદ્દા હતા. સિપાહસાલાર અને સરખેલ અમીરોમાં નિમ્ન હોદ્દા હતા. આ બધું હોવા છતાં આર્થિક રીતે સંપન્ન હોઈ વિદેશી મુસ્લિમ ઉમરાવોએ કલા-સ્થાપત્યના વિકાસમાં, દાનધર્મમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

અરબસ્તાન, ઈરાન, મિસર જેવા દેશોમાંથી ધર્મપ્રચાર તથા ગુજરાન વાસ્તે આવેલ વિદેશી મુસ્લિમોનો બીજો વર્ગ કલમધારી મુસ્લિમોનો હતો. આ વર્ગમાં ઉલેમાઓ, મૌલવીઓ, કાઝીઓ, મુફતીઓ, ઈમામો, ખતીબો મુખ્ય હતા. જે સરકારી નોકરી, શિક્ષણ અને મજહબી કામો કરતા હતા. તેમાં ઉલેમાઓ(ધર્મગુરુઓ) ઈસ્લામ ધર્મ અને શાસ્ત્રોનું ગહન જ્ઞાન ધરાવતા હોઈ ‘અહલ કલમ’ તરીકે ઓળખાતા. સુલતાનને ધાર્મિક બાબતોમાં સલાહ આપતા. તેમની સલાહ પ્રમાણે સુલતાનો વહીવટ ચલાવતા. મૌલવીઓ પણ સુલતાન અને તેના શાસન પર અસર પાડી શકતા. દિલ્હી સલ્તનતને તેમણે જ સાંપ્રદાયિક બનાવ્યું હતું. હિંદુઓને કાફિર કહેતા ને સુલતાનોને તેમની વિરુદ્ધ જેહાદ જગાવવા ઉત્તેજન આપતા. કાઝી અને મુફતીઓ ન્યાય આપવાનું કામ કરતા. ધર્મપ્રચાર અને

મુસ્લિમ સ્થાનોની દેખભાળનું કાર્ય ઈમામો અને ખતીબો કરતા. અરબસ્તાન, ઈરાન, મિસરથી આવેલા સૂફીસંતોએ હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિના સમન્વયના કાર્યમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આમ, આ કલમધારી મુસ્લિમોએ મુસ્લિમ શિક્ષણ, સાહિત્ય અને ઈસ્લામ ધર્મના વિકાસને વેગ આપ્યો હતો.

ભારતીય મુસ્લિમોમાં ધર્માંતર કરીને હિંદુમાંથી મુસ્લિમ બનેલા વર્ગનો તેમાં સમાવેશ થતો હતો. નિમ્ન વર્ગ, અન્યાયી જ્ઞાતિ વ્યવસ્થાથી ત્રસ્ત, દબાણ કે લાલચ વગેરે પરિબળોને વશ હિંદુઓએ ઈસ્લામ અપનાવી મુસ્લિમ બન્યા હતા. સરકારની નિમ્ન સ્થાનોવાળી નોકરી, ખેતી, કારીગરી, વણાટકામ કે અન્ય ધંધાઓમાં આ વર્ગ જોડાયેલો હતો.

સુલતાનો, અમીર ઉમરાવો અને ધનિકો ગુલામો રાખતા. એટલે ગુલામોનો પણ એક આખો વર્ગ હતો. પરંતુ યૂરોપના ગુલામોથી ભારતના ગુલામોની સ્થિતિ અલગ પ્રકારની હતી. તેઓ વફાદારી અને કાબેલિયત પ્રમાણે ઉચ્ચ સ્થાને પહોંચી શકતા. જેમ કે મલિક કાફૂર અલાઉદ્દીન ખિલજીનો તથા ખાને જહાન ફિરોઝશાહ તુગલકના ગુલામો હતા તેમ છતાં પોતાની દક્ષતાથી વજીર જેવા ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી રાજકારણમાં પોતાનો પ્રભાવ પાડી શક્યા હતા. હિંદુમાંથી ધર્માંતર કરેલા મુસ્લિમ ગુલામો મહેલો અને સરકારી કારખાનામાં કામ કરતા હતા. ખાસ કરીને આ સમયમાં ગૃહઉદ્યોગો અને વેપાર-વાણિજ્યના વિકાસમાં ગુલામોનો અગત્યનો ફાળો રહ્યો.

મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન નિમ્ન કક્ષાનું હતું. રજિયા બેગમ જેવી અપવાદરૂપ સ્ત્રીઓને બાદ કરતાં સ્ત્રીઓનો મોટો વર્ગ શિક્ષણથી વંચિત રહેતો. કન્યાઓ માટે સમાજમાં શિક્ષણની વ્યવસ્થા ઓછી હતી. પુત્રી જન્મ આવકારદાયક ન હતો. ઊંચા કુળની સ્ત્રીઓ ક્યારેક જ બહાર નીકળતી. મુસ્લિમ સમાજમાં પરદાપ્રથા, બુરખાપ્રથા, બહુપત્નીત્વ, દહેજપ્રથા તલાક જેવા રિવાજથી સ્ત્રીઓની સ્થિતિ સારી ન હતી.

### 10.4.3 હિંદુ-મુસ્લિમ સમન્વય

સલ્તનત યુગના ત્રણસો વર્ષના સહજીવનથી હિંદુ-મુસ્લિમ ખાનપાન, પહેરવેશ, સભ્યતા, સંસ્કારિતા, ધાર્મિક ભાવનામાં તફાવતો હોઈ તેમની વચ્ચે સમન્વય સાધી શકાયો નહી. મજહબી વિચારો પર રચાયેલ સલ્તનતને કારણે પ્રજા સાથે એકરાગ સ્થાપી શકાયો નહી. તોપણ તેઓએ કેન્દ્રીય સત્તા સ્થાપી હતી. તે અગાઉ મધ્યયુગના પ્રથમ તબક્કામાં રાજપૂત યુગમાં ભારત અંદરોઅંદર જગડીને નિર્બળ થયેલાં અનેક નાનાં-મોટાં રાજ્યોમાં વહેંચાયેલું હતું એ ન ભૂલવું જોઈએ. મુસ્લિમો પહેલાં ભારતમાં આવેલી પ્રાચીન સમયથી વિદેશી પ્રજા અને શાસકો ભારતીય સમાજમાં સમાઈ ગયા. જ્યારે મધ્યયુગના બીજા તબક્કામાં મુસ્લિમોની બાબતમાં આવું બન્યું નહી. તેમછતાં સૂફી સંતો, દરવેશો, કબીર, નાનક વગેરેના સમન્વયકારી પ્રયાસોથી મુસ્લિમ તહેવારો, ઉત્સવોમાં હિંદુઓ અને હિંદુ તહેવારોમાં મુસ્લિમો જોડાતા થયેલા અને આમ એકબીજાની સંસ્કૃતિઓ પર પ્રભાવ પડ્યો. પરસ્પરનાં ભાષા, સાહિત્ય, કલા-સ્થાપત્ય પર તો અમીટ છાપ પડી. સંસ્કૃત અને પ્રાદેશિક ભાષાઓમાં મુસ્લિમ ગ્રંથો તો મુસ્લિમ ભાષાઓ અરબી, ફારસી,

*ઉર્દૂમાં હિંદુ ગ્રંથોની રચના થઈ. એકમેકની ભાષાના ગ્રંથોનાં ભાષાંતર પણ થયાં. સલ્તનતકાલીન મુસ્લિમ ઈરાની કલા સ્થાપત્ય પર ભારતીય કલા-સ્થાપત્યની અસર પડી. સંગીત, નૃત્ય, નાટક, ચિત્રકલા વગેરેમાં પણ પરસ્પર સમન્વય સધાયો. વળી આરબોએ તો ભારતીય સંસ્કૃતિ, વિજ્ઞાન, ગણિત, જ્યોતિષ વગેરે વિદ્યાઓને એશિયા યૂરોપ સુધી પહોંચાડી સંસ્કૃતિના વાહકો તરીકે અગત્યની ભૂમિકા ભજવી હતી.*

- **તમારી પ્રગતિ ચકાસો-2**

**અ. ખાલી જગ્યા પૂરો.**

(1) _________ *સામ્રાજ્યમાં સ્ત્રીઓની સ્થિતિ સારી હતી. (બહમની, વિજયનગર)*

(2) *અથનેસિયસ નિકિતિન* _________ *દેશનો હતો. (જાપાન, રશિયા)*

(3) *કાઝી અને મુફ્તીઓ*_________ *નું કામ કરતા. (વણાટ, ન્યાય)*

(4) *મલિક કાફૂર*________ *નો ગુલામ હતો. (અલાઉદ્દીન, ફિરોઝ)*

(5) *રાજકીય વર્ગના ઉમરાવોમાં સૌથી ઊંચું સ્થાન*________ *નું હતું. (ખાન, મલિક)*

1. *સલ્તનત સમયના હિંદુ સમાજ વિશે જણાવો.*

2. *સલ્તનત સમયના મુસ્લિમ સમાજજીવન વિશે ટૂંકમાં જણાવો.*

3. *સલ્તનતમાં હિંદુ-મુસ્લિમ સમન્વય વિશે લખો.*

## 10.5 સલ્તનત સમયના ભારતની આર્થિક સ્થિતિ

### 10.5.1 ખેતી

*સલ્તનત સમયમાં ભારતીય અર્થતંત્રમાં જૂની હિંદુ વ્યવસ્થા પ્રમાણે ખેડૂતો, વેપારીઓ અને કારીગરો આ ત્રણ મહત્ત્વના ચાલક બળો હતા. પુરાણી જ્ઞાતિપ્રથા તથા સંયુક્ત કુટુંબમાં રહી આર્થિક પ્રવૃત્તિઓ ચાલતી હતી અને એ રીતે આર્થિક ક્ષેત્રે સામાજિક માળખું સ્વાવલંબી અસ્તિત્વમાં હતું. સમાજ માટે ગ્રામીણ અર્થતંત્ર આધારશીલા હતું.*

ગામડામાં ખેતી અને કાપડ વણાટ બુનિયાદી આર્થિક પ્રવૃત્તિ હતી અને તેને સંલગ્ન પૂરક વ્યવસાયો જેવાકે લુહારીકામ, કુંભારીકામ, કંસારાકામ, સોનીકામ, ઘાંચીકામ વગેરે ચાલતાં. વેપારી બહારની વસ્તુ પૂરી પાડતા અને વસ્તુ વિનિમયથી વ્યવહાર ચાલતો. ગુજરી બજારો અને મેળાઓમાં ચોક્કસ પ્રકારની વસ્તુઓનું ખરીદ-વેચાણ થતું. જેમાં દૂરના પ્રદેશોની વસ્તુઓ વેચાવા આવતી. ગામડામાં નાણાં ધીરનાર શરાફ કે ચોક્સીનો વર્ગ પણ હતો. ખેડૂતો જરૂરિયાત મુજબ તેની પાસેથી વ્યાજે નાણાં લેતાં. વ્યાજનો દર ઊંચો રહેતો. ઘણીવાર ખેડૂતને પોતાની જમીન પણ દેવા પેટે ગુમાવવી પડતી. મળે તેમાં સંતોષ માની પ્રારબ્ધવાદી ગામડાંના લોકોમાં ઉદ્યમ સાહસને અવકાશ હતો નહિ. વાહન વ્યવહારના અભાવને કારણે ગામડાંનો વધારાનો ઉત્પાદિત માલ બહાર મોકલી શકાતો નહોતો. એકંદરે ગામડાં સ્વાવલંબી અને સુખી હતાં.

પ્રત્યેક ગામમાં વંશ પરંપરાગત વ્યવસાયો ગ્રામીણ અર્થતંત્રને ગતિમાન રાખતા તથા પ્રત્યેક જ્ઞાતિ આર્થિક એકમ સમાન હતી. જ્ઞાતિ માળખામાં ઉચ્ચ જ્ઞાતિઓ સંપત્તિવાન તો છેક તળીએ આવેલ જ્ઞાતિને માત્ર શરીર શ્રમ વડે ગુજરાન ચલાવવું પડતું. ઉપલો વર્ગ અનુત્પાદક વર્ગ હતો. ઉત્પાદન વર્ગ તરીકે હિંદુ સમાજમાં નીચેના બે વર્ગો વૈશ્યો અને શૂદ્રોનો આર્થિક પ્રવૃત્તિઓ પર એકાધિકાર હતો. આમ એ સમયના સમાજમાં જ્ઞાતિ આધારિત ચોક્કસ શ્રમવિભાજન હતું અને તેને અનુરૂપ આર્થિક માળખું રચાયેલ હતું. વ્યવસાય ધંધાની પરિવર્તનશિલતા ન હતી. આમ સલ્તનતકાલની શરૂઆત પછી જેમ જેમ આ યુગ આગળ વધ્યો તેમ અગાઉની ગ્રામીણ અર્થવ્યવસ્થામાં શહેરી અર્થવ્યવસ્થા અને તેની સાથે જોડાયેલા વેપાર ધંધા, ઉદ્યોગ, વ્યવસાયો વિકસતા ગયા. મુસ્લિમ શાસને શહેરી સંસ્કૃતિને પોષી. આ નવી અર્થવ્યવથા ભારતની પારંપરિક વ્યવસ્થા કરતા જૂદી પડતી હતી. પ્રો. મોહમ્મદ હબીબના મત મુજબ તે ઘણી સારી હતી. ગામડાં કરતાં શહેરોની આર્થિક સ્થિતિ અલગ હતી.

સલ્તનતકાલ સંઘર્ષો તથા યુદ્ધોનો યુગ હોવા છતાં ખેતીવાડી, ધંધા,રોજગાર, ઉદ્યોગ અને વેપાર-વાણિજ્ય વિકાસ પામ્યાં હતાં. એમાં ઉપલા શાસક વર્ગો સમૃદ્ધ અને સુખી હતા. મોરલેન્ડે નોંધ કરી છે તેમ, "મધ્યમવર્ગના લોકોનું જીવન પ્રમાણમાં સુખી અને સંતોષી હતું. સામાન્ય રીતે વેપારી સમુદાય સાદું, શાંત અને સંયમી જીવન વ્યતિત કરતો. સ્થાનિક ફોજદાર તેમની સંપત્તિ પડાવી ન લે તે માટે તેઓ પોતાનું ધન છુપાવી રાખતા અને પ્રમાણસર જ ખર્ચ કરતા." તો નિમ્નવર્ગની સામાન્ય પ્રજાની આર્થિક સ્થિતિ સારી કહી શકાય તેવી નહોતી. યુદ્ધો અને લડાઈ થતાં રહેતાં તો પણ ખેતીને નુક્સાન કરવામાં આવતું નહોતું. કેટલાંક સુલતાનો ખેતીના વિકાસમાં અભિરુચિ દાખવતા. તથા ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે યોગ્ય કદમ ઉઠાવતા હતા. બલ્બને ઉત્તર અને પંજાબના પ્રદેશોમાં આવા પગલા લઈ આ પ્રદેશોને ચોર-લૂંટારાઓના ભયમાંથી મુક્ત કરી ખેતીને ઉત્તેજન આપ્યું હતું. અલાઉદ્દીન ખિલજીએ કૃષિ વિકાસ માટેના ખાસ આદેશો અને હુકમો જાહેર કર્યા હતા. વિવિધ કાયદા કરી ખેડૂતોને ખેતીમાં રાહત આપી હતી. ફિરોજ તુગલકે તો સિંચાઈ માટે નહેરો કરાવી હતી. તેવી જ રીતે સિકંદર લોદીએ પણ ખેતીવાડીના

*વિકાસ અને ખેડૂતોના હિતો પ્રત્યે ધ્યાન આપ્યું હતું.આમ છતાં કરમાં બમણો વધારો થતાં ખેડૂતોની સ્થિતિ વણસી હતી. સલ્તનત કાલમાં મહેસૂલનો દર ઉપજનો ત્રીજો ભાગ લેવાતો. રાજ્યના કર, સ્થાનિક ઠાકોર, કાયસ્થ, પટવારી વગેરેની માંગ પૂરી કરવામાં ઉપરાંત પંડિત, પૂજારી, ખેતમજૂરો વગેરે બધું મિલાવીને ખેડૂત પાસે એકાદ વર્ષ ચાલે તેટલા ઉત્પાદન સિવાય ઝાઝું બચતું નહીં. હળ અને બળદ દ્વારા પરંપરાગત પદ્ધતિએ ખેતી થતી. આવા ખેતીનાં સાધનોથી જમીન ઓછી ખેડાતી હોઈ વિપુલ ઉત્પાદન મળતું નહીં. વરસાદ આધારિત ખેતી હતી ને સિંચાઈની વ્યવસ્થા ઓછી હોઈ દુષ્કાળમાં ખેડૂતોની સ્થિતિ કફોડી બની જતી.*

*ઘણા સુલતાનો બાગબગીચાના શોખીન હતા. ફિરોજ તુગલકે ફળ-ફૂલોના અનેક બાગ-બગીચા તૈયાર કરાવ્યા હતા. અનાજના વાવેતર સાથે ફળોની ખેતી પણ થતી હતી. મોટા પ્રમાણમાં સુખડનું વાવેતર થતું હતું. આ યુગમાં લોકો અત્તરના ભારે શોખીન હોઈ કેવડા તથા ગુલાબનું પણ બહોળા પ્રમાણમાં વાવેતર ખેડૂતો કરતા હતા. જીયાઉદ્દીન બરનીની નોંધ પ્રમાણે દેશ અનાજ, ફળ, ફૂલ, શાકભાજી વગેરેની બાબતમાં સ્વાવલંબી હતો; એટલું જ નહીં, પરંતુ તે અનાજ અને ફળોની વિદેશોમાં નિકાસ પણ કરતો. મોરક્કો પ્રવાસી ઈબ્નબતૂતાના વર્ણન પ્રમાણે આધુનિક સમયના ઘણા ખરાં અનાજો, કઠોળ, ફળો, ફૂલો, અત્તરો, સુગંધી અને કીમતી લાકડા વગેરેનો પાક તે સમયમાં પણ થતો. પાન ખાવાની ફેશન જેવું હોઈ નાગરવેલના પાન પણ મોટા પ્રમાણમાં ઉત્પાદીત કરવામાં આવતા. માદક પીણા પણ ફળો અને અનાજ ઉપરાંત અન્ય ચીજોમાંથી બનાવવામાં આવતાં હતાં.*

### 10.5.2 ઉદ્યોગ-ધંધા

*આ કાળમાં કાપડ, સોના-ચાંદી, ચામડાં, લોખંડ, ધાતુ, કાગળ(મલબાર 'કાગળનો દેશ' કહેવાતો), મરીમસાલા, તેલ અને અત્તરની બનાવટો, વાજિંત્રો જેવા અનેક ઉદ્યોગોનો વિકાસ થયો હતો. સુતરાઉ અને રેશમી કાપડના વસ્ત્રોના ઘણા કારખાના હતાં. જેમાં ઊંચી જાતનું સુંદર કાપડ તૈયાર કરવામાં આવતું હતું. આ કાપડ પર જરી અને ભરતકામ થતું. ઊનના કાપડ પર ભરતકામ વિશેષ પ્રચલનમાં હતું. જરી-ભરત ભરેલી આકર્ષક ટોપીઓ અમીર વર્ગ-ઉપલાવર્ગમાં ખાસ પ્રચલિત હતી. રેશમી રૂમાલ રાખવાનું ચલણ લોકોમાં હોઈ તેનું ઉત્પાદન પણ સારા પ્રમાણમાં થતું. વિવિધ શસ્ત્રો, છરી, ચપ્પાં, અસ્તરા, તાળા-કૂંચી, ખેતીનાં ઓઝાર, હળ ઉપરાંત અનેક પ્રકારની વસ્તુઓ લોખંડમાંથી બનાવવામાં આવતી. સરકારી કારખાનામાં ધનુષ્ય-બાણ, ભાલા, તલવાર, બરછી, કવચ જેવાં વિવિધ શસ્ત્રો બનાવવામાં આવતા હતાં. પીત્તળનાં વાસણોનું ચલણ વધુ હોઈ તે વાસણો બનાવવાનો ઉદ્યોગ મોટા પ્રમાણમાં વિકસ્યો હતો.*

*શાસક પરિવારો તથા મોટા અમીર અને અમલદારો સોના-ચાંદીના વાસણોનો ઉપયોગ કરતાં. આવા કીમતી વાસણો ઉપર રંગબેરંગી ચિત્રકારી કરવામાં આવતી. સોના-ચાંદીના ઘરેણાં પહેરવા સામાન્ય હતાં. હીરામોતી અને નીલમના ઉદ્યોગ વિકસ્યા હતા.*

*સંપત્તિવાન અને સુખી લોકો, શાસક વર્ગ ઝવેરાતના ખૂબ શોખીન હતા.આમ, સોના-ચાંદી અને ઝવેરાત બનાવવાનો ધંધો સારો વિકસ્યો હતો.*

*ચામડામાંથી પાણી ભરવાની ડોલો, પખાલો વગેરે બનતા ને તેનો બધા વર્ગો ઉપયોગ કરતા હતા. ખોરાકમાં મરી-મસાલા છૂટથી વાપરતા અને તેનું ઉત્પાદન મલબાર અને દક્ષિણ પ્રદેશોમાં થતું હતું. કાગળ, વાંસની ટોપલીઓ અને સુશોભનો પણ લોકો વાપરતા. ખાદ્યતેલ અને મોજશોખના તેલોનું ઉત્પાદન કરવામાં આવતું હતું. લોકો સુગંધીતેલ અને વિવિધ અત્તરોના પણ શોખીન હતા.શાસક વર્ગના મકાનોમાં સુખડના લાકડાના બારી-બારણાં વાપરતાં. આ ઉપરાંત માટીકામ, પથ્થરકામ, દોરડાં, વાજિંત્રો, નૃત્યના સાધનોનું ઉત્પાદન અને વપરાશનું પ્રચલન હતું.*

*કુલીનતાનું માપ ધન હતું.કદરૂપો ધનાઢ્ય વ્યક્તિ પણ સુંદર, પુણ્યશાળી વ્યક્તિ ગણાતો. મહંતો અને આચાર્યોમાં ધનાઢ્ય શિષ્યો મેળવવા સ્પર્ધા ચાલતી. આ કાળમાં નોકરશાહીમાં ઉચ્ચ સ્થાનો પર મુસ્લિમો તો નિમ્ન પાયરીનાં સ્થાને હિંદુઓ નિમાતા.*

### 10.5.3 વેપાર-વાણિજ્ય

*સલ્તનત યુગમાં વેપાર-વણજ સારો ખીલ્યો હતો. રૂ, અન્ન, અફીણ, ફળો, કાપડ, મોતી, હીરા-માણેક, સોના-ચાંદીના ઝવેરાત, ચામડાં, મરી-મસાલા, અત્તરો, કાપડ વગેરેનું ઉત્પાદન બહોળા પ્રમાણમાં થતું હોઈ તેની નિકાસ કરવામાં આવતી હતી. ઘોડા, ખચ્ચર, સુલતાનો તથા અમીરોના મોજશોખની વસ્તુઓ, દારૂ, કીમતી ગાલીચા, ઈજીપ્તનું ઊંચી જાતનું રૂ વગેરેની વિદેશથી આયાત થતી હતી. ભરૂચ અને કાલીકટ મોટાં બંદરો હતાં જેના મારફતે દરિયાઈ વેપાર ચાલતો. ઘોડા, ઊંટ, બળદગાડા, ખચ્ચર, હાથી, ગધેડા વગેરેનો વાહનવ્યવહારમાં ઉપયોગ થતો. આવા અવિકસિત વાહનવ્યવહારમાં પણ વેપાર-વાણિજ્ય વિકસ્યો હતો.*

*કાપડ ઉદ્યોગ અને વણાટકામ માટે ગુજરાત અને બંગાળ પ્રમુખ કેન્દ્રો હતાં. બારબોસા અને વરથેમા (16મી સદીના પ્રવાસી) બંગાળી કાપડની વેરમ, નમોની, લિજરી, કેન્થર, દોજર, સિનાવફ જેવાં કાપડનો ઉલ્લેખ કર્યો છે. દક્ષિણ ભારતના બૈરામિયા, સલાહિયા, શિરિન, કટ્ટન-એ-રૂમી, સિરાજ અને કિબાબ નામે કાપડ ખ્યાતિ પામ્યાં હતાં. બંગાળમાં રેશમ થતું હોવા છતાં બહારથી આયાત કરવામાં આવતું. ખંભાતનું રેશમ કીમતી કાપડ હતું. અમીર ખુશરોએ બંગાળના ઢાકાના મલમલની ભારે પ્રશંસા કરી છે. સુલતાનો, અધિકારી અમીરો, સરદારો, રાજપરિવારો વગેરે માટે રેશમ, સુતરાઉ તથા ઊનના કપડાં વાસ્તે દિલ્હીના સુલતાનોએ અનેક કારખાના શરુ કર્યા હતાં. જેમાં હજારો વણકરો કામ કરતા હતા.*

*દેવગીરી(દૌલતાબાદ) હીરા વેપારનું ખ્યાતનામ કેન્દ્ર હતું. હિંદુ વેપારીઓ ખાસ કરીને હીરા વેપાર સાથે જોડાયેલા હતા. દક્ષિણ ભારતમાં દ્રાક્ષ, સૂંઠ, મોતી, વિવિધ મરી-મસાલા વગેરે માટે જાણીતું હતું ને ત્યાં દેશ-વિદેશના વેપારીઓ તેની ખરીદી માટે આવતા. બારબોસાએ ધર્મપટ્ટનમના વિદેશ વેપાર વિશે નોંધ્યું છે કે, "ધર્મપટ્ટનમ*

*ઈમારતી લાકડાના વેપારનું મહત્ત્વનું મથક હતું જે કન્નોરથી બાર માઈલ દૂર હતું. આ બંદરેથી લાકડાં ઉપરાંત ઘઉં, ચોખા, સૂંઠ, કાપડ, બહમની સલ્તનતનું સુતરાઉ કાપડ વગેરેની નિકાસ થતી." હતી. વિજયનગર તો હીરા, મોતી, માણેક, નીલમના વેપારનું ખ્યાતનામ કેન્દ્ર હતું. અહીં આ બધી ચીજોની વિદેશમાં નિકાસ પણ થતી. દરિયાઈ વેપાર આફ્રિકા, યુરોપ, ચીન, મલાયા સાથે થતો જ્યારે જમીન માર્ગે વેપાર અફઘાનિસ્તાન, ઈરાન, ભૂતાન, તિબેટ વગેરે મધ્ય એશિયાના દેશો સાથે ચાલતો હતો. મોટા ભાગે વેપાર ગુજરાતીઓ, મારવાડીઓ, મુલતાનીઓ, ખુરસાનીઓ અને દક્ષિણ ભારતમાં ચેટ્ટીઓ કરતા. દરિયાઈ વેપારમાં આરબો, ગુજરાતીઓ, ખુરાસાનીઓ પછી ઈ.સ.૧૪૯૮થી પોર્ટુગીઝો હાવી થતા ગયા ને ઈ.સ.૧૫૧૦માં કાલિકટમાં કિલ્લેબંધી કરી કોઠી સ્થાપી હતી. તેમની મંજૂરી વગર કોઈ પણ વિદેશ જઈ શકતું નહોતું. દરિયાઈ વેપાર પર તેમનું વર્ચસ્વ હતું. જકાતી(અધિકારી) વેપારના માર્ગો પર દેખરેખ રાખતો ને કરપાત્ર વસ્તુઓ પર કર વસૂલ કરતો.*

**10.5.4 વિનિમય વ્યવસ્થા.**

*કુલીનતાનું માપ ધન હતું.કદરૂપો ધનાઢ્ય વ્યક્તિ પણ સુંદર, પુણ્યશાળી ગણાતો. લેવડ-દેવડમાં ચલણી નાણું હજી હાવી થયું નહોતું. ગામડાંમાં અનાજ અને વસ્તુઓનો વિનિમય તરીકે ઉપયોગ થતો. સોનાના દીનાર, ચાંદીના ટંકા અને તાંબાના જીતલ સિક્કાઓ ચલણમાં હતા. બધા રાજ્યોના અને વિદેશી સિક્કાઓ પણ આપ-લેમાં ચાલતા. તેનું કારણ એ હતું કે સિક્કાનું મૂલ્ય ધાતુના હિસાબે અંકાતું. ગુલામવંશના સિક્કાઓ 'દેહલીવાલ' નામે જાણીતા હતા. જેમાં એક બાજુ ઘોડેસવાર બીજી બાજુ નંદિ તથા દેવનાગરી લિપિમાં સુલતાનનું નામ રહેતું. સુલતાન ઈલ્તુત્મિશે પશ્ચિમ એશિયાના મુસ્લિમ સિક્કાઓ જેવા શુદ્ધ ઈસ્લામી સિક્કા પડાવવાની શરૂઆત કરી. તે સિક્કાના એક ભાગે કલમો કે ખલીફાનું નામ  તથા બીજા ભાગે સુલતાનનું નામ, બિરુદ, સ્થળ અને અરબી અથવા ફારસી ભાષામાં હિજરી વર્ષ આપવામાં આવતું. સોના-ચાંદીના સિક્કા* 170 *ગ્રેઈન (એક તોલાના) વજનના હતા. નાના મૂલ્યનો એકમ સિક્કો 'ગાની' કહેવતો. જે ખિલજીવંશમાં 'જિતલ' અને પછીથી 'દામ' તરીકે ઓળખાતો. આ સિક્કાઓ ચાંદી અને તાંબાના મિશ્રણથી બનતા. હિંદુ રાજ્યોમાં પ્રાચીન ભારતીય શૈલીવાળા સિક્કા પ્રચલનમાં હતા. દક્ષિણમાં વિજયનગરના રાજાઓની ટંકશાળો હતી અને અહીના સોનાના સિક્કા નાના અને ગોળ હતા. પ્રવાસી અબ્દુર્રઝાક નોંધે છે કે, આ સામ્રાજ્યમાં વરાહ, પ્રતાપ. ફેનોમ અને જીતલ નામના સિક્કાઓ ચલણમાં હતા. આ સિક્કાઓ ઉપર હિંદુ દેવો તથા પશુઓ અંકિત કરવામાં આવતાં હતાં.*

**અ. તમારી પ્રગતિ ચકાસો. 1**

**1. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) *સલ્તનતકાલમાં અર્થતંત્રનો મુખ્ય આધાર કયો હતો?*

(a) *ખેતી* (b) *વેપાર* (c) *વણાટ* (d) *પશુપાલન*

(2) સલ્તનત સમયમાં વિનિમયનું સાધન મુખ્યત્ત્વે કયું હતું?

(a) નાણું (b) વસ્તું (c) હૂંડી (d) કઈ નહિ

(3) ક્યા સુલતાને સિંચાઈ માટે નહેરો બંધાવી હતી?

(a) ઐબક (b) અલાઉદ્દીન (c) ફિરોઝ તુગલક (d) સિકંદર લોદી

(4) કાગળના દેશ તરીકે કયો પ્રદેશ જાણીતો હતો?

(a) દિલ્હી (b) બંગાળ (c) ગુજરાત (d) મલબાર

(5) પશ્ચિમ ભારતનું કયું બંદર વિદેશ વેપાર માટે ખ્યાત હતું?

(a) ભરૂચ (b) સુરત (c) ઘોઘા (d) કંડલા

**1. સલ્તનતકાલીન ઉદ્યોગ-ધંધા વિશે લખો.**

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

2. સલ્તનતકાલીન વિનિમય વ્યવસ્થા વિશે લખો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

3. સલ્તનત સમયના વેપાર-વાણિજ્ય વિશે સંક્ષિપ્તમાં જણાવો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

## 10.6 સારાંશ

હર્ષના સમય પછીના રાજપૂત યુગમાં કોઈ કેન્દ્રીય સત્તા રહી નહિ. ભારત અનેક નાના-મોટા હિંદુ રાજ્યોમાં વહેંચાઈ ગયું. અંદરો અંદર લડી નિર્બળ બનેલ ભારત પર તુર્કોએ વિજય મેળવી દિલ્હી સલ્તનતની સ્થાપના કરી. તુર્કો ભારતમાં નવા હોઈ તેમણે શરૂઆતમાં ભારતીય વહીવટી વ્યવસ્થામાં કોઈ ફેરફાર કર્યા નહી. સલ્તનતના દ્રઢીકરણ સાથે નવા વિભાગો અને સંસ્થાઓ ઊભી કરી નવીન વહીવટી વ્યવસ્થા સ્થાપવા પ્રયાસો કર્યા. ગુલામ વંશના શાસકોએ સલ્તનત ટકાવી રાખી. ખિલજી વંશે વિશાળ ભારત પર પોતાની સત્તા પ્રસારી પ્રદેશ વિસ્તાર કર્યો. તો તુગલકવંશ સમયે તેની પડતીની શરૂઆત થઈ. પછીના સૈયદ અને લોદી સમયે તો એ પતન ઝડપી બન્યું ને ઈ.સ.૧૫૨૬માં

બાબરના હાથે આ સલ્તનતનો અંત આવ્યો. સલ્તનત સમયમાં મહેસૂલી વ્યવસ્થા અને ઈક્તા(પ્રાંતીય વહીવટ) સલ્તનતકાલીન વહીવટીતંત્રના આધાર રહ્યા. તો તુગલક વંશમાં ઈક્તા પ્રણાલી વંશાનુગત થઈ. જેણે અનેક વિકૃતિઓ પેદા કરી કેન્દ્રીય સત્તાને નબળી પાડી પતન તરફ ધકેલી. ગ્રામીણ સમાજ પરંપરાગત રીતે ચાલ્યા આવતા માળખામાં વહેંચાયેલો હતો. તેમ છતાં આ સમયે જ્ઞાતિઓના વાડા વધુ વિસ્તૃત અને જટિલ બન્યા. આ સમયમાં નવા શહેરોની સંખ્યામાં વધારો થયો. શહેરોની આર્થિક પ્રવૃત્તિઓ ગામડાં કરતાં અલગ હતી. ટાંચા વાહનવ્યવહારમાં પણ આ કાલે વેપાર-વાણિજ્યનો સારો વિકાસ થયો. ચલન અમલમાં હોવા છતાં આ કાળે વસ્તુ વિનિમયનો બહોળો ઉપયોગ થતો રહ્યો. હિંદુ-મુસ્લિમ ઉપરાંત સાંસ્કૃતિક સમન્વય પણ સધાયો.

## 10.7 ચાવીરૂપ શબ્દો

ઈક્તા- પ્રાંત જેવો રાજ્યનો રાજકીય અને મહેસૂલી એકમ

ઉલેમા- મુસ્લિમ ધર્મગુરુ

મુકાદમ- મોટા જમીનદાર ખેડૂતો, સરકારી મહેસૂલ ઉઘરાવનાર સરકારી એજન્ટો.

ચેટ્ટી-દક્ષિણ ભારતનો એક મુખ્ય વ્યાપારી સમુદાય.

દરવેશ-મુસ્લિમ સંત.

મુફ્તી- કાયદાનું અર્થઘટન કરનાર.

શિક- જિલ્લા સમાન વહીવટી એકમ.

મુક્તી-ઈક્તાધારક/પ્રાંતનો વડો.

તુર્કાન-ઈ-ચિહિલગાની – ઈલ્તુત્મિશ દ્વારા સ્થાપિત ચાલીસ ગુલામોનું દળ

વઝીર-મુખ્ય પ્રધાન

## 10.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

- **તમારી પ્રગતિ ચકાસો. (1)ના જવાબો.**

અ. 1-C, 2-A, 3-B, 4-F, 5-D, 6-E, 7-I, 8-G, 9-H, 10-J.

- **તમારી પ્રગતિ ચકાસો. (2)ના જવાબો**

અ. (1) વિજયનગર (2) રશિયા (3) ન્યાય (4) અલાઉદ્દીન (5) ખાન

- **તમારી પ્રગતિ ચકાસો. (૩)ના જવાબો.**

અ. (1) a- ખેતી (2) b- વસ્તુ (3) c-ફિરોઝ તુગલક (4) d-મલબાર (5) a-ભરૂચ

## 10.9 સંદર્ભ ગ્રંથો

1. Dr. Ishawari Prasad, Medieval India.
2. Nilkantha Shastri, A History of South India.

3. Dr. R.C. Majumdar, Delhi Sultanate, Ed. Vol VI, Bharatiya Vidya Bhavan,Bombay.
4. Mahummad Habbi and K.A.Nizami, Delhi Sultanate Vol.I & II.
5. डॉ.मथुरालाल शर्मा, दिल्ही सल्तनत.
6. એસ.આર. શર્મા, ભારત મેં મુસ્લિમ શાસન કા ઈતિહાસ.
7. डॉ.वी.एस.भार्गव, मध्यकालीन भारतीय इतिहास एवं संस्थाए.
8. ડૉ.છોટુભાઈ નાયક, મધ્યયુગીન ભારત, ખંડ-૨.
9. પ્રા. દેવેન્દ્ર વૃ. ભટ્ટ, ભારત ઈતિહાસ દર્શન.
10. ડૉ. ઈશ્વરભાઈ જી. ઓઝા, મધ્યયુગીન ભારતનો ઈતિહાસ.
11. ડૉ.આર.કે.ધારૈયા, મધ્યકાલીન ભારતનો ભાગ-1-2
12. પ્રવિણચંદ્ર પરીખ, ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ.

# એકમ-11 સલ્તનત સમયનું વહીવટીતંત્ર

**રૂપરેખા :**


**11.0 હેતુઓ**
**11.1 પ્રાસ્તાવિક**
**11.2 ખલીફા**
**11.3 દિલ્હી સલ્તનતનું સ્વરૂપ**
**11.4 કેન્દ્રીય શાસન**
- **11.4.1 સુલતાન**
- **11.4.2 મજલિસ – એ – ખલવત**
- **11.4.3 મંત્રીમંડળ**

**11.5 પ્રાંતીય અને સ્થાનિક વહીવટી વ્યવસ્થા**
- **11.5.1 પ્રાંતીય શાસન**
- **11.5.2 સ્થાનિક શાસન**

**11.6 મહેસૂલી વ્યવસ્થા**
**11.7 ન્યાય વ્યવસ્થા**
**11.8 લશ્કરી વ્યવસ્થા**
**11.9 સારાંશ**
**11.10 શબ્દાવલી**
**11.11 સંદર્ભ ગ્રંથો**


## 11.0 હેતુઓ

*હિંદમાં દિલ્હી સલ્તનતની સ્થાપનાની સાથે જ એક નવા શાસક વર્ગનો ઉદય થયો. તેણે એક નવા જ પ્રકારની શાસન વ્યવસ્થાનો પ્રારંભ કર્યો.આ એકમમાં તમારા અભ્યાસની મુખ્ય બાબત દિલ્હી સલ્તનતની વહીવટી વ્યવસ્થા છે.*

*આ એકમના અભ્યાસ બાદ તમે....*

- *સુલતાનોના ખલીફા સાથેના સંબંધો સમજી શકશો.*
- *સલ્તનત શાસનના સ્વરૂપ તથા સંરચના અંગે જાણી શકશો.*
- *દિલ્હીસલ્તનતના વહીવટી માળખાની માહિતી મેળવી શકશો.*
- *સલ્તનતકાલીન કેન્દ્રીય અને પ્રાંતીય કક્ષાના જુદા જુદા વિભાગોનો ઉલ્લેખ કરી શકશો.*
- *સલ્તનત વહીવટી તંત્ર સાથે સંકળાયેલા મુખ્ય અધિકારીઓ વિશે જાણી શકશો.*
- *મહેસૂલ, ન્યાયવ્યવસ્થા અને સૈનિક વ્યવસ્થા વિશે જાણી શકશો.*

## 11.1 પ્રસ્તાવિક

*દિલ્હીનાસુલતાનોએ ભારતમાં શાસનની સ્થાપના કર્યા પછી નૂતન શાસન વ્યવસ્થાનો આરંભ કર્યો. તેમણે મોટા ભાગે ઈરાની અને અરબી શાસન વ્યવસ્થાને અપનાવી હતી. તેમ છતાં તેમાં ભારતીય સંસ્થાઓની અસર જોવા મળતી હતી. તેમણે કેટલીક નવી વહીવટી સંસ્થાઓની સ્થાપના કરી. આ નવી વહીવટી વ્યવસ્થાએ સલ્તનતયુગને મજબૂત કરવાનું કામ કર્યું. આ એકમમાં દિલ્હી સલ્તનતનું સ્વરૂપ,સલ્તનતના કેન્દ્રીય અને પ્રાંતીય તેમજ સ્થાનિક વહીવટ અને મહેસૂલી વ્યવસ્થા ન્યાયવ્યવસ્થા તેમજ લશ્કરી વ્યવસ્થા અંગે ચર્ચા કરીશું.*

## 11.2 ખલીફા

*ઈસ્લામના સ્થાપક મોહમ્મદ પયંગબર ધર્મના તેમજ સામ્રાજ્યના પણ વડા હતા. તેમને કોઈ પુત્ર ન હતો. પરિણામે તેમના વારસની ચૂંટણી કરવામાં આવી અને હજરત અબુબકર પહેલા 'ખલીફા' થયા. આ રીતે 'ખિલાફત' નામની સંસ્થા અસ્તિત્વમાં આવી. ત્યારબાદ હજીત ઉંમર, હજર ઉસ્માન અને હજરત અલી સાહેબ ખલીફા તરીકે ચૂંટાઈ આવ્યા. ખલીફા સંપૂર્ણ ઈસ્લામ જગતનો ધાર્મિક વડો હતો. રાજ્યસત્તાના રૂપમાં ખલીફા ખૂબ જ પ્રભાવશાળી હતો. ખલીફા ધર્મનો સંરક્ષક અને રાજકીય વ્યવસ્થાનો પણ રક્ષક ગણાતો. સૈદ્ધાંતિક રીતે દૂર દૂરના પ્રદેશો પર શાસક કરવાવાળા સુલતાનો ખલીફાના ગર્વનરો હતા.જ્યારે કોઈ વીર સેનાપતિ કોઈ પ્રદેશ ઉપર અધિકાર જમાવીને શાસક બની જતો ત્યારે તેને ખલીફા પાસેથી માન્યતા મેળવવી પડતી. આમ કરવાથી તે કાનૂની રીતે સુલતાન બની જતો. તેઓ પોતાની વફાદારી દર્શાવવા માટે ખલીફા તરફથી મળતા પ્રતિકાત્મક સન્માન સૂચક વસ્ત્રો,ઉપાધિઓ, માન્યતાપત્ર વગેરે મેળવતા તેમજ સિક્કાઓ ઉપર ખલીફાનું નામ કોતરાવતા અને શુક્રવારની નમાજ સમયે ખલીફાના 'ખુત્બા' વંચાવતા ઈ.સ. 1258માં હુલાહુમાને બગદાદ જીતી ખલીફાની કતલ કરી ત્યાં સુધી એ પરંપરા ચાલુ રહી હતી. તે પછી સુલતાન મિસરના અબ્બાસી ખલીફાનો નાયબ ગણાતો હતો. ઈલ્તુત્મિશ, મોહમ્મદ તુઘલક અને ફિરોઝશાહ તુઘલક જેવા કેટલા સુલતાનોએ પોતાની સત્તા મજબૂત કરવા મિસરના અબ્બાસી ખલીફાની સનદ મેળવી હતી. આ રીતે ખલીફા સંપૂર્ણ મુસ્લીમ જગતમાં રાષ્ટ્રીય એકતાનું પ્રતિક હતો. ખલીફાનું દિલ્હી પર સૈદ્ધાંતિક આધિપત્ય હતું વાસ્તવમાં કોઈ સુલતાન પોતાને ખલીફાને આધિન માનતો ન હતો.*

- **'તમારી પ્રગતિ ચકાસો'- 1**

1. *ખલીફાનો ઉદ્દભવ કેવી રીતે થયો હતો ?*

______________________________________________

______________________________________________

______________________________________________

2. *પ્રથમ ચાર 'પવિત્ર ખલીફા'નાં નામ આપો.*

3. *દિલ્હીના સુલતાનો ખિલાફત પ્રત્યે નિષ્ઠા બતાવવા શું શું કરતા હતા ?*

4. *દિલ્હીસલ્તનતના કયા સુલતાનોએ મિસરના અબ્બાસી ખલીફા પાસેથી સનદ મેળવી હતી ?*

## 11.3 દિલ્હી સલ્તનતનું સ્વરૂપ

*ભારતના ઈતિહાસમાં ઈ.સ.1206 થી ઈ.સ.1526 સુધી દિલ્હી સલ્તનતના સુલતાનોએ ભારત પર શાસન કર્યું હતું. દિલ્હીના આ મુસ્લિમ શાસનનો પાયો કુત્બુદીન ઐબક નામના તુર્ક સેનાપતિએ નાખ્યો હતો. દિલ્હી સલ્તનતદરમ્યાન મમ્લૂક ઉર્ફે ગુલામવંશ, ખલજીવંશ, તુઘલક વંશ, સૈયદવંશ અને લોદીવંશ એમ પાંચ રાજવંશોના કુલ 32 સુલતાનોએ દિલ્હી પર શાસન કર્યું હતું. આ સુલતાનોએ ગોઠવેલ વહીવટીતંત્ર મિશ્ર માળખું ધરાવતું હતું. તેમાં દેશી તેમજ વિદેશી સાધનોમાંથી લીધેલાં તત્વોનું સંયોજન રહેલું હતું. સલ્તનતના વહીવટીતંત્રનું મૂળ કુરાને શરીફમાં દર્શાવવામાં આવેલા નિયમોમાં રહેલું છે.*

*દિલ્હીસલ્તનતએ ધર્મસાક્ષેપ રાજ્ય હતું. તેથી રાજ્યમાં ફક્ત ઈસ્લામ રાજ્યધર્મ હતો, અન્ય ધર્મોને સન્માન મળતું ન હતું. સમગ્ર રાજ્યમાં ઊંચા હોદ્દાઓ ઉપર ફક્ત ઈસ્લામ ધર્મના અનુયાયીઓને જ નિયુક્ત કરવામાં આવતા હતા. રાજ્યનું મહત્વપૂર્ણ કર્તવ્ય એ હતું કે ઈસ્લામનો પ્રચાર પ્રસાર કરવાનું અને સંરક્ષણ આપવાનું. રાજ્યના સાધનોનો ઉપયોગ ઈસ્લામનું રક્ષણ અને તેના પ્રચાર માટે થતો હતો. રાજાનું શાસન ઈસ્લામના કાયદા પ્રમાણે થતું હતું. સલ્તનતના કેટલાક સમર્થ અને પ્રબળ સુલતાનોએ સંગીન વહીવટીતંત્રને ઘડવા માટે ખૂબ ઉત્સાહ અને નિષ્ઠાથી પ્રયત્નો કર્યા, તેમ છતાં પોતાની જાતિ પ્રત્યેનું મિથ્યાભિમાન અને સાંપ્રદાયિક દ્રષ્ટિકોણને લઈને તેઓ શાસનતંત્રમાં ઊંચા અને ઉમદા માનવ આદર્શો પ્રાપ્ત કરી ન શક્યા. મુસલમાનો જે સમાનતા અને સ્વતંત્રતા ભોગવતા હતા એ આમ જનતાને ભોગવવા દેવા તૈયાર ન હતા. મમ્લૂક તુર્કોનું દષ્ટિબિંદુ ખુબ જ સંકુચિત અને કોમવાદી હતું. તે લોકો સલ્તનતને એકલા તાઝિક લોકોના નાના જૂથના વડવાઓની મિલકત માનતા હતા અને તેમણે ઈર્ષાપૂર્વક બધા જ ઊંચા અને મહત્વના હોદ્દાઓ પોતાના પાસે રાખ્યા હતા. ખુદ ભારતીય મુસલમાનોને પણ એ લોકો હલકા અને નિમ્ન જાતિના ગણાતા અને તેમની સાથે તિરસ્કારથી વર્તતા. સલ્તનતની મહેસૂલી ઉપજનો મોટો ભાગ યુદ્ધોમાં અથવા તો મસ્જિદ અને મકબરા જેવી શાહી ઈમારતો બાંધવામાં ખર્ચ કરવામાં આવતો. આની પાછળનો ખ્યાલ એ હતો કે સરકાર પ્રજા માટે નહી પણ પ્રજા સરકાર માટે હતી. તુર્ક અફઘાન શાસન મોટા ભાગે લશ્કરી છાવણીનું શાસન રહ્યું. એ ક્યારેય મુલ્કી પદ્ધતિનું વહીવટીતંત્ર ન બની શક્યું.*

## 11.4 કેન્દ્રીય શાસન

*દિલ્હી સલ્તનતનું કેન્દ્રીય વહીવટીતંત્ર સુસંગઠિત હતું. તેમાં સુલતાન અને તેના મંત્રીઓનો સમાવેશ થતો હતો. કેન્દ્રીય વહીવટીતંત્રની કાર્યવાહી અને તેનાં મુખ્ય અધિકારીઓનાં નામ વગેરે ઈરાની વહીવટી પ્રથામાંથી અપનાવવામાં આવેલાં હતાં.*

### 11.4.1 સુલતાન

*સુલતાન સલ્તનતની કેન્દ્રીય વહીવટનો સર્વોચ્ચ વડો હતો. તે સૈદ્ધાંતિક રીતે ખલીફાને આધીન હતો, પરંતુ વ્યવહારમાં તે સ્વતંત્ર હતો. સુલતાનનું સ્થાન સંપૂર્ણ નિરકુંશસત્તાઓ ધરાવતું હતું. રાજ્યના વડાને 'સુલતાન' કહેવામાં આવતો હતો, તેને ઈશ્વરનો પ્રતિનિધિ ગણવામાં આવતો હતો, સૈદ્ધાંતિક રીતે સુલતાનને કુરાનના નિયમો મુજબ શાસન કરવાની સત્તા આપવામાં આવી હતી, પરંતુ વ્યવહારિક રીતે તેની ઉપર કોઈ અંકુશ ન હતો.તે રાજ્યનો સર્વોચ્ચ ન્યાયાધીશ અને લશ્કરનો સર્વોચ્ચ સેનાપતિ હતો. તે ગમે તેવા શક્તિશાળી અમીરને પદભ્રષ્ટ કરી શકતો, પરંતુ આ બધી સત્તાઓનો સ્વામી હોવા છતાં સુલતાન વ્યવહારિક રીતે કેટલીક સત્તાઓનો સહકાર લઈને શાસન ચલાવતો હતો. મુસ્લિમ સૈનિકોનો સહકાર તેનો મુખ્ય આધાર હતો.*

*સુલતાનનું પદ પૈતૃક ન હતું, વંશ પરંપરાગતનો કોઈ નિયમ ન હતો. ઘણીવાર સુલતાન પોતાના શાસનકાળ દરમિયાન પોતાના ઉતરાધિકારીઓની નિમણુંક કરતો હતો. કોઈ પણ મુસ્લિમ પોતાના ગુણો અને શક્તિના આધારે સુલતાન બની જતો. કોઈ વખત આયોગ્ય સુલતાનને ગાદી પરથી ઉઠાડી મૂકવામાં આવતો હતો. સુલતાનને ગાદી પરથી ઉઠાડી મૂકવાનો કોઈ સૈદ્ધાંતિક માર્ગ ન હતો. મોટાભાગે ષડયંત્ર અને તલવાર જ આ બાબતમાં નિર્ણય કરતા હતા.*

*સુલતાનના કુટુંબ અંગેનું એક ખાતું ઘણું મહત્વનું હતું. તેનો વડો 'વકીલે દર' હતો.આ ખાતામાં અનેક કારખાનાં હતા. તેમાં દરબાર માટેના સાધન-સામગ્રી અને પોશાક તથા લડાયક શસ્ત્રો તૈયાર થતાં હતાં. 'વકીલે દરનું' કાર્ય સમગ્ર રાજમહેલ તથા રાજદરબારની દેખભાળ રાખવાનું હતું. સુલતાનના અંગત કર્મચારીઓના પગાર વગેરે વહેચણીનું કાર્ય તેણે કરવું પડતું હતું. 'અમીર – ઈ- હાજિબ'નું કાર્ય રાજદરબારના સમાંરભો તથા રાજમહેલની મુલાકાતે આવતા-જતાં મહેમાનોનું સ્વાગત-વિદાયના તમામ શિષ્ટાચારની જવાબદારી હતી.*

*એક ઈતિહાસકરે યોગ્ય જ નોંધ્યું છે કે "સુલતાનમાં સીઝરની નિરકુંશ સત્તા અને પોપની ધાર્મિક સત્તા એમ બંને પ્રકારની સત્તાઓનો સમન્વય થયો હતો."*

### 11.4.2 મજલિસ – એ – ખલવત

*સુલતાનને રાજકીય બાબતોમાં સલાહ સૂચન આપવા માટે એક સભા હતી. જેને 'મજલિસ – એ – ખલવત' કહેવામાં આવતી. આ સભામાં રાજાના અંગત મિત્રો અને વિશ્વાસુ અધિકારીઓનો સમાવેશ થતો હતો. સુલતાન અગત્યના કાર્યોમાં તેમની સલાહ લેતો હતો, પરંતુ તેમની સલાહ પ્રમાણે વર્તવા માટે તે બંધાયેલો ન હતો. તેમ છતાં 'મજલિસ – એ – ખલવત' ની સલાહની ઘણી વખત શાસન વ્યવસ્થા ઉપર સારી અસર પડી હતી.*

### 11.4.3 મંત્રીમંડળ

*કેન્દ્રીય શાસન વ્યવસ્થામાં રાજાની સાથે મંત્રીમંડળનું સ્થાન પણ અગત્યનું ગણાતું હતું. સુલતાન જુદા જુદા વિભાગોમાં મંત્રીઓ અને મોટા અધિકારીઓની નિમણુક કરતો. જે તેને જ વફાદાર રહેતા સુલતાનની ઈચ્છા અને વિશ્વાસ ટકી રહે ત્યાં સુધી તેઓ પોતાના હોદ્દા ઉપર રહેતા. કેન્દ્રના મંત્રીઓ અને તેમના વિભાગો નીચે મુજબ હતા.*

**1. વઝીર તથા દીવાન – ઈ – વિઝારત (નાણા ખાતું)**

*કેન્દ્રીય વહીવટમાં નાણાં વિભાગના વડા તરીકે વજીરનું સ્થાન સૌથી અગત્યનું હતું. વજીર રાજ્યનો પ્રધાનમંત્રી કહેવાતો. પાછળથી તે 'ખ્વાજા જહાં' તરીકે ઓળખાતો તેના ખાતાને 'દીવાન – ઈ – વિઝારત (નાણાખાતું) કહેવામાં આવતું હતું. સલ્તનતશાસન વ્યવસ્થામાં તેના મોભો અને પ્રભાવ વિશેષ હતો. તે સુલતાનની ગેરહાજરી, બીમારી કે સગીર અવસ્થામાં રાજ્ય પર દેખરેખ રાખતો. સુલતાન નિર્બળ*

*બનતાં રાજ્યની સંપૂર્ણ સત્તા વજીરના હાથમાં કેન્દ્રિત થતી હતી. તે સુલતાન અને પ્રજા વચ્ચે કડીરૂપ હતો. નાણાખાતા અંતર્ગત ચાર વિભાગ આવતા. જેમાં હિસાબ (દીવાન – એ – ઇસરાફ) મહેસૂલ (દિવાન – એ – વિઝારત) જાહેર બાંધકામ (દીવાન – એ – ઈમારત) અને ખેતીવાડી (દીવાન – એ – કોહી) જેવાં ખાતાંઓનો સમાવેશ થતો હતો.*

*આ નાણાખાતાનાં મુખ્ય કાર્યો નીચે પ્રમાણે હતાં.*

- *રાજ્યના અધિકારીઓ અને કર્મચારીઓને પગાર વહેંચવાની જવાબદારી.*
- *મહેસૂલી વ્યવસ્થાના કાયદાઓ ઘડવા અને મહેસૂલ વસૂલ કરવું.*
- *રાજ્યના આવક-જાવક ખર્ચનો હિસાબ રાખવો તથા તેના પર નિયંત્રણ રાખવું.*
- *મુલકી વહીવટ અને મુલકી અધિકારીઓ ઉપર અંકુશ મૂકવો.*

*આ ઉપરાંત વજીરના નાણા વિભાગ દ્વારા વિદ્વાનો, ગરીબો અને જરૂરિયાતવાળાઓને આર્થિક સહાય આપવામાં આવતી. તેમજ લશ્કરીતંત્રની વ્યવસ્થા તથા આવશ્યકતાઓનું તે ધ્યાન રાખતો. કારણ કે આ વિભાગનો ખર્ચ નાણાખાતા સાથે સંકળાયેલો હતો.*

*સલ્તનતસમયના મોટાભાગના વજીરો મુસ્લિમ કાનૂન અને વહીવટના જાણકાર અનુભવી, પ્રમાણિક અને કાર્યદક્ષ હતા. મહમૂદ ગજનવીનો વજીર ખ્વાજા અહમદ, નાસિરુદીનનો વજીર બલ્બન અલાઉદીન ખીલજીનો વજીર માલિક કાફૂર, મહમ્મદ તુઘલકનો વજીર ખ્વાજા જહન, ફિરોજ તુઘલકનો વજીર મકબૂલ, બહમની સુલતાનનો વજીર મહમૂદ ગવાન વગેરે કાબેલ અને કાર્યદક્ષ વજીરોનાં નોંધપાત્ર ઉદાહરણ છે.*

*'દીવાન – ઈ – વિઝારત'ના ખાતામાં અનેક નાના મોટા અધિકારી કામ કરતા હતા. જેમાં નાયબ વજીર 'મુશરિફ – એ – મુમાલિક (પ્રાંતીય આવક ખર્ચનો અધિકારી) તેમજ 'મુસ્તોફી – એ – મુમાલિક* (ઓડિટર જનરલ) *જેવા અધિકારી હતા. અલાઉદીન ખીલજીના શાસનકાળમાં 'દીવાન – ઈ – મુસ્તખરાજ' નામના અધિકારીને લોન તથા બાકી જમીન મહેમૂબ ઉઘરાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ફિરોજશાહ તુઘલકના સમયથી 'મુશરિફ – એ – મુમાલિક' આવકનો તથા 'મુસ્તોફી – એ – મુમાલિક' ને ખર્ચનો હિસાબ રાખવાની કામગીરી સોંપવામાં આવી હતી.*

## 2. દીવાન – એ – અર્ઝ (લશ્કરખાતું)

*'દીવાન – એ – અર્ઝ' એ લશ્કરી ખાતું હતું અને તેનો વડો 'આરિઝ – એ – મુમાલિક' કહેવાતો. તેનું મુખ્ય કાર્ય સૈનિકોની ભરતી કરવાનું, સૈનિકોમાં શિસ્ત જાળવવાનું, સૈનિકો તેમજ ઘોડાઓનો હિસાબ રાખવાનું, લશ્કરની બધી શાખાઓ ઉપર દેખરેખ રાખવાનું, સૈનિકોનું નિરીક્ષણ કરવું, યુધ્ધના આયોજનમાં રાજાને મદદ કરવી તેમજ રાજાના આદેશ પ્રમાણે સૈન્ય અભિયાનમાં નેતૃત્વ કરવું વગેરે હતું. તેની આવી મહત્વની જવાબદારીઓને કારણે વહીવટીતંત્રમાં તેનું ઘણું જ મહત્વ હતું.*

## 3. દીવાન – એ – રસાલત

*'દીવાન – એ – રસાલત' એ કેન્દ્રનું એક મહત્વનું ખાતું હતું. પરંતુ આ મહત્વપૂર્ણ ખાતાના કાર્યોની બાબતે વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે. ડૉ. આઈ.એમ.કુરેશીના મતે આ ખાતાનો સંબંધ રાજ્યની ધાર્મિક બાબતો સાથે હતો. જ્યારે આધુનિક ઈતિહાસકાર ડૉ. ઈરફાન હબીબના મતે આ ખાતાનો મુખ્ય વડો વિદેશમંત્રી હતો. તેથી આ મંત્રી હસ્તક રાજકીય પત્રવ્યવહાર, બહારથી આવતા રાજદૂતોનું સ્વાગત કરવાનું અને પોતાના રાજદૂતોને વિદેશ મોકલવાનું, ભારતીય દેશી રાજાઓના મધ્ય એશિયાના દેશો સાથે સંબંધો સ્થાપવાની મહત્વની જવાબદારી તેની હતી.*

4. *દિવાન – એ – ઈન્શા (દફતર ખાતું)*

*'દિવાન – એ – ઈન્શા' એ દફતર ખાતું હતું તેનો મુખ્ય અધિકારી દબીર – ઉલ –મુલક હતો. આ વિભાગ શાહી પત્રવ્યવહાર સંભાળતો. આ વિભાગ દ્વારા રાજ્યના અધિકારીઓ તેમજ અન્ય રાજ્યોને મોકલવામાં આવતા પત્રો, શાહીફરમાનો અને આજ્ઞાપત્રો તૈયાર કરવામાં આવતા હતા. આ આદેશોની નકલો પણ રાખવામાં આવતી હતી. આ વિભાગની કામગીરી ઘણી મહત્વની હોવાથી તેનો વડો સુલતાનનો અત્યંત વિશ્વાસુ ગણાતો આ વિભાગના વડાને મદદરૂપ થવા માટે અનેક 'દબીર' રહેતા.*

**5. સદર – ઉસ – સુદુર (ધાર્મિક ખાતું)**

*આ ધાર્મિક વિભાગનો અધ્યક્ષ હતો. તેનું મુખ્ય કાર્ય એ હતું કે પ્રજાના આચરણની દેખભાળ રાખવી, વિદ્વાનો તેમજ ધાર્મિક પુરુષોને આર્થિક સહાયતા પૂરી પાડવી, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પૂરી પાડવી તેમજ મસ્જિદો, મકબરા, મદરેસા વગેરેના નિભાવ માટે અનુદાનની જોગવાઈ કરવાનું હતું. તે ઈસ્લામી સિધ્ધાંતોનું મુસ્લિમો પાસે બરાબર પાલન કરાવતો.*

**6. દિવાન – એ – કઝા (ન્યાયખાતું)**

*આ વિભાગનો મુખ્ય અધિકારી 'કાજી – ઉલ – કુજાત' હતો, જેના નીચે ન્યાય વિભાગ હતો. તે રાજ્યના ન્યાયધીશો પર નિયંત્રણ રાખતો તેમજ રાજધાનીમાં રહીને અગત્યના મુકદમાઓનો ન્યાય પણ કરતો.*

**7. દીવાન – એ – બંદગાન**

*દિલ્હી સલ્તનતકાળ દરમ્યાન સુલતાન, ઉમરાવો, સરદારો અને સેનાપતિઓ પાસે ગુલામ સ્ત્રી પુરુષો રહેતા. ગુલામો રાખવા તે સલ્તનતકાળના મુસ્લિમ સમાજની એક ફેશન ગણાતી હતી. ફિરોજશાહ તુઘલકના સમયમાં ગુલામોની સંખ્યા 1,80,000 સુધી પંહોચી જતાં એને માટે એક અલગ ખાતું ખોલવામાં આવ્યું હતું. આ ખાતાના વડાને 'દીવાન – એ – બંદગાન' કહેવામાં આવતો.*

**8. શાહી પ્રબંધક**

*તે સુલતાનના ગૃહ – વિભાગનો વ્યવસ્થાપક હતો. શાહી અંગરક્ષક વિભાગનો વડો 'સર – એ –જાંદાર' અને ગુલામ વિભાગનો વડો ' દીવાન – એ – બંદગાન' શાહી પ્રબંધકને આધીન રહીને કાર્ય કરતા હતા.*

**9. વકીલ – ઈ – દર**

*તે મહેલ ખાતાનો મુખ્ય અધિકારી હતો. તેના હાથ નીચે મહેલનાં કારખાના, જનાનખાનું, રસોડું, મહેલનું શસ્ત્રાગાર, હાથી-ઘોડાના તબેલા, સુલતાનની અંગરક્ષક ટુકડીનું ખાતું, પુસ્તકાલય, બગીચા, શરાબખાના વગેરેના મુખ્ય અધિકારીઓ રહેતા.સુલતાન સાથેની ખાનગી મુલાકાતો તેને હસ્તક રહેતી.*

*સમકાલીન લેખકો બરની તથા મીનહાજના કથન મુજબ તેના હાથ નીચે ચાશનીગીર(રસોડા વિભાગનો વડો) ખામદાર (મહેલના શસ્ત્રાગારનો ઉપરી) તસ્તદાર (સુલતાનની અંગરક્ષક ટુકડીનો વડો) ફરશ (મહેલના ફર્નિચર અને વસ્તુઓનો ખ્યાલ રાખનારા) કીતાબદાર (મહેલનું પુસ્તકાલય સંભાળનાર) શરાબદાર (મદિરા અને પીણાની દેખરેખ રાખનાર) વગેરે હતા.*

10. *અન્ય વિભાગ*

*ઉપરોક્ત મંત્રીઓ તેમજ વિભાગો સિવાય કૃષિ વ્યવસ્થા માટે 'દીવાને – અમીરે– કોહી' હતો. તે બજાર નિયંત્રણ અને વેપાર પર દેખરેખ રાખતો હતો.ખેડૂતો અને મહેસૂલી અધકારીઓ પાસેથી કર વસૂલ કરવા માટે 'દિવાને-એ-મુસ્તરવાજ' હતો. 'વરીદ-એ-મુમાલિક' ટપાલ, સૂચના અને જાસૂસ વિભાગ સંભાળતો. 'દીવાન – એ – ખૈરાત' (દાન વિભાગ) અને દીવાન – એ – ઈસ્તીહડાક' (પેન્શન વિભાગ) જેવાં ખાતાં ફિરોજશાહ તુઘલકે શરૂ કર્યા હતા.*

- **'તમારી પ્રગતિ ચકાસોહ્ર :- 2.**

1. *દિલ્હીસલ્તનતના સ્વરૂપ વિશે ટૂંકમાં માહિતી આપો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
________________________________________

2. *દિલ્હીસલ્તનતની શાસન વ્યવસ્થામાં સુલતાનનું મહત્વ સમજાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________

3. *દીવાન – ઈ– વિઝારતનાં મુખ્ય કાર્યોની ચર્ચા કરો.*

4. *કયો વિભાગ ન્યાયિક વ્યવસ્થા સંભાળતો હતો ? તેનો વડો કોણ હતો ?*

5. *નીચેનાં અધિકારીઓનાં ક્યાં કાર્યો હતાં ?*
   *(ક) દીવાન – ઈ– મુસ્તખરાજ*
   *(ખ) દબીર – ઉલ – મુલક*
   *(ગ) આરઝિ– એ – મુમાલિક*
   *(ઘ) વકીલ – ઈ– દર*
   *(ચ) દીવાને – અમીરે – કોહી*

## 11.5 પ્રાંતીય અને સ્થાનિક વહીવટી વ્યવસ્થા

*દિલ્હી સામ્રાજ્ય ખૂબ વિશાળ હતું તેથી શાસન વ્યવસ્થાની સગવડ માટે તેને અનેક ભાગો અને ઉપભાગોમાં વહેંચવામાં આવ્યું હતું. સંપૂર્ણ સામ્રાજ્ય પ્રાંતોમાં વિભાજિત હતું. પ્રાંત શાસનનો સૌથી મહત્વનો ભાગ હતો.*

### 11.5.1 પ્રાંતીય શાસન

*શરૂઆતના તુર્કી વંશના સુલતાનોના સમયમાં સલ્તનતને લશ્કરી વિભાગોમાં વહેંચી નાખવામાં આવી હતી. એ પ્રત્યેક વિભાગને 'ઇક્તા' કહેવામાં આવતો. ઇક્તાનો વહીવટ શક્તિશાળી લશ્કરી અધિકારીને સોંપવામાં આવતો. તેનો વહીવટી વડો 'મુક્તિ' કે 'વલી' કહેવાતો. તુર્કી સુલતાનોએ નવા જીતાયેલા પ્રદેશોમાં સલ્તનતને મજબૂત કરવા માટે તેના અમીરોને રોકડ રકમ આપવાને બદલે જમીન મહેસૂલના અધિકારનો આશરો લીધો. તેને 'ઈક્તા' તરીકે ઓળખવામાં આવે છે. આ લોકો પોતાના 'ઈક્તા' માંથી જમીન મહેસૂલ વસૂલ કરીને પોતાના સૈનિકોને પગાર આપતા અને પોતે પોતાના નિભાવ માટે એક ચોક્કસ રકમ લઈ લેતા. તેમજ બાકી રહેતું વધારાનું જમીન મહેસૂલ કેન્દ્રીય સરકારને મોકલી આપતા. આમ રાજ્યની સેવા કરવાના ઈનામ સ્વરૂપે 'ઈક્તા' આપવામાં આવતો. આ 'ઈક્તા' શબ્દ અરબી ભાષાનો છે. પરંતુ અલાઉદ્દીન ખીલજીના સમયથી આ એકમ 'સૂબા'ના નામે ઓળખાવા લાગ્યો. પ્રાંતો અથવા સૂબાઓની સંખ્યા સલ્તનતયુગમાં વધારે ઓછી થતી રહેતી. પ્રાંતોને પણ શાસન વ્યવસ્થાની દ્રષ્ટીએ પરગણામાં વહેંચવામાં આવ્યુંહતું. ગામ રાજ્યની શાસન વ્યવસ્થાનું સૌથી નાનું એકમ હતું. પ્રાંતના મુખ્ય અધિકારીને 'સૂબેદાર' કહેવામાં આવતો હતો.*

### ❖ સૂબેદાર

*પ્રાંત અથવા સૂબાના મુખ્ય અધિકારી સૂબેદારનું મુખ્ય કામ પોતાના પ્રાંતમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવી, મહેસૂલ ઉઘરાવવાનું, પ્રાંતની આવક – જાવકનો હિસાબ સુલતાન સમક્ષ રજૂ કરવાનો, સુલતાનના આદેશ મુજબ સૈનિક અભિયાન કરવું, તેમજ સુલતાનની જરૂરિયાત સમયે સૈનિક સહાયતા પૂરી પડવી, પોતાના પ્રાંતમાં કેન્દ્રીય આદેશોનું પાલન કરાવવાનું, પ્રાંતીય ઉલેમાઓનું રક્ષણ કરવાનું અને પ્રાંતીય ન્યાયતંત્રની વ્યવસ્થા કરવાનું હતું. વહીવટ માટે કેન્દ્રીય વ્યવસ્થાની માફક પ્રાંતોમાં પણ અનેક વિભાગો અને અધિકારીઓ હતા. તેમાં કર વસૂલ કરનાર 'નાજીર' અને 'વાકિફ' તેમજ આવક – જાવક ખર્ચનો હિસાબ રાખનાર 'સાહિબ એ દિવાન' કે 'ખ્વાજા' એ મુખ્ય અધિકારીઓ હતા.*

*પ્રાંતીય સૂબેદાર ખૂબ શક્તિશાળી હતા મોટાભાગે પુત્રો અથવા સુલતાનના નજીકના સંબંધીઓ અથવા વિશ્વાસપાત્ર સરદારોને જ સૂબેદાર તરીકે નિયુક્ત કરવામાં આવતા હતા. આ સુબેદારો ઉપર કેન્દ્રીય સરકારનો અંકુશ રહેતો. શાસન વ્યવસ્થાના ખર્ચ માટે જેટલું ધન જોઈએ તેટલું રાખીને બાકીનું બધું જ ધન સુલ્તાનને આપવું પડતું હતું. પ્રાંતોમાં સુવ્યવસ્થિત શાસન કરવા માટે સુબેદારોને વધારે સત્તાઓ આપવામાં આવી હતી.*

### 11.5.2 સ્થાનિક શાસન

*13મી સદીમાં 'ઇક્તા'ની નીચે બીજું કોઈ નાનું વહીવટી એકમ ન હતું. પરંતુ ચૌદમી સદીમાં સલ્તનતનો પ્રદેશ વિસ્તાર વધતા પ્રાંતોને નાના વહીવટી એકમોમાં*

*વહેંચવામાં આવ્યા. પ્રાંતના વહીવટી વિભાગને 'શિક' (જિલ્લો) અને તેના વડાને શિકદાર કહેવામાં આવતો. શિક્દાર તરીકે મોટાભાગે લશ્કરી અમલદારને નિયુક્ત કરવામાં આવતો અને તેનું મુખ્ય કાર્ય પોતાના વિસ્તારમાં શાંતિ વ્યવસ્થા જાળવવાનું તેમજ પોતાના વિસ્તારમાંથી મહેસૂલ ઉઘરાવવાનું હતું. તેને 'શિક'ના વહીવટમાં મદદ કરવા માટે નાના મોટા અનેક અધિકારીઓ હતા.*

*દિલ્હીસલ્તનતના વહીવટીતંત્રમાં 'શિક' (જિલ્લા)થી નાનો વહીવટી એકમ 'પરગણું' કહેવાતો. જેને હાલના 'તાલુકા' સાથે સરખાવી શકાય. 'અમીલ' એ પરગણાના વહીવટનો વડો તેમજ મુખ્ય કારોબારી અધિકારી હતો. પરગણામાં શાસનવ્યવસ્થા જાળવવાની જવાબદારી 'અમીલ'ની હતી. કર સંબંધી બાબતો સંભાળવાનું કામ 'મુશરફ'નું હતું. આ અધિકારીઓ સિવાય ખચાનચી, કારકુન, કાનૂનગો વગેરે કર્મચારી પણ હતા. કેટલીક વખત પરગણામાં ચૌધરી નામના કર્મચારીની નિમણૂક પણ કરવામાં આવતી હતી. તેનું કામ અધિકારીઓને ખેડૂતોની સ્થિતિ જાણવા માટે સૂચનાઓ આપવાનું હતું, તેની મદદમાં મુર્શરિફ, ગુમાસ્તા અને મુહસ્સિલ જેવા અધિકારીઓ રહેતા.*

*દિલ્હી સલ્તનતની શાસન વ્યવસ્થામાં સૌથી નાનું એકમ ગામ હતું, ગામનો વહીવટ મુકદમ કે મુખી કરતો તેને પટવારી, ચોકીદાર અને કારકૂન મદદ કરતા. 'પટવારી' ગામની જમીનને લગતી બાબતો સંભાળતો. 'ચોકીદાર' ગામની શાંતિ જાળવતો અને કારકૂન ગામનો હિસાબ રાખતો. ગામોને પોતાની આંતરિક બાબતોમાં અધિક સ્વતંત્રતા પ્રાપ્ત થઈ હતી.*

- **તમારી પ્રગતિ ચકાસો : 3**

1. *સલ્તનત સત્તા નીચેની ઈકતા પ્રથાના ઉદ્દભવની ચર્ચા કરો.*

2. *મુક્તિ કે વલીનાં ક્યાં ક્યાં કાર્યો હતા ?*

3. *સલ્તનત સમયનાં સ્થાનિક વહીવટીતંત્રનાં કાર્યો સ્પષ્ટ કરો.*

4. *પરગણા કક્ષાના ત્રણ અધિકારીઓનાં નામ જણાવો.*

5. *ગામના કેટલાક મહત્વપૂર્ણ અધિકારીઓનાં નામો દર્શાવો.*

**6. નીચેના શબ્દોની વ્યાખ્યા આપો.**

(*ક) શિક*

(*ખ) અમીલ*

(*ગ) પટવારી*

## 11.6 મહેસૂલી વ્યવસ્થા

*દિલ્હી સલ્તનતની જમીન મહેસૂલ નીતિનો ઈતિહાસ જાણવા માટેની ઐતિહાસિક સાધન સામગ્રી નહીવત ઉપલબ્ધ છે. કારણકે ડૉ.આર.પી.ત્રિપાઠીએ નોંધ્યું છે કે મુસ્લિમ*

*વૃત્તાંત લેખકોએ મુખ્યત્વે રાજ્યના રાજકીય ઈતિહાસ પ્રત્યે અધિક ધ્યાન આપ્યું હતું અને અન્ય બાબતો પરત્વે માત્ર છૂટાછવાયા ઉલ્લેખો આપ્યા હતા.*

*જમીન મહેસૂલને રાજ્યની આવકનું મુખ્ય સાધન ગણવામાં આવતું હતું. ઈલ્તુત્મિશ અને બલ્બનના શાસન દરમ્યાન મહેસૂલી વ્યવસ્થામાં કોઈ ખાસ નોંધપાત્ર ફેરફાર થયા ન હતા પરંતુ અલાઉદ્દીન ખીલજીએ અનેક ફેરફારો કરીને મહેસૂલીતંત્રને કાર્યક્ષમ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. અલાઉદ્દીને જમીન માલિક પાસેથી સીધી જ ખરાજની વસૂલાત કરીને વચેટિયાઓને મલાઈ મેળવતા બંધ કર્યા. ગ્યાસુદીન તુઘલકે કુદરતી આફતના કારણે પાકને નુકસાન થયું હોય તો રાજ્યની માગણી ઓછી કરવાની ઉદારતા બતાવી હતી, પરંતુ આ સિવાય મહેસૂલી વ્યવસ્થાના સામાન્ય માળખામાં તેને કોઈ ફેરફાર કર્યો ન હતો. મુહમ્મદ તુઘલકે જમીન માપણી પદ્ધતિની નીતિ અમલમાં મૂકી તેમજ મહેસૂલમાં ઘણો વધારો કર્યો. પરંતુ તેના હૈયે ખેડૂતોનું હિત જરૂર હતું. તેણે પડતર કે ખરાબાની જમીનને કૃષિ યોગ્ય બનાવવા પ્રયત્નો કર્યા. તેણે ખેડૂતોને કૂવા ગાળવા, બિયારણ ખરીદવા તગાવી (લોન) આપી. ખેતીવાડી ખાતું સ્થાપીને તેના ઉપક્રમે સરકારી – સહકારી ખેતીના પ્રયોગો કર્યા. પરંતુ તેનાથી પ્રજાની આર્થિક સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નહી.*

*ફિરોઝ તુઘલકના સમયથી ખેતીવિષયક નીતિનો નવો યુગ શરૂ થયો. ફિરોઝ તુઘલકે મુહમ્મદ તુઘલકની નીતિ છોડી દોધી અને ખેતી પરના મોટાભાગના ઉપકરો નાબૂદ કર્યા, પરંતુ તેણે જઝિયા નામનો નવો કર ખેડૂતો પર નાંખ્યો. તેણે રાજ્ય તરફથી જમીનની વ્યવસ્થિત મોજણી કરાવી તેમજ નહેરો અને કૂવાઓ જેવી સિંચાઈ યોજનાઓ દ્વારા ખેતીને ઉત્તેજન આપવાનો પ્રયત્ન કર્યો. જેના પરિણામે રાજ્યની આવકમાં વધારો થયો અને પ્રજાની સમૃદ્ધિમાં પણ વધારો થયો. ફિરોઝ તુઘલક પછી સૈયદ અને લોદીવંશના સુલતાનોએ મહેસૂલી નીતિ કે વ્યવસ્થામાં કોઈ નોંધપાત્ર ફેરફારો કર્યા ન હતા.*

*દિલ્હી સલ્તનતમાં આવકનાં સાધનો નિશ્ચિત હતાં. તેમાંના મુખ્ય નીચે મુજબ હતાં.*

1. *ભૂમિકર :*

*આ કર રાજ્યની આવકનું મુખ્ય સાધન હતું. ભૂમિ કર સામાન્ય રીતે ઉપજનો પાંચમો ભાગ હતો. અલાઉદ્દીન ખીલજી અને મુહમ્મદ તુઘલક જેવા સુલતાનોએ ભૂમિ કરને વધારીને ઉપજનો અડધો ભાગ કરી દીધો હતો. રાજ્યની જમીનને* (i) *ખાલસા ભૂમિ* (ii) *સુબેદારોના તાબાની પ્રાંતોની ભૂમિ* (iii) *કરદ હિંદુ સામંતોને આધીન ભૂમિ* (iv) *મુસ્લિમ વિદ્વાનો તથા ફકીરોને દાનમાં આપેલી મિલકત, ઈનામ કે વક્ત તરીકે ઓળખાતી ભૂમિ એમ ચાર ભાગમાં વહેંચી દેવામાં આવી હતી. કર નક્કી કરવા માટે રાજ્યના અનેક ભાગોમાં જમીનની સ્થિતિને આધાર બનાવવામાં આવતો હતો.*

**2. જજિયા**

*જજિયા એ રાજ્યની આવકનું બીજું મહત્વનું સાધન હતું. ડૉ. કુરેશીના મતે આ કર હિંદુઓ પાસેથી લશ્કરી સેવાના બદલામાં લેવાતો. આ મંતવ્ય બરાબર નથી કારણ કે દિલ્હીના સુલતાનોના પાયદળમાં હિંદુઓનો પણ સમાવેશ થતો હતો. બ્રાહ્મણો, સાધુઓ, સ્ત્રીઓ અને અપંગોને આ વેરામાંથી મુક્તિ મળી હતી. પરંતુ ફિરોઝ તુઘલકે બ્રાહ્મણો પાસેથી પણ આ કર વસૂલ કર્યો હતો. એ સમયના સમકાલીન મુસ્લિમ ઈતિહાસકારો સ્પષ્ટપણે જણાવે છે કે જે હિંદુઓ જજિયાવેરો ભરતા તેમને જ રાજ્ય તરફથી જીવન રક્ષણનું આશ્વાસન મળતું હિંદુમાંથી ઈસ્લામ ધર્મ અંગીકાર કરનારને આ કરમાંથી મુક્તિ મળતી તેથી જજિયાવેરો ધાર્મિક વેરો હતો એમ સ્પષ્ટપણે કહી શકાય.*

### 3. ખમ્સ

*યુધ્ધમાં લુંટ દ્વારા પ્રાપ્ત થતી આવકને 'ખમ્સ' કહેવામાં આવતી. અને સમગ્ર લૂંટના ધનને ગનીમહ કહેવામાં આવતું. કાનૂની દ્રષ્ટિએ યુધ્ધમાંથી મળતી લુંટનો $^4/_5$ ભાગ સૈનિકો વચ્ચે વહેંચવો જોઈએ તથા રાજ્યે તે $^1/_5$ ભાગ જ રાખવો જોઈએ. પરંતુ ફિરોજ તુઘલક સિવાયના સુલતાનોએ $^4/_5$ ભાગ રાજ્ય માટે અને ફક્ત $^1/_5$ ભાગ સૈનિકો માટે રાખ્યો હતો. કોઈ વ્યક્તિને પ્રાપ્ત થયેલ ખજાનામાંથી સિકંદર લોદી કોઈ ભાગ લેતો નહી, પરંતુ તે બધો જ ખજાનો વ્યક્તિ પાસે રહેવા દેતો હતો.*

### 4. અન્ય વેરાઓ

*આ કર સિવાય પણ સામ્રાજ્યમાં વ્યાપાર સંબંધીત અન્ય કર હતા. બહારથી આવતા માલ પર જકાત લેવામાં આવતી હતી. હિન્દુ વ્યાપારીઓ પાસેથી જકાત મુસલમાનો કરતાં બે ગણી લેવામાં આવતી હતી. કેટલાક સુલતાનોએ મકાન વેરો, આયાતવેરો ઘોડાઓ પરનો કર, પશુ કે ચરાગાહ વેરો (ચરાઈ), ગોચરવેરો વગેરે જેવા કર નાંખ્યા હતા. રાજ્યની મહેસૂલી તથા કરવેરાની આવક રાજ્યની મધ્યસ્થ તિજોરીમાં જમા થતી અને વઝીર તેની વહેંચણી જુદા જુદા ખાતાઓમાં કરતો. આ કામ માટે તેને મુશરિફા, મુસ્તોફી નાઝીર, વકફ જેવા મદદનીશો આપવામાં આવ્યા હતા. અત્યારની માફક તે સમયે અંદાજપત્રની વ્યવસ્થા ન હતી.*

## 11.7 ન્યાય વ્યવસ્થા

*સુલતાન પોતે રાજ્યનો સર્વોચ્ચ ન્યાયધીશ હતો. દીવાની અને ફોજદારી તમામ મુકદમાઓની છેલ્લી અપીલ સુલતાન પાસે જ થતી. ધાર્મિક દાવાઓના નિર્ણય વખતે સુલતાન સુદ્ર– ઉસ – સુદર અને મુફતીની સહાય લેતો. પરંતુ વ્યવહારમાં ન્યાય વિભાગ મુખ્યત્વે કાજીઓ પર નિર્ભર હતો. નગરો, પરગણાઓ, પ્રાંતીય રાજધાનીઓ, દિલ્હી વગેરે બધા જ સ્થાનો ઉપર કાજી વ્યવસ્થિત રીતે ન્યાય કરતા હતા. ન્યાય પ્રાપ્ત કરવામાં વધારે સમય જતો ન હતો. દિલ્હી સલ્તનતના લગભગ બધા જ સુલતાનો ન્યાયપ્રિય હતા અને ન્યાય આપવો એ પોતાનું કર્તવ્ય કે ધર્મ માનતા હતા. મોટા ભાગે ઈસ્લામના કાનૂન મુજબ ન્યાય આપવામાં આવતો હતો. ફોજદારી કેસોનો નિર્ણય તો ઈસ્લામી કાયદા મુજબ*

થતો હતો. પરંતુ દિવાની કેસોમાં જયારે બંને પક્ષો હિન્દુ હોય તો હિન્દુ પરંપરાઓ કે કાયદા મુજબ ન્યાય આપવા માટે પ્રયત્ન કરવામાં આવતો હતો.પરંતુ એક પક્ષમાં મુસલમાન હોય તો ઈસ્લામના કાયદા મુજબ માન્ય રાખવામાં આવતું હતું. આથી હિંદુઓને અન્યાય થવાની પૂરી શક્યતા રહેતી ગામના લડાઈ ઝઘડાઓનો નિકાલ મોટાભાગે ગ્રામ પંચાયતો કરતી હતી.

પ્રાંતીય અદાલતોના અધિકારીઓમાં મુફ્તિ, મુહતસિબ અને દાદબક મહત્વના હતા.જયારે પ્રાંતોના પેટાવિભાગોમાં કાજી, ફોજદારી, આમીલ, દાદબક, કોટવાલ અને ગ્રામપંચનો સમાવેશ થતો હતો. અપરાધી માટે દંડનું પ્રાધાન્ય સખત હતું. નાના નાના ગુનાઓમાં પણ કોરડા મારવાની સજા અને ગંભીર ગુનાઓમાં અંગ છેદ તેમજ મૃત્યુદંડની સજા કરવામાં આવતી હતી. રાજદ્રોહ સૌથી મોટો ગુનો હતો.અલાઉદીન ખીલજીના શાસનકાળમાં વજન ઓછું આપનાર ગુનેગારના શરીરમાંથી એટલું જ માંસ લઈ લેવામાં આવતું હતું.

## 11.8 લશ્કરી વ્યવસ્થા

દિલ્હી સલ્તનતનું બળ સૈન્ય પર નિર્ભર હતું. તેથી મોટાભાગના સુલતાનો એક શક્તિશાળી અને વિશાળ સેના રાખતા હતા. સેનાનું સ્વરૂપ સામંતશાહી પ્રકારનું હતું. સેનાના બે ભાગ હતા : એક સુલતાનની પોતાની સેના અને બીજી સામંતો અને સુબેદારોની સેના. સુલતાનની સેના હશ્મેક્લબ કે ખાસખેલ તરીકે ઓળખાતી જયારે સુબેદારોનું લશ્કર હુશ્મે અતરાફ કહેવાતું. સુલતાનની સેના રાજધાનીમાં રહેતી. જેમાં મોટા ભાગે સુલતાનના અંગરક્ષકોનો સમાવેશ થતો. આ સેના તાલીમબદ્ધ અને શસ્ત્રોથી સુસજ્જ હતી. આ સેના નાની હોવાથી તેને કાયમી કહી શકાય નહી. અલાઉદીન ખીલજીના શાસન સુધી દિલ્હી સુલતાનોમાં સ્થાયી સેના રાખવાની પ્રથા ન હતી. અલાઉદીન ખીલજીએ જ સૌથી પહેલા સ્થાયી સેના રાખવાની શરૂઆત કરી. તેની સ્થાયી સેનામાં ફક્ત ઘોડેસ્વાર જ 4 લાખ 75 હજાર હતા. મુહમ્મદ તુઘલકના સમયમાં પણ આવી વિશાળ સેના હતી. પરંતુ તેના વારસ ફિરોઝે આ લશ્કરને સામંતશાહી સ્વરૂપમાં ફેરવી દીધું. સેનાના મુખ્ય ત્રણ અંગો હતા. પાયદળ, ઘોડેસવારી અને હસ્તીદળ. ઘોડેસવારી સેનાનું ખૂબજ મહત્વ હતું. અરબસ્તાન, તુર્કસ્તાન વગેરે દેશોમાંથી જાતવાન ઘોડાઓ મંગાવવામાં આવતા. હાથીઓને મોટા ભાગે ભારે સામાન ઊંચકવા માટે રાખવામાં આવતા હતા.

સૈનિકો મુખ્ય ચાર વર્ગમાં વહેંચાયેલા હતા. (i) જેમાં સુલતાનની સેવામાં સ્થાયી રીતે ભરતી થયેલા (ii) ભરતી કરેલા સામંતો અને સુબેદારોની સેનાના સૈનિકો (iii) યુદ્ધ જેવી સ્થિતિમાં ખાસ ભરતી કરેલા સૈનિકો (iv) હિંદુઓ વિરુદ્ધ જેહાદ લડવા માટે સ્વેચ્છાએ ભરતી થયેલા ઝનૂની મુસ્લિમ સ્વયંસેવકો. સ્વેચ્છાએ ભરતી થયેલા સ્વયંસેવકોને પગારને બદલે લૂટના માલનો એક હિસ્સો એમને વહેંચી દેવામાં આવતો

*હતો. તે લડતાં મૃત્યુ પામતો તો તેને 'ગાઝી' તરીકે ઓળખવામાં આવતો. સૈનિકોને શસ્ત્રોથી સુસજ્જ કરવામાં આવતા હતા. દરેક ઘોડેસવાર પાસે બે તલવાર, એક ભાલો અને ધનુષ્ય બાણ રહેતા. યુદ્ધ સમય દરમ્યાન સૈનિકો કવચ ધારણ કરતા તેમજ ઘોડાઓને પણ પોલાદી વસ્ત્ર પહેરાવવામાં આવતા. તે સમયે આધુનિક તોપખાનાનો વિકાસ થયો ન હતો. પરંતુ પથ્થર, લોખંડના ટુકડા અને આગ ફેંકવાવાળા હથિયારોનો ઉપયોગ થવા લાગ્યો હતો. દુશ્મન સેના ઉપર ઝેરીલા સાપ અને વીંછી પણ છોડવામાં આવતા હતા.*

*સુલતાન મહાસેનાપતિ હતો. સેનાનો મુખ્ય અધિકારી સૈન્યનો મંત્રી હતો. જેનું કામ સેનાને શક્તિશાળી અને કુશળ બનાવી રાખવાનું હતું. લશ્કરી વ્યવસ્થામાં અલાઉદ્દીન ખીલજીએ મહત્વના સુધારા કર્યા હતા. લશ્કરીતંત્રમાં ભ્રષ્ટાચાર રોકવા માટે સૈનિકો માટે હુલીયા અને ઘોડા માટે ડાઘ પ્રથા અપનાવી હતી. આથી એક ઘોડાનો ઉપયોગ બીજી વાર પગાર લેવામાં કરતો બંધ થઈ ગયો. સૈનિકોનાં નામ તથા ઓળખપત્રો રાખવાની શરૂઆત થઈ. તેથી યુધ્ધ સમયે નોંધાયેલા સૈનિકો સિવાય બીજો કોઈ સૈનિક હાજર ન થઈ શકે. જો કે ફિરોઝ તુઘલક પછી આ વ્યવસ્થા નિર્બળ બની. લશ્કરના સૈનિકોને સલ્તનતની સ્થાપનાના પ્રારંભમાં રોકડ પગારને બદલે જાગીરો આપવામાં આવી પરંતુ પાછળથી રોકડ વેતન આપવાનું શરૂ થયું.*

*દિલ્હીના સુલતાન નિરકુંશ શાસક હતા તેમણે ષડયંત્રો, વિદ્રોહોની જાણકારી મેળવવા ગુપ્તચર વ્યવસ્થાની સ્થાપના કરી હતી. સુલતાનના પ્રાંતીય ગુપ્તચરો, અમીરો અને અધિકારીઓ પર નજર રાખતા. અલાઉદ્દીનના સમયમાં કઠોર ગુપ્ચર વ્યવસ્થા દ્વારા સામંતો, ગુલામો, અમીરો તથા લશ્કરી અફસરો પર કડક નજર રાખવામાં આવતી.*

- **'તમારી પ્રગતિ ચકાસોહ 4.**

1. *દિલ્હી સલ્તનતની મહેસૂલી વ્યવસ્થા વિશે ટૂંકી નોંધ લખો.*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

2. *દિલ્હી સલ્તનતની ન્યાય વ્યવસ્થા પર ટૂંકનોંધ લખો.*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

3. *દિલ્હી સલ્તનતની લશ્કરી વ્યવસ્થા વિશે ટૂંકમાં ચર્ચા કરો.*

4. અલાઉદ્દીન ખીલજીએ લશ્કરમાં ક્યા ક્યા સુધારાની શરૂઆત કરી હતી ?

5. દિલ્હીના ક્યા સુલતાને બ્રાહ્મણો ઉપર પણ જજીયા કર લગાવ્યો હતો ?
(અ) બલ્બન(બ) ફીરોઝશાહ તુઘલક (ડ) અલાઉદીન ખીલજી (ડ) મુહમ્મદબિન તુઘલક
6. દિલ્હી સલ્તનતના ક્યા સુલતાને સૌ પ્રથમ સ્થાયી સેનાનું નિર્માણ કર્યું ?
(અ) અલાઉદીન ખીલજી (બ) બલ્બન(ક) ઈલ્તુત્મિશ(ડ) મુહમ્મદબિન તુઘલક
**7. નીચેના શબ્દોની સમજૂતી આપો.**

(ક) જજિયા :

(ખ) ખમ્સ :

(ગ) ચરગાહ :

## 11.9 સારાંશ

દિલ્હી સલ્તનતના વહીવટીતંત્રના ઉપર્યુક્ત વિવરણ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે તે ઈસ્લામી રાજ્ય હતું. તે લશ્કરી અને સામંતશાહી ધોરણ પર રચાયેલું હતું અને અસહિષ્ણુ નીતિ તેના પાયામાં હતી. સુલતાનોની ભેદભાવભરી વહીવટી, મહેસૂલી, લશ્કરી વગેરે નીતિને કારણે હિન્દની ઘણી મોટી બહુમતી ધરાવતા હિન્દુ વર્ગનો સહકાર મેળવી શક્યા નહી. સેના અને બળ પર આધારિત સલ્તનતમાં લોકમત અને પ્રજાના સહકારની અવહેલના કરવામાં આવતી હોવાથી શાસન સફળ અને લોકપ્રિય બની શક્યું નહિ. એક બાજુ નિશ્ચિત અને સંગઠિત શાસનતંત્રનો અભાવ અને બીજી બાજુ શાસક અને શાસિત પ્રજા વચ્ચે પરસ્પર પ્રેમ, સહાનુભૂતિ, સદ્ભાવના અને નિષ્ઠાનો અભાવ જોવા મળતો હતો.

## 11.10 શબ્દાવલી શબ્દો

**ખલીફા :** *મોહમ્મદ સાહેબના ઉતરાધિકારી ખલીફા તરીકે ઓળખાતા.*

**ખુત્બા :** *જે બંને ઈદો અને જુમ્મા (શુક્રવારની) નમાજ પછી વાંચવામાં આવતો ધર્મ ઉપદેશ.*

**ઈકતા :** *જાગીર.*

**મજલિસ – એ – ખલવતઃ** *સુલતાનને સલાહ – સૂચન આપતી સભા.*

**દીવાન – એ – વિઝારત :** *નાણાખાતું,*

**દીવાન – એ – અર્ઝઃ** *લશ્કર ખાતું,*

**દીવાન –એ – રસાલત :** *વિદેશખાતું,*

**દીવાન – એ– કઝા :** *ન્યાય ખાતું,*

**દબીર :** *લહીયા,*

**નાજીર કે વાકિફ :** *કર વસૂલ કરનાર*

**આમિલ :** *ગામડાઓમાં ભૂમિ કર વસૂલ કરનાર અધિકારી,*

**કાજી :** *શરિયત પ્રમાણે ન્યાય આપનાર.*

**કારકુન :** *ભૂમિ કરનો હિસાબ રાખનાર,*

**કોટવાલઃ** *નગરની દેખભાળ રાખનાર અધિકારી,*

**ખિરાજ :** *બિન મુસ્લિમો પાસેથી લેવામાં આવતો ભૂમિ કર,*

**ખુમ્સ :** *યુદ્ધ દરમિયાન લૂંટવામાં આવેલી સંપતિ.*

**ચૌધરી :** *પરગણાનો મુખ્ય અધિકારી*

**જકાત :** *આ કર મુસલમાનોએ પોતાની ધન સંપતિ ઉપર આપવો પડતો.*

**બરીદ :** *સમાચાર વાહક,*

**વાલી :** *પ્રાંતમાં સુલતાનનો પ્રતિનિધિ,*

**શરીઅતઃ** *મહમંદ પયગમ્બર સાહેબે આપેલા નિયમો અથવા સિધ્ધાંતો,*

**હમ્સે – કલ્બ :** *શાહી અશ્વસેના,*

**હશ્મ અતરાફ :** *પ્રાંતોની સેના,*

**દાગ :** *ઘોડા જેવાં પશુઓ પર ચિન્હ લાગવવાની પ્રથા,*

**હુલીયાઃ** *સૈનિકની ઓળખ દર્શાવતુ વર્ણન,*

**મુકદ્દમ :** *ગામનો મુખી,*

**મુશરિફ :** *મહેસૂલ અધિકારી,*

**મુતાશર્રિફ :** *ઓડીટર,*

**વકફ :** *ધાર્મિક સંસ્થાઓ માટે આપતું દાન,*

**વજીફા :** *દાનમાં મળેલ વસ્તુ*

**પટવારી :** *ગ્રામ હિસાબનીશ,*

**ચરાઈ :** *પશુ ચારવા બદલ આપવાનો કર.*

## 11.11 સંદર્ભ ગ્રંથો


1. ડૉ. રામપ્રસાદ ત્રિપાઠી 'વિજયનગર સામ્રાજ્યનો ઈતિહાસ', સસ્તા સાહિત્ય મંડળ નવી દિલ્હી.
2. ડૉ.આશીવાર્દીલાલ શ્રીવાસ્તવ દિલ્હી સલ્તનત(ઈ.સ. 711 થી 1526) શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની પ્રાઈવેટ લી. આગરા.
3. શૈલેન્દ્ર સંગર 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' એટલાંટીક બુક સ્ટોર, નવી દિલ્હી.
4. વી.ડી.મહાજન 'મધ્યકાલીન ભારત' એસ. ચંદ્ર એન્ડ કંપની લી. રામનગર નવી દિલ્હી.
5. સતિશચંદ્ર 'મધ્યકાલીન ભારત, રાજનિતી અને સંસ્કૃતિ' ઓરિએન્ટલ બ્લેક સ્વાન, નવી દિલ્હી.
6. રમેશચંદ્ર મજમુદાર, હેમચંદ્ર રાય ચૌધરી કાલિકિંકર : અનુવાદ : યોગેન્દ્ર મિશ્ર મેકમિલન ઈન્ડિયા લીમીટેડ.
7. ડૉ.ઈશ્વર ઓઝા 'સલ્તનકાલ' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.
8. નાયક છોટુભાઈ રણછોડજી 'મધ્યયુગીન ભારત ખંડ-2, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
9. વી.એસ.ભાર્ગવ 'મધ્યકાલીન ભારતીય ઈતિહાસ અને સંસ્થાઓ, કોલેજ બુક ડેપો, જયપુર.
10. હરીશચંદ્ર વર્મા (સંપા) 'મધ્યકાલીન ભારત ભાગ-1 (ઈ.સ. 750 – 1540) દિલ્હી વિશ્વવિદ્યાલય
11. વિદ્યાલંકાર સત્યકેતુ 'ભારતીય સંસ્કૃતિ અને તેનો ઈતિહાસ' મસૂરી
12. પ્રવીણચંદ્ર પરીખ 'ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈ.સ. 1000-1818) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
    ગુજરાત રાજ્ય, અમદાવાદ.
13. ડૉ. શાંતિલાલ શાહ અને પ્રા. જસુ. બી.પટેલ 'ભારતીય ઈતિહાસ' શાંતિનિકેતન પ્રકાશન, અમદાવાદ.
14. આર. કે. ધારૈયા 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' સી જમનાદાસની કંપની અમદાવાદ.

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ.* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ).પ્રફુલા રાવલ* | *નિવૃત પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.* |
| *પ્રો. (ડૉ). જીગીશ પંડ્યા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ. અશોક વાઘેલા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી આર્ટ્સ કોલેજ, અમીરગઢ* |
| *ડૉ. વિરસંગભાઈ ચૌધરી* | *એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , ગૂજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ , અમદાવાદ.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ.ધ્વનિલ પારેખ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ગુજરાતી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.* |
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |


**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

*સર્વાધિકાર સુરક્ષિત*

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

**ISBN : 978-81-953732-9-1**

**પ્રકાશન વર્ષ** *:2025-પ્રથમ આવૃતિ*

## વિભાગ-3 : ભક્તિ,સુફીઆંદોલન અને વિજયનગર,બહમની સામ્રાજય

*ભારતનો ઈતિહાસ (ઈ.સ.650 થી ઈ.સ. 1526 સુધી)પેપર-3ના વિભાગ-3 માં કુલ ચાર એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ભક્તિ આંદોલન, સુફી આંદોલન, વિજયનગર સામ્રાજ્ય અને બહમની સામ્રાજ્ય વિશે જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.*

**એકમ-12**મા*ં ભક્તિ આંદોલનના સંતો તેમનો પ્રભાવ ની વિગતે વાત કરવામાં આવી છે જેમાં શંકરાચાર્ય, નિમ્બકાચાર્ય,વલ્લભાચાર્ય, સંત કબીર,ચૈત્યન્ય મહાપ્રભુ,રામાનંદ,સંત તુકારામ વગેરે જેવા સંતો દ્રારા જે ભક્તિમાર્ગ ભારતમાં ફેલાયો જેને લગતો વિસ્તૃત અભ્યાસ કરી શકાય છે.*

**એકમ-13**મા*ં ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના પછી ભારતમાં જે સુફી આંદોલનની શરૂઆત થઇ તેની વિગતે માહિતી આપવામાં આવેલી છે. શેખ મોઈનુદ્દીન ચિશ્તિ તથા શેખ સલીમ ચિશ્તિ જેવા પીર દ્રારા ભક્તિ આંદોલનને વેગ આપવામાં આવ્યો તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલી છે.*

**એકમ-14**મા*ં વિજયનગર સામ્રાજ્યની વિગતે સ્પષ્ટતા કરવામાં આવી છે જેમાં કૃષ્ણદેવરાયની વિવિધ સિધ્ધિઓ વિશે જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.*

**એકમ-15**મા*ં બહમની સામ્રાજ્યની રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિ વિશે માહિતી આપવામાં આવેલી છે.જેમાં બહમની સામ્રાજ્યની સ્થાપના અને વિજયનગર સાથેના તેના સંઘર્ષો વિશે જાણી શકાય છે.*

# એકમ-12 ભક્તિ આંદોલનના સંતો અને તેમનો પ્રભાવ

રૂપરેખાઃ

12.0 ઉદ્દેશો
12.1 પ્રસ્તાવના
12.2 ભક્તિ આંદોલનના ઉદ્ભવ માટેનાં કારણો
12.2.1 ઈસ્લામ ધર્મનો ખતરો
12.2.2 હિન્દુધર્મ અને સમાજની જટિલતા
12.2.3 સરળ માર્ગ
12.2.4 ઈસ્લામના સંપર્કનું પરિણામ
12.2.5 નાથ સંપ્રદાયની અસર
12.3 ભક્તિ આંદોલનના મુખ્ય સિદ્ધાંતો
12.4 દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલન
12.5 ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનનો ઉદય
12.6 ઉત્તર ભારત બંગાળ તથા મહારાષ્ટ્રના આંદોલનો
12.6.1 એકેશ્વરવાદી ભક્તિ આંદોલનો
12.6.2 ઉત્તરભારતમાં વૈષ્ણવભક્તિ આંદોલન
12.6.3 બંગાળમાં ભક્તિ આંદોલન
12.6.4 મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલન
12.6.5 અન્ય પ્રદેશોમાં ભક્તિ આંદોલન
12.7 ભક્તિ આંદોલનનો ભારતીય સમાજ પર પ્રભાવ (અસરો)
12.7.1 ધાર્મિક પ્રભાવ (અસરો)
12.7.2 સામાજિક પ્રભાવ (અસરો)
12.7.3 સાંસ્કૃતિક પ્રભાવ (અસરો)
12.7.4 રાજકીય પ્રભાવ (અસરો)
12.8 સારાંશ
12.9 ચાવીરૂપ શબ્દા
12.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
12.11 સંદર્ભ ગ્રંથો

## 12.0 ઉદ્દેશો

આ એકમમાં સલ્તનતયુગ દરમિયાન ભારતમાં વિવિધ ભાગોમાં વિકસેલાં ભક્તિ આંદોલનના ઉદ્દભવનાં કારણો, તેનો ઉદ્‌ભવ, કેટલીક તેની મુખ્ય ખાસિયતો તેમ જ તેમાં રહેલું સામ્ય અને સમાજ ઉપર તેનો પડેલો પ્રભાવ વગેરે વિશે ચર્ચા કરીશું.

આ એકમના અભ્યાસ બાદ તમે.....

- ભક્તિ આંદોલનના ઉદ્‌ભવના કારણો વિશે સમજી શકશો.
- ઉત્તર અને દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલનના પ્રચાર-પ્રસારને સમજી શકશો.
- હિંદમાં ભક્તિ સંતોના વિવિધ વર્ગોની રીતભાત તથા તત્ત્વજ્ઞાનની વાત કરી શકશો.
- ભક્તિ આંદોલનના સમાજ પર પડેલા પ્રભાવ વિશે સમજી શકશો.

## 12.1 પ્રસ્તાવના

ભારતના ઈતિહાસમાં ભક્તિ અને સૂફી આંદોલનનો ઉદ્‌ભવ અને વિકાસ એક મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક સહઅસ્તિત્વ અને સમન્વયની ઘટના ગણાય છે. ભારતમાં મુસલમાનોના આગમન પછી વર્ષો સુધી ઈસ્લામ અને હિન્દુ ધર્મના પરસ્પર સંપર્કથી મહત્ત્વપૂર્ણ ફેરફાર થયેલ છે. ઈસ્લામના સિદ્ધાંતોએ હિન્દુધર્મના સુધારકોને પ્રભાવિત કર્યા અને બીજી બાજુ મુસ્લિમ સંતો પણ હિન્દુ આદર્શવાદથી અપ્રભાવિત ન રહી શક્યા. આ પ્રકારની ક્રિયા-પ્રતિક્રિયાએ મધ્યકાળમાં ઉત્તર અને દક્ષિણ ભારતમાં એક મહત્ત્વના ધાર્મિક આંદોલનને જન્મ આપ્યો. જે ઈતિહાસમાં ભક્તિ આંદોલનના નામથી ઓળખાય છે. ડૉ. ઈશ્વર ઓઝાના જણાવ્યા મુજબ ભારતમાં ભક્તિની પ્રાચીનતા પ્રાગૈતિહાસિક કાળ સાથે સંબંધ ધરાવે છે. તેઓ તેને દક્ષિણના વૈષ્ણવ ભક્તોની દેનને બદલે દ્રવિડોની દેન માને છે. ભક્તિ આંદોલન મૂળ રીતે વેદાંત, દર્શન અને ભાગવત ધર્મની પરંપરાનું વિકસિત રૂપ છે. ભક્તિની શરૂઆત મહાભારત કાળમાં થઈ હતી. ગીતામાં સ્પષ્ટ રીતે આપણને ભક્તિનો ખ્યાલ આવે છે. ગીતાનો અવનરવાદ ભક્તિભાવનાનો મુખ્ય સ્રોત છે. ભક્તિનો મુખ્ય આધાર ગ્રંથ શ્રીમદ ભાગવત છે. જેની રચના લગભગ 7મી કે 8મી સદી બતાવવામાં આવે છે. કેટલાક વિદ્વાનો ભક્તિને આર્યોના સમયની પ્રવૃત્તિ માને છે. ભક્તિ આંદોલનનો વાસ્તવિક અર્થમાં વિકાસ દક્ષિણ ભારતમાં ઈ.સ.7મી સદી દરમિયાન થયો. ભાગવતમાં એક શ્લોકો આવે છે તેમાં ભક્તિ કહે છે "મારો જન્મ દ્રવિડ દેશમાં થયો, કર્ણાટકમાં મારો વિકાસ થયો. મહારાષ્ટ્રમાં થોડા દિવસ રોકાઈ અને ગુજરાતમાં જઈને વૃદ્ધ થઈ ગઈ." જે સમયે આર્ય લોકો ઉત્તર ભારતમાં ઉપનિષદ લખતા હતા અથવા બૌદ્ધ અને જૈન ધર્મનો પ્રયોગ કરતાં હતા તે સમયે દક્ષિણ ભારતમાં ભક્તિનો વિકાસ થઈ રહ્યો હતો. તે જ સમયે દક્ષિણમાં નાયગાર અને અલવાર સંત શિવ અથવા વિષ્ણુની ભક્તિમાં તલ્લીન થઈ રહયા હતા. આથી સ્પષ્ટ રીતે કહી શકાય કે ભારતમાં ભક્તિ આંદોલનનું મુખ્ય કારણ ઈસ્લામ ન હતું. એ બાબત સાચી છે કે ઈસ્લામના લીધે આ આંદોલનને વધારે પ્રેરણા તથા વિશેષ બળ પ્રાપ્ત થયું.

વાસ્તવમાં ભક્તિ આંદોલનનો શ્રેય મહાન સુધારક કેરલના શંકરાચાર્યને મળે છે. તેઓએ 7મી સદીમાં બૌદ્ધ ધર્મનો વિરોધ કર્યો અને ભારતમાં હિન્દુધર્મની પુનઃસ્થાપના કરી. શંકરાચાર્યે અદ્વૈતવાદનું પ્રતિપાદન કરીને ફક્ત જ્ઞાનમાર્ગને જ એક માત્ર સરળ માર્ગ બતાવ્યો. તેમના કહેવા મુજબ બ્રહ્મ સત્ય છે. અને જગત મિથ્યા છે. પરંતુ તેમનો આ દાર્શનિક માર્ગ સામાન્ય જન સમુદાય સમજી શક્યો નહી. તેથી મધ્યયુગના સંત-મહાત્માઓ તથા વિદ્વાનોએ શંકરાચાર્યના મતનું ખંડન કરીને દ્વૈતવાદ દ્વારા ભક્તિમાર્ગ અને ઈશ્વરના સગુણ સ્વરૂપનો બહોળો પ્રચાર કર્યો. જેના પ્રવર્તક દક્ષિણ ભારતમાં રામાનુજ અને ઉત્તરભારતમાં રામાનંદ થઈ ગયા. કબીર, નાનક, ચૈતન્ય વગેરે તેના મુખ્ય નેતાઓ હતા.

## 12.2 ભક્તિ આંદોલન માટેનાં કારણો

ભક્તિ આંદોલન એક દેશવ્યાપી આંદોલન હતું. ભારતમાં ભક્તિ આંદોલનના ઉદ્ભવ માટેનાં અનેક કારણો જવાબદાર હતાં.

### 12.2.1 ઈસ્લામ ધર્મનો ખતરો

મુસ્લિમ આક્રમણકારીઓએ હિન્દુઓના મંદિરો, મૂર્તિઓ અને તીર્થસ્થાનોને નષ્ટ કરી દીધા. તેનાથી તેમની ઈશ્વર પ્રત્યેની ભાવનાને ઠેસ પહોંચી. મુસ્લિમોના આક્રમણથી હિંદુ પ્રજામાં ભય પેદા થયો. અરાજકતાભરી રાજકીય ઉથલપાથલને કારણે હિંદુ પ્રજા પર લાંબા સમય સુધી તેની અસર જોવા મળી. તે સમયે હિંદુઓ પોતાની રાજકીય સ્વતંત્રતા ગુમાવીને ઈસ્લામના પ્રભુત્વમાં ફસાઈ ગયા હતા.ગુલામીના બંધનમાંથી મુક્ત થવાનો કોઈ માર્ગ તેમને નજરમાં આવતો ન હતો. આ અંધકાર જેવી સ્થિતિએ તેમને ઈશ્વરના શરણમાં જવા માટે પ્રોત્સાહિત કર્યા અને તેઓ ભક્તિમાર્ગ તરફ તેજીથી જવા લાગ્યા.

### 12.2.2 હિન્દુધર્મ અને સમાજની જટિલતા

હિન્દુ ધર્મ અને સમાજમાં વધતો જટિલતાએ પણ ભક્તિ આંદોલનના ઉદય અને વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. હિન્દુધર્મમાં કર્મકાંડ, પૂજાપાઠ, ઉપવાસ વગેરે પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. તે સમયે સમાજમાં અંધશ્રદ્ધા, જ્ઞાતિ-જાતિના ભેદભાવો પ્રવેશી મૂકયાં હતા. બ્રાહ્મણો અને પુરોહિતો સ્વાર્થી અને ભ્રસ્ટાચારી બની ગયા હતા. સામાન્ય લોકો આ બધાથી તંગ આવી ગયા હતા. તેઓ એ બુરાઈઓમાંથી મુક્ત થવા ઈચ્છતા હતા. પરંતુ ભક્તિ માર્ગમાં જાતિ-વર્ગ કે ઊંચ-નીચનો પ્રશ્ન ન હતો. એટલે જ લોકો તેની છત્રછાયા નીચે આવ્યા.

### 12.2.3 સરળ માર્ગ

લોકો સમજી શકે એવા સરળ માર્ગની આવશ્યકતા એ પણ ભક્તિ આંદોલન માટે મહત્ત્વનું કારણ હતું. આ સમયે શંકરાચાર્યના શુદ્ધ અદ્વૈતવાદનો વ્યાપક પ્રસાર થયો હતો. પરંતુ શંકરાચાર્ય આ  જ્ઞાન માર્ગની ભાષા સામાન્ય જનતા સમજી શકે તેમ ન હતી.

*સામાન્ય જનતાને પોતે સમજી શકે અને સરળતાથી જેનું આચરણ કરી શકે એવા માર્ગની જરૂર હતી. એટલે જ 'ભક્તિ'ના સરળમાર્ગને જનતાએ સીધો જ અપનાવી લીધો.*

### 12.2.4 ઈસ્લામના સંપર્કનું પરિણામ

*કેટલાક ઈતિહાસકારોના મતે ભક્તિ આંદોલન ઈસ્લામના સંપર્કનું પરિણામ હતું. ડૉ.તારાચંદ અને પ્રોફે.હુમાયુન કબીર આ મતના મુખ્ય સમર્થક હતા. ઈસ્લામ ધર્મના સાદા અને લોકશાહી ભાવનાવાળા વિચારોથી હિંદુઓ પર ખૂબ અસર થઈ હતી. જેના પરિણામે હિંદુસમાજમાં જ્ઞાતિવાદ અને ધાર્મિક કર્મકાંડો સામે એક પ્રકારનો વિરોધ પેદા થયો. ઈસ્લામના સંપર્કથી અનેક હિન્દુ સૂફી સંતોના શિષ્યો બની ગયા અને તેમના માર્ગથી હિન્દુઓમાં ઈશ્વરપ્રેમ તેમ જ ભક્તિનો ભાવ જાગૃત થયો. પરંતુ રામધારી દિનકર જેવા વિદ્વાનોએ આ મતની કડક ટીકા કરી છે. તેમના મતે તેને ઈસ્લામના સંપર્ક, પ્રભાવ કે આગમનનું પરિણામ ગણી શકાય નહિ. આ બંને મતની વચ્ચેના મધ્યમમાર્ગી ઈતિહાસકારો ભક્તિમાર્ગને હિંદુ ધર્મ અને ઈસ્લામના સમન્વયનું પ્રતીક માને છે.*

### 12.2.5 નાથ સંપ્રદાયની અસર

*નાથપંથી સંપ્રદાયના યોગીઓની અસર કબીર અને સંત જ્ઞાનેશ્વર જેવા એકેશ્વરવાદી સંતો પર થઈ હતી. આ સંપ્રદાયના યોગીઓ સામાન્ય રીતે જોગી તરીકે ઓળખાતા હતા. તેમનામાં પણ સિદ્ધ જોગી અવધૂત જેવા પેટા પંથો હતા. આ યોગીઓ ચમાર, કઠિયારા, મોચી, દરજી, ધોબી વગેરે નીચલા થરના લોકો હતા. આ યોગીઓ પણ હિન્દુ અને મુસ્લિમ ધર્મને લગતા ક્રિયાકાંડો, વ્હેમો, વિધિનિષેધો વગેરેનો વિરોધ કરતા હતા.*

*આ બધાં જ કારણો એ ભક્તિ આંદોલનના ઉદ્ભવ અને વિકાસમાં સહયોગ આપ્યો.*

## 12.3 ભક્તિ આંદોલનના મુખ્ય સિદ્ધાંતો

*ભક્તિ માર્ગના જુદા-જુદા નેતાઓના ઉપદેશ અને વિચારોમાં સંપૂર્ણ સમાનતા ન હતી. તેમ છતાં તેમના પ્રચારના મુખ્ય સિદ્ધાંતો ઘણા મળતા હતા. ભક્તિ આંદોલનના કેટલાક મુખ્ય સિદ્ધાંતો આ પ્રમાણે હતાં.*

- *એકેશ્વરવાદમાં શ્રદ્ધાએ ભક્તિમાર્ગનો મુખ્ય સિદ્ધાંત હતો. તેના સંતોએ ઉપદેશ આપ્યો કે હિન્દુઓના ભગવાન અને મુસલમાનોના અલ્લાહને અલગ-અલગ વિભાજિત કરી શકાય નહિ. તે એક જ છે.*
- *ભક્તિમાર્ગના સંતો સંસાર ચક્રમાંથી મુક્તિ માટે ભક્તિને જ સરળ સાધન માનતા હતા. તેઓ કહેતા કે મનુષ્યએ જો મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો એકાગ્રતાથી અને શ્રદ્ધાથી ઈશ્વરની ભક્તિમાં પામી જવું જોઈએ.*
- *ભક્તિ આંદોલને આત્મસમર્પણના સિદ્ધાંતને સામે રાખ્યો હતો. તેના બધા સંતોએ વિચાર પ્રગટ કર્યો કે મનુષ્યએ ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જાતે ઈશ્વરના ચરણોમાં સમર્પિત થવું જોઈએ. આત્મસમર્પણની આ અવસ્થા ત્યારે*

પ્રાપ્ત થઈ શકે છે, જયારે મનુષ્ય કામ, ક્રોધ, લોભ, અને મોહ ઉપર જીત મેળવીને ઈશ્વરની ભક્તિમાં રસ પેદા કરે.

- ગુરુભક્તિએ ભક્તિમાર્ગનો એક અગત્યનો સિદ્ધાંત છે. ભક્તિમાર્ગના સંતોના મતે ગુરુવગર ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. નાનક જણાવે છે કે "ગુરુ મુક્તિરૂપી નાવ છે. તે દિવ્યધામમાં પહોંચવાની સીડી છે. ગુરુ મનુષ્યના ઊંઘતા આત્માને જગાડે છે. અને તેને પ્રેમ, સેવા તથા ભક્તિના માર્ગ ઉપર ચાલતાં શીખવાડે છે.
- ભક્તિમાર્ગમાં સમાનતા અને માતૃભાવ (વિશ્વ બંધુત્વ) નો સિદ્ધાંત પણ સમાયેલો છે. તેના બધા જ સંતોએ બધા પ્રકારના ભેદભાવોને ભુલાવીને પ્રાણીમાંગની એકતા પર ભાર મૂક્યો, તેઓએ કહ્યું છે કે મનુષ્યની સમાનતાની ભાવનામાં જ માનવતા છુપાયેલી છે 'જાતિ પાંતિ પૂછે નહી કોઈ હરીકો ભજે સૌ હરી કા કોઈ' એ ભક્ત રામાનંદની વાણી ભક્તિ આંદોલનનું સૂત્ર બની ગયું હતું.
- ભક્તિમાર્ગના સંતોએ સારા કાર્ય અને મનની પવિત્રતાનો ઉપદેશ આપ્યો, તેઓએ હ્યું છે કે ફક્ત પ્રાર્થનાઓ અને તીર્થયાત્રાઓથી મનુષ્ય મહાન બની શકતો નથી. ઈશ્વરને પ્રાપ્ત કરવા અને મનુષ્યને સફળ થવા માટે કર્મો, વચન અને મનની પવિત્રતા જરૂરી છે.
- ભક્તિ આંદોલનના કેટલાક સંતોએ સગુણ ઉપાસના પર ભાર મૂક્યો તો કેટલાકે નિગુર્ણ ઉપાસના પર ભાર મૂક્યો.

- **'તમારી પ્રગતિ ચકાસો'-**

(1)ભક્તિનો મુખ્ય આધાર ગ્રંથ શ્રીમદ ભાગવત છે. ચર્ચા કરો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
________________________________________

(2)ભારતમાં ભક્તિ આંદોલનના ઉદ્ભવ માટે ક્યાં કારણો જવાબદાર હતાં?

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

(3) *ભક્તિ આંદોલનના સિદ્ધાંતોની ટૂંકમાં ચર્ચા કરો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

____________________________________

**(4) સાચાં વિધાનો સામે (√) અને ખોટાં વિધાનો સામે (×) નિશાની કરો.**

(i) *ભક્તિ આંદોલનની શરૂઆત ઉત્તર ભારતમાંથી થઈ હતી.*

(ii) *શંકરાચાર્યએ વિશિષ્ટાદ્વૈતવાદની સ્થાપના કરી હતી.*

(iii) *એકેશ્વરવાદમાં શ્રદ્ધા એ ભક્તિમાર્ગનો મુખ્ય સિદ્ધાંત હતો.*

## 12.4 દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલન

*ઈ.સ. 7મી સદી દરમ્યાન ભક્તિ આંદોલનનો પ્રારંભ શૈવ નયનાર અને વૈષ્ણવ આલ્વારો નામના સંતોએ કર્યો હતો. આ સંતોમાંના કેટલાક સમાજના નીચલા વર્ગમાંથી આવતા હતા. તો કેટલીક સ્ત્રી સંતોનો પણ આ પરંપરામાં સમાવેશ થતો હતો. આ અલ્વારોની સંખ્યા બાર હતી. તેઓ તમામ જાતિઓનું પ્રતિનિધિત્વ કરતાં હતા. બ્રાહ્મણ ક્ષત્રીય, સ્ત્રીઓ, લૂંટારાઓ અને પનાર નામની દલિત જાતિનો તેમાં સમાવેશ થતો હતો. આ સંતોએ ભક્તિનું સ્વરૂપ સાદું, ધાર્મિક અને ભાવનાશીલ રાખ્યું હતું. તેમણે ઈશ્વરની સાદી ભક્તિ, પ્રાર્થના અને સગુણ ઉપાસના ઉપર ભાર મૂક્યો. આલ્યારો પહેલાં વૈષ્ણવ ભક્તિ ઉચ્ચવર્ણના અમુક ધાર્મિક વર્ગ પૂરતી મર્યાદિત હતી. તેમણે એ વર્ગના બંધનમાંથી ભક્તિને મુક્ત કરીને બધા વર્ગ અને બધી કોમોના લોકો માટે સુલભ અને સાધ્ય બનાવી દીધી. તેમણે જ્ઞાતિપ્રથા તેમ જ સામાજિક ઊંચનીચના ભેદભાવોની પરવા કર્યા વગર ભક્તિ અને પ્રેમનો સંદેશ દક્ષિણ ભારતના વિવિધ ભાગોમાં ફેલાવ્યો. આ માટે તેમણે સંસ્કૃતને બદલે લોકો સમજી શકે તેવી લોકભાષા તામિલમાં ગીતો રચ્યાં. આ ગીતો સરળ, મધુર, રસપૂર્ણ અને ભાવનાથી ભરપૂર હોવાને કારણે સામાન્ય પ્રજાએ તેમને લગભગ આત્મસાત કરી લીધાં. આલ્વરોના પ્રયત્નોથી દક્ષિણ ભારતમાં બધી જ કોમોના લોકોમાં વૈષ્ણવભક્તિનો વ્યાપક પ્રચાર થવા લાગ્યો. તેના પરિણામે સામાજિકઅને ધાર્મિક ક્ષેત્રે સુધારણા પણ થવા લાગી. આમ આલ્વરોએ જગાવેલું ભક્તિ આંદોલન દક્ષિણ ભારતમાં વ્યાપક ક્ષેત્રે લોક આંદોલન બન્યું. અલ્વાર ભક્તો નીચી ગણાતી કોમના હતા છતાં તેમના સદગુણો અને ભક્તિમાં તરબોળ જીવનને લઈને સમાજમાં ઉચ્ચસ્થાને તેમની પ્રતિષ્ઠા થઈ. એમાંના કેટલાક અલ્વારોની પ્રતિમાને વિષ્ણુની પ્રતિમા સાથે સ્થાપીને તેની પૂજા પણ થવા લાગી. 9મી સદીમાં થયેલા નાથમુનિએ આલ્વાર રચિત ભક્તિ ગીતોને 'પ્રબંધમ્' માં સંગ્રહિત કર્યા. આ 'તામિલ પ્રબંધમ્' ને ભક્તિ આંદોલનનો આદિગ્રંથ ગણી શકાય.*

આ આંદોલને દક્ષિણ ભારતના શુષ્ક ધાર્મિક જીવનને પુનઃધબકતું કર્યું. લોકો ધર્મને આધાર બનાવીને પુનઃ સંગઠિત થઈ શક્યા. તેઓ રૂઢિચુસ્ત બ્રાહ્મણોનો સામનો કરવા માટે શક્તિશાળી બન્યા.તેમના ધર્મનો ઠેકો ખૂટવા લાગ્યો. તેમ છતાં આ સંતો ઉગ્ર ન હોવાને કારણે તેમનો જાતિવાદ સામેનો વિરોધ ઘણો જ સૌમ્ય રહ્યો. તેમણે ભક્તિને ઉપાસનાના એક ઊંચા પ્રકાર તરીકે સ્વીકાર્યો. તેમ છતાં તેમણે બ્રાહ્મણોના કર્મકાંડ જેવા કે મૂર્તિપૂજા વૈદિક મંત્રો, તીર્થાટન વગેરેનો ત્યાગ કર્યો નહી. તેઓ ઉત્તરના સંતોની જેમ વધારે ફેરફાર કરી શક્યા નહિ કારણકે તેમનો મુખ્ય આશય તો બૌદ્ધ અને જૈન ધર્મનું ખંડન કરવાનો હતો. આમ છતાં આ સંતોને બ્રાહ્મણો પાસેથી નીચલી જાતિઓના પ્રાર્થના, ભક્તિ તેમ જ વેદોના અધ્યયનના અધિકારો સ્વીકારવામાં સફળતા મળી.

દક્ષિણ ભારતમાં ભક્તિમાર્ગના પ્રવર્તક સંતોમાં મહત્ત્વના સંતો નીચે પ્રમાણે હતા.

- **રામાનુજાચાર્ય**

ભક્તિ આંદોલનના સૌથી પ્રથમ પ્રવર્તક વૈષ્ણવ આચાર્ય રામાનુજાચાર્યનું સ્થાન મહત્ત્વનું છે. તેમનો જન્મ ઈ.સ.1017ની આસપાસમાં દક્ષિણ ભારતના ચેન્નાઈ નજીક આવેલા પેરામ્બદુરમાં થયો હતો. તેમના પિતાનું નામ અસૂરી કેશવ સોમયાજી અને માતાનું નામ ક્રાંતિમતી હતું. તેઓ બાળપણથી પ્રતિભાશાળી હતા. તેમને વિદ્યાપ્રાપ્તિની તીવ્ર ઈચ્છા હોવાથી તે કોઈ એક ઉત્તમ ધર્મગુરુની શોધમાં રહેતા હતા. તેમને અદ્વૈતવાદના મહાન વિદ્વાન ધર્માચાર્ય યાદવપ્રકાશ સાથે મેળાપ થયો. તેમની પાસે રહી વેદ-વેદાંતોનો અભ્યાસ કર્યો. તે સમયના પ્રસિદ્ધ વિદ્વાન યામુનાચાર્ય પાસે તેઓએ દીક્ષા લીધી અને પાછળથી તે શુંગેરીમઠમાં તેમની ગાદી ઉપર પ્રતિષ્ઠિત થયા. રામાનુજનું જીવન બહુમુખી હતું તેમ જ કાર્યક્ષેત્ર વ્યાપક હતું. તેઓ ભક્તિને દાર્શનિક આધાર પ્રદાન કરવાવાળા પ્રથમ આચાર્ય હતા. તેમણે સમાજ સુધારણાના ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન થાય તેવા પ્રયન્તો કર્યા, તેમના સુધારણા કાર્યક્રમમાં મંદિર સુધારણા, અંત્યજોને વેદ અભ્યાસનો અધિકાર આપવો, શુદ્રોમાં ભક્તિનો પ્રચાર કરવો અને વર્ષમાં એક દિવસ શુદ્ધોને મંદિરમાં પ્રવેશવાનો અધિકાર આપવાનો સમાવેશ કર્યો હતો. તેમણે શૂદ્રોને ભાગવત દર્શન તેમ જ મોક્ષનો અધિકાર આપીને ઈસ્લામ ધર્મ અંગીકાર કરતાં રોક્યા હતા. તેમને શૈવધર્મી ચોલ નરેશ કલોતુંગ 1 લાએ ઘણા હેરાન કર્યા. આથી જીવના રક્ષણ માટે રામાનુજ ત્રીચનાપલ્લી છોડીને મૈસુરના હોયસલ નરેશ વિષ્ણુવર્ધનની રાજ્યસભામાં આશ્રય લીધો હતો. રાજાએ તેમનાથી પ્રભાવિત થઈ પોતાના નામ વિટીગને બદલે વિષ્ણુવર્ધન રાખીને વૈષ્ણવ સંપ્રદાય સ્વીકાર્યો હતો. તેમણે મૂળ ધાર્મિક ગ્રંથોના આધાર ઉપર વિશિષ્ટ દ્વૈતવાદની સ્થાપના કરી. આમ જનતા ઉપર તેમના ઉપદેશોનો ઘણો જ પ્રભાવ પડ્યો અને ધીમે-ધીમે તેમના અનુયાયીઓની સંખ્યા મોટા પ્રમાણમાં વધી હતી. તેમનો સંપ્રદાય 'શ્રી સંપ્રદાય' તરીકે તેમજ તેમના અનુયાયીઓ 'વૈષ્ણવ' તરીકે ઓળખાય છે.

રામાનુજાચાર્ય વેદાંતસાર, વેદાંતદીપ, વેદાંત સંગ્રહ જેવા ગ્રંથો રચેલા છે. અને બ્રહ્મસૂત્ર તેમ જ ભગવદગીતા ઉપર ભાષ્યો પણ લખેલાં છે.

- **નિમ્બાર્કાચાર્ય**

રામાનુજાચાર્યના સમકાલીન નિમ્બાર્ક દક્ષિણના તેલુગુ બ્રાહ્મણ હતા. તેમનું જન્મ સ્થળ બેલ્લરી નજીક નિમ્લપુર હતું. પરંતુ તેમણે પોતાનું મોટાભાગનું જીવન ઉત્તરભારતના વૃંદાવનમાં વીતાવ્યું હતું. તેથી તેમના અનુયાયીઓ ઉત્તરભારતમાં મોટાં પ્રમાણમાં જોવા મળે છે. તેમણે સૌ પ્રથમ વૈષ્ણવ ભક્તિમાં કૃષ્ણ અને રાધાની ભક્તિને અગ્રસ્થાન આપ્યું. તેમણે 'દ્વૈતા દ્વૈતવાદ'નો સિદ્ધાંત આપ્યો હતો. તેમનો સંપ્રદાય 'સનક સંપ્રદાય'ના નામે ઓળખાય છે. રામાનુજાચાર્ય ભક્તિ ધ્યાનરૂપ અને નિમ્બાકાચાર્યની ભક્તિ રસરૂપ હતી.

નિમ્બાર્કે બ્રહ્મસૂત્ર ઉપર ભાસ્ય લખેલું છે. તેનું નામ 'વેદાંત પારિજાત સૌરભ' છે. તેમણે રચેલો બીજો ગ્રંથ 'સિદ્ધાંતરત્ન' છે. તેમણે 'દશ શ્લોકો'ની રચના કરી હતી. જે ત્રણ વાસ્તવિકતાઓ (ત્રિ-તત્ત્વ), બ્રહ્મ (કૃષ્ણા), આત્મા (ચિત્ત) અને પદાર્થ (અચિત) સાથે સંબંધ ધરાવે છે.

- **મધ્વાચાર્ય**

મધ્વાચાર્યનો જન્મ ઈ.સ.1238માં દક્ષિણ ભારતના ઉડિપી જિલ્લના પાજક નામના ગામમાં થયો હતો. તેમનું મૂળ નામ વાસુદેવ હતું. તેમણે પચ્ચીસ વર્ષની ઉંમરે સંન્યાસી બનીને મધ્વાચાર્ય નામ ધારણ કર્યું હતું. તેમને વાયુના ત્રીજા અવતાર તરીકે માનવામાં આવે છે. તેઓ 'દ્વૈતવાદ'ના સ્થાપક હતા. તેમનો સંપ્રદાય 'સત કે બ્રહ્મા' સંપ્રદાય તરીકે ઓળખાય છે. તેમણે મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન, કર્મ અને ભક્તિને આવશ્યક ગણાવ્યાં હતાં. તેમણે ઉપદેશ આપ્યો હતો કે ઈશ્વરને વિષ્ણુરૂપે ભજવાથી મોક્ષ મળે છે.અને આ માટે બ્રાહ્ય ક્રિયાકાંડ ની કોઈ જરૂર નથી. તેમણે શૂદ્રોને પણ ભક્તિમાર્ગમાં સામેલ કર્યા. તેમણે દેશનો પ્રવાસ કરીને નિરક્ષરતા, ગૌરક્ષા, અને જાતિવાદ સામે ઝુંબેશ ચલાવી હતી. તેમણે યજ્ઞોમાં પશુબલી ચઢાવવાનો રિવાજ બંધ કરાવ્યો હતો. દક્ષિણ ભારતમાં ભાગવત ધર્મનાં મૂળ ઊંડા નાખવામાં એમના સંપ્રદાયનો ફાળો ઘણો મોટો છે. મધ્વાચાર્યએ પોતાનું પ્રસિદ્ધ ગીતા ભાષ્ય ઉડ્ડપીની પવિત્ર ભૂમિ પરથી લખ્યું હતું.

- **'તમારી પ્રગતિ ચકાસો' 2**

1) દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલનના આલ્વારોના પ્રદાનનો ખ્યાલ આપો.

2) નીચેના દરેક વિશે પાંચ-પાંચ વાક્યો લખો.

(i) રામાનુજાચાર્ય

(ii) નિમ્બાર્કાચાર્ય

(iii) મધ્વાચાર્ય

**અ. વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે જોડો.**

(i)

| અ | | બ |
|---|---|---|
| આચાર્ય | | વિચારધારાવાદ |
| 1. રામાનુજાચાર્ય | - | A દ્વૈત |
| 2. નિમ્બાર્કચાર્ય | - | B વિશિષ્ટા દ્વૈત |
| 3. મધ્વાચાર્ય | - | C દ્વૈતા દ્વૈત |
| 4. શંકરાચાર્ય | - | D અદ્વૈતવાદ |

(ii)

| અ | | બ |
|---|---|---|
| સંપ્રદાય | | સંસ્થાપક |
| 1. સ્મૃતિ સંપ્રદાય | - | A નિમ્બાર્ક |
| 2. શ્રી સંપ્રદાય | - | B મદવાચાર્ય |
| 3. બ્રહ્મા સંપ્રદાય | - | C રામાનુજાચાર્ય |
| 4. સનક સંપ્રદાય | - | D શંકરાચાર્ય |

**બ. નીચેનામાંથી કયો સાચો કાલક્રમ છે.**

(A) શંકરાચાર્ય-રામાનુજ-ચૈતન્ય (B) રામાનુજ- શંકરાચાર્ય-ચૈતન્ય
(C) રામાનુજ- ચૈતન્ય- શંકરાચાર્ય (D) શંકરાચાર્ય-ચૈતન્ય-રામાનુજ

ક. દક્ષિણ ભારતના __________ સંતે પોતાનું મોટાભાગનું જીવન ઉત્તરભારતના વૃંદાવનમાં વીતાવ્યું હતું.

(A) રામાનુજાચાર્ય (B) નિમ્બાર્કચાર્ય (C) મધ્વાચાર્ય (D)વિષ્ણુસ્વામી

ડ. દક્ષિણ ભારતના વૈષ્ણવ સંતોને __________ કહે છે.

(A) ભગવત (B) નયનાર (C) અલવાર (D) વીરશૈવ

## 12.5 ઉત્તરભારતમાં ભક્તિ આંદોલનનો ઉદય

13મી થી 15મી સદી દરમ્યાન ઉત્તર ભારત, પૂર્વ ભારત અને મહારાષ્ટ્રમાં પણ સામાજિક ધાર્મિક આંદોલનો થયાં. આ આંદોલનના સંતોએ પણ ભક્તિ અને માનવ સમાનતા ઉપર ભાર મૂક્યો. આમ આ આંદોલન દક્ષિણ ભારતના આંદોલનના પૂરકરૂપ હતું. ઉત્તરભારતમાં રામાનંદ જેવા મહાન સંતે ભક્તિ આંદોલનના શ્રીગણેશ કર્યા. તેમણે જનભાષાના માધ્યમ દ્વારા દક્ષિણી વૈષ્ણવ ભક્તિનાં દ્વાર ઉત્તરમાં બધાને માટે ખોલી નાખ્યા. આલ્વાર ભક્તિનાં બધાં ઉમદા તત્ત્વોને અપનાવી લઈને તેમાં આવશ્યક તત્ત્વો ઉમેરીને રામાનંદે ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલન શરૂ કર્યું. મધ્વાચાર્યની કૃષ્ણભક્તિ

*બંગાળમાં ચૈતન્યે આગળ વધારી. એ જ રીતે બંગાળનો ભક્તિમાર્ગ નિમ્બાર્કની કૃષ્ણભક્તિની ફિલસૂફી પર આધારિત કહી શકાય. કબીર અને નાનકના એકેશ્વરવાદને બાદ કરતાં ઉત્તર ભારતની ભક્તિ પ્રણાલિકા દક્ષિણ ભારતની ભક્તિ પ્રણાલિકા સાથે મળતી આવે છે. બંનેએ નીચલી જાતિના લોકોને ભક્તિમાર્ગે વાળ્યા અને સામાજિક ભેદભાવોનો વિરોધ કર્યો. દક્ષિણની ભક્તિધારામાંથી ઉત્તરભારતમાં સગુણ અને નિર્ગુણ એમ બે ભક્તિધારાઓનું નિર્માણ થયું. દા.ત. કબીર, નાનક અને રૈદાસ ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપમાં માનતા અને એકેશ્વરવાદી સંતો હતા. જ્યારે ચૈતન્ય, વલ્લભચાર્ય વગેરે ઈશ્વરના સગુણ સ્વરૂપમાં માનતા અને તેઓ મૂર્તિપૂજામાં શ્રદ્ધા ધરાવતા હતા. તે જ રીતે મહારાષ્ટ્ર અને ગુજરાતના સંતોનો ભક્તિ વિષેનો ખ્યાલ બંગાળના સંતોના ખ્યાલથી જુદો હતો.*

## 12.6 ઉત્તરભારત, બંગાળ તથા મહારાષ્ટ્રનાં આંદોલનો

*આ વિભાગમાં ઉત્તરભારત, બંગાળ તથા મહારાષ્ટ્રના મુખ્ય ભક્તિ આંદોલનની ચર્ચા કરવામાં આવી છે. જેમાં નિર્ગુણ તથા સગુણ સ્વરૂપનાં આંદોલનોનો સમાવેશ થાય છે.*

### 12.6.1 એકેશ્વરવાદી ભક્તિ આંદોલનો

- **કબીર (1440-1510)**

*એકેશ્વરવાદી પરંપરામાં કબીર સૌથી મહત્ત્વપૂર્ણ સંત હતા. કવિ કબીરનું જીવનવૃત્તાંત વિશેષ કરીને લોકકથાઓ ઉપર આધારિત છે કહેવાય છે. કે તેમને કોઈ એક વિધવા બ્રાહ્મણ સ્ત્રીએ ઈ.સ.* 1440*માં કાશી નજીક જન્મ આપ્યો હતો. તેઓ મા-બાપે ત્યજી દીધેલા અનાથ બાળક હતા. તેમનું પાલન પોષણ નીરૂ નામના જુલાહા (મુસ્લિમ વણકર) ને ત્યાં થયું હતું. તેમણે મોટાભાગનું જીવન બનારસમાં ગાળ્યું હતું. કબીર રામાનંદને પોતાના ગુરુ માનતા હતા. તેમણે ધર્મ અને સમાજમાં ઘર કરી ગયેલી રૂઢિઓ, ખોટી પરંપરાઓ અને અંધ-શ્રદ્ધાનો જોરદાર વિરોધ કર્યો. તેમણે સ્વાર્થ, જુઠ અને પાખંડથી દુર રહેવા અને સચ્ચાઈ, ઈમાનદારી અને દયા સાથે જીવન જીવવા કહ્યું હતું. ભક્તિમાર્ગના પ્રવર્તકોમાં કબીરે હિન્દુ-મુસ્લિમ એકતાનો સમન્વય સાધ્યો હતો. તેમનો પંથ 'કબીર પંથ' કહેવાતો. તેઓ નિરાકાર નિર્ગુણના પ્રથમ ઉપાસક હતા. તે કહેતા કે 'ઈશ્વર આગળ બધા માણસો સરખા છે, ઈશ્વર દરેકના હૃદયમાં વસે છે.' તેમના મતે 'રામ અને રહીમ' એક જ વ્યક્તિનાં જુદાં નામો છે. તેમ જ પ્રેમ અને ભક્તિ દ્વારા મોક્ષ મળી શકે છે.*

*બનારસના આ સંતની કવિતાઓ શીખોના પવિત્ર ગ્રંથ 'ગુરુ ગ્રંથસાહેબ'માં પણ જોવા મળે છે. 'બીજક' તેમનો કવિતા સંગ્રહ છે. તેમજ કબીર ગ્રંથાવલી અને અનુરાગસાગર તેમની કૃતિઓ છે.*

- **રૈદાસ**

*રામાનંદના શિષ્ય અને કબીરના ગુરુબંધુ રૈદાસ પણ પ્રસિદ્ધ સંત હતા. તેમનો જન્મ કાશીમાં થયો હતો. તેમના પિતાનું નામ રઘુ અને માતાનું નામ ધુરવિનિયા હતું. તેઓ પણ કબીરની જેમ ગૃહસ્થી અને નિર્ગુણના ઉપાસક હતા. તેઓ જ્ઞાતિએ મોચી હોવા છતાં પ્રભુકૃપાથી ઉચ્ચકોટીના સંત બન્યા હતા. તેઓ શરૂઆતથી જ પરોપકારી અને દયાળુ હતા. બીજાને સહાયતા કરવામાં તે માનતા હતા. સૌને પ્રત્યે તેઓ સમભાવ રાખતા. ભક્તિના નામ પર થતા વિવાદને તેઓ અર્થહીન માનતા હતા. તેઓ નાત-જાતના વિરોધી હતા. તેઓ તીર્થયાત્રા, વ્રત, ટીલાં તાણવાં વગેરે બાહ્ય આડંબરોને વ્યર્થ માનતા અને મન તથા હૃદયની શુદ્ધિ પર ભાર મૂકતા. તેમનું કથન હતું કે 'બધામાં હરી છે અને બધા હરીમાં છે.' તેઓ હિન્દુ-મુસ્લિમ વચ્ચે કોઈ ભેદભાવ રાખતા નહી. કબીરે રૈદાસને સંતોના સંત તરીકે ઓળખાવ્યા છે. રૈદાસજીના નામ પરથી 'રૈદાસી' કે 'રવિદાસી' પંથ થયો, ગુજરાતમાં આ રવિદાસી પંથના ઘણા અનુયાયીઓ જોવા મળે છે.*

- **ગુરુનાનક (ઈ.સ.1469-1539)**

*શીખ ધર્મના સ્થાપક ગુરુનાનક નિર્ગુણ શાખાના સંત હતા. તેઓ પંજાબમાં ભક્તિ આંદોલનના અગ્રદૂત હતા. તેમનો જન્મ ઈ.સ. 1469માં પંજાબના લાહોર નજીક તલવંડી ગામમાં એક ખત્રી કુટુંબમાં થયો હતો. આ સ્થળ અત્યારે નાનકડા તરીકે ઓળખાય છે. તે હાલમાં પાકિસ્તાનમાં આવેલું છે. તેમનો ધર્મ ઉપદેશ માનવબંધુત્વનો હતો. તેઓ મહાન માનવતાવાદી હતા અને સર્વધર્મની સમાનતામાં માનતા હતા. તેમણે સમગ્ર ભારતમાં પ્રવાસ કર્યો. ઉપરાંત શ્રીલંકા, અરબસ્તાન, ઈરાન વગેરે દેશોનો પ્રવાસ કરીને પોતાના વિચારોનો પ્રચાર કર્યો. તેઓ વિદેશ યાત્રા પછી પંજાબના કરતારપુર (દેશ નાનક બાબા) માં સ્થિર થયા હતા. તેમણે કબીરની જેમ હિંદુત્વ અને ઈસ્લામોનો સુંદર સમન્વય સાધ્યો. તેમણે ઉપદેશ આપ્યો હતો કે "કોઈ હિંદુ નથી, કોઈ મુસ્લિમ નથી. એક અકાળ સ્વરૂપ પ્રભુ અને બાકી બધા હંદ છે." તેમણે હિંદુધર્મના બાહ્ય આડંબરો, જાતિપ્રથા, મૂર્તિપૂજા, તેમજ હિંદુ-મુસ્લિમ ધાર્મિક કટ્ટર વિરોધ કર્યો. કબીરની માફક તે માનતા કે મોક્ષપ્રાપ્તિ માટે સાચા ગુરુના શરણે જવું જોઈએ. નાનકદેવને તેમની હયાતીમાં હિંદુઓ ગુરુ કહેતા હતા અને મુસલમાનો પીર કહેતા હતા. તેમના શિષ્યો પાછળથી શીખ નામે ઓળખાયા. પંજાબમાં નીચલા થરના લોકોનો ઉદ્ધાર તેમણે કર્યો હતો. તેમણે સત્ય, હલાલ (ઈમાનદારીથી કમાણી કરવી), ખૈર (લોકોની સલામતી માટે પ્રાર્થના કરવી) નિયત (નિષ્ઠા અને યોગ્ય ભાવના) તથા ઈશ્વરની સેવાનો ઉપદેશ આપ્યો. તેઓ જાતિવાદના વિરોધી હોવાથી તેમણે લંગર (સામુહિક ભોજન)ની સ્થાપના કરી. ગુરુ નાનકદેવની કૃતિઓ 'ગુરુ ગ્રંથસાહેબ' (આદિગ્રંથ)માં સંગ્રહિત થયેલી છે.*

*ગુરુ નાનકના અવસાન બાદ શીખધર્મમાં ગુરુ પરંપરાની શરૂઆત થઈ. આ પરંપરામાં મૂળ દશ ગુરુઓનો સમાવેશ થાય છે. છેલ્લા દસમા ગુરુગોવિંદસિંહ હતા.*

*તેમના અવસાન બાદ ગુરુ પરંપરાનો અંત આવ્યો અને ગુરુ 'ગ્રંથ સાહેબ' જ શીખધર્મના માર્ગદર્શક તરીકે સ્વીકૃત બન્યા.*

**અન્ય સંતો**

*અન્ય નિર્ગુણપંથી સંતોમાં ધન્ના, સેના અને પીપાજી મહત્ત્વનાં હતા. આ સંતોમાં ધન્ના ઝાર ખેડૂત હતા, સેના વાળંદ હતા અન પીપાજી ભગત નીચલા કુળના રાજપૂત હતા તો પણ તેમણે પોતાના ઉપદેશ, જીવન અને આચરણથી ઉચ્ચ વર્ણના હિંદુઓને પ્રભાવિત કર્યા હતા.*

## 12.6.2 ઉત્તર ભારતમાં વૈષ્ણવભક્તિ આંદોલન

12*મી અને* 13*મી સદીમાં ઉત્તર ભારતની ધાર્મિક અવસ્થાને સુધારવા માટે દક્ષિણ ભારતનું ભક્તિ આંદોલન સમર્થ હતું. પરંતુ સબળ અને યોગ્ય માધ્યમને અભાવે ઉત્તરમાં એનો વિશેષ પ્રભાવ પડી શક્યો ન હતો. છેક* 14*મી સદીના ઉતરાર્ધમાં રામાનંદ ઉત્તર ભારતમાં પ્રભાવ પાડવામાં સફળ થયા. સલ્તનકાળમાં રામાનંદ, વલ્લભચાર્ય વગેરેએ અલગ વૈષ્ણવમાર્ગ અપનાવ્યો.*

- **રામાનંદ**

*ભક્તિ આંદોલનને દક્ષિણભારતમાંથી ઉત્તરભારતમાં લાવીને પ્રચાર કરવાનું શ્રેય રામાનંદના ફાળે જાય છે. રામાનંદનો જન્મ ઈ.સ.*14*મી સદીના ઉતરાર્ધમાં પ્રયાગમાં એક કાન્યકુમ્બજ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેઓ ઉત્તર ભારતમાં વૈષ્ણવભક્તિના મુખ્ય પ્રવર્તક હતા. રામાનંદે મોક્ષપ્રાપ્તિ માટે ભક્તિને સર્વોચ્ચ સાધન માન્યું હતું. તેમણે જાતિ પ્રથાનો વિરોધ કર્યો અને બધા વર્ગો તથા જાતિના લોકોને પોતાના શિષ્ય બનાવ્યા. સમાનતા અને માનવતાના ઉપાસક આ સંતના પ્રથમ બાર શિષ્યોમાં રૈદાસ ચમાર, કબીર વણકર, ધન્તાઝાટ (ખેડૂત), સેના વાળંદ અને પીપા વગેરે હતા. તેઓ બ્રાહ્મણ હોવા છતાં હલકા કુળના અનુયાયીઓ સાથે ભોજન લેતા. રામાનંદના સંપ્રદાયમાં સ્ત્રીઓનો પણ સમાવેશ થતો હતો. તેમના સર્વ શિષ્યો 'રામાનંદી' તરીકે ઓળખાતા હતા. તેઓ પહેલા સુધારક હતા જેમણે પોતાના ઉપદેશના પ્રચાર માટે સંસ્કૃતને બદલે હિન્દી ભાષાનો ઉપયોગ કર્યો હતો. તેમના શિષ્યોએ એ બાબતમાં તેમનું અનુકરણ કર્યું હતું. આ કારણથી માનવમાતની તેમની એકતાની વાતો સમાજની અભણ ગ્રામ્ય પ્રજા સુધી પણ પહોંચી હતી. તેમનો મૂળ મંત્ર હતો. "જાતિ પ્રાંતિ પૂછે નહિ કોઈ, હરિકો ભજે સૌ હરિકા કોઈ." રામાનંદના વિચારો માટે નાભાજીની 'ભક્તમાલા' પ્રખ્યાત બનેલી છે.*

- **વલ્લભાચાર્ય :**

*વલ્લભાચાર્ય ઉત્તરભારતના વૈષ્ણવભક્તિના મહાન સંત હતા. તેમનો જન્મ ઈ.સ.*1479*માં બિહારના ચંપારણમાં મહાનદીને કિનારે દક્ષિણના તૈલંગી બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમણે કાશીમાં રહી વેદ, ઉપનિષદ, દર્શનસૂત્રો, સ્મૃતિઓ, ઈતિહાસ, પુરાણો વગેરેનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે ઉત્તરભારતમાં વસવાટ કરીને*

કૃષ્ણભક્તિનો પ્રચાર કર્યો. તેમનું મોટાભાગનું જીવન વ્રજ પ્રદેશ (ઉત્તરપ્રદેશ) માં પસાર થયું. તેમણે વૈષ્ણવ ધર્મમાં પુષ્ટિમાર્ગની સ્થાપના કરી. તેમણે સમગ્ર ભારતનો પ્રવાસ કરીને પોતાના ધાર્મિક વિચારોનો પ્રચાર કર્યો. રામેશ્વરથી હરદ્વાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીનાં તીર્થોમાં ત્રણ વાર પર્યટન કરીને એમણે પુષ્ટિમાર્ગનો પ્રચાર કર્યો. આજે એ સ્થળો 'બેઠકો' તરીકે ઓળખાય છે. તેમના મતે કૃષ્ણ એ જ પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ છે. જન્મ મરણના બંધનમાંથી છૂટવાનો અને પરમાત્માને મળવાનો ઉત્તમ માર્ગ ભક્તિ છે અને આ ભક્તિ કોઈ પણ નાતજાત કે વર્ણના ભેદભાવ વગર બધા મનુષ્યો કરી શકે છે. તેમણે 'શુદ્ધા દ્વૈત' સિંદ્ધાંત સ્થાપના કરી. તેમનો સંપ્રદાય રુદ્ર સંપ્રદાય' તરીકે ઓળખાય છે. સુરદાસ સહીત સાત શિષ્યોએ તેમની પરંપરાને આગળ વધારી હતી. પુષ્ટિમાર્ગ ગુજરાત અને રાજસ્થાનમાં વિશેષ પ્રચલિત થયો. તેમણે વિજયનગરના મહાન શાસક કૃષ્ણદેવરાયની સભામાં સૈવ આચાર્યો અને પંડિતોને શાસ્ત્રાર્થમાં પરાજિત કરીને વિજય પ્રાપ્ત કર્યો હતો. વલ્લભાચાર્યે બ્રહ્મસૂત્ર પર 'અણુભાષ્ય' રચ્યું છે. તેમણે ષોડશગ્રંથ, ગાયત્રીભાષ્ય, તત્વાર્થદીપ નિબંધ, સુબોધિની, પત્રાવલંબન જેવા અનેક ગ્રંથોની રચના કરી છે.પુષ્ટિમાર્ગના સ્થાપક તરીકે શ્રીમદ્ વલ્લભાચાર્યનું નામ વૈષ્ણવ ધર્મના ઈતિહાસમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. આજે બધા જ વૈષ્ણવો તેમને મહાન આચાર્યગણી તેમનું પૂજન કરે છે.

ઉત્તરભારતમાં મોગલકાળ દરમ્યાન તુલસીદાસ અને સૂરદાસ જેવા સંતોએ ભક્તિ આંદોલનને લોકપ્રિય બનાવ્યું હતું. તુલસીદાસનો જન્મ વર્તમાન બાંદા જિલ્લાના રાજપુર ગામમાં એક બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમણે રામના વતન અયોધ્યામાં વસવાટ કરી વિખ્યાત ગ્રંથ 'રામચરિતમાનસ'ની અવધી ભાષામાં રચના કરી હતી. તેમણે રામભક્તિનો પ્રચાર કર્યો. તેમણે 'વિનયપત્રિકા' અને 'કવિતાવલી' જેવી કેટલીક કૃતિઓ પણ લખી હતી. જ્યારે સૂરદાસ ધર્મગુરુ વલ્લભાચાર્યના શિષ્ય હતા. વ્રજમાં રહીને તેમણે પોતાની કૃતિ 'સૂરસાગર' માં કૃષ્ણાની બાલ્યાવસ્થા અને યુવાવસ્થાની કીર્તિગાથાઓ ગાઈ હતી. તેમ જ 'સાહિત્ય રત્ન', 'સૂર સ્વરાવલી' અને 'સાહિત્ય લહરી' જેવી કૃતિઓની રચના કરી હતી.

### 12.6.3 બંગાળમાં ભક્તિ આંદોલન

બંગાળનું ભક્તિ આંદોલન ઉત્તરભારત અને દક્ષિણ ભારતનાં આંદોલન કરતાં અનેક રીતે જુદું પડતું હતું. બંગાળના ભક્તિ આંદોલનનું મૂળ ભાગવત પુરાણમાં રહેલું છે. બંગાળી ભક્તિ આંદોલન ઉપર નામપંથીઓની તથા મહાયાન બૌદ્ધોની વ્યાપક અસર જોવા મળે છે. આ આંદોલન શરૂ કરવાનો શ્રેય 12મી સદીમાં થઈ ગયેલા ગીતગોવિંદના રચિયતા જયદેવને આપી શકાય. જયદેવ પછી ચંડીદાસ(14મી સદી) અને પદાવલીના રચિયતા વિદ્યાપતિ (14-15મી સદી)એ બંગાળમાં વૈષ્ણવ ભક્તિ આંદોલનનો પ્રચાર કર્યો.

- **ચૈતન્ય**

*વૈષ્ણવધર્મની આચાર્ય પરંપરાના છેલ્લા એવા ચૈતન્ય મહાપ્રભુ વલ્લભાચાર્યના સમકાલીન હતા. બંગાળ અને ઓરિસ્સામાં વૈષ્ણવવાદને લોકપ્રિય બનાવવાનું શ્રેય તેમને મળે છે. તેમનો જન્મ નદિયા (નવદીપ)માં ઈ.સ. 1486માં એક વિદ્વાન બ્રહ્માણ કુટુંબમાં થયો હતો. તેમનું મૂળનામ વિશ્વંભર મિશ્રા હતું. તેઓ દેખાવે સુંદર હોવાથી "ગૌરાંગ પ્રભુ"ના નામથી પણ ઓળખાતા હતા. તેમની માતા તેમને નિમાઈના નામથી બોલાવતા હતાં. તેમની પ્રેમ સમાધિને લીધે તેઓ ખૂબ પ્રસિદ્ધ હતા. તેમણે કૃષ્ણભક્તિને પૂર્વભારતમાં પ્રચલિત કરી હતી. તે કૃષ્ણભક્તિની મસ્તીમાં 'હરે કૃષ્ણ હરે કૃષ્ણ' ની ધૂન લગાવતા. તેમણે જાતિવાદ અને ઊંચનીચના ભેદભાવોનો સખત વિરોધ કર્યો હતો. તેમના અનુયાયીઓ તમામ જાતિ અને ધર્મના લોકો હતા. તેમનો હરિદાસ નામનો માનીતો શિષ્ય મુસલમાન હતો. ઓરિસ્સાના શાસક પ્રતાપરુદ્ર પણ તેમના શિષ્ય હતા. તેમને વિશ્વાસ હતો કે પ્રેમ અને ભક્તિથી તથા નૃત્ય અને ગીતો (કીર્તન)થી ભગવાનને પોતાની પાસે લાવવાનો અનુભવ કરી શકાય છે. તેમણે બંગાળમાં કાલીપૂજા અને શાક્તોના બાહ્યાડંબરો સામે આંદોલન જગાવી લોકોને ભક્તિના સરળ માર્ગ તરફ દોર્યા. તેના પરિણામે કાળીપૂજામાં અપાતો પશુબલી બંધ થયો. આમ છતાં તેમણે હિન્દુધર્મની પ્રણાલિકાગત માન્યતાઓનો વિરોધ કર્યો નહી. તેઓ ગૌડીય સંપ્રદાય સાથે જોડાયેલા હતા. તેમના સંપ્રદાયનો મૂળ મંત્ર કૃષ્ણ પ્રેમ હતો. તેમણે ધર્મશાસ્ત્રની સભા 'અચિંત્યભેદ ભેદત્વ'ની સ્થાપના કરી હતી. તેમણે 'શિક્ષા અષ્ટક'ની રચના કરી હતી. જેને શાસ્ત્રોનો સાર પણ કહેવામાં આવે છે. તેમની જીવનકથા કવિરાજ કૃષ્ણદાસે લખી છે.*

### 12.6.4 મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનઃ

*મહારાષ્ટ્રમાં અન્ય પ્રદેશોની જેમ ધર્મગુરુઓ અને સંતોની તેજસ્વી પરંપરા શરૂ થઈ હતી.*

*મહારાષ્ટ્રમાં ભાગવત અને સૈવ ધર્મ સાથે ભક્તિ આંદોલન જોડાયેલું છે. 11મી સદીમાં થયેલા ભક્ત પુંડરિકે વિઠ્ઠલનાથ (વિઠોબા)ની ભક્તિનો મહિમા સ્થાપ્યો. આ આંદોલનનું મુખ્ય કેન્દ્ર પંઢરપુર તેમજ ત્યાંનું પ્રસિદ્ધ વિઠ્ઠલ કે વિઠોબા મંદિર હતું. મહારાષ્ટ્રમાં બ્રાહ્મણવાદી પરંપરાને 13મી સદીમાં થયેલા મુકુંદરાય નામના વેદાંતી ગુરુએ ઘણો વેગ આપ્યો. જ્યારે તેમના સમકાલીન ચક્રધરે મહાનુભાવ સ્થાપના કરી. આ ઉપરાંત મહારાષ્ટ્રના ભક્તિ આંદોલન પર નામપંથી આંદોલનની પણ નોંધપાત્ર અસર થઈ હતી. કારણકે આ નામપંથીઓએ મરાઠીભાષામાં સ્ત્રોતો રચીને લોકપ્રિયતા મેળવી હતી.*

- **જ્ઞાનેશ્વર (1275-1296)**

*મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનનો સૌથી વધારે પ્રચાર સંત જ્ઞાનેશ્વરે કર્યો હતો. તેઓ નાથસંપ્રદાયની ગુરુ પરંપરામાં પ્રસિદ્ધ થયેલા સંત હતા. તેમના પિતા વિઠ્ઠલપંત રામાનંદના શિષ્ય હતા. તેઓ અત્યંત બૃદ્ધિમાન અને આધ્યાત્મિક પ્રતિભાસંપન્ન વ્યક્તિ હતા. તેમણે 15 વર્ષની નાની વયે 'ભગવદ્ગીતા' પર જ્ઞાનેશ્વરી ગીતા નામની ટીકા રચી.*

તેમની અન્ય રચનાઓમાં 'અમૃતાનુભવ' અને સરળ અભંગો (દોહા) પણ પ્રસિદ્ધ છે. તેમણે સરળ ભાષામાં દ્રષ્ટાંતો વડે લોકોને પોતાનો ઉપદેશ સમજાવ્યો હતો. તેમણે ઈશ્વર પ્રાપ્તિના સાધન તરીકે ભક્તિમાર્ગ ને જ મહત્ત્વ આપ્યું. તે જ્ઞાતિ ભેદભાવોના સખત વિરોધી હતા.

- **નામદેવ** (1270-1350)

નામદેવ 13મી સદીમાં ઉત્તરાર્ધમાં થઈ ગયા. તેમનો જન્મ 'છીપા' (કપડાં રંગનારી દરજી) જ્ઞાતિમાં થયો હતો. યુવાનીમાં તેઓ ચોર અને ખૂની હતા પરંતુ તેમનો ભોગ બનેલી વ્યક્તિઓની પત્નીઓનું કલ્પાંત જોઈને તેઓ ધર્મના માર્ગે વળ્યા. તે લાંબો સમય પંજાબમાં રહ્યા હતા. તેમને ઈશ્વરની એકતામાં પૂર્ણશ્રદ્ધા હતી. તે મૂર્તિપૂજા અને કર્મકાંડના ખૂબ જ વિરોધી હતા. વારકરી સંપ્રદાયને મહારાષ્ટ્રમાં વ્યવસ્થિત સ્વરૂપ આપવાનું કામ નામદેવે કર્યું હતું. નામદેવ શરૂઆતમાં સગુણ ઈશ્વરના ઉપાસક હતા અને વિઠોબા ખેચરના શ્રેષ્ટ ભક્ત હતા, પરંતુ તેમની ઉત્તર ભારતની યાત્રા વખતે મુસ્લિમો દ્વારા તોડવામાં આવેલા મંદિરો જોઈને તેમની સગુણ ઉપાસનામાંથી શ્રદ્ધા ડગવા લાગી. તેમણે કહ્યું કે "પથ્થરના દેવતાઓને મુસ્લિમોએ તોડી-ફોડી નાખ્યા અને પાણીમાં ડુબાડી દીધા. છતાં તેઓ ક્રોધ કરતા નથી કે વિલાપ કરતા નથી. હે ઈશ્વર? હું આવા દેવતાઓનાં દર્શન કરવા ઈચ્છતો નથી." તેમના કેટલાક અભંગો (દુહા) 'ગુરુ-ગ્રંથસાહેબ' માં સમાવેશ થયેલા છે.

- **એકનાથ**

એકનાથ મહારાષ્ટ્રના પ્રખ્યાત સંત ભાનુદાસના પૌત્ર હતા. તેમણે નાતજાતના ભેદભાવનો વિરોધ કર્યો અને નીચલી જાતિના લોકો તરફ ખૂબ સહાનુભૂતિ દાખવી. તેમણે ઘણા અભંગો (દુહા) રચ્યા. તેઓ તેમનાં ભજનો અને કીર્તનોને કારણે લોકપ્રિય બન્યા. તેમણે કહ્યું હતું કે જો સંસ્કૃત દેશભાષા છે. તો મારી માતૃભાષા (મરાઠી) દસ્યુ ભાષા છે. તેમણે ભગવદગીતાના શ્લોકો ઉપર એક દળદાર ટીકાગ્રંથ લખ્યો હતો.

- **તુકારામઃ**

ભક્ત તુકારામ મુગલ સમ્રાટ જહાંગીરના સમકાલીન હતા. તેમનો જન્મ ઈ.સ.1608માં પૂનાના દેહ ગામમાં એક સામાન્ય કુટુંબમાં થયો હતો. તેઓ પંઢરપુરના વિઠ્ઠલ ભગવાનના પરમભક્ત હતા. તુકારામે મહારાષ્ટ્રમાં મરાઠા રાષ્ટ્રવાદની પૃષ્ઠભૂમિ તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે બધા જ સામાજિક ભેદભાવોનો પણ વિરોધ કર્યો હતો.

- **રામદાસઃ**

રામદાસનો જન્મ ઈ.સ.1608માં થયો હતો. તેઓ વર્ષો સુધી સત્યની શોધમાં ભટક્યા પછી સતારા જીલ્લામાં ચફલ ગામે સ્થાયી થયા. તેમણે આધ્યાત્મિક અને સંસારિક

જીવનને જોડવાનો પ્રયત્ન કર્યો. તેમણે સમગ્ર મહારાષ્ટ્રમાં આશ્રમો સ્થાપ્યા. શિવાજીને મુસ્લિમ સત્તા ફગાવી દઈ પોતાનું રાજ્ય સ્થાપવાની પ્રેરણા તેમની પાસેથી મળી હતી. તેમણે 'પરમાર્થ સંપ્રદાય' સ્થાપ્યો હતો. તેમના જીવનના બધા પાસાઓનું દર્શન કરવાનો તેમનો 'દાસબોધ' નામનો ગ્રંથ છે.

### 12.6.5 અન્ય પ્રદેશોમાં ભક્તિ આંદોલન

ઉપરોક્ત પ્રદેશો ઉપરાંત ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક, આસામ, કાશ્મીર વગેરેમાં પણ ભક્તિ આંદોલનનો પ્રચાર થયો હતો.

ગુજરાતમાં પણ આ સમયે ભક્તિમાર્ગનો પ્રસાર થવા લાગ્યો હતો. મહાન સંત દાદુ દયાળ (ઈ.સ.1504-1603) અમદાવાદના વતની હતા. તેમની મુખ્ય ગાદી રાજસ્થાનમાં આવેલા નરૈના(જયપુર) માં હતી. દાદુપંથ એ 'પરમ બ્રહ્મા સંપ્રદાય' તરીકે પણ ઓળખાય છે. દાદુના 52 શિષ્યો બાવન સ્તંભ તરીકે ઓળખાય છે. તેમણે નાતજાત અને ધર્મના ભેદભાવનો વિરોધ કર્યો અને પોતાના શિષ્યોને હિન્દુ-મુસલમાન વચ્ચે ભેદ નહિ રાખવા ઉપદેશ આપ્યો. દાદુપંથની પાંચ શાખાઓ હતીઃ ખાલસા, વિરકત, ઉત્તરોદ, ખાકી અને નાગા. ગુજરાતને ભક્તિરસથી તરબોળ કરવામાં 15મી સદીમાં થઈ ગયેલા સંત નરસિંહ મહેતાનું પ્રદાન મહત્ત્વનું છે. ગુજરાતી ભાષાના આદિકવિ નરસિંહ મહેતાનો જન્મ નાગર કુટુંબમાં થયો હતો. બાળપણથી જ સાધુસંતોની સંગતમાં રહેતા, ઘરસંસાર માંડ્યો હોવા છતાં સંસારનો રંગ લાગી શક્યો નહી. નાતજાતના વાડાઓ અને છૂતાછૂત થી પીડાતા સમાજને જોઈને દુઃખ થતું. તેમણે કહ્યું હતું કે "પક્ષાપક્ષી ત્યાં નહી પરમેશ્વર. સમદ્રષ્ટીને સર્વ સમાન." સવર્ણોનો સખત વિરોધ હોવા છતાં અસ્પૃશ્યોના ત્યાં ભજન કરવા જતા. તેમના જ્ઞાન અને ભક્તિ રસથી ભરેલાં પદો અને પ્રભાતિયાએ ગુજરાતના સામાન્ય સમાજ ઉપર ઊંડી અસર કરી છે.

રાજસ્થાનમાં ભક્તિ આંદોલનનો પ્રચાર મીરાંબાઈએ કર્યો હતો. મીરાંબાઈ રાજસ્થાનના મેડતાના ઠાકોરની પુત્રી અને ચિતોડના રાજપૂત શાસક રાણા સાંગાના પુત્રવધૂ હતાં. તેમના પતિનું નામ રાજકુમાર ભોજરાજ હતું. તેઓ બાળપણમાં જ વિધવા થયાં હતાં. ભગવાન બુદ્ધ અને મીરાંબાઈના જીવનદર્શનમાં સામ્ય એ જોવા મળતું હતું કે સંસાર દુઃખ પૂર્ણ છે. નાનપણથી જ તેમના ભક્તિના સંસ્કાર દ્રઢ થયા હતા. તેઓ મહાન સંત અને કવયિત્રી તરીકે ઉદય પામ્યાં. તેમનાં ગીતો આજે પણ રાજસ્થાનમાં ખૂબ જાણીતાં છે. તેમણે રાજસ્થાની, ગુજરાતી અને વ્રજભાષામાં પદો રચ્યાં છે. આ પદો નરસિંહ મહેતા, તુલસીદાસ તેમ જ સૂરદાસ જેટલાં જ સમગ્ર ઉત્તરભારતમાં લોકપ્રિય છે, તેઓ કૃષ્ણ ભગવાનના ભક્ત હતાં. તેમનું સમગ્ર જીવન કૃષ્ણમય થઈ ગયું હતું.

કર્ણાટકમાં એક ધાર્મિક આંદોલન કલચુરીના રાજા બિજ્જલના પ્રધાનમંત્રી બસવે શરૂ કર્યું હતું. તેમણે પોતાના સિદ્ધાંતો 28 શૈવ આગમોને આધારે સ્થાપ્યા હતા. તેમના અનુયાયીઓ વીરશૈવ કે લિંગાયત તરીકે ઓળખાતા હતા. તેઓ શિવને સર્વોચ્ચ દેવ માનતા હતા. તે જ રીતે કાશ્મીરમાં 14મી સદીમાં થઈ ગયેલ લાલદેહ નામની સ્ત્રી સંતે ભક્તિને લોકપ્રિય બનાવી.

*અસમ અને મ્યાનમારમાં ભક્તિ આંદોલનનો પ્રચાર કરનાર મુખ્ય સંત શંકરદેવ (1449-1568) હતા. શંકરદેવનો જન્મ ચુસ્ત શાક્ત કુટુંબમાં થયો હતો. તેમણે યુવાનીમાં જ માતા-પિતા અને પત્નીને ગુમાવતાં સંસારનો ત્યાગ કર્યો હતો. તેમણે ઉત્તરભારતમાં તીર્થોની યાત્રા કરી જેનાથી તેમના ઉપર ભક્તિ આંદોલનની ઊંડી અસર પડી. તેમને અસમના ચૈતન્ય તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમણે જ્ઞાતિપ્રથા તથા બ્રાહ્મણોના જટિલ કર્મકાંડોનો વિરોધ કર્યો. તેથી તેમને ઘણું સહન કરવું પડ્યું. તેમણે ભક્તિમાં નૃત્ય અને સંગીતને મહત્ત્વ આપ્યું. તેમણે 'સત્ર' નામે સંસ્થા સ્થાપી. તેમાં તમામ વર્ગના લોકો અને જ્ઞાતિના લોકો એકઠા થઈને ઈશ્વરની સરળ પ્રાર્થના અને ભક્તિ કરતા. શંકરદેવે સ્થાપેલો સંપ્રદાય મહાધર્મ, મહાપુરુષધર્મ, કે મહાપુરુષિયા ધર્મ તરીકે પ્રસિદ્ધ છે. આ ધર્મના અનુયાયીઓ 'શરણીયા' તરીકે ઓળખાય છે, કારણ કે તેઓ 'શરણં મે જગન્નાથ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ'નો મંત્ર જાપ કરે છે. આમ આ સંપ્રદાયમાં અદ્વૈતની સાથે ભક્તિનો સમન્વય સધાયો છે.*

*આ ઉપરાંત બંગાળ અને ઓરિસ્સામાં આઉલ-બાઉલ, સાંઈ, સહજિયા, દરવેશ, કર્તાભિજ અને પંચશખા જેવા સંપ્રદાયો પણ પ્રચલિત હતા. જેમાં મુખ્યત્વે ભક્તિ પર ભાર મૂકવામાં આવતો હતો.*

- **'તમારી પ્રગતિ ચકાસો-3'**

(1) *ઉત્તરભારતના એકેશ્વરવાદી ભક્તિ આંદોલનના વિવિધ સંતોના ઉપદેશોની માહિતી આપો.*

(2) *ઉત્તરભારતના વૈષ્ણવભક્ત સંતોની ટૂંકમાં માહિતી આપો.*

(3) *ભક્તિ આંદોલને મહારાષ્ટ્રમાં કેવો વિકાસ સાધ્યો?*

**(4) નીચેના પ્રત્યેક વિશે ચાર-ચાર વાક્યો લખો.**

(i) *ચૈતન્ય મહાપ્રભુ*

(ii) *શંકર દેવ*

(iii) *મીરાંબાઈ*

(iv) *નરસિંહ મહેતા*

**(અ) વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે જોડો**

(i)

| અ | બ |
|---|---|
| રચના | રચનાકાર |
| પદાવલી | વિદ્યાપતિ |
| રામચરિતમાનસ | સૂરદાસ |
| સૂરસાગર | તુલસીદાસ |
| બીજક | કબીરદાસ |

(ii)

| અ | બ |
|---|---|
| સંત | વ્યવહાર |
| નામદેવ | નાઈ |
| કબીર | જુલાહા |
| રૈદાસ | દરજી |
| સેના | મોચી |

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(i) *ભક્ત તુકારામ__________મુગલ સમ્રાટના સમકાલીન હતા. (અકબર/જહાંગીર)*

(ii) *દાસ બોધના રચયિતા __________છે. (એકનાથ/રામદાસ)*

(iii) *જાતિ પાંતિ પૂછે નહિ કોઈ, હરીને ભજે સૌ હરી કાં કોઈ આ પંક્તિ __________ની છે. (રામાનંદ/કબીર)*

(iv) *ચૈતન્ય મહાપ્રભુ__________સંપ્રદાય સાથે જોડાયેલા હતા. (વારાકર સંપ્રદાય/ગૌડીય સંપ્રદાય)*

(v) *ભક્તિ આંદોલનના__________સંત કૃષ્ણભગવાનના ભક્ત હતા. (કબીર/મીરાંબાઈ)*

## 12.7 ભક્તિ આંદોલનનો ભારતીય સમાજ પર પ્રભાવઃ (અસરો)

*ભક્તિ આંદોલન એક દેશવ્યાપી આંદોલન હતું. આ આંદોલને સામાન્ય માણસોને ખૂબ જ પ્રભાવિત કર્યા. તે લગભગ નવમી સદીથી સોળમી સદી સુધી પ્રચલિત રહ્યું હતું. તેમાં ઉપદેશકો અને સુધારકોએ ભારતમાં ચેતના અને પ્રગતિશીલ વિચારોનો ફેલાવો કર્યો. તે બાબતમાં પંડિત જવાહરલાલ નહેરુએ તેમના વિખ્યાત પુસ્તક 'હિન્દુસ્તાની કહાની'માં લખ્યું છે કે "સમગ્ર ભારતમાં એક નવું ખમીર કામ કરી રહ્યું હતું અને જનતાના માનસમાં નવા વિચારો પેદા થઈ રહ્યા હતા. પ્રાચીન સમયની જેમ ભારતમાં આ નવી પરિસ્થિતિ સામે એક નવી પ્રતિક્રિયા ચાલી રહી હતી અને વિદેશી તત્ત્વોને દૂર કરવા માટે તેઓ પોતાનામાં ફેરફાર કરી રહ્યા હતા. આ ખમીરમાંથી જ નવા સુધારક પેદા થયા. જેમણે સમન્વયની ભાવનાથી પ્રેરાઈને ઉપદેશ આપ્યા અને જાતિ વ્યવસ્થાની નિંદા કરી." આ આંદોલનને કારણે ભારતના ધાર્મિક સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રો પર તેની ખૂબ જ અસર થઈ હતી.*

### 12.7.1 ધાર્મિક પ્રભાવ કે અસર

*ભક્તિ આંદોલનના પરિણામે સમગ્ર દેશમાં એક નવા જ પ્રકારનું વાતાવરણ પેદા થયું. ભારતીય પ્રજાએ પોતાના ધર્મમાં રહેલી ખામીઓને દૂર કરવા પ્રયત્નો કર્યા. આ આંદોલનના સંતોએ મૂર્તિપૂજા, અનેકેશ્વરવાદ, બાહ્ય ધાર્મિક આડંબર, કર્મકાંડ, છૂતાછૂત, વ્રત-ઉપવાસ જાતિપ્રજાનાં ઉચ્ચ-નીચનાં બંધનો, બ્રાહ્મણોનું ધર્મ અને સમાજ પર પ્રભુત્વ, ધર્માંધતા વગેરેના વિરોધ દ્વારા મનુષ્યને સુધારવાનો પ્રયત્ન કર્યો. જેના પરિણામે ભારતીય સમાજ અને ધર્મમાં એક પ્રકારની સુધારણાની હવા ફેલાઈ ગઈ. તેનાથી સામાજિક કુરિવાજોનો અંત આવ્યો અને હિન્દુઓના અનેક ધાર્મિક સંપ્રદાયો તેમ જ મુસલમાનો સાથેના તેમના મતભેદો ઓછા થવા લાગ્યા. જેના પરિણામે બધા જ ધર્મો અને જાતિઓમાં સહિષ્ણુતાનો ભાવ પેદા થયો.*

*આ આંદોલનના પ્રચારને લીધે સમાજ અને ધર્મમાંથી બ્રાહ્મણોનું વર્ચસ્વ ઘટી ગયું. તે સમયે બ્રાહ્મણોને જ ઉપદેશ આપવાનો અધિકાર હતો. પરંતુ આ આંદોલનના*

*સંતોએ બ્રાહ્મણોના પાખંડોને ખુલ્લા પાડીને તેમના વર્ચસ્વને ઘટાડી દીધું. જેના કારણે સામાજિક સમાનતાના વિચારોનો ફેલાવો થયો.*

*આ આંદોલનથી ઈસ્લામની પ્રગતિમાં અવરોધ પેદા થયો. ભારતમાં મુસલમાનો હિન્દુ ધર્મનો અંત લાવીને ઇસ્લામ ધર્મનો પ્રચાર કરવા ઈચ્છતા હતા. ઈસ્લામ ધર્મના ભાતૃભાવ અને ઈશ્વરની એકતાના સિદ્ધાંતો સામાન્ય લોકોને ખૂબ ગમી ગયા હતા તેમ જ મુસ્લિમોના અન્યાયથી કંટાળીને નીચલી જાતિના લોકો અને પીડિતો હિન્દુ ધર્મ છોડીને ઈસ્લામ ધર્મ અપનાવી લેતા હતા પરંતુ ભક્તિ આંદોલનના બે સુધારકો કબીર અને નાનકે ઈસ્લામના આ બે સિદ્ધાંતોને પોતાની પરંપરામાં સમાવી લેતાં હવે લોકોને ઈસ્લામધર્મ અંગીકાર કરવાની કોઈ આવશ્યકતા દેખાઈ નહી. આમ ઈસ્લામધર્મના પ્રચારનું કાર્ય થંભી ગયું.*

*ભક્તિ આંદોલને બૌદ્ધ ધર્મના પતનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. પ્રાચીન સમયથી બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મ એકબીજાના હરીફ હતા. જો કે મધ્યયુગના શરૂઆતમાં જ બૌદ્ધ ધર્મની પડતીની શરૂઆત થઇ ચૂકી હતી. બીજી બાજુ ભક્તિ આંદોલનના પ્રભાવ હેઠળ બૌદ્ધ ધર્મીઓએ પોતાનો ધર્મ છોડીને હિન્દુ ધર્મ અપનાવી લીધો.*

*ભારતમાં શીખધર્મનો ઉદ્ભવ એ પણ ભક્તિ આંદોલનનું એક મહત્ત્વનું પરિણામ હતું. પંજાબમાં ગુરુનાનક દેવ અને તેમના શિષ્યોએ ભક્તિ આંદોલનનો પ્રચાર કર્યો. ધીરે ધીરે સંજોગો અનુસાર તેમાં વિશેષ પરિવર્તન આવ્યું. તેનાથી ઈ.સ.*1699*માં એક અલગ ધર્મનું સ્વરૂપ ધારણ કર્યું, જેને 'શીખ ધર્મ' કહેવામાં આવે છે.*

### 12.7.2 સામાજિક પ્રભાવ કે અસર

*ભક્તિ આંદોલનના કારણે લોકોના દ્રષ્ટિકોણ પરિવર્તન આવ્યું. આ આંદોલન પહેલાં લોકોમાં વ્હેમો, અંધશ્રદ્ધા, અંધવિશ્વાસ, કુરુઢિઓ બાહ્ય આડંબરો વગેરે જોવા મળતાં હતા. પરંતુ ભક્તિ આંદોલનના સંતોએ તેના મૂળમાં ઘા કર્યો. તેનું પરિણામ એ આવ્યું કે લોકોને સાચી સ્થિતિનો ખ્યાલ આવ્યો.*

*ભક્તિ આંદોલને મહિલાઓના સન્માનને પુનઃસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો અને કેટલાક સામે સવાલો ઉઠાવ્યા. ભક્તિ સંપ્રદાયો જેવા કે મહાનુભાવ, વરકરી અને બીજી કેટલીક હિન્દુ ધર્મની આંતરિક ચળવળોએ ખુલીને સામાજિક ન્યાય અને સ્ત્રી ન્યાય તેમજ સ્ત્રી-પુરુષ વચ્ચેની સમાનતાની હિમાયત કરી હતી.*

*હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સમાજિક એકતા સ્થાપવામાં પણ ભક્તિઆંદોલને મહત્ત્વનો ભાગ ભજવ્યો. કબીર, નાનક જેવા સંતોએ હિન્દુઓ અને મુસ્લિમોના ધર્મોમાં રહેલા સમાન તત્ત્વો દર્શાવીને બંને ધર્મોના લોકોને નજીક લાવવામાં મહત્ત્વનું યોગદાન આપેલ છે. ધાર્મિક મતભેદો મિટાવીને તેમણે એકતાની ભાવના જાગૃત કરી. સંતોએ સ્થાપેલી ભૂમિકા પર હિંદુ-મુસ્લિમોએ એકબીજાને સમજવાનો પ્રયાસ કર્યો. તેથી પરસ્પર સહિષ્ણુતા કેળવવાની ભાવનાને પ્રોત્સાહન મળ્યું.*

*ભક્તિ આંદોલનનું મહત્ત્વનું સામાજિક પરિણામ એ આવ્યું કે સમાજનો નીચલા સ્તરના લોકોનો ઉદ્ધાર થયો. આ આંદોલનના તમામ સંતો અને સુધારકોએ હિન્દુઓમાં જડની માફક જામી ગયેલા જ્ઞાતિપ્રથા અને ઊંચનીચના ભેદભાવનો સખત વિરોધ કર્યો. કબીર, નાનક, રામાનંદ, ચૈતન્ય નીચલા સ્તરના લોકોને પોતાના શિષ્યો બનાવતા. આ તમામ શિષ્યો ગુરુ સાથે બેસીને ભોજન લેતા હતા. તેના પરિણામે નીચલા વર્ગના લોકો સાથે સમાજમાં ખૂબ સારો વ્યવહાર થવા લાગ્યો. જો આ રીતે સમાજના નીચલા સ્તરના લોકોનો સ્વીકાર ન થયો હોત તો કદાચ તેઓ મુસલમાન થઈ ગયા હોત.*

### 12.7.3 સાંસ્કૃતિક પ્રભાવ કે અસર

*ભક્તિ આંદોલનના પરિણામે પ્રાદેશિક ભાષાઓ અને સાહિત્યના વિકાસને વેગ મળ્યો હતો. આ આંદોલનના સંતો અને ભક્તો કવિઓ હતા. તેમણે પોતાનો ઉપદેશ પોતાની માતૃભાષામાં આપ્યો. જેને કારણે સામાન્ય જનતા તેને સહેલાઈથી સમજી શકી હતી. આથી પ્રાંતીય ભાષાઓના વિકાસને વેગ મળ્યો. આ સંતો અને ભક્તોએ સંસ્કૃત, હિન્દી, મરાઠી, મૈથીલી, ગુજરાતી, બંગાળી અને પંજાબી ભાષાઓમાં પોતપોતાની કૃતિઓ રચી. જેના પરિણામે આ ભાષાઓના સાહિત્યમાં વધારો થયો. જેમકે વિદ્યાપતિએ મૈથીલીમાં, હિન્દીમાં સૂરદાસે 'સૂરસાગર' જયદેવનું ગીતગોવિંદ, તુલસીદાસનું 'રામચરિતમાનસ' કબીરના વિચારોને 'બીજક' નામના ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. મીરાબાઈની રચનાઓ ગુજરાતી અને રાજસ્થાનીમાં છે. બંગાળી ભાષાના વિકાસમાં ચંડીદાસની રચનાઓ અગત્યની છે. એકનાથની મરાઠી કૃતિઓ તેમજ વલ્લભાચાર્યની 'સુબોધીની' અને 'સિદ્ધાંતરહસ્ય' પણ એ યુગમાં વિશેષ પ્રચલિત થયાં. આમ ભક્તિ આંદોલનના સંત-સાહિત્યનું ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં અમૂલ્ય પ્રદાન છે.*

*હિન્દુ-મુસ્લિમ કલાના સમન્વયનો પ્રયાસ ભક્તિ આંદોલનના સંતોની અસરને કારણે થયો પરંતુ તેનો સાચો વિકાસ મુગલકાળમાં થયો. આ આંદોલનથી હિંદુ-મુસ્લિમ કલાકારો એકબીજાની ખૂબ નજીક આવ્યા. તેમણે સ્થાપત્ય, ચિત્રકલા અને સંગીતનો વિકાસ કર્યો. મોગલયુગ દરમ્યાન થયેલ ભવ્ય બાંધકામમાં હિંદુ-મુસ્લિમ કલાનો સમન્વય નજરે પડે છે.*

### 12.7.4 રાજકીય પ્રભાવ કે અસર

*ભક્તિ આંદોલનનું સ્વરૂપ ધાર્મિક હતું. છતાં તેની રાજકીય ક્ષેત્ર ઉપર પણ અસર થઈ હતી. આ આંદોલનનો પ્રભાવ શેરશાહ અને અકબર જેવા મુઘલ સમ્રાટોની નીતિ પર પડતો હતો. ખાસ કરીને અકબરની નીતિ ઘડતરમાં તેનો ફાળો નોંધપાત્ર રહ્યો. તેણે હિંદુઓ પરથી જજિયાવેરો નાબૂદ કર્યો. રાજપૂતો સાથે લગ્ન સંબંધો બાંધ્યા. રાજ્યમાં મુસ્લિમોની સાથે સાથ હિન્દુઓને ઉચ્ચ હોદ્દા આપ્યા તેમજ 'દિને-ઈલાહી' જેવા ધર્મની સ્થાપના કરી. ડૉ.ઈશ્વરીપ્રસાદના શબ્દોમાં કહીએ તો અકબરની વાણી વાસ્તવમાં તો કબીર અને નાનકના હોકની જ વાણી છે. તે યથાર્થ છે.*

આ આંદોલનથી મરાઠાઓ અને શીખો જેવી લડાયક જાતિઓની સત્તાનો ઉદય થયો. તેમણે મોગલોનો સામનો કર્યો. તેમનો સહકાર લઈને વિજયનગર સામ્રાજ્ય જેવા મજબૂત હિન્દુ સામ્રાજ્યની સ્થાપના થઈ શકી.

- **'તમારી પ્રગતિ ચકાસો'4**

(1)ભારતીય સમાજ ઉપર ભક્તિ આંદોલનનો ધાર્મિક પ્રભાવ વર્ણવો.

(2) ભારતીય સમાજ ઉપર ભક્તિ આંદોલનનો સામાજિક પ્રભાવ વર્ણવો.

(3) ભક્તિ આંદોલનની રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે થયેલી અસરો જણાવો.

## 12.8 સારાંશ

આમ ભક્તિ આંદોલન ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેણે ભક્તિનાં નવાં દ્વાર ખોલી નાખ્યાં જેના પરિણામે હિન્દુ સમાજના લોકોમાં જે નિરાશા પેદા થઈ હતી તેના બદલે એક નવી આશાનો સંચાર થયો. તેને સામાજિક કુરિવાજોને નાબૂદ કરીને સમાજને સંગઠિત અને મજબૂત બનાવ્યો. સ્ત્રીઓને સામાજિક સન્માન પ્રાપ્ત થયું તેમ જ સહિષ્ણુતાની ભાવનાનો વિકાસ થયો.

## 12.9 ચાવીરૂપ શબ્દો

એકેશ્વરવાદી : એક ઈશ્વરમાં જ શ્રદ્ધા રાખનાર

જુલાહા : મુસ્લિમ વણકર

કીર્તન : શ્લોકોનું કરતાલ સાથે સામુહિક સંગીત

આદિગ્રંથ : ઈ.સ.1604માં પાંચમા શીખગુરુ અર્જુને નાનકદેવના ઉપદેશોના સંકલનને લગતો કરેલો ગ્રંથ જે પછીથી ગુરુ ગ્રંથસાહેબ કહેવાયો.

નિર્ગુણ : ઈશ્વરનું નિરાકાર સ્વરૂપ

સગુણ : ઈશ્વરનું સાકાર સ્વરૂપ

*પંથ : ધાર્મિક સંપ્રદાય ખાસ કરીને નિર્ગુણવાદી સંપ્રદાય*
*વારકરી : દખ્ખણની વિષ્ણુભક્તિની પરંપરા*
*હલાલ : ઈમાનદારીની કમાણી કરવી*
*ખૈર : લોકોની સલામતી માટે પ્રાર્થના કરવી*
*લંગર : સામુહિક ભોજન વ્યવસ્થા*

## 12.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

*'તમારી પ્રગતિ ચકાસો'*- 1

(અ) (i)× (ii)× (iii)√

- *'તમારી પ્રગતિ ચકાસો'*- 2

(બ) (A) (ક) (B) (ડ) (C)

- *'તમારી પ્રગતિ ચકાસો'*- 3

(બ) (i)*જહાંગીર* (ii)*રામદાસ* (iii)*રામાનંદ* (iv)*ગૌડીય સંપ્રદાય* (v)*મીરાબાઈ*

## 12.11 સંદર્ભ ગ્રંથો


15. *ડૉ. રામપ્રસાદ ત્રિપાઠી 'વિજયનગર સામ્રાજયનો ઈતિહાસ', સસ્તા સાહિત્ય મંડળ નવી દિલ્હી.*
16. *ડૉ.આશીવાર્દીલાલ શ્રીવાસ્તવ દિલ્હી સલ્તનત(ઈ.સ. 711 થી 1526) શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની પ્રાઈવેટ લી. આગરા.*
17. *શૈલેન્દ્ર સંગર 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' એટલાંટીક બુક સ્ટોર, નવી દિલ્હી.*
18. *વી.ડી.મહાજન 'મધ્યકાલીન ભારત' એસ. ચંદ્ર એન્ડ કંપની લી. રામનગર નવી દિલ્હી.*
19. *સતિશચંદ્ર 'મધ્યકાલીન ભારત, રાજનિતી અને સંસ્કૃતિ' ઓરિએન્ટલ બ્લેક સ્વાન, નવી દિલ્હી.*
20. *રમેશચંદ્ર મજમુદાર, હેમચંદ્ર રાય ચૌધરી કાલિકિંકર : અનુવાદ : યોગેન્દ્ર મિશ્ર મેકમિલન ઈન્ડિયા લીમીટેડ.*
21. *ડૉ.ઈશ્વર ઓઝા 'સલ્તનકાલ' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.*
22. *નાયક છોટુભાઈ રણછોડજી 'મધ્યયુગીન ભારત ખંડ-2, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*
23. *વી.એસ.ભાર્ગવ 'મધ્યકાલીન ભારતીય ઈતિહાસ અને સંસ્થાઓ, કોલેજ બુક ડેપો, જયપુર.*

24. હરીશચંદ્ર વર્મા (સંપા) 'મધ્યકાલીન ભારત ભાગ-1 (ઈ.સ. 750 – 1540) દિલ્હી વિશ્વવિદ્યાલય
25. વિદ્યાલંકાર સત્યકેતુ 'ભારતીય સંસ્કૃતિ અને તેનો ઈતિહાસ' મસૂરી
26. પ્રવીણચંદ્ર પરીખ 'ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈ.સ. 1000-1818) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
27. ડૉ. શાંતિલાલ શાહ અને પ્રા. જસુ. બી.પટેલ 'ભારતીય ઈતિહાસ' શાંતિનિકેતન પ્રકાશન, અમદાવાદ.
28. આર. કે. ધારૈયા 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' સી જમનાદાસની કંપની અમદાવાદ.

## એકમ -13 | સૂફી આંદોલનના સંતો અને તેમનો પ્રભાવ

રૂપરેખા :


**13.0** ઉદ્દેશો

**13.1** પ્રસ્તાવના

**13.2** સૂફીવાદનો અર્થ

**13.3** સૂફીવાદના સિદ્ધાંતો

**13.4** મુસ્લિમ દેશોમાં સૂફી આંદોલનનો ઉદ્દભવ અને વિકાસ

- **13.4.1** પ્રથમ તબક્કો (પ્રારંભથી **10**મી સદી સુધી)
- **13.4.2** બીજો તબક્કો (**10**મીથી **12**મી સદી સુધી)
- **13.4.3** ત્રીજો તબક્કો (**12**મીથી **13**મી સદી સુધી)

**13.5** ભારતમાં સૂફી આંદોલનનો વિકાસ

**13.6** ભારતમાં સૂફી સિલસિલાહના પ્રકારો અને પ્રવર્તકો

- **13.6.1** ચિશ્તીસિલસિલાહ
- **13.6.2** સુહરાવર્દીસિલસિલાહ
- **13.6.3** કાદિરી સિલસિલાહ
- **13.6.4** નકશબંધી સિલસિલાહ
- **13.6.5** અન્ય સિલસિલાહ

**13.7** ચિશ્તીસિલસિલાહનાં લોકપ્રિય થવાનાં કારણો

**13.8** ચિશ્તી સિલસિલાહનો પ્રભાવ (અસરો)

- **13.8.1** હિન્દુ-મુસ્લિમ એકતાની સ્થાપના
- **13.8.2** રાજકીય અસરો
- **13.8.3** સાંસ્કૃતિક સમન્વય
- **13.8.4** ખાનકાહની પ્રવૃત્તિઓની અસર
- **13.8.5** ધર્માન્તરની પ્રવૃત્તિઓ
- **13.8.6** પ્રાદેશિક ભાષાઓને ઉત્તેજન

**13.9** સારાંશ

**13.10** ચાવીરૂપ શબ્દો

**13.11** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**13.12** સંદર્ભ ગ્રંથો

## 13.0 ઉદ્દેશો

*આ એકમમાં મધ્યયુગના ભારતના સૂફી આંદોલનની ચર્ચા કરવામાં આવી છે. જેમાં સૂફીવાદનો અર્થ, તેના સિદ્ધાંતો, મુસ્લિમ દેશોમાં તેનો ઉદય અને વિકાસ. ભારતમાં દિલ્હી સલ્તનત દરમિયાન તેનો થયેલો વિકાસ અને આ સમય દરમિયાનના સૂફી સિલસિલાહોના પ્રકારો તથા તેના પ્રવર્તકો અને ભારતીય સમાજ ઉપર સૂફીવાદની અસરોનું વિવરણ કરવામાં આવ્યું છે.*

*આ એકમના અભ્યાસ બાદ તમે …*

- *સૂફી આંદોલનનો અર્થ, મુસ્લિમ દેશોમાં તેનો ઉદ્દભવ અને તેના સિદ્ધાંતો વિશે સમજી શકશો.*
- *ભારતમાં સૂફી કાર્યપ્રણાલી તથા તત્ત્વજ્ઞાન વિશે જાણી શકશો.*
- *ઉત્તર અને દક્ષિણ ભારતમાં સૂફી આંદોલનના પ્રચાર-પ્રસારને સમજી શકશો.*
- *સૂફી આંદોલનની હિન્દુ-મુસ્લિમ સમાજ પર થયેલી અસરો વિશે સમજી શકશો.*

## 13.1 પ્રસ્તાવના

*મધ્યકાલીન ભારતમાં ભક્તિ આંદોલનની સાથે સાથે સૂફી આંદોલન પણ ખૂબ લોકપ્રિય બન્યું હતું. સૂફીવાદ એ ઈસ્લામ ધર્મની એક શાખા છે. સલ્તનતકાળ દરમિયાન ભારતમાં ઈસ્લામના સુન્ની, શિયા અને સૂફી એ ત્રણેય પંથોનો વિકાસ થયો. સુન્ની અને શિયા પંથો મુખ્યત્વે પરંપરા મુજબ પળાતા હતા જ્યારે સૂફીઓ ઉદારતાપૂર્વક બીજી વિચારસરણીઓને અપનાવતા હોવાથી સૂફીપંથનો વિશેષ વિકાસ થયો. સૂફીપંથમાં ઉદારતા, સહિષ્ણુતા, માનવતાવાદ અને પ્રેમને વધારે મહત્ત્વ આપવામાં આવેલું છે. 'સૂફી' શબ્દ ઈસ્લામના ગૂઢ રહસ્યમય ધાર્મિક વિચારોને વ્યક્ત કરે છે. એટલે જ સૂફીપંથ કે સૂફીવાદને ઈસ્લામના રહસ્યવાદી આંદોલન તરીકે પણ ઓળખવામાં આવે છે. સૂફીવાદના સંતો માનતા કે મનુષ્ય માત્રની સેવા અને પ્રેમથી ઈશ્વરની પ્રાપ્તિ થાય છે.*

*પ્રો. નિકલ્સન તથા પ્રો. બ્રાઉન જેવા પાશ્ચાત્ય વિદ્વાનોનો મત છે કે સૂફીવાદનો મૂળ સ્ત્રોત કુરાન અને હદીસ છે. સૂફીવાદ એ શરિયત કે કુરાનના કાયદાઓમાં તથા પયંગબર સાહેબના ઉપદેશોમાં શ્રદ્ધા ધરાવે છે. પરંતુ તે ઈસ્લામની કેટલીક પ્રણાલિકાઓ અને વિધિઓમાં માનતો નથી. તે સાદી પ્રાર્થના દ્વારા ઈશ્વર સાથેના વ્યક્તિના સીધા સંપર્કમાં આસ્થા રાખે છે અને ઉલેમાઓનો વિરોધ કરે છે.*

## 13.2 સૂફીવાદનો અર્થ

*સૂફીવાદના પાયામાં ઈસ્લામનો માનવતાવાદી દષ્ટિકોણ જોવા મળે છે. સૂફીવાદ એટલે કે "એક આધ્યાત્મિક ઈસ્લામિક પંથ અને ઉપાસના પદ્ધતિ. જેમાં ખુદા અંગે પ્રત્યક્ષ વ્યક્તિગત અનુભવોના માધ્યમ દ્વારા અલૌકિક પ્રેમ અને જ્ઞાનનું સત્ય જાણવાનો પ્રયાસ થાય છે". ઈસ્લામના આ આધ્યાત્મિકવાદને અરબી ભાષામાં "તસવ્વુફ" અને ફારસીમાં "સૂફી" કહે છે. 'સૂફી' શબ્દની શરૂઆત બાબતે વિદ્વાનોમાં જુદા જુદા મત જોવા મળે છે.*

એક સાર્વત્રિક મત એવો છે કે સૂફી શબ્દની ઉત્પત્તિ 'સૂફ' શબ્દથી થઈ જેનો અર્થ થાય છે 'ઊન'. અરબ દેશમાં હજરત મહમ્મદ તથા તેમના મૃત્યુ પછી અનેક સંત ઊનના ધાબળા કે કપડાંનો ઉપયોગ કરતા હતા. ઊનના વસ્ત્રોને સાદગી તથા સાત્વિકના પ્રતિક માનવામાં આવતા હતા. આવા સંતોને આદરપૂર્વક સૂફી કહેવામાં આવતા હતા. કેટલાક વિદ્વાનોના મત મુજબ સૂફી શબ્દની ઉત્પત્તિ 'સફા' શબ્દથી થઈ. 'સફા'નો અર્થ થાય છે 'પવિત્રતા'. મુસલમાનોમાં જે સંતનું હૃદય પવિત્ર હોય અને ઈશ્વરની પ્રાપ્તિ માટે ભક્તિમાં તલ્લીન રહેતા હતા તે સૂફી કહેવાતા હતા. કેટલાક વિદ્વાનોનો મત એવો પણ હતો કે મદીનામાં મહમ્મદ પયંગબર સાહેબ દ્વારા બનાવવામાં આવેલી મસ્જિદની બહાર 'સફા' નામની પહાડી પર જે વ્યક્તિઓએ આશરો લીધો અને ખુદાની આરાધના કરી તેઓ સૂફી કહેવાયા. ચોથો મત એ હતો કે સૂફી શબ્દની ઉત્પત્તિ ગ્રીક ભાષાના શબ્દ 'સોફિયા'માંથી થઈ. જેનો અર્થ જ્ઞાન થાય છે. આના આધારે કહી શકાય કે સૂફી ધાર્મિક સાધક હતા. તેઓ સતત પરમાત્માની ઉપાસનામાં તલ્લીન રહેતા હતા.

સૂફી મુસ્લિમ વિચારકો અને ચિંતકોનો એક એવો સંપ્રદાય હતો જે સાંસારિક ભોગવિલાસથી દૂર રહીને સાદું અને સંયમિત જીવન જીવતા હતા. આ મતના લોકોનો વિચાર અને પ્રથા હિંદુધર્મ, ઈસાઈધર્મ, બૌદ્ધધર્મ અને પારસીધર્મનું સંમિશ્રણ હતું. આ મતનો ઉદ્દેશ્ય આધ્યાત્મિક આત્મવિકાસના માધ્યમથી સેવા કરવાનો હતો. આ લોકો હિંદુ-મુસ્લિમ એકતા અને સાંસ્કૃતિક સમન્વય ઈચ્છતા હતા. તેમણે ઈશ્વર પ્રત્યે વિશ્વાસ અને સમર્પણ માટે કટ્ટરપંથીઓના પ્રચારનો વિરોધ કર્યો. આ લોકોએ ભૌતિકવાદી જીવનનો વિરોધ કર્યો પરંતુ સંપૂર્ણ ત્યાગ કરવામાં માનતા ન હતા. સૂફીવાદ અનેક સિલસિલાહોમાં વહેંચાયેલો હતો. સૂફીઓના સિલસિલાહ બે ભાગમાં વિભાજિત હતા. "બા-શરા" જે ઈસ્લામી સિદ્ધાંતોના સમર્થક હતા અને "બે-શરા" જે ઈસ્લામી સિદ્ધાંતોમાં માનતા ન હતા. આ સૂફી સંતો પોતાના નૈતિક જીવન અને ઉચ્ચ ચારિત્ર્યને કારણે ખૂબ લોકપ્રિય બન્યા હતા. હિન્દુ અને મુલસમાન બંને તેમનો આદર કરતા હતા અને દિલ્હીના સુલતાનો ઉપર તેમનો પ્રભાવ જોવા મળતો હતો.

## 13.3 સૂફીવાદના સિદ્ધાંતો

સૂફીવાદનું તત્ત્વજ્ઞાન તેના મૂળભૂત સિદ્ધાંતો પર નિર્ભર છે.

- સૂફી સંતોનું કહેવું હતું કે પરમાત્મા એક અને સર્વવ્યાપી છે. પરમાત્માનો વાસ મસ્જિદો તેમજ મંદિરોમાં નહીં પરંતુ મનુષ્યના હૃદયમાં છે અને આત્મા ઈશ્વરનું જ એક અંગ છે.
- તેઓ ધર્મપ્રધાન ક્રિયાકાંડોને મહત્વ આપતા નથી. અહંકારને નામશેષ કરી મુક્તિ પામવી. જ્યાં સુધી હુંપણાનો ત્યાગ ન થાય ત્યાં સુધી મુક્તિ શક્ય નથી. તેઓ નમાજ અદા કરવામાં પણ કટ્ટર નથી.
- ઈશ્વરના નામનું સ્મરણ કરવું અને ઈશ્વરની ભક્તિમાં પૂરી રીતે તલ્લીન થઈ જવું તે મનુષ્યના જીવનનો સાર છે.

- *બધાં જ મનુષ્યો એક જ ઈશ્વરના સંતાન છે. એટલે માનવી-માનવીથી નફરત ના કરો. માનવી-માનવીથી ઘૃણા કરે ત્યારે ઈશ્વર નારાજ થાય છે. જે અન્યને પ્રેમ કરતો નથી તે ઈશ્વરને કઈ રીતે પ્રેમ કરી શકે. સંત નિઝામુદ્દીન ઓલિયાએ કહ્યું છે કે, " હે મુસલમાનો એ જ માનવીને ખુદા ચાહે છે જે માનવી ખુદાના બંદાને પ્રેમ કરે છે. તેની સેવાને મજહબ સમજે છે."*
- *સૂફી સંતો મુર્શીદ (ગુરૂ)ને અનિવાર્ય ગણે છે. ગુરુ વિના જ્ઞાન અસંભવ છે. તેમ માને છે.*
- *સૂફીઓને સંગીત, ધૂન અને ગાયન ખૂબ પ્રિય છે. પ્રેમલક્ષણા ભક્તિની અવસ્થા સૂફીઓની પ્રિય છે. પવિત્ર સંગીત ખુદાના 'જિક્ર' માટે ઉત્તમ માધ્યમ છે. કદાચ આજ સંગીતથી શાયરી અને ગઝલમાં સૂફીવાદ પ્રવેશે છે.*

## 13.4 મુસ્લિમ દેશોમાં સૂફી આંદોલનનો ઉદ્દભવ અને વિકાસ

*ભારતમાં દિલ્હી સલ્તનતની સ્થાપના પછી સૂફી આંદોલનનો ઉદ્દભવ થયો હતો. તે પહેલાં મુસ્લિમ દેશોમાં તેનો વિકાસ થયો હતો. ઈસ્લામમાં સૂફીવાદના ઉદ્દભવની બાબતમાં વિદ્વાનોએ જુદા જુદા મત રજૂ કર્યા છે. 7મી સદીથી 13મી સદી સુધી મુસ્લિમ દેશોમાં સૂફીવાદ ત્રણ તબક્કામાં વિકાસ પામ્યો હતો.*

### 13.4.1 પ્રથમ તબક્કો (પ્રારંભથી 10મી સદી સુધી)

*આ આંદોલનનો ઉદ્દભવ 8મી સદીમાં મધ્ય એશિયામાં થયો હતો. પ્રારંભિક સૂફી સંતોમાં મુખ્યત્વે હસન બસરી, રબિયા-અલ-અદવઈ, શેખ જુનૈદ તેમજ અબુ યજીદ બિસ્તાનીનું નામ જોવા મળે છે. કુરાનમાં પ્રાયશ્ચિત (તોબા), ત્યાગ, સાદાઈ, ગરીબી, ઈશ્વરમાં શ્રદ્ધા જેવા સદ્‌ગુણોનો સૂફી સંતોએ પોતાના જીવનમાં અમલ કર્યો. શરૂઆતના તબક્કામાં સૂફીવાદમાં એક પ્રવૃત્તિ જ જોવા મળી તેમાં કોઈ પ્રણાલી વિકાસ પામી ન હતી. આ સમયમાં સૂફીસંતો એકાંતમાં રહેતા હતા તેમના શરૂઆતનાં કેન્દ્રો મક્કા, મદીના, કુફા અને બસરા જેવાં નગરો હતાં. બસરાની રબિયા વિશ્વની પ્રથમ સૂફી સ્ત્રી સંત માનવામાં આવે છે. રબિયાઈશ્વરને પોતાના પ્રિયતમ માની રડતી રડતી પ્રાર્થના કરતી. તે રીતે તે સતત ઈશ્વરના ધ્યાનમાં મગ્ન રહેતી. હવે તેના હૃદયમાં ભૌતિક વસ્તુઓ માટે કોઈ સ્થાન ન હતું. રબિયાના સમયમાં બસરામાં સૂફીવાદનો ખૂબ જ વિકાસ થયો હતો. આ સમયગાળા દરમિયાન ઈરાન, ખુરાસાન, ટ્રાન્સ ઓક્સિયાના, સિરિયા, ઈજિપ્ત, બગદાદ વગેરે દેશોમાંસૂફીવાદનો વિકાસ થયો. ખુરાસાનના અબુ યજીદ બિસ્તાની ઈરાન વિસ્તારના સૌથી પ્રખ્યાત સૂફી સંત હતા. તે ઈશ્વર સાથેના એકાકારમાં રહસ્યવાદને નવું સ્વરૂપ આપનાર તેમજ વિશ્વવ્યાપી ઈશ્વરની ભાવના પ્રેરનાર પ્રથમ સૂફી સંત હતા. 'ફના' (સમર્પણ) શબ્દનો ઉપયોગ તેમણે સૌ પ્રથમ કર્યો હતો. 'ફના' એવો સિદ્ધાંત હતો કે જેને અનુસરવાથી બકા (છેલ્લી અવસ્થા) પ્રાપ્ત થાય છે.*

*બગદાદમાં શેખ અલ જુનૈદ નામના સૂફી સંત પણ આ સમયમાં થઈ ગયા. તેમણે ઈસ્લામના રૂઢિવાદ અને સૂફીવાદ વચ્ચે સમાધાન કરાવવાના પ્રયત્નો કર્યા હતા. આમ બ્રિસ્તાની અને જુનૈદના ઉપદેશો પરસ્પર વિરોધી હતા. જે પછીથી જીનીયાદી અને બ્રિસ્તાની સૂફી વિભાગોમાં પ્રચલિત થયા.*

*આ સમયમાં સૂફી સંતો ખનકાહ સાથે સંકળાયેલા હતા. હજુ તેમના સિલસિલાહ રચાયા ન હતા. તેઓ જુદા જુદા સ્થળોએ ફરીને પોતાના વિચારોનો પ્રચાર કરતા હતા.*

### 13.4.2 બીજો તબક્કો (10મી થી 12મી સદી સુધી) :

*બીજા તબક્કામાં સૂફી આંદોલન પર બૌદ્ધ ધર્મ અને ભારતીય વેદાન્તના સિદ્ધાંન્તોની અસર જોવા મળે છે. બગદાદમાં મનસૂર-અલ-હલ્લાજ નામના સૂફી સંત થઈ ગયા. તે બ્રિસ્તાનીના અનુયાયી હતા. તેમણે ભારતમાં રહીને વેદાંતનું અધ્યયન કર્યું હતું. તેમણે મહમ્મદ પયંગબર સાહેબના ઉપદેશોનો પણ વિરોધ કર્યો હતો. તેમણે 'હું જ ઈશ્વર છું' (અના-અલ-હક્ક) જેવો રહસ્યવાદી સિદ્ધાંત પ્રચલિત કર્યો. તેમના આ સિદ્ધાંતને કારણે ઈસ્લામના કટ્ટરપંથીઓએ તેમને નાસ્તિક ગણીને ઈ.સ.922માં મારી નાખ્યા હતા. આમ તે પ્રથમ શહીદ સૂફી સંત હતા. તેમના મૃત્યુ પછી તેમનો સૂફી સિદ્ધાંત ઈન્સાન-એ-કામીલ (સંપૂર્ણ માનવ) તરીકે વિકાસ પામ્યો. ત્યાર પછી ઈબ્ન અલ અરબીએ 'ઈન્સાન-એ-કામીલ'ની વિચારધારાને અપનાવી હતી. ઈબ્નઅલ અરબી પ્રથમ વ્યક્તિ હતા કે જેમણે સૂફીમતમાં મહત્વપૂર્ણ સિદ્ધાંત 'વહદત-ઉલ-વુઝુદ' આપ્યો. જે એકેશ્વરવાદ સાથે સંબંધ ધરાવે છે જેનો અર્થ એવો છે કે ઈશ્વર સર્વવ્યાપી છે. તે બધામાં જોવા મળે છે. તેનાથી કંઈ પણ અલગ નથી. બધા મનુષ્યો સમાન છે. તે જ રીતે કર્બીદારાનીએ પણ ઈશ્વરપ્રેમ, કર્મત્યાગ, સંસારત્યાગ અને આત્મ સમર્પણની ભાવનાનો પ્રચાર કર્યો. કર્બિદારાનીઅને જુનૈદ પણ પયંગબર સાહેબના ઉપદેશના વિરોધી હતા.*

*મધ્ય એશિયા તથા ઈરાનમાં 10મી સદી અને 11મી સદીમાં ગઝની તથા તુર્ક સુલતાનોની મદદથી સૂફી આંદોલને વ્યવસ્થિત સ્વરૂપ ધારણ કર્યું. તેમાં ખાનકાહો(સૂફી સંતોના કાયમી રહેઠાણો) અને મદ્રેસાઓ (ધાર્મિક શાળાઓ) જેવી સંસ્થાઓની સ્થાપના થઈ. ખાનકાહોએ સૂફી સંતોની અનેકવિધ પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર ગણાતું.જ્યાં સૂફી સંતો પોતાના શિષ્યોને સૂફીવાદનું શિક્ષણ આપતા. ઉલેમાઓ સૂફીઓની આવી પદ્ધતિઓના સખત વિરોધી હતા. તેથી અબુ-હમીદ-અલ-ગજબીએ સમાધાનના પ્રયત્નો કર્યા. અલગજબીએ સૂફીમતને મુસ્લિમ જગતમાં સન્માનીય સ્થાન અપાવ્યું. તેણે સંગીત (સમા) અને નૃત્ય (રક્સ) ઉપર વિશેષ મહત્વ આપ્યું. તેમણે શિષ્યોના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે ગુરૂ (પીર)ના માર્ગદર્શનને અનિવાર્ય ગણાવ્યું. સાથે સાથે પયંગબર સાહેબની સર્વોચ્ચ સત્તાનું મહત્વ અને તેના નીતિ નિયમોના પાલન પર ભાર મૂક્યો. આમ છતાં ગજનીએ ઈસ્લામની રૂઢિવાદી વિચારસરણીનો વિરોધ કર્યો. તેમણે લખેલાં પુસ્તકો વધારે પ્રચલિત થયાં હતાં. ત્યાર પછી સત્તાર,રૂમી અને હાફિજ જેવા કવિઓનો પણ સમાવેશ થાય છે. તે બધાએ શાયરીને તસવ્વુફનું માધ્યમ બનાવ્યું. આ ઉપરાંત અલ-હુજવીરીની રચના*

*'કસફુલ મહજુબ' પણ સૂફી આંદોલનને સમજાવતી નોંધપાત્ર કૃત્તિ છે. ફારસી ભાષામાં લખાયેલ સૂફી કાવ્યો (મસ્નવીસા)નો પણ સારો એવો પ્રચાર થયો. અરબી ભાષામાં પણ કેટલુંક સાહિત્ય રચાયું.*

**13.4.3 ત્રીજો તબક્કો (12મી થી 13મી સદી સુધી) :**

*સૂફી મતના વિકાસના ત્રીજા તબક્કામાં બે વિચારસરણીઓ ઉદ્દભવી. એક વિચારધારા એકેશ્વરવાદી હતી જ્યારે બીજી વિચારધારા સર્વાત્મવાદી હતી. ઈશ્વર એક, અવ્યક્ત, સર્વશક્તિમાન અને સર્વગોચર છે, એવું એકેશ્વરવાદીઓ માનતા હતા. આ વિચારસરણી કુરાન જેવી જ હતી. બીજી વિચારધારાના સૂફી સંતો ઈશ્વર અને આત્મા વચ્ચે કોઈ ભેદ નથી તેથી તેમના પ્રત્યે અનુરાગ ભાવ રાખવો જોઈએ એવું માનતા હતા. જલાલુદ્દીનરૂમી આ વિચારધારાના પ્રબળ સમર્થક હતા. સૂફી આંદોલન અને સંત સમુદાયમાં તેમનું વિશિષ્ટ સ્થાન છે. તેમણે પોતાના ગ્રંથ 'મનસબી'માં સૂફી સાધના સંબંધે અનેક બાબતો પર પ્રકાશ પાડ્યો છે. તેઓ માનતા કે ઈશ્વર પ્રેમ એ સુંદરતાનો સમુદ્ર છે. સૃષ્ટિના અણુએ અણુમાં તેનું સૌંદર્ય નીખરે છે.*

12*મી સદીમાં ભારતમાં સૂફીવાદનો પ્રવેશ થયો તેના પહેલાં તેનું સ્વરૂપ નક્કી થઈ ગયું હતું. મુસ્લિમ દેશોમાં સૂફી આંદોલને એક સંગઠિત સ્વરૂપ ધારણ કરી લીધું હતું. તેમજ સૂફી સિલસિલાહ (સૂફી ધર્મ સંઘ)ની શરૂઆત થઈ. તે પહેલાં સૂફી સંગઠનો 'તરીકા' તરીકે ઓળખાતાં હતાં. સૂફી સિલસિલાહના મૌલિક તથા નૈતિક સિદ્ધાંત, શિક્ષા, મંત્ર, પ્રાર્થના, ઉપવાસ, જિક્ર, શેખ કે પીર (મુર્શિદ) તથા શિષ્ય (મુરીદ)અને ખાનકાહોની દરરોજની પ્રવૃત્તિ નક્કી થઈ ગઈ હતી. ખાનકાહના આધ્યત્મવાદી ગુરુ (મુર્શિદ) ઈશ્વરના પ્રતિનિધિ ગણાતા. તેતેના શિષ્યોને સૂફીવાદના સિદ્ધાંતો અને નિયમો સમજાવતો. 'આઈને અકબરી'માં અબુલફઝલે* 14 *સૂફી સિલસિલાહોનું વર્ણન કરેલ છે, જેમાં* (1) *ચિશ્તી* (2) *સુહરાવર્દી* (3) *કાદિરી* (4) *સતારી* (5) *હબીબી* (6)*તફૂરી* (7)*જુનૈદી* (8) *કરબી* (9) *શક્તી* (10) *ઈયાદી* (11) *તૂસી* (12) *હુબરી* (13) *અધમી* (14) *ફિરદોસી. આમાંના કેટલાક તો ભારતમાં પાછળથી સ્વતંત્ર રીતે વિકસ્યા.*

- **'તમારી પ્રગતિ ચકાસો' – 1**

1. *સૂફીવાદનો અર્થ ટૂંકમાં સમજાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. *સૂફીમતના મુખ્ય સિદ્ધાંતોની સંક્ષિપ્તમાં ચર્ચા કરો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. નીચેના પ્રત્યેક વિશે ત્રણ-ચાર વાક્યમાં લખો.

(i) રબિયા

(ii) મન્સુર અલ-હલ્લાજ

(iii) ઈબ્ન અલ અરબી

(iv) અબુ-હમીદ-અલ-ગજબી

**અ. જોડકાં જોડો :**

| | સૂચિ - I | સૂચિ - II |
|---|---|---|
| (A) | પીર / શેખ / મુર્શિદ | (1) શિષ્ય |
| (B) | મુરીદ | (2) ગુરુ કે માર્ગદર્શક |
| (C) | ખલીફા | (3) સૂફી સંતોનું રહેઠાણ |
| (D) | ખાનકાહ | (4) સૂફીમતને અનુસરનાર (અનુપાલક) |

## 13.5 ભારતમાં સૂફી આંદોલનનો વિકાસ

*સૂફીવાદનો ઉદ્દભવ મુસ્લિમ દેશોમાં થયો હતો. પરંતુ સૂફી સંતો ભારતમાં આવ્યા ત્યારે તેમના વિચાર ભારતીય ધર્મોના વિચારો સાથે એકરૂપ થઈ ગયા. ભારતમાં સૂફીવાદનું આગમન મુસ્લિમ આક્રમણો પહેલાં થયું હતું. આરબ યાત્રિકોની સાથે સૂફીસંતોએ પણ ભારતની યાત્રા કરી હતી. એવું કહેવામાં આવે છે કે પ્રથમ શ્રેષ્ઠ સૂફી વિદ્વાન અલ હજ્જામે યોગવિદ્યા શીખવા ભારતની યાત્રા કરી હતી. તેમના ઉપર ભારતીય રહસ્યવાદનો પ્રભાવ પડ્યો હતો. શરૂઆતમાં સૂફીસંતોએ સિંધ અને ખંભાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. મુલતાન તેમનું સૌથી મહત્વનું કેન્દ્ર હતું. પરંતુ મહમ્મદ ગજનીના સમયમાં લાહોર સૂફી કેન્દ્રના રૂપમાં વિકાસ પામ્યું હતું. અહીં સૂફીવાદનો પ્રચાર સૂફી સંત અબુલ હસન હુજવેરીએ કર્યો હતો. તેઓ ભારતમાં વસવાટ કરનાર સૌથી પહેલા સૂફી સંત હતા. તેમણે પોતાના ગ્રંથ 'કશ્ફૂલ મહઝૂબ'માં તે સમયના સૂફી વિચારોનું વર્ણન કર્યું હતું. તેઓ ઉદાર વિચારોને કારણે લાહોરમાં ખૂબ લોકપ્રિય થયા હતા અને સામાન્ય લોકોમાં તેઓ 'દાતાગંજ બક્ષ' (અસિમિત ખજાનાને વહેંચનાર)ના નામથી ઓળખાતા હતા. તેમનો જન્મ ગઝનીમાં અને શિક્ષણ બગદાદમાં લીધું હતું. તેમને એક કેદી તરીકે લાહોરમાં લાવવામાં આવ્યા હતા. તેમનું મૃત્યુ ઈ.સ. 1072માં લાહોરમાં થયું હતું. ત્યાર પછી ભારતમાં સૂફીવાદનો પ્રચાર કરવા આવનારાઓમાં બાબા ફખરુદીન મહત્વના છે. 14મી સદીના મધ્યભાગ સુધીમાં સમગ્ર ભારતમાં સૂફીવાદનો પ્રચાર થયો.*

## 13.6 ભારતમાં સૂફી સિલસિલાહના પ્રકારો અને પ્રવર્તકો

*દિલ્હી સલ્તનતના શાસન દરમિયાન સૂફીપંથ અનેક સિલસિલાહોમાં વહેંચાઈ ગયો હતો, પરંતુ તેમાં મુખ્યત્વે ચાર સિલસિલાહોનો પ્રભાવ જોવા મળતો હતો. (1) ચિશ્તી સિલસિલાહ (2) સુહરાવર્દી સિલસિલાહ (3) કાદિરી સિલસિલાહ (4) નકસબંધી સિલસિલાહ. ભારતનો સૌથી પ્રાચીન સૂફી સિલસિલાહ ચિશ્તી સિલસિલાહ છે. આ સિલસિલાહ ભારતમાં ખૂબ લોકપ્રિય થયો અને ઉત્તર ભારતના મોટાભાગના પ્રદેશોમાં તેનો પ્રસાર થયો. ચિશ્તી સિલસિલાહનો ફેલાવો અજમેર, પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર અને ઓરિસ્સા તથા દક્ષિણના કેટલાક ભાગોમાં થયો હતો. સુહરાવર્દી સિલસિલાહનો ફેલાવો સિંધ, મુલતાન, પંજાબ સુધી જ થયો હતો. આ સંતોએ ઈસ્લામ ધર્મના સિદ્ધાંત વહાદુત-ઉલ-વજૂદ (જીવનની એકતા)નો પ્રચાર કર્યો. તેમણે ઝિયારત (દરગાહ ઉપર નિયમિત દર્શને જવાની ક્રિયા) જેવી આદતો-ટેવો વિકસાવી.*

### 13.6.1 ચિશ્તી સિલસિલાહ

- **શેખ મુઈનુદીન ચિશ્તી**

*ચિશ્તીસિલસિલાહની સ્થાપના હેરાત નજીક ખ્વાજા ચિશ્તી નામના ગામમાં થઈ હતી. તેની સ્થાપના કરવાનો શ્રેય ખ્વાજા ઈસહાક સામી ચિશ્તીને જાય છે. પરંતુ અબુલ*

*ફજલના કહેવા મુજબ તેની સ્થાપના ખુરાસાનના રહેવાસી અબુ અબ્દુલ ચિશ્તીએ કરી હતી. ભારતમાં આ સિલસિલાહની સ્થાપનાનો શ્રેય મુઈનુદીન ચિશ્તીને જાય છે. સૂફી મહાત્માઓમાં તેનું નામ ખૂબ જ પ્રસિદ્ધ થયેલું છે. તેમણે ભારતમાં સૌથી વધારે ચિશ્તીસિલસિલાહની સ્થાપના કરી હતી. તેમનો જન્મ ઈરાનના સિસ્તાન નામના શહેરમાં ઈ.સ.1141માં થયો હતો. નાનપણથી જ તેમનું ધ્યાન ઈશ્વરની ભક્તિ તરફ ખેંચાયું હતું. તેમણે સૂફીમતનાં મહત્વનાં કેન્દ્રો એવાં સમરકંદ, બગદાદ અને મક્કાની મુલાકાત લઈને સૂફીમતનો ઊંડો અભ્યાસ કર્યો. તેઓ ખ્વાજા ઉસ્તાન હારુનીના શિષ્ય હતા. તેમની પાસેથી દીક્ષા ગ્રહણ કરી હતી. તેઓ ઈ.સ. 1192માં મુહમ્મદ ઘોરી સાથે ભારત આવ્યા હતા. ત્યાર પછી તેમણે લાહોર અને દિલ્હીમાં આ સિલસિલાહનો પ્રચાર કર્યો. તેમણે 'કાસફૂલ મજહબ' નામના ગ્રંથની રચના કરી હતી. ઈ.સ.1206માં અજમેરને કાયમી નિવાસસ્થાન બનાવી તેમણે ત્યાં ચાલીસ વર્ષ સુધી ધર્મપ્રચાર કર્યો અને 'ખાનકાહ'ની સ્થાપના કરી. તે સમયે પૃથ્વીરાજ ચૌહાણનું શાસન ચાલતું હતું. એવું કહેવામાં આવે છે કે હિન્દુઓએ તેમને કાઢી મૂકવાની માંગ કરી હતી. આ કામ માટે પૃથ્વીરાજ ચૌહાણે રામદેવ નામના પૂજારીને મોકલ્યા પરંતુ રામદેવ તેમનાથી એટલા પ્રભાવિત થયા કે તેમના શિષ્ય બની ગયા. તેમની વિદ્વતા, યોગ્યતા અને સાદાઈને કારણે તેમને ઘણું સન્માન મળેલું. પરિણામે 'સુલતાન-ઉલ-હિન્દ' (ભારતના આધ્યાત્મિક સમ્રાટ) તરીકે ઓળખવામાં આવતા. તેમનો મુખ્ય સિદ્ધાંત અને ઉપદેશ એ હતો કે 'સંસારના સમગ્ર ધર્મોનો મૂળ સ્રોત એક છે અને વિવિધ ધર્મો અને સંપ્રદાયો તો ઈશ્વરને પ્રાપ્ત કરવા માટેનું એક માત્ર સાધન છે. તેઓ એવું માનતા હતા કે ભક્તિ અને સંગીત ઈશ્વરની નજીક પહોંચવાનો માર્ગ છે'. તેમના ઉપદેશોનો હિન્દુ અને મુસ્લિમ બંને પર પ્રભાવ પડ્યો. તેમણે ગરીબોની ખૂબ જ સેવા કરી એટલે લોકો તેમને 'ગરીબ નવાઝ' તરીકે ઓળખતા હતા. તેમના શિષ્ય બનેલા બ્રાહ્મણો 'હુસેની બ્રાહ્મણ' તરીકે ઓળખાતા હતા. ઈ.સ. 1236માં તેમનું અવસાન થયું. તેમના નામ પર અજમેરમાં એક દરગાહ છે. તેમની દરગાહ પર અસંખ્ય હિન્દુઓ અને મુસ્લિમો જાય છે. તેમણે તેમના ઉપદેશો દ્વારા હિન્દુ અને મુસલમાનોમાં એકતા સ્થાપવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા. તેના લીધે જ દર વર્ષે અજમેરમાં તેમના ઉર્સમાં (મેળામાં) લાખો હિન્દુ અને મુસલમાનો આવે છે.*

- **શેખ હમીદઉદીન નાગોરી**

*શેખ મુઈનુદીન ચિશ્તીના બે શિષ્યો અત્યંત લોકપ્રિય થયા. જેમણે તેમના ઉપદેશોનો પ્રચાર કર્યો. તેમાંથી એક શેખ હમીદઉદીન નાગોરી અને બીજા નેતા શેખ કુતુબુદીન બખ્તિયાર હતા. શેખ હમીદઉદીનનો જન્મ દિલ્હીમાં મુસ્લિમ સત્તાની સ્થાપના પછી થયો હતો. તેઓ યુવાનીમાં જ શેખ મુઈનુદીન ચિશ્તીના શિષ્ય બની ગયા હતા. તેમના આધ્યાત્મિક ગુણોથી પ્રભાવિત થઈને શેખ મુઈનુદીને તેમને 'સુલતાન તારીક્તિ (સુલતાનોને ત્યાગનાર)ની ઉપાધિ આપી હતી. તેઓ તેમની પત્ની સાથે નાગૌરના સુવલ ગામમાં ખેડૂતનું સાદું જીવન જીવતા હતા અને ફક્ત એક વીઘાના ખેતરમાં ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતા. તેઓ શાકાહારી હતા. તેમણે ફારસી સૂફી કાવ્યોનું સ્થાનિક*

ભાષામાં ભાષાંતર કર્યું હતું. તેઓ ઉદાર વિચારસરણી ધરાવતા હોવાથી હિંદુને 'કાફિર' કહેવાથી દૂર રહેતા.

- **ખ્વાજા કુત્બુદીન બખ્રિયાર કાકી**

તેઓ શેખ મુઈનુદીનના મહાન શિષ્ય હતા. તેમનો જન્મ ફરગાનાના ગૌસ નામના ગામમાં થયો હતો. શેખ મુઈનુદીને તેમને બખ્રિયાર અથવા 'ભાગ્ય બંધુ'નું નામ આપ્યું હતું. એક પરંપરા મુજબ તેમને 'કાકી' કે 'ભાગ્યવાન રોટિયોવાળા' તરીકે ઓળખવામાં આવતા હતા. ઈલ્તુત્મિશના આગ્રહથી ખ્વાજા કુત્બુદીન દિલ્હીમાં રહેતા હતા. ઈલ્તુત્મિશ તેમનો ખૂબ જ આદર કરતો અને તેમની દૈવી શક્તિમાં વિશ્વાસ ધરાવતો હતો. ઈલ્તુત્મિશ તેમને શેખ-ઉલ-ઈસ્લામ તરીકે નિયુક્ત કરવા ઈચ્છતો હતો પરંતુ તેમણે એ પદ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો. તેમનું અવસાન ઈ.સ.1236{ાં થયું હતું.

- **બાબા ફરીદ**

તેમનો જન્મ ઈ.સ.1175માં મુલતાન નજીક થયો હતો. તેઓ શેખ બખ્રિયાર કાકીના મુખ્ય શિષ્ય હતા. એક ચમત્કારના કારણે તેમને 'ગંજ-એ-શંકર'ની ઉપાધિ પ્રાપ્ત થઈ હતી. તે સતલજ નદીના કિનારે 'ફરીદ કુટીર' બનાવીને એકલા રહેતા હતા. સૂફીમતના ઈતિહાસમાં શેખ ફરીદનું મહત્વનું સ્થાન રહેલું છે. તેમણે હાંસી અને અજોધાનમાં સૂફીમતનો પ્રચાર કર્યો હતો. તેમના પ્રયત્નોના ફળસ્વરૂપે ચિશ્તી સિલસિલાહ અખિલ ભારતીય સંપ્રદાય બન્યો હતો. તેમણે માનવ સેવા માટે ઉપદેશ આપ્યો હતો. તેમના ઉપદેશથી હિન્દુ અને મુસલમાન બંને પ્રભાવિત થયા હતા. તેમણે હિન્દુ-મુસ્લિમ એકતામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. બાબા ફરીદના વિચારોને શીખોના ધર્મગ્રંથ આદિગ્રંથ સાહેબમાં પણ સમાવેશ કરેલ છે. ઈ.સ.1265માં તેમનું અવસાન થયું. તેમની દરગાહ અજોધાન(પાકપટ્ટણ)માં આવેલી છે.

- **શેખ નિઝામુદીન ઓલિયા**

બાબા ફરીદના બે મુખ્ય શિષ્યો હતા. શેખ નિઝામુદીન ઓલિયા અને શેખ અલાઉદીન શાબીર. શેખ નિઝામુદીનનો જન્મ ઈ.સ.1236માં ઉત્તરપ્રદેશના બદાયુમાં થયો હતો. નાનપણમાં જ પિતાનું મૃત્યુ થતાં તેમનું પાલન-પોષણ તેમની માતાએ કર્યું હતું. તે અત્યંત ધાર્મિક મહિલા હતાં. તેઓ વીસ વર્ષની ઉંમરે અજોધાન જઈને શેખ ફરીદના શિષ્ય બની ગયા હતા. ઈ.સ.1258માં તેમણે દિલ્હીને સૂફીમતનું પ્રચારનું કેન્દ્ર બનાવ્યું હતું. તે ગ્યાસુદીન અને તેના પુત્ર મુહમ્મદ તુઘલકના સમકાલીન હતા. તેમણે સાત સુલતાનોનું શાસન જોયું હતું પરંતુ એમાંના એક પણ સુલતાનને મળ્યા ન હતા. તેમણે ગ્યાસુદીન તુઘલકને કહ્યું હતું કે 'હનુંજ દિલ્હી દૂર અસ્ત' (હજી દિલ્હી દૂર છે). તેમની ઉદાર પ્રવૃત્તિઓ અને સંગીત પ્રેમને લઈને કેટલાક લોકો તેમનો વિરોધ કરતા હતા. તેમના પર સૌથી વધારે ગુસ્સે ગ્યાસુદીન તુઘલક થયો હતો કારણ કે શાહજાદો ઉલુગખાં તેમનો શિષ્ય બન્યો હતો. તેઓ ગરીબ અને દુઃખી લોકોની સેવા કરતા અને હિન્દુ-મુસલમાન વચ્ચે કોઈ ભેદભાવ રાખતા નહીં. તેમની એટલી બધી લોકપ્રિયતા હતી કે

*તેમને 'મહબૂબ-એ-ઈલાહી' (અલ્લાહના પ્રિય) તરીકે ઓળખવામાં આવતા હતા. ઈતિહાસકાર બરની અને અમીર ખુશરો પણ તેમના શિષ્યો હતા. તેમણે સ્થાપેલો પંથ નિઝામિયા પંથ તરીકે પ્રખ્યાત છે. આ પંથ સમગ્ર ભારતમાં ફેલાયો હતો. આ પંથના ખાનકાહો (મઠો) જમાતખાનાઓ (સભાખંડો), ઝાવિયારો (સાધુ-સંગઠનો) અને તકિઆહો (સાધુ કુટીરો) દેશમાં દિલ્હીથી દેવગિરિ અને મુલતાનથી લખનૌ સુધી જોવા મળતાં હતાં.*

*નિઝામુદીન ઓલિયાના અનેક શિષ્યો હતા. જેમાં શેખ સિરાજુદીન ઉસ્માનીએ બંગાળમાં, શેખ બુરહાનુદીન ઘારીબે દોલતાબાદ ક્ષેત્રમાં તેમજ શેખ હિસામુદીન, સૈયદ હસૈન અને શાહ બરકતઉલ્લાએ ગુજરાતમાં સૂફીમતનો પ્રચાર કર્યો. જેમાં સિરાજુદીન ઉસ્માની 'અલી સિરાજ' અને 'આઈના-એ-હિન્દ'ના નામે પ્રખ્યાત થયા હતા. તેમના એક શિષ્ય બુરહાનુદીન ઘારીબને સુલતાન મુહમ્મદ તુઘલકે દક્ષિણ ભારતમાં વસવાટ કરવાની ફરજ પાડી હતી. તેથી તેમણે દોલતાબાદને પોતાનું મુખ્ય કેન્દ્ર બનાવીને દક્ષિણ ભારતમાં ચિશ્તી સંપ્રદાયનો પ્રચાર કર્યો. જ્યારે બીજા શિષ્ય શેખ નાસિરુદીન દિલ્હીમાં 'ચિરાગ-એ-દિલ્હી' તરીકે જાણીતા થયા હતા. તેમણે પોતાના ગુરુની પરંપરાઓનું પાલન કરીને શાસક વર્ગથી દૂર રહ્યા હતા. મુબારકશાહ ખિલજી અને મુહમ્મદ તુઘલકે તેમનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમણે તેની અવગણના કરી હતી. તેમણે દિલ્હી અને તેની આસપાસના પ્રદેશોમાં સૂફીવાદનો પ્રચાર કર્યો હતો. ઈ.સ.1336માં તેમનું મૃત્યુ થયું.*

- **અમીર ખુશરો**

*સૂફીમતના ઈતિહાસમાં અમીર ખુશરોનું સ્થાન ખૂબ મહત્વનું છે. તેમનો જન્મ ઈ.સ.1253માં ઉત્તરપ્રદેશના પટિયાલી ગામમાં થયો હતો. અમીર ખુશરો જન્મથી જ પ્રતિભાશાળી હતો અને સલ્તનતકાળમાં તેને હિન્દુ-મુસ્લિમનો શ્રેષ્ઠ પ્રતિનિધિ માનવામાં આવે છે. તે સૂફી હોવાની સાથે તેનામાં દેશ-પ્રેમની ભાવના જોવા મળતી હતી. બલ્બનના સમયમાં સાહિત્યક્ષેત્રે તેને ઊંચું સ્થાન પ્રાપ્ત થયું હતું. તેણે ઘણા સુલતાનોના સમયગાળામાં ઉચ્ચ પદ પ્રાપ્ત કર્યું હતું. તે એક સૂફી તરીકે શેખ નિજામુદીન ઓલીયાનો શિષ્ય હતો. શેખ નિજામુદીન પણ ખુશરોને ખૂબ પ્રેમ કરતા હતા અને તેમણે ખુશરોને 'તુકીલ્લા'ની ઉપાધિ આપી હતી. ખુશરો પોતાના ગુરુના મૃત્યુને સહન નહી કરી શકતાં. થોડા સમય પછી ઈ.સ.1325માં તેનું મૃત્યુ થયું. તેનામાં હિન્દુઓ પ્રત્યે પ્રેમ અને સહિષ્ણુતાની ભાવના જોવા મળતી હતી. તેણે ખડીબોલીમાં સૌથી પ્રથમ કાવ્યની રચના કરી હતી. કાવ્યભક્તિના રૂપમાં ઉર્દૂનો ઉપયોગ કરવાવાળો પહેલો લેખક હતો. તે હિન્દુઓની ભક્તિ અને ત્યાગની ભાવનાથી ખૂબ પ્રભાવિત થયો હતો અને તેણે મુસલમાનોને આગ્રહ કર્યો હતો કે તેઓ પણ આ પ્રકારની ભક્તિ અને ત્યાગનો સ્વીકાર કરે. યુસુફ હુસેન લખે છે કે "ખુશરો પોતાના સમયની હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિનો મહાન પ્રતિનિધિ હતો. મધ્યકાલીન ઈતિહાસમાં તેનું ચતુર્મુખી વ્યક્તિત્વ તેના કોઈપણ સમકાલીન કરતાં શ્રેષ્ઠ અને અદ્વિતિય હતું". તે આ સમયના સાહિત્ય, કલા, સંસ્કૃતિ અને ધર્મનો પ્રતિનિધિ હતો.*

- **શેખ મુઈઉદ્દીન**

*શેખ મુઈઉદીનનો જન્મ ઈ.સ. 1375માં કાશ્મીરમાં થયો હતો. આ સૂફી સંતને નાનપણથી સાંસારિક બંધનોમાં કોઈ રસ ન હતો. તે યુવાવસ્થામાં જ ઘર છોડીને ઈશ્વરની શોધમાં નીકળી ગયા હતા. તે પોતાના સરળ સ્વભાવ, ઉચ્ચ અને પવિત્ર જીવન તથા આચરણને કારણે જનતામાં ખૂબ લોકપ્રિય બન્યા હતા. તેમણે ઉપદેશ આપ્યો હતો કે ઈશ્વર પ્રાપ્ત કરવા માટે માણસે અહંકારનો ત્યાગ કરવો જોઈએ. તેમની સમાધિ કાશ્મીરમાં આજે પણ તેમના ભક્તો માટે તીર્થસમાન છે.*

- **મુહમ્મદ બંદા નવાજ ગેસુદરાજ**

*શેખબદ્રુદીન ઘારીબે ચિસ્તી સંપ્રદાયના પ્રચારની શરૂઆત દક્ષિણ ભારતથી કરી ત્યારથી દક્ષિણ ભારત સૂફીપંથનું કેન્દ્ર બન્યું હતું. ઉત્તર અને દક્ષિણના સૂફી સંતોમાં ફરક એ હતો કે ઉત્તરના સૂફી સંતોએ રાજ્યાશ્રય સ્વીકાર્યો ન હતો જ્યારે દક્ષિણ ભારતના સૂફી સંતોએ રાજ્યાશ્રયનો સ્વીકાર કર્યો. શેખ નાસીરુદીન ચિરાગનાશિષ્ય ખ્વાજા સૈયદ મુહમ્મદ બંદાનવાજ ગૈસુદરાજને બ્રહમને સુલતાન ફિરોજશાહે આશ્રય આપ્યો. તેમનો જન્મ ઈ.સ.1321માં થયો હતો. તેમનું મૂળ નામ ખ્વાજા બંદેનવાજ હતું. જ્યારે તેમનું ધ્યાન ઈશ્વર પ્રેમ તરફ આકર્ષાયું ત્યારે તેમણે દક્ષિણ ભારતના ગુલબર્ગમાં વસવાટ કર્યો. તેમણે ઈસ્લામની બાહ્ય વિધિઓનો વિરોધ કર્યો. ગુલબર્ગમાં આવેલી તેમની દરગાહમાં દર વર્ષે ગેસુબાબાનો (ઉર્સ) મેળો ભરાય છે. જેમાં હજારોની સંખ્યામાં હિન્દુ-મુસલમાન ભાગ લે છે. તેમણે 105 જેટલાં પુસ્તકો લખ્યાં હતાં. જેમાં "ખૈરાત-ઉલ-કુદરા" અને 'અસમા-ઉલ-સરારાર' પ્રખ્યાત છે. તેમણે 'મીરાજ-ઉલ-આશિકીની' નામનું ઉર્દૂ શાયરીને લગતું પહેલું પુસ્તક લખ્યું હતું. પરંતુ ગૈસુદરાજ પછીના સંતો પ્રભાવશાળી ન હોવાને કારણે દક્ષિણમાં ચિશ્તી સિલસિલાહના પ્રચારનો વેગ ધીમો પડી ગયો.*

- **અન્ય સૂફી સંતો**

*ચિસ્તી સિલસિલાહના સૂફીમતનો પ્રચાર ગુજરાતમાં પણ થયો હતો. જેમાં મુખ્ય સંતો કુત્બે આલમ (વટવા ખાતે), શેખ અહમદખટ્ટુ ગંજબખ્સ (સરખેજ ખાતે) અને શાહે આલમ (અમદાવાદમાં રસુલાબાદ મુકામે) આ સમયમાં થઈ ગયા. 16મી સદીમાં ચિસ્તી સિલસિલાહના મહત્વના સંત શેખ સલીમ ચિશ્તી અકબરના સમકાલીન હતા એવું કહેવામાં આવે છે કે તેમના આશીર્વાદથી અકબરના પુત્ર સલીમનો જન્મ થયો હતો. તેમની કબર ફતેપુર સીક્રીની જામા મસ્જિદની નજીક છે.*

### 13.6.2 સુહરાવર્દી સિલસિલાહ

- **શેખ બહાઉદીન ઝકરિયા**

*ભારતમાં ચિશ્તી સિલસિલાહ પછી લોકપ્રિયતા પ્રાપ્ત કરવામાં સુહરાવર્દી સિલસિલાહનું મહત્વનું સ્થાન છે. આ સિલસિલાહનું ઉદ્દભવસ્થાન ઈરાનમાં હતું. ઈરાનમાં હમદાન અને ઝંઝાન વચ્ચે આવેલું સ્થળ તે સુહરાવર્દ. આ સિલસિલાહના*

*સ્થાપક શિહાબુદીન સુહરાવર્દી હતા. તેમણે પોતાના શિષ્યોને ભારત જઈને તેમના ઉપદેશોનો પ્રચાર કરવા આદેશ કર્યો હતો. ભારતમાં આ સિલસિલાહની સ્થાપના કરવાનું શ્રેય બહાઉદીન ઝકરિયાના ફાળે જાય છે. તેમનો જન્મ ઈ.સ.1182માં મુલતાન નજીક થયો હતો. જ્યારે તેઓ શિક્ષા પ્રાપ્ત કરવા માટે બગદાદ ગયા ત્યારે તેમનો પરિચય શિહાબુદીન સાથે થયો. તેઓ શિહાબુદીનના શિષ્ય બન્યા. તેમણે ભારત પાછા આવીને મુલતાનમાં એક ભવ્ય 'ખાનકાહ'ની સ્થાપના કરી. સિંધ અને તેની આજુબાજુના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો તેમના શિષ્યો બન્યા. આ સમયે મુલતાનમાં કુબેચાનું શાસન હતું. આ સૂફીસંતેકુબેચાના અત્યાચારોની નિર્ભયતાથી આલોચના કરી હતી.*

*બહાઉદીન ઝકરિયા પ્રભાવશાળી સંત હતા. તેઓ મધ્યકાલીન સૂફીઓમાં સૌથી વધુ ધનવાન સૂફી હતા. તે સુખ-સુવિધાવાળું જીવન જીવવામાં માનતા હતા. તે ઈસ્લામના નિયમોનું કડક રીતે પાલન કરવામાં માનતા હતા. તેમણે હિન્દુઓના રિવાજોનો વિરોધ કરીને ઈસ્લામના રિવાજોને યોગ્ય ગણાવ્યા હતા. સુલતાન ઈલ્તુત્મિશે તેમને 'શેખ-ઉલ-ઈસ્લામ'ની ઉપાધિ આપી હતી. અનેક ધનવાન મુસલમાન તથા અમીરો તેમના શિષ્ય હતા. તેમનું મૃત્યુ ઈ.સ.1262માં થયું. તેમણે પોતાની બધી જ સંપત્તિ પોતાના સાત પુત્રોને વહેંચી દીધી હતી.*

- **શેખ સદ્રઉદીન આરિફ**

*બહાઉદીન ઝકરિયાના મૃત્યુ પછી સુહરાવર્દી સિલસિલાહમાં વંશપરંપરાગતની પ્રથા શરૂ થઈ. તેમના મૃત્યુ પછી તેમનો સૌથી મોટો પુત્ર સદ્રઉદીન આરિફ ઉત્તરાધિકારી બન્યો. તેણે મુલતાનને પોતાનું કેન્દ્ર બનાવ્યું. આ સમયે સુહરાવર્દી સિલસિલાહ બે ભાગોમાં વહેંચાઈ ગયો. મુલતાન શાખામાં મુખ્ય સદ્રઉદીન હતા અને બીજી શાખા ઉચ્છમાં બહાઉદીનના શિષ્ય સૈયદ જલાલુદીન સુર્ખ બુખારી હતા. શેખ સદ્રઉદીનનું જીવન પોતાના પિતાથી અલગ હતું. તેમણે પોતાના પિતા પાસેથી પ્રાપ્ત થયેલી સંપત્તિમાંથી સાત લાખ ટંકા ગરીબોમાં વહેંચી દીધા તેમજ સાદું જીવન જીવવાનું પસંદ કર્યું.*

- **શેખરુકનુદીન અબુલફતહ**

*શેખસદ્રઉદીન આરીફના મૃત્યુ પછી તેનો પુત્ર રુકનુદીન અબુલફતહ મુલતાન શાખાનો મુખ્ય સૂફીસંત બન્યો. તેણે સુહરાવર્દી સિલસિલાહનો ખૂબ જ પ્રચાર કર્યો. આ સિલસિલાહમાં તેમણે એ સ્થાન પ્રાપ્ત કર્યું. જે ચિશ્તી સિલસિલાહમાં નિઝામઉદીન ઓલિયાને પ્રાપ્ત થયું હતું. બરનીએ તેની પ્રશંસા કરતાં લખ્યું છે કે સિંધમાં તેમના વિચારોનો એટલો ફેલાવો થયો જેના પરિણામે અનેક ઉલેમાઓ તેના શિષ્ય બની ગયા.*

- **શેખ જલાલુદીન સુર્ખ**

*તેઓ ઉચ્છ શાખાના મુખ્ય સૂફીસંત હતા. તેમણે બિહારમાં સૂફીમતનો પ્રચાર કર્યો. બિહારમાં આ શાખા સુહરાવર્દી સિલસિલાહની હતી અને તેને ફિરદોસિયા સિલસિલાહ તરીકે ઓળખવામાં આવતી હતી.*

*સુહરાવર્દી સિલસિલાહમાં મુરીદ (શિષ્ય) બનનારને સૌથી પહેલા પ્રાયશ્ચિત કરવું પડતું હતું. તેના પછી નિયમિત તથા ચુસ્તપણે નમાજ, રોજા વગેરે ઈસ્લામના નિયમોનું પાલન કરવું પડતું હતું. ઉચ્છ અને મુલતાન આ સિલસિલાહનાં મુખ્ય કેન્દ્રો હતાં. ધર્મ અને રાજનીતિને લગતી બાબતોમાં આ સિલસિલાહના સંતોનું વલણ ચિશ્તી સંતો કરતાં જુદું હતું. તેઓ પાસે મોટી જાગીરો હતી. ચિશ્તી પરંપરાથી વિરુદ્ધ આ પરંપરા રાજ્ય સાથે સંબંધ ધરાવતી રાજ્યાશ્રિત હતી. તેઓ જ્ઞાનપ્રાપ્તિ માટે અને ગરીબોની સેવા માટે રાજ્ય પાસેથી ભેટ લેવી જોઈએ તેમ માનતા. તેમણે ધાર્મિક અને સામાજિક મહત્વની ઘણી બાબતોમાં અક્કડ અને બિનસમાધાનકારી વલણ અપનાવ્યું હતું. દા.ત. ઝિયાઉદ્દીન બરનીએ નોંધ્યું છે તેમસૈયદ નુરુદીન મુબારક ગઝનવીએ ઈલ્તુત્મિશને હિંદુઓ વિરુદ્ધ ભેદભાવભરી અને હેરાન કરવાની નીતિ અપનાવવાની સલાહ આપી હતી. તેમ છતાં ઘણા સહરાવર્દી સંતો સહિષ્ણુ અને ઉદાર હતા અને તેમની તરફ હિંદુઓ પણ આદર ધરાવતા હતા.*

*સલ્તનયુગમાં પંજાબ, સિંધ, ગુજરાત અને બંગાળમા સુહરાવર્દી પંથનો પ્રચાર ખૂબ થયો હતો. બંગાળના હિંદુઓની શેખ જલાલુદીન તબ્રીઝી પ્રત્યેની ભક્તિનો ખ્યાલ 'શેખ શુભોદય' નામના સંસ્કૃત પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે. સુહરાવર્દી સિલસિલાહના સંતોને રાજગુરુ કક્ષાનું માન મળતું હતું. સુલતાન મુહમ્મદ તુઘલકે સૈયદ જલાલઉદીન બુખારીને 'શેખ-અલ-ઈસ્લામ'નું પદ આપેલું પરંતુ તેમણે તેનો અસ્વીકાર કર્યો હતો.*

### 13.6.3 કાદિરી સિલસિલાહ

*ભારતમાં સૂફી સિલસિલાહોના વિકાસમાં બે પ્રકારની વિચારસરણી જોવા મળતી હતી. શરૂઆતનાસિલસિલાહો ઉદાર વિચારસરણી ધરાવતા હતા. ચિશ્તી સિલસિલાહ ઉદાર વિચારસરણી ધરાવતો હતો જ્યારે સુહરાવર્દી સિલસિલાહ એટલો ઉદાર ન હતો છતાં પણ તેણે સમન્વયની ભાવના અપનાવી હતી. ત્યાર પછી કાદિરી અને નકશબંધી સિલસિલાહોનો વિકાસ થયો. તેમનો ઉદ્દેશ્ય ઈસ્લામની પ્રતિષ્ઠાને મજબૂત કરવાનો હતો.*

*12મી સદીમાં આ સિલસિલાહની સ્થાપના બગદાદના શેખ અબ્દુલ કાદિર જિલાનીએ કરી હતી. ભારતમાં તેની સ્થાપના મુહમ્મદ ગૌસે કરી હતી. તે અબ્દુલ કાદિરનો વંશજ હતો અને ઉચ્છ પ્રદેશમાં વસવાટ કરતો હતો. ઈ.સ.1517માં તેનું મૃત્યુ થયું. તેનો પુત્ર અબ્દુલ કાદિર બીજો તેનો ઉત્તરાધિકારી હતો. તે સૂફી સંત થયા પછી સાદું જીવન જીવવા લાગ્યા. તેઓ ફતેહપુર સિક્રીના દીવાને આમમાં બંદગી કરતા હતા. તેમને અકબરે મોટી જાગીર આપી હતી. શાહજહાંનો પુત્ર દારા શિકોહ કાદિરી સૂફી સિલસિલાહનો અનુયાયી હતો. તે પહેલાં મીયાં મીર અને ત્યાર પછી મુલ્લાશાહ બદક્ષીનો શિષ્ય બન્યો હતો. દારાએ કાદિરી સિલસિલાહના પ્રભાવમાં આવીને 'સફિન તુલ ઓલિયા' અને 'સકિન તુલ ઓલિયા' નામના બે ગ્રંથો લખ્યા હતા. તે સિવાય દારાશિકોહે ફરસીમાં "મજમા-ઉલ-બહૈરન" (બે સમુદ્રોનું સંગમ) નામનો ગ્રંથ લખ્યો હતો. તેમાં તેણે સૂફીમત તેમજ હિન્દુમતનું તુલનાત્મક વર્ણન કરેલ છે. તેણે સંસ્કૃત પંડિતોની મદદથી 'ભગવદ્ગીતા' અને 'યોગ વશિષ્ઠ'નો ફારસી ભાષામાં અનુવાદ કર્યો હતો. આ*

*સિલસિલાહ કટ્ટરવાદી વિચારસરણી ધરાવતો હોવા છતાં દારાશિકોહ ઉદાર વિચારસરણી ધરાવતો હતો અને હિન્દુ તેમજ મુસ્લિમ ધર્મ વચ્ચે એકતા સ્થાપવા ઈચ્છતો હતો.*

*કાદિરી સિલસિલાહના સંતો રૂઢિવાદી ઈસ્લામનો પ્રચાર કરવા ઈચ્છતા હતા. તે લોકો હિન્દુઓનું ધર્મ પરિવર્તન કરીને તેમને મુસલમાન બનાવવા ઈચ્છતા હતા. આ સિલસિલાહમાં સંગીતનું પણ મહત્વ ન હતું.*

### 13.6.4 નકશબંધી સિલસિલાહ

14*મી સદીમાં આ સિલસિલાહની સ્થાપના તુર્કસ્તાનના ખ્વાજા બહાઉદ્દીન નકશબંદે કરી હતી. તેમનો વ્યવસાય નકશબંદ એટલે કે કિનખાબ બનાવવાનો હતો. તેથી તેમનો પંથ 'નકશબંદ' તરીકે ઓળખાયો. અકબરના શાસન દરમિયાન કાબૂલથી દિલ્હી આવી સ્થાયી થયેલા ખ્વાજા મોહમ્મદ બકી બિલ્લાહે ભારતમાં તેની સ્થાપના કરી. પરંતુ સમગ્ર ભારતમાં તેનો પ્રચાર કરવાનો શ્રેય તેમના શિષ્ય અહમદ ફારુકીને જાય છે. તેમને શેખ અહમદ સરહિંદી તરીકે પણ ઓળખવામાં આવે છે. તે અકબર અને જહાંગીરના સમકાલીન હતા અને મુજદીદના નામથી પ્રખ્યાત હતા. તેમને જહાંગીરે કેદ કર્યા હતા. તેમણે સર્વેશ્વરવાદી ફિલસૂફી (વહ્દત-ઉલ-વુઝૂદ)નો વિરોધ કર્યો અને પોતાના વહદ-તુશ-શુહદ (દશ્ય જગતની એકતા)નો પ્રચાર કર્યો. તેમનું કહેવું હતું કે અલ્લાહ અને મનુષ્ય વચ્ચેનો સંબંધ પ્રેમી અને પ્રેમિકા જેવો નથી પરંતુ સ્વામી અને સેવકનો છે. આ રીતે તેમણે સૂફીમતને રૂઢિવાદી ઈસ્લામ સાથે જોડવાનો પ્રયત્ન કર્યો. તેમણે અકબરની ઉદારનીતિનો પણ વિરોધ કર્યો. મુગલ બાદશાહ ઔરંગઝેબને પણ આ સિલસિલાહમાં રસ હતો અને તેને અપનાવ્યો હતો. આ સિલસિલાહના અનુયાયીઓ આધ્યાત્મિક તત્વો કે સંબંધમાં જુદા જુદા નકશા બનાવતા અને તેમાં રંગો પૂરતા હતા, પરંતુ તેઓ સંગીતના વિરોધી હતા.*

### 13.6.5 અન્ય સિલસિલાહ

15*મી અને* 16*મી સદી દરમિયાન ભારતમાં ત્રણ મહત્વના સિલસિલાહ ઉદ્દભવ્યા.* (1) *સતારી સિલસિલાહ* (2) *મહ્દવી સિલસિલાહ* (3) *રૌશનિયા સિલસિલાહ. આ ત્રણેય સિલસિલાહ ઉપર ભક્તિ આંદોલનની અસર જોવા મળતી હતી.* 15*મી સદીમાં ભારતમાં સતારી સિલસિલાહની સ્થાપના શાહ અબ્દુલા સતારીએ કરી હતી. આ કટ્ટરપંથી સિલસિલાહ હતો. સતારી સિલસિલાહના મુખ્ય કેન્દ્રો બંગાળ, જોનપુર અને માળવા હતાં.સતારી સૂફીસંતોના સંબંધો પણ શાસક વર્ગ સાથે હતા અને રાજ્યના સંરક્ષણનો સ્વીકાર કર્યો હતો.આ સિલસિલાહમાં શેખ મુહમ્મદ આવા કાઝીન, શેખ હાફિઝ, શેખ મુહમ્મદ ઘૌસ વગેરે સંતો થઈ ગયા. ગ્વાલિયરના શેખ મુહમ્મદ ઘૌસના શિષ્યોમાં પ્રસિદ્ધ સંગીતકાર તાનસેન અને અમદાવાદના સૈયદ વાજિહુદીન અલવી ખૂબ પ્રખ્યાત હતા. તેમાં સૈયદ અલવીની મદ્રેસાની ગણના ભારતમાં વિખ્યાત શિક્ષણ કેન્દ્રોમાં થતી હતી.*

*મહ્દવી સિલસિલાહની શરૂઆત જૌનપુરના મુહમ્મદ મહેંદીએ કરી હતી. આ સિલસિલાહની સ્થાપના જુદા જુદા સિલસિલાહો વચ્ચે જોવા મળતા મતભેદોને દૂર કરવા*

માટે થઈ હતી. પરંતુ આ સિલસિલાહના સંતોને 'ઉલેમાઓ' અને સુલતાનોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

રોંશનિયા સિલસિલાહની સ્થાપના જલંધરના વતની બાયઝીદ અન્સારીએ કરી હતી. તેમણે ધાર્મિક ક્રિયાકાંડોનો વિરોધ કર્યો હતો. ફરદૌસી સિલસિલાહ સુહરાવર્દીની એક શાખા હતી. તેની સ્થાપના 14મી સદીમાં બિહારના રાજગીરમાં થઈ હતી. આ ઉપરાંત કાશ્મીરમાં 15મી સદીની શરૂઆતમાં નુરુહદીનવાલી નામના સૂફી સંતે ઋષિ સિલસિલાહની સ્થાપના કરી હતી. કાશ્મીરમાં સાદાઈના પ્રતિક તરીકે આ સિલસિલાહ ખૂબ લોકપ્રિય થયો. કાશ્મીરના પ્રચલિત શૈવમતની આ સિલસિલાહ ઉપર વિશેષ અસર થઈ હતી તેથી હિન્દુઓ પણ તેમાં મોટી સંખ્યામાં જોડાયા.

- **'તમારી પ્રગતિ ચકાસો' - 2**

(1) મધ્યકાલીન ભારતમાં સૂફી મતના વિકાસ પર ચર્ચા કરો.

(2) ચિશ્તી સિલસિલાહ વિશે ટૂંકમાં લખો.

(3) સુહરાવર્દી સિલસિલાહ વિશે ટૂંકમાં લખો.

(4) *કાદિરી, નકશબંધી અને સતારી સિલસિલાહ વિશે ત્રણ-ત્રણ વાક્યો લખો.*

(5) *નીચેના પ્રત્યેક વિશે ચાર-ચાર વાક્ય લખો.*

**(1) મુઈનુદીન ચિશ્તી**

**(2) બાબા ફરીદ**

**(3) નિઝામુદીન ઓલિયા**

**(4) મહ્દવી સિલસિલાહ**

## 13.7 ચિશ્તી સિલસિલાહનાં લોકપ્રિય થવાનાં કારણો

*સલ્તનતકાળ દરમિયાન બધા જ સૂફી સિલસિલાહોનો ઉદ્દેશ્ય એકસરખો હતો. આધ્યાત્મિક ગુરુના માર્ગદર્શન હેઠળ સૂફી માર્ગ અપનાવીને ઈશ્વર સાથે સીધો સંવાદ કરવો. દરેક સૂફી સિલસિલાહે અલગ-અલગ રીતરિવાજ અપનાવ્યા અને રાજ્ય તેમજ*

*સમાજ પ્રત્યે પણ તેમનો દષ્ટિકોણ અલગ હતો. આ સમયગાળા દરમિયાન બધા જ સિલસિલાહોમાં ચિશ્તી સિલસિલાહ સૌથી વધારે લોકપ્રિય થયો. તેનો પ્રચાર-પ્રસાર પણ ખૂબ થયો. જેનાં કારણો નીચે મુજબ હતાં.*

- *ચિશ્તી સિલસિલાહના સંતો ગૃહસ્થી જીવન સાથે ઈશ્વર પ્રાપ્તિની સાધના કરતા હતા. આમાંથી પ્રેરણા લઈને અન્ય ગૃહસ્થીઓ પણ જોડાઈ ગયા.*
- *ચિશ્તી સિલસિલાહની ઘણી બધી પ્રથાઓ ભારતમાં લોકપ્રિય થયેલ નામપંથી માર્ગનાઘણાખરા સિદ્ધાંતો જેવી જ હતી. આમ ચિશ્તી સિલસિલાહનું મૂળ ભારતીય પ્રણાલિકાનું હતું.*
- *ચિશ્તી સિલસિલાહના મોટાભાગના સંતો ઉદાર વિચારસરણી ધરાવતા હતા. તેમનામાં સહેજ પણ આડંબર ન હતો. તેમનાં નિવાસસ્થાનો ઘાસ અને માટીની ઝૂંપડીઓથી બનેલા હતા. તેમણે રાજ્યાશ્રય સ્વીકાર્યો નહી. તેમની પાસેથી દાન પણ લીધા નહી. તેમની આ પ્રકારની સાદાઈ જનતાને ગમી ગઈ.*
- *મોટાભાગના ચિશ્તી સંતોએ પોતાના મતનો પ્રચાર કરવા માટે હિંદી ભાષાનો ઉપયોગ કર્યો.*
- *ચિશ્તી સિલસિલાહના સંતો અદ્વૈતવાદ અને પ્રાણીમાત્રની એકતામાં માનતા હતા. આ વિચારો હિંદુઓનાં ઉપનિષદોમાં ઘણા વહેલા પ્રગટ થયા હતા. તેને અપનાવીને તેઓએ હિંદુ ધાર્મિક વિચારધારાના મૂળ સ્ત્રોત સાથે વૈચારિક અનુબંધ કેળવ્યો. તેનો ઉપયોગ તેમણે મનુષ્યોની સમાનતા, બધા જ ધર્મોમાં એકતા અને ધાર્મિક પૂર્વગ્રહોમાંથી મુક્તિ માટે કર્યો.*
- *સૂફી સંતોએ હિંદુઓની કેટલીક ધાર્મિક ક્રિયાવિધિઓ જેમ કે, બ્રહ્મચારી અને સંન્યાસીનું જીવન જીવવું, ગુરૂ સામે દંડવત પ્રણામ કરવું, સિલસિલાહમાં નવા દાખલ થનાર શિષ્યોએશિરમુંડન કરાવવું. ઝતબીન (ભિક્ષાપાત્ર) રાખવું તેમજ પ્રાણાયમ (હબ્સ-ઈ-દમ) જેવી પદ્ધતિઓ અપનાવી. આ દષ્ટિથી ચિશ્તીઓને ભારતીય પરંપરાના એક ભાગરૂપે જોવામાં આવતા હતા.*
- *ચિશ્તી ખાનકાહ સાદાઈના પ્રતીક હતા. તેમાં ગરીબો અને નીચલા વર્ગના લોકોને ખાસ સ્થાન અપાતું. તેમાં કોઈપણ ભેદભાવ વગર સેવા કરવામાં આવતી. આથી મધ્યમવર્ગની સાથે કારીગરો, ખેડૂતો, શિલ્પી અને સફાઈ કામદારો પણ તેમના અનુયાયીઓ બન્યા. જેથી ચિશ્તી સિલસિલાહ લોકપ્રિય બન્યો.*
- *ચિશ્તી સૂફીસંતો હિન્દુઓનું ધર્માન્તર કરાવતા ન હતા. તેઓ ધાર્મિક સહિષ્ણુતા દાખવતા. આથી હિંદુઓ સહિત બિન-મુસ્લિમો પણ તેમના અનુયાયીઓ બન્યા.*
- *ઈસ્લામ ધર્મીઓ સંગીતનો વિરોધ કરતા હતા જ્યારે ચિશ્તી સૂફીઓ 'સમા' (સંગીત સભા) અને રકસ (નૃત્ય)માં વિશ્વાસ કરતા હતા. તેઓ સંગીતના મુશાયરા પણ યોજતા. સામાન્ય જનતાને તેમનું લોકપ્રિય સંગીત ખૂબ ગમ્યું હતું. કેટલાક સંતોને સંગીતના કારણે મુસલમાનોનો વિરોધ સહન કરવો પડ્યો હતો.*

- *ચિશ્તી સંતોએ ઉચ્ચ ભાવનાથી પ્રેરણાદાયક નેતૃત્વ પૂરું પાડ્યું હતું. તેઓ રાજકીય સંરક્ષણ અને ધન પ્રાપ્ત કરવામાં વિશ્વાસ કરતા ન હતા તેમજ રાજકીય બાબતોથી દૂર રહેતા હતા. તેથી પણ તેમની લોકપ્રિયતામાં વધારો થયો.*

## 13.8 સૂફી સિલસિલાહોનો પ્રભાવ (અસરો)

*ભારતીય સમાજ પર સૂફી સંતોનો કેવો પ્રભાવ પડ્યો હતો તે બાબતમાં વિદ્વાનોમાં જુદા જુદા મત જોવા મળે છે. ડૉ. એ. એલ. શ્રીવાસ્તવના મત મુજબ શરૂઆતમાં હિન્દુ સમાજ સૂફીઓના સંપર્કથી દૂર રહ્યો હતો. નીચલા વર્ગના થોડા લોકો સૂફીઓના સંપર્કમાં આવ્યા હતા. તેમનું કહેવું છે કે અકબરના સમયમાં ઉચ્ચ વર્ગના હિન્દુઓ સૂફીઓના સંપર્કમાં આવ્યા હતા. 17મી અને 18મી સદીમાં શિક્ષિત હિન્દુ લોકો સૂફીઓની સાથે જોડાઈ ગયા હતા. હિન્દુઓએ પણ સૂફી સાહિત્યનું સર્જન કર્યું અને ચિશ્તી સિલસિલાહની લોકપ્રિયતા બની રહી. આ સમયગાળામાં સૂફી મત હિન્દુ-મુસ્લિમ સામાન્ય લોકોમાં લોકપ્રિય હતો. તેનું કારણ એ હતું કે મોગલ સામ્રાજ્યના પતન પછી બંને ધર્મના લોકો એકબીજાની નજીક આવી રહ્યા હતા.*

### 13.8.1 હિન્દુ-મુસ્લિમ એકતાની સ્થાપના

*ભારતમાં ભક્તિ આંદોલનની સાથે સાથે સૂફી આંદોલનનો પ્રચાર થઈ રહ્યો હતો. ભક્તિ આંદોલનના સંતો જેવા જ ઉપદેશો સૂફી સંતો પણ આપતા હતા.હિન્દુ-મુસલમાનો વચ્ચેનો સંઘર્ષ દૂર કરવાનું કામ હિન્દુ અને મુસ્લિમ સંતોએ કર્યું હતું. મુસ્લિમ સૂફી સંતોએ ઈસ્લામનો શાંતિ અને પ્રેમનો સંદેશ હિન્દુઓની સામે રજૂ કર્યો. તેમણે માનવતાવાદી દૃષ્ટિકોણ અપનાવ્યો અને બધા જ મનુષ્યો માટે સમાનતા તથા એકતાનો સિદ્ધાંત આપ્યો. તેમણે ઉલેમાઓની કટ્ટર અને રૂઢિવાદી નીતિનો વિરોધ કર્યો તેમજ ઈસ્લામના બાહ્ય આડંબરોનો વિરોધ કરીને પ્રેમને માનવીય સંબંધોનો આધાર બનાવ્યો. આ રીતે સૂફી સંતો હિન્દુઓની નજીક આવ્યા. સૂફીઓનો એકેશ્વરવાદ હિન્દુઓના એકેશ્વરવાદ જેવો જ હતો. સૂફી સંતોના ઉપદેશની અસરથી હિન્દુ-મુસલમાન વચ્ચે વેરવૃત્તિ ઓછી થતાં એકબીજા પ્રત્યે એકતાની ભાવના જન્મી. સૂફી સંતોની પ્રેમભરી વાણી, સરળ ઉપદેશ અને શુદ્ધ પવિત્ર વિચારધારાને લીધે હિન્દુ-મુસલમાનો તેમના તરફ આકર્ષાયા અને તેના પરિણામે હિન્દુ-મુસ્લિમ એકતા સ્થપાઈ.*

### 13.8.2 રાજકીય અસરો

*ચિશ્તી સિલસિલાહ સિવાયના લગભગ તમામ સૂફી સંતોનો રાજ્યકર્તાઓ, વહીવટકર્તાઓ અને ધનવાનો પર ખૂબ પ્રભાવ જોવા મળતો હતો. તેઓ સુલતાનો તરફથી દાન, જાગીર અને અન્ય મદદનો સ્વીકાર કરતા હતા. સૂફીઓએ તે સમયના રાજકારણમાં રસ લીધો હતો અને રાજ્યની ઉથલપાથલોમાં પણ મહત્વનો ભાગ ભજવ્યો હતો. સૂફી સંતો સુલતાનોના દુષ્કૃત્યો તરફ ધ્યાન દોરતાં પણ અચકાતા ન હતા. તેઓ રાજ્ય અને ઉચ્ચ અધિકારીઓને નીચલા વગના લોકો તથા ખેડૂતો તેમજ જરૂરિયાતવાળા લોકોને મદદ કરવાનું કહેતા. તેઓ પ્રજા અને રાજ્યકર્તાઓ વચ્ચે મધ્યસ્થીનું કામ કરતા.*

### 13.8.3 સાંસ્કૃતિક સમન્વય

*સૂફીમતનું મુખ્ય કાર્ય હિન્દુ અને મુસલમાનોના વિચારોમાં સમન્વય સાધવાનો હતો. પ્રો. રીઝવીના મત મુજબ સૂફીઓએ સ્પષ્ટ કરી દીધું હતું કે ભારત જેવા દેશમાં ત્યાં હિન્દુઓની વસ્તી સૌથી વધારે છે ત્યાં રૂઢિચુસ્ત ઈસ્લામ દ્વારા કટ્ટરતાની નીતિ લાગુ કરી શકાય નહી તેમજ ઉદારતાની નીતિ જ અપનાવી જોઈએ. પ્રો. જાદુનાથ સરકારનું કહેવું છે કે ભક્તિ અને સૂફી આંદોલને શાસકો અને શાસિતોને નજીક લાવી દીધા. તેનાથી બંને ધર્મના લોકોનું અંતર ઘટી ગયું. વાસ્તવમાં ઉલેમા વર્ગ મુલસમાનોને હિન્દુઓથી અલગ રાખવા માંગતો હતો. સૂફી સંતોએ તેનો વિરોધ કર્યો અને એક એવા સમાજની સ્થાપના કરવા માટે કામ કર્યુ જેમાં દરેકને સમાનતા પ્રાપ્ત થાય.*

### 13.8.4 ખાનકાહની પ્રવૃત્તિઓની અસર

*ચિશ્તી સિલસિલાહની ખાનકાહો હિન્દુઓ સહિત તમામ જાતિ અને ધર્મના લોકો માટે ખુલ્લી હતી. જેમાં હિન્દુ સંન્યાસીઓથી લઈને ખેડૂતો અને મજૂરોનો પણ સમાવેશ થતો હતો. તેઓને લંગર (મફત ભોજનાલય)માં નિઃશુલ્ક ભોજન મળતું. કેટલીક ખાનકાહો દ્વારા પડતર જમીનમાં ખેતી કરવામાં આવતી. તેઓ બગીચાઓ, જાહેર મકાનો, ધાર્મિક સ્થાનો વગેરે પણ બંધાવતા. તેના પરિણામે આ ખાનકાહો શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં વધારે જોવા મળતી હતી. આ ખાનકાહોમાં પોતાના ધાર્મિક ગુરુ (પીર)ની મરણતિથિએ મોટા મેળા (ઉર્સ) ભરાતા. જેમાં લગભગ ભારતના તમામ ધર્મ અને સમાજના લોકો ભાગ લેતા. જેના પરિણામે વિવિધ પ્રદેશો વચ્ચે સાંસ્કૃતિક સંપર્ક વધ્યો અને વેપાર વાણિજ્ય અને પ્રવાસને ઉત્તેજન મળ્યું.*

*સુહરાવર્દી અને અન્ય સિલસિલાહોની ખાનકાહોમાં અમીર, ઉમરાવો કે ઉપલા વર્ગના શ્રીમંત લોકોને જ સ્થાન મળતું હતું. તેમાં ગરીબોને સ્થાન મળતું ન હતું. જો કે આવી ખાનકાહોમાં વેપારીઓ અને મુસાફરોને આશ્રય મળતો જેના પરિણામે તેમના મારફત પણ વેપાર-વાણિજ્યને ઉત્તેજન મળતું હતું. આ ખાનકાહોએ સામાન્ય લોકોના જીવનને નીતિમય, સરળ અને પ્રામાણિક બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો.*

### 13.8.5 ધર્માન્તરની પ્રવૃત્તિઓ

*સૂફી સંતોએ મુસ્લિમ ધર્મનો ફેલાવો કરવામાં પણ મહત્વનો ભાગ ભજવ્યો હતો. ચિશ્તી સૂફી સિલસિલાહ સિવાયના અન્ય સૂફી સિલસિલાહોએ ધર્માન્તરને પરોક્ષ રીતે ઉત્તેજન આપ્યું હતું. કાશ્મીરમાં મીર સૈયદ અલી હમદાનીએ ખુલ્લી રીતે ધર્માન્તરની પ્રવૃત્તિઓ કરી હતી, પરંતુ તેમાં તેમને જોઈએ તેટલી સફળતા પ્રાપ્ત થઈ ન હતી. સૂફી સંતોએ તેમના ઉપદેશથી નીચલા વર્ગના લોકોને પોતાના તરફ આકર્ષ્યા હતા. જે લોકોને હિંદુ ધર્મ મંદિરોમાં પ્રવેશ મળતો ન હતો તેવા નીચલા વર્ગના હિંદુઓ તેમનો ધર્મ સ્વીકારવા લાગ્યા. જે લોકો મુસલમાન બનતા તેમની સાથે સૂફી સંતો જમતા અને કામ કરતા તેમજ ઊંચ-નીચના ભેદભાવને પણ તિરસ્કારતા હતા. સૂફી સંતોએ હિંદુઓનું ધર્માન્તર તલવારની શક્તિકરતાં વધુ સારી રીતે કર્યું હતું. કેટલાક સાધુ અને સંતોએ પણ*

*મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો.* The Sufis Islamized the Hindus more easily than the sword of the Conquerors.

### 13.8.6 પ્રાદેશિક ભાષાઓને ઉત્તેજન

*સૂફી સંતોએ પોતાના સાહિત્યમાં મનુષ્યની એકતા ઉપર ભાર મૂક્યો હતો. આ સમયનું સૂફી સાહિત્ય માનવતાવાદી ભાવનાઓથી ઓતપ્રોત હતું. સૂફી સંતોએ પોતાનો ઉપદેશ પ્રાદેશિક ભાષામાં આપ્યો હતો. તેઓ ખડીબોલી અથવા ભારતની ભાષા અને ઉર્દૂને મહત્વ આપતા હતા. ઘણાખરા ચિશ્તી સંતોએ હિંદી ભાષામાં ઉપદેશ આપ્યો. સૂફી સંતો હિંદી દોહાઓમાં હિંદુ દેવ-દેવતાઓનો પણ ઉલ્લેખ કરતા. કેટલાક સૂફી સંતોએ હિંદીમાં લખાણો લખ્યાં હતાં. જાયસીએ પદ્માવત લખ્યું હતું. ચિશ્તી સૂફીઓ નાથપંથી યોગીઓથી વધારે પ્રભાવિત થયા હતા. યોગપંથનું પ્રખ્યાત સંસ્કૃતપુસ્તક 'અમૃતકુંડ'નું ફારસી ભાષામાં ભાષાંતર થયું હતું. જે યોગપંથની સૂફીવાદ પર થયેલ અસર તરીકે ગણાવી શકાય.*

- **'તમારી પ્રગતિ ચકાસો' 3**

(1) *ભારતમાં ચિશ્તી સિલસિલાહની લોકપ્રિયતાનાં કારણો કયાં કયાં હતા?*

(2) *હિન્દુ-મુસ્લિમ એકતાની સ્થાપના કરવામાં સૂફી સંતોનું યોગદાન જણાવો.*

(3) *ખાનકાહ એટલે શું ?તેની પ્રવૃત્તિઓની ચર્ચા કરો.*

**(અ) સાચાં વિધાનો સામે (√) અને ખોટાં વિધાનો સામે (X) ની નિશાની કરો.**

1. *ચિશ્તી 'સમા' (સંગીત સભા) અને 'રક્સ' (નૃત્ય)માં વિશ્વાસ કરતા હતા જ્યારે સુહરાવર્દી નહીં.*
2. *ચિશ્તી રાજકીય સરંક્ષણ તેમજ ધન પ્રાપ્ત કરવામાં વિશ્વાસ કરતા ન હતા જ્યારે સુહરાવર્દી કરતા હતા.*
3. *ચિશ્તી રાજકીય બાબતોથી દૂર રહેતા હતા જ્યારે સુહરાવર્દી રાજકીય બાબતોમાં રસ દાખવતા હતા.*
4. *ચિશ્તી હિન્દુ તેમજ મુસ્લિમ બંને સમાજમાં લોકપ્રિય બન્યો જ્યારે સુહરાવર્દી ફક્ત મુસ્લિમ સમાજમાં જ લોકપ્રિય બન્યો.*
5. *સુહરાવર્દી અને અન્ય સિલસિલાહોની ખાનકાહોમાં ફક્ત ગરીબોને જ સ્થાન મળતું હતું.*

## 13.9 સારાંશ

*સૂફીવાદની શરૂઆત મુસ્લિમ દેશોમાં થઈ અને ભારતમાં સૂફી સંતોનું આગમન દિલ્હી સલ્તનતના શાસન દરમિયાન થયું. ભારતમાં ઈસ્લામના આગમન બાદ દેશની જનતા તથા શાસકો માટે અનિવાર્ય હતું કે પરસ્પર સહયોગ તથા સમન્વયની ભાવનાને મહત્વ આપવામાં આવે. આ વિચારધારાના પરિણામ સ્વરૂપે સૂફી તથા ભક્તિ આંદોલનનો ઉદય થયો. જેમણે કુપ્રથાઓ, આડંબરો તથા કટ્ટરતાવાદી તત્વોનો વિરોધ કરીને પરસ્પર સહયોગનો ઉપદેશ આપ્યો. ભારતમાં 12મી-13મી સદી દરમિયાન કેટલાક સૂફી સિલસિલાહ અસ્તિત્વમાં આવ્યા. જેમાં ચિશ્તી અને સુહરાવર્દી સિલસિલાહ ખૂબ લોકપ્રિય થયા.*

*ચિશ્તી સૂફીઓએ સામાન્ય અને નીચલા વર્ગના લોકો પર સારો એવો પ્રભાવ પાડ્યો, જ્યારે સુહરાવર્દી સંતોએ ઉપલા અને અમીર વર્ગને પ્રભાવિત કર્યા. સુહરાવર્દી સૂફીઓ સિવાય અન્ય સૂફીઓએ રાજ્યાશ્રય સ્વીકારેલ નહીં. ખાનકાહો સૂફીઓનાં રહેઠાણ તેમજ ઉપદેશનાં મુખ્ય કેન્દ્રો હતાં. આમ સૂફી આંદોલને સલ્તનત સમયના સામાજિક તેમજ સાંસ્કૃતિક જીવન ઉપર નોંધપાત્ર અસર કરી તેમાંથી ભાતીગળ સાહિત્ય, કલા અને સંગીતનો વિકાસ થયો.*

## 13.10 ચાવીરૂપ શબ્દો

**ખનકાહ :** *સૂફી સંતોના રહેઠાણ અને ઉપદેશનું સ્થળ,* **સમા :** *સૂફીઓનું સંગીત,* **રકસ :** *નૃત્ય,* **પીર :** *સૂફીઓના ગુરુ,***સિલસિલાહ :** *સૂફીઓના પંથ કે સંપ્રદાય,* **દરગાહ :** *સૂફી સંતોની કબર,* **લંગર :** *મફત ભોજનાલય,* **અમૃતકુંડ :** *યોગપંથનું પુસ્તક*

## 13.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

A-4, B-1, C-2, D-3

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

4. (i) √ (ii) √(iii) √(iv) √(v) ×

## 13.12 સંદર્ભ ગ્રંથો


1. *ડૉ. રામપ્રસાદ ત્રિપાઠી 'વિજયનગર સામ્રાજ્યનો ઈતિહાસ', સસ્તા સાહિત્ય મંડળ નવી દિલ્હી.*
2. *ડૉ.આશીવાર્દીલાલ શ્રીવાસ્તવ દિલ્હી સલ્તનત(ઈ.સ.* 711 *થી* 1526*) શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની પ્રાઈવેટ લી. આગરા.*
3. *શૈલેન્દ્ર સંગર 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' એટલાંટીક બુક સ્ટોર, નવી દિલ્હી.*
4. *વી.ડી.મહાજન 'મધ્યકાલીન ભારત' એસ. ચંદ્ર એન્ડ કંપની લી. રામનગર નવી દિલ્હી.*
5. *સતિશચંદ્ર 'મધ્યકાલીન ભારત, રાજનિતી અને સંસ્કૃતિ' ઓરિએન્ટલ બ્લેક સ્વાન, નવી દિલ્હી.*
6. *રમેશચંદ્ર મજમુદાર, હેમચંદ્ર રાય ચૌધરી કાલિકિંકર : અનુવાદ : યોગેન્દ્ર મિશ્ર મેકમિલન ઈન્ડિયા લીમીટેડ.*
7. *ડૉ.ઈશ્વર ઓઝા 'સલ્તનકાલ' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.*
8. *નાયક છોટુભાઈ રણછોડજી 'મધ્યયુગીન ભારત ખંડ-*2*, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*
9. *વી.એસ.ભાર્ગવ 'મધ્યકાલીન ભારતીય ઈતિહાસ અને સંસ્થાઓ, કોલેજ બુક ડેપો, જયપુર.*
10. *હરીશચંદ્ર વર્મા (સંપા) 'મધ્યકાલીન ભારત ભાગ-*1 (*ઈ.સ.* 750 – 1540) *દિલ્હી વિશ્વવિદ્યાલય*
11. *વિદ્યાલંકાર સત્યકેતુ 'ભારતીય સંસ્કૃતિ અને તેનો ઈતિહાસ' મસૂરી*
12. *પ્રવીણચંદ્ર પરીખ 'ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈ.સ.*1000-1818) *યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.*
13. *ડૉ. શાંતિલાલ શાહ અને પ્રા. જસુ. બી.પટેલ 'ભારતીય ઈતિહાસ' શાંતિનિકેતન પ્રકાશન, અમદાવાદ.*
14. *આર. કે. ધારૈયા 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' સી જમનાદાસની કંપની અમદાવાદ.*

| એકમ-14 | વિજયનગર સામ્રાજય : કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ |
|---|---|

**રૂપરેખા :**

**14.0** ઉદ્દેશો
**14.1** પ્રસ્તાવના
**14.2** સ્થાપના અને વિકાસ
**14.3** રાજવંશો અને શાસકો
  **14.3.1**સંગમવંશ
  **14.3.2**સાલુવ વંશ
  **14.3.3**તુલુવા વંશ
  **14.1**અરવિંદ વંશ
**14.4** કૃષ્ણદેવરાવની સિદ્ધિઓ :
  **14.4.1**કૃષ્ણદેવરાયની પ્રારંભિક મુશ્કેલીઓ
  **14.4.2**કૃષ્ણદેવરાયના વિજયો
  **14.4.3**પોર્ટુગીઝો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો
  **14.4.4** લશ્કરી અને વહીવટી વ્યવસ્થા
  **14.4.5**સાહિત્ય અને કલાને પ્રોત્સાહન
**14.5** વિજયનગર સામ્રાજયની શાસનવ્યવસ્થા
**14.6** વિજયનગરની સામાજિક વ્યવસ્થા
**14.7** વિજયનગર સામ્રાજયની અર્થવ્યવસ્થા
**14.8** સારાંશ
**14.9** તમારી પ્રગતિ ચકાસોના જવાબો
**14.10** સંદર્ભ ગ્રંથો

## 14.0 ઉદ્દેશો

*આ અભ્યાસના એકમ બાદ તમે ....*

- *વિજયનગર સામ્રાજ્યની સ્થાપના વિશે જાણી શકશો.*
- *વિજયનગર સામ્રાજ્યના વિવિધ વંશો વિશે સમજી શકશો.*
- *કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ વિશે માહિતી મેળવી શકશો.*
- *વિજયનગર સામ્રાજ્યની શાસનવ્યવસ્થા, સામાજિકવ્યવસ્થા અને અર્થવ્યવસ્થા વિશે જાણકારી મેળવી શકશો.*
-

## 14.1 પ્રસ્તાવના

*આ એકમમાં આપણે દક્ષિણ ભારતના વિશાળ વિસ્તારમાં સ્થપાયેલા વિજયનગર સામ્રાજયનો ઉદય, વિકાસ અને કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ તેમ જ વિજયનગર સામ્રાજયની શાસનવ્યવસ્થા, સામાજિક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ કરીશું.*

*તુગલક વંશના નિર્બળ સુલતાનોના શાસન દરમ્યાન દિલ્હી સલ્તનતના વિઘટનનો પ્રારંભ થયો. સૈયદ અને લોદીવંશના સુલતાનોના શાસન દરમિયાન વિઘટનની પ્રક્રિયામાં વેગ આવ્યો. તેના પ્રાંતીય સૂબાઓ અને સરદારોએ બળવાઓ કરીને પોત પોતાંના સ્વતંત્ર રાજ્યોની સ્થાપના કરી. દક્ષિણ ભારતમાં પાંડય, હોયસળ, કાકતીય અને યાદવ જેવા રાજ્યોનો ઉદય થયો. પરંતુ દિલ્હીના સુલતાનોના સતત આક્રમણોના કારણે આ રાજ્યોની સત્તા લાંબા સમય સુધી ટકી શકી નહીં.ત્યાર પછી 14મી સદીની શરૂઆતમાં દક્ષિણ ભારતમાં બ્રહમની અને વિજયનગર સામ્રાજયનો ઉદય અને વિકાસ થયો.*

*આ એકમના અભ્યાસ પછી તમે વિજયનગર સામ્રાજયનો ઉદય, તેની સત્તાનો વિકાસ, તેના રાજવંશો અને શાસકો બ્રહમની શાસકો તથા દક્ષિણના રાજ્યો સાથે વિજયનગરના સંબંધો, કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ તેમ જ વહીવટી સામાજિક અને આર્થિક વ્યવસ્થા વગેરે અંગે વિસ્તૃત જાણકારી મેળવી શકશો.*

## 14.2 સ્થાપના અને વિકાસ

*વિજયનગર સામ્રાજ્ય કૃષ્ણા અને કાવેરી નદી વચ્ચે આવેલું હતું. જયારે સુલતાન મુહમ્મદ તુગલકના શાસનના અંતિમ વર્ષોમાં સંપૂર્ણ સામ્રાજ્યમાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ હતી, ત્યારે દક્ષિણ ભારતમાં હિન્દુઓ પોતાની ગુમાવી દીધેલી સ્વતંત્રતાને પુનઃપ્રાપ્ત કરવા માટે પ્રયત્નો કરવા લાગ્યા. છેવટે ઈ.સ. ૧૩૩૬માં સંગમવંશના હરિહર અને બુકકારાય નામના બે ભાઈઓએ તુંગભુદ્રા નદીના કિનારે શૃંગેરી મઠના સ્વામી વિદ્યારણ્યના આશીર્વાદથી વિજયનગર નામના નગરની સ્થાપના કરી હતી. તેની રાજધાની હમ્પી બનાવવામાં આવી. ત્યાર પછી તે વિશાળ સામ્રાજ્ય બની ગયું.*

*ડૉ.પી.શરણ લખે છે કે "આ રાજ્યની સ્થાપના એક પ્રકારે તે પ્રાચીન હિન્દુ સત્તાની પુનઃસ્થાપના જ હતી. જેને મુસ્લિમ વિજેતાઓએ નાશ કરીને દિલ્હી સામ્રાજયનો વિસ્તાર દક્ષિણ ભારત સુધી કર્યો હતો. પરંતુ તે કાયમ માટે ટકી શકયું નહીં. આ બંને ભાઈઓએ હિન્દુ સત્તાને જીવંત કરીને તે સ્વતંત્રતાના આંદોલનને પૂરું કર્યું. ઈ.સ. 1327માં મુહમ્મદ તુગલક જયારે દેવગીરીથી પાછો ફર્યો ત્યારે જ તેની શરૂઆત થઈ ગઈ હતી. "*

*વિજયનગર સામ્રાજ્યમાં કુલ ચાર રાજવંશોએ શાસન કર્યું હતું.*

1. *સંગમ વંશ (ઈ.સ.1336 થી ઈ.સ. 1485)*
2. *સાલુવ વંશ (ઈ.સ. 1485 થી ઈ.સ. 1505)*
3. *તુલુવ વંશ(ઈ.સ. 1505 થી ઈ.સ. 1510)*

4. *અરબિંદુ વંશ(ઈ.સ.* 1570 *થી* 1649)
*આ ચાર રાજવંશોમાં અનેક યોગ્ય અને પ્રતિભાશાળી રાજાઓ થઈ ગયા.*

## 14.3 રાજવંશો અને મહત્ત્વના શાસકો

**14.3.1** *સંગમવંશ : (ઈ.સ.* 1336 *થી* 1485*)*

*હરિહર પ્રથમ અને બુક્કારાય પ્રથમે વિજયનગરમાં જે રાજવંશની સ્થાપના કરી તે તેના પિતા સંગમના નામ ઉપરથી 'સંગમ વંશ' તરીકે ઓળખાય છે. રાજ્યની સ્થાપના કરવામાં તેમના બીજા ત્રણ ભાઈઓએ પણ મદદ કરી હતી. આ રીતે પાંચ સંગમ પુત્રો વિજયનગર સામ્રાજ્યના સાચા સ્થાપક હતા. આ રાજવંશે લગભગ* 150 *વર્ષ સુધી શાસન કર્યું. સંગમવંશના પ્રથમ શાસક હરિહરે* 18, *એપ્રિલ ઈ.સ.* 1336*માં ગાદી પ્રાપ્ત કરી.તેણે પોતાની તાકાત મજબૂત કરવા વિજયનગરમાં એક કર્ણ કિલ્લો બંધાવ્યો હતો. તેણે દરેક જગ્યાએ કિલ્લેબંધી કરાવી હતી. હરિહરે યુદ્ધોમાં વિજય મેળવીને પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. ઈ.સ.* 1346*માં તેણે હોયસળ રાજ્યના મોટાભાગના પ્રદેશો ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું હતું. તેના મૃત્યુ (ઈ.સ.*1357*) સુધીમાં વિજયનગર સામ્રાજ્ય ઉત્તરમાં કૃષ્ણા નદીથી દક્ષિણમાં કાવેરી નદી સુધી અને પૂર્વ તથા પશ્ચિમ સમુદ્રના મધ્યભાગ સુધી ફેલાયેલું હતું. તેનો શાસનકાળ અતૂટ શાંતિનો સમયગાળો હતો.*

*હરિહર નિઃસંતાન મૃત્યુ પામતા તેનો ભાઈ બુક્કારાય પ્રથમ (ઈ.સ.* 1357 *થી* 1377*) ગાદી ઉપર આવ્યો.તેનો મોટાભાગનો સમય પોતાના સમકાલીન બ્રહમની સુલતાનોની સાથે યુદ્ધો કરવામાં ગયો. આ યુદ્ધો થવાનું મુખ્ય કારણ એ હતું કે બંને રાજ્યોના શાસકો રાયસર-દોઆબના ઉપજા પ્રદેશ પર પોતાનું વર્ચસ્વ સ્થાપવા માંગતા હતા. તેના પુત્ર કુમાર કંપને દક્ષિણ ભારતમાં મદુરાના મુસ્લિમ સુલતાનને હરાવીને તેનું સામ્રાજ્ય વિજયનગર સામ્રાજ્યમાં ભેળવી દીધું. બુક્કારાય પ્રથમ એક મહાન યોદ્ધા, કુશળ રાનીતિજ્ઞ, ઉદાર શાસક અને સાહિત્યનો પોષક હતો. તેણે 'વેદમાર્ગ પ્રતિષ્ઠા' ની ઉપાધિ ધારણ કરી હતી. ઈ.સ.* 1374*માં તેણે ચીનમાં એક દૂત મોકલ્યો હતો. આ ઉપરાંત વૈદિક ધર્મને પ્રોત્સાહન પૂરું પાડવા માટે આચાર્ય માધવ વિદ્યારણ્ય તથા તેમના ભાઈ સાપણાચાર્યને વેદો ઉપર ટીકા ગ્રંથ લખવા મદદ કરી હતી. તેના સંરતકામાં તેલુગુભાષાના પ્રખ્યાત કવિ નયન સામે તેલુગુ ભાષાને ખૂબ ઉત્તેજન આપ્યું. નીલકંઠ શાસ્ત્રીના મતે "બુક્કારાય પ્રથમ પોતાના સમયનો એક મહાન શાસક હતો. તેને વિજયનગરનો સાચો સ્થાપક હોવાનો શ્રેય મળે છે. તે એક કુશળ યોદ્ધા હતો. જેણે મુસલમાનો વિરુદ્ધ મહાન સૈનિક સફળતાઓ પ્રાપ્ત કરી."*

*ફેબ્રુઆરી ઈ.સ.* 1377*માં બુક્કારાય પ્રથમ મૃત્યુ પામતાં તેનો પુત્ર હરિહર બીજો (ઈ.સ.* 1377-1404*) ગાદી ઉપર બેઠો.હરિહરે પોતાના ભાઈઓની જગ્યાએ પોતાના પુત્રોને પ્રાંતોના ગવર્નર બનાવ્યા.હરિહર પ્રથમ અને બુક્કારાય પ્રથમે રાજા કે મહારાજાની ઉપાધિ ધારણ કરી ન હતી. પરંતુ હરિહર બીજાએ 'મહારાજા ધિરાજ' અને 'રાજરાજેશ્વર' જેવા બિરુદો ધારણ કર્યા હતા. તેણે પોતાના શાસનકાળ દરમ્યાન મૈસૂર, ચિગલીપુર,*

*કજાડ, કાંચી,ગોવા, સપ્ત કોંકણ વગેરે પ્રદેશો ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો. તેના પુત્ર વિરૂપક્ષે શ્રીલંકા ઉપર આક્રમણ કરીને તેને સામંત રાજ્ય બનાવ્યું હતું. ઈ.સ.* 1398-99*માં વિજયનગર અને બ્રહમની સુલતાન ફિરોજશાહ વચ્ચે થયેલા ભયંકર યુદ્ધમાં તેનો પરાજય થયો હતો. જેના પરિણામે બંને વચ્ચે સંધિ થઈ જેમાં વિજયનગરે નુકસાની બદલ મોટી રકમનો દંડ આપવો પડયો હતો. પરંતુ બે વર્ષ પછી જ્યારે માળવા અને ગુજરાતના રાજાઓ સાથે તેની મિત્રતા થઈ ત્યારે કર આપવાનું બંધ કરી દીધું. તેણે* 27 *વર્ષના લાંબા શાસનકાળ દરમ્યાન વિજયનગર સામ્રાજયનો ખૂબ વિસ્તાર કર્યો. પ્રખ્યાત આચાર્ય સાયણ તેના મુખ્ય મંત્રી હતા. ઈ.સ.* 1404*માં તેનું અવસાન થતાં ઉત્તરાધિકારીની બાબતમાં તેમના પુત્રો વચ્ચે સંઘર્ષ થયો હતો. સૌ પ્રથમ વિરુપાતગાદી ઉપર બેઠો પરંતુ બુક્કારાય બીજાએ તેને હરાવીને ૨ વર્ષ સુધી શાસન કર્યુ. છેવટે દેવરાય પ્રથમ ગાદી ઉપર બેઠો.*

5 *નવે* 1406*માં હરિહર બીજાનો પુત્ર દેવરાય પ્રથમ ગાદીએ બેસે તેણે પણ બહ્મની રાજ્ય સાથે સતત સંઘર્ષ કરવો પડ્યો. બહ્મની સુલતાન ફિરોજ સામે તેનો પરાજય થયો હતો અને પોતાની પુત્રીના સુલતાન સાથે લગ્ન કરવા પડયા. તેમ જ લંકાપુરનો મહત્ત્વનો કિલ્લો આપવો પડ્યો હતો. ત્યાર પછી ઈ.સ.* 1420*માં ફિરોઝને હરાવીને પોતાની હારનો બદલો લીધો હતો. તેણે અરબ અને ઈરાનથી ઘોડા ખરીદી લાવીને પોતાની સૈન્ય શક્તિને મજબૂત કહેવા મુજબ ''તેના શાસનકાળમાં વિજયનગર ખરેખર 'વિદ્યાનગર' બની ગયું જયાં મોટા મોટા વિદ્વાનો શિક્ષણ લેવાનું અને આપવાનું કામ કરતા હતા. સેવેલના કહેવા મુજબ તેણે તુંગભદ્રા નદી ઉપર બંધ બંધાયો હતો. તેના સમયમાં ઈટાલિયન યાત્રી નિકોલી કોન્ટીએ (ઈ.સ.* 1420-21*) વિજયનગરની મુલાકાત લીધી હતી.*

*દેવરાય પ્રથમ પછી તેના પુત્ર રામચંદ્રે થોડા સમય શાસન કર્યું. પરંતુ ત્યારબાદ તેનો ભાઈ વિજયરાય પ્રથમ ગાદીએ આવ્યો. તે એક નિર્બળ શાસક હતો. તેના પછી દેવરાય બીજો (ઈ.સ.* 1420 *થી* 1446*) ગાદીએ આવ્યો. તે સંગમવંશનો એક મહાન શાસક હતો. તેણે બહ્મનીરાજ્યની સાથે અનેક યુદ્ધો કર્યા અને વિજયનગર સામ્રાજયને મુસ્લિમ આક્રમણોથી બચાવ્યું. તેણે પોતાની સૈન્ય શક્તિને મજબૂત કરવા માટે શક્તિશાળી મુસ્લિમ ઘોડે સવારો અને તિરંદાજોને પોતાના લશ્કરમાં ભરતી કરીને લશ્કરનું પુનઃસંગઠન કર્યું. નનિનના કહેવા મુજબ "દેવરાય શ્રીલંકા", પુલીકટ, પેગુ, તેનાસરીજા તેમ જ અન્ય શાસકો પાસેથી કર લેતો હતો. તેણે સ્થાનિક સાહિત્ય અને કલાને પણ ઉત્તેજન આપ્યું હતું. તેના શાસનકાળ દરમ્યાન ઈ.સ.* 1443*માં ઈરાની રાજદૂત અબ્દુલ રઝાક (અબ્દુલર્રજાડે) વિજયનગર સામ્રાજયની મુલાકાત લીધી હતી. નિકોલો કોન્ટીના જણાવ્યા મુજબ તે સમયે વિજયનગરનું રાજ્ય ભારતમાં સૌથી શક્તિશાળી રાજ્ય હતું. તેના મહેલમાં ૧૨ હજાર સ્ત્રીઓ હતી. જેમાંથી ૪ હજાર તેની સાથે દરેક જગ્યાએ જતી હતી. બે હજાર કે ત્રણ હજાર સ્રીઓને એ શરત સાથે રાખવામાં આવતી કે રાજાનું મૃત્યુ થાય તો તેણે સતી થવાનું હતું."*

*દેવરાય બીજાના મૃત્યુ પછી વિજયરાય બીજો (પ્રતાપદેવરાય) થોડા સમય સુધી (ઈ.સ. 1446-1447) ગાદીએ આવ્યો.ત્યાર પછી ગાદીએ આવેલ રાજા મલ્લિકા પછી ગાદીએ આવેલ રાજા મલ્લિકાર્જુન નાની ઉંમરનો હોવાથી -----લાભ લઈ બહ્મની સુલતાન અલાઉદીન બીજાએ અને ઓરિસ્સાના કપિલેશ્વર ગજપતિએ વિજયનગર પર સંયુક્ત આક્રમણ કર્યું. આ સમયે સાલુવ નેતા નરસિંહની મદદથી આક્રમણને અસફળ બનાવ્યું હતું. પરંતુ તેનો વારસો નિર્બળ નીકળ્યો.તેના મૃત્યુ (ઈ.સ.1465) પછી વીરુપક્ષ ગાદીએ આવ્યો. આ નિર્બળ રાજાના શાસનમાં ચારે બાજુ અશાંતિ અને અવ્યવસ્થા ફેલાઈ ગઈ તેમ જ પ્રાંતીય સૂબાઓ સ્વતંત્ર થઈ ગયા. અને લાભ લઈને બહ્મની સુલતાને રાયચૂર અને દોઆબના પ્રદેશ પર પોતાની સત્તા સ્થાપી દીધી. બીજી બાજુ ઓરિસ્સામાં રાજાએ ત્રિરુવનામલઈ સુધી આક્રમણો કર્યા .આવા કપરા સમયમાં સામ્રાજયમાં રક્ષણ માટે ચંદ્રગિરિનાં હિન્દુ સરદાર નરસિંહ સુલવે ઈ.સ. 1485માં વીરુપાણને ગાદીથી હટાવીને શાસનની ધૂરા પોતાના હાથમાં લઈ લીધી. આ રીતે વિજયનગરમાં સંગમવંશની જગ્યાએ સાલુવવંશના શાસનની સ્થાપના થઈ.*

### 14.3.2 સાલુવ વંશ (ઈ.સ. 1485 થી 1505)

*નરસિંહ સાલુવંશનો હોવાથી તેનો વંશ "સાલુવ વંશ"તરીકે ઓળખાય છે.તેણે પોતાના છ વર્ષના શાસનકાળ દરમ્યાન પ્રાંતોના અનેક વિદ્રોહને કચડી નાંખ્યા. તેની સત્તા સ્વીકારવા તૈયાર ન હતા તેવા શાસકો ઉપર અંકુશ મેળવી લીધો. તેણે બહ્મની સુલતાન અને ઓરિસ્સાના રાજાઓ વિરુદ્ધ યુદ્ધ કરીને ગુમાવેલા પ્રદેશો પાછા મેળવ્યા હતા. તેણે સૈન્ય શક્તિને મજબૂત કરવા અરબી ઘોડાઓનો વ્યાપાર ફરીથી શરૂ કર્યો. ઈ.સ. 1490માં તેનું મૃત્યુ થયું. આ વંશના શાસકોમાં નરસિંહ સાલુવને બાદ કરતા કોઈ નોંધપાત્ર શાસક થયો નહીં. તેના ઉતરાધિકારી ખૂબ અયોગ્ય અને નિર્બળ સાબિત થયા. આ સ્થિતિનો લાભ ઉઠાવીને સેનાપતિ વીર નરસિંહ તલુવાએ સમ્રાટ ઈમાદી નરસિંહની હત્યા કરીને ઈ.સ. 1505માં રાજ્યની સત્તા પોતાના હસ્તક લઈ લીધી.*

### 14.3.3 તુલુવ વંશ (ઈ.સ. 1505 થી 1507)

*નરસ નાયકનો તુલુવ પ્રદેશના શાસક વંશમાં જન્મ થયો હતો. તેથી તેના પુત્ર વીર નરસિંહે સત્તાની સ્થાપના કરતાં તેને "તુલુવ વંશ" ના નામે ઓળખવામાં આવે છે. તેના શાસનકાળ દરમ્યાન સતત વિદ્રોહ થયા હતા. જેના પરિણામે એ શાસનવ્યવસ્થા તરફ પૂરતું ધ્યાન આપી શક્યો ન હતો. તેમ છતાં તેણે રાજ્યના સૈન્ય સંગઠનમાં અનેક સુધારા કર્યા અને પોર્ટુગીઝને સાથે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કર્યા. તેણે પોતાના રાજ્યની પ્રજામાં સાહસ અને શૂરવીરતા લાવવા માટે ખૂબ પ્રયત્નો કર્યા. તેણે કેટલાક કર દૂર કરીને પ્રજાને રાહત આપવાનો પ્રયત્ન કર્યો હતો. વીરનરસિંહના મૃત્યુ પછી વિજયનગરનો સર્વશ્રેષ્ઠ શાસક કૃષ્ણદેવરાય ગાદી ઉપર આવ્યો. (તેની વિગતવાર ચર્ચા પાછળથી કરીશું) કૃષ્ણદેવરાયના અવસાન પછી તેનો ભાઈ અચ્યુતરાય (ઈ.સ.1529-1540) ગાદીએ આવ્યો. તેના પછી વેંકટ પ્રથમ અને તિરુઝાલ પ્રથમે શાસન કર્યું. ત્યાર પછી*

*અચ્યુતરાયનો ભત્રીજો સદાશિવ રાય ઈ.સ.1542માં ગાદી ઉપર આવ્યો. જો કે સાચી સત્તા તો કૃષ્ણદેવરાયના જમાઈ અને મંત્રી રામરાયના હાથમાં જ હતી. રાજારાયે પોતાની અવિવેકપૂર્ણ નીતિથી વિજયનગર સામ્રાજ્યને પતનના માર્ગે ધકેલી દીધું. તેણે ઉત્તર-દક્ષિણ મુસ્લિમ રાજ્યોમાં હસ્તક્ષેપ શરૂ કર્યો. જેનાથી બધા જ મુસ્લિમ શાસકો વિજયનગર સામ્રાજ્યના વિરોધી બની ગયા. છેવટે બીજાપુર અહમદનગર ગોંલકોડા અને બીદરના શાસકોએ વિજયનગરને કચડી નાખવા એક મુસ્લિમ સંઘની સ્થાપના કરી. 23 જાન્યુઆરી 1565ના રોજ આ મુસ્લિમ સંઘે ભેગા થઈને વિજયનગર પર આક્રમણ કર્યું. કૃષ્ણ નદીના કિનારે તાલીકોટ પાસે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં રાજારાયે વીરતાપૂર્વક સામેનો કર્યો પરંતુ તેને પકડી લેવામાં આવ્યો અને અહમદનગરના નિઝામશાહે તેને જાનથી મારી નાંખ્યો. આ યુદ્ધમાં વિજયનગરનો પરાજય થયો. મુસ્લિમ સેનાઓએ ચારેબાજુ ભયાનક લૂંટ ચલાવી. તાલીકોટાનું યુદ્ધ વિજયનગરના પતનના સંદર્ભમાં ખૂબ જ નિર્ણાયિક સાબિત થયું હતું. મુસ્લિમ સુલતાનોએ રાજ્યના કેટલાક ભાગ ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું તેમ જ રાજ્યની સૈન્ય શક્તિને ખૂબ ગંભીર નુકસાન પહોંચ્યું હતું. તેના પછી વિજયનગર સામ્રાજ્ય ફરીથી મજબૂત થઈ શકયું નહી.*

### 1.4.4 અરબિંદુ વંશ (ઈ.સ. 1570 થી 1641)

*તાલીકોટના યુદ્ધ પછી વિજયનગર સામ્રાજ્યના મોટાભાગ ઉપર મુસ્લિમ સુલતાનોએ પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું હતું. પરંતુ રામરાયના ભાઈ તિરુમલે ઈ.સ. 1570માં પેનુંકોંડા ઉપર કબજો જમાવીને અરબિંદુ વંશની સ્થાપના કરી. આ વંશના બધા જ શાસક અયોગ્ય અને નિર્બળ હતા. જે વિજયનગર સામ્રાજ્યને નાશ થતાં બચાવી શક્યા નહીં. પ્રાંતોના સૂબાઓ સ્વતંત્ર બની ગયા. અરબિંદુ વંશનો છેલ્લો શાસક વેંકટ ત્રીજો ખૂબ જ અયોગ્ય સાબિત પુરવાર થયો. વિજયનગર સામ્રાજ્યના ઉમટના ભાગો ઉપર મુસ્લિમોએ સત્તાની સ્થાપના કરી અને દક્ષિણના ભાગો ઉપર આવેલા ઓરિંગપટનમ, બદનુર, મદુર અને તાંજોર વગેરેના સામંતો સ્વતંત્ર થઈ ગયા. જેના પરિણામે ઈ.સ. 1641ની આસપાસ વિજયનગર સામ્રાજ્યનો અંત આવ્યો.*

- **તમારી પ્રગતિ ચકાસો. 1**

1. *વિજયનગર સામ્રાજ્યની સ્થાપના વિશે ટૂંકમાં ચર્ચા કરો.*

2. *દેવરાય પ્રથમ વિશે ચર્ચા કરો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_____________________________________________

3. *તાલીકોટાનું યુદ્ધ*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_____________________________________________

**અ. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *વિજયનગર સામ્રાજ્યની સ્થાપના ક્યારે થઈ?*
   *અ) ઈ.સ.* 1336 *(બ) ઈ.સ.* 1347 *(ક) ઈ.સ.*1206
   *(ડ) ઈ.સ.*1526
2. *વિજયનગર અને બ્રહમનીસુલતાનો વચ્ચે સંઘર્ષની શરૂઆત કોના શાસનકાળમાં થઈ હતી?*
   *(અ) દેવરાય પ્રથમ (બ) હરિહર અને બુક્કા (ક) દેવરાય બીજો*
   *(ડ) વીર નરસિંહ*
3. *મુસ્લિમોને સેનામાં નિયુક્ત કરવાવાળો વિજયનગરનો પ્રથમ શાસક કોણ હતો?*
   *(અ) દેવરાય પ્રથમ (બ) દેવરાય બીજો (ક) કૃષ્ણદેવરાય*
   *(ડ) સાલુવ નરસિંહ*
4. *નીચેનામાંથી વિજયનગર સામ્રાજ્યનો પ્રથમ રાજવંશ કોણ હતો?*
   *(અ) હોયસલ (બ) સાલુવ (ક) સંગમ (ડ) તુલુવ*
5. *વિજયનગરના વિરુદ્ધમાં દક્ષિણના સુલતાનોએ બનાવેલા મહાસંઘમાં કોણ સામેલ ન હતું.*
   *(અ) બીજાપુર (બ) અહમદનગર (ક) ગોલકુંડા (ડ) બરાર*

## 14.4 કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ

*સમ્રાટ વીર નરસિંહના મૃત્યુ પછી તેનો ઓરમાન ભાઈ કૃષ્ણદેવરાય 8 ઓક્ટોબર ઈ.સ. 1509માં ગાદીએ આવ્યો. તે તેના વિજયો, કુશળ વહીવટ તથા કલા સાહિત્ય માટે પ્રખ્યાત છે. તે ફક્ત તુલુવવંશનો જ નહી પરંતુ વિજયનગરના સમ્રાટોમાં સર્વશ્રેષ્ઠ શાસક સાબિત થયો. બાબરે તેની આત્મકથા 'તુજકે-એ-બાબરીમાં' કૃષ્ણદેવરાયને ભારતનો સૌથી શક્તિશાળી રાજા ગણાવ્યો હતો. ઈ.સ. 1509 થી 1529 સુધીના 20 વર્ષના શાસનકાળ દરમ્યાન તેણે વિજયનગરને એક વિશાળ તેમ જ ગૌરવશાળી સામ્રાજ્ય બનાવી દીધું. (કૃષ્ણદેવરાયનો જન્મ 16 ફેબ્રુઆરી ઈ.સ. 1471માં કર્ણાટકના હમ્પીમાં થયો હતો. તેના પિતાનું નામ નાયક અને માતાનું નામ નગલા દેવી હતું.)*

### 14.4.1 કૃષ્ણદેવરાયની પ્રારંભિક મુશ્કેલીઓ

*કૃષ્ણદેવરાય ખૂબ જ શૂરવીર અને કુશળ સેનાપતિ હતો. પરંતુ તેના શાસનની શરૂઆત શાંતિપૂર્ણ રીતે થઈ ન હતી.શરૂઆતમાં પ્રાંતોના બળવા અને બહ્ય આક્રમણો જેવી ઘણી મુશ્કેલીઓનો તેને સામનો કરવો પડયો. ઉમ્મતુરનો સામંત શાસક એક સ્વતંત્ર શાસકની જેમ વ્યવહાર કરતો હતો. ઓરિસ્સાના ગજપતિ રાજાઓએ પૂર્વ અને ઉદયગીરીના દરિયાકિનારાના પ્રદેશો સુધી પોતાના સામ્રાજયનો વિસ્તાર કર્યો હતો તેમ જ પ્રતાપરુદ્ર ગજપતિની સામ્રાજયવાદી લાલસા હજુ પણ શાંત થઈ ન હતી. ઉત્તર બહ્મની સામ્રાજય નષ્ટ થઈ ગયું હતું પરંતુ બીજાપુરનો સુલતાન વિજયનગર સામ્રાજય હમ્પી તરફ વધવા ઈચ્છતો હતો. પશ્ચિમી સમુદ્રના કિનારા તરફ પોર્ટુગીઝો પોતાની સત્તાનો વિસ્તાર કરવા પ્રયત્ન કરતા હતા તેમ જ પોતાની સામ્રાજયવાદી મહત્ત્વાકાંક્ષાઓને સંતોષવા માટે વિજયનગરની મદદ મેળવવા માંગતા હતા. ઈ.સ.1510માં આલ્બુકર્કે ફાધર લૂઈને કાલીકટના રાજા ઝામોરીનની વિરુદ્ધમાં યુદ્ધ સંબંધી સમજૂતી કરવા અને મત્કલ તેમ જ મેંગ્લોરની મધ્યમાં એક કારખાનાની સ્થાપના કરવા વિજયનગર મોકલ્યો હતો. પરંતુ કૃષ્ણદેવરાય શરૂઆતમાં આ પ્રકારની સમજૂતીથી દૂર રહેવા ઈચ્છતા હતા. તેથી તેમણે પોર્ટુગીઝ દૂતને સ્પષ્ટ જવાબ આપીને પાછો મોકલી દીધો. કૃષ્ણદેવરાયની રાજકીય અને લશ્કરી સફળતાઓને ક્રમ સ્પષ્ટ જોવા મળતો નથી. પરંતુ અભિલેખો અને પોર્ટુગીઝ યાત્રીઓના વિવરણ પરથી આપણે તેમના વિજયોને ક્રમબદ્ધ રીતે રજૂ શકીએ છીએ.*

### 14.4.2 કૃષ્ણદેવરાયના વિજયો

*ઈ.સ. 1509-10માં કૃષ્ણદેવરાયની મૂશ્કેલીઓનો લાભ લઈને સુલતાન મહમૂદશાહે પોતાના અમીરો અને સમર્થકો સાથે વિજયનગર પર આક્રમણ કર્યુ. પરંતુ આગળ વિજયનગરની સેનાએ તેને સખત પરાજય આપ્યો.આ યુદ્ધમાં બીજાપુરનો સુલતાન યુસુફ આદિલ મૃત્યુ પામ્યો. યુસુફ આદિલના મૃત્યુ પછી બીજાપુરની અર્થવ્યવસ્થા પડી ભાંગી. કારણ કે યુસુફનો ઉત્તરાધિકારી ઈસાઈલની ઉંમરમાં નાનો હતો. કૃષ્ણદેવરાયે*

*તેનો લાભ લઈને ઈ.સ. 1512માં રાયસૂર પર અધિકાર મેળવી લીધો. આ ઉપરાંત તેણે બીદર પર આક્રમણ કરીને બહ્મની સુલતાન મહમૂદશાહને બરીદના હાથોમાંથી મુક્ત કરીને ફરીથી ગાદી પર બેસાડયો અને તેણે 'યુવરાજ સ્થાપનાચાર્ય' નું બિરુદ પ્રાપ્ત કર્યું.*

*કૃષ્ણદેવરાયે થોડા સમય પછી દક્ષિણ મૈસૂરના ઉમ્મતૂરના બળવાખોર સામંત ગંગારામને હરાવીને શ્રીરંગમ અને શિવસમુદ્રના વ્યૂહાત્મક કિલ્લાઓ કબજે કર્યા. ત્યાર પછી પોતાની આંતરિક સ્થિતિ મજબૂત થતાં ઓરિસ્સાના ગજપતિઓ સામે યુદ્ધ કરવાની યોજના બનાવી. ઈ.સ.1513-18ની વચ્ચે કૃષ્ણદેવરાયે ઓરિસ્સાના " ગજપતિ રાજા પ્રતાપચંદ્ર સાથે ચાર યુદ્ધો કર્યા. આ તમામ યુદ્ધોમા ગજપતિ સેનાઓની હાર થઈ. સંપૂર્ણ રીતે પરાજય થતાં ગજપતિ નરેશે સંધિ માટે વિનંતી કરી અને પોતાની પુત્રીના લગ્ન કૃષ્ણદેવરાય સાથે કર્યા. તેના બદલામાં કૃષ્ણદેવરાયે કૃષ્ણા નદીના ઉત્તરમાં જીતેલા પ્રદેશો ગજપતિ નરેશને પાછા સોંપી દીધા."*

*કૃષ્ણદેવરાય જયારે ઓરિસ્સા સામે યુદ્ધમાં રોકાયેલા હતા ત્યારે તેનો ફાયદો ઉઠાવીને ગોલકુંડાના સુલતાન કુલીન કુતીલશાહે વિજયનગરની સીમા પર આવેલ પાંગલ અને ગુંટુરના કિલ્લાઓ પર અધિકાર મેળવી લીધો. ત્યાર પછી ગોલકુંડાના સુલતાને ગજપતિ નરેશને કૃષ્ણ અને ગોદાવરી નદી વચ્ચે આવેલા પ્રદેશ આપવા મજબૂર કર્યો. આ સફળતાઓથી ગોલકુંડાના સુલતાનનું એટલું બધું સાહસ વધી ગયું કે કુતુલશાહી સેનાઓએ વિજયનગરના કોડવિંદુ કિલ્લા ઉપર આક્રમણ કરીને કબ્જો મેળવ્યો. કૃષ્ણદેવરાયે ગોલકુંડા પર આક્રમણકરવાબાહોશ પ્રધાન અને સેનાપતિ સાલુવ તિમ્મને મોકલ્યો. તેણે કુતુલશાહી સેનાઓને ભયંકર રીતે પરાજિત કરી ઘણા બધા પ્રદેશો પાછા મેળવી લીધા. એ જ સમયે બીજાપુરના સુલતાન ઈસ્માઈલ આદિલે રાયસૂરનો કિલ્લો કબ્જે કર્યો.*

*કૃષ્ણદેવરાયે બીજાપુર ઉપર આક્રમણ કરીને આદિલની શાહી સેનાઓને પરાજિત કરી બીજાપુરથી પાછા ફરતી વખતે વિજયનગરની સેનાઓએ ગુલબર્ગ પર ફરીથી આક્રમણ કર્યું. અને ગુલબર્ગના કિલ્લામાં કેદ કરવામાં આવેલ ત્રણ બહ્મની શાહજાદાઓને મુક્ત કર્યા. આ રીતે ઈ.સ. 1520 સુધીમાં કૃષ્ણદેવરાયે વિજયનગરના બધા જ દુશ્મનોને પરાજિત કર્યા. કૃષ્ણદેવરાયના વિજયોના પરિણામે વિજયનગરનું સામ્રાજ્ય અરબસાગરથી લઈને બંગાળની ખાડી સુધી ભારતના મોટાભાગના પ્રદેશમાં ફેલાયું હતું. જેમાં આજના કર્ણાટક, તમિલનાડુ, આધ્રપ્રદેશ, કેરલ, ગોવા અને ઓરિસ્સાના પ્રદેશનો સમાવેશ થાય છે.વિજયનગર સામ્રાજયની સીમાઓ પૂર્વમાં વિશાખાપટ્ટનમ, પશ્ચિમમાં કોકણ અને દક્ષિણમાં છેક નીચે સુધી વિસ્તાર પામી હતી.*

### 14.4.3 પોર્ટુગીઝો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો

*કૃષ્ણદેવરાયે શરૂઆતમાં પોર્ટુગીઝો સાથે તટસ્થ દષ્ટિકોણ અપનાવ્યો હતો. પરંતુ પાછળથી પોર્ટુગીઝો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો રાખ્યા હતા. પોર્ટુગીઝોને સામ્રાજયમાં વેપારની સગવડો પૂરી પાડી અને પોતાના લશ્કર માટે તેમની પાસેથી ઘોડાઓ ખરીદ્યા.આ સમય દરમિયાન અનેક પોર્ટુગીઝ વેપારીઓ અને મુસાફરોએ વિજયનગરની મુલાકાત લીધી.*

*કૃષ્ણદેવરાયે પોર્ટુગીઝોને પોતાના મિત્ર બનાવ્યા પરંતુ વિજયનગરની રાજકીય બાબતોમાં હસ્તક્ષેપ કરવાની સહેજપણ પરવાનગી આપી ન હતી. ઈ.સ. 1523માં પોર્ટુગીઝોએ ગોવા મેળવવાનો પ્રયત્ન કર્યો ત્યારે કૃષ્ણદેવરાયે તેમની વિરુદ્ધ શક્તિશાળી લશ્કર મોકલીને તેમના પ્રયત્નો નિષ્ફળ બનાવ્યા.*

### 14.4.4 લશ્કરી અને વહીવટી વ્યવસ્થા

*કૃષ્ણદેવરાય ફક્ત એકમહાન યોદ્ધા જ નહીં પરંતુ વિજયનગરના ઈતિહાસમાં એક મહત્ત્વનો લશ્કરી સેનાપતિ હતો. સમગ્ર ભારતના ઈતિહાસમાં આવા સફળ સેનાપતિઓનાં ઉદાહરણો ખૂબ ઓછા છે. તેણે વિજયનગરના લશ્કરને ખૂબ જ શક્તિશાળી બનાવ્યું અને સામ્રાજ્યની તમામ રાજકીય અને સૈનિક સમસ્યાઓનું સફળ નિદાન કર્યું. તે પોતાના સૈનિકોને વ્યક્તિગત રીતે પ્રેમ અને રક્ષણ આપતો હતો. તે યુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકોના ઈલાજની દેખભાળ અને જરૂરી સગવડ પૂરી પાડવા પોતે વ્યક્તિગત રીતે ધ્યાન આપતો તેમ જ યુદ્ધમાં શૌર્ય બતાવનાર સૈનિકોનું સન્માન કરતો હતો.*

*કૃષ્ણદેવરાયનું મોટાભાગનું જીવન યુદ્ધો કરવામાં પસાર થયું હોવા છતાં વહીવટી વ્યવસ્થા તરફ ખૂબ ધ્યાન આપ્યું હતું. તે એક સફળ રાજનીતિજ્ઞ અને મહાન વહીવટીકર્તા હતો. કૃષ્ણદેવરાયના દરબારમાં મુખ્ય સલાહકાર તેનાલીરામ (રામલિંગમ) હતો. તેના લશ્કરી અને શાસન વ્યવસ્થાનો ખ્યાલ પ્રખ્યાત તેલુગુ ગ્રંથ 'આમુક્ત માલ્યદ' માંથી આવે છે. આ ગ્રંથમાં અધિકારીઓ પર અંકુશ, મંત્રીઓની નિમણુક,ન્યાય વ્યવસ્થા અને વિદેશનીતિનું સંચાલન વગેરે બધા વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેણે પ્રાંતીય શાસનની પુનઃરચના કરી અને સરદારોને અંકુશમાં રાખ્યા તે સામ્રાજ્યનો સતત પ્રવાસ કરીને પ્રજાની ફરિયાદો તેમ જ સ્થાનિક શાસન દ્વારા પ્રજાને થતા અન્યાયો દૂર કરતો. તેણે સામ્રાજ્યમાં તળાવો અને નહેરો ખોદાવીને ફક્ત સિંચાઈની સગવડો જ પૂરી પાડી ન હતી પરંતુ બિનઉપજાઉ અને જંગલની જમીનને ખેતી માટે યોગ્ય બનાવવા પ્રયત્ન કર્યો. તેનાથી રાજ્યની આવકમાં ખૂબ વધારો થયો. તેણે વિવાહ કર જેવા અયોગ્ય વેરાઓ નાબૂદ કરીને પ્રજાનો પ્રેમ મેળવ્યો. 'આમુક્ત માલ્યદ' નામના ગ્રંથોમાં રાજ્યની આવકનાં સાધનો અને અર્થવ્યવસ્થાના વિકાસનું સંપૂર્ણ વર્ણન કરેલ છે. આ ગ્રંથમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે રાજાએ તળાવો ખોદાવીને તેમ જ અન્ય પ્રજાહિત કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરીને પ્રજાને ખુશ રાખવી જોઈએ. વિદેશ વેપારને ઉત્તેજન આપવા સુવિધાવાળા બંદરોનું નિર્માણ કરવું જોઈએ. રાજાએ કોઈ દિવસ ધર્મ અને ન્યાયની અવગણના ન કરવી જોઈએ. 'આમુક્ત માલ્યદ'ના આ નીતિ નિર્દેશોફક્ત આદર્શરૂપ જ ન હતા પરંતુ કૃષ્ણદેવરાયે તેનો વ્યવહારમાં પણ અમલ કર્યો હતો. તેના પરથી ખ્યાલ આવે છે કે તે કેટલો સફળ અને મહાન શાસક હતો. તેના સંપૂર્ણ શાસનકાળ દરમ્યાન જોવા મળતી શાંતિ વ્યવસ્થા અને સમૃદ્ધિ તેના સફળ શાસક હોવાની પ્રતીતિ કરાવે છે.*

### 14.4.5 સાહિત્ય અને કલાને પ્રોત્સાહન

સમુદ્રગુપ્તની જેમ કૃષ્ણદેવરાય પણ વિજેતા હોવા ઉપરાંત એક સંસ્કારી સમ્રાટ હતો. તેણે વિદ્વાનો, કવિઓ અને કલાકારોને એટલું બધું પ્રોત્સાહન આપ્યું કે લોકો તેને 'આંધ્રનાભોજ' 'અભિનવ ભોજ' કે 'આંધ્રના પિતા' તરીકે ઓળખતા હતા. તેના શાસનકાળ દરમ્યાન તેલુગુ સાહિત્યનો ખૂબ વિકાસ થયો. તેના દરબારને તેલુગુભાષાના આઠ વિદ્વાનો શોભાવતા હતા. તેમને "અષ્ટ દિગ્ગજો" તરીકે પણ ઓળખવામાં આવે છે. તે મંત્રીમંડળમાં પણ સામેલ હતા અને સમાજ કલ્યાણનાં કામો કરતા હતા. તેણે તેલુગુ ભાષામાં 'આમુક્ત માલ્યદ' નામનો ગ્રંથ લખ્યો હતો. તેણે સંસ્કૃત ભાષામાં 'જામ્બવતી કલ્યાણ' નામના નાટકની રચના કરી હતી. તે ઉપરાંત સંસ્કૃત ભાષામાં 'પરિણય સકલકથાસાર સંગ્રહ 'મદારસાચરિત્ર' વગેરે પણ લખ્યાં હતાં. તેણે તેલુગુ સિવાય સંસ્કૃત તેમ જ દક્ષિણભારતની અન્ય પ્રાદેશિક ભાષાઓને પણ ઉત્તેજન આપ્યું.

કૃષ્ણદેવરાયના સમયમાં કલાના ક્ષેત્રે પણ નોંધપાત્ર વિકાસ થયો હતો. તેણે આક્રમણકારો દ્વારા તોડેલાં પ્રાચીન મંદિરો ફરીથી બંધાવ્યાં. રાજગોપુરમ્ રામેશ્વરમ્ , રાજમહેન્દ્રપુરમ તેમ જ અનંતપુર સુધી અનેક મંદિરોનું નિર્માણ કર્યું. તે પોતે ધાર્મિક અને વિષ્ણુભક્ત હોવાથી સ્થાપત્યને પ્રોત્સાહન આપ્યું. તેણે વિજયનગરમાં ભવ્ય રામમંદિર અને હજાર સ્તંભવાળા મંદિરનું નિર્માણ કરાવ્યું. તેણે નાગલપુર નામના નવા નગરની સ્થાપના કરી. ત્યાં તેણે અનેક ભવ્ય મકાનો તેમ જ મંદિરોનું નિર્માણ કરાવ્યું. તેના શાસનકાળમાં સમગ્ર સામ્રાજયમાં સ્તંભોવાળા મંડપો અને ગોપુરમોનું બાંધકામ થયું હતું. તેણે અનેક પ્રખ્યાત કલાકારોની મંદિરોના સૌંદર્યની વૃદ્ધિ માટે પસંદગી કરી હતી.

કૃષ્ણદેવરાય મહાન વિજેતા હોવા ઉપરાંત મહાન મુત્સદી, કુશળ, વહીવટકાર અને સાહિત્ય તેમ જ કલાનો પુરસ્કર્તા હતો. ડૉ. ઈશ્વર ઓઝા નોંધે છે તેમ "કૃષ્ણદેવરાયને ધર્મ, સાહિત્ય અને પ્રજા પ્રત્યે અનુરાગ ઘણો હતો તે મંદિરો અને બ્રાહ્મણોને સર્વસ્વ આપી દેતો તેના આવા ગુણોને કારણે દક્ષિણભારતના સર્વ શાસકોમાં તે મહાન શ્રેષ્ઠ અને પ્રથમ પંક્તિના શાસકોમાં સ્થાન પામે છે."

વિજયનગર સામ્રાજયની મુલકાતે આવેલ પાયઝ નામના એક પોર્ટુગીઝ યાત્રીએ કૃષ્ણદેવરાય વિશે લખ્યું છે કે " તે ખૂબ વિદ્વાન અને સર્વગુણ સંપન્ન રાજા હતો. તે વિદેશીઓનું સન્માન અને ખૂબ નમ્રતાથી સ્વાગત કરતો હતો. તે વિદેશીઓની બધી જ મુશ્કેલીઓ વિશે પૂછતો હતો. તે એક મહાન શાસક હતો જે ન્યાયમાં વિશ્વાસ કરતો હતો. પરંતુ કોઈ કોઈ વખત ખૂબ જ ગુસ્સામાં આવી જતો. તે પોતાના સમયના બધા જ રાજાઓથી સર્વશ્રેષ્ઠ હતો. કારણ કે તેનું સામ્રાજય અને સૈન્ય શક્તિ સૌથી વધારે હતું. પરંતુ તેનું વ્યક્તિત્વ આ બધી સાંસારિક બાબતોથી ખૂબ જ ઊંચું હતું. તે એટલો શૂરવીર અને ક્રૂર હતો કે તેની સરખામણી બીજા કોઈની સાથે કરી શકાય નહીં." આ પ્રકારની સફળતાઓને લીધે કૃષ્ણદેવરાયનો શાસનકાળ દક્ષિણ ભારતના ઈતિહાસમાં એક મહાનયુગ તરીકે ઓળખવામાં આવે છે.

- **તમારી પ્રગતિ ચકાસો : 2**

1. *કૃષ્ણદેવરાયની રાજકીય સિદ્ધિઓ વિશે ચર્ચા કરો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_____________________________________________

2. *કૃષ્ણદેવરાયની લશ્કરી અને વહીવટી વ્યવસ્થાનું ટૂંકમાં વર્ણન કરો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
______________________________________________

3. *કૃષ્ણદેવરાય સાહિત્ય અને કલાનો પોષક હતો આ વિધાનની ચર્ચા કરો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_____________________________________________

**અ. ખાલી જગ્યા પૂરો .**

1. *કૃષ્ણદેવરાયે __________ગ્રંથની રચના કરી હતી.*
2. *કૃષ્ણદેવરાયના સમયમાં ચર્ચિત 'અષ્ટ દિગ્ગજ' __________હતા.*
3. *________અને ____________વિદેશી યાત્રીકોએ કૃષ્ણદેવરાયના સમયમાં વિજયનગરની મુલાકાત લીધી હતી.*
4. *કૃષ્ણદેવરાયે __________ની સાથે મૈત્રીપૂર્ણ સંબંધો બાંધ્યા હતા.*
5. *'રાય ગૌપુરમ' નું નિર્માણ ____________એ કર્યું હતું.*
6. *___________વિજયનગરના સમ્રાટે ઉમ્માતૂરના વિદ્રોહી સામંત ગંગારામનું દમન કર્યું હતું.*
7. *કૃષ્ણદેવરાયે ગોલકુંડાના _________રાજા સાથે યુદ્ધ કર્યું હતું.*

**14.5 વિજયનગર સામ્રાજયની શાસનવ્યવસ્થા**

*વિજયનગર સામ્રાજ્યમાં રાજાનું પદ સર્વોચ્ચ હતું. રાજા સમગ્ર શક્તિનો સ્રોત હતો વિજયનગરનું તંત્ર વંશપરંપરાગત રાજાશાહીનું હતું. રાજાને શાસનકાર્યમાં મદદરૂપ થવા માટે એક વિશાળ મંત્રી પરિષદ હતી. તેમાં 20 સભ્યો હતા. આ મંત્રીઓની બેઠક એક સભાખંડમાં મળતી હતી. તેને 'વેંકટ વિલાસ માનવ' કહેવામાં આવતો હતો. તેમાં મંત્રીઓ, પ્રાંતીય સૂબેદારો, સૈનિક નેતાઓ, બ્રાહ્મણો અને પંડિતોનો સમાવેશ થતો હતો. આ બધાની નિમણૂક રાજા કરતો હતો. આ પરિષદના સભ્યો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જાતિઓમાંથી લેવામાં આવતા હતા. કેટલાક મંત્રીઓના પદ વારસાગત બની ગયા હતા. રાજા મંત્રીમંડળના સૂચનને માનવા બંધાયેલો ન હતો. કોઈ વખત મહત્ત્વના મંત્રીઓને પણ દંડ કરવામાં આવતો હતો. જેમકે મંત્રી સાલુવતિમ્મા પર યુવરાજની હત્યા માટે આરોપ મૂકવામાં આવ્યો ત્યારે કૃષ્ણદેવરાયે તેને દંડ કર્યો હતો.*

*અબ્દુર રઝાક અને મુનિઝના મત મુજબ એક સચિવાલય હતું. તે રાયસના નામે ઓળખાતું તેનો મુખ્ય અધિકારી 'રાયસમ' (સચિવ) હતો. સચિવાલયનો બીજો અધિકારી 'અવતરમ્' હતો. તેમાં કર્ણિક અને લોહિયા જેવા અન્ય કર્મચારીઓ પણ હતા. આ મંત્રીઓ સિવાય રાજ્યમાં અન્ય અધિકારીઓ હતા. જેમાં મુખ્ય કોષાધ્યક્ષ, ઝવેરાતનો સંરક્ષક, રાજ્યના વ્યાપારી હિતોનું રક્ષણ કરવાવાળો અધિકારી, પોલીસ અધિકારી જેનું કામ અપરાધોને રોકવાનું અને નગરમાં શાંતિ વ્યવસ્થા જાળવવાનું હતું. ઘોડાઓનો મુખ્ય અધિકારી તેમ જ તેમને મદદરૂપ થવા માટે અન્ય નાના મોટા અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી.*

*વિજયનગર સામ્રાજ્ય વહીવટી સરળતા ખાતર ઘણા વહીવટી વિભાગોમાં વહેંચાયેલું હતું. પ્રાંતને 'રાજ્ય' કે 'મંડલ' કહેતા હતા. રાજ્યની શાસનવ્યવસ્થાનો સૌથી મોટો ઈલાકો પ્રાંત હતો. દરેક પ્રાંત અનેક જિલ્લાઓમાં વિભાજિત હતો. તામિલ વિભાગમાં વહીવટી વિભાગોને કોટ્ટમ પરું અને નાડૂ કહેવામાં આવતા જયારે કર્ણાટક વિભાગમાં વેંઠે નાડૂ સીમા અને સ્થળ તરીકે ઓળખાતાં હતાં. એ.એલ.શ્રીવાસ્તવતના ઉલ્લેખ પ્રમાણે વિજયનગરનું સામ્રાજ્ય છ પ્રાંતોમાં વહેંચાયેલું હતું. જયારે ડોમિનોમ પાયસ નામના યાત્રીએ સામ્રાજ્ય 200 પ્રાંતોમાં વહેચાયેલું હોવાનું જણાવેલું છે. દરેક પ્રાંતનો વહીવટ કરવા માટે એક 'ગવર્નર'ની નિમણૂક કરવામાં આવતી. આ ગર્વનર સામાન્ય રીતે રાજકુમાર કે શક્તિશાળી સામંત હતા. ગર્વનરને પોતાના પ્રાંતોમાં ઘણી સત્તા મળેલી હતી. તેઓ પોતાના પ્રાંતમાં રાજાની માફક જ શાસન કરતા હતા પરંતુ કેન્દ્ર સરકાર તરફથી તેમના ઉપર કડક અંકુશ રાખવામાં આવતો. તેમણે કેન્દ્ર સરકારને પ્રાંતની આવક-જાવકનો હિસાબ મોકલવો પડતો હતો. તેમણે પોતાની આવકનો ત્રીજો ભાગ કેન્દ્ર સરકારને પહોંચાડવાનું ફરજિયાત હતું. અને બાકીના ૨/૩ ભાગમાંથી પ્રાંતનો વહીવટ ચલાવવાનો હતો.*

*વિજયનગર સામ્રાજયની પ્રાંતીય વ્યવસ્થાના સંદર્ભમાં નાયકર વ્યવસ્થા તેનું એક મહત્ત્વનું અંગ હતું. તે વિજયનગર સામ્રાજયની એક સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા હતી.*

*પોર્ટુગીઝ યાત્રી નુનિઝ અને પાયસે નાયંકર વ્યવસ્થાનો અભ્યાસ કર્યો હતો. ઈતિહાસકારોના મત મુજબ વિજયનગર સામ્રાજયમાં સેનાનાયકોને નાયકો કહેવામાં આવતા હતા. જયારે કેટલાક અન્ય ઈતિહાસકારોના મત મુજબ નાયક એ ભૂમિસાવંત હતા તેમને વેતનના બદલામાં અથવા તેમના હાથ નીચેના સેનાના ખર્ચ માટે ભ- ભાગ (અમરસ) આપવામાં આવતો હતો. તેઓ અમરસ ભૂમિનો ઉપયોગ કરતા તેનાથી તે અમરનાયક તરીકે પણ ઓળખાતા હતા. નાયકોની સંખ્યા ૨૦૦ જેટલી હતી. આ નાયકોને સૌથી વધારે તમિલનાડુમાં નિયુકત કરવામાં આવ્યા હતા. આ નાયકર વ્યવસ્થાને લીધે વિજયનગર સામ્રાજ્ય નબળું પડી ગયું. આ નાયકો ઉપર નિયંત્રણ રાખવા માટે મહામંડલેશ્વર કે વિશેષ કમિશનરોની નિમણૂ કરવામાં આવતી હતી. સૌ પ્રથમ તેની નિમણૂક અમૃતદેવરાયના સમયમાં થઈ હતી.*

*વિજયનગર સામ્રાજ્યમાં પ્રાદેશિક વહીવટીતંત્રમાં 'નાડુ' અને 'ગ્રામ' અગત્યના વહીવટી વિભાગો હતા. નાડુએ ગ્રામ કરતા મોટો રાજકીય વહીવટી એકમ હતો. તેમાં અનેક ગામડાંઓનો સમાવેશ થતો હતો. તેની સભાને ' નાડુસભા' કહેવામાં આવતી અને તેના સભ્યોને 'નાત્તવર' કહેવામાં આવતા. આ સભા સ્થાનિક બાબતોનો વહીવટ કરતી તેના પર કેન્દ્ર સરકારનો અંકુશ હતો.*

*ગ્રામ શાસનવ્યવસ્થાનો સૌથી નાનો એકમ હતો. જેનો પ્રબંધ ગ્રામસભા કરતી. ગ્રામમાં સ્વાયત્ત શાસન હતું. ગામના અધિકારીને 'આયંગર' કહેવામાં આવતો હતો. તેમનું પદ પૈતૃક અથવા વંશપરંપરાગત હતું. આ અધિકારીઓના પદોનું ખરીદ વેચાણ પણ થતું હતું. આયંગરને વેતન જમીનના પ્રમાણમાં કે ખેતીના ઉપજના આધારે આપવામાં આવતું. ગ્રામ-સભાઓ ગામના ઝઘડા તથા વિવિધ પ્રશ્નોનો નિકાલ કરતી હતી. તેમને કર ઉઘરાવવાનો અધિકાર હતો. ગામના વહીવટ ઉપર કેન્દ્ર સરકારની નજર રહેતી. કેન્દ્ર સરકાર સાથે સંપર્ક રાખવા માટે ગ્રામ કક્ષાએ 'મહાનાયકાચાર્ય' નામના અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી.*

- **ન્યાયવ્યવસ્થા**

*રાજા સર્વોચ્ચ ન્યાયાધીશ હતો. રાજ્યમાં અનેક નાના-મોટા ન્યાયાલયો વ્યવસ્થિત રીતે કામ કરતાં હતા. ન્યાય વ્યવસ્થા કડક હતી અને હિન્દુધર્મના નિયમો મુજબ હતી. ચોરી અને વ્યભિચાર માટે અંગ-છેંદની શિક્ષા હતી, જયારે રાજદ્રોહ માટે મૃત્યુદંડની સજા હતી. ગામોમાં આયંગર અને પ્રાંતોમાં સૂબેદાર ન્યાય માટેના અધિકારી હતા. સામાન્ય પ્રકારના ગુનાઓ માટે અર્થદંડ કે મિલકતની જપ્તીની શિક્ષાનો પ્રબંધો હતો.*

- **સૈન્ય વ્યવસ્થા**

*વિજયનગર સામ્રાજ્યની સૈન્યવ્યવસ્થા કુશળ અને મજબૂત હતી. પડોશી મુસ્લિમ રાજાઓ સાથે તેમાં પણ ખાસ કરીને બહમની સુલતાનો સાથે સતત સંઘર્ષના કારણે વિજયનગરના શાસકોને સૈન્ય સંગઠન તરફ વધારે ધ્યાન આપવું પડયું હતું. કેન્દ્રના લશ્કરીતંત્રને 'કંડાચાર' કહેવાતું. તેના વડા તરીકે દંડનાયક નામના ખાસ અધિકારીની*

*નિમણૂક કરાઈ હતી. તેમની વિશાળ સેનામાં ઘોડેસ્વાર,હાથી અને પાયદળ સૈનિકોનો સમાવેશ થતો હતો. અબ્દુર રઝાકના કહેવા મુજબ "વિજયનગર સામ્રાજ્યમાં અનેક સૈનિક સ્કૂલો હતી જેમાં રાજ્યના લોકોને તલવાર અને ધનુષ્ય ચલાવવાની તાલીમ આપવામાં આવતી હતી." આમ લશ્કરી દૃષ્ટિએ વિજયનગરનું સામ્રાજ્ય ઘણું જ મજબૂત હતું.*

- **પોલીસ અને ગુપ્તચર વ્યવસ્થા**

*વિજયનગર સામ્રાજ્યમાં પોલીસ અને ગુપ્તચરતંત્રની પણ વ્યવસ્થા હતી. આ વ્યવસ્થા મુજબ જ્યારે કોઈ વ્યક્તિની ચોરી થાય તો પોલીસ અધિકારીઓએ ચોરને પકડી લાવવો પડે અથવા તો તેના નુકસાનની ભરપાઈ કરવાની રહેતી, રાજ્યમાં ગુપ્તચર વ્યવસ્થા પણ ખૂબ સારી હતી. સમ્રાટને ગુપ્તચર મારફતે મંત્રીઓ, અધિકારીઓ, નાયકો અને પડોશી રાજાઓની ગતિવિધિઓ સંબંધી ગુપ્ત માહિતી મળતી હતી. આદિવાસીઓ વનમાં ઉપદ્રવ ન કરે તે માટે તેવા વિસ્તારોમાં 'પાયલગરો'નામના પોલિસ કર્મચારીઓની નિમણૂંકકરવામાં આવી હતી.*

## 14.6 વિજયનગરની સામાજિક વ્યવસ્થા

*વિજયનગરના પ્રવાસે આવેલા પરદેશી મુસાફરોએ ત્યાંના તત્કાલીન સામાજિક જીવનનું સુંદરચિત્ર તેમની નોંધોમાં આપેલું છે. પોર્ટુગીઝ મુસાફર નુનિઝના કહેવા મુજબ સમાજ સુસંગઠિત હતો. સમાજમાં વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિપ્રથાનું વિશેષ મહત્ત્વ હતું. સમાજમાં બ્રાહ્મણોનું સ્થાન ખૂબ ઊંચું હતું. નુનિઝ જણાવે છે કે બ્રાહ્મણો સિવાય મોટાભાગના લોકો માંસાહાર કરતા. પરંતુ તેઓ ગાય અને બળદનું માંસ ખાવાનું નિષિધ માનતા હતા. બલિ ચઢાવવાનો રિવાજ પણ પ્રચલિત હતો. પાયસના કહેવા મુજબ વિજયનગર સામ્રાજ્યમાં નવરાત્રીનો ઉત્સવ ઉજવવામાં આવતો હતો અને તેના અંતિમ દિવસે ખૂબ પશુઓનો વધ કરવામાં આવતો હતો.*

*વિજયનગર સામ્રાજ્યમાં સ્ત્રીઓ પણ રાજકીય, સામાજિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતી હતી. તેમને યુદ્ધ કલા અને લલિતકલાઓનું શિક્ષણ આપવામાં આવતું હતું. 'પાયસ' ના કહેવા મુજબ સ્ત્રી અને પુરુષ બંનેમાં કુસ્તી ખૂબ લોકપ્રિય હતી. સતી અને દહેજપ્રથા પણ પ્રચલિત હતી. રાજમહેલમાં સ્ત્રી હિસાબનીશો, સ્ત્રી કર્મચારીઓ, સ્ત્રી અંગરક્ષકો, સ્ત્રી પહેલવાનો તથા સ્ત્રી જ્યોતિષીઓ જોવા મળતી હતી. પરંતુ વિદેશી મુસાફરોના વિવરણમાં સમાજની સામાન્ય સ્ત્રીઓનાં કાર્યો કે તેમના દરજ્જા વિશે કોઈ ઉલ્લેખ નથી આવતો. ધનવાન લોકો પ્રથામા માનતા હતા અને એ રિવાજ ખૂબ જ પ્રમાણમાં જોવા મળતો હતો. બાળલગ્નો,બહુપત્ની પણ સર્વ સામાન્ય હતાં. વિજયનગર જેવા સામ્રાજ્યમાં દાસપ્રથાને માન્ય સંસ્થા ગણવામાં આવી હતી.*

## 14.7 વિજયનગર સામ્રાજયની અર્થવ્યવસ્થા

*વિજયનગરનું સામ્રાજય ખૂબ જ સમૃદ્ધ હતું. તેની સમૃદ્ધિનું કારણ ખેતી, ઉદ્યોગ, વ્યાપાર-વાણિજયની પ્રગતિ હતી. પાયસના કહેવા પ્રમાણે "વિજયનગરના રાજા પાસે ખૂબ ધન હતું. વિજયનગર શહેરના લોકો ખૂબ જ કિંમતી પથ્થરોનો વેપાર કરતા હતા. વસ્તુઓ ખૂબ જ માત્રામાં હતી અને સસ્તી હતી. " ઈ.સ. 1442માં આવેલ અબ્દુલરઝાક લખે છે કે "આંખોયે કદી જોયેલું ન હોય અને આખી પૃથ્વી પર કદી સાંભળ્યું ન હોય તેવું આ વિજયનગર શહેર છે. ... વિશાળ અને ગીચ વસ્તી ધરાવતા વિજયનગરના સંપત્તિવાળા રાજાને મેં જોયો..... રાજ્યના બધા જ રહેવાસીઓ .... કાનમાં, કાંડા ઉપર, ગળામાં, આંગળીએ વગેરે અંગોએ હીરાજડિત અને ચમકતા અલંકારો પહેરે છે." વિજયનગરના શાસકોએ સિંચાઈની સારી વ્યવસ્થા કરી હતી તેમ જ ઉદ્યોગોને પણ પ્રોત્સાહન પુરું પાડયું હતું. જો અબ્દુર્રઝીકનું કહેલું સાચું માનીએ તો વિજયનગર સામ્રાજયમાં લગભગ 300 બંદરો હતા. આ બંદરો દ્વારા ઈરાન તેમ જ પશ્ચિમના અન્ય દેશો સાથે વ્યાપાર થતો હતો- આ વેપારમાં કાપડ, ચોખા, ખાંડ, લોખંડ વગેરેની નિકાસ થતી હતી જ્યારે ઘોડા, હાથી, તમાકું, ઝવેરાત, ચીનનું સીલક, રેશમ વગેરેની આયાત થતી હતી. બાર્બોસા નોંધે છે તેમ દક્ષિણ હિંદ માટેનાં વહાણો માલદિવ ટાપુઓમાં બનાવવામાં આવતાં. શિલાલેખોના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે વિજયનગરના શાસકો એક મોટું 'દરિયાઈ જહાજ' રાખતા હતા.*

*વિજયનગરના વ્યાપારી સંઘોનું આર્થિક જીવનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન હતું. સોના અને ચાંદીના સિક્કાઓ ખૂબ પ્રચલિત હતા. તેમના ઉપર વિવિધ દેવ-દેવીઓ અને પશુઓના ચિહ્ન અંકિત કરવામાં આવતા. ઉચ્ચવર્ગના લોકોનું જીવનધોરણ ખૂબ સમૃદ્ધ અને સુખી હતું જયારે મધ્યમવર્ગ અને નીચલાવર્ગનું થોડું જીવનધોરણ કષ્ટદાયક હતું. કારણ કે તેમના ઉપર કર ભરવાનું ભારણ હતું.*

*તેમ છતાં વિજયનગર સામ્રાજયનું શાસન ઉચ્ચકક્ષાનું હતું. પ્રજાની આર્થિક સ્થિતિ સારી હતી તેમ જ કલા અને સાહિત્ય ઉચ્ચકોટિનું હતું.*

- **તમારી પ્રગતિ ચકાસો : 3**

1. *વિજયનગર સામ્રાજયની શાસન વ્યવસ્થાની મુખ્ય વિશેષતાઓનું વર્ણન કરો.*

2. *વિજયનગર સામ્રાજયની સામાજિક સ્થિતિ વિશે ટૂંકમાં લખો.*

3. *વિજયનગર સામ્રાજયની આર્થિક સ્થિતિ વિશે ટૂંકમાં લખો.*

## 14.8 સારાંશ

*વિજયનગર સામ્રાજયના અભ્યાસના નિષ્કર્ષ સ્વરૂપે કહી શકાય કે દક્ષિણનાં બે મહાન સામ્રાજય વિજયનગરની રાજાશાહી બાહય દેખાવમાં પ્રતીકાત્મક હતી. જેમાં શાસક પોતાના અધિપતિઓ દ્વારા નિયંત્રણ રાખતા હતા. વિજયનગર સામ્રાજયના બધા જ શાસકોમાં કૃષ્ણદેવરાય બહાદુર યોદ્ધા હોવા ઉપરાંત મહાન મુત્સદી, કાબેલ વહિવટીકર્તા અને સાહિત્ય તેમ જ કલાનો પુરસ્કર્તા હતો. તેના દરબારનાં અનેક વિદેશીઓએ ખૂબ વખાણ કર્યા છે. વિજયનગર રાજ્યનું વહિવટીતંત્ર સંગીન અને કાર્યદક્ષ હતું. વિજયનગરની સત્તાનો આધાર બે મુખ્ય રાજકીય સંસ્થાઓ નાયંકર અને આયંગર હતી. સામાજિક દષ્ટિએ આ સમાજમાં જ્ઞાતિપ્રથાનું મહત્ત્વ હતું. સમાજમાં બ્રાહ્મણોનું સ્થાન ખૂબ ઊંચું હતું. આર્થિક દષ્ટિએ વિજયનગર રાજ્યની સમૃદ્ધિનાં પરદેશીઓએ વખાણ કર્યા છે. ત્યાંનું સામ્રાજય આર્થિક દષ્ટિએ સમૃદ્ધ હતું અને લોકો સુખી હતા.*

## 14.9 તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

- **'તમારી પ્રગતિ ચકાસો' 1**

  અ. 1. A 2.B 3.B 4. C 5.D
- **'તમારી પ્રગતિ ચકાસો' 2**

  *અ.* 1. *આમુક્ત માલ્યદ* 2. *આઠ કવિઓનો સમૂહ* 3. *એડવાર્ડો બારબોસો અને પાયસ* 4. *પોર્ટુગીઝ* 5. *કૃષ્ણદેવરાય* 6.*કૃષ્ણદેવરાય* 7. *કુલીન કુતુલશાહ*

## 14.10 સંદર્ભ ગ્રંથો


1. *ડૉ. રામપ્રસાદ ત્રિપાઠી 'વિજયનગર સામ્રાજયનો ઈતિહાસ', સસ્તા સાહિત્ય મંડળ નવી દિલ્હી.*
2. *ડૉ.આશીવાર્દીલાલ શ્રીવાસ્તવ દિલ્હી સલ્તનત(ઈ.સ.* 711 *થી* 1526*) શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની પ્રાઈવેટ લી. આગરા.*
3. *શૈલેન્દ્ર સંગર 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' એટલાંટીક બુક સ્ટોર, નવી દિલ્હી.*
4. *વી.ડી.મહાજન 'મધ્યકાલીન ભારત' એસ. ચંદ્ર એન્ડ કંપની લી. રામનગર નવી દિલ્હી.*
5. *સતિશચંદ્ર 'મધ્યકાલીન ભારત, રાજનિતી અને સંસ્કૃતિ' ઓરિએન્ટલ બ્લેક સ્વાન, નવી દિલ્હી.*
6. *રમેશચંદ્ર મજમુદાર, હેમચંદ્ર રાય ચૌધરી કાલિકિંકર : અનુવાદ : યોગેન્દ્ર મિશ્ર મેકમિલન ઈન્ડિયા લીમીટેડ.*
7. *ડૉ.ઈશ્વર ઓઝા 'સલ્તનકાલ' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.*
8. *નાયક છોટુભાઈ રણછોડજી 'મધ્યયુગીન ભારત ખંડ-*2*, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*
9. *વી.એસ.ભાર્ગવ 'મધ્યકાલીન ભારતીય ઈતિહાસ અને સંસ્થાઓ, કોલેજ બુક ડેપો, જયપુર.*
10. *હરીશચંદ્ર વર્મા (સંપા) 'મધ્યકાલીન ભારત ભાગ-*1 (*ઈ.સ.* 750 – 1540) *દિલ્હી વિશ્વવિદ્યાલય*
11. *વિદ્યાલંકાર સત્યકેતુ 'ભારતીય સંસ્કૃતિ અને તેનો ઈતિહાસ' મસૂરી*
12. *પ્રવીણચંદ્ર પરીખ 'ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈ.સ.* 1000-1818) *યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.*
13. *ડૉ. શાંતિલાલ શાહ અને પ્રા. જસુ. બી.પટેલ 'ભારતીય ઈતિહાસ' શાંતિનિકેતન પ્રકાશન, અમદાવાદ.*
14. *આર. કે. ધારૈયા 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' સી જમનાદાસની કંપની અમદાવાદ.*

| એકમ- 15 | બહમની સામ્રાજ્યની રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિ |
|---|---|

રૂપરેખા :


15.0 ઉદ્દેશો
15.1 પ્રસ્તાવના
15.2 બહમની સામ્રાજ્યનો ઉદય
15.3 બહમની સામ્રાજ્યની રાજકીય સ્થિતિ
15.3.1 વિજયો અને સામ્ર્જ્ય વિસ્તાર
15.3.1.1 અબુલ મુજફ્ફર અલાઉદ્દીન બહમન શાહ (હસન ગંગુ) (1347-1458)
15.3.1.2 સુલતાન મોહંમદ શાહ પહેલો (1358-1377)
15.3.1.3 મુજાહિદ શાહ અને મોહંમદ શાહ બીજો (1375-1397)
15.3.1.4 સુલતાન તાજુદ્દીન ફિરોજશાહ (1397-1422)
15.3.1.5 સુલતાન અહમદશાહ પહેલો (1422-1435)
15.3.1.6 સુલતાન અલાઉદ્દીન અહમદશાહ બીજો (1435-1458)
15.3.1.7 સુલતાન મોહંમદશાહ ત્રીજો અને વજીર મહમૂદ ગાવાન
15.3.2 બહમની સામ્રાજ્યનું પતન
15.4 વિદેશી અને દક્ષિણી ઉમરાવો વચ્ચેનો આંતરકલહ
15.5 બહમની સામ્રાજ્યનું વહીવટીતંત્ર
• તમારી પ્રગતિ ચકાસો (ક)
15.6 બહમની સામ્રાજ્યની સાંસ્કૃતિક સ્થિતિ
• તમારી પ્રગતિ ચકાસો (ખ)
15.7 સારાંશ
15.8 ચાવીરૂપ શબ્દો
15.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
15.10 સંદર્ભગ્રંથો


## 15.0 ઉદ્દેશો

*આ એકમ વાંચ્યા પછી તમે આ બાબતો સમજશો.*

- *બહમની સામ્રાજ્યની સ્થાપના, વિસ્તાર અને તેનો રાજકીય ઈતિહાસ*

- *બહમની સામ્રાજ્યનું વહીવટી માળખું કેન્દ્રીય અને પ્રાદેશિક*
- *બહમની સામ્રાજ્યનું વિઘટન*
- *બહમની સામ્રાજ્યનો સમાજ, સંસ્કૃતિ, કલા-સ્થાપત્ય, ધર્મ, આર્થિક સ્થિતિ જેવી સાંસ્કૃતિક સ્થિતિ.*

## 15.1 પ્રસ્તાવના

*અલાઉદ્દીન ખિલજીના સેનાપતિ મલિક કાફૂરે દક્ષિણ ભારતમાં દેવગિરિના યાદવો, વારંગલના કાકતિયો, દ્વારસમુન્દ્રના હોયસળો અને મદુરાના પાંડ્યોને હરાવી અઢળક સંપત્તિ મેળવી તાબે કર્યા હતાં. આમ, દક્ષિણ ભારતમાં પ્રથમ આક્રમણ અલાઉદ્દીન ખિલજીના સમયે થયુ. તુઘલક સુલતાન મુહમ્મદ તુઘલકે પણ દક્ષિણમાં મહત્ત્વના વિજયો કર્યા હતા. જોકે તેના જ સમયમાં દિલ્હી સલ્તનતનું વિઘટન થવા લાગ્યું ને સામ્રાજ્યના ઘણા પ્રદેશોમાં પ્રાદેશિક સત્તાઓ સ્થપાઈ. આ એકમમાં બહમની સામ્રાજ્યની સ્થાપના, તેના સુલતાનોના વિજયો દ્વારા સામ્રાજ્ય વિસ્તાર, તેનું વહીવટી તંત્ર જેવી રાજકીય સ્થિતિ, ઉપરાંત તેના સમાજ, ધર્મ, અર્થવ્યવસ્થા, કલા-સ્થાપત્ય, શિક્ષણ જેવાં સાંસ્કૃતિક પાસાઓ વિશે વિગતે અભ્યાસ કરીશું.*

## 15.2 બહમની સામ્રાજ્યનો ઉદભ્વ અને વિકાસ

*મુહમ્મદ તુઘલકના શાસનકાળમાં દખ્ખણના પ્રદેશો પર વિજય મેળવી તેને દિલ્હી સલ્તનતમાં ભેળવી દેવાયા અને ત્યાંનાં પ્રદેશ માટે વહીવટી વ્યવસ્થા કરવામાં આવી. શાહીકુટુંબના કુતલઘખાનને દખ્ખણ પ્રમુખ સૂબા તરીકે વિશાળ સત્તા સાથે નિમવામાં આવ્યો. સમગ્ર દખ્ખણ પ્રદેશને 23 ઈકલીમો (પ્રાંત) માં વહેંચવામાં આવ્યો. આ દખ્ખણના પ્રાંતોમાં મહારાષ્ટ્ર, ઓરિસ્સા, તેલંગાણા, દ્વારસમુન્દ્ર, બીદર, કામ્પિલી ને પછઈથી માળવાનો સમાવેશ થતો હતો. 23 પ્રાંતોને ગ્રામ્ય અને શિક (જિલ્લાઓ) જેવા પેટા વહીવટી વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા. આ વિભાગોના મુખ્ય વહીવટી અમલદારોમાં શિકદાર, વલી, અમીર, હજારાહ, અમીર-એ-સાદાહ હતા. જ્યારે મુતસર્રિફ, કારકુન, ચૌધરી વગરે જેવા મુલ્કિ અમલદારો પણ હતા. આ તમામ અધિકારીઓમાં સર્વોચ્ચ સત્તા જે દખ્ખણનો સૂબા અને અમીર —એ-સાદાહ (જે 100 ગામનો અધિકારી)ના હાથમાં કેન્દ્રીત થતી હતી.*

*દખ્ખણમાં બહમનીના સ્વતંત્ર સામ્રાજ્યની સ્થાપનામાં ત્યાંની ભૌગોલિક વિષમતા, દિલ્હીથી દૂરનો પ્રદેશ, ત્યાં નિમાતા સૂબાને અપાયેલી વિશાલ સત્તાઓ, હક્કો વગેરે પરિબળો હતાં. આમાંથી અમીર-એ-સાદાહે દખ્ખણને દિલ્હી સલ્તનતથી સ્વતંત્ર કરાવવામાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો.*

*મુહમ્મદ તુઘલકના શાસનકાળ દરમિયાન 13 નાના-મોટા વિદ્રોહો થયા. જેમાં દક્ષિણ ભારતમાં સૌ પ્રથમ વિદ્રોહ બહાઉદ્દીન ગુરુરાસ્પે ઈ.સ. 1327માં ગુલબર્ગાના સાગર ખાતે કર્યો હતો. જેને દબાવી દેવામાં આવ્યો. આ વિદ્રોહ જ મુહમ્મદ તુઘલકને*

ઈ.સ. 1328માં રાજધાની દૌલતાબાદ (દેવાગિરિ) ખસેડવા મજબૂર કર્યો હતો. માબારના (મદૂરાના) સૂબા સૈયદ જલાલુદ્દીન અહસને કેટલાક સરદારો સાથે ઈ.સ. 1335માં સફળ વિદ્રોહ કરી માબરને સ્વતંત્ર રાજ્ય બનાવ્યું. ઈ.સ. 1336-37માં બીદરના સુબાએ નિષ્ફળ વિદ્રોહ કર્યો હતો. આવી વિદ્રોહી પરિસ્થિતમાં મુહમ્મદ તુઘલકે દક્ષિણ નીતિમાં બદલાવ કરી જૂના અમીરોને સ્થાને નવા અમીરો નીમ્યા. તે નીતિ પણ કારગત નીવડી નહીં. ઈ.સ. 1345માં ગુજરાતના સરદારોએ વિદ્રોહ કર્યો. તેની સાથે અમીર-એ-સાદાહે પોતાને દખ્ખણમાં સ્વતંત્ર જાહેર કરી દેવગિરિ અને ગલાબર્ગાને ભેળવી દઈ અમીર નાસિરુદ્દીન ઈસ્માઈલ શાહ (ઈસ્માઇલ મખ) ને સુલતાન જાહેર કર્યો. ઈસ્માઈલ મખ વૃદ્ધ તથા બિનમહત્વાકાંક્ષી હોઈ તેણે અને અમીરોએ યોગ્યતા ધરાવતા હસન ગંગુ ઉર્ફે ઝફરખાનને સુલતાન બનાવ્યો. ૩ ઓગસ્ટ, 1347માં તેણે અબુલ મુઝફ્ફર અલાઉદ્દીન બહમનશાહ ખિતાબ સાથે સ્વતંત્ર શાસનનો પ્રારંભ કર્યો.

હસન ઉર્ફે ઝફરખાન પોતાને ફારસી-ઈરાની મહાપુરુષ ઈસ્ફન્દીયારના પુત્ર બહમનનો વંશજ ગણાવતો હોવાથી તેણે જે વંશ સ્થાપ્યો તેને બહમની વંશથી ઓળખવામાં આવે છે. આમ, આ વંશનું નામ ઈરાનના બાદશાહ ઉપરથી ઉતરી આવ્યું છે. દખ્ખણના આ નવા રાજ્યમાં સંપૂર્ણ દખ્ખણ વિસ્તારનો સમાવેશ થતો હતો. જેણે દક્ષિણ ભારતની રાજનીતિમાં દોઢ સદી સુધી પ્રભાવ પાડ્યો.

### 15.3.1 મુખ્ય શાસકો અને સામ્રાજ્ય વિસ્તાર

#### 15.3.1.1 અબુલ મુઝફ્ફર અલાઉદ્દીન બહમશાહ (1347-1358)

દૌલતાબાદને સ્થાને ગુલબર્ગને હસનાબાદ નામ આપી રાજધાની બનાવી. તે યોગ્ય શાસક હતો ને તેણે કાંટગીર (આંધ્રપ્રદેશ), કન્દહાર, મનરમ, અક્કાલકોટ (મહારાષ્ટ્ર), મહેન્દ્રી, કલ્યાણી, સાગર (કર્ણાટક), ભોંગીર (તેલંગણા) વગેરે અનેક વિજયો કર્યા. માળવાને પણ આધીન બનાવ્યું. આમ અનેક વિજયો દ્વારા તેનું રાજ્ય ઉત્તરમાં વેણગંગા નદીથી દક્ષિણમાં કૃષ્ણા નદી અને પૂર્વમાં ભાગીરથી નદીથી પશ્ચિમમાં દૌલતાબાદ (દભોલ, ગોવા) સુધી વિસ્તાર્યું હતું. તેણે વિજયની સાથે વહીવટીતંત્રને સુદ્રઢ બનાવ્યું. રાજ્યને ગુલબર્ગ, દૌલતાબાદ, વરાડ અને બીદર એમ ચાર પ્રાંતો (તરફો)માં વહેંચી યોગ્ય તરફદારો (ગવર્નરો) નીમ્યા હતા. જેમને તરફ (પ્રાંત)માં લશ્કર રાખવા અને અમલદારોની નિમણૂંક કરવા જેવી વિશાળ સત્તાઓ આપવામાં આવતી.

તેલંગણા અને વિજયનગર બહમની રાજ્યના પ્રતિસ્પર્ધી રાજ્યો હતાં. તેલંગણાના રાજ્ય પાસેથી એક યુદ્ધમાં ગોલકોન્ડા બહમનીને મળ્યું. જ્યારે વિજયનગરના મજબૂત રાજ્ય સાથેના યુદ્ધથી તુંગભદ્રા દોઆબ વિસ્તાર પર બંનેનો સંયુક્ત અધિકાર સ્થપાયો. તો 14મી સદીના ઉત્તરાર્ધમાં ગોવા વિજયનગરને મળ્યું. આંધ્ર અને કર્ણાટકના પ્રદેશો માટે બહમની અને વિજયનગર વચ્ચે કુટનીતિક સાંઠમારી ચાલુ રહી. 15મી સદીની શરુઆતની વીસીમાં આંધ્રજૂથ (વેલામા)ના વિજયનગરને પક્ષે ભળવાથી બહમનીને રાજ્ય વિસ્તારમાં નિષ્ફળતા મળી. રાજ્ય વહીવટ ઉપરાંત તે વિદ્વાનો અને સૂફી સંતોનો

*આશ્રયદાતા હતો. મિન્હાસ ઉસ સિરાજ તેને ન્યાયી અને પ્રજાકલ્યાણકારી શાસક ગણાવે છે.* 1358 *માં તે અવસાન પામ્યાં.*

### 15.3.1.2 મોહંમદશાહ પહેલો (1358-1377)

*હસનનો જ્યેષ્ઠ પુત્ર મોહંમદશાહ પહેલો* 1358*માં સત્તા પર આવ્યો. તેના વહીવટી સુધારામાં પ્રધાનમંડળ સ્થાપી લશ્કર અને પ્રાંતોના વહીવટીતંત્રને સુદ્રઢ કર્યું. આથી સૌપ્રથમ મજબુત શાસનતંત્રનો પાયો નાંખવાનો યશ શ્રી એ.એલ.શ્રીવાસ્તવ તેને આપે છે. તેણે વિજયનગર અને વારંગલનાં રાજ્યોને હરાવ્યાં હતાં. ભોગવિલાસી જીવનને કારણે ઈ.સ.* 1375*માં તેનું અવસાન થયું.*

### 15.3.1.3 મુજાહિદશાહ અને મોહંમદશાહ બીજો

*સુલતાન મોહંમદશાહના અવસાન પછી તેનો પુત્ર મુજાહિદશાહ સત્તા પર આવ્યો. તેને વિજયનગર સામેના યુદ્ધમાં નિષ્ફળતા મળી. તેની સામે તેના જ પિતરાઈ ભાઈ દાઉદખાને ઈ.સ.* 1378*માં કાવતરાથી ગાદી પડાવી પરંતુ ટૂંક સમયમાં તેનું ખૂન થતાં અમીર ઉમરાવોએ અલાઉદ્દીન હસનશાહના પૌત્ર મોહંમદશાહ બીજાને ગાદીએ બેસાડ્યો. તે શાંત પ્રકૃતિનો હોવાથી વિજયનગર સાથે સુલેહશાંતિની નીતિ અપનાવી. રાજ્યમાં મસ્જિદો-મદ્રેસાઓ જેવાં નોંધપાત્ર બાંધકામો કરાવી વિદ્યાભ્યાસને ઉત્તેજન આપ્યું હતું. તે વિદ્વાનોને આશ્રય આપતો તથા કાવ્ય અને દર્શનશાસ્ત્રનો શોખીન હતો. એપ્રિલ* 1397*માં તેનું અવસાન થયું.*

### 15.3.1.4 ફિરોજશાહ (1397-1422)

*સુલતાન ફિરોજશાહ* 1397*માં સત્તા પર આવ્યો. તેણે વિજયનગર સાથે પુનઃ યુદ્ધની નીતિ અપનાવી. તેણે ઈ.સ.* 1398 *અને* 1406*માં એમ બે વાર વિજયનગરને હરાવ્યું તથા વારંગલનો કિલ્લો જીતી લઈ બહમનીની સીમા કૃષ્ણા નદીના મુખ પર આવેલા રાજમહેન્દ્રી સુધી વિસ્તારી. તેણે વિજયનગરના રાજા દેવરાય પહેલાને હરાવી તેની પુત્રી તથા મોટી રકમનો યુદ્ધ દંડ આપવા ફરજ પાડી હતી. જોકે ઈ.સ.* 1420*માં વિજયનગર પરના ત્રીજા આક્રમણમાં તેનો પરાજય થયો હતો. પછીથી વિજયનગરે દક્ષિણ અને પૂર્વના ઘણા પ્રદેશો કબજે કર્યા હતા. પરાજય પછી ફિરોજશાહે શાસનમાં ભાગ લેવાનું છોડી દીધું ને ઈ.સ.* 1422*માં તેને અહમતશાહની તરફેણમાં ગાદી ત્યાગ કરવો પડ્યો. તેણે ગુલબર્ગ અને ફિરોઝાબાદમાં (ભીમા નદી પર બંધાવેલું શહેર) સુંદર ઈમારતો બંધાવી હતી. તે અનેક ભાષાઓનો જાણકાર હતો તથા સૂફી-સંતો અને વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તારીખે ફિરિશ્તામાં નોંધ્યું છે તેમ, તેના યુગમાં બહમની રાજ્ય તેની સમૃદ્ધિની પરાકાષ્ટાએ પહોંચ્યું હતું.*

### 15.3.1.5 અહમદશાહ પહેલો (1422-1435)

*"વલી" ઉપનામથી જાણીતા સુલતાન અહમદશાહ પહેલાએ ઈ.સ. 1423માં વિજયનગરને હરાવી ખંડણી અને યુદ્ધદંડ વસૂલ્યો. 1425માં તેના સેનાપતિ ખાન-એ-આઝમે વારંગલને હરાવી હિંદુ રાજ્યનો અંત લાવ્યો. માળવાના હુશંગશાહને હરાવ્યો. જોકે ગુજરાતના સુલતાન અહમદશાહ પહેલા સાથેના યુદ્ધમાં તેની હાર થઈ. તેણે કાંકણને પણ હરાવ્યું હતું. આમ, તેણે વિજય કૂચ દ્વારા બહમની રાજ્યની પ્રતિષ્ઠામાં વધારો કર્યો હતો. તે વિજેતાની સાથે વિદ્વાનોનો પોષક અને સ્થાપત્યનો શોખીન હતો. પ્રખ્યાત કવિ શેખ 'આઝરી'ને આશ્રય આપ્યો હતો. મૌલાના શરફૂદ્દીન માઝનદરાનીને બાર હજાર ટંકાથી સન્માનિત કર્યા હતા. બિદરનાં નોંધપાત્ર બાંધકામો કરાવ્યાં હતાં. તેના સમયમાં બે મહત્વની ઘટનાઓ બની. પહેલી તેણે રાજધાની ગુલબર્ગથી બિદર ખસેડી અને બીજી અફાકિયો (વિદેશી ઉમરાવ) અને દક્ષિણી ઉમરાવ વચ્ચેના સંઘર્ષની શરુઆત તેના સમયમાં થઈ હતી. જેણે આગળ જતાં બહમની સામ્રાજ્યના વિઘટનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. ઈ.સ. 1435માં તેનું અવસાન થયું.*

### 15.3.1.6 અલાઉદ્દીન અહમદશાહ બીજો (ઈ.સ. 1435-1458)

*અહમદશાહ પછી તેનો જ્યેષ્ઠ પુત્ર અલાઉદ્દીન અહમદશાહ બીજો ગાદીએ બેઠો. તેના ભાઈ મોહંમદશાહનો વિદ્રોહ શમાવી તેને રાયચુર દોઆબનો સૂબો બનાવવામાં આવ્યો. કામકણના હિંદુ જાગીરદારોને હરાવી બહમનીનો અંકુશ સ્થાપ્યો. ખાનદેશે બહમની ઉપર આક્રમણ કરતાં તેને હરાવવામાં આવ્યો. ઈ.સ. 1443માં અલાઉદ્દીને વિજયનગર ઉપર આક્રમણ કરી તેને નિયમિત ખંડણી આપવા બાધ્ય કરવામાં આવ્યું. તે પણ પુરોગામી સુલતાનોની જેમ સ્થાપત્યનો શોખીન અને વિદ્વાનોને આશ્રય આપતો.*

### 15.3.1.7 મોહંમદશાહ ત્રીજો અને મહમૂદ ગાવાન (1463-1482)

*સુલતાન અલાઉદ્દીન પછી તેનો પુત્ર હુમાયૂનશાહ (1458-1461) શાસક બન્યો. તેના સાડાત્રણ વર્ષનું ટૂંકું શાસન ક્રૂર હતું. તેથી ઈતિહાસકારોએ તેને "ઝાલિમ"નું ઉપનામ આપેલું. તેના પછી તેના સગીર પુત્ર નિઝામશાહ (1461-1463)ને ગાદીએ બેસાડવામાં આવ્યો. રાજ રક્ષક તરીકે બેગમ મખદુમા જહાંએ ખ્વાજા જહાં તુર્ક અને મહમૂદ ગાવાનની સહાયથી રાજ્ય વહીવટ ચલાવ્યો. બહમની ઉપર આ સ્થિતમાં ઓરિસ્સા અને તેલંગણાના રાજાઓએ આક્રમણ કર્યું. પરંતુ તેમને પાછા હટાવવામાં આવ્યા. માળવાના સુલતાન મહમૂદ ખિલજીએ બિદર ઉપર આક્રમણ કર્યું. ગુજરાતના સુલતાન મહમૂદે લશ્કરી મદદ મોકલી ત્યારે બહમની માળવા આક્રમણને ખાળી શક્યું. ઈ.સ. 1463માં બાળરાજા નિઝામનું અવસાન થતાં તેનો ભાઈ મોહંમદશાહ ત્રીજો ગાદીએ આવ્યો.*

*મહમૂદ ગાવાન મોહંમદશાહ ત્રીજાનો વજીર હતો. તે વફાદાર, બુદ્ધિશાળી અને શક્તિશાળી વજીર હતો. તેની બહમની રાજ્ય પરત્વેની વફાદારી અને સેવાઓને બિરદાવતાં ડૉ. આર.સી.મજમુદાર નોંધે છે કે, "પોતાની અસાધારણ શક્તિઓ દ્વારા નિષ્કલંકિત પ્રામાણિકતા બતાવીને ગાવાએ બહમની રાજ્યની સેવા કરી હતી. અને*

*પોતાની ચાણક્ય રાજનીતિ દ્વારા અને સફળ લશ્કરી હિલચાલ દ્વારા તેની પૂર્વેના કોઇપણ બહમની શાસક કરતાં તેણે રાજ્યની સીમાઓ વધુ વિસ્તૃત બનાવી હતી.''*

*ઈ.સ. 1469માં ગાવાના કોંકણના કિલ્લાઓ યુદ્ધ કરી પ્રાપ્ત કર્યા. સંગમેશ્વરના રાજાએ તેના આક્રમણના ભયે પ્રખ્યાત ખેલ્નાનો કિલ્લો ગવાનાને સુપ્રત કર્યો હતો. વિજયનગરનું વેપારી બંદર પણ કબજે કર્યું. તેના સેનાપતિ નિઝામ-મુલ્ક બરહીએ રાજમંડી, કોંડવીરના મહત્ત્વના કિક્લા જીત્યા હતા. ઈ.સ. 1474-75ના દુષ્કાળના વર્ષોમાં પણ દખ્ખણમાં તેમની વિજયકૂચ ચાલુ રહી. ઈ.સ. 1478માં કાંજીવરમને પણ જીતી લેવામાં આવ્યું હતું. આમ, સુલતાન મોહંમદશાહ ત્રીજા અને વજીર મહમૂદ ગાવાનના વિજયોથી અભૂતપૂર્વ રીતે બહમની રાજ્યની સરહદો પહેલી જ વાર બંને બાજુ સમુદ્ર પર્યંત વિસ્તરી હતી. બહમની સામ્રાજ્યની સીમાઓ પશ્ચિમે મુંબઈથી ગોવા અને પૂર્વમાં કોંકણથી કૃષ્ણા સુધી વિસ્તાર પામી હતી. અફાકિઓ અને દક્ષિણની અમીરો વચ્ચેના સંઘર્ષને વજીર ગાવાને કનિયંત્રણમાં રાખવાનો અને તેમની વચ્ચે એકતા સ્થાપવા પ્રયાસ કર્યો હતો. તેણે વેપાર વાણિજ્યના વિકાસ માટે ધ્યાન આપ્યું હતું. તેણે મહેસૂલ સુધારા કરી જમાનની માપણી કરાવી રાજ્યની સમૃદ્ધિ વધારી હતી. પરંતુ સુલતાન મોહંમદશાહ ત્રીજાના હુકમથી વિરોધી દક્ષિણી અમીરોના આક્ષેપોની તપાસ કર્યા વગર જ મહાન વજીરને મારી નંખાવ્યો. તેના અંત સાથે જ બહમની રાજ્યના પતનનો પ્રારંભ થયો. ડૉ. સી.આર.નાયક ગાવાનના સમસ્ત જીવનને એક શબ્દમાં વ્યક્ત કરે છે. અને તે છે ''નિષ્ઠા''. મેડોઝ ટેલર નોંધે છે તેમ, ''બહમની રાજ્યમાં એકતા અને શક્તિનું જ ૈપરિબળ હતું તેનો અસ્ત થયો.''તે પોતે અફાકિ(વિદેશી) ઉમરાવ હોવા છતાં વિદેશી ઉમરાવોનો પક્ષપાતી નહોતો. તે સમયના દુર્ગુણોથઈ મુક્ત સાદાઈથી રહેતો. તે વિદ્વાનોને આશ્રય આપતો. બિદરમાં મદ્રેસા સ્થાપી તેનું પુસ્તકાળય અલભ્ય ગ્રંથોથી સમૃદ્ધ બનાવ્યું હતું. ડૉ. આર.સી.મજુમદાર અંજલી આપતાં નોંધે છે કે, ''એક જાહેર અમલદાર તરીકે તેણે નિસ્વાર્થ ભાવે સેવાઓ આપેલી તેનાથી તે આપણી પ્રશંસાનો અધિકારી બને છે.''*




**નકશો અ. બહમની સામ્રાજ્ય**

### 15.3.2 બહમની સામ્રાજ્યનું પતન

*મહમૂદ ગાવાનના અંત પછીના એક વર્ષમાં ઈ.સ. 1482માં પસ્તાવા વચ્ચે સુલતાન મોહંમદશાહ ત્રીજો અવસાન પામ્યો. તેના પછી તેનો પુત્ર મહમૂદશાહ (1482-1518) નિર્બળ પુરાવાર થયો. તેના સમયમાં અફાકિ-દક્ષિણી ઉમરાવોનો સંઘર્ષ ચરમ સીમાએ પહોંચ્યો. દક્ષિણી ઉમરાવોએ અફાકિ ઉમરાવોના પક્ષે ઝુકાવ ધરાવતા સુલતાનનું ખૂન કરવાનું કાવત્રુ કર્યું. જે નિષ્ફળ જતાં દક્ષિણી ઉમરાવોની કત્લેઆમ થઈ. આ સંઘર્ષે કેન્દ્રીય સત્તાને નબળીપાડી. મહમૂદશાહના ચાર વારસદારો વજીરોના હાથમાં કઠપુતળી સમાન બની ગયા. બહમની વંશના છેલ્લા સુલતાન કલીમુલ્લાશાહના સમયમાં સૌપ્રથમ ઈ.સ. 1537માં બીજાપુરાના ઈબ્રાહીમ આદીલશાહે સ્વતંત્રતાની ઘોષણા કરી. ઈ.સ. 1538માં કલીમુલ્લાહના અવસાન સાથે 180 વર્ષના બહમની સામ્રાજ્યનો અંત આવ્યો ને બહમની સામ્રાજ્ય બીજાપુર, ગોલકોંડા, અહમદનગર, બિદર અને વરાડ (બરાર) એમ પાંચ રાજ્યોમાં વહેંચાઈ ગઈ.*

### 15.3.3 વિદેશી અને દક્ષિણી ઉમરાવોનો આંતરકલહ

*દેશી-વિદેશી ઉમરાવોનો આંતરકલહોએ બહમની સામ્રાજ્યને નિર્બળ પાડી ભારે નુકશાન કર્યું હતું. સુલ્તાનમાં અમીરોનું સ્થાન અને ભૂમિકા મહત્ત્વનાં હતાં. સલ્તનતને ટકાવી રાખવા ઉપરાંત સુલતાન બનવા કે સુલતાન તરીકે ટકી રહેવા ઉમરાવોના સહકારની આવશ્યકતા રહેતી. તેથી કરીને સુલતાન પણ આવા અમીરોની વફાદારી પ્રાપ્ત કરવા તત્પર રહેતો. બહમની રાજ્યમાં પણ વહીવટીતંત્ર, શાસનપ્રણાલી બહુધા દિલ્હી સલ્તનતની પ્રતિકૃતિ રુપે હોઈ ત્યાં પણ અમીરોની લાગવગનો દબદબો રહ્યો હતો. બહમની સામ્રાજ્યનો સ્થાપક અલાઉદ્દીન બહમનશાહ આવા અમીરોના સહકારથી જ સુલતાન બન્યો હતો. તેના સમયમાં અમીર સરદારોનાં ત્રણ જૂથ અસ્તિત્વમાં હતાં. 1378 પછી અફાકિ નો નવો ઉમરાવ વર્ગ ઉમેરાયો હતો. આ વર્ગ મૂળે પરદેશી હતા. જે ઈરાન, તુર્કસ્તાન, અરબસ્તાન, મધ્ય એશિયા અને અફઘાનિસ્તાનથી આવેલા મુસ્લિમો હતા. મોહમ્મદ ગઝની, મહમૂદ ઘોરીના સમયથી તેઓ સૈનિકો, વેપારીઓ વગેરે તરીકે હિંદમાં સ્થાયી થતા ગયા અને જૂના ભદ્રવર્ગના દક્ષિણે દખ્ખણી અમીરો તરીકે દેશી બની ગયા. આજ ઉમરાવ વર્ગ મોટા ભાગે વિદ્રોહ કરતા. આથી મુસ્લિમ શાસકોએ પોતાના શાસનના મહત્ત્વના હોદ્દાઓ પર નવા વિદેશી (અફાકિ) વર્ગને પસંદ કર્યા. 15મી સદી સુધી આ વર્ગનો પ્રવાહ ચાલુ રહેતાં તેમની સંખ્યા વધતી ગઈ તેમ તેઓ વર્ષોથી ભારતમાં સ્થાઈ થઈ ભારતીય દેશી બનેલા વિદેશી મુસ્લિમ અમીરોથી પોતાને ભિન્ન, ઊંચા, વફાદાર અને અલગવર્ગ ગણવા લાગ્યા. રાજ્યના મહત્ત્વના લશ્કરી અને મુલ્કિ હોદ્દાઓ પર તેમની પકડ વધતી ગઈ ને દક્ષિણી ઉમરાવ (દેશીઓ) હાસિયામાં ધકેલાતા ગયા. આમાંથી દેશી-વિદેશી ઉમરાવો વચ્ચેનો સંઘર્ષ ઉત્પન્ન થયો અને ફેલાતો ગયો.*

*બહમનશાહ અને મુજાહિદશાહે પણ આવા વિદેશી અફઘાન, તુર્ક, ઈરાનીઓને બહમની રાજ્યમાં શાસનતંત્રમાં પસંદ કર્યા હતા. દેશી-વિદેશી ઉમરાવો વચ્ચે ઈ.સ. 1397માં સંઘર્ષ ત્યારે શરુ થયો જ્યારે ગિયાસુદ્દીન તહમતાને અફાકિઓને ઉચ્ચપદો પર*

નિયુક્ત કર્યા. જે ઉચ્ચપદો પર પહેલાં દક્ષિણીઓ નિમાતા હતા. હવે તેમના હોદ્દા સ્થાન ઝીનવાતાં દક્ષિણીઓ તગબચિનની આગેવાની હેઠળ તુર્કી જૂથમાં એકઠા થયા. તગબચિને 1397માં ગિયાસુદ્દીનને મરાવી નાંખી દાઉદ બીજાને સુલતાન બનાવી પોતે માલિક નાએબ અને મીર જુમલા ના હોદ્દા મેળવી અફાકિઓ નું રાજનીતિમાં પ્રભુત્વ ઘટાડવામાં સફળ થયો હતો. અહમદશાહ પહેલો અફાકિ હસન બસરીની મદદથી સુલતાન બન્યો ત્યારે તેણે તે વિદેશી ઉમરાવને વકીલ-એ-સલ્તનતનો ઉચ્ચ હોદ્દો આપ્યો. આનાથી પણ દક્ષિણી ઉમરાવોમાં અસંતોષ ઘેરો બન્યો ને અહમદશાહ ત્રીજા સુધીમાં વધુ વકર્યો. વળી. અહમદશાહ ત્રીજાની વાસ્તવિક સત્તા ખ્વાજા-એ-જહાં તુર્ક, મલિક-ઉત-તુજ્જાર અને મહમૂદ ગાવાના શક્તિશાલી હાથોમાં રહી. જે અફાકિ (વિદેશી-મુસ્લિમ ઉમરાવ) હતા. વજીર મહમુદ ગાવાન વિદેશી છતાં તટસ્થ હતો ને તેણે બંને જૂથો પર અંકુશ રાખ્યો હતો. તેમ છતાં તે દક્ષિણી ઉમરાવોના ષડયંત્રનો ભોગ બન્યો. ઈ.સ. 1481ની ૫મી એપ્રિલે સુલતાન મોહંમદશાહ ત્રીજાના આદેશથી તેને મારી નાંખવામાં આવ્યો. પાછળના નબળા સુલતાનો આ બંને જૂથોના વારંવાર ભોગ બન્યા. બંને જૂથોના આંતરકલહ પરાકાષ્ઠાએ પહોંચતા બહમની સામ્રાજ્યના પતનનો માગર્ મોકળો બન્યો.

## 15.5 બહમની સામ્રાજ્યનું વહીવટીતંત્ર

### 15.5.1 કેન્દ્રીય વહીવટીતંત્ર

બહમની રાજ્યના સ્થાપક હસનશાહે વિજયોની સાથે સાથે રાજધાની ગુલબર્ગમાં યોગ્ય શાસન-વ્યવસ્થા સ્થાપી સમગ્ર રાજ્યને ચાર તરફ (પ્રાંત)માં વહેંચ્યું હતું. તેના પુત્ર સુલતાન મોહંમદશાહે બહમની રાજ્યને સામ્રાજ્યમાં પરિવર્તિત કર્યું અને શાસનતંત્રની યોગ્ય વ્યવસ્થા કરવાનો યશ તેને ફાળે જાય છે. મોહંમદશાહ ત્રીજાના કાબેલ વજીર મહમૂદ ગાવાને સામ્રાજ્યની સીમાઓ બંને બાજુ સમુદ્ર પર્યંત વિસ્તારી હતી. આવા વિશાલ સામ્રાજ્યના શાસન માટે યોગ્ય વહીવટીતંત્ર અપનાવેલું. જે નીચે મુજબનું હતું.

#### 15.5.1.1 સર્વોપરી સુલતાન

બહમની શાસકોએ દિલ્હી સલ્તનતની વહીવટી વ્યવસ્થા અપનાવી હતી. જે ઈસ્લામિક આદર્શ પર ઘડાયું હતું. બહમનશાહે અબ્બાસીવંશના ખલીફાઓની સર્વોપરી સત્તાનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો હતો ને પોતાને ખાલીફાનો જમણો હાથ ગણાવતો. ભારતની અન્ય સલ્તનતોની જેમ બહમની સુલતાન સર્વસત્તાધીશ ગણાતો. સર્વોપરી સત્તાઓ ધરાવતો હોવાછતાં વ્યવહારમાં પ્રત્યક્ષ રીતે પોતાના પ્રધાનોની સલાહ પ્રમાણે ચાલતો. આમછતાં ડૉ.શર્મા નોંધે છે તેમ, પ્રત્યેક પ્રધાનની એક ફરજ ગણાતી કે તે સુલતાનની પ્રત્યેક ઈચ્છાને પૂરી કરવાનો પ્રયત્ન કરે.

### 15.5.1.2 પ્રધાનમંડળ

*સુલતાનને વહીટવમાં મદદ માટે પ્રધાનમંડળ રહેતું હતું. બહમની સામ્રાજ્યની શાસનવ્યવસ્થા મોહંમદશાહ પહેલાએ વ્યવસ્થિત કરી. જેમાં આઠ પ્રધાનો હતા. મુખ્ય પ્રધાન વકીલ-ઉસ-સલ્તનત કહેવાતો ને તે સુલતાનવતી વહીવટ સંભાળતો. સુલતાનની અનુપસ્થિતિ સમયે રાજ્યની તમામ જવાબદારીઓ તે નિભાવતો. સર્વ આજ્ઞાઓ અને હુકમો તેના સહી-સિક્કાથી નીકળતા. વજીરે કુલ અન્ય પ્રધાનો અને તેમની કામગીરી ઉપર દેખરેખ રાખતો. અમીર જુમલા નાણાપ્રધાન હતો. વજીરે અશરફ વિદેશ પ્રધાન હતો. રાજ્યમાં ઉજવાતા ઉત્સવોનો પણ તે મંત્રી હતો. વજીર અર્મીર જુમલાના મદદનીશ તરીકે કાર્ય કરતો. પેશવા મુખ્ય પ્રધાનના મદદનીશ તરીકે રહેતો. કેટલીક વાર પેશવા અને વકીલ-ઉસ-સલ્તનત બંને હોદ્દા જોડી દેવાતા. કોટવાલ કાયદો અને વ્યવસ્થા જેવાં પોલીસ કાર્યોનો અધ્યક્ષ હતો. સદ્રેજહા (કાઝી) ન્યાય અને ધાર્મિક ખાતાનો વડા તરીકે ફરજ બજાવતો. ડૉ. આર.સી.મજુમદાર મોહંમદશાહે કરેલી ઉપરોક્ત વ્યવસ્થા વિશે નોંધે છે કે, "તેની શાસનવ્યવસ્થા નોંધપાત્ર છે કારણ કે પહેલાં તેનો ઉપયોગ એ પાંચ સલ્તનતોએ કર્યો હતો. જેમનું નિર્માણ બહમની રાજ્યના ભંગાર પર થયેલું અને પછી મરાઠી સત્તાના સ્થાપક શિવાજીએ પણ તેને અપનાવી હતી."*

*લશ્કરનો વડો સેનાપતિ અમીર-ઉલ-ઉમરા હતો. લશ્કરમાં પાયદળ, અશ્વદળ ઉપરાંત હાથીઓનો અને તોપદળનો પણ ઉપયોગ થતો. શસ્ત્રોમાં ભાલા, તલવાર, ધનુષ્ય-બાણ, ગદા, ફરસી વગેરેનો ઉપયોગ થતો હતો. અન્ય નાયબ પ્રધાનો પણ નિમાતા જેમાં કુર બેગ-ઈ-મૈસરાહ લશ્કરનો ડાબી પાંખનો સેનાપતિ અને કુર બેગ-ઈ-મૈમનાહ જમણી પાંખનો સેનાપતિ હતા. ઉપરાંત મુનહિયા (જાસૂસો) નો અને સુલતાનના અંગરક્ષક જેવા વિભાગ હતા. મહમૂદ ગાવાને લશ્કરી વ્યવસ્થા સુદ્રઢ બનાવી બહમની સામ્રાજ્યનો વિસ્તાર કર્યો હતો.*

### 15.5.2 પ્રાતીય વહીવટીતંત્ર

*બહમનીના પ્રાંતીય વ્યવસ્થાનો યશ તેના સ્થાપક અલાઉદ્દીન બહમશાહને ફાળે જાય છે. તે સમગ્ર રાજ્યને ચાર પ્રાંતોમાં વહેંચ્યું હતું. તેના પુત્ર મોહંમદશાહ પહેલાના સમયમાં પ્રાંતોને 'તરફ' અને તેના સૂબાને 'તરફદાર' એવું નામ મળ્યું હતું. દોલતાબાદ, બરાર, બીદર, અને ગુલબર્ગા એમ ચાર મહત્ત્વના પ્રાંતો હતા. તરફદારોને મહેસુલ અને કર ઉઘરાવવાના, લશ્કર રાખવા, અમલદારોને નિમવા જેવી લશ્કરી અને મુલ્કી બંને પ્રકારની વિશાળ સત્તાઓ હતી. આજ કારણે તેઓ પોતાને સ્વતંત્ર કરવા પ્રલોભિત રહેતા. ગુલબર્ગ સામ્રાજ્યના મધ્યમાં વ્યુહાત્મક સ્થાને હોવાથી ત્યાં વિશ્વાસુ તરફદાર નિમાતો. જે મીર નાયબ તરીકે ઓળખાતો. આમ તે અન્ય પ્રાંતોના તરફદાર કરતાં વિશિષ્ટ હતો. તરફદારોની વિશાળ સત્તાઓને લઈને સુલતાન પ્રાંતોની અવાર-નવાર મુલાકાત લઈ તેમને અંકુશમાં રાખતો. તરફદારોની અન્ય પ્રાંતમાં બદલીઓ પણ કરવામાં આવતી હતી. મોહંમદશાહ ત્રીજાના સમયમાં સામ્રાજ્ય વિસ્તાર થતાં વજીર મહમૂદ ગાવાને સામ્રાજ્યને આઠ પ્રાંતોમાં વહેંચી તરફદારોની સત્તા મર્યાદિત કરવાનો પ્રયાસ કર્યો*

*હતો. ખાસા-એ-સુલતાનીથી ઓળખાતા કેટલાક પ્રદેશો સુલતાનના સીધા અંકુશ હેઠળ હતા. નિર્બળ સુલતાનોના સમયે પ્રાંતીય તરફદારો સ્વતંત્ર થઈ જવાની પેરવીમાં રહેતા. જે આ શાસનતંત્રની એક નબળાઈ હતી. પ્રાંતોને સરલશ્કરીમાં અને સરલશ્કરીને સરકારમાં વહેંચી દેવામાં આવ્યું હતું. સરકાર જિલ્લા સમાન વહીવટી વિભાગ હતો. સરકારોને પરગણાઓમાં (તાલુકા સમકક્ષ) વહેંચવામાં આવતું. પરગણા અનેક ગામડાંનો સમૂહ હતો. વહીવટનો સૌથી નાનો એકમ ગામડું હતું. આમ, બહમની સામ્રાજ્યનું વહીવટીતંત્ર કેન્દ્રથી ગામડા સુધી સુવ્યસ્થિત હતું.*

- **તમારી પ્રગિત ચકાસો (ક)**

1. *બહમની સામ્રાજ્યની સ્થાપના વિશે પાંચ વાક્યો લખો.*

2. *બહમની સામ્રાજ્યની રાજકીય સ્થિતિ વિશે ટૂંકમાં જણાવો.*

3. *બહમની સામ્રાજ્યના પતન વિશે ચાર વાક્યો લખો.*

4. *બહમની સામ્રાજ્યના વહીવટીતંત્ર વિશે સંક્ષેપમાં જણાવો.*

## 15.6 બહમની સામ્રાજ્યની સાંસ્કૃતિક સ્થિતિ

### 15.6.1 સમાજ

*બહમની સામ્રાજ્યના રાજકીય ઈતિહાસ જેટલી માહિતી સામાજિક સ્થિતિ વિશે મળતી નથી. મુસ્લિમ, હિંદુ, ઈરાની, ટ્રાન્સ, ઓક્સિયન, ઈરાકી અને એબિસીનિયન લોકો સમાજમાં હતાં. ફારસી, મરાઠી, દક્ષિણી, ઉર્દૂ, કન્નડ, તેલુગુ ભાષાઓ વિશેષ બોલાતી હતી. સુલતાન મોહંમદશાહ ત્રીજાના સમયમાં રશિયન પ્રવાસી અથનેસિયસ નિકિતિન ભારત આવ્યો ને ઈ.સ. ૧૪૭૦ થી ૧૪૭૪ સુધી બિરદરમાં રહ્યો હતો. તેના જણાવ્યા મુજબ ઉમરાવો, સામાન્ય પ્રજા સમૃદ્ધ, સુખી અને ધનવાન હતી. સમાજમાં અમીર અને ગરીબ એવા બે વર્ગો હતા. પરંતુ એક વર્ગ અતિ વૈભવી જીવન અને બીજો સમાજનો મોટો વર્ગ સામાન્ય પ્રજા, ગામડાંની પ્રજા નિર્ધન હતી. એક ત્રીજો વર્ગ વ્યાપારી મધ્યમવર્ગ પણ હતો.*

### 15.6.2 આર્થિક સ્થિતિ

*ફીરોજશાહે ચૌલ અને દાભોલના બંદરોને વિકસાવવા ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ બંદરોએ ઈરાન, અરબસ્તાન, આફ્રિકા અને યુરોપનાં બજારોમાંથી ચીજવસ્તુઓ આવતી. મહમૂદ ગાવાને મુંબઈ-કર્ણાટક કિનારો તથા પછીથી ગોવા જીતી ત્યાં વહીવટી વ્યવસ્થા સ્થાપી સામ્રાજ્યની આર્થિક સમૃદ્ધિ વધારી હતી. બહમની સામ્રાજ્યની આર્થિક સમૃદ્ધિનું વર્ણન ઈ.સ.* 1469-1474 *દરમિયાન દખ્ખણમાં આવનાર રશિયન પ્રવાસી અથનેસિયસ નિકિતિને કર્યું છે. તેના વર્ણન પ્રમાણે ઘોડા, વસ્ત્રો, રેશમ, મરચાં વગેરેની નિકાસ થતી હતી. દભોલ (મુસ્તુફાબાદ)નું બંદર દેશ-વિદેશમાં વેપારની આયાત-નિકાસનું મુખ્ય ધીકતું બંદર હતું. આરબ, ખુરાસાન અને તુર્કસ્તાનથી જાતવાન ઘોડા તો કસ્તુરી અને ફરની ચીનથી આયાત કરવામાં આવતી હતી. વેપાર મોટાભાગે હિંદુ વેપારીઓ પાસે હતો. વજીર મહમૂદ ગાવાને જમીનની માપણી કરાવી તથા જમીન મહેસૂલના સુધારા દ્વારા રાજ્યની આવકમાં વધારો કર્યો હતો.*

### 15.6.3 શિક્ષણ અને સાહિત્ય

*કેટલાક બહમની સુલતાનો પોતે વિદ્વાનો હતા તથા વિદ્વાનો અને શિક્ષણના પોષક હતા. બહમનીના સ્થાપક હસનશાહે વિદ્વાનો અને સંતુપુરુષોને ઉત્તેજન આપવાનો આરંભ કર્યો હતો. સુલતાન મોહંમદશાહ બીજો પોતે વિદ્વાન*

હતો તેમજે કાવ્ય અને દર્શનશાસ્ત્રનો શોખીન હતો. તેથી જ તે "દ્વિતીય એરિસ્ટોટલ" કહેવાતો. તેણે શિક્ષણને ઉત્તેજન આપવા નીરાધારો માટે શાળાઓ શરુ કરાવી હતી. તેણે એશિયાના વિભિન્ન પ્રદેશોના વિદ્વાનોને રાજ્યમાં બોલાવી આશ્રય આપ્યો હતો. તેમાંથી ફૈઝુલ્લા અંજુ નામના વિદ્વાનને પ્રમુખ કાઝી પદ આપ્યું હતું. વળી તેણે ઈરાનના ફારસી કવિ શીરાઝીને દખ્ખણમાં આવવા આમંત્રણ પાઠવેલું. ફિરોજશાહે પણ વિદ્વાનો, કવિઓ અને તવારીખકારોને આશ્રય આપેલો. તેણે ખગોળશાસ્ત્રના વિકાસ અર્થે દૌલતાબાદમાં વેધશાળા સ્થાપેલી. પરંતુ તેનું આ કાર્ય યોગ્ય સંચાલનને અભાવે વધુ સફળ થઇ શક્યું નહોતું. પોતે અનેક ભાષાઓનો જાણકાર હતો. પોતાની અનેકભાષી બેગમો સાથે તેમની ભાષામાં વાર્તાલાપ કરતો. સુંદર, મરોડદાર અક્ષરોમાં પ્રવીણ હતો. કુરાને શરીફના સોળ પાનાની નકલ દર ચોથા દિવસે તૈયાર કરતો. તેણે ચિશ્તી સંત ગેસુદરાજને આશ્રય આપેલો. ગેસુદરાજે 'મિરાત-ઉલ-આશિકીન' નામનો ગ્રંથ લખ્યો છે જે દખ્ખણી હિન્દીનો ઉત્તમ ગ્રંથ છે. દખ્ખણી હિન્દીને બહમની સુલતાનોએ રાજ્યાશ્રય આપેલો. શેખ આઝરી એસફરાયીની અને સરફૂદ્દીન માઝનદારાની જેવા કવિઓ અહમદશાહના દરબારને શોભાવતા હતા. અલાઉદ્દીન બીજાએ અનેક જાહેર શાળાઓ શરુ કરાવી શિક્ષણને ઉત્તેજન આપ્યું હતું. મોહંમદશાહ ત્રીજા અને તેના વજીર મહમૂદ ગાવાને બિદરમાં એક કૉલેજની સ્થાપના કરી તેમાં અમૂલ્ય હસ્તપ્રતો અને ગ્રંથોનું ગ્રંથાલય ઊભું કર્યું હતું. વળી, તેણે 'મનાઝિર-ઉલ-ઈન્શા' ગ્રંથ અને એક કાવ્ય સંગ્રહની પણ રચના તેણે કરી હતી. ગાવાનના મિત્ર અબુલ કરીમે ગુજરાતના ઈતિહાસ ઉપર માસિર-ઈ-મહમૂદશાહી ગ્રંથ લખ્યો હતો. આમ, બહમની સુલતાનોએ વિદ્વાનોને આશ્રય આપ્યો અને વિદ્યાભ્યાસની પ્રવૃત્તિને ઉત્તેજન આપ્યું હતું.

### 15.6.4 કલા-સ્થાપત્ય

બહમની સુલતાનો કલાના પણ પુરસ્કર્તા હતા. આ સામ્રાજ્યમાં મિસર, ઈરાન, તુર્કસ્તાન અને મધ્ય એશિયામાંથી અનેક લોકો આવી વસ્યા હતા. તેમાં કારીગરો અને કલાકારો પણ હતા. આમ, બહમની સામ્રાજ્યમાં જે સ્થાપત્યો નિર્માણ પામ્યાં તેમાં તુર્કી, ઈજિપ્ત, ઈરાની અને સ્થાનિક હિંદુ કલાનો સમન્વય થયો હતો. ઈ.સ. 1367માં ગુલબર્ગના કિલ્લામાં બંધાયેલી જુમ્મા મસ્જિદ દખ્ખણના સ્થાપત્યકલાનું ઉત્તમ દ્રષ્ટાંત છે. તેનો સ્થપતિ રફી ઈરાની હતો તેથી તેના નકશીકામમાં ઈરાની શૈલી જોવા મળે છે. જ્યારે તેના નાના ઘુમ્મટો હિંદુ-ઈરાની શૈલીથી અલગ પ્રકારના છે. બિદર 15મી સદીમાં અનેક મહેલો, મકબરા, મસ્જિદો, મદરેસાઓ વગેરે બાંધવામાં આવ્યાં. ઈરાની લાલ નળિયાં બિદરની ઈમારતોમાં જડેલાં જોવા મળે છે. 1435માં દૌલતાબાદમાં બંધાયેલ ચાંદમીનાર, બિદરમાં 1472માં બંધાયેલ મહમૂદ ગાવની મદરેસા અને મુહંમદશાહનો મકબરો બિજાપુરનો ગોળ ગુંબજ તરીકે વિખ્યાત સ્થાપત્યો મશહૂર

*છે. આ ઉપરાંત મહત્ત્વનાં નગરોમાં યુદ્ધમાં ઉપયોગી મજબૂત કિલ્લાઓ પણ સુલતાનોએ બંધાવ્યા હતા.*




બિદરનો કિલ્લો

ગોળ ગુંબજ




ચાંદમીનાર

મહમૂદ ગાવનની મદરેસા(બિદર)

સ્થાપત્ય ચિત્ર બ.

*બહમની સુલતાનો સંગીતના શોખીન હોઈ આ કલાને ઘણું ઉત્તેજન આપ્યું હતું. અમુક અંશે ચિત્રકલાને પણ પ્રોત્સાહન આપ્યું. બહમનીના વિગઠન પછી અસ્તિત્વમાં આવેલ અહમદનગર, બિજાપુર અને ગોલકોંડા રાજ્યોમાં એક અલગ પ્રકારની ચિત્રકલા વિકસી. 15મી -16મી સદીમાં દખ્ખણમાં ઈરાની ચિત્રકલા શૈલી પ્રસરી. જેની અસરથી સ્થાનિક પ્રાચીન ચિત્ર શૈલીમાં પરિવર્તનો થયાં. દખ્ખણનાં આ શિયા રાજ્યોમાં વિકસેલી ચિત્રકલાની વિશેષતા અનેક રંગોનો ઉપયોગ તથા ઈરાની શૈલીથી પ્રભાવિત છે.*

*બહમની સુલતાનોએ બંધાવેલ અમુક મકબરાઓમાં ભારતીય અને વિદેશી અસરનો સમન્વય થયો છે. ડૉ. છોટુભાઈ નાયક આ અંગે નોંધે છે કે, "દક્ષિણ ભારતમાં, બહમની સુલતાનો કલાસ્થાપત્ય, વિદ્યાભ્યાસ અને વિજ્ઞાનના પુરસ્કર્તાઓ*

*હતા. તેનું સ્થાપત્ય અનેક તત્ત્વોનું ભારતીય, તુર્કી, ઈજિપ્શિયન અને ઈરાનિયનનું સુંદર મિશ્રણ હતું." તેમ છતાં જહોન માર્શલના જણાવ્યા પ્રમાણે ત્યાં પણ પાછળથી ભારતીય શૈલીએ પોતાના અંકુશની સ્થાપના કરેલી.*

### 15.6.5 ધાર્મિક નીતિ

*બહમની સુલતાનોએ મોટેભાગે મધ્યયુગીન અસહિષ્ણુ ધાર્મિક નીતિ અપનાવી હતી. શાસકોના પરાક્રમો અને વિજયોને જેહાદ જેવા અતિશયોક્તિપૂર્ણ વર્ણનોએ બહમની સામ્રાજ્યની ધાર્મિક નીતિ સંદર્ભે ભારે ગેરસમજો ઉભી કરકી છે. બહમની અને હિંદુ રાજ્ય વિજયનગર વચ્ચે યુદ્ધોનું મુખ્ય પરિબળ રાયચુર દોઆબનો ફળદ્રુપ પ્રદેશ હતો જે રાજકીય પરિબળને મધ્યકાળીન તવારીખકારોએ ધાર્મિક દ્રષ્ટીએ અતિશયોક્તિથી વર્ણવ્યો છે.*

*બહમની સુલતાનો સૂફી-સંતોનું માન-સન્માન કરતા. તેનું એક કારણ સત્તા માટે સામાન્ય પ્રજાનું સમર્થન મેળવવા સૂફી-સંતોનો સહયોગ અનિવાર્ય ગણાવા લાગ્યો હતો. બહમનીમાં ચિશ્તી, કાદિરી અને સત્તારી સંપ્રદાય પ્રચારમાં હતા. તેમાં બિદરે તો કાદિરી સંપ્રદાયનું પ્રમુખ કેન્દ્ર હતું. શેખ સિરાજુદ્દીનને સૌ પ્રથમ સુલતાનની કૃપા પ્રાપ્ત થઈ હતી. ત્રણે સંપ્રદાયમાં ચિશ્તી સૂફીઓ વધુ આદર પામતા. પ્રખ્યાત ચિશ્તી સંત સૈયદ ગેસુદરાજ* 1402-03 *માં દિલ્હીથી ગુલબર્ગા સ્થાપી થયા હતા. તેમણે ફિરોજશાહે નિભાવ માટે અનેક ગામનું દાન આપ્યું હતું. જોકે ગેસુદરાજને ફિરોજશાહે પોતાના ભાઈ અહમદશાહનો પક્ષ લેવા બદલ ગુલબર્ગથી હાંકી કાઢ્યા હતા. હિંદુ સંસ્કૃતિનો પ્રભાવ બહમની દરબારમાં જોવા મળતો હતો. ઉર્સ (જંગમ) જેવા ઉત્સવો ઉજવાતા. જેમાં શંખનાદ, પુષ્પવૃષ્ટિ વગેરે જેવી હિંદુ પ્રણાલી ત્યાં જોવા મળતી.*

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. *ખાલી જગ્યા પૂરો*

(1) *સુલતાન મોહંમદશાહ ત્રીજાના સમયમાં કયો રશિયન પ્રવાસી .................... બહમની આવ્યો.*

(2) *ચૌલ અને દભોલ બંદરો વિકસાવવામાં ................ સુલતાને ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.*

(3) *સૂફી સંત ગેસુદરાજે ............. નામનો ગ્રંથ લખ્યો.*

(4) *રીયાઝ-ઉલ-ઈન્શા નામનો પત્રોનો સંગ્રહ ............... એ બહાર પાડ્યો હતો.*

(5) *ગોળ ગુંબજ .............. આવેલો છે.*

1. *બહમની સામ્રાજ્યની આર્થિક સ્થિતિ ટૂંકમાં જણાવો.*

2. બહમની સામ્રાજ્યના શિક્ષણ અને સાહિત્ય વિશે પાંચ વાક્યો લખો.

3. બહમની સામ્રાજ્યના સ્થાપત્ય વિશે સંક્ષેપમાં જણાવો.

## 15.7 સારાંશ

તુઘલક વંશ દરમિયાન દિલ્હી સલ્તનતની કેન્દ્રીય સત્તા નબળી પડતાં દખ્ખલણમાં બહમની સામ્રાજ્યની સ્થાપના થઈ. જેમાં 'અમીર-એ-સાદાહ' આ સ્વતંત્ર સલ્તનત સ્થાપવામાં સફળ થયા. આ સામ્રાજ્યને જુદા-જુદા સુલતાનોએ વિજયો કરી દ્રઢ બનાવ્યું. તેનો આજુબાજુની માળવા, વિજયનગર અને તેલંગણાના રાજ્યો સાથે સંઘર્ષ ચાલતો રહ્યો. અફાકિયો અને દખ્ખણીઓના પરસ્પરના સંઘર્ષની પરાકાષ્ઠા સામ્રાજ્યના વિઘટનમાં આવી. તેની શાસન વ્યવસ્થા એક-બે અપવાદોને બાદ કરતાં દિલ્હી સલ્તનતની પ્રતિકૃતિ સમાન હતી.

## 15. 8 શબ્દાવલી

- ઈક્લીમ – પ્રાંત
- તરફદાર – પ્રાંતોનો વહીવટી વડો
- સરકાર – જિલ્લા સમાન વહીવટી વિભાગ
- મુનાહિયા – જૂના ભદ્રવર્ગના દખ્ખણી અમીરો
- અફાકિ – ઈરાન, તુર્કસ્તાન, અરબસ્તાન, મધ્ય એશિયા વગેરેના વિદેશી-મુસ્લિમ ઉમરાવ

## 15.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ખ) ના જવાબો

1. (1) અથનેસિયસ નિકિતિન (2) ફીરોજશાહ (3) 'મિરાત-ઉલ-આશિકીન'
(4) મહમૂદ ગાવાન (5) બિજાપુર

## 15.10 સંદર્ભ સૂચિ


1. Dr. Ishwari Prasad, Medieval India.
2. Nilkantha Sastri , A History of South India.
3. Dr. R.C. Majumdar, Delhi Sultanate, Ed. Vol VI, Bharatiya Vidya Bhavan, Bombay
4. Mahummad Habbi and K.A. Nizami, Delhi Sultanate Vol.I & II.
5. ડૉ.મથુરાલાલ શર્મા, દિલ્હી સલ્તનત.
6. ડૉ.વી.એસ.ભાર્ગવ, મધ્યકાલીન ભારતીય એવમ સંસ્થાએ.
7. ડૉ. છોટુભાઈ નાયક, મધ્યયુગીન ભારત, ખંડ-2.
8. પ્રા. દેવેન્દ્ર વૃ. ભટ્ટ, ભારત ઈતિહાસ દર્શન.
9. ડૉ.ઈશ્વરભાઈ જી. ઓઝા, મધ્યયુગીન ભારતનો ઈતિહાસ.

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). જીગીશ પંડ્યા* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ. અશોક વાઘેલા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી આર્ટ્સ કોલેજ, અમીરગઢ.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |



**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**ISBN : 978-93-91468-19-4**
**પ્રકાશન વર્ષ : 2025-પ્રથમ આવૃતિ**

## *વિભાગ-4ભારત: સાહિત્ય,શિક્ષણ,વિજ્ઞાન,કલા,અને સ્થાપત્યનો ઈતિહાસ*

**ભારતનો ઈતિહાસ (ઈ.સ.650 થી ઈ.સ. 1526 સુધી)** *પેપર-3ના વિભાગ-4માં કુલ બે એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં સાહિત્ય, શિક્ષણ, વિજ્ઞાન, કલા અને સ્થાપત્યનો વિગતે ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-16***માં ઈ.સ 650 થી ઈ.સ. 1526 સુધીના ભારતીય સાહિત્ય, શિક્ષણ અને વિજ્ઞાનના ક્ષેત્રમાં જે અભૂતપૂર્વ પ્રગતિ થઈ તેને લગતી માહિતી આપવામાં આવી છે.*

**એકમ-17***માં ઈ.સ. 650 થી ઈ.સ. 1526 સુધીના ભારતના કલા અને સ્થાપત્યની વિગતે ચર્ચા કરવામાં આવી છે જેમાં રાજપૂતકાલીન સ્થાપત્યકલા અને મુસ્લીમકાલીન સ્થાપત્યકલાના અભ્યાસ સંદર્ભે આ એકમ અગત્યનો પુરવાર થાય છે.*

| એકમ– 16 | ઈ.સ. 650 થી 1526 સુધીનું ભારત,<br>સાહિત્ય, શિક્ષણ અને વિજ્ઞાન |
|---|---|

રૂપરેખા :

16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 સાહિત્ય : (ઈ.સ. 650 થી 1526)

16.2.1 અનુ-ગુપ્તકાળનું સાહિત્ય (ઈ.સ. 650 થી 750)

16.2.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાળીન સાહિત્ય (ઈ.સ.751 થી 1000)

16.2.2.1 સંસ્કૃત સાહિત્ય

16.2.2.2 પ્રાકૃત સાહિત્ય

16.2.2.3 અપભ્રંશ સાહિત્ય

16.2.2.4 કન્નડ અને તામિલ સાહિત્ય

16.2.3 પ્રાચીનકાળના અંતિમ તબક્કાનું સાહિત્ય (ઈ.સ. 1001 થી 1200 સુધી)

16.2.3.1 સંસ્કૃત સાહિત્ય

16.2.3.2 પાલિ, પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્ય

16.2.3.3 અર્વાચીન ભાષાઓ

16.2.4 સલ્તનતકાળીન સાહિત્ય (ઈ.સ. 1201 થી 1526)

16.2.4.1 સંસ્કૃત સાહિત્ય

16.2.4.2 પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય

16.2.4.3 અરબી અને ફારસી સાહિત્ય

- તમારી જાતે ચકાસો (ક)

16.3 શિક્ષણ (ઈ.સ. 650 થી 1526)

16.3.1 અનુગુપ્તકાળીન શિક્ષણ (ઈ.સ. 650 થી 750)

16.3.2 પ્રિતહાર-રાષ્ટ્રકૂટ કાળીન શિક્ષણ (ઈ.સ. 751 થી 1000)

16.3.3 પ્રાચીનકાળના અંતિમ તબક્કાનું શિક્ષણ (ઈ.સ. 1001 થી 1200)

16.3.4 સલ્તનતકાળીન શિક્ષણ (ઈ.સ. 1201 થી 1526)

- તમારી જાતે ચકાસો (ખ)

16.4 વિજ્ઞાન (ઈ.સ. 650 થી 1526 સુધી)

16.4.1 અનુગુપ્તકાળ (ઈ.સ. 650 થી 750)

16.4.2 પ્રિતહાર-રાષ્ટ્રકૂટકાળ (ઈ.સ. 751 થી 1000)

16.4.3 પ્રાચીનકાળનો અંતિમ તબક્કો (ઈ.સ. ૧૦૦૧ થી ૧૨૦૦)
16.4.4 સલ્તનકાળીન વિજ્ઞાન (ઈ.સ. 1201 થી 1526)
• તમારી જાતે ચકાસો
16.5 સારાંશ
16.6 શબ્દાવલી
16.7 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)
16.8 સ્વાધ્યાય (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)
16.9 સંદર્ભ

## 16.0 ઉદ્દેશો

*આ એકમ વાંચ્યા પછી તમે નીચેની બાબતો સમજશો.*

- *ઈ.સ. 650 થી 1526 સુધીના ભારતના સંસ્કૃત, પાલિ, પ્રાકૃત, અપભ્રંશ અને અર્વાચીન ભાષાઓના સાહિત્યથી પરિચિત થશો.*
- *ઈ.સ. 650 થી 1526 સુધીના ભારતની શિક્ષણ વ્યવસ્થા જાણશો.*
- *ઈ.સ. 650 થી 1526 સુધીના ભારતના વિજ્ઞાનના વિકાસને સમજશો.*

## 16.1 પ્રસ્તાવના

*હવે ઈતિહાસ માત્ર રાજાઓ, યુદ્ધો પૂરતો મર્યાદિત ન રહેતાં સમાજનાં સર્વ વર્ગોને તથા જીવનનાં સાર્વત્રિક પાસાઓને આવરી લે છે. રાજકીય ઈતિહાસની અગત્ય હોવા છતાં તે-તે સમયની પ્રજા, ભાષા, સમાજ, ધંધા રોજગાર, ધર્મ, રાજ્યતંત્ર, સાહિત્ય, કલા, વિજ્ઞાન વગેરેને લગતો સાંસ્કૃતિક ઈતિહાસ પણ ઘણું મહત્ત્વ ધરાવે છે. ગુપ્તકાળ પછી અનુ-ગુપ્તકાળમાં સમ્રાટ હર્ષના મૃત્યુ (ઈ.સ. 647) પછી તેનું ઉત્તર ભારતનું સામ્રાજ્ય વિઘટન પામી જુદી-જુદી પ્રાદેશિક સત્તાઓમાં વહેંચાઈ ગયું. જેમાં ઈ.સ. 751 થી 1000 સુધીમાં ઉત્તરમાં પ્રિતહાર-રાષ્ટ્રકૂટ વંશે મહત્ત્વની રાજકીય અસરો પાડી. દક્ષિણ ભારતમાં ચાલુક્યો અને પલ્લવોના મહાન રાજ્ય થયાં. પરંતુ ઉત્તર કે દક્ષિણ કે સમગ્ર અખિલ ભારતને આવરી લેતું સામ્રાજ્ય ત્યાર પછી લાંબા સમય માટે પ્રવર્તી શક્યું નહિ. બીજા ઘણા પ્રદેશોમાં કર્કોટકો, મૈત્રકો, ગુર્જરો, ગુહિલો, કલચુરિઓ, ગંગો, પાંડ્યો વગેરે અનેક રાજવંશોની સત્તા પ્રવર્તી. મોટાભાગે સાતમી સદીના મધ્યભાગથી ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થઈ ત્યાં સુધીના સમયને પ્રાચીનયુગ માનવામાં આવે છે. પછી મમલૂક કે ગુલામવંશ ને ઈ.સ. 1526માં બાબરે પાણીપતના યુદ્ધથી મોગલવંશની સ્થાપના કરી ત્યાં સુધીના પોણા એક હજાર વર્ષના સમયમાં ભારતમાં સાહિત્ય, શિક્ષણ અને વિજ્ઞાન ક્ષેત્રે સધાયેલ વિકાસ ને આવેલા પરિવર્તનનોનો અત્રે અભ્યાસ કરીશું.*

## 16.2 સાહિત્ય (ઈ.સ. 650 થી 1526)

### 16.2.1 અનુ-ગુપ્તકાળનું સાહિત્ય (ઈ.સ. 650 થી 750)

*આ કાળમાં પણ ગુપ્તકાળની જેમ સંસ્કૃતમાં વિપુલ સાહિત્ય સર્જન થયું. સંસ્કૃત ઉપરાંત શૌરસેની, મહારાષ્ટ્રી અને માગધી જેવી પ્રાકૃત ભાષાઓ ઈતર ભાષાઓ તરીકે વપરાતી રહી. અનુ-ગુપ્તકાળના રાજાઓના અભિલેખોમાં સંસ્કૃત ભાષા પ્રયોજાતી હતી. આ કાળના કાવ્યતત્ત્વમાં કેટલીક કૃત્રિમતા પ્રવેશી. ગદ્ય અને શતક કાવ્ય સ્વરૂપો વિકસ્યાં. સંસ્કૃતના પાંચ પ્રશિષ્ટ મહાકાવ્યોમાંના ભારવિ રચિત 'કિરાતાર્જુનીય' અને કવિ માઘ રચિત 'શિશુપાલવધ' રચાયાં. ભારવિ પુલકેશી બીજાના સમયમાં થયા. તો કવિ માઘ સાતમી સદીના ઉત્તરાર્ધમાં ગુર્જરદેશના શ્રીમાલ નગરના રાજા વર્મલાતના સમયમાં થયા. આ બંને મહાકાવ્યોનું કથાવસ્તુ મહાભારતમાંથી લેવામાં આવ્યું છે. 'શિશુપાલવધ' માઘ કાવ્ય તરીકે વધુ પ્રસિદ્ધ છે. આ સમયનું ત્રીજું મહત્ત્વનું મહાકાવ્ય કવિ ભટ્ટી રચેલ તથા ભટ્ટી કાવ્ય તરીકે ખ્યાત 'રાવણવધ' છે. ભટ્ટી વલ્લભીમાં રાજા ધરસેનના સમયમાં થયા. આ કાવ્ય કથાકાવ્ય અને શાસ્ત્રકાવ્ય એમ બેવડા હેતુથી રચી ભટ્ટીએ મહાકાવ્યમાં નવી ભાત પાડી છે. અન્ય કાવ્ય સ્વરૂપોમાં સો શ્લોકવાળા શતક કાવ્ય પ્રકાર આ કાળમાં વિકસ્યો. જેમાં ભર્તુહરિએ શુંગારશતક, નીતિશતક અને વૈરાગ્યશતક એમ ત્રણ શતક કાવ્યો રચ્યાં. કવિ અમરુએ શૃંગારવિષયક 'અમરુશતક' રચ્યું. ઉપરાંત સ્તોત્ર કાવ્ય સાહિત્યમાં મયૂર રચિત 'સૂર્યશતક' એ ભક્તિપ્રધાન શતકકાવ્ય છે. તો કવિ બાણભટ્ટે 'દેવીશતક' રચ્યું. જૈન કવિ માનતુંગાચાર્યે 'ભક્તામરસ્તોત્ર' નામે જૈન સ્તોત્ર રચ્યો.*

*દક્ષિણ ભારતમાં સ્તવન કાવ્યો રચાયાં. તામિલમાં તિરુમૂલરે 'તિરુમંદિરમ' તેવારમ નામે તથા માણિક્કવાચકરે 'તિરુવાચકમ' નામે શૈવ સ્તવન સંગ્રહ રચ્યા. નંબિ-આડંબર-નંબિએ કુલ અગિયાર સંગ્રહ કર્યા. વૈષ્ણવ આળવારોની સ્તવનકૃતિઓનો 'નાલાયિર-પ્રબન્ધમ' નામે ચાર હજાર કડીઓનો ચાર ખંડો સંગ્રહ કર્યો છે. એમાં ભગવાન વિષ્ણુના અવતારોની લીલાનું વર્ણન, ભક્તિનું મહત્ત્વ દર્શાવ્યું છે. મધુરકવિએ ગુરુ નમ્માળવારના સ્તવનોને સંગ્રહિત કર્યાં. ઉપરાંત પેરિયાળવારે 'તિરુપ્પલ્લાણ્ડુ' નામે સુપ્રસિદ્ધ સ્તવન કાવ્યો રચ્યાં છે. કુલશેખરે (ત્રાવણકોરનો રાજા) પણ કૃષ્ણભક્તિ સભર 103 કડીઓનું સ્તવન કાવ્ય રચ્યું. તામિલ સાહિત્યમાં ત્રીજા જૂથમાં તોણ્ડરડિપ્પોડિ, તિરુપ્પાન અને તિરુમંગઈ એમ ત્રણ આળવાળોએ રંગનાથના ભક્તિમય સ્તવનો રચ્યાં. આજ પર્યંત લોકપ્રિય આ સ્તવનો 'નાલાયિર પ્રબંધમ્'માં સંગ્રહાયો છે. અન્ય કૃતિઓમાં પેરુન્દેવનારનું તામિલ મહાભારત નોંધપાત્ર છે.*

*કવિ ભવભૂતિએ આઠમી સદીના પહેલા ચરણમાં થયા. તેઓ કનોજના યશોવર્માના દરબારમાં સ્થાન પામ્યા હતા. વ્યાકરણ, મીમાંસા અને ન્યાયમાં વિશારદ હતા. તેમણે દશાંકી નાટક 'માલતીમાધવ', સપ્તાંકી 'મહાવીર-ચરિત' અને 'ઉત્તરરામચરિત' એમ ત્રણ નાટકની રચના કરી. સાતમી કે આઠમી સદીમાં થયેલા ભટ્ટનારાયણે 'વેણીસંહાર' છ-અંકી નાટક લખ્યું. તેનું કથાવસ્તુ મહાભારતમાંથી લેવામાં આવ્યું છે. આ નાટક નાટ્યશાસ્ત્રના નિયમો માટે ખ્યાતિ પામેલું છે. કલચુરિ કુળના અનંગહર્ષનું 'ઉદાતરાઘવ' નાટક ઉપલબ્ધ નથી પરંતુ તેનું 'તાપસ-વત્સરાજ' નાટક સ્વપ્નવાસવદત્ત જેવું છે.*

*સંસ્કૃત ગદ્ય સાહિત્યમાં કથા અને આખ્યાયિકાના સ્વરૂપનો વિકાસ થયો. મૂળ 'પંચતંત્ર' (ઈ.સ. 100-500) ઉપલબ્ધ નથી પરંતુ આ કાળ દરમિયાન કાશ્મીરની વાચનામાં 'તંત્રાખ્યાયિકા' નામે તે મળે છે. યશોવર્માએ (ઈ.સ. 700-740) 'રામાભ્યુદય' નાટક રચેલું જે ઉપલબ્ધ નથી. કવિ દંડીએ 'દશકુમારચરિત' રસાળ ગદ્ય શૈલીમાં રચ્યું.*

*કથા સાહિત્યમાં હરિભદ્રસૂરિ કૃત 'સમરાદિત્યકથા' અને 'ધૂર્તાખ્યાન' મળે છે. યશોવર્માના આશ્રિત કવિ વાકપતિએ 'ગૌડવહો'માં કનોજના રાજા યશોવર્માની વિજય ગાથા આપી છે. તેનું બીજું કાવ્ય 'મધુમથવિજય' પ્રાપ્ત નથી. સંભવતઃ 8મી સદીમાં થયેલ કોઊહલે મહારાષ્ટ્રી પ્રાકૃતમાં 'લીલાવતી'ની રચના કરી. જેમાં સતવાહન નરેશ અને સિંહલદેશની રાજકુમારી લીલાવતીના પ્રણયનું વર્ણન કર્યું છે. ભાગવત પુરાણ આ કાળમાં રચાયું હોવાનું અનુમાન છે. જે વૈષ્ણવ સંપ્રદાયનું પ્રસિદ્ધ પુરાણ છે. 7મી સદીમાં અસહાયે નારદ સ્મૃતિ પર ભાષ્ય લખ્યું. 8મી સદીમાં કામન્દકે અર્થશાસ્ત્ર પરથી પદ્યમાં 'નીતીસાર' રચ્યું.*

*ઉદ્યોતકરનું 'ન્યાયવાર્તિક', ધર્મકીર્તિનું 'ન્યાયબિંદુ' ધર્મોત્તરનું 'ન્યાયબિંદુ ટીકા' અને તેના પર મલ્લવાદીની ટીકા, અકલંકનું 'ન્યાયનિશ્ચય', પ્રભાકરનું શાબરભાષ્ય પરની બૃહતી, કુમારિલકૃત શ્લોકવાર્તિક, તંત્રવાર્તિક અને ટુપટીકા જેવા દાર્શનિક સાહિત્ય ગ્રંથો લખાયા. જૈન દાર્શનિકોમાં હરિભદ્રસૂરિએ અનેકાનેક દાર્શનિક ગ્રંથો અને પ્રકરણ ગ્રંથો અને વૃત્તિઓ લખી. જિનભદ્રસૂરિનાં ભાષ્યો તથા ચૂર્ણીઓ મહત્ત્વની છે.*

*ભટ્ટીકાવ્યમાં શબ્દશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રનાં ઉદાહરણો મળે છે. તેનો પ્રસન્ન-કાંડ કાવ્યશાસ્ત્રને લગતો છે. તેમાં શબ્દાલંકાર, અર્થાલંકારનાં દ્રષ્ટાંત છે. ભામહે 'કાવ્યાલંકાર' તથા દંડીએ કાવ્યદર્પણ ગ્રંથોમાં કાવ્યનાં લક્ષણો, પ્રકારો, ગુણો, અલંકારો વગેરે સમજાવ્યાં છે. વિરહાંકે 'વૃત્તજાતિસમુચ્ચય'માં સંસ્કૃત, પ્રાકૃતમાં વપરાતા અક્ષરમેળ છંદો અને માત્રામેળ છંદોના નામ અને લક્ષણ, ઉદાહરણો આપ્યાં છે. આ કાળમાં શબ્દશાસ્ત્રમાં અમર રચિત 'નામલિંગાનુશાસન' (અમરકોશ) સંસ્કૃત શબ્દકોશ તરીકે પ્રસિદ્ધ છે. આ શબ્દકોશમાં પુરોગામી અનેક શબ્દકોશોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. 7મી સદીના પૂર્વાર્ધમાં થયેલા ભર્તૃહરીએ વ્યાકરણને લગતી 'વાક્યપદીય' રચી. પ્રાયઃ ઈ.સ. 660ની આસપાસ કાશ્મીરના બૌદ્ધ અનુયાયી જયાદિત્યે 'કાશિકાવૃત્તિ' લખી. ચંદ્રગોમીએ 'ચાંદ્ર વ્યાકરણ' રચ્યું. જે નેપાલ, તિબેટ, કાશ્મીર તથા શ્રીલંકામાં પ્રચલિત થયું.*

*વરાહમિહિર પછી બ્રહ્મગુપ્તે (ઈ.સ. 628-29) જ્યોતિષશાસ્ત્રમાં 'બ્રહ્મસિદ્ધાંત' નામે ગ્રંથ લખ્યો. જે પશ્ચિમ ભારતમાં સૈકાઓ સુધી પ્રચલિત રહ્યો. તેનો બીજો ગ્રંથ 'ખંડખાદ્ય' (ઈ.સ. 665-66) છે. આ કાળે અન્ય જ્યોતિષ વિશેનાં પુસ્તકો લખાયાં હતાં.*

*અગાઉના ચિકિત્સાવિદ્યાના વિદ્વાન ચરક અને સુશ્રુતના ગ્રંથો ઉપરાંત આ કાળમાં વાગ્ભટ્ટના ગ્રંથો ઉમેરાયા. આ સમયે બે વાગ્ભટ્ટ થયા. એક વાગ્ભટ્ટ 7મી સદીના પ્રારંભે થયા. જેમણે આયુર્વેદને લગતો ગદ્ય-પદ્યમાં 'અષ્ટાંગહૃદય' ગ્રંથ લખ્યો. બીજા વાગ્ભટ્ટ*

*8મી સદીના પ્રારંભે થયા. તેમણે 'અષ્ટાંગહૃદયસંહિતા' ગ્રંથ લખ્યો. આ બંને ગ્રંથોમાં ચિકિત્સાવિદ્યાના આ અંગનું વિવેચન કર્યું છે.*

**16.2.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન સાહિત્ય : (ઇ.સ. 751 થી 1000)**

**16.2.2.1 સંસ્કૃત સાહિત્ય :**

*પ્રથમ સહસ્રાબ્દીના ચોથા ચરણમાં (ઇ.સ. 751-1000) પ્રતિહાર, રાષ્ટ્રકૂટ, પાલ, પલ્લવ, કાર્કોટ, પરમાર, કલચુરિ, ચંદેલ, ગંગ, ચાલુક્ય, ચોલ વગેરે જેવાં રાજ્યો થયાં. જેમાં ઉત્તર ભારતનો પ્રતિહાર વંશ અને દક્ષિણના રાષ્ટ્રકૂટ વંશની બળવાન સત્તાઓ મહત્ત્વની હતી. તેથી સગવડ ખાતર આ કાળને પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાળ તરીકે ઓળખવામાં આવે છે.*

*આ કાળમાં સાહિત્યની પ્રતિભા ઝાંખી પડી તો કથા-સાહિત્યમાં ચમ્પૂ કાવ્યશાસ્ત્ર અન્ય ભાષાઓમાં સાહિત્ય રચાયું. કન્નડ ભાષામાં સાહિત્ય સર્જનનો વિકાસ થયો. બૌદ્ધ ધર્મ હ્રાસ પામ્યો. તો શૈવ અને વૈષ્ણવ ધર્મના વિકાસને લઇને તે ધર્મનું ધાર્મિક સાહિત્ય વિકાસ પામ્યું. પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં જૈન ધમર્નો ફેલાવો થયો. અહીં આપણે આ કાળના મુખ્ય સાહિત્ય સર્જન વિશે અભ્યાસ કરીશું.*

*સંસ્કૃત સાહિત્યમાં આ કાળમાં ભારવિ અને માઘની અસર પ્રવર્તી. તેમના પ્રભાવવાળી રચનાઓમાં કાવ્યતત્ત્વને સ્થાને ચિત્રકાવ્યની ચમત્કૃતિનું પ્રાધાન્ય રહ્યું. વિશાખાદત્તના સમય વિશે મતભેદ છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી તેને દસમી સદી પહેલાં થયા હોવાનું નિશ્ચિત માને છે. તેણે મોર્ય કાળીન રાજકીય કથાવસ્તુ ધરાવતાં 'મુદ્રારાક્ષસ' અને 'દેવીચંદ્રગુપ્ત' નાટક રચ્યાં હતાં. દેવીચંદ્રગુપ્ત પ્રાપ્ત નથી પરંતુ નાટ્યદર્પણ જેવા પછીના ગ્રંથોમાં તેનો ઉલ્લેખ થયેલો છે. 'અભિસારિકાવંચિતક' નાટક પણ તેનું મનાય છે પરંતુ તે પ્રાપ્ત નથી. પછીના કેટલાક ગ્રંથોમાં તે ઉદાહૃત અંશ સ્વરૂપે મળે છે. ઇ.સ. 900 આસપાસ થયેલ કવિ ભીમે 'સ્વપ્ન-દશાનન' નાટક રચ્યું.તેણે વિશાખાદત્તના મુદ્રારાક્ષસની પરિપાટી પર 'પ્રતિભા-ચાણક્ય' નાટક લખ્યું. ૮મી સદી આસપાસ થયેલ કવિ મુરારિએ રામચરિતને લગતું સંસ્કૃતમાં પ્રસિદ્ધ નાટક 'અનર્ઘ રાઘવ' રચ્યું. શક્તિભદ્રે આ અરસામાં 'આશ્ચર્યચૂડામણિ' નાટક લખ્યું. નવમી સદીમાં જૈન કવિ હસ્તિમલ્લે પાંચ નાટકો લખ્યાં. જેમાં 'વિક્રાંત-કૌરવ', 'સુભદ્રાહરણ', 'મૈથિલીકલ્યાણ' (સીતાવિવાહ) નોંધપાત્ર છે. કનોજના પ્રતિહાર રાજગુરુ અને કવિ રાજશેખરે (ઇ.સ. 885-940) પત્ની અવન્તિસુંદરીની પ્રેરણાથી 'કર્પૂરમંજરી' નાટિકા રચી. રાજશેખરે રાજા મહેન્દ્રપાલની પ્રેરણાથી 'બાલરામાયણ' નાટક રચ્યું. તેણે કલચુરિ રાજા કેયૂર વર્ષ માટે 'વિદ્ધશાલભંજિકા' નાટિકા રચી. ઉપરાંત તેણે પ્રતિહાર રાજા મહિપાલ માટે 'બાલાભારત' રચ્યું. આમ, રાજશેખરે લખેલ ચાર નાટકોમાં નવા નવા પ્રયોગો, મનોહર કલ્પનાઓ, પદ્યમાં લાલિત્ય પ્રશંસનીય છે. તો નાટ્યકાર તરીકેની ઉચ્ચ પ્રતિભાનો અભાવ વર્તાય છે. રાજા મહિપાલના સમયમાં થયેલ કવિ ક્ષેમીશ્વરનાં બે નાટકો 'ચંડકૌશિક' (રાજા હરિશ્ચંદ્ર પર) અને 'નૈશધાનંદ' (રાજા નલની કથા) મળે છે. અગાઉનાં રામાયણની કથાવસ્તુ પર રચાયેલાં નાટકો (ભવભૂતિ, મુરારિ, રાજશેખરનાં નાટકો)*

પરથી સંકલિત કરી ગેયનાટકો રચાયાં. બંગાળી વાચનામાં ચૌદ અંકી નાટક 'મહાનાટક' જ્યારે દેવનાગરી વાંચનામાં દસ અંકી નાટક 'હનુમન્નાટક' મળે છે. ચૌદ અંકી વાચના દામોદર મિશ્રે તો દશાંકી વાચના મધુસૂદન નામના કવિએ તૈયાર કરી.

એક અંકી નાટક કે જેમાં રંગભૂમિ પર એક જ પાત્ર આવે ને આકાશભાષિત અનુપસ્થિત પાત્રોની ઉક્તિઓ પણ રજુ કરે તેને 'ભાણ' નામનો નાટક પ્રકાર કહે છે. પ્રાયઃ 6,7 કે 10મી સદીમાં સર્જાયેલા આવા ચાર ભાણો મળે છે. જે 'ચતુર્ભાણી' તરીકે સંગ્રહાયાં છે. જેમાં ઉભયાભિસારિકા-વરરુચિએ, પદ્મપ્રાભૃતક-શુદ્રકે, ધૂર્તવિટસંવાદ-ઈશ્વરદત્તે તથા પાદતાડિતક-શ્યામલિકે રચ્યાં મનાય છે.

જૈન સૂરિ જિનસેને વઢવાણ (સૌરાષ્ટ્ર) માં ઈ.સ. 783માં 'હરિવંશપુરાણ' રચ્યું. જે અનુશ્રુતિ મુજબનું પુરાણ કાવ્ય છે. બીજા એક જિનસેન ઈ.સ. 783 પહેલાં થયા તેમણે 'પાર્શ્વાભ્યુદય' કાવ્યમાં 'મેઘદૂત'ના બધા શ્લોકો સમાવી લીધા. તેમનું અધુરું 'આદિપુરાણ' કાવ્ય તેમના શિષ્ય ગુણભદ્રે પૂર્ણ કર્યું. જૈન કવિ અસંગે ચોલદેશમાં ઈ.સ. 853માં 'વર્ધમાનચરિત' (મહાવીરચરિત) લખ્યું. દશમી સદીમાં કનક્સેન વાદિરાજે 'યશોધરચરિત' કાવ્ય રચ્યું. કાશ્મીરનાં બૌદ્ધ કવિ શિવસ્વામીએ (ઈ.સ. 855-883) ભારવિ અને માઘની અસર ધરાવતું 'કપ્ફણાભ્યુદય' મહાકાવ્ય રચ્યું. આ સમયગાળામાં થયેલ કવિ રાજાનક રત્નાકરે પચાસ સર્ગનું અને અંધકાસુરવધની કથા પર 'હરવિજય' મહાકાવ્ય રચ્યું. તેણે 'વક્રોક્તિપંચાશિકા' પણ રચી. નવમી સદીના અંતમાં કાશ્મીરમાં અભિનંદ કવિ થયો. તેણે 'કાદમ્બરીકથાસાર' મહાકાવ્ય રચ્યું. બીજા એક અભિનંદ્વિ (ગૌડ કવિ) ધર્મપાલ (ઈ.સ. 770-810) ના સમયમાં ૩૬ સર્ગનું 'રામચરિત' મહાકાવ્ય રચ્યું. આ કાશ્મીરી અને બંગાળી કવિ એક જ હોવા સંભવ છે. કવિ વાસુદેવે ૯મી સદીમાં 'યુધિષ્ઠિરવિજય', 'શૌરિકથોદય' અને 'ત્રિપુરદહન' એમ ત્રણ મહાકાવ્ય રચ્યાં.

શ્લેષ દ્વારા કાવ્યમાં દ્વિસંધાન પ્રયોજ્યાં હોય તેવાં કાવ્યમાં જૈન કવિ ધનંજયનું-'રાઘવપાંડવીય' અને કવિ રામચંદ્રે શિવ-પાર્વતી પર શ્લેષ કાવ્ય રચ્યું. આચાર્ય હરિષેણે (ઈ.સ. 931) 'બૃહત્કથાકોશ'ની રચના કરી. પદ્મગુપ્ત ઉર્ફે પરિમલે 'નવસાહસાંક'માં માળવા નરેશ સિંધુરાજનું ચરિત આલેખ્યું છે.

કેટલાક સ્તોત્ર શંકરાચાર્યે આ કાળમાં રચ્યા મનાય છે. ત્રણસો શ્લોકવાળું 'દેવીશતક' આનંદવર્ધને રચ્યું. જેમાં ભવાનીની સ્તુતિ છે. ઉત્પલદેવકૃત 'સ્તોત્રાવલી'માં શિવનાં સ્તોત્ર છે. કુલશેખરે 'મુકુન્દમાલા' નામે વિષ્ણુ સ્તવન રચ્યું. પુરાન્તકે મહાકાળીને લગતું 'શ્યામલાદંડક' સ્તોત્ર રચ્યું. આ કવિને તેની કૃતિ માટે રાજા ભોજે સો અગ્રહારોનું દાન દીધેલું. જૈન કવિ શોભન શિરોમણિએ 'ચતુર્વિંશતિજિનસ્તુતિ' તો તેના ભાઈ ધનપાલે 'ઋષભપંચાશિકા'ની રચના કરી. જૈન કવિ માનતુંગે રચેલું સ્તોત્ર 'ભક્તામર સ્તોત્ર' પ્રસિદ્ધ છે. કાશ્મીર નરેશ જ્યાપીડના મંત્રી દામોદરગુપ્તે ગણિકાના માર્ગદર્શન માટે 'કુટ્ટનીમત' કાવ્ય રચ્યું. રાજા શંકરવર્માના સમયમાં ભલ્લટે વિભિન્ન છંદોવાળું 'ભલ્લટશતક' અને જૈન કવિ સોમદેવે રાજનીતિને લગતું 'નીતિવાક્યામૃત' કૃતિ લખી. અન્ય શ્લેષ કાવ્યોમાં નીતિવર્માનું 'કીચકવધ', રવિદેવનું 'રાક્ષસકાવ્ય' મળે છે. સંસ્કૃત

*સુભાષિતોમાં પ્રાચીન એવું 'કવીન્દ્રવચન-સમુચ્ચય' પ્રાયઃ* 10 *મી સદીમાં રચાયું. તેમાં અનેક કવિઓની રચનાઓ સંગ્રહિત છે. ગુણાઢ્યનો 'બૃહત્કથા' ગ્રંથ અપ્રાપ્ય છે. પરંતુ તેના પર કાવ્યમાં સંક્ષેપમાં બુધસ્વામીએ 'શ્લોક સંગ્રહ' રચ્યો જે તેના પરનું પ્રાચીન ઉપલબ્ધ રૂપાંતર છે.*

*આ કાળની કથા સાહિત્યની બે કૃતિઓ મહત્ત્વની છે. પહેલી કવિ આનંદની 'માધવાનલ-કામકન્દલા કથા' અને બીજી ધનપાલની 'તિલકમંજરી-કથા'. કવિ આનંદના સમય વિશે જાણવા મળતું નથી. જ્યારે ધનપાલએ કવિ શોભનનો ભાઈ હતો ને તે ગદ્યરચનામાં નિષ્ણાંત હતો. ધનપાલની કૃતિમાં ઉત્તમ ગદ્યશૈલીનાં લક્ષણો જોવા મળે છે.*

*કવિ પોતાની કૃતિમાં ગદ્ય અને પદ્ય એમ બે પ્રકારોનું સપ્રમાણ પ્રયોજન કરી કથાનકને નિરુપે તેને સાહિત્યમાં ચમ્પૂ પ્રકાર કહે છે. આ કાળમાં (*10*મી સદીમાં) ચમ્પૂ સાહિત્યનો પ્રાચીનતમ નમૂનો મળે છે. અને એ રીતે આ કાળમાં આ નવા ચમ્પૂ સાહિત્યપ્રકારનો ઉદ્ભવ અને વિકાસ જોવા મળે છે. કવિ ત્રિવિક્રમભટ્ટે (રાષ્ટ્રકૂટ રાજા ઈન્દ્ર ત્રીજા-ઈ.સ.* 914-22) *'નવલચમ્પૂ' (દમયંતી કથા) તથા 'મદાલસાચમ્પૂ' રચ્યું. જૈન કવિ સોમદેવે (રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ત્રીજા-ઈ.સ.* 959) *'યશસ્તિલક-ચમ્પૂ' તથા કવિ સોઢ્ઢલે (કોંકણ રાજા મુમ્મુણિરાજ ઈ.સ.* 1000) *'ઉદયસુંદરીકથા' ચમ્પૂમાં રચી.*

*શાસ્ત્રીય સાહિત્ય પણ રચાતું રહ્યું. કોશમાં 'ધન્વન્તરિનિઘંટુ' આયુર્વેદને લગતો કોશ રચાયો. જે આ પ્રકારનો પહેલવહેલો ઉપલબ્ધ કોશ છે. હલાયુધે 'અભિધાનરત્નમાલા' નામે શબ્દકોશ* 10 *મી કે* 11*મી સદીમાં રચ્યો.*

*પાણિની વ્યાકરણ પર બૌદ્ધ મૈત્રેયરક્ષિતે 'તંત્રપ્રદીપ' વૃત્તિ અને 'ધાતુપ્રદીપ' લખી. ઉપરાંત પાણિની વ્યાકરણ પર રચાયેલ ન્યાસ પર ઈન્દુમિત્રે 'અનુન્યાસ' વૃત્તિ તો વિમલમતીએ 'ભાગવૃત્તિ' રચી. શાકટાયને (ઈ.સ.* 814-878) *માં સંસ્કૃતમાં પાણિની વ્યકારણથી જુદું અને નવું તંત્ર 'અમોઘવૃત્તિ' રચ્યું. કાતન્ત્ર કે કાળાપના વ્યાકરણ પર ઈ.સ.* 800 *થી* 1000 *દરમિયાન વૃત્તિઓ, ન્યાસ અને લઘુવૃત્તિઓ લખાઈ. આ વ્યાકરણનો પ્રસાર બંગાળ તથા કાશ્મીરમાં ખુબ થયો.*

*કવિ ઉત્પલે 'બૃહત્સંહિતા'ના* 103*મા અધ્યાય પરની ટીકામાં અક્ષરમેળ છંદોની* 60 *જેટલી વ્યાખ્યાઓ આપી. જેમાંથી* 40 *તો જયદેવના ગ્રંથમાંથી બેઠી આપવામાં આવી છે. પ્રાકૃતમાં છંદનો ઉપયોગ શરુ થયો. જૈન કવિ સ્વયંભૂ (*10*મી સદી)એ 'સ્વયંભૂછંદસ' ગ્રંથ પ્રાકૃત છંદો વિશે લખ્યો.*

*આ કાળમાં કાવ્યશાસ્ત્રમાં નોંધપાત્ર વિકાસ સધાયો. અલંકાર, શૈલી, ધ્વનિ, વક્રોક્તિ વગેરે જેવાં કાવ્યતત્ત્વો વિકસ્યાં. અગાઉના કાળે અલંકારનો ઉપયોગ શરુ થયો તે આ કાળે ભારે વિકાસ પામ્યો. જેમાં ઉદ્ભટ (ઈ.સ.* 825) *નો ફાળો મુખ્ય છે. તેણે 'અલંકારસારસંગ્રહ' નામે ગ્રંથમાં વિવિધ* 41 *અલંકારોનાં લક્ષણ અને ઉદાહરણ આપ્યાં. ઈ.સ.* 850 *ના અરસામાં રુદ્રટે 'કાવ્યાલંકાર' ગ્રંથમાં પુરોગામી વિદ્વાનોએ જે અલંકારોની સંખ્યા આપી છે. તેના કરતાં વધારે અલંકારોનું વર્ણન કર્યું છે. તેણે ગ્રંથમાં*

*સાહિત્યશાસ્ત્રની સઘળી મહત્ત્વની બાબતો વર્ણવી છે.* 10 *મી સદીમાં થયેલા રુદ્રભટે તેના ગ્રંથ 'શૃંગારતિલક' માં રુદ્રટનો મત અપનાવ્યો છે.*

*કવિ વામને (રાજા જયાપીડ ઈ.સ.* 770-800) *અલંકાર કરતાં શૈલી (રીતિ) ને મહત્ત્વ આપી એક વિશિષ્ટ મત પોતાના ગ્રંથ 'કાવ્યાલંકારસૂત્રવૃત્તિ'માં રજૂ કરી કાવ્ય તત્ત્વમાં રીતિના મહત્ત્વને પ્રતિપાદિત કર્યું. ઉપરાંત કાવ્યમાં રસનું મહત્ત્વ શાસ્ત્રીય રીતે આ કાળમાં સ્થાપિત થયું. ખરા કાવ્યનો આધાર ધ્વનિ (વ્યંજના) પર રહેલો છે. આ મત 'ધ્વન્યાલોક' ગ્રંથમાં નિરુપાયો છે. તેના લેખક જ્ઞાત નથી પરંતુ કાશ્મીરમાં આનંદવર્ધને તેના પર વૃત્તિ લખી ધ્વનિનું વિશદ વર્ણન કર્યું છે. 'ધ્વન્યાલોક' પર અભિનવગુપ્તે (ઈ.સ.* 960-1020) *'લોચન' નામે ટીકા લખી. આમ કાવ્યશાસ્ત્રમાં રસ અને ધ્વનિનો મહિમા થયો તો સામે કાવ્યતત્ત્વનાં આ લક્ષણો-ગુણો સામે મંડન ને ખંડન થયું. જેમાં* 10*મી સદીના મધ્યમાં પ્રતીહારેન્દુરાજે ઉદ્ભટના 'અલંકાશાસ્ત્ર' પર ટીકા લખી. તેમણે 'ધ્વન્યાલોક'ના ઉદાહરણોને અલંકારોનાં ઉદાહરણ દર્શાવી ધ્વનિ મતનું ખંડન કર્યું. કવિ કુન્તકે પોતાના ગ્રંથ 'વક્રોક્તિજીવિત'માં ધ્વનિસંપ્રદાયનું પ્રબળ ખંડન કર્યું અને કાવ્યમાં વક્રોક્તિ (અલંકારો)નું મહત્ત્વ પ્રતિપાદિત કરી કાવ્યમાં અલંકારોની ઉપેક્ષાથી બચાવી તેમનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું.* 10*મી સદીના અરસામાં થયેલા ભટ્ટનાયકે પણ પોતાના ગ્રંથ 'હૃદયદર્પણ'માં તથા મહિમભટ્ટે 'વ્યક્તિવિવેક'માં ધ્વનિ મતનું ખંડન કર્યું. આમ, ઉત્તમ કાવ્ય તરીકે ધ્વનિકાવ્યનું મહત્ત્વ રહ્યું તો વાચ્ય અર્થનું પ્રાધાન્ય ધરાવતા ચિત્રકાવ્યનો પણ સ્વીકાર થયો.*

*કવિ રાજશેખરે 'કાવ્યમીમાંસા'માં કાવ્યશાસ્ત્રના વિભિન્ન મુદ્દાઓની ચર્ચા કરી છે. 'અભિધાવૃત્તિમાતૃકા'માં મુકુલભે કાવ્ય લક્ષણોનું વર્ણન કર્યું. આ કાળમાં કાવ્યશાસ્ત્ર ઉપરાંત નાટ્યશાસ્ત્રમાં ધનંજયે (રાજા મુંજ ઈ.સ.* 974-994) *'દશરૂપક' નાટ્ય ગ્રંથ લખ્યો. જેમાં સંસ્કૃત નાટકના દસ પ્રકારો નિરુપ્યા છે. સાગરનંદીએ 'નાટક રત્નકોશ' રચ્યો. ભરતના 'નાટ્યશાસ્ત્ર' પછી નાટ્યગ્રંથોમાં આ બે જ ગ્રંથો પ્રાપ્ત છે.* 8*મી-*9*મી સદીમાં માધવે રચેલ રુગ્વિનિશ્ચય(માધવ-નિદાન) સર્વ રોગોના નિદાનનો સૌ પ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથનો ઉપયોગ કરી* 10*મી સદીમાં વૃંદે 'સિદ્ધિયોગ' (વૃંદ-માધવ) રચ્યો. અત્યારે ઉપલબ્ધ ધન્વન્તરિનો 'નિઘંટુ' કોઈ પ્રાચીન આવૃત્તિ પરથી લખાયેલો મળે છે. વર્તમાન 'નિઘંટુ'* 8*મી સદીથી પ્રાચીન નથી. આ ગ્રંથમાં ઔષધો માટેની વનસ્પતિનો માહિતીકોશ (નિઘંટુ) સ્વરૂપે આપી છે.* 7*મી થી* 10*મી સદીમાં કોઈ સમયે રચાયેલ નાગાર્જુનનું રસરત્નાકર માં પારાની ઔષધોની વિદ્યાનું વર્ણન છે.*

*ગણિતમાં આ કાળમાં ઠીકઠીક ગ્રંથો લખાયા. જેમાં શ્રીધર (ઈ.સ.* 800 *આસપાસ)નો 'ગણિતસાર' (ત્રિશતી), મહાવીર (રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષના સમય ઈ.સ.* 814-878)*નો 'ગણિતસારસંગ્રહ' તથા મનુ-રચિત 'બૃહન્માનસ' મહત્ત્વના છે. મુંજાલે બૃહન્માનસ પરથી 'લઘુમાનસ' લખ્યો.*

*ગ્રહગણિત, મુહૂર્તવિદ્યા, ફલાદેશ જેવા જ્યોતિષના વિષયોમાં આ કાળમાં પણ રચના ચાલુ રહી. ઈ.સ.* 950*ના અરસામાં આર્યભટ્ટ બીજો થયો. તેણે અગાઉના*

*આર્યભટ્ટના સિદ્ધાંતમાં સુધારા સાથે ‘આર્યસિદ્ધાંત’ રચ્યો. 10મી સદીમાં ભટ્ટોત્પલે પુરોગામી જ્યોતિષ ગ્રંથોનું ઊંડું અધ્યયન કરી ઘણા ટીકા ગ્રંથો લખ્યા. વરાહમિહિરની ‘બૃહત્સંહિતા’ પરની ટીકા મહત્ત્વની છે. તેણે કલ્યાણવર્માની સારાવલીનું સંસ્કરણ કર્યું. વિજયનંદીએ ‘કરણતિલક’ નામે જ્યોતિષ અંગેનો ગ્રંથ લખ્યો.*

*આ સમયમાં પુરાણગ્રંથો કેટલાક નવા ઉમેરાયા. પુરાણોમાં મત્સ્યપુરાણમાં વ્રતો, દાન, વાસ્તુ વગેરે 8મી-9મી સદીમાં ઉમેરાયાં. વામનપુરાણમાં કાર્મવિપાક, વર્ણાશ્રમ ધર્મ, વ્રતો, વિષ્ણુપૂજા વગેરે ખંડ 9મી-10મી સદીમાં ઉમેરાયાં. દુર્ગાશંકર શાસ્ત્રી વરાહપુરાણને 8મી સદીનું અને ભાગવતપુરાણ 9મી સદીમાં રચાયેલ માને છે. ભાગવતપુરાણ ખાસ કરીને વિષ્ણુપુરાણને અનુસરે છે. તેમાં કેટલીક નવી બાબતો આ કાળમાં ઉમેરાઈ છે. ઉપરાંત લિંગપુરાણ કે શિવપુરાણના કેટલાક ખંડ સ્પષ્ટ રીતે 9મી-10મી સદીમાં ઉમેરાયા. તેવી જ રીતે ગરુડપુરાણના ચાર કાંડ 9મી સદીમાં અને તેમાં ત્રિકાળ સંધ્યા, જપ, પૂજા, વ્રતો, તીર્થો, પ્રતિષ્ઠા, મંત્ર, તંત્ર વગેરે જેવા વિષયો 10મી સદીમાં ઉમેરાયા છે. અનેક વિષયોના સંગ્રહરૂપે રચાયેલ ‘અગ્નિપુરાણ’ના કાવ્યશાસ્ત્રને લગતા અધ્યાયો ૯મી સદીના છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં બંગાળી વૈષ્ણવ ધર્મની અસર સ્પષ્ટ રહેલી છે. તેમાં જન્માષ્ટમી વ્રત, એકાદશી-વ્રતનું મહત્ત્વ 8મી સદીનું જ્યારે પછીના અંશ 10મી સદીના છે. તેવી જ રીતે નારદપુરાણમાંના વ્રતો વગેરે 9મી-10મી સદીમાં ઉમેરાયાં. આમ આ કાળના ધાર્મિક સાહિત્યમાં વ્રતો, તીર્થો, પૂજા, દાન, દીક્ષા વગેરેનો મહિમા જોવા મળે છે.*

*સ્મૃતિ રચના બંધ થઈ તેના સ્થાને ટીકા ગ્રંથો અને નિબંધોની પ્રથા ચાલી. વિશ્વરુપની ‘બાલક્રીડા’ (યજ્ઞવલ્કયસ્મૃતિ પર ટીકા) અને મેધાતિથિની ‘મનુભાષ્ય’ (મનુસ્મૃતિ પર ટીકા) આ કાળની મહત્ત્વના ટીકા ગ્રંથો છે. શૈવધર્મને લગતા સાહિત્યમાં વાસુગુપ્તનું ‘શિવસૂત્રા’, કલ્લટનું ‘સ્પન્દસર્વસ્વ’, સોમાનંદનું ‘શિવદ્રષ્ટિ’ અને અભિનવગુપ્તનું ‘પરમાર્થસાર’, ‘તંત્રાલોક’ મહત્ત્વના છે. બૌદ્ધ તાંત્રિક ગ્રંથોમાં ‘મંજુશ્રીમૂલકલ્પ’ તથા ‘ગુહ્યસમાજ’ લખાયાં. જૈન સાહિત્યમાં હરિભદ્રસૂરિએ કેટલાક ગ્રંથ અને ટીકા લખી. અનેક સાંપ્રદાયિક કૃતિઓ આ સમયમાં રચાઈ.*

*આસ્તિક દર્શનનો બચાવ કરનાર આ કાળના વાચસ્પતિ મિશ્ર મહત્ત્વના દાર્શનિક છે. સર્વ દર્શનો પરત્વે સમાનભાવ ધરાવનાર તેઓ સર્વદર્શનવલ્લભ તથા સર્વતંત્રસ્વતંત્ર કહેવાયા. તેમણે ન્યાયદર્શન વિશે ‘ન્યાયસૂચિનિબંધ’ અને ‘ન્યાયસૂત્રોદ્ધાર’ રચ્યો. ઉદ્યોતકરના ‘ન્યાયવાર્તિક’ પર ‘તાત્પર્ય’ ટીકા લખી. ઈશ્વરકૃષ્ણકૃત સાંખ્યકારિકા પર ‘સાંખ્યતત્વકૌમુદી’ ટીકા લખી. પતંજલિના ‘યોગસૂત્ર’ પરના વ્યાસભાષ્ય પર ‘તત્ત્વવૈશારદી’ વૃત્તિ લખી. મંડનમિશ્ર રચિત ‘વિધિવિવેક’ પર ‘ન્યાયકણિકા’ ટીકા લખી. તો ભટ્ટમીમાંસા પર ‘તત્ત્વબિંદુ’ ગ્રંથ લખ્યો. શાંકરભાષ્ય પર ‘ભામતી’ નામે વૃત્તિ લખી. મંડનમિશ્રની ‘બ્રહ્મસિદ્ધિ’ પર ‘તત્ત્વસમીક્ષા’ ટીકા લખી.*

*ન્યાયદર્શનમાં જયંત ભટ્ટે (કાશ્મીર ઈ.સ. 883-900) ન્યાયસૂત્રો પર ‘ન્યાયમંજરી’ ટીકા લખી. 10મી સદીના પ્રારંભે ભાસર્વજ્ઞે ન્યાયદર્શનની સમીક્ષા કરતો*

*ગ્રંથ 'ન્યાયસાર' લખ્યો. ઉદયનાચાર્યે (ઈ.સ. 984) ન્યાયવાર્તિક-ટીકા પર 'પરિશુદ્ધિ' ટીકા રચી. ઉપરાંત તેમણે 'લક્ષણાવલી' અને 'કિરણાવલી' વૃત્તિઓ લખી. તો સાથે સાથે 'ન્યાયકુસુમાંજલી'માં કારિકાઓ, વૃત્તિઓ દ્વારા મીમાંસા, સાંખ્ય, વેદાંત અને બૌદ્ધ મતનું ખંડન કરી આત્માના અસ્તિત્વનું પ્રતિપાદન કર્યું. યોગદર્શન પર ભોજે રાજમાર્તંડ, વિજ્ઞાનભિક્ષુએ 'યોગવાર્તિકા' ટીકા લખી. વિજ્ઞાનભિક્ષુનો 'યોગસારસંગ્રહ' 10મા સૈકાનો છે. પ્રભાકરે શાબરભાષ્ય પર 'બૃહતી' ટીકા તો કુમારિલ ભટ્ટે તેના પર ખંડ ગ્રંથોમાં શ્લોકવાર્તિક, તંત્રવાર્તિક અને ટુપ ટીકા લખી. તેમના શિષ્ય મંડનમિશ્રે 'વિધિવિવેક' અને 'મીમાંસાનું-ક્રમણી' લખી. શંકરાચાર્યે (ઈ.સ. 788-820) વેદાંતદર્શનમાં બ્રહ્મસૂત્ર ઉપરાંત ભગવદગીતા તથા દસ ઉપનિષદો પર ભાષ્ય લખ્યાં. તેમને કેવલાદ્વૈતવાદ, માયાવાદનું પ્રતિપાદન કર્યું છે. માયાવાદ બૌદ્ધ શૂન્યવાદ અને વિજ્ઞાનવાદના સંયોજનથી વિકસ્યો હતો તેથી શંકરાચાર્ય પ્રચ્છન્ન બૌદ્ધ પણ કહેવાયા છે. તેમના ભાષ્યો પર તેમના શિષ્ય પદ્મપાદાચાર્યે બ્રહ્મસૂત્ર પર પંચવાદિકા નિબંધ લખ્યો. સર્વસમુનિએ બ્રહ્મસૂત્રભાષ્યનો સંક્ષેપ-શારીરિક પદ્ય સક્ષેપ કર્યો. દ્રાવિડ વેદાંતનો પુનરુદ્ધાર શ્રીનાથમુનિએ (ઈ.સ. 850-920) કર્યો. તેઓ વિશિષ્ટાદ્વૈતવાદના પ્રવર્તક હતા. તેમણે ન્યાયતત્ત્વ અને યોગરહસ્ય ગ્રંથ લખ્યા મનાય છે. તેમના પૌત્ર યામુનાચાર્યે સિદ્ધિત્રય, આગમપ્રમાણ્ય, પુરુષનિર્ણય, ગીતાર્થસંગ્રહ વગેરે ગ્રંથ લખ્યા. 11મી સદીમાં તેમના શિષ્ય શ્રીરામાનુજાચાર્ય વિશિષ્ટાદ્વૈતવાદના પ્રવર્તક બન્યા. આ મતમાં જગતને સત્ય માન્યું છે ને માયાવાદનું ખંડન કર્યું છે. શૈવદર્શનમાં વેદાંતના અદ્વૈતની અસર છે. કાશ્મીરમાં શૈવદર્શનમાં વસુગુપ્તનું શિવસૂત્રો, કલ્લટનું સ્પન્દસર્વસ્વ, સોમાનંદનું શિવદ્રષ્ટિ અને પ્રત્યભિજ્ઞાસૂત્ર, ઉત્પલાચાર્યનું પ્રત્યભિજ્ઞાકારિકા, અભિનવગુપ્તનું પ્રત્યભિજ્ઞા-વિમર્શિની, તંત્રલોક, પરમાર્થસાર વગેરે મહત્ત્વનાં છે.*

*બૌદ્ધ સાહિત્યમાં કાશ્મીરના સર્વજ્ઞમિત્રે (8મી સદી) સ્રગ્ધરાસ્તોત્ર રચ્યો. આ સમયના અનેક બૌદ્ધ ગ્રંથોમાં શૂન્યવાદી વજ્રયાનના મતનું અને સહજયાનનું નિરુપણ છે. વિજ્ઞાનવાદી વજ્રયાનનું વર્ણન લુઇ-પાના દોહા અને આચાર્ય કમ્બલના પ્રજ્ઞાપારમિતા-નવશ્લોક-પિંડાર્થમાં છે. શાંત રક્ષિતે (પાલ રાજ્ય) તત્ત્વસંગ્રહમાં યોગાચાર મતનું પ્રતિપાદન અને બૌદ્ધ દાર્શનિકોના મતોનું ખંડન કર્યું. આચાર્ય હરિભદ્રે પ્રજ્ઞાપારમિતાસૂત્ર પર વૃત્તિ લખી યોગાચાર મત સમજાવ્યો છે. જૈન સાહિત્યમાં પ્રાકૃત આગમો પર સંસ્કૃતમાં ટીકા લખનાર સર્વ પ્રથમ વિદ્વાન આચાર્ય હરિભદ્રસૂરિ છે. તેમનો અનેકાન્તવાદનું પ્રતિપાદન કરતો ગ્રંથ અનેકાન્તપતાકા છે. શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં કપિલ, બુદ્ધ વગેરેના મતોને અનેકાન્તવાદ સાથે સમન્વયનો પ્રયાસ કર્યો છે. તેમણે ષડદર્શનસમુચ્ચય, લોકતત્ત્વનિર્ણય, યોગબિંદુ, યોગદ્રષ્ટિસમુચ્ચય સંસ્કૃતમાં લખ્યા ને જૈન સાહિત્યમાં યોગ-નિરુપણને મહત્ત્વ આપ્યું. સિદ્ધર્ષિસૂરિ (ભિલ્લમાલ ઈ.સ. 905) એ પ્રસિદ્ધ રુપક ગ્રંથ ઉપમિતિભવપ્રપંચકથા સંસ્કૃતમાં લખ્યો. ઉપરાંત અન્ય કેટલાક પ્રાકૃત ગ્રંથો ચરિતોનું સંસ્કૃતમાં રુપાંતર થયું. રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષે પ્રશ્નોત્તરમાલિકા માં જૈન આચાર અંગે વર્ણન કર્યું. આમ, 10મી સદી સુધીમાં જૈન સાહિત્યમાં સંસ્કૃતમાં કૃતિઓ રચાઈ.*

### 16.2.2.2 પ્રાકૃત સાહિત્ય

*બૌદ્ધ ગ્રંથો મોટાભાગે સંસ્કૃતમાં લખાયા તેમ છતાં પ્રાકૃતમાં વૃત્તિઓ અને પ્રકરણ ગ્રંથો લખાતા રહ્યા. પ્રાકૃત લોકભાષામાંથી સાહિત્યિક ભાષા બની. વિદ્વાનોએ સંસ્કૃતમાં રચનાઓ કરી સાથે પ્રાકૃતને પણ જીવંત રાખી. ઉપતિસ્સે પ્રાકૃત ગદ્યમાં 'બોધિવંશ' લખ્યો. શ્રીલંકામાં પાલી ગ્રંથોની રચના ચાલુ રહી. હરિભદ્રસૂરિની સમરાદિત્યકથા અને 'ધૂર્તાખ્યાન' અનુક્રમે પ્રાકૃતગદ્ય અને પ્રાકૃત પદ્યમાં મળે છે. તેમણે પ્રાકૃતમાં અનેક પ્રકરણ ગ્રંથો લખ્યા. જેમાંથી 'સંબોધપ્રકરણ' મહત્ત્વનો છે. તેમના યોગને લગતા ચાર ગ્રંથોમાં 'યોગશતક' ને યોગવિંશતિ પ્રાકૃતમાં છે. ઉદ્યોતનસૂરિએ (ઈ.સ.* 789) *'કુવલયમાલા' કથા મહારાષ્ટ્રી પ્રાકૃતમાં ચમ્પૂ પ્રકારે લખી. જેમાં સમકાળીન* 18 *પ્રાદેશિક ભાષાઓના નમૂના આપ્યા છે. શીલાંક વિમલમિતએ 'ચઉપન્નમહાપુરિસચરિય'માં* 54 *મહાપુરુષોનાં ચરિત પ્રાકૃત ગદ્ય-પદ્યમાં રચ્યાં. ઉપદેશમાલા પર જયસિંહસૂરિએ પ્રાકૃતમાં વૃત્તિ લખી. વિજયસિંહસૂરિએ (ઈ.સ.* 919) *પ્રાકૃતમાં 'ભવનસુંદરી-કથા' લખી. તો આ સમયે નંદિષેણે અજિત-શાંતિ-સ્તવ વિવિધ છંદોમાં રચી.* 10*મી સદીના ઉત્તરાર્ધમાં મહેશ્વરસૂરિએ 'જ્ઞાનપંચમી-કથા' રચી.*

### 16.2.2.3 અપભ્રંશ સાહિત્ય

6*ઠ્ઠી થી* 12*મી સદીમાં અપભ્રંશનો સાહિત્યિક ભાષા તરીકે વિકાસ થયો. મોટે ભાગે જૈન કવિઓએ મહાપુરુષોનાં ચરિત રચ્યાં. કવિ સ્વયંભૂદેવે 'પદ્મચરિત' (રામનું ચરિત) અને 'હરિવંશપુરાણ' (નેમિનાથ કૃષ્ણ પાંડવોનું ચરિત) મહાકાવ્ય રચ્યાં. પુષ્પદંતે 'મહાપુરાણ'* (63 *મહાપુરુષોના ચરિત), 'જસહરચરિઉ' (યશોધરનું ચરિત), 'ણાયકુમારચરિઉ' (નાગકુમારનું ચરિત) એમ ત્રણ માહાકાવ્ય રચી તેમાં ઉત્તમ કાવ્યનાં તત્ત્વો પ્રયોજ્યાં. કનકામર કવિએ* (10*મી સદી*) *'કરકંડચિરઉ' મહાકાવ્ય તો કવિ ધનપાલે-ભવિસયત્તકહા રચી. કવિ પદ્મકીર્તિએ 'પાસનાહચરિઉ'માં પાશ્વનાથનું ચિરત નિરુપ્યું. કથા સાહિત્ય પ્રકાર વિકસ્યો જેમાં હરિષેણની (મેવાડ) 'ધમ્મ-પરિક્ખા' પ્રાકૃત કથા મહત્ત્વની છે. ગુજરાતમાં મૂલરાજ પહેલાના સમયમાં શ્રીચંદ્રમુનિએ 'કથાકોશ'માં અનેક બોધકથાઓ સંગ્રહિત કરી.*

### 16.2.2.4 કન્નડ અને તામિલ સાહિત્ય

10 *મી સદીમાં કન્નડ સાહિત્યનો ભારે વિકાસ થયો. વળી કર્ણાટકના રાજાઓએ તો આ ભાષાને રાજ્યાશ્રય આપ્યો હતો. રાષ્ટ્રકૂટ રાજા અમોઘવષ નૃપતુંગે (ઈ.સ.* 814-878) *'કવિરાજમાર્ગ' ગ્રંથ લખ્યો. છંદ પરનો સૌ પ્રથમ કન્નડ ગ્રંથ 'છંદોમ્બુધિ' નાગવર્માએ (૧૦મી સદી) રચ્યો. જૈન ત્રિ-કવિરત્નોમાં પમ્પ, પોન્ન અને રન્ન થયા. પમ્પે 'આદિપુરાણ' અને 'વિક્રમાર્જુન-વિજય' (પમ્પ ભારત) મહાકાવ્યો લખ્યાં. પોન્ને 'શાંતિપુરાણ', રન્ને 'અજિતપુરાણ' અને 'સાહસ-ભીમ-વિજય' (ગદાયુદ્ધ) રચ્યું. આમ, જૈન કવિઓએ મહાભારતના કથાપ્રસંગો વિશે સુંદર મહાકાવ્ય રચ્યાં. ચામુંડરાયે*

*'ચામુંડરાય-પુરાણ'માં 24 તીર્થંકરોનાં ચરિત ગદ્યમાં આલેખી કન્નડ ગદ્ય સાહિત્યનો વિકાસ કર્યો.*

*અગાઉના શૈવ નાયનારોનાં સ્તવનોની અસર ચાલુ રહી. આ કાળમાં તિરુમલિકઈ તેવર, શેન્થનર, કરૂર તેવર, કન્દર, આથિથન (છોલ રાજા ગંડરાદિત્ય ઈ.સ. 953-957), પુરુષોથમ નમ્બિએ શૈવ સ્તવનો રચ્યાં. જેને નમ્બિ-આન્દાર-નમ્બિએ 'તિરુ-ઈશઈપ્પ'માં સંગ્રહિત કર્યા. પત્તિનથારની કૃતિઓ પણ જાણીતી છે. વૈષ્ણવ આળવારોમાં તોંડરડિપ્પોડિ, તિરુપ્પાન, અને તિરુમંગઈનાં ભક્તિપૂર્ણ સ્તવનો પ્રસિદ્ધ છે. નવમાં શતકમાં આળવારોમાં આચાર્ય પરંપરા શરુ થઈ ને પહેલા આચાર્ય નાથમુની થયા. તેમણે આળવારોનાં સ્તવનો સંગ્રહિત કર્યા.*

### 16.2.3 પ્રાચીનકાળનો અંતિમ તબક્કો : (ઈ.સ. 1001 થી 1200 સુધીનું સાહિત્ય) :-

#### 16.2.3.1 સંસ્કૃત સાહિત્ય

*સંસ્કૃતમાં મૌલિક સર્જનને સ્થાને શાસ્ત્રીય નિયમો આધારિત રચનાઓનું પ્રચલન વધ્યું તો વળી, પ્રાચીન ભાષાઓમાં સંસ્કૃત, પાલિ, પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્ય પુરતી સીમિત થવા લાગી.*

*કાવ્યમાં 12મી સદીમાં કનોજ ગાહડવાલ રાજા જયચંદ્રના સમયમાં શ્રીહર્ષે નૈષધચરિત મહાકાવ્ય રચ્યું. જે સંસ્કૃતના પાંચ પ્રશિષ્ટ મહાકાવ્યોમાં સ્થાન પામ્યું. કાશ્મીરમાં 11મી સદીમાં કવિ ક્ષેમેન્દ્રએ 'ભારતમંજરી' અને 'રામાયણમંજરી' પદ્યકાદંબરી અને દશાવતાર ચરિતની રચના કરી. કાશ્મીર કવિ મંખે 'શ્રીકંઠ ચરિત' (12મી સદી) રચ્યું. જેમાં જાન કવિઓમાં માણિક્યસૂરિએ 'યશોધર-ચરિત', હેમચન્દ્રે 'ત્રિષષ્ટિશલાકાપુરુષતરિત', ઓડેયદેવે 'ક્ષત્રચુડામણિ', દેવપ્રભસૂરિએ 'પાંડવચરિત', અમરચન્દ્રસૂરિએ 'બાલરભારત', પદ્માનંદ મહાકાવ્ય, વસ્તુપાલે 'નરનારાયણાનંદ', માણિક્યચંદ્રસૂરિએ 'શાંતિનાથ ચરિત' અને 'પાર્શ્વનાથચરિત', ધર્મકુમારે 'શાલિભદ્રચિરત' વગેરે મહત્ત્વના છે.*

*ઐતિહાસિક કથાવસ્તુવાળાં કાવ્યોમાં પદ્મગુપ્તે 'નવસાહસાંકચરિત', બિલ્હણનું 'વિક્રમાંકદેવચરિત' મુખ્ય છે. આચાર્ય હેમચન્દ્રે સંસ્કૃતમાં 'દ્વયાશ્રય'માં વ્યાકરણની સાથે સોલંકી વંશનો ઈતિહાસ આપ્યો છે. ઉપરાંત બિલ્હણે 'ચૌર-પંચાશિકા', જયદેવ નું 'ગીત ગોવિંદ', ગોવર્ધનનું 'આર્યાસપ્તશતી' તથા ધોયીનું 'પવનદૂત' ઊર્મિકાવ્યો તરીકે નોંધપાત્ર છે. આ કાળમાં રચાયેલાં બોધકાવ્યમાં શંભુ રચિત 'અન્યોક્તિમુકતાલતાશતક', કુસુમદેવનું 'દૃષ્ટાંતશતક', નાગરાજનું 'ભાવશતક', ક્ષેમેન્દ્રનું 'સમયામાતૃકા', કલાવિલાસ, દર્પદલન, સેવ્યસેવકોપદેશ અને નર્મમાલા, સુભાષિતસંગ્રહમાં વલ્લભદેવની 'સુભાષિતાવલી', શ્રીધરદાસનું 'સદુક્તિકર્ણામૃત' મહત્ત્વનાં છે.*

*આ સમયના નાટકો પૌરાણિક કથાવાળા રચાયાં. જેમાં જયદેવ 'પ્રસન્નરાઘવ', ઉમાપતિએ 'પારિજાતહરણ', આચાર્ય હેમચંદ્રના શિષ્ય રામચંદ્રે 'નલવિલાસ', 'રઘુવિલાસ', ''દુવિલાસ', 'સત્યહરિશ્ચન્દ્ર', 'નિર્ભયભીમ', 'રાઘવાભ્યુદય',*

*'યાદવાભ્યુદય', કુલશેખરે 'તપતી-સંવરણ', 'સુભદ્રા-ધનંજય', પ્રહલાદનદેવનું 'પાર્થપરાક્રમ', વત્સરાજનાં (કાળંજર રાજા પરમરર્દિદેવનો મંત્રી) 'કિરાતાર્જનીય વ્યાયોગ', 'રુકમણીહરણ', 'ઇહામૃગ', 'ત્રિપુરદાહ', ડિમ અને સમુદ્રમંથન રુપક પ્રકારનાં છે.*

*અર્ધ ઐતિહાસિક કે ઐતિહાસિક વસ્તુવાલાં નાટકોમાં બિલ્હણનું 'કર્ણસુંદરી', દેવેન્દ્રનું ' ચંદ્રલેખાવિજય', વિદ્યાનાથનું 'પ્રતાપરુદ્રકલ્યાણ', કવિ કૃષ્ણમિશ્રનું 'પ્રબોધચંદ્રોદય' ગુણદોષનાં રુપક પાત્રો ધરાવતા મહત્વનાં નાટકો છે. આમ આ કાળે પ્રકરણ, વ્યાયોગ, ભાણ અને હાસ્ય એમ વિવિધ પ્રકારનાં નાટકો રચાયાં.*

*ગદ્યકથામાં અગાઉના વિદ્વાનોની ઉચ્ચ પ્રતિભા આ કાળે લુપ્ત થઈ. કવિ સોઢ્ઢલની ઉદયસુંદરી કથા, ઓડેયદેવની 'ગદ્યચિંતામણી' અને વિદ્યાચક્રવર્તીની 'ગદ્યકર્ણામૃત' ગદ્યકથા આ કાળે રચાઈ. 10મી સદીથી વિકસેલ ચમ્પૂ સાહિત્ય પ્રકારમાં આ કાળે ભોજ-લક્ષ્મણની 'ભારતચમ્પૂતિલક' તથા અભિનવ કાલિદાસની 'ભાગવતચમ્પૂ' અને અભિનવ-ભારતચમ્પૂ મુખ્ય છે.*

*11મી સદીમાં કાશ્મીરમાં રચાયેલ બે પદ્ય રચનાઓમાં પહેલી ક્ષેમેન્દ્રની બૃહત્કથામંજરી અને બીજી સોમદેવની કથાસરિત્સાગર મળે છે. લોકપ્રિય કથાઓમાં વેતાલપંચવિંશતિકા, શુકસપ્તતિ અને સિંહાસનદ્વાત્રિંશિકાના રુપાંતર સ્વરુપે મળે છે. આચાર્ય હેમચંદ્રનું પરિશિષ્ટપર્વ અને પ્રભાચંદ્રના પ્રભાવકચરિતમાં પુરોગામી સૂરિઓ, રાજાઓનાં ચરિત નિરુપાયાં છે. પ્રાચીન પંચતંત્રના રુપાંતર રુપે તંત્રાખ્યાયિકા, પૂર્ણભદ્રનું પંચાખ્યાયિકા મુખ્ય છે. વસ્તુપાલના સમયે નરચંદ્રસૂરિએ જૈન ધર્મકથાનો સંગ્રહ 'કથારત્નાકર' તૈયાર કર્યો.*

*અષ્ટાધ્યાયી, મહાભાષ્ય, કાશિકા ઉપરાંત જૈનેન્દ્રવ્યાકરણ કાતન્ત્ર વ્યાકરણ, શાકટાયન વ્યાકરણ વગેરે જેવા પુરોગામી વ્યાકરણ ગ્રંથો પર આ કાળે વૃત્તિઓ લખાઈ. 'સારસ્વત-વ્યાકરણ'નામથી સંક્ષેપ વ્યાકરણ રચાયું. હેમચન્દ્રે સિદ્ધરાજની પ્રેરણાથી 'સિદ્ધહેમશબ્દાનુશાસન' વ્યાકરણ ગ્રંથ લખ્યો. તેમાંનું પ્રાકૃત વ્યાકરણ આજે પણ જૈન અભ્યાસીઓમાં લોકપ્રિય છે.*

*યાદવપ્રકાશે 'વૈજયંતી' શબ્દકોશ લખ્યો. ભોજે 'નામ-મલિકા' ગ્રંથ સંગ્રહરુપે રચ્યો. પુરુષોત્તમે અમરકોશની પુરવણી રુપે 'ત્રિકાંડ-શેષ' લખ્યો. મહેશ્વરના વિશ્વપ્રકાશ તથા મંખના અનેકાર્થકોશમાં વ્યંજનો પ્રમાણે શબ્દો આપવામાં આવ્યા છે. કેશવસ્વામીનો 'નાનાર્થાર્ણવ- સંક્ષેપ' પણ એ પ્રકારનો કોશ છે. હેમચન્દ્રે અભિધાન-ચિન્તામણી લખ્યો. તેમનો 'દેશીનામમાલા' દેશી શબ્દકોશ સ્વરુપે અને 'નિઘંટુકોશ' ત્રણ ભાગમાં રચ્યો. જેમાં પ્રથમ બે ભાગ ઔષધિ, વનસ્પતિ અને ત્રીજો ભાગ રત્નોને લગતો છે.*

*ક્ષેમેન્દ્રનો 'સુવૃત્તિતલ', કેદારનો 'વૃત્ત-રત્નાકર' છંદશાસ્ત્ર પરના મહત્ત્વના ગ્રંથ છે. હેમચન્દ્રે 'છંદોનુશાસન'માં સંસ્કૃત-પ્રાકૃત અને અપભ્રંશ છંદો વર્ણવ્યા છે. જયકીર્તિએ પણ 12મી સદીમાં 'છંદોનુશાસન' ગ્રંથ રચ્યો. ઉપરાંત 'કવિદર્પણ' પ્રાકૃત-સંસ્કૃતમાં છે.*

*ગુજરાતના અમરચંદ્રસૂરિએ 'છંદોરત્નાવલિ'માં છંદના નામ, લક્ષણ દ્રષ્ટાંત સાથે આપ્યા છે.*

*આ સમયમાં કાવ્યશાસ્ત્રમાં સારો વિકાસ થયો. તેમાં રાજાનક મહિમભટ્ટનો 'વ્યક્તિવિવેક' મહત્ત્વનો છે. અગ્નિપુરાણનો અલંકાપર્વ આ કાળે લખાયો. ભોજકૃત 'સરસ્વતીકંઠાભરણ' માં શૃંગારરસનું મહત્ત્વ દર્શાવ્યું છે. ક્ષેમેન્દ્ર રચિત 'ઔચિત્યવિચારચર્ચા'માં રસનું મહત્ત્વ દર્શાવ્યું છે. મમ્મટ રચિત 'કાવ્યપ્રકાશ' સંસ્કૃત કાવ્યશાસ્ત્રનો મહત્ત્વનો ગ્રંથ છે. તેમાં કાવ્યશાસ્ત્રના સઘળા વિષયોનું વિસદ વિવરણ છે. માણિક્યચંદ્રે અને જયંતભટ્ટે મમ્મટના કાવ્યપ્રકાશ પર ટીકા લખી છે. કાશ્મીરના રુચ્યકે 'અલંકારસર્વસ્વ', આચાર્ય હેમચન્દ્રે 'કાવ્યાનુશાસન' માં કાવ્યશાસ્ત્રના વિભિન્ન વિષયો ઉપરાંત ધ્વનિસંપ્રદાયની હિમાયત કરી છે. કાશ્મીરમાં શોભાકરણનો 'અલંકારરત્નાકર' પ્રસિદ્ધ હતો. 'વાગ્ભટ્ટલંકાર' અને એકાવલી પણ કાવ્યને લગતા ગ્રંથ છે. મહામાત્ય વસ્તુપાલની વિનંતીથી ઇ.સ. 1226માં નરેન્દ્રપ્રભુસૂરિએ 'અલંકાર મહોદધિ'ની રચના કરી. જેમાં મમ્મટ અને હેમચંદ્રની કૃતિઓની અસર છે. નવોદિત કવિઓને માર્ગદર્શક એવી કૃતિમાં ક્ષેમેન્દ્રએ 'ઔચિત્યવિચારચર્ચા' તથા 'કવિકંઠાભરણ' રચી. ગુજરાતમાં જયમંગલની 'કવિશિક્ષા', વિનયચંદ્રસૂરિની 'કાવ્યશિક્ષા', અમરચંદ્રની 'કવિશિક્ષા' મુખ્ય છે. હેમચંદ્રના શિષ્ય રામચંદ્ર-ગુણચંદ્રે 'નાટ્યદર્પણ' નામે નાટ્યશાસ્ત્રનો વિરલગ્રંથ લખ્યો. 12મી સદીમાં ભાસ્કરાચાર્યએ સિદ્ધાંતશિરોમણી ગણિત વિશે ગ્રંથ લખ્યો. જેમાંના લીલાવતી અને બીજગણિત અધ્યાય ગણિત અંગે અને ગ્રહગણિત અને ગોલ અધ્યાય ખગોળવિદ્યા માટે ખૂબ મહત્ત્વના છે. જ્યોતિષ ગ્રંથોમાં કુમારપાળના સમકાળીન દુર્લભરાજ અને તેના પુત્ર જગદેવે 'સામુદ્રિકતિલક' લખ્યો. જગદેવે ચિંતામણિ તથા અજયપાલના સમયમાં નરહરિએ' નરપતિજયચર્ચા-સ્વરાદેય રચી તેમાં ફલાદેશના પ્રકારો વર્ણવ્યા છે.*

*ચક્રપાણિદત્ત, સુરેશ્વવર, ભોજ, સાંર્ગધર વગેરેએ આ કાળમાં આયુર્વેદને લગતા ગ્રંથો લખ્યા. જેમાં ચક્રપાણિનું ચિકિત્સાસંગ્રહ અને સાંર્ગધરનું સંહિતા તથા રસાર્ણવ ખાસ મહત્ત્વના છે.*

*સંગીત-મકરંદ, પ્રતાપ ચક્રવર્તીએ 'સંગીતચૂડામણિ', પાર્શ્વદેવે 'સંગીતસમયસાર' આ કાળમાં રચ્યા. સોમેશ્વરના 'માનસોલ્લાસ' માં ગીત વાદ્યોનું વર્ણન છે.*

*શિલ્પકલા વિશે અગ્નિપુરાણના અમુક અધ્યાયોમાં વર્ણન છે. આ સમયે સયમત અને માનસાર, સમરાંગણસૂત્રધાર તથા અપરાજિતપૃચ્છા વગેરે શિલ્પશાસ્ત્ર અંગે લખાયા. આગમગ્રંથોમાં આ વિશે આલેખન થયું.*

*12મી સદીમાં જ્યોતિરીશ્વરે 'પંચસાયક' અને કોક્કોકે 'રતિરહસ્ય' લખ્યા.*

*આ કાળે ખાસ કરીને ધર્મશાસ્ત્રમાં નિબંધો લખાયા. જેમાં લક્ષ્મીધરનો 'ક્રિયાકલ્પતરુ' પ્રસિદ્ધ છે. તેમાં દાન, પૂજા, તીર્થ, વ્રત વગેરે વિવિધ વિષયનું વર્ણન છે. વિજ્ઞાનેશ્વરનું 'મીતાક્ષરા', અપરાર્કનું 'યાજ્ઞવલ્કયસ્મૃતિટીકા' તથા જીમૂતવાહને*

'દાયભાગ', વ્યવહારમાતૃકા, 'કાળવિવેક' લખ્યાં. અનિરુદ્ધે 'હારલતા'માં સૂતકનો, 'પિતૃદયિત'માં શ્રાધનું આલેખન કર્યું. બલ્લાસેનના 'દાનસાગર' માં દાન તથા 'અદ્દભુતસાગર'માં અપશુકન-શુકન અંગે વર્ણન કર્યું છે. દેવણભટ્ટે 'સ્મૃતિચંદ્રિકા' રચી.

ન્યાય વિષયક ગ્રંથોમાં ગંગેશનું 'તત્ત્વચિંતામણિ' મહત્ત્વનું છે. જૈન વિદ્વાનોએ ન્યાયશાસ્ત્ર વિકસાવ્યું. શિવાદિત્યે ન્યાય અને વૈશેષિક મતોનું સમાધાન કરતો ગ્રંથ 'સપ્તપદાર્થી' ભોજે યોગશાસ્ત્ર અંગે 'રાજમાર્તણ્ડ', શ્રીહર્ષે 'ખંડનખંડખાદ્ય' રચ્યો. વેદાંત દર્શનમાં ભક્તિને મહત્ત્વ આપતા નવા મત પ્રચલિત થયા.

### 16.2.3.2 પાલિ, પ્રાકૃત અને અપભ્રંશસાહિત્ય

શ્રીલંકા વગેરે દેશોમાં પાલિભાષામાં રચનાઓ ચાલુ રહી. ત્રિપિટક ગ્રંથો પર પાલિમાં વૃત્તિઓ લખાઈ. વ્યાકરણમાં કચ્ચાયન મત સંબંધિત કેટલાક ગ્રંથ લખાયા. થેર મોગ્ગલ્લાને સદ્દલક્ખણ મત પ્રસાર્યો. અમરકોશની પરિપાટી પર અભિધાનપ્પદીપિકા કોશ લખાયો.

જૈન મહારાષ્ટ્રી પ્રાકૃતમાં સારો વિકાસ થયો. કથામાં ધનેશ્વરે 'સુરસુંદરી', ગુણચંદ્રે મહાવીર ચરિત, વર્ધમાને 'આદિનાથ ચરિત' લખ્યાં. ગુજરાતમાં હેમચન્દ્રે 'દ્વયાશ્રય'માં કુમારપાલનું ચરિત નિરુપ્યું સાથે પ્રાકૃત વ્યાકરણ ઉપરાંત શૌરસેની, માગધી, પૈશાચી, અપભ્રંશનું પણ સદ્રષ્ટાંત નિરુપણ કર્યું. સોમપ્રભે રચેલ કુમારપાલપ્રતિબોધ ગદ્ય-પદ્યમાં છે. જૈન તીર્થંકરો, રાજાઓનાં વ્યક્તિચરિત્રો અને સ્તોત્ર પ્રાકૃતમાં રચાયાં છે. બોધાત્મક પ્રકરણગ્રંથો પણ પ્રાકૃતમાં રચાયા. હેમચન્દ્રે સિદ્ધહેમશબ્દાનુશાસનમાં અને ક્રમદીશ્વરે 'સંક્ષિપ્તસાર'માં પ્રાકૃત વ્યાકરણ અધ્યાય આપ્યા છે. ઉપરાંત ત્રિવિક્રમનું 'પ્રાકૃત શબ્દાનુશાસન' અને પુરુષોત્તમનું 'પ્રાકૃતાનુશાસન' પ્રાકૃત વ્યારકણને લગતાં છે. મોટાભાગે જૈન વિદ્વાનોએ અપભ્રંશ કૃતિઓ રચી. જેમાં પદ્મકીર્તિએ 'પાર્શ્વપુરાણ' હરિભટે... 'નેમિનાથચરિઉ' લક્ષ્મણદેવે 'નેમિનાથ-ચરિઉ' વગેરે તીર્થંકરોનાં ચરિત છે. સિંહ રચિત 'પજ્જુણ્ણકહા' પણ નોંધપાત્ર છે. શ્રીચંદ્રે 'કથાકેશ' નામે ધર્મકથા સંગ્રહ કર્યો. શ્રીધર રચિત 'સુકુમાલ-ચરિઉ', નયનંદિ રચિત 'સુદર્શન-ચરિત' એ નામના શ્રાવકનાં ચરિત છે. ઉપરાંત અનેક બોધદાયક જૈન સાહિત્યકૃતિઓ પણ રચાઈ. 12મી સદીમાં અબ્દુલ રહમાને 'સંદેશ-રાસક' મેઘદૂત અને ઋતુસંહારની પરિપાટી પર અપભ્રંશમાં રચી.

### 16.2.3.3 અર્વાચીન ભાષાઓ

અપભ્રંશમાંથી અર્વાચીન ભાષાઓ આ કાળમાં વિકાસ પામી. શૌરસેનીમાંથી હિંદી અને રાજસ્થાની ગુજરાતી નિર્માણ પામી. જૂની ગુજરાતી ભાષા મારવાડી ને માળવીની અસરવાળી છે. જૂની ગુજરાતીમાં અપભ્રંશમાં સંધિ-બંધ અને રાસાબંધ કાવ્યપ્રકાર વિકસ્યા. રાસાબંધ જૂની ગુજરાતીમાં પ્રચલનમાં રહ્યો. જૂની ગુજરાતીનું સાહિત્ય મોટાભાગે જૈન ધર્મ અંગે અને પદ્યમાં છે. જૈન મંદિરોમાં પણ રાસ ગવાતા. જેમકે શાલિભદ્રનો 'ભરતેશ્વર-બાહુબલિ રાસ' (1858).

*જૂની મરાઠીમાં સૌથી પ્રાચીન કૃતિ મુકુન્દરાજની 'વિવેકસિંધુ'* (1190) *છે.*

*જૂની હિંદી પણ અપભ્રંશને મળતી આવે છે. કેટલાક વિદ્વાનો સ્વયંભૂ અને પુષ્પદંતની અપભ્રંશ રચનાઓને જૂની હિંદીની કૃતિઓ માને છે. જ્યોતિરીશ્વરના વર્ણરત્નાકરમાં હિંદી ભાષાના આદિકાળની મૈથિલી ભાષાનું સ્વરુપ મળે છે.* 10*મી થી* 14*મી સદી સુધીમાં હિંદી સાહિત્યનું આદિસ્વરુપ ઘડાયું ને તેમાં દોહા, ચોપાઈ, સવૈયા, છપ્પા, કુંડલિયા વગેરે માત્રામેળ છંદ પ્રયુક્ત થયા.*

*બિહાર, બંગાળ, આસામ અને ઓરિસ્સાની વર્તમાન ભાષાઓ માગધી પ્રાકૃત અને માગધી અપભ્રંશમાંથી ઘડાઈ. જેમાં બંગાળી, આસામી ભાષામાં કેટલુંક નોંધપાત્ર સાહિત્ય* 11*મી સદીમાં રચાયું. ચર્યાપદો સૌથી જૂની બંગાળીનો નમૂનો છે.*

### 16.2.4 સલ્તનકાળીન સાહિત્ય (ઇ.સ. 1201 થી 1526)

#### 16.2.4.1 સંસ્કૃત સાહિત્ય

*આજની પ્રાદેશિક ભાષાઓ વાસ્તવમાં આ કાળમાં અલગ અસ્તિત્વવાળી સમૃદ્ધ ભાષાઓ બની. સંસ્કૃતને સ્થાને પ્રાદેશિક ભાષાઓમાં સાહિત્ય ખૂબ લખાયું. તેથી આ કાળને ભાષાયુગ કહે છે. મુસ્લિમ શાસનની સંસ્કૃત સાહિત્ય પર કોઈ અસર થઈ નહી. જો કે ગુણવત્તાની દ્રષ્ટીએ ઓટ આવી હતી. ખાસ કરીને પાઠશાળામાં ઉપયોગી થાય તેવા ગ્રંથો વ્યાપક પ્રમાણમાં લખાયા. દક્ષિણ ભારતમાં સંસ્કૃત સાહિત્યમાં વધુ ખેડાણ થયું. પૌરાણિક અને ઐતિહાસિક કથાપ્રસંગોની પરંપરાગત મહાકાવ્ય સર્જન શૈલી આ કાળે ચાલુ રહી. કૃષ્ણાનંદે પુરીમાં 'સહૃદયાનંદ' મહાકાવ્ય લખ્યું. કાશ્મીરના કવિ જયરથે 'હરચરિત ચિંતામણી', સોમેશ્વરે 'સુરથોત્સવ', જૈન કવિ અભયદેવે 'જયંત વિજય', અમરસિંહે 'સુકૃત સંકીર્તન', બાલચંદ્રસૂરિએ 'વસંતવિલાસ' વગેરે* 13*મી સદીમાં લખાયેલાં મુખ્ય સંસ્કૃત મહાકાવ્યો છે.* 14*મી સદીના પ્રારંભે ચૌહાણ નરેશ હમ્મીરની પ્રશસ્તિમાં નયચંદ્રે 'હમ્મીર મહાકાવ્ય' રચ્યું.* 13*મી સદીના અંતમાં વારંગલના કાકાતીય રાજા પ્રતાપરુદ્રદેવની નિશ્રામાં કવિ અગત્સ્યે આશરે* 74 *રચનાઓ સંસ્કૃતમાં કરી. જેમાંથી 'બાલાભારત' મહાકાવ્ય પ્રસિદ્ધ છે. વિજયનગરના રાજકુમાર કમ્પનની વિદુષી પત્ની ગંગાદેવીએ 'મથુરાવિજય' રચ્યું.* 15*મી સદીમાં વામણ ભટ્ટ બાણે બે મહાકાવ્યો 'રઘુનાથચરિત' તથા 'નલાભ્યુદાય' રચ્યાં.*

*ઐતિહાસિક કાવ્યોમાં જલ્હણની કૃતિઓમાં 'સોમપાલવિજય' માં રાજા સોમપાલનો ઈતિહાસ આલેખ્યો છે. ઉપરાંત સોમેશ્વરે કીર્તિકૌમુદી, ઉદયપ્રભસૂરિએ 'ધર્માભ્યુદય' અને મેરુતુંગે લખેલ 'પ્રબંધ ચિંતામણિ' મુખ્ય કાવ્યો છે.*

*જૈન કવિ ચરિત્રસુંદરસૂરીએ શીલદૂત, અવધૂત રામ યોગીનું 'સિદ્ધદૂત', વિષ્ણુદાસે 'મનોદૂત', અજ્ઞાત કવિએ રચેલ 'ચેતાદૂત', વેદાંતદેશિકે રચાયેલ 'હંસા-સંદેશ' ઊર્મિકાવ્યોમાં વગેરે છે. વેદાંતદેશિકે* 25 *સ્તોત્રો રચી સ્તોત્ર કાવ્ય પ્રકારને સમૃદ્ધ બનાવ્યો. જલ્હણે 'મુગ્ધોપદેશ', શિલ્હણે 'શાંતિશતક', સોમપ્રભે 'શૃંગાર વૈરાગ્ય તરંગિણી' સોમેશ્વરે 'રામશતક' વગેરે ઉપદેશપ્રધાન કાવ્યો રચ્યાં. વેદાંતદેશિકે ભર્તુહરિની પરિપાટી પર 'સુભાષિતનીતિ' અને વૈરાગ્યશતક આ સમયમાં રચ્યાં. સોમેશ્વરનું*

*'અભિલષિતાર્થચિંતામણિ' આ પ્રકારનો સુભાષિત સંગ્રહ છે. જલ્હણે 'સૂક્તિ મુક્તાવલિ' દક્ષિણ ભારતમાં સાયણે 'સુભાષિત સુધાનિધિ', પંડિત પેડ્ડીભટ્ટે સૂક્તિ-વારિધ વગેરેમાં સુભાષિતોનું સંકલન છે.*

13*મી સદીમાં લખાયેલ પૌરાણિક કથાવસ્તુ પરનાં નાટકોમાં સોમેશ્વરે 'ઉલ્લાઘરાઘવ', વિજયપાલે 'દ્રોપદી-સ્વયંવર', રવિવર્માએ 'પ્રદ્યુમ્નાભ્યુદય' વિસલદેવે 'હરકેલી', બાલચંદ્રે 'કરુણાવજ્રયુદ્ધ' રામભદ્રે 'પ્રબુદ્ધરૌહિણેય', સુભટે 'દુતાંગદ' વગેરે ખ્યાતનામ છે. ઐતિહાસિક કે અર્ધઐતિહાસિક કથા નાટકોમાં યશશ્ચંદ્રે 'મુદ્રિત કુમુદચંદ્ર', જયસિંહસૂરિએ 'હમ્મીરમદમર્દન' કવિ મદને 'પારિજાતમંજરી', સોમદેવે 'લલિત-વિગ્રહરાજ', જયપાલે 'મોહરાજ પરાજય' આ કાળે લખ્યાં. ૧૪મી સદીમાં વિશ્વનાથે 'સૌગંધિકાહરણ' વિરુપાક્ષે 'નારાયણવિલાસ', નેપાળ કવિ મણિકે 'ભરતાનંદ' કવિ ઉદંડે 'મલ્લિકામારુત' અને વેદાંતદેશિકે 'સંકલ્પસૂર્યોદય' સંસ્કૃત નાટકો લખ્યાં.* 15*મી સદીનાં નાટકોમાં દક્ષિણ ભારતમાં પંડિત વામને 'પાર્વતી પરિણય', બ્રહ્મસૂરિએ 'જ્યોતિ-પ્રભાવ-કલ્યાણ', ગંગાધરે લખેલ 'ગંગાપ્રતાપવિલાસ' મુખ્ય સર્જનો છે.*

*આ સમયમાં અનંત ભટ્ટે 'ભારત ચમ્પૂ' નામે પ્રસિદ્ધ ચમ્પૂ ગ્રંથ લખ્યો. કથા સાહિત્યમાં પંચતંત્ર પરથી નારાયણ પંડિતે 'હિતોપદેશ' રચ્યો. નરચંદ્રસૂરિએ 'કથા-રત્નાકર'માં જૈન કથાઓ સંગ્રહિત કરી. કાવ્યશાસ્ત્રમાં જયદેવે જાણીતો 'ચંદ્રાલોક' ગ્રંથ લખ્યો. વિશ્વનાથે દ્રશ્ય-શ્રાવ્ય કાવ્યનો 'સાહિત્ય-દર્પણ' ગ્રંથ રચ્યો. શારદાતનયનો 'ભાવ-પ્રકાશ', શિંગભૂપાલનો 'રસાર્ણવ સુધાકર', સાગરનંદીનો 'નાટક લક્ષણ રત્નકોશ' તથા ભાનુદત્તનો 'રસમંજરી' વગેરે કાવ્યનાં વિવિધ અંગોને લગતા ગ્રંથ છે. ગુજરાતમાં વસ્તુપાલના સાહિત્યમંડળના અરિસિંહ અને અમરચંદ્રનો'કાવ્ય કલ્પલતા' કવિ-શિક્ષાને લાગતો ગ્રંથ છે.*

*બોપદેવે વ્યાકરણમાં નવો ચીલો પાડતો 'મુગ્ધબોધ' ગ્રંથ રચ્યો. કોશગ્રંથોમાં ઈરુગ દંડાધિનાથ ભાસ્કરે 'નાનાર્થ-રત્નમાલા', વામન ભટ્ટ બાણે 'શબ્દ ચંદ્રિકા' અને 'શબ્દ રત્નાકર', કવિ કેશવે 'નાનાર્થર્ણવસક્ષેપ' તથા કવિ મેદિનીએ 'એકાર્થશબ્દકોશ' સલ્તનકાળમાં લખ્યા. છંદશાસ્ત્રમાં ઓરિસ્સાના ગંગાદાસનું 'છંદોમંજરી' વિખ્યાત છે. સંગીતને લગતા ગ્રંથોમાં સારંગદેવનો 'સંગીતરત્નાકર' અને કવિ લોચન રચિત 'રાગ-તરંગિણી' પ્રસિદ્ધ છે.*

*આ કાળે જ્યોતિષશાસ્ત્રમાં જૈનાચાર્યોએ ખેડાણ કર્યું. જેમાં પદ્મપ્રભસૂરિએ 'ભુવનદીપક', ઉદયપ્રભસૂરિએ 'આરંભસિદ્ધિ' ,નયનચંદ્રસૂરિએ 'જ્યોતિસાર', મહેન્દ્રસૂરિએ 'યંત્રરાજ' ,આચાર્ય કેશવે 'ગણિત દીપિકા' રચ્યાં. કેશવના* 13 *વર્ષીય પુત્ર ગણેશે 'ગ્રહલાઘવ' નામે પ્રસિદ્ધ જ્યોતિષ ગ્રંથ લખ્યો. ગણિત ગ્રંથોમાં નારાયણ પંડિતે ઈ.સ.* 1356*માં 'ગણિતકૌમુદી' રચ્યો. જેની તુલના 'લીલાવતી ગણિત' સાથે કરવામાં આવે છે. ઉપરાંત* 15*મી સદીમાં પ્રખર ગણિતશાસ્ત્રી રામ વાજપેયે 'શુલ્વવાર્તિક', ક્રમદીપિકા, 'કુંડાકૃતિ', 'સમયસાર' વગેરે ગણિત વિશે લખ્યા. આયુર્વેદ ગ્રંથોમાં ડલ્હણકૃત 'નિંબધ સંગ્રહ' સુશ્રુત સંહિતાને સમજવા મહત્ત્વનો છે. બંગચેને 'ચિકિત્સા-*

સાર સંગ્રહ રચ્યો. બોપદેવે સારંગધર પદ્ધતિ પર તથા હેમાદ્રિએ 'અષ્ટાંગ હૃદય' પર ટીકાઓ લખી. માધવ નિદાન પર વિજય રક્ષિતે 'મધુકોશ' અને શ્રીકંઠે 'આર્તક દર્પણ' નામે પ્રખ્યાત ગ્રંથો લખ્યા. નરહરિએ 'રાજનિઘંટુ' તથા મદનપાલનો 'મદન-વિનોદનિઘંટુ' કોશગ્રંથો લખાયા. 13મી સદીમાં કામસૂત્ર પરની વૃત્તિ 'જયમંગલા' રચાઈ.

ધર્મશાસ્ત્રમાં વ્યાખ્યાઓ, ટીકાઓ અને કેટલાક મૌલિક ગ્રંથો લખાયા. જેમાં દેવણ્ણભટ્ટની 'સ્મૃતિ ચંદ્રિકા', વરદરાજનો 'સ્મૃતિ સંગ્રહ', વ્યવહાર નિર્ણય, હેમાદ્રિનો 'મદન પારિજાત', ચંડેશ્વરનો 'સ્મૃતિ રત્નાકર', માધવનો 'કાળમાધવીય' અને વાચસ્પતિનો 'ચિંતામણિ' પ્રસિદ્ધ છે.

દર્શનશાસ્ત્રોમાં આ કાળે વેદાંત દર્શન વધુ લોકપ્રિય બન્યું. માધ્વાચાર્યે દ્વૈતવાદનું સમર્થન કરતા 37 જેટલા ગ્રંથો લખ્યા. તેમનું બ્રહ્મસૂત્ર પરનું પૂર્ણપ્રજ્ઞ-ભાષ્ય પ્રખ્યાત છે. વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈત દર્શન પ્રવર્તાવવા માટે બ્રહ્મસૂત્ર પર 'અણુભાષ્ય' તથા અન્ય ગ્રંથો લખ્યા. વેદાંતદેશિકે રામાનુજના 'શ્રીભાષ્ય' પર 'તત્ત્વટીકા' તથા 'ગીતા-ભાષ્ય' પર 'તાત્પર્ય ચંદ્રિકા' ઉપરાંત અન્ય અનેક ગ્રંથો લખી વિશિષ્ટદ્વૈત મતને દ્રઢ બનાવ્યો. સાયણના ભાઈ માધવે વિદ્વતાપૂર્ણ વિવેચન ગ્રંથોમાં મીમાંસાદર્શન પર જૈમિનીન્યાય માલાવિસ્તર અને વેદાંતદર્શન પર 'જીવનમુક્તિવિવેક' તથા 'પંચદશી' જેવી પ્રસિદ્ધ કૃતિઓ રચી. કપિલે 'સાંખ્ય-પ્રવચન-સૂત્ર', વિજ્ઞાનભિક્ષુએ 'સાંખ્યસાર', યોગસાર-સંગ્રહ, વિજ્ઞાનામૃત વગેરે આ સમયે લખ્યાં.

### 16.2.4.2 પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય

ભક્તિ આંદોલનના પ્રવર્તકોએ પ્રાદેશિક ભાષાઓ થકી પોતાના સિદ્ધાંતો પ્રસાર્યા. જેથી આ ભાષાઓનો ખૂબ વિકાસ થયો. આ કાળનું સાહિત્ય મહાકાવ્યો, ઊર્મિકાવ્યો, ઐતિહાસિક પ્રસંગો અને વર્ણનાત્મક એમ બહુવિધ પ્રકારે સાહિત્ય સર્જન થયું. ઊર્મિકાવ્યમાં ફારસી શૈલી અપનાવાઈ. પદ્ય કરતાં ગદ્યમાં જૂજ ખેડાણ થયું. ગુજરાતી, રાજસ્થાની તેમાં અપવાદરુપ કહી શકાય.

આ કાળે પશ્ચિમી હિંદી અને પૂર્વી હિંદી (અવધી) એવા બે વિભાગ હતા. મુખ્યત્વે ભક્તિ આંદોલનના સંતો રામાનંદ, કબીર અને ગુરુ નાનકે પોતાના પદોમાં ખડીબોલીનો વિશેષ ઉપયોગ કર્યો. પ્રારંભિક હિંદી સાહિત્યમાં 'પૃથ્વીરાજ રાસો', 'વીસલદેવરાસો', 'ખામણરાસો', 'આલ્હ-ઉદલ' વીરકાવ્યો મુખ્ય છે. કેટલાક અમીર ખુસરોને જૂની પશ્ચિમી હિંદીનો પ્રથમ લેખક ગણે છે. તેની 'ખાલિકબારી' માં ફારસી-અરબી-હિંદી શબ્દકોશ છે. ખડીબોલીનાં સૌ પ્રથમ દ્રષ્ટાંત ખુસરોની કૃતિમાં મળે છે. તેના સમકાળીન ગોપાલ નાયકેના 'ધ્રુપદ' વ્રજભાષામાં આજ પર્યંત પ્રચલિત છે. સૂફી ગેસૂદરાઝે 'મિરાત-ઉલ-આશિકીન' દખ્ખણી હિંદીમાં રચ્યો. હિંદી સાહિત્યમાં કબીરનું પ્રદાન નોંધપાત્ર છે.તેમની વાણી 'બીજક'માં સંગ્રહિત છે. કબીરે ખડીબોલી, અવધી, વ્રજ વગેરે ભાષાના મિશ્રણરુપે પ્રયોજી હોઈ તેને 'ખીચડી ભાષા' કે 'સાધુક્કડી' પણ કહે છે. રૈદાસનાં મધુર પદો પણ લોકપ્રિય થયાં. ગુરુ નાનકે પોતાનાં ભજનોમાં હિંદી અને

પંજાબીનું મિશ્રણ કર્યું. હિંદી સાહિત્યમાં મૈથિલી કવિ વિદ્યાપતિનાં પદો પણ નોંધપાત્ર છે. મીરાંબાઈએ રાજસ્થાની, હિંદી અને ગુજરાતીમાં, સૂરદાસે વ્રજભાષામાં 'સુરસાગર' અને તુલસીદાસે અવધીમાં 'રામચરિતમાસન' ની રચના કરી.

પૂર્વી હિંદી (કોસલી કે અવધી) માં સૂફી સાહિત્ય વધુ સર્જાયું. આ ભાષાનો જૂનામાં જુનો નમૂનો 12મા સૈકામાં દામોદર પંડિતના 'ઉક્તિવ્યક્તિ પ્રકરણ'માં જોવા મળે છે. વળી, સૂફી કવિ મોલાના દાઊદે આ ભાષામાં 'ચંદાયન' ઊર્મિકાવ્ય રચ્યું. જે આ ભાષાનું પ્રાચીનતમ સાહિત્ય છે.

ગુજરાતીમાં મોટાભાગે જૈન સંતોએ સાહિત્ય રચ્યું. 14મી સદીમાં ગુજરાતમાં મુસ્લિમ શાસન સ્થપાતાં લોકાશ્રયે લોકભાષામાં સંતો, કવિઓએ સાહિત્યની રચના કરી. જેથી ધર્મબોધ કરાવે તેવા સાહિત્યમાં રાસ, ફાગુ, પ્રબંધ અને વાર્તા જેવા પ્રકારો આ કાળે વિકસ્યા. કવિ ધમ્મે 'જંબુસ્વામીચરિત્ર' (1210), વિજયસેનસૂરિએ 'રેવંતગિરિ રાસુ' (1232) પાલ્હણનો 'આબુ-રાસ' (1233) 13મી સદીમાં રચ્યાં. 14મી સદીમાં વિનયચંદ્રસૂરિએ રચેલ 'નેમિનાથ-ચતુષ્પદિકા' બારમાસી કાવ્ય છે. જિનપદ્મસૂરિનું 'સિરિથુલિ ભદ્રફાગુ', રાજશેખરસૂરિનું 'નેમિનાથ ફાગુ' એ ફાગુ કાવ્યો છે. સંગ્રામસિંહ રચિત- 'બાલશિક્ષા' વ્યાકરણ ગ્રંથ તથા તરુણપ્રભે ઈ.સ. 1355 આસપાસ 'બાલાવબોધ' માં જૂની ગુજરાતી ગદ્ય કથાઓ સંપાદિત કરી. અજ્ઞાત કવિની 'વસંત-વિલાસ' રચના સર્વોત્તમ છે. નરસિંહ મહેતા (ઈ.સ. 1415-1481)ના સમયથી ગુજરાતી સાહિત્યનો નવો યુગ શરુ થયો. અહીંથી ગુજરાતી સાહિત્યમાં ભક્તિનાં પગરણ થયાં. જ્ઞાન અને ભક્તિનાં પદો ઉપરાંત 'રાસ સહસ્ત્રપદી', 'પ્રભાતિયાં', 'સુરત સંગ્રામ', 'હિંડોળા', 'દાણલીલા', 'હારમાળા', 'સુદામા ચરિત્ર', 'ગોવિંદગમન', 'શૃંગારમાળા' વગેરે તેમની પ્રસિદ્ધ રચનાઓ છે. નરસિંહ મહેતાના સમકાળીન ભાલણે આખ્યાનોમાં 'દશમસ્કંધ', 'નળાખ્યાન', 'ધ્રુવાખ્યાન', 'ચંડી-આખ્યાન', 'દુર્વાસાઆખ્યાન', 'કૃષ્ણ-વિષ્ટિ' ઉપરાંત કાદંબરી નું ભાષાંતર વગેરે મુખ્ય છે. અન્ય કૃતિઓમાં શ્રીધર વ્યાસનો 'રણમલ્લ છંદ', વીરસિંહનું 'ઉષાહરણ' નોંધપાત્ર છે. પદ્મનાભે 16મી સદીના પ્રારંભે 'કાન્હડદે પ્રબંધ' રચ્યો મનાય છે. વલ્લભ મેવાડાના ગરબા આજ પર્યંત ગુજરાતમાં લોકપ્રિય છે.

મરાઠીમાં ધાર્મિક સાહિત્ત્યન્માં જ્ઞાનદેવે 'જ્ઞાનેશ્વરી' ગીતા પરની ટીકા લખી. ઉપરાંત તેમના 'અભંગો' નો સંગ્રહ જાણીતો છે. મહાનુભાવ પંથના સ્થાપક ચક્રધરની વાણીને તેમના શિષ્યોએ સંકલિત કર્યા. કોસો બાસે આ સંપ્રદાયના સિદ્ધાંતો 'ચક્રધર-સિદ્ધાંત-સૂત્ર' અને 'દ્રષ્ટાંતપાથ'માં આલેખ્યા છે. તો માઈમ ભટ્ટે 'લીલાચરિત'માં ચક્રધર સ્વામીનું જીવનચરિત્ર આપ્યું છે. ભાસ્કરભટ્ટે 'ઉદ્ધવગીતા' ટીકા તથા કવયિત્રી મહાદાઈસે લખેલાં 'ઢળવે' ગીતો પ્રસિદ્ધ છે. નામદેવે વિઠ્ઠલને લગતું પુષ્કળ મરાઠી સાહિત્ય રચ્યું. તેમની કાવ્યાત્મક શૈલી આગળ જતાં સંત તુકારામે અપનાવી વિકાસ કર્યો. નામદેવનાં અંતેવાસી જનાબાઈએ પણ અભંગોની રચના કરી.

બંગાળીમાં 14મી સદીમાં બૌદ્ધ ચર્ચાપદોની પરિપાટી પર બ્રાહ્મણોએ પણ ચર્ચાપદો રચ્યાં. 15મી સદીના પૂર્વાર્ધમાં બંગાળીના મહાન કવિ કૃત્તિવાસ ઓઝાએ

રામાયણનું બંગાળીમાં ભાષાંતર કર્યું. માલાધર બસુએ 'શ્રી કૃષ્ણવિજય' રચ્યું. બંગાળીમાં આ કાળે 'મંગલ' કાવ્યો રચાયાં. જેમાં લખિન્દર બેહુલાની કથા તથા વિપ્રદાસ રચિત 'મનસાવિજય' પ્રસિદ્ધ છે. બડુ ચંડીદાસે 'શ્રીકૃષ્ણકીર્તન' કાવ્ય રચ્યું. બંગાળના સુલતાનોની પ્રેરણાથી કવીન્દ્રે મહાભારતનું બંગાળીમાં ભાષાંતર કર્યું. જે 'પાંડવ વિજય કથા'થી ઓળખાયું. ચૈતન્યે બંગાળીમાં લખેલું સાહિત્ય ઉપલબ્ધ નથી. તેમછતાં તેમના પ્રભાવમાં પૌરાણિક કથાઓનો બંગાળીમાં અભ્યાસ વધ્યો હતો. 13મી સદીના ઉત્તરાર્ધમાં અસમી સાહિત્યમાં હેમ સરસ્વતીએ 'પ્રહલાદ-ચરિત' અને કવિ હરિહર વિપ્રએ 'બ્રભુવાહનરયુદ્ધ' તથા 'લવકુશયુદ્ધ' ઉત્તમ કાવ્યો રચ્યાં. અસમીના મહાકવિ માધવ કંદલિ 14મી સદીમાં થયા. તેમણે રામાયણને અસમીમાં ઉતાર્યું. દુર્ગારામ કાયસ્થે 58 પદોનું નાનુ કથા કાવ્ય 'ગીત-રામાયણ' 15મી સદીમાં રચ્યું. શંકરદેવે 'એક-શરણ-ધર્મ'ને લગતું સાહિત્ય રચ્યું. તેમણે લખેલા 27 ગ્રંથોમાં 'કીર્તનઘોષા' શ્રેષ્ઠ છે. ઉપરાંત તેમણે 'રુક્મિણી-હરણ', 'અંકિયાનાટ', 'રામવિજય', 'કાલિયાદમન', 'પારિજાતહરણ', 'પત્ની પ્રસાદ' નાટકો રચ્યાં.

ઉડિયા ભાષામાં 11મી સદીમાં જગન્નાથપુરીના મંદિર તાડપત્રીય ગ્રંથોમાં ગદ્ય જોવા મળે છે. આ ભાષાની પ્રાચીન કૃતિ વત્સદાસની 'કલશ-ચૌતીસા'ને માનવામાં આવે છે. નારાયણાનંદ અવધૂત સ્વામીએ 'રુદ્રસુધા-નિધિ' ઊર્મિકાવ્ય રચ્યું. શારળાદાસનાં 'ચંડીપુરાણ', 'વિલંકારામાયણ' અને 'મહાભારત' ઉડિયા મહાકાવ્ય છે. 14મી સદીમાં ઓરિસામાં વૈષ્ણવ-ભક્તિને લગતી કૃતિઓમાં માર્કંડદાસ કેશવે 'કેશવકોઈલિ' નામે ઉત્તમ કાવ્ય રચ્યું. 16મી સદીના કવિ જગન્નાથદાસે 'અર્થ-કોઈલિ' રચ્યું. તે પણ કૃષ્ણભક્તિમય લોકપ્રિય ગ્રંથ છે. અર્જુનદાસે 'રામ-બિભા' ઊર્મિકાવ્ય 15મી સદીમાં રચ્યું. ચૈતન્ય મહાપ્રભુ 16મી સદીમાં ઓરિસામાં વસતાં તેમના અનુયાયીઓએ ઘણી રચનાઓ કરી. તેમના સખાઓમાં બલરામદાસે લખેલ 'રામાયણ' તથા જગન્નાથદાસે લખેલ 'ઉડિયા ભાગવત' પ્રસિદ્ધ છે.

ઈ.સ. 1325માં જ્યોતિરીશ્વર ઠાકુરે વર્ણરત્નાકર રચ્યો. જે મૈથિલીનો પ્રાચીન ગ્રંથ છે. મૈથિલી ભાષામાં પ્રસિદ્ધ કવિ વિદ્યાપતિ ઠાકુરે ૧૪મી ૧૫મી સદીમાં રચેલ 'પુરુષ-પરીક્ષા' અને 'કીર્તિલતા' પ્રસિદ્ધ છે. તેમની રચનાઓમાં રાધા-કૃષ્ણનાં પ્રણયને લગતાં ઊર્મિકાવ્યો છે.

તમિળ ભાષામાં 13મી સદીના ઉત્તરાર્ધમાં મેયકંડદેવે 'શિવજ્ઞાન બોધમ', અરુબનંદિ શિવાચાર્યે 'શિવજ્ઞાન-સિદ્ધિવર' તથા ઉમાપતિ શિવાચાર્યે 'શિવપ્રકાશમ' શૈવ મતને લગતા પ્રસિદ્ધ ગ્રંથો રચ્યા. 14મી સદીમાં મહાકવિ વિલ્લિપુત્તુરરે તમિળ 'ભારતમ' રચ્યું. જે ઘણું લોકપ્રિય બન્યું. અરુણગિરિએ રચેલ 'તિરુપ્પુગઝ' ભક્તિ-સંગીતને લગતો ગ્રંથ છે. કવિ શિવાચારિયર કૃત 'કંદ-પુરાણમાં' શૈવોમાં પ્રસિદ્ધ છે. તમિળ કવિ કાળમેકમે અનેક કાવ્યો રચ્યાં. વેદાંતદેશીકે 'રહસ્યમંત્રસાર' લખ્યો. જે 'મણિપ્રવાલ' તરીકે જાણીતો છે.

*કન્નડ ભાષામાં 13મી સદીમાં કવિ હરિહરે અને રાઘવાંકે કાવ્યો રચ્યાં. કવિ હરિહરે 'રગળે' માં 108 જીવનચરિત્રો નિરુપ્યાં છે. કવિ મલ્લિકાર્જુને 'સુક્તિ-સુધાર્ણવ'માં કન્નડ કવિઓનાં પ્રમુખ પદ્યોનું સંકલન કર્યું છે. જૈન કવિ જન્ને 'યશોધરાચરિત' કવિ મધુરે તીર્થંકર ધર્મનાથ પર પુરાણ રચ્યું. વીર શૈવ કવિ ભીમે 'બસવપુરાણ' માં આચાર્ય બસવને ચમત્કારિક પુરુષ તરીકે વર્ણવ્યા છે. 'પ્રભુલિંગ-લિલે' સંત અલ્લમ પ્રભુના જીવન પર રચાયું છે. વૈષ્ણવ સાહિત્યમાં નારનપ્પાએ 'મહાભારત'ને કન્નડમાં ઉતાર્યું. જે 'ગદુગિનભારત' તરીકે પ્રસિદ્ધ છે. આ અધૂરું કાર્ય કવિ તિમ્મન્ને પૂર્ણ કર્યું. 15મી સદીના અંતમાં નરહરિએ 'તોરવે રામાયણ' અને ચારુ વિઠ્ઠલનાથે 'ભાગવત પુરાણ' પૂર્ણ કર્યું.*

*તેલુગુ મહાભારત નન્નયે રચવાનું શરુ કરેલું તે આ કાળે તિક્કનાર્ય અને એર્રપ્રેગડેએ પૂર્ણ કર્યું. મહાભારતના વિરાટપર્વથી શાંતિપર્વ સુધીના પર્વોનો અનુવાદ મહાકવિ તિક્કને કર્યો. નન્નયનું અધૂરું અરણ્યપર્વથી બાકીના પર્વ એર્રપ્રેગડેએ પૂર્ણ કરી સમગ્ર તેલુગુ મહાભારત સંપૂર્ણ કર્યું. 13મી સદીમાં રંગનાથે અને હુલક્કી ભાસ્કર તથા અન્યોએ બે અલગ સંસ્કરણમાં તેલુગુ રામાયણ લખ્યાં. તેલુગુના મહાકવિ શ્રીનાથે 'સાલિવાહન સપ્તસતિ', 'નૈષધ-ચરિત'ને તેલુગુમાં ઉતાર્યા. ઉપરાંત 'ભીમેશ્વર પુરાણમ'માં શૈવ તીર્થોનું મહાત્મ્ય તો 'હરવિલાસ'માં શિવકથાઓ આપી છે. ૧૫મી સદીનો કવિ પોતને 'આંધ્ર મહાભાગવત' સંસ્કૃત ભાગવત પરથી ઉતાર્યું છે. કવિ પિનવીર ભદ્રે 'શૃંગાર-શકુંતલા' અને જૈમિનિભારત રચ્યાં. કથા કાવ્યોમાં જક્કને 'વિક્રમાર્કચરિત', અનંતામાત્યે 'ભોજરાજીય', 'ગૌરને' નવનાધ ચરિત્ર અને નિશાંક કોમ્મને 'શિવલીલા વિલાસ' રચ્યાં.*

*તમિળથી મલયાલમ ભાષા 15મી સદીથી અલગ પડી અસ્તિત્ત્વમાં આવી. પ્રારંભમાં રામ અને કૃષ્ણની લીલાઓ પર ધાર્મિક પદો (પટ્ટુ) રચાયાં. 14મી સદીનું ઉન્નુનીલી સંદેશમ સંદેશ કાવ્ય નોંધપાત્ર છે. આ ભાષામાં વ્યવસ્થિત સાહિત્ય 16મી સદીમાં રચાવા લાગ્યું.*

**16.2.4.3 અરબી અને ફારસી સાહિત્ય**

*દિલ્હી સલ્તનતની રાજભાષા ફારસીમાં આ કાળે અનેક કૃતિઓ રચાઈ. કેટલાક અરબી ગ્રંથો પણ લખાયા. ઈતિહાસ લેખનકલા ભારતમાં મુસલમાનો લાવ્યા. આ કાળે આરબ, તુર્ક અને યુરોપિયન પ્રવાસીઓ આવ્યા ને પ્રવાસ ગ્રંથો લખ્યા. ઈતિહાસને લગતી કૃતિઓમાં અતિશયોક્તિ હોવા છતાં અગત્યતા ધરાવે છે. મુસ્લિમ આક્રંતાઓ બર્બર જ હતા તે ખ્યાલ ખોટો છે. તેમાંથી ઘણા સુલતાનો સાહિત્યપ્રેમી પણ હતા. તેથી જ ઈ.સ. 1200 થી 1500 સુધીમાં સાહિત્યિક પ્રવૃત્તિ ચાલુ રહી.*

*ઈલ્તુત્મિશ અને ફિરોઝશાહ તુઘલકે અરબી ભાષાના વિદ્વાનોને આશ્રય આપ્યો હતો. તેથી તેમના સમયમાં કેટલીક અરબી કૃતિઓ તૈયાર થઈ. જે વ્યાકરણને લગતી હતી. ઈલ્નતાજની 'જવાહિરુલ કુરાન', કાજી સિરાજુદ્દીન અલ હિન્દીની 'કિતાબુલ*

*તસવ્વુફ', સંત અમીર સૈયદની 'મનાઝિલુસ-સાલિકીન', કાઝી શિહાબુદ્દીનની 'અલઈર્શાદ' મુખ્ય ગણાવી શકાય. 15મી સદીમાં પણ કેટલાક લેખકોએ અરબીમાં રચનાઓ કરી અરબી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું હતું.*

*12મી સદીમાં ફારસી ભાષાનો ભારતમાં પ્રવેશ થયો. તેમાં પ્રથમ ભારતીય કવિ મસૂદ-સદ-સલમાન લાહોરમાં સ્થાયી થયા હતા. સલ્તનતની સ્થાપના પછી ફારસી ભાષાને પ્રોત્સાહન મળ્યું. રાજ્યાશ્રય મળ્યો. અમીર ખુશરો આ કાળનો પ્રસિદ્ધ સાહિત્યકાર હતો. તે કવિ, ગાયક, યોદ્ધો, સાહિત્યકાર વગેરે બહુમુખી પ્રતિભા ધરાવતો હતો. ફારસીમાં તેણે પુષ્કળ કૃતિઓ રચી. તેની ફારસી કાવ્યોની પંક્તિઓનો આંકડો પાંચ લાખ થવા જાય છે. તેથી તેને 'તૂતી-એ-હિંદ' કહેવામાં આવે છે. જેમાં 'ખઝાઈલ્ફૂતૂહ', 'દેવલરાની-વ-ખિઝરખાન', 'કીરાતુસ્સાદ', 'ધુર્તુલ્કમાલ', 'નૂહસિપિહ', 'મીફ્તાહ', 'લ્ફૂતૂહમતલ-ઉલ-અનવર' અને 'તુઘુલકના'મા વગેરે મુખ્ય છે. ખુસરોના સમકાળીન અમીર હસન દેહલવીએ ફતિયા, દીવાન અને નિઝામુદ્દીન ઓલિયાનું જીવનચરિત્ર લખ્યું હતું. 'બદર-એ-ચાચે' (બદરુદ્દીન) શાહનામા મહાકાવ્ય ઉપરાંત મુહમ્મદ તુઘલ કની પ્રશસ્તિ રુપે અનેક કસીદાઓ લખ્યા. ફિરોઝ તુઘલ કે ફૂતુહાતે ફિરોજશાહી કૃતિ રચી. તેના આઈન-ઉલ-મૂલ્ક મુલતાની નામના અધિકારીએ 'ઐનુલ મુલ્કી' અને 'મુન્શત-એ-માહુર' ગ્રંથો ફારસીમાં લખ્યા. સિંકદર લોદી પોતે કવિ હતો અને 'ગુલરુખ' ઉપનામ ધરાવતો.*

*આ કાળે ફારસીમાં અનેક તવારીખ ગ્રંથો લખાયા. જોકે તેમનાં લખાણ તટસ્થ નથી. કૂફીએ 'ચચનામા' નો ફારસીમાં અનુવાદ કર્યો. મીર મહંમદ માસૂમે 'તારીખ-એ-માસૂમી' માં મુહમ્મદ બીન કાસિમથી અકબર સુધીનો સિંધનો ઈતિહાસ આપ્યો છે. હસન નિઝામીએ 'તાજ-ઉલ-માસિર' ઈતિહાસ ગ્રંથ ફારસીમાં લખ્યો. જેમાં ઘોરીના સમયનું ભારત, કુતુબુદ્દીન ઐબક અને ઈલ્તુત્મિશના શાસનનો અતિશયોક્તિપૂર્ણ ઈતિહાસ આપ્યો છે. ઈરાકના શેખ અબુલહસને ઈ.સ. 1230માં લખેલ 'અલ્કામિલફી-તવારીખ' માં મહંમદ ઘોરીના આક્રમણોની વિગતો આપી છે. સલ્તનતના દરબારી વિદ્વાન મિન્હાજ-ઉસ-સિરાજે 'તબકાત-એ-નાસિરી'માં દિલ્હી સલ્તનતની સ્થાપના, વિકાસ અને પતનનો રાજકીય ઈતિહાસ આલેખ્યો છે. ડૉ. ઈશ્વરીયપ્રસાદ નોંધે છે કે ''તબકાત-એ-નાસિરીના લેખક મિન્હાજ-ઉસ-સિરાજની ગદ્ય-શૈલી સ્પષ્ટ તથા ઓજસપૂર્ણ સમાસ-શૈલી આ સમયની અન્ય રચનાઓમાં જોવા મળતી નથી.' અમીર ખુસરોએ ઈતિહાસ ગ્રંથ 'ખાઝાઈલ્ફૂતૂહ' (તારીખ-એ-અલાઈ) રચ્યો. જેમાં અલાઉદ્દીન ખિલજીનો ઈતિહાસ વધુ છે તથા આશ્રયદાતાને ખુશ કરવાનો ઉપક્રમ અને અતિશયોક્તિ દેખા દે છે. તેમ છતાં તારીખ અને ઘટનાઓની બાબતે યથાર્થ છે. 'દેવલરાની-વ-ખિઝરખાન' (આશિકા) તેનું મહાકાવ્ય છે. જેમાં ઘણી ઐતિહાસિક બાબતો નોંધી છે. ઉપરાંત 'કીરાતુસાદ' કાવ્યમાં મોગોલ આક્રમણો તથા સુલતાન કૈકુબાદનો ઈતિહાસ આપ્યો છે. 'ધુર્તુલ્કમાલ'માં ચાર કાવ્યોનો સંગ્રહ છે. 'નૂહસિપિહ' કાવ્ય સંગ્રહમાં મુબારકશાહનો વૃત્તાંત છે. ઝિયાઉદ્દીન બરનીએ 'તારીખ-એ-ફિરોજશાહી'માં બલબનથી ફિરોજ તુઘલ ક સુધીના આઠ*

*સુલતાનોનો ઈતિહાસ આપ્યો છે. ઈતિહાસમાં સત્યનો આગ્રહ કરનાર સલ્તનતનો તે પ્રથમ ઈતિહાસકાર છે. તેની અન્ય કૃતિ 'ફતવાએ જહાંદારી' પ્રસિદ્ધ છે. અજ્ઞાત લેખકની 'સીરતે ફિરોજશાહી'માં ફિરોજશાહના સમયની નહેરો તથા સુલતાનના સુધારાઓનું વર્ણન કર્યું છે. ઉપરાંત ફિરોજ તુઘલ કના મિત્ર શમ્સ-ઈ-સિરાઝ અફીફે પણ 'તારીખ-એ-ફિરોજશાહી' ગ્રંથ કાવ્યમય ભાષામાં લખ્યો. તેમાં ઈ.સ.* 1388 *સુધીનો ઈતિહાસ આપ્યો છે. યાહ્યા સરિહંદીએ તારીખ-એ-મુબરકશાહીમાં ઘોરીવંશથી મુબારકશાહ સૈયદ સુધીનો ઈતિહસ આલેખ્યો છે. 'તુઝૂક-ઈ-તિમુરી' તૈમુરની આત્મકથા છે. ઈસામીની 'ફુતૂહ-ઉસ-સલાતીન'માં ઈ.સ.* 1351 *સુધીનો ઈતિહાસ સમાવ્યો છે. તેમાં દક્ષિણ ભારતનો ઈતિહાસ નોંધપાત્ર છે. શેખ રિઝફૂલ્લાહ મુશ્તાહીએ 'વાકીયાત-એ-મુશ્તાકી'માં બહલોલ લોદીના શાસનકાળનો વૃત્તાંત આલેખ્યો છે. ઉપરાંત ગુજરાત, માળવાનો ઈતિહાસ અને ઈ.સ.* 1491 *થી* 1581 *સુધીની સામાજિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ એ આ કૃતિની આધારભૂત અને નોંધપાત્ર વિશિષ્ટતા છે. 'તારીખ-એ-દાઉદી', 'તારીખ-એ-સલાતીને અફઘાની' લોદીવંશ માટેની કૃતિઓ છે.*

*શેખ જમાલુદ્દીન હાંસવીએ ઈલ્તુત્મિશના મૃત્યુ સમયે રચેલ 'દીવાને અમાલુદ્દીન'માં શોકગીતો છે. મલિક મહંમદ જાયસીએ પદ્માવત કાવ્ય રચ્યું. એનુલમુલ્કે 'ઈન્શાયે માહરુ'માં ફિરોજ તુઘલ કના સમયના* 133 *પત્રો આપ્યા છે. મોરોક્કો પ્રવાસી ઈબ્નબતુતાનો 'રીહલા' પ્રવાસ ગ્રંથ રચાયો. ઈરાની પ્રવાસી અબ્દુર્રઝાકે 'મત્લઉસસાદૈન'માં વિજયનગર, તૈમુરના આક્રમણ, દખ્ખણના પ્રજાજીવન, સંસ્કૃતિ તથા પૂર્વ મધ્યકાળીન ઈતિહાસ માટે અગત્યનો છે. સલ્તનતકાળમાં યુરોપિયન પ્રવાસીઓમાં માર્કોપોલો (વેનિસ), નિકોલો કોન્ટી (વેનિસ), બારબોઝા (પોર્ટુગલ), ડોમિગોસ પાએઝના ગ્રંથ ભારતીય ઈતિહાસ સંદર્ભે અગત્યના છે.*

- **તમારી જાતે ચકાસો (ક)**

**1. સાંચા જોડકાં જોડો.**

| A | B |
|---|---|
| (1) *માઘ* | (1) *કિરાતાર્જુનીય* |
| (2) *અમર* | (2) *નાટક રત્નકોશ* |
| (3) *સાગરનંદી* | (3) *રતિ રહસ્ય* |
| (4) *ભારવિ* | (4) *અમરકોશ* |
| (5) *બિલ્હન* | (5) *શિશુપાલવધ* |
| (6) *હેમચંદ્રચાર્ય* | (6) *બૃહત્કથામંજરી* |
| (7) *મમ્મટ* | (7) *વિક્રમાંકદેવચરિત* |
| (8) *ક્ષેમેન્દ્ર* | (8) *સિદ્ધહેમશબ્દાનુશાસન* |
| (9) *કોક્ક* | (9) *કાવ્યપ્રકાશ* |
| (10) *અમીર ખુસરા* | (10) *ખાઝાઈલ્ફૂતૂહ* |

2. અનુગુપ્તકાલીન સંસ્કૃત સાહિત્ય વિશે પાંચ વાક્યો લખો.

3. પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાળીન સંસ્કૃત કાવ્યો અને નાટકો વિશે જણાવો.

4. પ્રાચીન કાળના અંતિમ તબક્કામાં ક્યાં-ક્યાં મહાકાવ્યો રચાયાં.

5. સલ્તનતકાલીન પ્રાદેશિક ભાષાઓના સાહિત્ય વિશે ટૂંકમાં જણાવો.

## 16.3 શિક્ષણ (ઈ.સ. 650 થી 1526)

### 16.3.1 અનુગુપ્તકાલીન શિક્ષણ (ઈ.સ. 650 થી 750)

*આ સમયમાં પણ ગુપ્તકાળીન શિક્ષણ વ્યવસ્થા ચાલુ રહી. જૂના સ્મૃતિ ગ્રંથોમાંથી પ્રાથમિક શિક્ષણની માહિતી મળતી નથી. બાળક પાંચેક વર્ષે વેદારંભ સંસ્કારથી વિદ્યારંભ કરતો. બાળપોથી અને ગણિતનું જ્ઞાન અપાતું. ત્યારપછી વેદનો અભ્યાસ શરુ કરાતો. ઔપચારિક અને અનૌપચારિક એમ બે પ્રકારે શિક્ષણ અપાતું. વ્યક્તિને કુટુંમ્બ, પુરોહિત, પંડિત, સંત-સન્યાસી અને દૈનિક જીવનમાં આવતા ઉત્સવો-પ્રસંગો દ્વારા અનૌપચારિક શિક્ષણ પ્રાપ્ત થતું. જ્યારે ઔપચારિક શિક્ષણ મંદિર, મઠો, ગુરુગૃહ, ગુરુકુલો, દેશીપાઠશાળાઓ વગેરે દ્વારા મળતું. ગુરુ મોટેભાગે જ્ઞાની, સદાચારી, પવિત્ર અને ઉચ્ચ ચારિત્ર્યવાન અને શિષ્યના કલ્યાણમાં રાચતા. શિષ્યો ગુરુ પ્રત્યે ઉચ્ચ માન-સન્માન અને આદર્શ ધરાવી ગુરુની સેવા દ્વારા વિદ્યાભ્યાસના અનુગ્રહી રહેતા. રાજાઓ અને ધનવાનો શિક્ષણ અને તેના કેન્દ્રોના નિભાવ માટે અનુદાન આપતા. જમીનદાનની પદ્ધતિમાંથી બદલાયેલી સામાજિક-આર્થિક પરિસ્થિતિને કારણે 'લહિયા' કે 'કાયસ્થ' જ્ઞાતિ (જમીનખતના ખરડા તૈયાર કરનાર) નો પાદુર્ભાવ છટ્ઠી થી આઠમી સદી દરમિયાન થયો. તેથી લિપિ અને ગણિતના શિક્ષણનું મહત્વ વધ્યુ હતું. બૌદ્ધ ધર્મે સાર્વજનિક શિક્ષણ સંસ્થાઓ સ્થાપી હતી. ગુપ્ત શાસક કુમારગુપ્ત પ્રથમ દ્વારા સ્થાપિત નાલંદા વિશ્વવિદ્યાલય (ઈ.સ. 450) પછીની સદીઓમાં હર્ષ અને પાલશાસકોએ સંરક્ષણ આપ્યું. 9મી થી 12મી સદી સુધી નાલંદા આંતરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત વિશ્વવિદ્યાલય હતું. તેનું વિશાળ ગ્રંથાલય રત્નરંજક, રત્નોદધિ, રત્નસાગર એવા ત્રણ વિશાળ વિભાગોમાં વહેંચાયેલું હતું. વલ્લભી (ઈ.સ. 700) એ બૌદ્ધ ધર્મની ખ્યાતી પ્રાપ્ત વિદ્યાપીઠો આ સમયમાં પણ ચાલુ હતી. હિંદુઓએ પણ તેનું અનુસરણ કરી મંદિરોમાં શિક્ષણ આપવાનું શરું કર્યું હતું. જે આગળ જતાં મઠોમાં પરિવર્તિત થઈ ગયાં. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, માધવાચાર્ય વગેરેના મઠ વિખ્યાત બન્યા હતા. વેદો, વેદાંગ ઉપરાંત સંસ્કૃત સાહિત્ય, દર્શન, જ્યોતિષ, વ્યાકરણ અને ચિકિત્સાશાસ્ત્ર વગેરે વિષયોનું અધ્યયન-અધ્યાપન થતું. નાલંદા, વલભી ઓદંતપુર, મિથિલા, કાશી, પ્રયાગ, અયોધ્યા, આનંદપુર (વડનગર), વગેરે ઉચ્ચ શિક્ષણનાં કેન્દ્રો હતાં.*

*બ્રાહ્મણોમાં અનેકાનેક જાતિઓ ઉદ્દભવી. તેમાંના કેટલાકે પોતાની કર્મકાંડની સેવાઓનું વ્યવસાયીકરણ કર્યું. હિંદુઓ અને જૈનોની દેશી પાઠશાળાઓમાં શિષ્યોને મંગલાચરણથી વિદ્યાભ્યાસનો પ્રારંભ લિપિ અને માતૃકા (કક્કો) ઉચ્ચારણથી, જ્ઞાનેન્દ્રીયોથી શીખવવામાં આવતું. ઈત્સિંગના (ઈ.સ. 671 થી 695) આગમન સમયે વિદ્યાપીઠોમાં વ્યાકરણની પાઠ-વિધિ પ્રચલિત હતી. તેણે નાલંદા વિશ્વવિદ્યાલય તથા બૌદ્ધ ધર્મ અને સંસ્કૃત સાહિત્ય અંગે પોતાના ગ્રંથમાં પ્રકાશ પાડ્યો છે. ગુપ્તોત્તરકાળમાં વિદુષી અને કવયિત્રીઓ પણ થઈ. જેમાં શીલભટ્ટારિકા ઉલ્લેખનીય છે. તેમછતાં વ્યવસ્થિત*

*શિક્ષણ લેવીની સ્ત્રીઓને મનાઈ હતી. સ્ત્રી અને મિલકતને એક સમાન ગણવામાં આવતાં હતાં.*

**16.3.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂલકાલીન શિક્ષણ (ઇ.સ. 751 થી 1000)**

*આ કાળે પણ શિક્ષણની પ્રાચીન પરંપરા મોટે ભાગે ચાલુ રહી. વિદ્યાર્થી મનપસંદ વિષય ભણી શકતો. પ્રત્યેક ગામ, કસ્બા અને નગરોમાં શિક્ષણ માટેની વ્યવસ્થા હતી. રાજાઓ, શ્રીમંતો વિદ્વાનોને આશ્રય આપતા, અનુદાન દેતા. શિક્ષણમાં રાજકીય કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ ન હતો. મેધાતિથિ જણાવે છે કે, "લગ્ન કર્યા પછી પણ વિદ્યાર્થીએ પરદેશમાં જઈ શાસ્ત્રો અને અન્ય વિદ્યામાં નિપુણતા મેળવવી જોઈએ." કુટ્ટનીમત્તમાં જણાવ્યું છે કે, "જે પરદેશમાં જઈ અન્ય દેશોની ભાષા, રીતભાત, પહેરવેશ વગેરેનું જ્ઞાન મેળવતો નથી તે શિંગડા વગરના બળદ જેવો છે."*

*ગુરુગૃહ, પાટશાળાઓમાં પ્રાથમિક શિક્ષણ અપાતું. વળી, પ્રાદેશિક ભાષાઓના વિકાસે હવે પ્રાદેશિક ભાષામાં પ્રાથમિક શિક્ષણ અપાતું. વાચંન, લેખન, લેખાં, નામું, પ્રાદેશિક ભાષા, સંસ્કૃત ઉપરાંત પૌરાણિક કથાઓ અને મહાકાવ્યોની વાર્તા દ્વારા નીતિ અંગેનું શિક્ષણ પ્રાથમિક શિક્ષણમાં ભણાવાતું. ખેડૂત અને વેપારી વર્ગના વિદ્યાર્થીઓને ગણિતનો અભ્યાસ કરાવાતો. શબ્દરુપાવલી, ધાતુરુપાવલી, અમરકોશ અને લઘુસિદ્ધાંત, કૌમુદી, કેટલાક સુભાષિતો વિદ્યાર્થીઓ પાસે કંઠસ્થ કરાવાતા. ગુરુ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા પણ કરતા.*

*વિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં પૂર્વકાલીન ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા ચાલુ રહી. શિક્ષણના માધ્યમ તરીકે સંસ્કૃત ઉપરાંત પ્રાદેશિક ભાષાઓનો ઉપયોગ થવા લાગ્યો હતો. ક્ષત્રિય અને વૈશ્ય વર્ગ માટે વૈદિક શિક્ષણ પ્રતિબંધિત હોવાથી આ શિક્ષણને ધક્કો પહોંચ્યો. બ્રાહ્મણોમાં બે, ત્રણ કે ચાર વેદનો અભ્યાસ કરનાર દ્વિવેદી, ત્રિવેદી અને ચતુર્વેદી તરીકે ઓળખાતા.*

*ઉચ્ચ વ્યાકરણ, પુરાણો, જ્યોતિષ, ખગોળ અને સ્મૃતિઓનો અભ્યાસ ખુબ લોકપ્રિય હતો. દક્ષિણ ભારતમાં તો વ્યાકરણ માટે અલગ વિદ્યાલયો હતાં તેવું અલબેરુની નોંધે છે. સંસ્કૃત ભાષાસાહિત્યમાં કાવ્યશાસ્ત્ર અને છંદશાસ્ત્રનું ગહન જ્ઞાન અપાતું. કાલિદાસ, ભવભૂતિ, ભર્તૃહરિ, બાણ વગેરેની રચનાઓનો અભ્યાસ કરી તેમનું અનુસરણ કરવા પ્રયત્ન કરતા. અલંકારોના અભ્યાસમાં વિદ્યાર્થીઓ વધુ ધ્યાન આપતા. વાદ વિવાદ સંદર્ભે તર્ક અને દર્શનશાસ્ત્ર ખૂબ અગત્યના વિષયો હોઈ એ કઠીન વિષયો પણ વિદ્યાર્થીઓ પસંદ કરતા.*

*હિંદુ ધર્મમાં વેદાંત, સાંખ્ય, યોગ, ન્યાય અને મીમાંસાના અભ્યાસનું મહત્ત્વ હતું. હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મમાં વાદ-વિવાદો ચાલ્યા કરતા. દર્શનશાસ્ત્રના અભ્યાસ પૂર્વે તર્કમાં પારંગત બનવું પડતું. દર્શન અને વિરોધી દર્શનોના અભ્યાસથી વિદ્યાર્થીની દ્રષ્ટિ વિશાળ બને તથા વિદ્વાન બને તેવું વાતાવરણ વિશ્વવિદ્યાલયોમાં સર્જાતું.*

બૌદ્ધ વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત, ધર્મશાસ્ત્ર, ખગોળ, જ્યોતિષ, વૈદક, રાજનીતિ જેવા વિવિધ વિષયોનું અધ્યયન-અધ્યાપન થતું. દર્શનના વિદ્યાર્થીઓ હેતુવિદ્યા, અભિધર્મશાસ્ત્ર, ન્યાયાનુસારશાસ્ત્રના બૌદ્ધ ગ્રંથો પસંદ કરતા. ભિખ્ખુ વિદ્યાર્થીઓને ધર્મ અને દર્શનને લગતા જ વિષયોનો અભ્યાસ કરાવાતો. તેમને ધાર્મિકેત્તર વિષયો શીખવાતા નહિ. બૌદ્ધ અને જૈન વિદ્યાલયોમાં ધાર્મિક તથા દર્શનનું શિક્ષણ અપાતું. 8મી સદીમાં કાશ્મીરના સર્વજ્ઞમિત્ર નાલંદાના આચાર્ય થયા હતા. ચુસ્ત જ્ઞાતિપ્રથાને કારણે વ્યવસાયિક અને કલાના શિક્ષણથી બ્રાહ્મણો દૂર રહ્યા. ક્ષત્રિયોને સૈન્ય તાલીમ, વૈશ્યોને વેપાર-વાણિજ્યનું શિક્ષણ તથા શૂદ્રો માટે વિવિધ કળા-કારીગરીનું શિક્ષણ તથા તાલીમ આપતાં કેન્દ્ર હતાં. વ્યાવસાયિક શિક્ષણના વિદ્યાર્થીઓને સંસ્કૃતનું સામાન્ય જ્ઞાન અપાતું. તો ઇજનેરી અને સ્થાપત્યવિદ્યાના વિદ્યાર્થીઓને વાસ્તુ તથા ગણિતનું શિક્ષણ અપાતું.

હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મના અધ્યેતા-અધ્યાપકો પોતાના ધર્મના લેખકોની કૃતિઓને જ અભ્યાસમાં પ્રાધાન્ય આપતા. પ્રત્યેક વિદ્યાકેન્દ્રોમાં પોતાના સ્વતંત્ર ગ્રંથાલયો હતાં. બૌદ્ધ અને જૈન મઠોમાં જ્ઞાન ભંડારો હતા. અનેક રાજાઓએ પોતાના રાજ્યમાં જ્ઞાન ભંડારો ઊભા કર્યા હતા. કુમારપાલે રાજ્યમાં 21 ગ્રંથાલયો સ્થાપવા અનુદાન કર્યા હતા.

આ કાળમાં શિક્ષણની પૂરોગામી મૌખિક પદ્ધતિ અપનાવી હતી. જે માત્ર ગોખણપટ્ટી ન હતી. ગ્રંથો કંઠસ્થ કરવામાં આવતા તથા વિદ્યાર્થીઓ કંઠસ્થ ગ્રંથ કે શ્લોકનો અર્થ પણ સમજાવી શકતા. બિલ્હણ લખે છે તે પ્રમાણે “દરકે લેખકની મહેચ્છા એ હતી કે પોતાના ગ્રંથ વિદ્વાનોનું કંઠાભરણ બને.”

નાની વયમાં લગ્નપ્રથાને કારણે સ્ત્રીઓ મોટાભાગે શિક્ષણથી વંચિત રહેતી. અપવાદરુપે ધનવાન. સંસ્કારી તથા રાજપિરવારોમાં સ્ત્રી શિક્ષણ પ્રત્યે થોડું લક્ષ્ય અપાતું. વૈદિક સાહિત્ય સ્ત્રીઓ ભણી શકતી નહી. તેમને અન્ય સાહિત્યિક શિક્ષણ, સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથોનું અધ્યયન કરવાની છૂટ હતી. ઉપરાંત ગૃહ ઉપયોગી કલાઓનું જ્ઞાન અપાતું. આ કાળે ક્યાંક વિદુષી સ્ત્રીઓ દેખા દે છે. તેમ છતાં સ્ત્રી-શિક્ષણ નજીવું હતું.

કાશ્મીર અને વારાણસી આ કાળનાં મહત્ત્વના વિદ્યાકેન્દ્રો હતાં. શિક્ષણકેન્દ્ર તરીકે વારાણસી પ્રાચીન સમયથી અગત્ય ધરાવતું હતું. ત્યાં વિદ્યાલયોને સ્થાને વિદ્વાન બ્રાહ્મણો વ્યક્તિગત રીતે પોતાના ઘરે શિક્ષણ આપતા. સમસ્ત દેશમાંથી અહીં વિદ્યાર્થીઓ દર્શન, ધર્મશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, વ્યાકરણ વગેરે જેવા વિષયોના ઉચ્ચ અભ્યાસાર્થે આવતા કાશ્મીર પણ 11મી સદીમાં બ્રાહ્મણોના ત્યાં સ્થળાંતર અને વસવાટને લઇને પ્રખ્યાત વિદ્યાકેન્દ્ર બન્યું હતું. અહીં વિદ્યાર્થીઓને ગુરુ પોતાને ત્યાં રાખી નિઃશુલ્ક શિક્ષણ આપતા.

બંગાળના રાજા લક્ષ્મણસેનની રાજધાની નદિયા હિંદુ શિક્ષણનું કેન્દ્ર બન્યું હતું. હલાયુધ, જયદેવ, ધોયી વગેરે જેવા વિદ્વાનોએ શિક્ષણની પ્રવૃત્તિને વેગવાન બનાવી હતી. માળવામાં પાટનગર ધારાનગરીમાં પરમાર શાસક રાજા ભોજે ‘સરસ્વતી કંઠાભરણ સંસ્કૃત વિદ્યાપીઠ’ સ્થાપી હતી. અજમેરમાં તેના જેવું વિદ્યાલય ચૌહાણ નરેશ વિગ્રહરાજ ચોથાએ બંધાવ્યું હતું. સોલંકી શાસકોની રાજધાની અણહિલપુર પાટણમાં અસંખ્ય શાળાઓ અને મઠો હતા. અહીં જૈન ધર્મના આગમ ગ્રંથો, રાસાયણશાસ્ત્ર, રાજનીતિ,

*ધર્મશાસ્ત્ર ઉપરાંત વૈદિક ગ્રંથોનો, ઉપનિષદો અને વ્યાકરણનો ઊંડો અભ્યાસ થતો. આમ, રાજાઓએ વિદ્યાલયોને રાજ્યાશ્રય આપી વિદ્યા પ્રવૃત્તિને ઉત્તેજન આપ્યું હતું.*

*દક્ષિણ ભારતમાં હિંદુ મંદિરો સાથે શિક્ષણકેન્દ્રો સંલગ્ન હતાં. બિજાપુરમાં સલોતગી ગામ વૈદિક અભ્યાસનું કેન્દ્ર હતું. અહીના ત્રયીપુરુષના મંદિરમાં ચાલતા સંસ્કૃત વિદ્યાલયમાં સમગ્ર દેશમાંથી વિદ્યાર્થીઓ તેની ખ્યાતીથી આકર્ષાઈને અભ્યાસ માટે આવતા. આ મંદિર-વિદ્યાલયને રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ત્રીજાએ ભૂમિદાન દીધાં હતાં. ઉપરાંત શુભ પ્રસંગોએ ગામમાંથી દાન મળતું. દક્ષિણ આરકોટ જિલ્લાના એણ્ણાયિરમ ગામમાં પણ આવું મંદિર વિદ્યાલય હતું. આ બંને વિદ્યાલયો અનુદાનથી ચાલતા અને વિદ્યાર્થીઓને મફત રહેવા-જમવા અને શિક્ષણ પ્રાપ્ત કરવાની સુવિધા અપાતા. વિવિધ વિષયો માટે અનામત જગ્યા રાખવામાં આવતી. ચિંગલેપુર જિલ્લામાં તિરુમુક્કુદલ ગામે વેંકટેશ પેરુમલ મંદિર એક વિદ્યાલય, છાત્રાલય અને દવાખાનું ચલાવતું. આંધ્રપ્રદેશમાં નગૈ ગામે મોટું મંદિર વિદ્યાલય હતું. તેના ગ્રંથાલયમાં 6 ગ્રંથપાલો હતાં. ઉપરાંત દક્ષિણ ભારતમાં નાનાં અસંખ્ય મંદિર-વિદ્યાલયો ચાલતાં અને તેની વિશિષ્ટતા એ હતી કે તે મંદિરના સંચાલકો ચલાવતા. વિદ્વાનો, સંતો, બ્રાહ્મણોને ભૂમિદાન કે ગામના મહેસૂલનું હસ્તાંતરણ આપી વસાવાતા તેવા ગામોને અગ્રહાર ગામ કહેતા. આવાં ગામો વિદ્યાનાં કેન્દ્રો બન્યાં હતાં. કર્ણાટક અને મૈસૂરમાં આવાં ગામો હતાં. બંગાળ, બિહાર અને ઉત્તરપ્રદેશમાં સંસ્કૃત વિદ્યાલયો અનુદાનથી ચાલતાં. બૌદ્ધ શિક્ષણ ક્ષેત્રે વિક્રમશીલ વિશ્વવિદ્યાલયે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. પાલવંશના શાસકોએ અનુદાન દ્વારા અસંખ્ય વિહારો અને મંદિરો બંધાવ્યા હતાં. વિક્રમશીલમાં અભ્યાસને અંતે પદવી કે ઉપાધિઓ અપાતી. દીપાંકર શ્રી જ્ઞાનના માર્ગદર્શન હેઠળ અનેક વિદ્વાનોએ સંસ્કૃત ગ્રંથો લખ્યા હતા. અનુદાનના અભાવે નાલંદા વિદ્યાપીઠ પડતીની અવસ્થાએ પહોંચી હતી. તેમ છતાં ત્યાં સાહિત્યિક પ્રવૃત્તિઓ ચાલુ રહી. ઈ.સ. 1203 માં બખ્તિયાર ખીલજીએ તેનો નાશ કર્યો.*

*બંગાળના રાજા રામપાલે (ઈ.સ. 1084-1130) રાજધાની રામાવતીમાં જગદલ નામે બૌદ્ધ વિદ્યાપીઠ બંધાવી હતી. તે તંત્રશિક્ષણનું કેન્દ્ર હતી. પ્રાચીન ઓદંતપુરી બૌદ્ધ શિક્ષણના કેન્દ્ર તરીકે ચાલુ રહી. આચાર્ય દીપાંકરે ત્યાં અભ્યાસ કર્યો હતો. ઉપરાંત કાશ્મીર અને સારનાથના બૌદ્ધ વિહારોમાં બૌદ્ધ શિક્ષણ અપાતું. આમ, આ સમયમાં સમસ્ત ભારતમાં ઉચ્ચ શિક્ષણની અનેક સંસ્થાઓમાં મફત અને ગુણવત્તાયુક્ત શિક્ષણની વ્યવસ્થાએ ગરીબ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ સુલભ બનાવ્યું હતું. તો સાથે નિમ્ન વર્ગ માટે કોઈ વ્યવસ્થા નજરે પડતી નથી.*

### 16.3.3 પ્રાચીન કાળના અંતિમ તબક્કાનું શિક્ષણ (ઈ.સ. 1001 થી 1200)

*સલ્તનતકાળમાં હિંદુ શિક્ષણને ધક્કો પહોંચ્યો. સલ્તનતની સ્થાપના પહેલાં ભારતીય શિક્ષણે વિશ્વ ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. બૌદ્ધ શિક્ષણ તેની પરાકાષ્ઠાએ હતું. બ્રાહ્મણ શિક્ષણકેન્દ્રો પણ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આખા દેશમાં કાર્યરત હતાં. જેમાં દેશ-*

*દેશાવરથી વિદ્યાર્થીઓ આવી અભ્યાસ કરતા. અભ્યાસની સાથે રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા હતી. મુસ્લિમોના આક્રમણથી આવા શિક્ષણ કેન્દ્રોનો નાશ થયો. હિંદુ શિક્ષણકેન્દ્રોને મળતો રાજ્યાશ્રય બંધ થયો અને ઈસ્લામિક શાસનને કારણે હિંદુ શિક્ષણ સ્વરુપ બદલાયું. નિર્ભય અને ખુલ્લી રીતે ચાલતાં હિંદુ વિદ્યાલયો હવે ગુરુગૃહે, મંદિર-વિદ્યાલય અને અનુદાનિત વિદ્યાલયો એમ ત્રણ પ્રકારે શિક્ષણ અપાવું શરુ થયું.*

*કાશી, પ્રયાગ, નદિયા, પટણા વગેરે નગરોમાં પ્રસિદ્ધ વિદ્વાનોના માર્ગદર્શન હેઠળ વિદ્યાલયો સ્થપાયાં. આ વિદ્યાલયોમાં વાચંન, લેખન, ગણન, ધર્મ અને નીતિને લગતું પ્રાથમિક શિક્ષણ અપાતું. ઉચ્ચ અભ્યાસનાં વિદ્યાલયોમાં સંસ્કૃત, સાહિત્ય, વ્યાકરણ, ન્યાય, વેદાંત, વેદ, પુરાણ, ઉપનિષદ વગેરે ભણાવાતું. અભ્યાસને અંતે અંતિમ પરીક્ષા લેખિત અને મૌખિક બંને રીતે લેવાતી. પરીક્ષામાં શાસ્ત્રાર્થ અનિવાર્ય હતો. પરીક્ષાને અંતે યોગ્ય વિદ્યાર્થીઓને ઉપાધ્યાય, મહોપાધ્યાય, મહા-મહોપાધ્યાય, સર્વભૌમ વગેરે જેવી પદવીઓ અપાતી. વિદ્યાર્થીઓ મફત શિક્ષણ મેળવતા તથા તેમનો સઘળો ખર્ચ રાજાઓ, શ્રીમંતો અને ઉદ્યોગપતિઓ ઉપાડતા. ગુરુનો દરજ્જો ઉચ્ચો ગણાતો. આનંદ, જ્ઞાન, બુદ્ધિ વિકાસ, ઉચ્ચ દરજ્જો મેળવવા, દ્રવ્યોપાર્જન અને મોક્ષ પ્રાપ્તિ એ હિંદુ શિક્ષણના ઉચ્ચ ઉદ્દેશ્યો હતા. આ સંક્રાંતિ કાળમાં પણ હિંદુ શિક્ષણની ગુણવત્તા ભક્તિ-આંદોલન, સંસ્કૃત સાહિત્ય અને પ્રાદેશિક ભાષાઓમાં થયેલા સાહિત્યિક વિકાસમાં જોઈ શકાય છે.*

*આ કાળમાં નદિયા  હિંદુ શિક્ષણમાં ન્યાયશિક્ષણ માટે, કાશી વ્યાકરણ-વેદાંત માટે અને વિજયનગર વેદ, પુરાણ અને વેદાંત માટે પ્રખ્યાત હતાં. ઉપરાંત પટણા, પ્રયાગ, હરિદ્વાર, મથુરા, તિરહુત, ઉજ્જૈન અને ધાર વગેરે પ્રસિદ્ધ વિદ્યાકેન્દ્રો બન્યાં હતાં. જેમાં સંસ્કૃત સાહિત્યનું ગહન શિક્ષણ અપાતું. જોકે હિંદુ શિક્ષણનો લાભ બ્રાહ્મણો અને ઉચ્ચ વર્ણને મળતો. નિર્ધન અને નિમ્ન વર્ણના લોકો માટે શિક્ષણની વ્યવસ્થા ન હતી. જેથી તેમનામાં અંધશ્રદ્ધા અને વહેમો વધી પડ્યા હતા. હિંદુ સ્ત્રી-શિક્ષણની વ્યવસ્થા ન હતી. બૌદ્ધ વિદ્યાપીઠો નષ્ટ થઈ હતી. 9મી થી 12મી સદીમાં દક્ષિણ ભારતમાં શિક્ષણ કેન્દ્રોમાં ઈન્નાઈરમ, ત્રિભુવની. તિરુવદુતુરઈ, તિરુવરિયુર વગેરે મુખ્ય હતાં. શિક્ષણનું માધ્યમ સંસ્કૃત હતું. જેથી ભાષા શિખવામાં સમય વધુ વેડફાતો.*

**16.3.4 સલ્તનતકાળીન શિક્ષણ (ઇ.સ. 1201 થી 1526)**

*અરબસ્તાન, ઈરાન અને અન્ય મુસ્લિમ દેશોની ઈસ્લામી શિક્ષણ પદ્ધતિનો સલ્તનકાળમાં ભારતમાં પ્રવેશ થયો. 12મી સદીમાં લાહોર મુસ્લિમ શિક્ષણનું કેન્દ્ર બન્યું. 13મી સદીમાં મંગોલોના આક્રમણથી મધ્ય એશિયાના મુસ્લિમ વિદ્વાનો ભારતમાં આવી સ્થાયી થયા. મુસ્લિમ વિદ્યાલયો 'મકતબ' અને 'મદરેસા' તરીકે ઓળખાતી. મુસ્લિમ બાળકોને મકતબમાં પ્રાથમિક શિક્ષણ અપાતું. આ મકતબો મસ્જિદ સાથે સંલગ્ન હતી. સુલતાનો મકતબો બંધાવતા અને મૌલવીઓ શિક્ષણ આપતા. 4 વર્ષ 4 માસ અને 4 દિવસની વયે બાળકને મકતબમાં પ્રવેશ મળતો. વિદ્યારંભને 'બિસ્મિલ્લાહ' કહેતા. કુરાન*

અને હદીસના ભાગ કંઠસ્થ કરવા લિપિ જ્ઞાન, સામાન્ય ગણિત વગેરે શિખવાતું અરબી તથા ફારસી માટે વ્યાકરણ શિખવવામાં આવતું. પહેલાં વાંચન પછી લેખન શીખવાતું. મદરેસા ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર હતું. મકતબનો અભ્યાસ પૂર્ણ કાર્યા પછી મદરેસામાં પ્રવેશ મળતો. તેના નિભાવ માટે સુલતાનો જાગીરો આપતા. અહીં વ્યવહારિક અને ધાર્મિક બંનેનું શિક્ષણ આપવામાં આવતું. વ્યવહારિકમાં અરબી વ્યાકરણ, ગદ્ય, સાહિત્ય, તર્ક, દર્શન, કાયદો, જ્યોતિષ, ગણિત, ઈતિહાસ, ભૂગોળ, ચિકિત્સા, વિવિધ કલાઓનું શિક્ષણ અપાતું. ધાર્મિક શિક્ષણમાં કુરાન, તેની આયાતોનું અર્થઘટન, પયગમ્બરના જીવન આદર્શો, ઈસ્લામી કાયદા વગેરેનું શિક્ષણ અપાતું. અરબી ભાષા શિક્ષણનું માધ્યમ હતી. વ્યાખ્યાન પદ્ધતિ ઉપયોગમાં લેવાતી. વિદ્યાર્થી ગમતો વિષય ભણી શકતો. શાસ્ત્રાર્થ પણ થતા. વિદ્યાર્થીઓને કઠીન સમસ્યા ઉકેલવા અપાતી. દરેક મદરેસામાં ગ્રંથાલય હતા. અભ્યાસને અંતે પ્રમાણપત્ર અપાતા. તેજસ્વી વિદ્યાર્થીઓને સુલતાનો, અમીરો શિષ્યવૃત્તિ અને પારિતોષિક આપતા. મદરેસા સંલગ્ન છાત્રાલયો પણ હતા. મુસ્લિમોને સાચા મુસ્લિમ બનાવવા, ધર્માંતરથી આવેલા નવા-મુસ્લિમોને ઈસ્લામ ધર્મનું શિક્ષણ આપવું. ધાર્મિક વ્યક્તિઓ તૈયાર કરવા અને આજીવિકા પ્રાપ્તિ એ મુસ્લિમ શિક્ષણના ઉદ્દેશ્યો હતા. રાજ્યનાં મહત્ત્વનાં પદો કે સરકારી નોકરી માટે શિક્ષણ જરુરી હોવાથી મુસ્લિમ યુવાનો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા પ્રવૃત્ત રહેતા.

સ્ત્રીઓના શિક્ષણની વ્યવસ્થા ન હતી. છોકરીઓને મકતબ સુધીનું શિક્ષણ અપાતું. સાધારણ વાંચન, લેખન સિવાય અન્ય જ્ઞાન અપાતું નહીં. કુલીન કુટુંબમાં છોકરીઓ નિરક્ષર રહેતી. તેમને ઘરમાં જ ધર્મ અને ગૃહ વિજ્ઞાનનું થોડુંક જ્ઞાન અપાતું. રાજધાની હોવાથી તથા સુલતાનોની કૃપાથી દિલ્હી મુસ્લિમ શિક્ષણકેન્દ્ર તરીકે વિકસ્યું. સુલતાન ઈલ્તુત્મિશે પુત્ર નાસિરુદ્દીનના નામે સીરિયા મદરેસા સ્થાપી હતી. જે દિલ્હીની પ્રથમ મદરેસા હતી. પછીના સમયે અનેક મદરેસાઓ સ્થપાઈ. ફિરોઝ તુઘલકે તેના ગુલામો માટે શિક્ષણની વ્યવસ્થા કરી હતી. દિલ્હી ઈસ્લામ ધર્મ, દર્શન, ભૌતિકશાસ્ત્રની સઘળી શાખાઓ, ભૂગોળ, જ્યોતિષ, ગણિત, કાયદો, ચિકિત્સાના શિક્ષણ માટે પ્રસિદ્ધ હતું. શાહી ગ્રંથાલયનો લાભ શિક્ષકો અને વિદ્યાર્થીઓને મળતો. આથી દિલ્હીમાં અનેક ખ્યાતનામ લેખકો, વિદ્વાનો, દાર્શનિકો, કવિઓ, ઈતિહાસકારો થયા. જેમણે સાહિત્ય અને વિવિધ કૃતિઓની રચના કરી. આવું જ એક શિક્ષણ કેન્દ્ર ઊભું કરવાના ઉદ્દેશ્યથી સિકંદર લોદીએ આગ્રાની સ્થાપના કરી ત્યાં શરુઆતથી જ અનેક મદરેસાઓ સ્થાપી હતી. કલા-કૌશલના શિક્ષણ ક્ષેત્રે 'શિરાજે-હિંદ' તરીકે જૌનપુર ખ્યાતિ પામ્યું હતું. મહમુદ ગાવાને બહમની રાજ્યમાં બીડરને વિદ્યાનું કેન્દ્ર બનાવી ત્યાં વિશાળ મદ્રેસા મૂલ્યવાન ગ્રંથાલય ઊભું કર્યું. ઉપરાંત અજમેર, સિયાલકોટ, લાહોર, મુલતાન, અલાહાબાદ, અહમદનગર, બીજાપુર, ગોલકોંડા, ગુલબર્ગ, અહમદાબાદ, પાટણ વગરે શહેરો મુસ્લિમ શિક્ષણનાં મહત્ત્વનાં કેન્દ્રો હતાં.

- **તમારી જાતે ચકાસો (ખ)**

1. *સાચો વિકલ્પ પસંદ કરી તેની સામે ની નિશાની કરો.*

   (1) 9 *મી થી* 12 *મી સદીમાં કઈ વિદ્યાપીઠ આંતરરાષ્ટ્રીય ખ્યાતી ધરાવતી હતી ?*

   *(અ) તક્ષશિલા (બ) નાલંદા (ક) પ્રયાગ (ડ) દિલ્હી*

   (2) 7 *મી સદીના ઉત્તરાર્ધમાં કયો ચીની પ્રવાસી ભારત આવ્યો હતો?*

   *(અ) હ્યુએન ત્સાંગ (બ) ફાહિયાન (ક) ઈત્સિંગ (ડ) માર્કોપોલો*

   (3) *ધારાનગરીમાં 'સરસ્વતી કંઠાભરણ સંસ્કૃત વિદ્યાપીઠ' કોણે બંધાવી હતી ?*

   *(અ) રાજા હર્ષે (બ) સિદ્ધરાજ (ક) વિગ્રહરાજ (ડ) રાજા ભોજ*

   (4) *બૌદ્ધ વિદ્યાપીઠ જગદલ કોણે બંધાવી હતી ?*

   *(અ) રામપાલે (બ) અજયપાલે (ક) ગોપાલે (ડ) કુમારપાલે*

   (5) *મકતબમાં કયું શિક્ષણ અપાતું ?*

   *(અ) કૃષિ શિક્ષણ (બ) ઉચ્ચ શિક્ષણ (ક) ટેકનિકલ શિક્ષણ (ડ) પ્રાથમિક શિક્ષણ*

2. *અનુગુપ્તકાળીન* (*ઈ.સ.* 650-750)*ની શિક્ષણ વ્યવસ્થા વિશે ટૂંકમાં જણાવો.*

3. *પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાલીન દક્ષિણ ભારતની હિંદુ શિક્ષણ વ્યવસ્થા વિશે ટૂંકમાં સમજૂતી આપો.*

4. *પ્રાચીનકાળના અંતિમ તબક્કાના ઉચ્ચ શિક્ષણ વિશે પાંચ વાક્યો લખો.*

5. *સલ્તનતકાલીન મુસ્લિમ શિક્ષણ ટૂંકમાં જણાવો.*

## 16.4 વિજ્ઞાન (ઇ.સ. 650 થી 1526)

### 16.4.1 અનુગુપ્તકાળ (ઇ.સ. 650 થી 750)

*પ્રાચીન ભારતે આયુર્વેદ, જ્યોતિષ, ગણિત, ખગોળ, રસાયણ, વાસ્તુશાસ્ત્ર વગેરેમાં નોંધપાત્ર પ્રગતિ કરી હતી. આયુર્વેદ (ચિકિત્સાવિદ્યા)- નાં આઠ અંગ વિકસ્યાં હતાં. સર વિલિયમ હંટરે ભારતીય વૈદકશાસ્ત્ર વિષે નોંધ્યું છે કે, 'ભારતનું વૈદકશાસ્ત્ર ચિકિત્સાના સર્વ ક્ષેત્રને આવરી લે છે. તે શરીરનું બંધારણ, અંગોપાંગ, સ્નાયુઓ અને રક્તવાહિનીઓ તથા તંતુઓનું વર્ણન કરે છે.' અગાઉની ચરક અને સુશ્રુતચિકિત્સા ઉપરાંત આ સમયમાં બે કૃતિઓનો ઉમેરો થયો. આ કાળે બે વાગ્ભટ થયા. મોટા વાગ્ભટ 7મી સદીના પ્રારંભે થયા. તેમણે ગદ્ય-પદ્ય મિશ્રિત 'અષ્ટાંગહૃદય' અને બીજા વાગ્ભટ 8મી સદીના પ્રારંભે થયા. તેમણે અષ્ટાંગહૃદયસંહિતા રચી. જેમાં તત્કાળીન ચિકિત્સાવિદ્યાનું નવેસરથી નિરુપણ કરી આઠ અંગોનું હાર્દ સમજાવ્યું છે. આ બંને લોકપ્રિય બન્યા હતા. 7મી સદીમાં થયેલા માધવે 'માધવનિદાન' (રુગ્વિનિશ્ચય)માં પુરોગામી ચરકસંહિતા, સુશ્રુતસંહિતા અને અષ્ટાંગહૃદય વગરેની ચિકિત્સા ઉપરાંત તેમાં ઉલ્લેખ ન હોય તેવા રોગોના નિદાન અંગેના પોતાના અનુભવો સંકલિત કર્યા છે. જેથી અન્ય ગ્રંથોની જેમ આ ગ્રંથ પણ લોકપ્રિય બન્યો. આમ, શૈલ્ય ચિકિત્સા ક્ષેત્રે પ્રગતિ*

સધાઈ હતી. ઉપરાંત દવાઓ બનાવવાની રીતો, દવાનું વર્ગીકરણ, ઔષધના ઉપયોગ અંગેની સૂચનાઓ, રોગના લક્ષણ, રોગમાં પાળવાની પરેજી વગેરેની માહિતી આ ગ્રંથોમાંથી મળે છે. બાળરોગ, સ્ત્રી-રોગ, તૂટેલાં હાડકાંની ચિકિત્સા અને વાઢકાપ પેઢું, મૂત્રાશય, શરીર, આંખ, નાક, કાનમાં ઘૂસેલાં બહારી પદાર્થો કાઢવા વગેરેનાં ઓપરેશનો પણ કરવામાં આવતાં. વાઢકાપ માટેના હથિયારો બનાવવામાં આવતાં. સાતમી સદીમાં લોહ અને સોમલનો ઔષધ તરીકે ઉપયોગ થતો હતો. નાલંદા વિશ્વવિદ્યાપીઠમાં રસાયણવિદ્યાના અભ્યાસ તથા સંશોધન અર્થે અલગ રસાયણશાળા હતી. વિદ્યાર્થીઓને મીણનાં પૂતળા કે મૃત શરીરની શૈલ્ય ચિકિત્સા દ્વારા પ્રત્યક્ષ જ્ઞાન અપાતું.

બ્રહ્મસિદ્ધાંતમાં બ્રહ્મગુપ્તે જ્યોતિષ અને અન્ય વિષયો ઉપરાંત ગણિતની ચર્ચા કરી છે. શૂન્યનું મહત્ત્વ ધન અને ઋણ સંખ્યાઓ ઉપરાંત ગણિતના નિયમો, વર્ગમૂળ કાઢવાની રીત, રેખિક સમીકરણો અને કેટલાક વર્ગ સમીકરણોના ઉકેલની રીતો, સંખ્યા, બ્રહ્મગુપ્ત પ્રમેય વગેરે તેમાં આપ્યાં છે. ભાસ્કર પ્રથમે (ઈ.સ. 600 થી 680) 'આર્યભટીયભાષ્ય' નામે ટીકા લખી જે સંસ્કૃત ગદ્યની 'ગણિત અને ખગોળશાસ્ત્ર'ની પ્રથમ કૃતિ છે.

ખગોળશાસ્ત્ર સૌથી જૂનું શાસ્ત્ર છે. તેનો વ્યવસ્થિત અભ્યાસ થતો. ગ્રહોની ગતિ, નક્ષત્રો, અવકાશી પદાર્થો વગેરેના અભ્યાસ પરથી ખગોળ અને જ્યોતિષશાસ્ત્રનો વિકાસ થયો. ગ્રહોની સ્થિત પરથી ગ્રહફળ અને જ્યોતિષ ફલિત કરવામાં આવતું હતું. આ કાળે જ્યોતિષમાં બ્રહ્મગુપ્તનો બ્રહ્મસિદ્ધાંત પશ્ચિમ ભારતમાં સદીઓ સુધી લોકપ્રિય રહ્યો. તેમણે આ ગ્રંથમાં ગુરુત્વાકર્ષણના નિયમો આપ્યા છે. તેમનો બીજો ગ્રંથ 'ખંડખાદ્ય' (ઈ.સ. 665 -66) પણ મહત્ત્વનો છે. પ્રાચીન ભારતીય ગણિતશાસ્ત્રીઓએ જે યોગદાન આપ્યું છે તે પ્રત્યે આપણે ગૌરવ લઈ શકીએ તેમ છે. ફ્રાંસના વૈજ્ઞાનિક પિયેર સિમોન લાપ્લાસ આ અંગે નોંધે છે કે, 'ભારતે સંખ્યા ગણતરીની જે દશાંશ પદ્ધતિ આપી છે, તેની મહત્ત્વની બાબત એ છે કે જો તેના અન્ય ગુણોની ઉપેક્ષા પણ કરવામાં આવે તો પણ તેની સરળતાનો અસ્વીકાર કરી શકાય તેમ નથી.'

### 16.4.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાળ (ઈ.સ. 751 થી 1000)

અગાઉના સમયમાં વૈદકશાસ્ત્રમાં જે વિકાસ થયો તેનો વ્યવહારિક ઉપયોગ આ સમયે ચાલુ રહ્યો. આ કાળે આયુર્વેદને લગતો 'ધનવંતરિનિઘંટુ કોશ' એ પ્રાચીન સામગ્રી પરથી રચાયેલ. જે આઠમી સદીથી પ્રાચીન નથી. જેમાં ઔષધોપયોગી વનસ્પતિને લગતી માહિતી કોશ સ્વરુપે આપી છે. મનુષ્ય રોગો અને પ્રાણીઓના રોગોમાં વનસ્પતિ ઔષધોનો ઉપયોગ કરવામાં આવતો. 10મી સદી આસપાસ વૃંદ રચિત 'સિદ્ધિયોગ' (વૃંદ માધવ) ચિકિત્સાની ઘણી માહિતી માધવનિદાનમાંથી લીધી છે. અગાઉ પારાનો ઔષધ તરીકે ઉપયોગ થતો. પારાનો ઔષધો બનાવવામાં ઉપયોગ વધ્યો. ચિરયૌવન, દીર્ઘ આયુષ્ય, અજેયતા વગેરે પ્રાપ્ત કરવા પારાની ઔષધ બનાવટની વિદ્યા અંગે સૌ પ્રથમ નાગાર્જુને 'રસરત્નાકર' ગ્રંથ રચ્યો. તેમના સમય અંગે વિદ્વાનોમાં ભારે મતભેદ છે. આ સમયની ગણિતની જૂજ કૃતિઓ મળે છે. શ્રીધરની 'ગણિતસાર' (ત્રિશતી) મુખ્ય છે.

*મહાવીર રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષ પહેલાના સમયમાં (ઇ.સ. 814-878) 'ગણિતસારસંગ્રહ' અને મનુએ 'બૃહમાનસ' ગ્રંથ લખ્યો.*

*આ સમયમાં પણ જ્યોતિષના ગ્રહગણિત, મુહૂર્તવિદ્યા, ફલાદેશ જેવા અંગો વિશે કૃતિઓ રચાઈ. જ્યોતિષશાસ્ત્રની સર્વ શાખાઓ પર કનોજના બલભદ્રે પુસ્તક લખ્યાં. કાશ્મીરમાં વટેશ્વર નામે જ્યોતિષાચાર્યે આ વિદ્યામાં ખેડાણ કર્યું. ઇ.સ. 950 આસપાસ આર્યભટ્ટ બીજો થયો જે જ્યોતિષના પ્રખર વિદ્વાન હતો. તેમણે આર્યભટના સિદ્ધાંતમાં સુધારાવધારા કરી 'આર્યસિદ્ધાંત' લખ્યો. 10મી સદીમાં પૃથુસ્વામી, ભટ્ટોત્પલ અને વિજયનંદી જેવા જ્યોતિષીઓ થયા. ભટ્ટોત્પલે પૂરોગામી જ્યોતિષગ્રંથોનું ગહન અભ્યાસ કરી તે ગ્રંથો પર ટીકાઓ લખી. જેમાં વરાહમિહિરની બૃહત્સંહિતા પરની ટીકા અગત્યની છે. વિજયનંદીએ કરણતિલક જ્યોતિષ વિશે ગ્રંથ લખ્યો. જ્યોતિષની સાથે વાસ્તુશાસ્ત્રમાં પણ વિકાસ થતો રહ્યો.*

**16.4.3 પ્રાચીન કાળનો અંતિમ તબક્કો (ઇ.સ. 1001 થી 1200)**

*આ સમયમાં બંગાળમાં 10મી સદીથી  ધાતુ પ્રતિમાઓ ઘડાઇ હતી. 10મી સદીથી દક્ષિણ ભારતમાં ધાતુશિલ્પની કલાનો વિશેષ વિકાસ થયો. ચોલ શાસકોના સમયમાં વિપુલ પ્રમાણમાં ધાતુશિલ્પો બનતાં હતાં. શિલ્પ ખાસ કરીને કાંસા અને પિત્તળનાં બનતાં. 11મી – 12મી સદીથી નટરાજની ધાતુપ્રતિમાઓ પ્રચલિત બની. નટરાજનું શિલ્પ (મદ્રાસના સંગ્રહાલયમાં)કલાની દ્રષ્ટીએ આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ પામ્યું છે. ઉપરાંત શિવ, પાર્વતી, શૈવસંતો, વિષ્ણુ, લક્ષ્મી, કૃષ્ણ, રામ, વૈષ્ણવ અલવારો અને રાજવી દાતાઓની પ્રતિમાઓ પણ મુખ્ય ગણાવી શકાય. ધાતુશિલ્પની એ શૈલી સદીઓ સુધી ચાલુ રહી. પાષણ શિલ્પ કલાનું ઓજસ ઓસર્યું પરંતુ ધાતુ પ્રતિમાઓનું ઓજસ તથા કૌશલ ટકી રહ્યું.*

*હાથીદાંત, મોતી, રત્નો, સોના-ચાદીનો ધાતુઓ અને આભૂષણોમાં ઉપયોગ થતો. પથ્થર ઘડવાનું અને પોલિશ કરવાનું કામ પ્રાચીન સમયથી ચાલતું હતું. ધારાનગરીમાં બનેલો 'જયસ્તંભ' લોખંડ-પોલાદનો ઉત્તમ નમૂનો છે. તાંબા-પિત્તળનાં વાસણો, મૂર્તિઓ બનતી. મીઠું, ખાંડ અને તેલ તથા સુગંધિત દ્રવ્યો ઉત્પન્ન કરતાં. ધાતુના સોના, ચાંદી, તાંબાના સિક્કા પ્રચલનમાં હતા. ઋતુ પ્રમાણે પાક લેવાતા. જમીન માપવા માટે હળ, નળ અને હસ્ત જેવાં માપનો ઉપયોગ થતો. પાણી માટે વાવ સ્થાપત્ય વિકાસ પામ્યું. જાહેર અને ખાનગી સ્થાપત્યમાં એન્જિનિયરો અને સલાટ-શિલ્પીઓ હતા. નગરો યોજનાપૂર્વક બનાવાતાં. જગ્યાની પસંદગી, વાસ્તુના વિવિધ આકારો, રચના, વિસ્તાર, દેવમંદિર, શયન ખંડ, ભોજન કક્ષ, અશ્વશાળા, કિલ્લા,એમ વ્યવસ્થિત વાસ્તુશાસ્ત્ર વિકસ્યું. આજે વાસ્તુશાસ્ત્રનું   અગત્ય ખૂબ  વધ્યું છે. ભાસ્કરાચાર્યે (12મી સદી) ગણિતને લગતો 'સિદ્ધાંતશિરોમણી' ગ્રંથ લખ્યો. તેમાં 'લીલાવતી' અને 'બીજગણિત' ના અધ્યાય ખૂબ મહત્ત્વના છે. જ્યારે તેના ગ્રહગણિત તથા ગોલ નામના અધ્યાય ખગોળને લગતા છે.*

*કુમારપાલના સમકાળીન દુર્લભરાજ અને જગદેવ પિતાપુત્રે 'સામુદ્રિકતિલક' તથા જગદેવે 'ચિંતામણિ' નરહરિએ 'નરપતિજયચર્યા-સ્વરાદેય' ગ્રંથ ફલાદેશ વિશે છે. વસ્તુપાલના સમકાળીન ઉદયપ્રભસૂરિએ 'આરંભસિદ્ધિ અને નરચંદ્રસૂરિએ 'જ્યોતિ-સાર' અને ભોજદેવનો 'રાજમૃગાંક' ગ્રંથ જ્યોતિષ વિશેનો ગ્રંથ છે. આમ, આ સમયમાં જ્યોતિષનો સારો વિકાસ થયો.*

*આ કાળમાં ચિકિત્સાવિદ્યાને લગતા ગ્રંથો ચક્રપાણિદત્ત, સુરેશ્વર, વંગસેન, ભોજ સાંર્ગધર વગેરે એ ચિકિત્સા વિદ્યાને લગતાં ગ્રંથો લખ્યા. જેમાં ચિકિત્સા, ઔષધો, ખોરાક, વૃક્ષ-આયુર્વેદ, અશ્વ-ચિકિત્સા, પારો, અફીણ, લોહ વગેરે વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ચક્રપાણિનું ચિકિત્સાસગ્રહ અને સાંર્ગધરનું સંહિતા તથા રસાર્ણવ ઉલ્લેખનીય છે. મયમત, માનસાર, સમરાંગણસૂત્રધાર, પરાજિતપૃચ્છા તથા દક્ષિણ ભારતના કેટલાક જૈન આગમોમાં વાસ્તુવિદ્યા અને શિલ્પવિદ્યા વિશે વર્ણનો છે.*

*આ કાળે યુદ્ધ, વેપાર-વણજ વગેરેમાં ઘોડા, ઊંટ, હાથી, બળદ, ગાય વગેરે જેવા પ્રાણીઓ ખૂબ પરિવહન માટે અગત્ય ધરાવતા હોઈ મનુષ્ય ચિકિત્સાની સાથે સાથે પશુઓના વિવિધ રોગાની ચિકિત્સા, જાતવાન પશુઓની ઓળખ માટેનું વિજ્ઞાન વિકસ્યું હતું.*

**16.4.4 સલ્તનતકાળ (ઈ.સ. 1200 થી 1526)**

*જ્યોતિષ ક્ષેત્રે મૌલિક કૃતિઓ, વ્યાખ્યાઓ અને ટીકાઓ લખાઈ. જેમાં પદ્મપ્રભસૂરિએ 'ભૂવનદીપક', મહેન્દ્રસૂરિએ 'યંત્રરાજ', આચાર્ય કેશવેની 'ગણિત દીપિકા' નોંધપાત્ર છે. કેશવના તેર વર્ષીય પુત્ર ગણેશે વિદ્વતાપૂર્ણ ગ્રંથ 'ગ્રહલાઘવ' લખ્યો. જ્યોતિષ અને વાસ્તુશાસ્ત્ર અભિન્ન છે. તેથી આ કાળે પણ વાસ્તુશાસ્ત્રનો વિકાસ થયો. 15મી સદીમાં રાણા કુંભાએ પુરોગામી વાસ્તુશાસ્ત્રના ગ્રંથો અને પ્રાપ્ત પુસ્તકોમાં સુધારા કરાવી વાસ્તુશાસ્ત્રનો પુનરોદ્ધાર કરાવ્યો.*

*ગણિતશાસ્ત્રમાં નારાયણ પંડિતે ઈ.સ. 1336માં 'ગણિત-કૌમુદી' નામે મહત્ત્વનો ગ્રંથ લખ્યો. તેમાં સંખ્યા ઉકેલની નવીન પદ્ધિત 'માયાવર્ગ' અને તેના પ્રકારો જણાવ્યા છે. 15મી સદીના પ્રકાંડ ગણિતશાસ્ત્રી રામ વાજપેયએ 'શુલ્વવાર્તિક', ક્રમદીપિકા, 'કુંડાકૃતિ', 'સાંખ્યાયનગૃહપદ્ધતિ' તથા 'સમયસાર સંગ્રહ' જેવા ઉત્કૃષ્ટ ગ્રંથો રચ્યા. મૌલિક ચિકિત્સા ગ્રંથ પણ આ સમયે લખાયા. જેમાં ડલ્હણે સુશ્રુતસંહિતા પર નિબંધસંગ્રહ નામે ટીકા લખી. જે સુશ્રુતના આયુર્વેદને સમજવા માટે અગત્યની છે. આવી રચનાઓમાં સાંગઁધર સંહિતા પર બોપદેવે તથા અષ્ટાંગહ્રદય પર હેમાદ્રીની કૃતિઓ મહત્ત્વની છે. શિવદાસની તત્ત્વબોધ નામે અષ્ટાંગહ્રદય પરની વ્યાખ્યા પ્રસિદ્ધ છે. કોશગ્રંથોમાં નરહરિનો 'રાજનિઘંટુ' તથા મદનપાલનો 'મદન-વિનોદ-નિઘંટુ' આ કાળની ઉલ્લેખનીય કૃતિઓ છે. ફિરોઝ તુઘલ ક અને સિકંદર લોદીના સમયમાં સંસ્કૃત ચિકિત્સા ગ્રંથોનો ફારસીમાં અનુવાદ કરવામાં આવ્યો. જે અનુક્રમે 'દલાયલ-એ-ફિરોજશાહી' અને 'તિબ્બે સિંકદરી' નામે ઓળખાય છે. ઉપરાંત દિલ્હી અને અન્ય પ્રાદેશિક રાજ્યોમાં પણ સમયાંતરે સંસ્કૃત ગ્રંથોનું ફારસી ભાષામાં ભાષાંતર થયું.*

*કૃષિ ક્ષેત્રે લોઢાના હળનો ઉપયોગ, વાવણી-લણણીની વિવિધ તકનિકો, સિંચાઈમાં કૂવા પદ્ધતિ અને તેને સંલગ્ન પાણી કાઢવાની પદ્ધતિ કોસ અને રેંટનો સલ્તનતકાળથી બહોળો ઉપયોગ થવા લાગ્યો. ઉપરાંત કાપડ ઉદ્યોગની તકનિકમાં કપાસને લોઢવાની પીંજવાની અને કાંતવાની પદ્ધતિ ઉપયોગમાં લેવાતી. પ્રો. ઈરફાન હબીબના મતે ચરખાનું 12મી-13મી સદીમાં પગરણ થયું. ઈ.સ. 1350માં લખાયેલ ઈસામીના 'ફૂતૂહ-ઉસ-સલાતીન'માં ચરખાનો પ્રથમ ઉલ્લેખ છે. આ યંત્રમાં 'શક્તિ સંચાલન' અને ગતિપાલક ચક્રનો સિદ્ધાંત વપરાયો છે. ચરખાથી કાંતવાની ઝડપ વધી ને સુતરાઉ કાપડનું ઉત્પાદન વધ્યું. ખાડાસાળ અને પગસાળનો 'મિફતાહ-ઉલ-ફૂઝાલા' ગ્રંથમાં ઉલ્લેખ છે. રંગકામ-છાપકામ પણ વિકસ્યું હતું. ટીપ્પા (બીબાંઢાળ) છાપકામ, ઈમારત બાંધવામાં ચૂનાના પથ્થરોનો ઉપયોગ, સ્થાપત્યમાં કમાન, ઘુમ્મટ, ઘોડાની નાળનો ઉપયોગ, હોકાયંત્ર, કલાઈ, કાગળ, કાચ નિર્માણની તકનિકી સલ્તનત કાળમાં મુસલમાનો લાવ્યા અને વિકસાવી. સિક્કાઓ પાડવાની વૈજ્ઞાનિક તકનિકીમાં સુધારો થતાં સિક્કા લીસા અને સુરેખ બનવા લાગ્યા.*

- **તમારી જાતે ચકાસો (ગ)**

1. **ખાલી જગ્યા પૂરો.**
   (1) *માધવનિદાન બીજા ............................ નામે ઓળખાય છે.*
   (2) *સંસ્કૃત ગદ્યની ગણિત અને ખગોળશાસ્ત્રની પ્રથમ કૃતિ ......................... છે.*
   (3) *નાગાર્જુને આયુર્વેદને લગતો ................ ગ્રંથ રચ્યો.*
   (4) *વિજયનંદીનો કરણતિલક ............... વિષયનો ગ્રંથ છે.*
   (5) *ગણિત કૌમુદી ગ્રંથ ........... લખ્યો.*
   (6) *ચરખાનો સૌ-પ્રથમ ઉલ્લેખ ....................... ગ્રંથમાં જોવા મળે છે.*
   (7) *સ્થાપત્યમાં ચૂના પથ્થર, કમાન, ઘુમ્મટ વગેરેનો ઉપયોગ ..................... કાળમાં શરુ થયો.*
2. *અનુગુપ્ત કાળે* (*ઈ.સ.* 650 *થી* 750) *વિજ્ઞાન ક્ષેત્રે સાધેલી પ્રગતિ વિશે પાંચ વાક્યો લખો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. *પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાળમાં આયુર્વેદ વિશે કયા-કયા ગ્રંથો લખાયા હતા ?*

_______________________________________________
_______________________________________________

4. પ્રાચીનકાળના અંતિમ તબક્કામાં ધાતુવિદ્યા ક્ષેત્રે થયેલ પ્રગતિ વિશે ટૂંકમાં જણાવો.

5. સલ્તનકાળમાં કૃષિ અને સ્થાપત્ય ક્ષેત્રની વૈજ્ઞાનિક તકનિકી વિશે પાંચ વાક્યો લખો.

## 16.5 સારાંશ

ઈ.સ. 650 થી 1526 સુધીમાં સંસ્કૃતમાં પુષ્કળ સાહિત્ય લખાયું. ઉપરાંત હર્ષવર્ધન પછીના કાળમાં શૌરસેની, મહારાષ્ટ્રી અને માગધી જેવી પ્રાકૃત ભાષાઓનું પ્રચલન ચાલ્યું. આ કાળના સાહિત્યમાં મૌલિકતાને સ્થાને કૃત્રિમતા પ્રવેશી. ભારવિ, માઘ, ભવભૂતિ, ભર્તૃહરી વગેરે જેવા ઉત્તમ કવિઓએ પ્રશંસનીય કૃતિઓ આપી. ભટ્ટીએ તો મહાકાવ્યમાં બેવડા હેતુથી કૃતિ લખી નવી ભાત પાડી. કાવ્ય, કથા, નાટકો, આખ્યાયિકા, દર્શનગ્રંથો વગેરેમાં સારું ખેડાણ થયું. પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાળમાં સંસ્કૃત સાહિત્યની પ્રતિભા ઝાંખી પડી. ચમ્પૂ સાહિત્ય પ્રકાર આ કાળે વિકસ્યો, કન્નડ અને તામિલ ભાષામાં સાહિત્ય રચાયું. કાવ્યશાસ્ત્રનાં વિવિધ અંગો વિકસ્યાં, આયુર્વેદ, જ્યોતિષ, ગણિત-ખગોળ વિશે ગ્રંથો રચાયા. કેટલાક પુરાણો પણ રચાયાં. સ્મૃતિને સ્થાને ટીકાઓ લખાઈ, બૌદ્ધ સાહિત્યમાં શૂન્યવાદી મત અને સહજ યાનનું નિરુપણ થયું. અપભ્રંશનો સાહિત્યિક ભાષા તરીકે વિકાસ થયો. પ્રાચીનકાળના અંતિમ તબક્કામાં

*સંસ્કૃત મૌલિકને સ્થાને શાસ્ત્રીય નિયમો આધારિત રચનાઓ પ્રચલિત બની. આ સમયે પણ સાહિત્યમાં વિભિન્ન સ્વરુપોમાં ખેડાણ થયું. કાવ્યશાસ્ત્ર સારું ખીલ્યું. અર્વાચીન ભાષાઓનું સાહિત્ય રચવાનો પ્રારંભ થયો. સલ્તનકાળમાં આ પ્રાદેશિક ભાષાઓ અલગ અસ્તિત્વવાળી બની અને સમૃદ્ધ બની. આ ભાષાઓમાં અનેક સાહિત્યિક કૃતિઓ રચાઇ. રાસ, ફાગુ, પ્રબંધ જેવા પ્રકારો વિકસ્યા. ઉપરાંત પૌરાણિક, ઐતિહાસિક અને અર્ધ ઐતિહાસિક કથાઓ પરની કૃતિઓનું સર્જન ચાલુ રહ્યું. અરબી અને ફારસી ભાષાઓમાં ગણનાપાત્ર સાહિત્ય રચાયું. શિક્ષણની ગુપ્તકાલીન પરંપાર ચાલુ રહી. નાલંદા, વલભી, વિક્રમશીલા, ઉદંતપુરી, જગદલ વગેરે જેવી વિદ્યાપીઠો ઉપરાંત ગામડાં અને નગરોમાં શિક્ષણ માટે વિદ્યાપીઠો કે શાળાઓ રાજ્યાશ્રય કે અનુદાનથી કાર્યરત હતી. જેમાં પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણની સુંદર વ્યવસ્થા હતી. મુસ્લિમ શાસન સ્થપાતાં તેમણે પણ મકતબ અને મદરેસાઓ દ્વારા શિક્ષણનો પ્રબંધ કર્યો. વિજ્ઞાનમાં આયુર્વેદ, જ્યોતિષ, ગણિત, વાસ્તુ, કૃષિ, ધાતુશાસ્ત્ર વગેરેમાં નોંધપાત્ર પ્રગતિ સધાઈ હતી. જે માટે આપણે ગૌરવ લઈ શકીએ છીએ.*

## 16.6 શબ્દાવલી

| | |
|---|---|
| *ચમ્પૂ-* | *ગદ્ય અને પદ્ય મિશ્રિત* |
| *ભાણ-* | *એક અંકી નાટક પ્રકાર જેમાં રંગભૂમિ પર એક જ પાત્ર આકાશભાષિત અનુપસ્થિત પાત્રોની ઉક્તિઓ પણ રજુ કરે.* |
| *ગ્રહફળ-* | *ગ્રહોની સ્થિતિ પરથી અનુમાનિત જ્યોતિષફળ* |
| *ગેયનાટકો-* | *ગાઈને ભજવી શકાય તેવાં નાટકો* |
| *અગ્રહાર-* | *એક પ્રકારનું કરમુક્ત ભૂમિદાન, જે બ્રાહ્મણોને મળતું.* |

## 16.7 તમારી જાતે ચકાસોના જવાબો

**તમારી જાતે ચકાસો.(ખ)ના જવાબો.**

1.(1) -b(2)- c(3) -d(4)- a (5)- d

- **તમારી જાતે ચકાસો (ગ) ના જવાબો.**

  1.

  A. *રુગ્વિનિશ્ચય*

  B. *આર્યભટીયભાષ્યા*

  C. *રસરત્નાકર*

  D. *જ્યોતિષ*

  E. *નારાયણ પંડિત*

  F. *કુતુહ-ઉસ-સલાતીન*

  G. *સલ્તનતકાળ.*

- **સ્વાધ્યાય (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

*પ્ર -1. અનુગુપ્તકાળીના (ઈ.સ.650 થી 750)સાહિત્યની છણાવટ કરો.*

*પ્ર -2. પ્રતિહાર – રાષ્ટ્રકૂટ કાળીન સંસ્કૃત સાહિત્યનો વિકાસ આલાખો.*

*પ્ર -3. સલ્તનતકાળને ભાષાયુગ કહે છે.આ વિધાનની યથાર્થતા તપાસો.*

*પ્ર-4. પ્રતિહાર-રાષ્ટકૂટકાલીન શિક્ષણ વ્યવસ્થા પર વિસ્તૃત નોંધ તૈયાર કરો.*

*પ્ર -5. સલ્તનત કાળીન શિક્ષણની સવિસ્તાર ચર્ચા કરો.*

*પ્ર -6. ઈ.સ.650 થી 1200 સુધીમાં વિજ્ઞાન ક્ષેત્રે થયેલા વિકાસની રૂપરેખા આપો.*

*પ્ર -7. સલ્તનતકાળમાં વિજ્ઞાન ક્ષેત્રે સધાયેલ પ્રગતિ સમજાવો.*

**પ્ર-8. ટૂંકનોંધ લખો.**

1. *અરબી-ફારસી સાહિત્ય .*
2. *પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાલીન પાલી.પ્રાકૃત અને માગધી રચનાઓ.*
3. *અનુગુપ્તકાળીન સંસ્કૃત કાવ્યો,નાટકો.*

## 16.8 સંદર્ભ સૂચિ


1. *ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રાચીન ભારત,ભાગ*-1,2, *યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.અમદાવાદ* (1984).
2. *ડૉ. પ્રવીણચંદ્ર પરીખ,ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.અમદાવાદ* (1974).
3. *ડૉ. આર.સી.મજુમદાર,એજ ઓફ ઈમ્પિરિયલ કનોજ,ભારતીય વિદ્યાભવન,મુંબઈ.*
4. *ઈશ્વરી પ્રસાદ,પ્રાચીન ભારતીય સંસ્કૃતિ,કલા,રાજનીતિ,ધર્મ એવમ દર્શન,મીનૂ પબ્લિકેશન મ્યોર રોડ,ઈલાહાબાગ્દ.*(1986).
5. *ધનપતિ પાંડેય, પ્રાચીન ભારતકા રાજનૈતિક ઔર સાંસ્કૃતિક ઈતિહાસ,બનારસ સાહિત્ય પબ્લિશર્સ,*(1998).

| એકમ 17 | ઈ.સ. 650 થી ઈ.સ.1526 સુધીનું ભારત, કલા અને સ્થાપત્ય |
|---|---|

## રૂપરેખાઃ

**17.0 ઉદ્દેશો**
**17.1 પ્રસ્તાવના.**
**17.2 કલા.(ઈ.સ. 650 થી ઈ.સ.1526)**
- **17.2.1 અનુગુપ્તકાલીન કલા.(ઈ.સ.650 થી ઈ.સ.750)**
- **17.2.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન કલા.(ઈ.સ.751 થી ઈ.સ.1000)**
- **17.2.3 પ્રાચીનકાલના અંતિમ તબક્કાની કલા.(ઈ.સ.1001થી ઈ.સ.1200)**
  - **17.2.3.1 ચિત્રકળા.**
  - **17.2.3.2 સંગીત.**
- **17.2.4 સલ્તનત કાલીન કલા.(ઈ.સ.1201 થી ઈ.સ. 1526)**
  - **17.2.4.1 શિલ્પકલા.**
  - **17.2.4.2 ચિત્રકળા.**
  - **17.2.4.3 સંગીત.**
- **તમારી જાતે ચકાસો.(અ)અને (બ).**

**17.3 સ્થાપત્ય.(ઈ.સ.650 થી ઈ.સ. 1526)**
- **17.3.1 અનુગુપ્તકાલીન સ્થાપત્ય.(ઈ.સ.650 થી 750)**
- **17.3.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન સ્થાપત્ય.(ઈ.સ.751 થી ઈ.સ.1000)**
- **17.3.3 પ્રાચીનકાલના અંતિમ તબક્કાનું સ્થાપત્ય. (ઈ.સ.1001 થી ઈ.સ.1200)**
- **17.3.4 સલ્તનતકાલીન સ્થાપત્ય.(ઈ.સ.1201 થી ઈ.સ.1526)**
- **તમારી જાતે ચકાસો.(ક)અને (ખ).**

**17.4 સારાંશ.**
**17.5 શબ્દાવલી.**
**17.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**17.7 સ્વાધ્યા (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**
**17.8 સંદર્ભ સૂચિ**

---

### 17.0 ઉદ્દેશો

*આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતોથી અવગત થશો.*

- *ઈ.સ.650 થી ઈ.સ.1526 સુધીના ભારતીય કલાના વિવિધ સ્વરૂપોમાં વિકાસ તથા આવેલ પરિવર્તનો વિશે જાણશો.*
- *ઈ.સ.650 થી ઈ.સ.1526 સુધીમાં સ્થાપત્ય ક્ષેત્રે સધાયેલ પ્રગતિ, આવેલ પરિવર્તન, અવનતી અનેસ્થાપત્યનીવિવિધ શૈલી તથા વિશિષ્ટતાઓથી માહિતગાર થશો.*
- *કલા-સ્થાપત્યના વિકાસમાં રાજ્યતંત્ર અને ધર્મે ભજવેલ ભાગ વિશે પણ સમજશો.*

## 17.1 પ્રસ્તાવના

*ચક્રવર્તી હર્ષના પછીના સમયમાં અનુગુપ્ત ભારતમાં કોઈ પ્રભાવક કેન્દ્રીય સત્તા પ્રવર્તી નહિ. નાનાં-મોટાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં. તેમ છતાં અનુગુપ્તકાલની કલા અને સ્થાપત્યમાં ગુપ્તકાલીન વિકાસ ચાલુ રહ્યો. તો કેટલાંક બાહ્ય જટીલ તત્ત્વો ઉમેરાયાં. વિવિધ પ્રાદેશિક રાજ્યોએ આપેલ ધર્માકાર્યને  કારણે મંદિર સ્થાપત્યકલા, બોદ્ધ સ્થાપત્યકલા અને જૈન સ્થાપત્ય વિકસ્યું. તેમ છતાં બોદ્ધ ધર્મના હ્રાસ સાથે તેની સાથે સંલગ્ન કલા-સ્થાપત્ય પર પણ તેની અસર જોવા મળી. ખાસ કરીને શૈલાશ્રયો, મંદિર નિર્માણમાં શૈલ અને ઈંટેરી એમ બે પ્રકારનાં સ્થાપત્યો વિકાસ પામ્યાં. પૂર્વ સલ્તનતસમયમાં લલિતકલાની બાબતમાં સારો વિકાસ સધાયો. ખાસ કરીને ધર્મને લગતાં મંદિરો અને મૂર્તિઓ વિપુલ માત્રામાં રચાયાં. વિભિન્ન રાજવંશે કલાને પોષણ આપતાં સ્થાપત્ય અને શિલ્પકલાની વિવિધ શૈલીઓ વિકાસ પામી. જોકે ગુપ્તકાલ અને અનુગુપ્તકાલની ઓજસતા,નાવિન્ય, સ્વાભાવિકતાની માત્રા તે પછીના સમયમાં ઘટી. એકંદરે વૈવિધ્ય અને લાલિત્યમાં વધારો થયો. ૧૦મી સદી પૂર્વે મંદિર સ્થાપત્યમાં ઉત્તર ભારતમાં નાગરશૈલી, દક્ષિણ ભારતમાં દ્રાવિડ શૈલી. પૂર્વ સલ્તનતસમયમાં ઓરિસ્સા શૈલી,મધ્યપ્રદેશમાં ખજુરાહો, ગુજરાતમાં ચૌલુક્ય, મૈસુરમાં ચાલુક્ય અને તેમાંથી ઉદ્દભવેલ હોયસળ શૈલી, દૂર દક્ષિણમાં ચોળ તથા પાંડય શૈલીઓનો વિકાસ થયો. અજંટા, બાઘ, બાદામી, ચિત્તન્નવાસલ, ઈલોરા જેવાં વિવિધ સ્થળે ચિત્રકળાનો સારો વિકાસ થયો. તેણે સર્જેલ ભારતીય ચિત્રકલાની પરંપરા પછીના સમયમાં પણ ચાલુ રહી. સલ્તનતકાલીન કલા-સ્થાપત્યમાં હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિનો સમન્વય સધાયો અને ભારતીય મુસ્લિમ સ્થાપત્ય શૈલી અસ્તિત્વમાં આવી. કાશ્મીર, માળવા, બહમની, અહમદનગર, બીજાપુર, ગોવળકોંડામાં ઈરાની શૈલીની ચિત્રકલાને પ્રોત્સાહન મળ્યું હતું. ભિત્તિચિત્રોની કલા લુપ્ત થવા લાગી તો તાડપત્ર અને જૈન લઘુચિત્રોનું પ્રચલન ચાલ્યું. સંગીતકલામાં પણ સલ્તનતસમયમાં હિંદુ-મુસ્લિમ તત્ત્વોનો સમન્વય સધાયો. સૂફી સાધનામાં સંગીત અનિવાર્ય બન્યું. જૌનપુરના શર્કી સુલતાનોએ સંગીતના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો. ગ્વાલિયર નરેશ માનસિંહે ધ્રુપદ રાગ પ્રસાર્યો. મેવાડાના રાણા કુંભા સ્વયં સંગીતજ્ઞ હતા. વિજયનગરના રાજાઓએ પણ સંગીતકલાને પોષી હતી.'સંગીત રત્નાકર' તો ભારતીય સંગીતની પરાકાષ્ટા દર્શાવે છે. આમ, ઈ.સ.650 થી ઈ.સ.1526 સુધીના કલા સ્થાપત્યના વિકાસનો અહી આપણે વિગતે અભ્યાસ કરીશું.*

## 17.2 કલા.(ઈ.સ. 650 થી ઈ.સ.1526)

### 17.2.1 અનુગુપ્તકાલીન કલા.(ઈ.સ.650 થી ઈ.સ.750)

*અનુગુપ્તસમયમાં ગુપ્તકાલીન કલાઓનો કેટલોક વિકાસ થયો તો કેટલાક અંશે પડતી પણ થઈ. તેમ છતાં તે જળવાઈ રહી.આ કાલની કલાઓમાં શિલ્પકલા પ્રમુખ સ્થાન ધરાવે છે. જેમાં હિંદુ દેવ-દેવીઓ, બુદ્ધો, બોધિસત્ત્વો તીર્થંકરો, યક્ષ-યક્ષિણીઓ, રાજારાણી વગેરેની મોટા કદની આકૃતિઓ ઉપરાંત ભૌમિતિક અને ફૂલવેલની આકૃતિઓ તેની સાથે પ્રયોજાતી. ઉપરાંત પ્રાણીઓમાં સિંહ,હાથી, હરણ વગેરેનું પ્રયોજન ઓછું થયું.પણ તેના આકાર, કદમાં વિશાળતા જોવા મળે છે.*

*બોદ્ધધર્મને લગતાં શિલ્પોમાં વિપુલતા તથા વૈવિધ્ય જોવા મળે છે. બોદ્ધ સ્તુપો, મઠોમાં શાક્યસિંહની પ્રતિમા કંડારવામાં આવતી. જે પદ્માસનમાં વ્યાખ્યાન આપતી સ્થિતિમાં તથા તેમની આસપાસ બોધિસત્ત્વોનાં શિલ્પો રહેતાં.. અન્ય બોધિસત્ત્વોમાં મૈત્રેય અને મંજુશ્રી જેવા બોદ્ધ અવતારોનાં શિલ્પો પણ કોતરાતાં. તારા, પ્રજ્ઞાપારમિતા, ભ્રુકુટી,ચુંદા જેવી દેવીઓની પ્રતિમાઓનાં શિલ્પો પણ બનાવાતાં. બુધ્ધ મૂર્તિ મોટાભાગે સાદી જયારે બોધિસત્ત્વો, દેવો-દેવીઓના નિર્માણમાં શિલ્પકાર પોતાની કલાનું કૌવત પ્રદર્શિત કરતા. વળી ભગવાન બુધ્ધના જીવનપ્રસંગો, પૂર્વભવોના પ્રસંગો, જાતક-કથાઓના પ્રસંગોનાં શિલ્પોમાં પણ શિલ્પકાર પોતાની ભરપૂર કલા સુંદરતા પ્રદર્શિત કરતા.કેટલાંક સ્થાને નાગ-નાગણીઓ, ગંધર્વયુગલો, દ્વારાપાળો, શિલ્પપટ્ટીઓ, પશુ-પંખીઓ,ફૂલવેલ,ભૌમિતિક આકૃતિઓ જેવી સુશોભાનાત્મક તત્ત્વોનો વિકાસ આ સમયે જોઈ શકાય છે. મોટા કદવાળી શિલ્પકૃતિઓ ઈલોરાની બોદ્ધ ગુફાઓમાં આ સમયના નિર્માણ પામી. તેમાં ગુપ્તકાલીન શિલ્પોની ઓજસતા નથી. અજંતા, ઈલોરાની શૈવ ગુફાઓમાં વિષ્ણુ તથા શક્તિનાં વિભિન્ન સ્વરૂપોમાં શિલ્પીની કલાત્મકતા દેખા દે છે. એમાં લિંગોદ્ભવ શિવનું સ્વરૂપ નોંધપાત્ર છે. અહીનાં શિલ્પોમાં શિવનાં સૌમ્ય અને રૌદ્ર એમ બંને સ્વરૂપો નિરુપાયાં છે.*

*વિષ્ણુનાં વિવિધ સ્વરૂપોમાં તેમના વરાહ, ત્રિવિક્રમ, નરસિંહ તથા શ્રીકૃષ્ણના અવતારોનાં શિલ્પો ઈલોરામાં કંડારાયેલાં છે. ઉપરાંત શિવાલયોમાં ગણપતિ,બ્રહ્મા, પાર્વતી, મહિષાસુરમર્દિની, લક્ષ્મી, સરસ્વતી, વિષ્ણુ જેવા વિવિધ દેવ-દેવીઓનાં કલાત્મક શિલ્પો છે. રામાયણના પ્રસંગોનાં શિલ્પો કૈલાસ મંદિરમાં કંડારેલાં છે. શૃંગાર ભાવને લગતાં મિથુન શિલ્પો પણ જોવા મેળે છે.*

*ઈલોરામાં જૈન ધર્મનાં દિગંબર સંપ્રદાયની ગુફાઓમાંનાં શિલ્પો શૈવ અને બોદ્ધ શિલ્પકલા જેવા જ છે. તેમ છતાં ભરચક શિલ્પોને લીધે પ્રમાણભંગનો દોષ નજરે પડે છે. જૈન તીર્થંકરો, યક્ષ-યક્ષિણીઓ પ્રમુખ સ્થાન ધરાવે છે. તીર્થંકરોની પ્રતિમાઓ પદ્માસનમાં તથા ધ્યાનસ્થ મુદ્રામાં છે. બંને બાજુ ચામરધારીઓ, વસ્ત્રાભૂષણો, વાદ્યકાર ગંધર્વોથી અલંકૃત છે. દીવાલો પર પાર્શ્વનાથ, ગોમ્મટેશ્વર અને તેમની આજુબાજુ હરણ,સાપ,ઉંદર, વીંછી, કૂતરો જેવાં પશુ, જીવજંતુઓ અંકિત છે. ઔરંગાબાદની શિલ્પકૃતિઓ ઈલોરાને મળતી*

છે. તો ઐહોળીની શિલ્પકૃતિઓ મધ્યમ પ્રકારની છે.

બાદામી અને પટ્ટદકલનાં મંદિરોમાં મામલ્લપુરમ અને કોંજીવરમના શિલ્પોનો પ્રભાવ છે.પલ્લવ રાજ્યની શિલ્પકૃતિઓ પણ મધ્યમ પ્રકારની છે. સારનાથ અને નાલંદાની અનુગુપ્તકાલીન શિલ્પકૃતિઓમાં ગુપ્તકાલની ઉત્કૃષ્ટતાનો અભાવ જોઈ શકાય છે. આમ, સુશોભનાત્મક રેખાંકનોમાં દક્ષિણ ભારતમાં ઉત્તરભારતની સરખામણીએ ઊણપ વર્તાય છે. આ સમયના પણ શિલ્પકલાનો વિકાસ થયો. પરંતુ પુરોગામી ગુપ્તકાલની શિલ્પકલાનું માધુર્ય અને ઉત્કૃષ્ટતા જોવા મળતી નથી.

અજંટાની બોદ્ધ ગુફાઓમાંની ગુફા નં.૧૬ અને ૧૭માંની ભગવાન બુધ્ધના જીવનના વિવિધ પ્રસંગો,જાતકકથાઓના પ્રસંગો તથા અવદાન કથાઓના પ્રસંગોનાં ચિત્રો આ સમયના છે. ગુફા નં.૨૧નાં ઘણાં ચિત્રો નષ્ટ પામ્યાં છે. ગુફા નં.૨૨માં સાત બુદ્ધો અને ભવિષ્યના બુધ્ધ મૈત્રેયની આકૃતિઓ અને તેની ઉપર તેમના બોધિસત્ત્વોનું નામ પણ આપવામાં આવ્યું છે. ગુફા નં.૧ અને ૨માં ચિત્રો વિશ્વના ઉત્કૃષ્ટ ચિત્રોમાં સ્થાન પામ્યાં છે. આ ગુફા ચિત્રોમાં માયાદેવીનું સ્વપ્ન,ગૌતમનો જન્મ,મારવિજય,(જુઓ ચિત્ર.૧) શ્રાવસ્તીનો ચમત્કાર, સુંદરીના પતિ નંદને દીક્ષાદાન, પૂર્ણ અવદાન, શિબિ-જાતક, શંખપાલ જાતક, મહાજન જાતક જેવાં સ્વપ્ન ફલાદેશ, બુધ્ધ જીવન પ્રસંગો, અવદાન કથાઓ, જાતક કથાઓને લગતાં સુંદર દર્શનીય ચિત્રો ચિત્રિત છે.



**ચિત્ર.૧. મારવિજયનું ચિત્ર, ગુફા નં.૭, અજંટા.**

ઉપરાંત તેને સુશોભિત કરવા છત પર કલાત્મક વર્તુળોમાં ફૂલવેલ,ભૌમિતિક આકૃતિઓ, પંખીઓ,ફળો વગેરે રૂપાંકનોનો ઉપયોગ થયેલો છે. જેમાં ચિત્રકારની કલા-કુશળતા મહોરી ઊઠી છે. ચિત્રકારોએ અજંટાનાં બોદ્ધ ચિત્રોમાં રંગોનું ગજબનું સાયુજ્ય સાધ્યું છે. નોંધપાત્ર બાબત એ છે કે, આ સમયના શિલ્પો અને ચિત્રો વચ્ચે એકરૂપતા જોવા મળે છે. આ કાલની ચિત્રકલામાં ગુપ્તકાલીન ચિત્રકલાનું અનુસરણ થયેલું છે.ઈલોરામાં બોદ્ધ,જૈન અને શૈવ ત્રણેય ધર્મમાં શૈલગૃહોમાં ચિત્રો પ્રાપ્ત થાય છે. જે મોટા ભાગે નષ્ટ થયાં છે. કૈલાસ મંદિરમાં રંગમહેલની ચોકીની છત પર ચિત્રો જળવાયાં છે. જેમાં શાર્દુલ પર સવાર દેવનું ચિત્ર નોંધપાત્ર છે. પાટડા પરનું ચિત્રિત યુદ્ધ-દ્રશ્ય, તેની જમણી બાજુ શિવતાંડવનું દ્રશ્ય ચિત્રિત છે. ગુફા નં.૨૯ની નજીકની ગણેશ ગુફાઓમાં ચિત્રો મળે છે. જૈન

ગુફાઓની છત પર ગંધર્વો, અપ્સરાઓની સુંદર આકૃતિઓ નજરે પડે છે. આમ, ઈલોરાનાં ચિત્રો અજંટાના ચિત્રો કરતાં ઊતરતી કક્ષાનાં છે. ઔરંગાબાદની ગુફાઓમાં લઘુ રૂપાંકનોથી ચિત્રિત છે. બાઘની ગફા નં.૪માં અસંખ્ય બોદ્ધ ચિત્રો હતાં. જે લુપ્ત થયાં છે. તેમાં અજંટાની ચિત્રશૈલીની અસર છે. બદામીની ગુફાઓમાં ત્રીજી ગુફામાં શિવ-પાર્વતીના વિવાહનું ચિત્ર નોંધપાત્ર છે. અહી આ સમયના ચિત્રોમાં સમકાલીન ચિત્રકલાનાં લક્ષણો છે. તેમ છતાં અજંટાનાં ચિત્રોની સરખામણીએ અલગ ચિત્રશૈલી બાદામીમાં છે.

દક્ષિણમાં પલ્લવ રાજ્યનાં મંદિરોમાં ચિત્રકલાની અલગ શૈલી વિકાસ પામી હતી. ચિત્રમાં ગતિમય રેખાઓ, મનુષ્યોની વિશાલ આંખો અને કોણદાર હિલચાલો વગેરે પલ્લવ ચિત્રશૈલીની વિશિષ્ટતાઓ છે. શિવાલયનાં શૈલ જિનાલયની છતો, સ્તંભોનાં ચિત્રોમાં અપ્સરાઓ, રાજરાણી, જીવસૃષ્ટિ સભર સરોવર, પશુઓ, પંખીઓ, મનુષ્યો, પર્ણ-પુષ્પો, ભૌમિતિક આકૃતિઓ,વસ્ત્રપટ, દેવો ગંધર્વો વગેરેનાં ચિત્રો ચિત્રિત છે. પલ્લવોની રાજધાની કાંચીપુરમના કૈલાસ મંદિરમાં તથા વૈકુંઠ પેરુમલ મંદિરમાં કેટલાંક ચિત્રો શેષ છે.અહીનાં ચિત્રો પણ સમકાલીન શિલ્પો સાથે સમાનતા ધરાવે છે. તિરુમલઈપુરમનાં શૈવ ગુફાનાં ચિત્રો લુપ્ત થયાં છે. આમ, અનુગુપ્તકાલની કલાઓમાં ગુપ્તકાલીન અસર છે. તો થોડાક પ્રમાણમાં અનુસરણ, અવસરણ છે. સાથે સમયના વિશિષ્ટ તત્ત્વો પણ વિકસ્યાં. આમ, ડૉ. વી.એ. સ્મિથ અને ડૉ. નીલકંઠશાસ્ત્રીએ કહ્યું છે તેમ, “દક્ષિણ ભારતમાં કલા-સ્થાપત્યનો પ્રારંભ પલ્લવયુગથી થાય છે.મામલ્લપુરમનાં રથમંદિરો, કાંચીનું કૈલાસનાથ તથા વૈંકટપેરુમલનું મંદિર કલા-સ્થાપત્યના શ્રેષ્ઠ નમૂના છે.” આમ, શિલ્પ અને ચિત્ર એ બે કલાઓનો વિકાસ આ સમયમાં પણ ચાલુ રહ્યો.

### 17.2.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન કલા.(ઈ.સ.751 થી ઈ.સ.1000)

આ સમયમાં શિલ્પકલા અને ચિત્રકલામાં કેટલાંક નવાં તત્ત્વો ઘડાયા અને તેનો વિકાસ થયો. જે પછીના સમયમાં પણ ચાલુ રહ્યો. જેમાં ચિત્રકલામાં હસ્તપ્રતોમાં પ્રયુક્ત લઘુચિત્રોની વિવિધ શૈલીનો વિકાસ ખાસ ઉલ્લેખનીય છે. આ સમયમાં જે નવી કલાનો વિકાસ થયો તેનો જ અત્રે અભ્યાસ કરીશું.

આ સમયની કલા મુખ્યત્વે ધર્મ સાથે સાથે સંકળાયેલ છે. ડૉ. આર.સી.મજુમદાર યોગ્યજ કહે છે કે, “પ્રાચીન ભારતમાં કલા મુખ્યત્વે ધર્મની દાસી રહી છે. તેણે સાધારણ પ્રચલિત ધાર્મિક મતો તથા વિશ્વાસ તેમજ આધ્યાત્મિક ભાવનાઓ અને તરંગોને વ્યક્ત કર્યા છે. તેને યોગ્ય રીતે સમજવા અને તેની પ્રશંસા કરવા માટે કોઈને પણ ધાર્મિક વિકાસના વિવિધ સ્વરૂપોનું પૂર્ણ જ્ઞાન હોવું ઘટે.”શિલ્પકલામાં વિવિધ પ્રાદેશિક શૈલીઓ વિકાસ પામી. શિલ્પકલા અને ચિત્રકલામાં આડી-ઊભી રેખાઓ, વિકર્ણો અને અંદર તરફ વળતા વળાંકોનું લક્ષણ વધ્યું. ખાસ કરીને આ લક્ષણ પશ્ચિમ ભારતમાં વધુ વપરાયેલું જોવા મળે છે. જ્યારે પૂર્વ અને દક્ષિણ ભારતમાં શિલ્પકલામાં ગુપ્તકાલીન લક્ષણો ચાલુ રહ્યાં. ગુપ્તકાલ અને અનુગુપ્તકાલીન શિલ્પકલામાં જે મૌલિકતા હતી તેનું સ્થાન હવે શાસ્ત્રીય

*નિયમોને આધીન મૂર્તિવિધાનકલા વિકસ્યું. દેવ-દેવીઓનાં શિલ્પો ઉપરાંત માનવજીવનના વિવિધ પ્રસંગો, પૌરાણિક કથા, આખ્યાન પ્રસંગોનાં શિલ્પો, નૃત્ય, યુદ્ધ, સૈન્ય, પશુ-પંખીઓ, પ્રાણીઓ, ફૂલવેલ અને ભૌમિતિક આકારો વગેરે તમામ વિષયો શિલ્પકલામાં પ્રયોજાયાં છે. જેમાં શિલ્પકલાના નિયમોનું પાલન નજરે પડે છે. તેમ છતાં દક્ષિણ ભારત અને ઓરિસા વગેરેમાં શિલ્પકલાનાં નવાં તત્ત્વો દેખા દે છે.*

*ઉત્તર ભારતમાં કાશ્મીર, પંજાબ અને ઉત્તરપ્રદેશમાં આ સમયની શિલ્પકૃતિઓ જૂજ પ્રમાણમાં મળે છે. પૂર્વ ભારતમાં બંગાળ, બિહારમાં પાષણ અને ધાતુનાં શિલ્પો મળે છે. જેમાં ગુપ્તકાલીન શિલ્પકલાની અસર વરતાય છે. તેમાં શાસ્ત્રોક્ત લક્ષણો ઉપરાંત મૌલિકતા પણ નજરે પડે છે. સમયાંતરે બંગાળ-બિહારમાં શિલ્પકલાની પ્રશિષ્ટ કલાશૈલી 11મી સદી સુધીમાં સમગ્ર પૂર્વ ભારતમાં ફેલાયેલી છે. જેમાં બુધ્ધગયા, રાજગૃહ, ઢાકા, નાલંદા, રાજાશાહી, ચંપા ઉપરાંત કાશ્મીર, તિબેટ, નેપાળ, બર્મા, જાવા, સુમાત્રા, થાઈલેન્ડ અને શ્રીલંકામાં પણ તે પ્રસાર પામી છે. સુંદર અંગવિન્યાસ તેનું મુખ્ય લક્ષણ છે. 10મી સદીથી ઓરિસામાં પણ ગુપ્તકાલીન પ્રશિષ્ટ કલાશૈલીમાં નવીન લક્ષણો જોવા મળે છે. કટક જિલ્લામાંથી 7મી 8મી સદીનાં પ્રાપ્ત બોદ્ધ શિલ્પોમાં પૂર્વ ભારતની પ્રશિષ્ટ કલાશૈલી સાથે સાથે સ્થાનિક શૈલીનાં લક્ષણો જણાય છે. શિલ્પકલાની ઓરિસાની શૈલી કોણાર્ક, પુરી અને ભુવનેશ્વરનાં મંદિરોમાં જોઈ શકાય છે. કોણાર્કના સૂર્યમંદિરનાં શિલ્પો ભાવવાહી શૈલીનાં ઉત્તમ દ્રષ્ટાંત છે. આમ, ઓરિસાના મંદિર શિલ્પોમાં દેવ-દેવીઓ ઉપરાંત વાદકો-વાદીકાઓ, ગાયકો, નૃત્યાંગનાઓ, નાગકન્યાઓ, મૃગો, પ્રાણીઓ, ફૂલવેલ અને ભૌમિતિક આકૃતિઓ સુરેખ રૂપાંકનવાળી અને સુંદર છે.*

*બુન્દેલખંડમાં પણ શિલ્પકલાની પ્રશિષ્ટ કલાનો પ્રયોગ વધુ થયેલો છે. મહોત્સવનગરનાં બોદ્ધ શિલ્પોમાં એ લક્ષણ જોવા મળે છે. ખજુરાહોનાં મંદિર શિલ્પોમાં ભુવનેશ્વરનાં મંદિર શિલ્પોની અસર છે અને ત્યાંનાં શિલ્પો અને રૂપાંકનોમાં પ્રશિષ્ટ શૈલી અને પ્રાદેશિકશૈલી બંને શૈલી સાથે જોવા મળે છે. ઓરિસાના કોણાર્કના મંદિરમાં મિથુન શિલ્પોમાં મુખ પર જે સરળતા, સ્વાભાવિકતા દેખાય છે તે ખજુરાહોનાં(મધ્યપ્રદેશ) મિથુન-શિલ્પોનાં મુખ પર જોવા મળતી નથી.*

*માળવામાં ધારાનગરીના સરસ્વતી મંદિરની સરસ્વતીની પ્રતિમામાં અને અન્ય શિલ્પોમાં પ્રશિષ્ટ શૈલીનું પ્રભુત્વ છે. તો પણ ભાવ, ઉષ્મા, અભિવ્યક્તિ જેવી મૌલિકતા ઓછી દેખા દે છે. ચેદિ શિલ્પકૃતિઓમાં આદિવાસી સંસ્કૃતિનો પ્રભાવ છે. પ્રાદેશિક અને પ્રશિષ્ટ બંને કલાશૈલીનું પ્રમાણ રાજ્યનાં શિલ્પોમાં જોવા મળે છે. રાજસ્થાનનાં શિલ્પોમાં ગુપ્તકાલીન શિલ્પકલાનું અનુકરણ, પ્રાદેશિક શૈલીનો પ્રયોગ તથા પ્રાદેશિક અને પ્રશિષ્ટ બંને કલાઓના સમન્વયવાળાં શિલ્પો જોઈ શકાય છે. જે બુન્દેલખંડની શૈલી સાથે સમાનતા ધરાવે છે. આ સમયમાં રાજસ્થાન અને ગુજરાતમાં ભારતીય પ્રાદેશિક શિલ્પશૈલીનો વિકાસ થયો. આબુ-દેલવાડાનાં આદિનાથ અને નેમિનાથનાં મંદિરોમાં શિલ્પોની ભરચકતા, વિપુલ બારીક કોતરણી હોવા છતાં મૌલિકતા કે સર્જકતાનો અભાવ જોવા મળે છે. ગુજરાતનાં વિવિધ સ્થળોથી પ્રાપ્ત શિલ્પકૃતિઓમાં સોલંકી શિલ્પકલાવાળાં*

*છે. ઈલોરા, મામલ્લપુરમ, ઔરંગાબાદ અને બાદામીમાં ૮મી સદીમાં સુંદર શિલ્પોનું સર્જન થયું. અહીનાં શિલ્પોમાં સર્જકતા-મૌલિકતા છે. જ્યારે તે પછીનાં ચાલુક્ય, હોયસાળોના સમયનાં આંધ્રપ્રદેશ અને મૈસુરમાં વિકસેલી શિલ્પકળામાં તેનો અભાવ જોવા મળે છે. તે રૂઢ પરંપરા મુજબ ઘડાઈ હોવા છતાં લાવણ્ય અને અદ્દભુત સુંદરતા ધરાવે છે. ચોળ રાજ્યકાળ દરમિયાન નવમી સદીથી અગિયારમી સદીમાં વિકસેલ શિલ્પકલામાં ઉચ્ચ કલાશૈલી અને સર્જકતા જોઈ શકાય છે.*

*વળી, 10મી સદીથી ધાતુશિલ્પ દક્ષિણ ભારતમાં વિકસે છે. જેમાં 11મી-12મી સદીમાં નટરાજનાં ધાતુશિલ્પો મોટા પ્રમાણમાં નિર્મિત થાય છે. ઉપરાંત શિવ, પાર્વતી, વિષ્ણુ, લક્ષ્મી, રામ, કૃષ્ણ, આળવારો, દાનવીર રાજાઓનાં શિલ્પો પ્રધાન છે. આમ, પૂર્વ ભારત અને દક્ષિણ ભારતમાં ગુપ્તકાલીન શિલ્પશૈલીનો પ્રભાવ ચાલુ રહ્યો. તો પશ્ચિમ ભારતમાં અને અન્ય પ્રદેશોમાં પ્રવર્તમાનકાલની અલગ શિલ્પકલા શૈલી, મિશ્રિત શૈલી અને પ્રાદેશિક લક્ષણોવાળી શૈલીનો વિકાસ થયો.*

*આ સમયની ચિત્રકલામાં ગુપ્તકાલીન અસર જોવા મળે છે. તો સાથે નૂતન શૈલી પણ પ્રયોજાયેલી છે.પાંચમીથી સાતમી સદીમાં અજંટા, બાદામી અને બાઘનાં ગુફા ચિત્રોમાં વિકસેલ પ્રશિષ્ટ શૈલીની અસર આઠમી સદીના ઈલોરા અને કાંચીપુરમના શિવ મંદિરમાં તથા ૧૧મી સદીના તાંજોરના બૃહદેશ્વર મંદિરમાં તથા ૧૦મી થી ૧૩મી સદીના બંગાળ, બિહાર, તિબેટ, નેપાળની હસ્તપ્રતોમાં દેખા દે છે.*

*પશ્ચિમ ભારતમાં ખાસ કરીને રાજસ્થાન અને ગુજરાતમાં શકો, કુષાણો વગેરે પરદેશી શાસકોના સમયે વિકસેલી નવી ચિત્રકલાની શૈલી અનુસમયમાં આ સમયના પણ અપનાવાઈ. તીવ્ર પાતળી રેખાઓ, અણીદાર ખૂણા, અંગોમાં આંચકાભરી હલચલ દર્શાવતા વળાંકો, ઊંડાઈનો અભાવ, વિવિધ રેખાંકનો. પ્રતીકો, ભૌમિતિક ભાત અને સુશોભનો આ અનુકાલીન શૈલીનાં પ્રમુખ લક્ષણો છે.*

*દક્ષિણ ભારતમાં નવમી સદીમાં બંધાયેલ વિજ્યાલય ચોળેશ્વર મંદિરનાં ભિત્તિચિત્રો 11મી સદી આસપાસ નિર્મિત છે. જેમાંથી ઘણાં ઓછા સુરક્ષિત છે. લાલ, પીળો, લીલો, કાળો અને સફેદ રંગથી ચિત્રિત નટરાજ, મહાકાલ અને દેવીના મોટાં ચિત્રો જોવા મળે છે. જેમાં પ્રશિષ્ટ સાથે અનુકાલીન ચિત્રશૈલીનાં લક્ષણો મળે છે. બૃહદેશ્વર મંદિરમાંનાં ચિત્રોમાં અનુકાલીન શૈલી કરતાં પ્રશિષ્ટ શૈલીની પ્રધાનતા છે. ચિત્રોનો વિષય શૈવ સંપ્રદાયને લગતો છે. જ્યારે તિરુમલઈના લક્ષ્મીશ્વર મંડપમાંનાં જૈન ધર્મ સંલગ્ન અને અનુકાલીન શૈલીનું બાહુલ્ય જોવા મળે છે. આમ, આ કાળે ચિત્રકલાશૈલીમાં વત્તાઓછા પ્રમાણે ગુપ્ત પ્રશિષ્ટશૈલી અને અનુકાલીન નવીનશૈલી બંનેનો ઉપયોગ થયો છે.*

### 17.2.3 પ્રાચીનકાલના અંતિમ તબક્કાની કલા.(ઈ.સ.1001 થી ઈ.સ.1200)

પૂર્વ સલ્તનતકાલ કે પ્રાચીનકાલના અંતિમ તબક્કામાં શિલ્પકલાનો વિકાસ ચાલુ રહ્યો. મંદિર વાસ્તુકલાની સાથે સાથે શિલ્પકલા મંદિરની સુંદરતા અને શૃંગારનો વિષય બંને છે અને એક નવી શૈલી વિકસે છે. અનુગુપ્તસમયમાં દેવો-દેવીઓનાં અનેક સ્વરૂપો વિકસ્યાં ને તેથી વધેલા ભેદથી દેવ-દેવીઓનાં શિલ્પોમાં તેમની ઓળખમાં, આયુધોમાં વિશિષ્ટતા, પ્રયોજાવા લાગી. લગભગ તમામ પ્રકારની શિલ્પકૃતિઓ નિયમબદ્ધ શૈલીએ શાસ્ત્રીય રીતે નિર્મિત થઈ છે. જેમાં કલાકારની મૌલિકતા, અભિરૂચી માટે ઓછો અવકાશ હતો. યુદ્ધ, ગીત-નૃત્ય, મલ્લયુદ્ધ, પુરાણ પ્રસંગો, કામશાસ્ત્ર, પશુ-પંખીઓ, ફૂલવેલ ને ભૌમિતિક ભાતો જેવા અનેકાનેક વિષયો આ કાલની શિલ્પકૃતિઓમાં નજરે પડે છે. આગળ જોઈ ગયા તેમ ઓરિસ્સા મંદિર સ્થાપત્યના ત્રણ તબક્કામાં પહેલો ઈ.સ.750 થી 900 એ આ શૈલીનો પ્રારંભ સૂચવે છે. જ્યારે ઈ.સ.900 થી ઈ.સ.1100ના બીજા તબક્કામાં તેનો વિકાસ જોઈ શકાય છે. જ્યારે અંતિમ ત્રીજા તબક્કામાં ઈ.સ.1100 થી 1250માં એ શૈલી સર્વોચ્ચ સ્થાને વિકસે છે. ભુવનેશ્વર, પુરી, કોણાર્ક મંદિરોમાંની દેવોની પ્રતિમાઓ અને કામશાસ્ત્રને લગતાં શિલ્પોમાં એ શૈલી જોઈ શકાય છે. બંગાળ-બિહારનાં શિલ્પો બોદ્ધ, શૈવ, વૈષ્ણવ તથા શાક્ત સંપ્રદાયને લગતાં છે. 12મી સદીનાં અહીનાં શિલ્પોમાં સાંસારિક ભાવ, અંગ સુંદરતા નજરે પડે છે. અહી પાલ-સેન શિલ્પ શૈલી અને કલા વિકસી જે કાશ્મીરથી લઈને અગ્નિ એશિયાના દેશો સુધી તેનો પ્રભાવ ફેલાયો. બુન્દેલખંડ, ખજુરાહો અને મહોબામાં જે શિલ્પકલા વિકસી તેમાં શાસ્ત્રીય પદ્ધતિ બાહુલ્ય હોવા છતાં લાલિત્ય અને લાવણ્ય, વિશાળ કદ, અંગ-દેહ સૌંદર્યની રીતે સુંદર છે. શિલ્પકલાનાં વિવિધ તત્ત્વોને લઈને ખજુરાહોનાં મંદિર અદ્વિતીય છે . અહી કલાકારોએ શિલ્પકલામાં નવીનતા લાવવાનો પ્રયાસ કર્યો છે. મધ્યભારતનાં માળવા શિલ્પકલામાં ચેદિ અને હૈહય રાજ્યનાં શિલ્પોમાં આદિવાસી સંસ્કૃતિની અસર સાથે પ્રશિષ્ટશૈલી પ્રવર્તે છે. ગુજરાત-રાજસ્થાનમાં આ સમયના ચૌલુક્ય, ચૌહાણ, પરમાર જેવા શાસનોમાં મંદિર-સ્થાપત્ય ઉત્કર્ષ પામ્યું. તેની સાથે શિલ્પકલા પણ વિકાસ પામી. ગુજરાતમાં ખાસ કરીને ૧૧મી સદીનાં શિલ્પોમાં પરંપરાગત લક્ષણો દેખાય છે. તો વળી, ૧૨મી સદીનાં શિલ્પોમાં ભરાવદાર અંગોવાળા શિલ્પો વિકસે છે. સોલંકીકાલીન શિલ્પો લાંબા કલા વિકાસને લીધે સૌંદર્યપ્રધાન છે. સાથે ભાવહીનતા જણાય છે. હિંદુ અને જૈન દેવ-દેવીઓનાં શિલ્પો પ્રધાન છે. મંદિરોની દિવાલો પર સમકાલીન સામાજિક પ્રવૃત્તિઓ, પૌરાણિક પ્રસંગો, દેવ-દેવીઓ, કામશાસ્ત્રને લગતાં શિલ્પો, સુશોભનો જેવા વિષયો મુખ્ય છે. આબુ, મોઢેરા, કુંભારિયા, ગિરનાર, સોમનાથ, ઘુમલી, સિદ્ધપુરમાં આ શિલ્પશૈલી જોઈ શકાય છે. રાજસ્થાનનાં શિલ્પોમાં ગુજરાતના શિલ્પકલાનાં લક્ષણો છે. પરંતુ તેમાં પ્રાચીન પરંપરાગત શૈલીનો વધુ પ્રભાવ છે. તમિળ શૈલીનાં શિલ્પોમાં ચોળ શાસન વખતનાં મંદિર સાથે વિકસેલ શિલ્પકલામાં પલ્લવ શૈલીની અસરવાળાં શિલ્પોમાં શિવ, વિષ્ણું, બ્રહ્મા લક્ષ્મી, શ્રીકૃષ્ણ, નટરાજ, દેવ-દેવીઓ, રાજારાણી ઉપરાંત સ્તંભો પર નિર્મિત નકશીકામ અદ્દભૂત છે. આ શૈલી ગંગઈકોંડપુરમ, શ્રી નિવાસનલુરમાં જોવા મળે છે. તો ભાવવાહી અને જીવંત લાગતી મનુષ્ય કદનાં શિલ્પો તાંજોરના રાજરાજેશ્વર મંદિરમાં છે. ૧૦મી સદીથી દક્ષિણ

*ભારતમાં તાંબા, કાંસા અને કંઈક પિત્તળ જેવી ધાતુઓનાં શિલ્પો વિકાસ પામ્યાં. જેમાં નટરાજનાં શિલ્પો પ્રધાન છે. આ શૈલીનાં શિલ્પોમાં તીર્થંકર પાર્શ્વનાથ, બુધ્ધ અને ઐયનારનાં શિલ્પો લંડનના બ્રિટીશ મ્યુઝિયમમાં, તો મદ્રાસના સરકારી મ્યુઝિયમમાં રામ, હનુમાન, નટરાજ, ધ્યાનસ્થ બુદ્ધનાં શિલ્પો વગેરે સંગ્રહિત છે. લંડનના મ્યુઝિયમમાં કૃષ્ણ, ઉપદેશ આપતી ઊમાનું શિલ્પ, બલરામ, લક્ષ્મી અને વાસુદેવની સંયુક્ત પ્રતિમા બંગાળની ધાતુશિલ્પ શૈલીવાળાં સંગ્રહાયેલા છે.*

### 17.2.3.1 ચિત્રકળા.

*અજંટા, ઈલોરા, બાઘ, બાદામીની પ્રાચીન ચિત્રકલાનો પ્રભાવ પછીનાં સમયના ચિત્રોમાં જોઈ શકાય છે. આ સમયમાં'સુરસુંદરી-ચરિત', કર્ણ-સુંદરી, 'માનસોલ્લાસ', ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત, કથા સરિત્સાગર, બૃહદ્કથામંજરી વગેરે જેવાં સાહિત્યિક ઉલ્લેખોમાં ચિત્રકલાના ઉલ્લેખો છે. જો કે આ સમયમાં ચિત્રો ઘણાં ઓછાં મળે છે. ગુજરાત, બંગાળની આ સમયની હસ્તપ્રતો, તાડપત્રો પરનાં લઘુચિત્રો મળે છે તો ભિતિચિત્રોનું પ્રમાણ ઓછું વર્તાય છે.*

*બંગાળમાં પાલ શાસકોના સમયે બોદ્ધ ધર્મના વજ્રયાન સંપ્રદાયનાં આ સમયના તાડપત્રોમાં લઘુચિત્ર શૈલી જોવા મળે છે. જેનો વિષય બુધ્ધના જીવન પ્રસંગો, જાતકકથા, લોક્દેવો, પ્રજ્ઞાપારમિતા, બોધિસત્ત્વો વગેરે છે. લઘુચિત્રો ધરાવતા આવા ગ્રંથોમાં સાધનમાલા, પંચશિખા, કરનદેવથુહા,પ્રજ્ઞાપારમિતા વગેરે મુખ્ય છે.*

*ગુજરાતમાં આ સમયે જૈન શ્વેતાંબર સંપ્રદાયનાં તાડપત્રોના ગ્રંથોમાં ચિત્રો મળે છે. સિદ્ધરાજ સોલંકીના સમયે નિશીથ-ચૂર્ણિ, ચિત્રો સહિતની હસ્તપ્રત લખાઈ. ખંભાતની જ્ઞાતાધર્મસૂત્રની હસ્તપ્રતમાં મહાવીર સ્વામી તથા સરસ્વતીનું ત્રિભંગ ચિત્ર નોંધપાત્ર છે. છાણી ગામના(વડોદરા) જૈન ગ્રંથ-ભંડારની ઓધનિર્યુક્તિહસ્તપ્રતમાં જૈન વિદ્યાદેવીઓ ઉપરાંત બ્રાહ્મણ દેવીઓનાં ચિત્રો પણ ચિત્રિત છે. રાજસ્થાનમાં જેસલમેરનાં તાડપત્રીય ભંડારમાંથી જૈન ધર્મને લગતાં બે કાષ્ટ ચિત્રો મળ્યાં છે. જે ૧૨મી સદીનાં છે. ઉપરોક્ત બધાં ચિત્રો લઘુચિત્રોનાં લક્ષણો ધરાવે છે. લાંબુ-ચપટું નાક, ધારદાર રેખાઓ, તીવ્ર ખૂણા, મોટી અને પાસે-પાસે આવેલી આંખો, પાતળું પેટ જેવા લક્ષણો મુખ્ય છે.*

*દક્ષિણ ભારતમાં ૯મી સદીમાં ચોળ રાજ્યમાં બંધાયેલું વિજયાલય ચોળેશ્વર મંદિરમાં 12મી સદીમાં શિવને લગતાં ભિત્તિચિત્રો નિર્માણ પામ્યાં. ઉપરાંત બૃહદીશ્વર મંદિર પણ આ સમયના શૈવ ધર્મને સંલગ્ન ચિત્રો નિર્મિત થયાં છે. તેમાંનું ત્રિપુરારિ શિવનું ચિત્ર ચોળ ચિત્રકલાનો ઉત્તમ નમૂનો છે. આ ચોળ ચિત્રશૈલી પ્રવર્તમાન ધાતુશિલ્પો સાથે સમાનતા ધરાવે છે. સાથે-સાથે પૂરોગામી પલ્લવ શૈલી અને ઈલોરાનાં ચિત્રોમાંની ગોળાઈનાં લક્ષણો જોવા મળે છે. જૈન ધર્મને સંલગ્ન ચિત્રો તિરુમલાઈના લક્ષ્મીમંડપની દીવાલો પર નિર્મિત છે. અહીં માયસોરના મૂડવિદ્રીના જૈન ભંડારમાંથી પ્રાપ્ત પાંચ તાડપત્રોમાં ચિત્રો છે. જે પશ્ચિમ ભારતનાં લઃઘુચિત્રોથી જુદાં લક્ષણો ધરાવે છે. આમ, આ*

*સમયના ચિત્રકલામાં તાડપત્રો પરનાં લઘુચિત્રકલા વિકસી તો ભિત્તિચિત્રોની પરંપરા ઓછી થતી જતી જણાય છે.*

**17.2.3.2 સંગીત.**

*આ સમયમાં મંદિર-સ્થાપત્યનાં શિલ્પો અને સાહિત્યનાં ઉલ્લેખોનાં અભ્યાસ પરથી જણાય છે કે, અન્ય કલાઓની જેમ સંગીત કલાનો વિકાસ ઉત્કર્ષ પામ્યો હતો. ખાસ કરીને ખજુરાહો, મોઢેરા, ભુવનેશ્વર, તાંજોર વગેરે જગ્યાએ નિર્મિત મંદિર અને તેનાં શિલ્પોનાં ગીત-વાદ્યો, નૃત્યનાં દ્રશ્યો પરથી તેનો ખ્યાલ આવે છે. આ સમયના ઢોલ-શરણાઈ, ડિંડિમ, નગારું, એકતારો, વીણા જેવાં વાદ્યો પ્રસિદ્ધ હતાં. સંગીતના રસિકો અને ઉપાસકો સૂરોનું સારું જ્ઞાન ધરાવતા. સંગીતને લગતા લોકપ્રિય ગ્રંથોમાં 'સંગીત મકરન્દ', પાર્શ્વદેવનો 'સંગીત-સમયસાર',નાન્યદેવનો 'સરસ્વતીહૃદયાલંકાર' તથા સોમેશ્વરનો 'માનસોલ્લાસ' મુખ્ય છે. આ ગ્રંથોમાં સંગીતની પદ્ધતિઓ, વાજિંત્રોના પ્રકારોનું સૂક્ષ્મ વર્ણન, સ્વર,રાગ-રાગિણીઓ અને દેશી રાગોની ચર્ચા કરેલી છે.*

**17.2.4 સલ્તનત કાલીન કલા.(ઈ.સ. 1201 થી ઈ.સ. 1526)**

**17.2.4.1 શિલ્પકલા.**

*સલ્તનતકાળમાં પણ શિલ્પકલા, ચિત્રકલા અને સંગીતકલા જેવી કલાઓનો વિકાસ ચાલુ રહ્યો. તો ઈસ્લામિક શાસન સ્થપાતાં હિંદુ-મુસ્લિમ-ઈરાની કલાનો સમન્વય થયો. ઇસ્લામમાં મૂર્તિના પ્રતિબંધ હોવાથી મુસ્લિમ રાજ્યોમાં હિંદુમૂર્તિકલા અને મંદિર-સ્થાપત્યકલાને ભારે ધક્કો પહોંચ્યો. અત્યાર સુધી શિલ્પકારો વિવિધ શિલ્પોમાં પોતાનું કૌવત બતાવતા હતાં. તે રાજ્યાશ્રયને અભાવે મૂર્તિકલાનું સ્થાન સુશોભાનાત્મક રૂપાંકનોએ લીધું. જો કે કોણાર્કના સૂર્યમંદિર, આબુની લુણવસહિ, ચિત્તોડના રાણા કુંભાએ બંધાવેલ કીર્તિસ્તંભમાં પ્રચુર શિલ્પો આ સમયે નિરૂપાયા છે. કોણાર્કના સૂર્યમંદિરની પીઠમાં કલાત્મક રથચક્રો, રથ ખેંચતા ઘોડા, અનેક દેવ-દેવીઓ, મનુષ્યો અને કામસૂત્રને લગતાં શિલ્પો અદ્દભૂત છે. લુણવસહિમાં દેવ-દેવીઓ, અપ્સરાઓ, સંગીતમંડળો, પુરાણ કથાપ્રસંગો ઉપરાંત વેલબુટ્ટા અને કમળ તેની પાંખડીઓમાં શિલ્પીઓએ ગજબનું શિલ્પ-કૌશલ્ય ઠાલવ્યું છે. ૧૫મી સદીમાં રાણા કુંભાએ ચિત્તોડમાં ૯ માળનો ઊંચો કીર્તિસ્તંભ બંધાવ્યો. તેમાં વિવિધ દેવ-દેવીઓ, નક્ષત્રો, વાર, માસ તથા ઋતુઓનાં પણ શિલ્પો છે. ત્રિમૂર્તિ શિલ્પ સાથે અરબીમાં 'અલ્લાહ' શબ્દ કોતરેલો છે. અહીં સાત માળનો જૈન કીર્તિસ્તંભ પણ છે. રાણાના કીર્તિસ્તંભ કરતાં પુરોગામી લાગે છે. આમ, ઉપરોક્ત બધાં ઉત્તરભારતીય શિલ્પો શાસ્ત્રીય રીતે સુંદર બનાવાયાં છે. તેમ છતાં મૌલિકતા નજરે પડતી નથી.*

*સલ્તનતસમયમાં દક્ષિણ ભારતમાં પુરોગામી પ્રશિષ્ટ શૈલી અને સમકાલીન નવીન તીવ્ર રેખા શૈલી બંનેના સંયોગવાળી શિલ્પશૈલી વપરાયેલી છે. આ શૈલીનાં શિલ્પો હલેબીડમાં હોયસળેશ્વર મંદિરનાં શિલ્પપટ, પાંડય મંદિરોનાં ગોપુરમમાંનાં શિલ્પો તથા વિજયનગરનાં મંદિરોમાં જોવા મળે છે. પાષાણ શિલ્પોની સાથે ધાતુ શિલ્પકલા દક્ષિણ*

ભારતમાં સલ્તનતકાળે  વિકસતી રહી. આવાં શિલ્પો ચોલ શૈલી મુજબ ઘડાયાં છે. જેમાં નટરાજ, શિવનાં વિવિધ સ્વરૂપો, દુર્ગા, લક્ષ્મી, વિષ્ણું, નૃત્ય કરતા કૃષ્ણ, હનુમાન, ગણેશ વગેરેની કાંસાની મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે. રાજા-રાણીઓનાં ધાતુશિલ્પોમાં કૃષ્ણદેવરાય અને તેમની બે રાણીઓનાં શિલ્પો ઉત્કૃષ્ટ દ્રષ્ટાંત છે. આબુના પિત્તલહરનાં જૈનમંદિરમાં આદિનાથની પિત્તળની મૂર્તિ ૧૦૮ મણ વજન અને ૮ ફૂટ ઊંચાઈ ધરાવે છે. જે ગુજરાતના ધાતુ શિલ્પકલાના ઉત્તમ નમૂનો છે. કારકલમાં ઈ.સ. ૧૪૩૨માં નિર્માણ પામેલ બાહુબલિની ઊંચી મૂર્તિમાં ગોમટેશ્વરની શૈલીનું અનુકરણ થયેલું છે. આમ, ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાં આ સમયના કેટલાંક સુંદર શિલ્પો નિર્માણ પામ્યાં. સાથે ધાતુશિલ્પકલાનો પણ વિકાસ થયો. જો કે હવે મુસ્લિમ શાસન સ્થપાતાં મૂર્તિવિધાનને ફટકો પડ્યો અને વેલબુટ્ટીઓ, ભૌમિતિક આકારો વાળી સુશોભનાત્મક શિલ્પકલા વિકાસ પામી.

**17.2.4.2 ચિત્રકળા**

શિલ્પકલાની જેમ ચિત્રકલાને પણ સલ્તનતસમયમાં ભારે ધક્કો પહોંચ્યો. મુસ્લિમ શાસને કારણે મંદિર-સ્થાપત્ય ઓછું થતાં ભિત્તિચિત્રોની કલા પણ અદ્રશ્ય થતી ગઈ. ઈરાની મુસ્લિમો ભારતમાં ઈરાની ચિત્રશૈલી લાવ્યા. તેમને પણ ઝાઝુ પ્રોત્સાહન સુલતાનોએ આપ્યું નહિઁ. થોડુંક પ્રોત્સાહન પ્રાદેશિક મુસ્લિમ રાજ્યો બહમની, અહમદનગર, બિજાપુર, ગોવળકોંડા, કાશ્મીર, માળવાએ આપતાં કાગળ પરનાં ચિત્રો ઈરાની શૈલીમાં તૈયાર થયાં.૧૬મી સદીના પૂર્વાર્ધમાં દખ્ખણનાં ઉપરોક્ત રાજ્યોમાં એક અનોખી ચિત્રકલા વિકસી. જેમાં ગુલાબી, લીલો, ભૂરો, વાદળી, પીળો, જાંબુડિયો વગેરે જેવા રંગોનો ઉપયોગ તથા ત્યાંનાં ચિત્રોમાંનાં કુદરતી દ્રશ્યો, માનવ આકૃતિઓ તથા ઈરાની પદ્ધતિ રંગોનું પ્રયોજન આ બધું ઈરાની ચિત્રકલાનો પ્રભાવ સૂચવે છે. 'નયામત નામા' નામના માળવાના સુલતાન ગ્યાસુદ્દીન ખિલજી વાસ્તે તૈયાર થયેલા ગ્રંથમાં આવાં ચિત્રો પ્રાપ્ત થાય છે. ઉપરાંત કુરાનની હસ્તપ્રતોમાં લખાણ સાથે ચિત્ર પણ પ્રયોજયાં છે.
સલ્તનતના પુરોગામી કાળમાં વિકસેલ ચિત્રકલાની નવી લઘુચિત્રોની શૈલીનો સલ્તનતસમયમાં સારો વિકાસ થયો. જેમાં જૈન ગ્રંથોમાં આવાં ચિત્રો મોટાભાગે બન્યાં. તો સાથે હિંદુ ગ્રંથોમાં પણ કેટલાંક ચિત્રો મળે છે. કથા-સંગ્રહ ગ્રંથની તાડપત્રોમાં નેમિનાથને લગતાં ચિત્રો છે. આ જૈન લઘુચિત્રોમાં સલ્તનતકાલના અગાઉના કાલની અસર વિશેષ છે. ઈ.સ. ૧૩૫૦થી ૧૪૫૦ સુધીનાં તાડપત્રીય જૈન લઘુચિત્રોમાં સોનેરી રંગનો વ્યાપક ઉપયોગ તથા ઈરાની શૈલીથી નિર્મિત છે. જે આગળ જતાં મુઘલશૈલી(ભારતીય-ઈરાની શૈલી) તરીકે વિકસી. ઈડરથી પ્રાપ્ત કલ્પસૂત્રની પ્રતમાંનાં 34 ચિત્રો ઈરાની શૈલી અને તે પછીનાં ગ્રંથોમાં સોનેરી અને રૂપેરી શાહીનો ઉપયોગ થયો છે.

સલ્તનતસમયમાં કાગળ સહજ બનતાં તાડપત્રના ગ્રંથોની રચના લુપ્ત થવા લાગી અને 15મા સૈકાના અંતમાં કાગળના ગ્રંથોએ સ્થાન લીધું. કાગળો પર લખાણની સાથે ચિત્રો માટેની વધુ સુગમતાને કારણે સોના-રૂપાના રંગોનો ઉપયોગ વધ્યો. કાગળ પરનાં આવાં ચિત્રોમાં કલ્પસૂત્રનાં 31 ચિત્રો લંડનની ઈન્ડિયા ઓફિસમાં છે, કાલકાચાર્ય કથાનાં

13 *ચિત્રો પાટણના હેમચંદ્રાચાર્ય જ્ઞાન ભંડારમાં સંગ્રહિત છે. સુપાસણાહ- ચરિયની પ્રતમાંનાં* 37 *ચિત્રો, જૌનપુર અને વડોદરા અને અમદાવાદનાં આ સમયના ચિત્રો મળે છે. વસ્ત્ર-પટ ચિત્રોમાં ઈ.સ.* 1354*માં ચિત્રિત ચિંતામણિ વસ્ત્રપટ બીકાનેરનાં શ્રી અગરચંદ નાહટાના સંગ્રહમાં સંગ્રહિત છે. બીજા પણ વસ્ત્રપટ પ્રાપ્ત થાય છે. મુઘલસમયમાં ચિત્રકલામાં જે રાજસ્થાની શૈલી વિકસી તેની પ્રારંભિક શૈલી* 15*મી સદીમાં જોવા મળે છે. જે હિંદુ ધર્મને લગતી છે. રાગમાળા અને કૃષ્ણલીલામાનાં ઘણાં ચિત્રો આ શૈલીનાં છે. એક ચશ્મ ચહેરવાળાં રાજસ્થાની ચિત્ર શૈલી ધરાવતી 'સ્તુતિ ચિત્રાવલી' બોસ્ટન સંગ્રહાલયમાં છે. રાણાકુંભા આ કલાના પ્રોત્સાહક હતા. તેમણે પોતાનાં ભવનોમાં અનેક ચિત્રો કરાવ્યાં હતાં. જેમાં એક ચશ્મવાળી ઈરાની શૈલીનો પ્રભાવ છે. દક્ષિણ ભારતમાં આ સમયે ગુંડી(વિજયનગર), તિરુપરુત્તિકુંદરમ(કાંચીપુરમ નજીક) અને લેપાક્ષી શિવમંદિરમાં ચિત્રો નિર્માણ પામ્યાં છે. કૌરાપનકાસિન નામે જાણીતી થયેલી ચિત્રિત હસ્તપ્રત કાશ્મીરી કવિ બિલ્હણ સાથે સંકળાયેલ છે. જેમાં પ્રેમની ઉત્કૃષ્ટ ઊર્મી સભર કંડિકાઓ ચિત્રિત કરીને લખેલી છે.*

### 17.2.4.3 સંગીત

*આ સમયે સંગીતમાં હિંદુ-મુસ્લિમ મિશ્રણવાળી સંગીતકલાનો પાદુર્ભાવ થયો. ખાસ કરીને તેમાં સૂફીપંથોએ મહત્ત્વનું યોગદાન આપ્યું. જે ઈરાની સંગીતના પ્રભાવવાળું હતું. ઈસ્લામમાં સંગીતનો નિષેધ હોઈ સંગીતને આ સમયમાં રાજ્યાશ્રય મળ્યો નહી. પરંતુ શાસક વર્ગ શોખીન હોઈ સંગીત-નૃત્ય વ્યવસાયમાં પરિવર્તિત થયો. તો બીજી તરફ હિંદુ-મુસ્લિમ સંતો-સૂફીઓનાં પદો-ભજનો સામાન્ય જનસમુદાયમાં લોકપ્રિય બન્યાં. મકબરાઓમાં 'કવ્વાલી' તથા 'ખ્યાલ' વિકાસ પામ્યો. જે આગળ જતાં સંગીતના પ્રકારોમાં સ્વીકારી લેવાયા. સલ્તનતસમયમાં સુલતાન જલાલુદ્દીન, અલાઉદ્દીન ખિલજી, મુહમ્મદ તુઘલક તથા સિકંદર લોદી સંગીતના શોખીન હતા. અમીર ખુશરોએ ઈરાની અને ભારતીય સંગીતના સમન્વયથી નવા રાગો બનાવ્યા તથા કવ્વાલી ગાયન પદ્ધતિ વિકસાવી. તેવી જ રીતે વાજિંત્રોમાં ઈરાની તંબૂર અને ભારતીય વીણાનો સમન્વય કરી સિતાર વિકસાવ્યો. મૃદંગને તબલામાં પરિવર્તિત કર્યું. આમ, અમીર ખુશરોએ હિંદુ-મુસ્લિમ સંગીતમાંથી હિંદુસ્તાની સંગીતને વિકાસવામાં મહત્ત્વનો ફાળો આપ્યો.*

*સુલતાન ઈબ્રાહિમશાહ અને હુસૈનશાહ જેવા જૌનપુરના શર્કી સુલતાનોનો સંગીતના વિકાસમાં નોંધપાત્ર ફાળો છે. અહી 'ખ્યાલ' નામની ગાયન પદ્ધતિ લોકપ્રિય બની. દક્ષિણમાં બિજાપુરના, માળવાના અને કાશ્મીરના સુલતાનો પણ સંગીત શોખીન હતા.*

13 *સદી પહેલાં ભારતીય સંગીત એકસમાન હતું. મધ્ય એશિયા અને પશ્ચિમનાં સંગીતના આગમનની અસરથી વૈવિધ્યપૂર્ણ રાગો વિકસ્યા. ૧૫મી સદીમાં કવિ લોચન દ્વારા લખાયેલ 'રાગ-તરંગિણી'માં* 16000 *રાગોનો ઉલ્લેખ કર્યો છે. જે ચોક્કસ આધારો સાથે રાગોને* 12 *વિભાગોમાં વહેંચ્યા છે. સંગીત સાથે જોડાયેલ કુટુંબો(સંગીત-ઘરાના)નો પણ આ કાલથી સૂત્રપાત થયો.*

રાજા માનસિંહે ધ્રુપદ રાગનો પ્રચાર કર્યો. વળી, તેમણે ગ્વાલિયરમાં એક સંગીત વિદ્યાલય પણ સ્થાપ્યું હતું. તાનસેને તે વિદ્યાલયમાં સંગીતનું શિક્ષણ લીધું હતું. મેવાડના રાણા કુંભા પોતે સંગીતજ્ઞ હતા અને તેમણે 'વાદ્યરત્નકોશ', 'સંગીતરાજ', 'સંગીત મીમાંસા' જેવા ગ્રંથો રચ્યા હતા. વિજયનગરના રજાઓ પણ સંગીતના પોષક હતા. આચાર્ય સારંગદેવના 'સંગીત-રત્નાકર'માં તો ભારતીય સંગીતનું સૂક્ષ્મ વર્ણન કરવામાં આવ્યું છે. આમ, આ સમયના 'ભક્તિ-સંગીત', સૂફી સંગીતમાં અનેક કલાકારો,સૂફી-સંતો, કવિઓ,ભાટ-ચારણો, ફકીરો, રાજાઓ, સુલતાનો વગેરેએ મહત્ત્વનો ફાળો આપી ભારતીય સંગીત કલાનો સ્વતંત્ર, સામુદાયિક તથા સંગઠિત રીતે વિકાસ ચાલુ રાખ્યો.

- **તમારી જાતે ચકાસો. 'y'**

**1. યોગ્ય રીતે જોડકાં જોડો.**

| (A) | (B) |
|---|---|
| 1. ખ્યાલ ગાયન પદ્ધતિ | a. માનસિંહ |
| 2. ધ્રુપદ રાગ | b. જૌનપુર |
| 3. કીર્તિસ્તંભ | c. ઓરિસ્સા |
| 4. કોણાર્કનું સૂર્ય મંદિર | d. રાણા કુંભા |
| 5. રથ મંદિરો | e. બિલ્હણ |
| 6. કૌરાપનકાસિન | f. પલ્લવ રાજ્ય |
| 7. કવ્વાલી | g. ઈલોરા |
| 8. કૈલાસ મંદિર | h. અમીર ખુશરો |
| 9. શિવ-પાર્વતી વિવાહનું ચિત્ર | i. મધ્યપ્રદેશ |
| 10. ખજુરાહો | j. બાદામી |
| 11. બૃહદેશ્વર મંદિર | k. ગુજરાત |
| 12. સોલંકી સ્થાપત્ય | l. તાંજોર |

- **તમારી જાતે ચકાસો. 'f'**

**1. અનુગુપ્તકાલીન કલા વિશે લખો.**

**2. પ્રતિહાર-રાષ્ટ્રકૂટ સમયમાં થયેલ કલાના વિકાસને ટૂંકમાં જણાવો.**

**3. પૂર્વ સલ્તનતકાલીન કલા વિકાસ પર ચાર વાક્યો લખો.**

**4. સલ્તનતસમયમાં સંગીત ક્ષેત્રે અમીર ખુશરોનું પ્રદાન ટૂંકમાં લખો.**

## 17.3 સ્થાપત્ય.(ઈ.સ.650 થી ઈ.સ. 1526)

### 17.3.1 અનુગુપ્તકાલીન સ્થાપત્ય.(ઈ.સ.650 થી 750)

*આ સમયમાં શૈલ સ્થાપત્ય અને ઈંટોના ચણતરી સ્થાપત્ય એમ બંને પ્રકારે સ્થાપત્ય પ્રચલનમાં રહ્યાં. શૈલ સ્થાપત્ય મોટા ભાગે બોદ્ધ ધર્મ સાથે સંલગ્ન છે. અજંટામાં એક ચૈત્યગૃહ(ગુફા નં.26) અને થોડાક વિહારો આ સમયમાં નિર્માણ પામ્યાં. તેની ગુફા નં.26ના ચૈત્યગૃહની દિવાલો, વરંડા, ગોખલા, સ્તંભો બોદ્ધ શિલ્પોથી સજ્જ છે. તેના લેખ પ્રમાણે આ બુધ્ધમંદિર ભિક્ષુ બુધ્ધભદ્રે તેમના મિત્ર ભવ્વિરાજને ઉદ્દેશીને કરાવ્યું છે. વિહારોમાં ગુફા નં.21 થી 25 છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં નિર્માણ પામેલી છે. ગુફા નં.1 થી ૫ સાતમા સૈકાના પ્રારંભની છે. તેમાં ગુફા નં. 1 અને 2 દર્શનીય છે. ગુફા નં.1ના પ્રવેશખંડની બંને બાજુએ નાનાં ચૈત્યગૃહમાં બુધ્ધની પૂર્ણ મૂર્તિ છે. સભાખંડની ત્રણેય બાજુએ આવાસકુટીરો તથા સભાખંડના વીસ સ્તંભ કલાત્મક કોતરણીથી સજાવેલા છે. સ્તંભની કુંભીઓ પર દેવ-દેવીઓની આકૃતિઓ કોતરેલી છે. ગર્ભગૃહમાં બુદ્ધની મોટી પ્રતિમા છે. આમ, આખુ શૈલગૃહ ચિત્રોથી અને શિલ્પાકૃતિઓથી સજ્જ છે. ગુફા નં. ૨નો*

વિહાર ગુફા નં. 1 સમાન છે. તેમાં સ્તંભો પરની શાલભંજિકાઓનાં શિલ્પો સુંદર છે. ઉપરાંત સુંદર ચિત્રો પણ છે. વિહાર નં. 3 અપૂર્ણ છે. ગુફા નં. 4 સૌથી મોટો છે. તેનું કંડારકામ અને આવાસકુટીઓ અધુરી છે. ગર્ભગૃહમાં વ્યાખ્યાન મુદ્રામાં બુધ્ધની મોટો પ્રતિમા અને બંને બાજુ વજ્રપાણિ તથા પદ્મપાણિ બોધિસત્ત્વો દેખા દે છે. ગુફા નં. 5 અપૂર્ણ છે. ગુફા નં. 27 અને 28 અન્ય વિહારો અને ચૈત્યગૃહ જેવાં જ લક્ષણો ધરાવે છે. તેમાં 28મી ગુફા અધૂરી છે. સાતમી સદીના મધ્યમાં અજંટા શૈલગૃહોનું નિર્માણ બંધ થયું. ઔરંગાબાદ પાસેના ઈલોરા નજીકના ડુંગરમાં ઈ.સ.600 થી 750 સુધીમાં બોદ્ધ, બ્રાહ્મણ અને જૈન એમ ત્રણ સંપ્રદાયના શૈલગૃહો નિર્માણ પામ્યાં. ત્યાં ડુંગરના દક્ષિણે બાર બોદ્ધ શૈલગૃહો છે. તેમાં ગુફા નં. 1 થી 5 પહેલી નિર્માણ પામી છે. અને પ્રચલિત આયોજન પ્રમાણેના વિહાર કર્યા છે. ગર્ભગૃહમાં બુધ્ધ પ્રતિમા, બાજુમાં આવાસકુટીઓ, સાંકડો લંબચોરસ ઘાટ, સ્તંભો, ચોરસ ગર્ભગૃહ વગેરે તેના મુખ્ય લક્ષણો જોવા મળે છે. અહી વિહાર અને ચૈત્યગૃહનું મિશ્રણ નજરે પડે છે. ગુફા નં. ૬ થી ૧૨ પછીના સમયે નિર્માણ પામી છે. તેમાં ગુફા નં. ૭નો વિહાર અપૂર્ણ છે. ગુફા નં. ૧૦ ચૈત્યઘાટની એકમાત્ર ગુફા છે. જે વિશ્વકર્મા ગુફા કે સુતાર ઝોપડીથી અત્યારે ઓળખાય છે. તેના સ્તંભો સાદા, અષ્ટકોણીય, ઘટપલ્લવ ઘાટના અને સુશોભિત છે. સ્તૂપો પણ સુશોભિત છે. ચૈત્યમાં સૂર્યબારી પણ છે આમ, અહી ચૈત્યગૃહના સ્વરૂપમાં કેટલાક સુધારા-વધારા જોવા મળે છે. પણ શિલ્પસમૃદ્ધિ ઓછા પ્રમાણમાં છે. ગુફા નં. 11 અને 12ના વિહાર મોટા અને ત્રણ માળના છે. ગુફા નં. 12નો વિહાર ઈલોરાના વિહારોમાં સૌથી મોટો અને સુંદર છે. અહી બુદ્ધો અને બોધિસત્ત્વોની ભવ્ય પ્રતિમાઓ કંડારેલી છે. તથા કલાકારોએ કૈલાસ મંદિર જેવી શિલ્પસમૃદ્ધિ ઠાલવવાનો પ્રયાસ કર્યો છે.

છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં બાઘની ગણી ગુફાઓ નિર્માણ પામી છે. ગુફા નં.4નો વિહાર અગત્યનો છે. જેમાં ગુપ્તકાલીન વિકસિત સ્વરૂપ તથા અજંટાની ગુફા નં. 4 સાથે સમાનતા ધરાવે છે. તેનો પ્રવેશખંડ ખાસ દર્શનીય છે. વિહારમાં ચિત્રો પણ ઉલ્લેખનીય છે. ઔરંગાબાદમાં(મહારાષ્ટ્ર) બાર શૈલગૃહમાં એક ચૈત્યગૃહ ત્રીજી સદીનું છે. બાકીના શૈલગૃહો વિહાર છે ને 6ઠ્ઠી-7મી સદીમાં નિર્માણ પામ્યાં છે. જેમાં ગુફા નં. ૩ અને ૭ના વિહાર સુંદર છે. જેમાં બ્રાહ્મણ ધર્મના મંદિરોની અસર જણાય છે.

વાતાપી(બિજાપુર)માં ચાલુક્ય શાસનમાં ચાર શૈલ-દેવાલયોમાં ત્રણ બ્રાહ્મણ ધર્મ અને એક જૈન ધર્મનું છે. તેમાં ગુફા નં. 4 જિનાલય છે. ને સાતમા સૈકાના મધ્યભાગે નિર્માણ પામ્યું છે. અહી બ્રાહ્મણ ધર્મનાં શૈલ દેવાલયો નિર્માણની પ્રવૃત્તિ સાતમી સદી સુધી ચાલુ રહી. એ પછી એ શૈલી લુપ્ત થઈ.

દક્ષિણ ભારતમાં શૈલ-દેવાલયો કરાવવાનો પ્રારંભ પલ્લવ રાજ્યમાં મહેન્દ્રવર્મા પ્રથમના શાસનકાળે (ઈ.સ.610-640) થયો. જેમાં ઈંટ, ચૂનો, ધાતુ, લાકડાનો ઉપયોગ થયો નથી. આ 14 શૈલગૃહ મદ્રાસ તથા આંધ્ર રાજ્યના પૂર્વમાં દરિયા કિનારે આવેલાં છે. જે મંડપ ગુફા પ્રકારનાં છે. નરસિંહવર્મા પ્રથમે (ઈ.સ.640-668) મામલ્લપુર વસાવી ત્યાં કેટલાંક મંડપો તથા રથો (શૈલ દેવાલય) ડુંગરના પથ્થરોમાં કરાવ્યા. ત્યાંની વરાહ ગુફા,

*મહિષાસુરમર્દિની ગુફા, ધર્મરાજ મંડપ, કૃષ્ણમંડપ, પાંડવ મંડપ, રામાનુજ મંડપ, કોટિકાલ મંડપ, ત્રિમૂર્તિ ગુફા વગેરે દેવોનાં શિલ્પો, સ્તંભ કલાત્મક છે. કોનેરી મંડપ અપૂર્ણ છે. છુટા પથ્થરોમાંથી શૈલ દેવાલય કરાયાં છે. જેને રથ તરીકે ઓળખવામાં આવે છે. નરસિંહવર્મા પ્રથમના સમયે મામલ્લપુરમાં ડુંગરની દક્ષિણે પાંચ રથ કરવામાં આવ્યા. જે પાંડવ રથ તરીકે પછીથી પ્રસિદ્ધ થયા. જેમાં ધર્મરાજ રથ મોટો છે જે શિવનું દેવાલય છે.(જુઓ ચિત્ર-2) તેમાં નરસિંહવર્મા(મામલ્લ) ની પ્રતિમા પણ છે. ઉપરાંત ભીમ-રથ, અર્જુન-રથ, દ્રોપદી-રથ, નકુલ-સહદેવ-રથ બોદ્ધ વિહાર ને ચૈત્યગૃહ સમાન છે. અહી ડુંગરની ઉત્તરે બીજી વરાહ-ગુફા કંડારાઈ. જેની બાજુના પથ્થરમાંથી ગણેશ-રથ કંડારાયો છે. ડુંગરની વાયવ્ય દિશામાં નાના ડુંગરમાં બીજા ત્રણ નાના રથ કંડારાયેલા છે. જેમાંથી બે અપૂર્ણ છે. નરસિંહવર્માના મૃત્યુ પછી રથો અને મંડપો નિર્માણનું સ્થાપત્ય લુપ્ત થયું ને તેના સ્થાને ચણતરી સ્થાપત્ય પ્રચલિત થયું.*

*ઈલોરામાં શૈવ શૈલગૃહો બોદ્ધ શૈલગૃહોની બાજુમાં આવેલાં છે. શૈલગૃહ નં.૧૩ શિલ્પીઓ માટેનું છે જ્યારે શૈલગૃહ 14 થી 29 બ્રાહ્મણ ધર્મનાં દેવાલયો છે. દશાવતાર ગુફા નં.15 8મી સદીના પૂર્વાર્ધમાં રચાઈ છે. ગર્ભગૃહમાં શિવલિંગ છે. આ શૈલગૃહમાં બોદ્ધ વિહાર જેવાં લક્ષણો જોવા મળે છે. ગુફા નં.14 અને 21નાં શૈવ દેવાલય ૮મી સદીનાં છે. 14 નંબરની ગુફા રાવણ-કા-ખાઈ અને 21 નંબરની ગુફા રામેશ્વર ગુફાથી પ્રસિદ્ધ છે. દેવાલય શૈવ શિલ્પકૃતિઓથી શોભે છે. અહીનાં સ્થાપત્યમાં બીજો પ્રકાર નજરે પડે છે. ગુફા નં. 29માંનું દુમર લેણા (સીતા-કી-નહાની) દેવાલય 8મી સદીમાં નિર્માણ પામ્યું છે. જેમાં શૈવ દેવાલય સ્થાપત્યનો ત્રીજો પ્રકાર જોવા મળે છે. મંડપ ઊભા, લંબ-ચોરસ, પ્રદક્ષિણાવાળું ગર્ભગૃહ, બે બાજુએ પ્રવેશદ્વાર વગેરે લક્ષણોથી ઈલોરામાં તે ઉત્તમ અને અનેક શૈવ-શિલ્પોથી સજ્જ ભવ્ય દેવાલય છે. આ ત્રીજા પ્રકારનું સ્થાપત્યની અસર ધરાવતું સ્થાપત્ય એલીફંટા અને જોગેશ્વરીની ગુફોઓમાં જોવા મળે છે. જે આઠમી સદીમાં નિર્માણ પામી છે. એલીફંટાનાં શૈલ શિવાલયોનું સ્થાપત્ય દુમર-લેણા કરતાં ઉતરતી કક્ષાનું છે. પરંતુ શિલ્પ સ્થાપત્યમાં ચડિયાતું છે જ્યારે જોગેશ્વરી ગુફામાં શિવાલયોમાં શિલ્પસમૃદ્ધિ ઓછી છે.*



**ચિત્ર-૨., ધર્મરાજ રથ, રથ મંદિર, આંધ્ર.**

*ઈલોરાનું કૈલાસ શિવાલય શૈલગૃહ નં. 16માં આવેલું છે. જેનું નિર્માણ રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ પ્રથમે (ઈ.સ.757-783) કરાવ્યું હતું. અહી પથ્થરોને કંડારીને ચણતર કરી દેવાલયનો*

આકાર આપવામાં આવ્યો છે. તેનું સ્થાપત્ય શિલ્પ જોતાં તે શિલામાં કંડારેલ મહાકાવ્ય લાગે છે. તેનું સ્થાપત્ય કાંચીપુરના કૈલાસનાથ મંદિર અને પટ્ટદકલના વિરૂપાક્ષ મંદિર જેવી છે તે વિશાળ તથા દ્રવિડ શૈલીનું છે.

### 17.3.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન સ્થાપત્ય.(ઈ.સ.751 થી ઈ.સ.1000)

આ સમયમાં મંદિર-સ્થાપત્યની પ્રમુખ શૈલીઓમાં નાગર શૈલી હિમાલય અને વિન્ધ્ય પર્વત વચ્ચે ઉત્તર ભારતમાં, વેસર શૈલી વિન્ધ્ય પર્વત અને કૃષ્ણા નદી વચ્ચે દખ્ખણમાં અને દ્રાવિડ શૈલી કૃષ્ણા નદી અને કન્યાકુમારી વચ્ચે દક્ષિણ દ્રાવિડ ક્ષેત્રમાં વિકસી. નાગર અને દ્રાવિડ શૈલી ભિન્ન લક્ષણો ધરાવે છે. તો વેસળ શૈલીમાં એ બંને શૈલીનો સંયોગ થયો છે. નાગર શૈલીનાં મંદિર ચોરસ, વેસર શૈલી ગોળ અને દ્રાવિડ શૈલીનાં અષ્ટકોણીય લક્ષણો ધરાવતા મંદિરો છે. નાગર શૈલીનાં મંદિર તારાકાર તલમાન અને રેખાન્વિત શિખરનાં ખાસ લક્ષણો ધરાવે છે. ગર્ભગૃહને ફરતો ઢાંકેલો પ્રદક્ષિણાપથ, દીવાલની બહાર અર્ધસ્તંભો સાથે ગોખલા અને શિખર આડા મજલાવાળા એ દ્રાવિડ શૈલીનાં મુખ્ય લક્ષણો છે.

નાગર શૈલીનાં મંદિરો ઓરિસ્સા, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર કર્ણાટક, પંજાબ, ઉત્તર પ્રદેશ તથા પૂર્વ ભારતમાં સ્થિત છે. ઓરિસ્સાનાં મંદિર વધુ વિકસિત છે. તેનો પાદુર્ભાવ ભુવનેશ્વરનાં પ્રાચીન મંદિરોમાં જોઈ શકત છે. દેવાલયને 'દેઉલ' કહેવામાં આવે છે. સમય જતાં ગર્ભગૃહ આગળ બીજો ખંડ ઉમેરાયો. આ મંદિરોમાં રેખાન્વિત શિખર હોવાથી તેને 'રેખા દેઉલ' પણ કહે છે. ગર્ભગૃહ આગળના મંડપને 'મુખમંડપ' કે 'જગમોહન' કહેવામાં આવે છે. દેવાલયો પીઠ કે પીઠિકા ઉપર બંધાતાં. તે પીઠ ને 'પિષ્ટ' કહેવામાં આવે છે. દીવાલવાળા ભાગને 'બાડ' કહેવામાં આવે છે. શિખર-જગમોહન પરના મુખ્ય ભાગને ગંડી(થડ) કહેવામાં આવે છે. ગંડીની ટોચને 'મસ્તક' કહે છે.

ઓરિસ્સાના ભુવનેશ્વરનાં મંદિરોમાં નાગર શૈલીનો વિકાસ જોવા મળે છે. તેમાં પરશુરામેશ્વર મંદિર મહત્ત્વનું છે. અહીંનાં અનેક મંદિરો આ પ્રકારનાં છે. મુક્તેશ્વર મંદિરમાં ઓરિસ્સા સ્થાપત્ય-શૈલીના(જુઓ ચિત્ર-3) વિકાસને સ્પષ્ટ જોઈ શકાય છે. જે 9મી-10મી સદીમાં બંધાયું હતું. 10મી સદીથી ઓરિસ્સાનાં મંદિરોમાં તલમાન અને ઊર્ધ્વમાનમાં વિવિધતા આવી છે. જે સિદ્ધેશ્વર, કેદારેશ્વર તથા બ્રહ્મેશ્વરનાં દેવાલયોના સ્થાપત્યમાં તેનો વિકાસ જોવા મળે છે. ઉપરાંત રાજારાણી મંદિરમાં પણ ઓરિસ્સા શૈલી નજરે પડે છે. આમ, ઓરિસ્સા શૈલીમાં ત્રિ-રથ, પંચ-રથ, સપ્ત-રથ, પંચાયતન જેવા પ્રકારો મંદિર સ્થાપત્યમાં જોવા મળે છે.

નાગરશૈલીનું બીજું પ્રાદેશિક સ્વરૂપ મધ્યપ્રદેશમાં વિકાસ પામ્યું. બૈજનાથ મહાદેવ, લક્ષ્મણ મંદિર(સિરપુર) એ બે મંદિરોમાં નાગર શૈલીનો આરંભ જોવા મળે છે. શિખરની ઊભી રેખાઓ છેક આમલક શિલા સુધી વિસ્તરે છે તથા આમલક પર બીજું આમલકનો ઉમેરો એ બે લક્ષણો અહીંનાં સ્થાપત્યનાં વિશિષ્ટ લક્ષણ છે. વળી, સ્તંભવાળો મંડપ પણ ઉમેરાય છે. ગર્ભગૃહ પર ઊંચું શિખર, ઝરૂખા, છાવણ જેવાં બીજાં પણ લક્ષણો

*જોઈ શકાય છે. આ પ્રાદેશિક સ્થાપત્યના સુંદર નમૂના ખજુરાહો (ચંદેલ્લ વંશની રાજધાની) મંદિર સમૂહમાં જોવા મળે છે. જેમાં વિષ્ણું, શિવ અને કેટલાંક જૈન જિનાલયો છે. જે ઈ.સ. 950થી ઈ.સ. 1050ના સમયગાળામાં બંધાયાં છે. નંદીમંડપ, ગોપુરમ, ચોકની ફરતે પડાળી, બંને બાજુ પૂરક મંડપો, મહામંડપ, સુશોભિત સ્તંભ, ગર્ભગૃહ, વિવિધ શિલ્પકૃતિઓથી ભવ્ય લાગે છે. જેમાં અતિ પુરુષાર્થ અને સુક્ષ્મ આયોજનની તકેદારી નજરે પડે છે.*



**ચિત્ર.૩. ઓરિસ્સાના નાગર શૈલીના મંદિર.**

*જૈન ધર્મને લગતાં શૈલ દેવાલયો ઓછી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. સાતમી સદીમાં ઐહોળી અને બાદામીમાં એક એક જિનાલય નિર્માણ પામ્યાં. જ્યારે સ્થાપત્યની દ્રષ્ટિએ ઉત્તમ શૈલ જિનાલયો ઈલોરામાં ૯મી,૧૦મી સદીમાં રાષ્ટ્રકૂટ અને યાદવોના સમયમાં નિર્માણ પામ્યાં. ઈલોરાનાં દિગંબર સંપ્રદાયનાં શૈલ જિનાલયો ડુંગરના ઉત્તર છેડે પશ્ચિમ બાજુએ આવેલાં છે. અહીં ગુફા નં. 31 થી 34 એક જ હરોળમાં છે. ગુફા નં. 30 કૈલાસ દેવાલયની નાની પ્રતિકૃતિ સમાન તેની રચના છે. તેથી તેને 'છોટા-કૈલાસ' થી પણ ઓળખવામાં આવે છે. જે દ્રાવિડ સ્થાપત્ય શૈલીનું છે. ગુફા નં. 32 ઈન્દ્રસભા અને ગુફા નં. 33 જગનાથ્થ સભા તરીકે વિખ્યાત છે. સ્તંભો, ગર્ભગૃહ, તીર્થંકરોનાં શિલ્પો, ગોપુરમ, ચોક, યક્ષ-યક્ષિણી આદી ભરચક શિલ્પો વગેરેથી જિનાલયો સજ્જ છે. અહીં પણ પથ્થરોને કોતરી ચણતર કરી સ્થાપત્ય જેવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. ચણતરી જિનાલયોમાં ઐહોળીમાં સાતમી સદીની મેગુતી મંદિર બંધાયું. જેમાં ચણતરી સ્થાપત્યનાં સ્પષ્ટ વિકાસ નજરે પડે છે. આ પથ્થર નિર્મિત જિનાલય પણ દ્રવિડ સ્વરૂપ ધરાવે છે. મંદિર સ્થાપત્યમાં શિખર સ્વરૂપ આ સમયે ઘડાયું.(જુઓ ચિત્ર નં.4) જે પિરામિડ જેવું હતું. દક્ષિણ ભારતનાં મંદિરોના સ્થાપત્યમાં પિરામિડ આકાર જળવાયો જે આગળ જતાં દ્રવિડ પ્રકાર કહેવાયો. ઉત્તર ભારતનાં આ સમયના શિખરો ઊભી સળંગ રેખાઓથી ચોરસ મજલાવાળો ઘાટ વિકસ્યો. જે આગળ જતાં નાગર શિખર શૈલીનો ભાગ બન્યું.*




*ચિત્ર-૪.ઉત્તર ભારતનાં નગર શૈલીનાં મંદિર શિખરો.*

*આમ, આ સમયમાં નાગર, દ્રવિડ અને વેસળ શૈલીનો પ્રારંભિક સ્થાપત્ય વિકાસ નજરે પડે છે. નાગર શૈલીનાં શિખરનો પાદુર્ભાવ ગુપ્તકાલીન દેવગઢના દશાવતાર મંદિર તથા ભીતરગાંવના ઈંટેરી મંદિરથી થયો. જ્યારે તેનો સ્પષ્ટ પ્રારંભ સાતમી સદીના નાચના કુઠારાના મહાદેવ-દેવાલય તથા સિરપુરના લક્ષ્મણ મંદિરમાં જોઈ શકાય છે. ગુજરાતમાં પણ આ શૈલીનાં મંદિરો નિર્માણ પામ્યાં. દ્રવિડ શૈલીનાં મંદિર બાદામીમાં છે. મહાકૂટેશ્વર, મલેગિત્તિ-શિવાલયમાં દ્રવિડ શૈલીનાં શિખરનો પાદુર્ભાવ અને વિકાસ જોઈ શકાય છે.*

*ચાલુક્યોની રાજધાની પટ્ટદકલ ખસેડાતાં ત્યાં સાતમી-આઠમી સદીમાં ઘણાં મંદિરો નિર્માણ પામ્યાં. અહી દશ દેવાલયોમાંથી ચાર નાગર શૈલી અને છ દ્રવિડ શૈલીનાં છે. અહી નાગર શૈલીના શિખરનું રેખાન્વિત સ્વરૂપ વિકસ્યું. અહીના દ્રવિડ શૈલીનાં મંદિરોમાં વિરૂપાક્ષ મંદિર નોંધપાત્ર છે.*

*પલ્લવ નરેશ નરસિંહવર્મા પ્રથમના મૃત્યુ પછી પલ્લવ રાજ્યમાં ચણતરી સ્થાપત્ય પ્રચલિત બન્યું. જેમાં નરસિંહવર્મા દ્વિતીય (ઈ.સ. 695-722) ના સમયમાં મામલ્લપુરના સમુદ્ર કિનારે શિવાલય બંધાયું. જેમાં ઘડેલા પથ્થરોનો ઉપયોગ કરી દ્રવિડ શૈલીનું મંદિર બાંધવામાં આવ્યું છે. પલ્લવ રાજધાની કાંચીપુરમાં કૈલાસનાથ શિવાલય બંધાયું. પછીથી તેના કરતાં પણ વિશાળ એવું વૈકુંઠ પેરૂમલ મંદિર બંધાયું. આમ, આ સમયમાં દ્રવિડ શૈલીનાં પલ્લવ રાજ્યમાં મોટાં અને ભવ્ય મંદિરો બંધાયાં. વામન અને આદિનાથનાં મંદિરમાં ગર્ભગૃહ સપ્રરથ માન ધરાવે છે. કેટલાંક મંદિરમાં ચાર ખૂણે નાનાં મંદિર કરીને પંચાયત સ્વરૂપ આપેલું જોવા મળે છે. શૈવ મંદિરોમાં કંદારિયા મહાદેવ મંદિર અને વિશ્વનાથ મંદિરોમાં સ્થાપત્ય સુવિકસિત તથા પંચાયતન પ્રકારનાં છે. રાજસ્થાનમાં ૮મી સદીમાં કેટલાંક નાગર શૈલીનાં મંદિરો બંધાયાં. જોધપુર નજીક ૮મી-૯મી સદીમાં બ્રાહ્મણ મંદિરો બંધાયાં જે પંચાયતન પ્રકારનાં છે. શિખરમાં ઓરિસ્સા શૈલીની અસર જણાય છે. તો અહીનાં સૂર્યમંદિર અને અન્ય મંદિરોમાં મધ્યપ્રદેશ જેવી સમાનતા ધરાવે છે. પછીથી નિર્માણ પામેલાં મંદિરોમાં સ્થાનિક સ્થાપત્ય શૈલી વિકસી. મારવાડના કિરાડુંનું વિષ્ણું મંદિર પ્રાચીન છે. તો સોમનાથ મંદિર મોટું છે.*

*ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં અગાઉ વિવિધ સ્થળે પિરામિડ આકારનું છાવણવાળું 'છાદ્ય પ્રાસાદ' સ્થાપત્ય-સ્વરૂપ પ્રચલનમાં હતું. સમચોરસ ગર્ભગૃહ, ઢાંકેલો પ્રદક્ષિણાપથ, મંડપ, મુખમંડપ, શિખર વગેરે લક્ષણો અહી જોવા મળે છે. સમય જતાં તેમાં પરિવર્તનો આવ્યાં. છાદ્ય વચ્ચે ગોળ ધારી ખૂણા, ચૈત્યબારી અને શિખરમાં ઊર્ધ્વ-છાદ્યો ઉમેરાયાં અને ઊભી સળંગ રેખાઓનું પ્રચલન વધ્યું. અને એમ અહી શિખરમાં,*

આમલકમાં નાગર શૈલીએ શિખર ઘડાયું. સાબરકાંઠા જિલ્લામાં રોડા ગામે પ્રાચીન મંદિરમાં નાગર શૈલી શિખરનો પ્રારંભિક ઢાંચો જોઈ શકાય છે. તો અહી શામળાજીનાં જુનાં મંદિરમાં નાગર શિખરનું વિકસિત સ્વરૂપ જોવા મળે છે. ઉપરાંત સંડેર(પાટણ) અને રાણકદેવી મંદિર (વઢવાણ)માં આ શૈલીનો વિકાસ નજરે પડે છે.

**17.3.3 પ્રાચીનકાલના અંતિમ તબક્કાનું સ્થાપત્ય.(ઈ.સ.1001 થી ઈ.સ.1200)**

આ સમયમાં ગુજરાતમાં સોલંકી કાળમાં નાગર શૈલીનું પ્રાદેશિક સ્વરૂપ પૂર્ણ રીતે વિકસ્યું. ચોરસ તલમાનવાળું ગર્ભગૃહ, મંડપ અને પ્રક્ષેપ કાઢીને, એક નાસિક, ત્રિનાસિક, પંચનાસિક, સપ્તનાસિક વગેરે તથા બારસાખમાં પણ એક થી વધુ પ્રક્ષેપ કાઢીને ત્રિશાખા,પંચશાખા, સપ્તશાખા વગેરે સ્વરૂપ આ શૈલીનાં લક્ષણો છે. કેટલાંક મંદિરોમાં અંતરાલ, મુખમંડપ, પ્રદક્ષિણા-પથ, ગોખલા ઉમેરવામાં આવતા. પ્રદક્ષિણા પથવાળા મંદિરને 'સાન્ધાર પ્રાસાદ' કહે છે. ઉપરાંત કેટલીકવાર ગૂઢમંડપ, તોરણ, કુંડ કરવામાં આવતા. સોલંકીકાળનાં મંદિરમાં શિખર બે પ્રકારનાં વિકસ્યાં. એમાં એક શૃંગી શિખર અને અનેક શૃંગી શિખર. સ્તંભોવાળાં મંડપ આ મંદિરોમાં મહત્ત્વના છે. મોઢેરાનું સૂર્યમંદિર (ઈ.સ. 1022-1066) તથા આબુ-દેલવાડાનું આદિનાથ મંદિરમાં મંદિર સ્થાપત્યની ચૌલુક્ય શૈલીનું વિકસિત સ્વરૂપ જોઈ શકાય છે. સૂણક ગામ (સિદ્ધપુર) ના નીલકંઠ મહાદેવના મંદિરમાં સોલંકી મંદિર સ્થાપત્યનું પ્રારંભિક સ્વરૂપ છે. દેલમાલ (ચાણસ્મા)નું સૂર્યમંદિર તથા લક્ષ્મીનારાયણ મંદિર આ શૈલીના સુંદર નાના મંદિર છે. 'દ્વિપુરુષ પ્રાસાદ' અને ત્રિપુરુષ પ્રાસાદ વાળા મજિયારા મંડપવાળું મંદિર પણ મળે છે. મોઢેરાનું સૂર્યમંદિર આ સમયમાં બંધાયેલું નાગર શૈલીનું પ્રાદેશિક સોલંકી શૈલીનું છે. ગર્ભગૃહ સાન્ધાર પ્રકાર(પ્રદક્ષિણાપથવાળું), ગૂઢ મંડપ, કલાત્મક સ્તંભો, ચારે બાજુ પ્રવેશદ્વાર, કીર્તિતોરણ, લંબચોરસ કુંડ વગેરે પ્રાદેશિક સોલંકી શૈલીનાં લક્ષણો ધરાવે છે. ભીમદેવના દંડનાયક વિમલ મંત્રીએ ઈ.સ.1032માં આબુ દેલવાડામાં આદિનાથનું જિનાલય બંધાવ્યું. જેમાં ગર્ભગૃહ અને ગૂઢમંડપ મુખ્ય ભાગ છે. કુંભારિયાનાં જિનાલયો આ સમયે બંધાયાં. ત્રિનેત્રેશ્વરનું જીર્ણ મંદિર (સુરેન્દ્રનગર) શૃંગો અને ઉરઃશૃંગોવાળું શિખર ધરાવે છે. ગૂઢમંડપ, મુખમંડપ, કુંડ વગેરે તે ધરાવે છે. સોમનાથ(પ્રભાસ-જૂનાગઢ)નું મંદિર ભીમદેવે નવું કરાવ્યુ હતું. જેનો સમયાંતરે જીર્ણોદ્ધાર થતો રહ્યો. લાખેશ્વર(ભૂજ), કચ્છનાં કોટાય, કંથકોટનાં મંદિરો નાગર શૈલીનાં જીર્ણ મંદિર છે. જળાશય સ્થાપત્યમાં પાટણની રાણકી વાવ, સહસ્રલિંગ સરોવર, માનસર(વિરમગામ), મલાવ(ધોળકા) મુખ્ય છે. મંદિર સ્થાપત્યમાં મંજલ(નખત્રાણા) પાસેનું શિવાલય, કુંભારિયાનું શાંતિનાથ મંદિર, સિદ્ધપુરનો રુદ્રમાળ દેવાલય વગેરે તથા તોરણોમાં કીર્તિતોરણ(વડનગર), કપડવંજ(ખેડા),ઘૂમલી વગેરે, કિલ્લાઓમાં ડભોઈ, ઝીઝુવાડાના કિલ્લા વગેરે આ સમયના છે.ગિરનારમાં નેમિનાથનાં લાકડાના મંદિરને સ્થાને સૌરાષ્ટ્રના દંડનાયક સજ્જન મંત્રીએ ઈ.સ. 1129માં પથ્થરનું જિનાલય બંધાવ્યું તેનો, અને ઘૂમલી અને સેજકપુરનાં નવલખા મંદિરના પ્રાસાદ સાન્ધાર પ્રકારના છે. કુમારપાલના સમયમાં ઘણાં મંદિર બંધાયાં હતાં. જેમાંથી અત્યારે હયાત એવાં તારંગાનું અજિતનાથ મંદિર,

*ગિરનારનું 'કુમારવિહાર'નાં દેરાસરો,શત્રુંજયનું આદિનાથ જિનાલય, કુંભારિયાનું નેમિનાથ મુખ્ય છે. વીરધવલ મંત્રી વસ્તુપાલે ગિરનાર પર વસ્તુપાલ-વિહાર(ત્રિપુરુષ પ્રાસાદ પ્રકાર) અને આબુ પર લૂણવસહિ આ સમયમાં  બંધાયાં.તેજપાલ આબુ-દેલવાડામાં બંધાયેલ નેમિનાથ ચૈત્ય સ્તંભો તથા છતો પરની સુંદર શિલ્પસમૃદ્ધિ માટે જાણીતાં છે. સોલંકીકાળની આ સ્થાપત્ય શૈલી ઘણા પરિવર્તનો સાથે આજ સુધી ગુજરાતમાં છે.*

*આ સમયમાં દખ્ખણમાં સોલંકી શૈલી અને દક્ષિણી ચાલુક્ય શૈલીના સંયોગથી મંદિર સ્થાપત્યની નવી શૈલી આકાર પામી. અહીનાં પ્રાપ્ત મંદિરો ૧૦મી સદીનાં ને નાના કદનાં છે. અમરનાથનું મંદિર(થાણા) ઈ.સ. ૧૦૬૦માં બંધાયું. તેના ગર્ભગૃહ, ત્રિકમંડપ, શિખર સંવરણાની રચનામાં પ્રાદેશિક દખ્ખણ શૈલી જોઈ શકાય છે. ખાનદેશના બલરણે ગામમાં કેટલાંક મંદિર ઉપરાંત નાસિક જિલ્લાનાં સિન્નારનું ગોંડેશ્વર મંદિર,ઝોગડાનું માંકેશ્વર મંદિર તથા રતનવાડી(અહમદનગર)નું અમૃતેશ્વર શૈવ મંદિર પંચાયતન પ્રકારનાં છે. 13મી સદીથી આ દખ્ખણ શૈલી લુપ્ત થવા લાગી.*

*ઉત્તર ભારતના ગંગા-યમુના પ્રદેશમાં પ્રાચીન મંદિરો મોટાં ભાગે મુસ્લિમ વિજેતાઓએ નષ્ટ કર્યા છે. ઉત્તર પંજાબના પ્રાચીન મંદિરો ગંધાર શૈલીએ બંધાયાં છે. જે કાશ્મીર શૈલી સમાન છે. કાશ્મીરમાં શંકરાચાર્ય મંદિર અને નરસ્તાનના મંદિરમાં કાશ્મીરની પ્રાદેશિક શૈલીનો ઉત્તરોત્તર વિકાસ જોઈ શકાય છે. 8મી-9મી સદીમાં આ શૈલીનો સર્વોચ્ચ વિકાસ થયો. માર્તંડ(સૂર્ય) મંદિર, અવંતિપુર(૯મી સદી,અવંતિવર્મા)નાં અવંતિશ્વર અને અવંતિસ્વામી(વિષ્ણું) મંદિરમાં પ્રાદેશિક શૈલીનો વિકાસ નોંધપાત્ર છે. આ મંદિર પંચાયતન પ્રકારનું છે સાથે ભારતીય-ગ્રીક શૈલી(ગંધાર શૈલી)ની અસર સૂર્ય મંદિરમાં છે. પઠનમાં આવેલાં શંકરગૌરીશ્વર અને સુગન્ધેશ મંદિરો આ શૈલીનાં છે. હિમાચલપ્રદેશનાં પ્રાચીન મંદિરો નાગર શૈલીએ બંધાયેલાં છે. પશ્ચિમ બંગાળમાં નાગર શૈલીનાં કેટલાંક મંદિરો સચવાયાં છે. સિદ્ધેશ્વર મંદિર(બહુલારા,જિ.બાનકુરા) ૧૦-૧૧મી સદીનું નાગર શૈલીનું છે. જટાર દેઉલ(સુંદરબન)નું ઇંટેરી મંદિર પ્રાચીન નાગર શૈલીનો સુંદર નમૂનો છે. બંગાળનાં પ્રાચીન મંદિરોમાં ઓરિસ્સા શૈલીની સામ્યતા છે.*

*વિન્ધ્ય અને કૃષ્ણા નદી વચ્ચે 11-12મી સદીમાં નાગર શૈલી અને દ્રવિડ શૈલીના મિશ્રણવાળી ચાલુક્ય શૈલી કે 'વેસર' શૈલી વિકાસ પામી. જેનો વિકાસ કર્ણાટકમાં વિશેષ થયો. ૧૨મી સદીમાં ચાલુક્યોના અસ્ત અને હોયસાળ રાજ્યના ઉત્થાન સમયે આ શૈલી વિકસી. તેથી તેને ચાલુક્ય-હોયસાળ શૈલીથી પણ ઓળખવામાં આવે છે. આ શૈલીનાં મંદિરોમાં ગર્ભગૃહ અને મંડપ અને તે બંનેની વચ્ચે અંતરાલ મુખ્ય હોય છે. અંતરાલણે 'શુકનાસી' તથા મંડપને 'નવરંગ' કહેવામાં આવે છે. એકલ મંદિરો તો ક્યારેક વધુ મંદિરોનું સંયોજન કરેલું જોવા મળે છે. પ્રાસાદણે ફરતો પ્રદક્ષિણાપથ, તારાકાર તલમાન, વચ્ચેના પ્રક્ષેપો સીધા એ તેનાં લક્ષણો છે. આ સમયના મંદિર નક્કર પથ્થરથી બંધાયાં છે. જે શિલ્પકામ માટે અનુકૂળ રહે છે. શિખર દ્રાવિડ શૈલીનાં, ઓછી ઊંચાઈ અને તેના ગોખલામાં નાગર શૈલીનું તત્ત્વ ઉમેરાયાં છે. દીવાલો અને સ્તંભો શિલ્પસમૃદ્ધિથી સભર*

છે. કલ્લેશ્વર મંદિર(હૈદરાબાદ), લક્કુંડીનું જૈન જિનાલય, મુક્તેશ્વર મંદિર, સોમેશ્વર મંદિર જેવાં ધારવાડ જિલ્લાનાં મંદિરોમાં ચાલુક્ય શૈલીનો વિકાસ થયો. વળી, બારમી સદીના લકકુંડીના કાશી વિશ્વેશ્વર મંદિરમાં ચાલુક્ય શૈલીનો ઉત્કૃષ્ટ વિકાસ જોવા મળે છે. અહીંનાં બધાં મંદિરો શિલ્પ સભર છે. બેલારી અને ધારવાડનાં મંદિરોમાં વિકસિત ચાલુક્ય શૈલી સાથે હોયસાળ શૈલીનાં પગરણ નજરે પડે છે. હોયસાળ રાજ્યમાં ચાલુક્ય શૈલી સર્વોચ્ચ સ્થાને પહોંચી. હોયસાળ શૈલીમાં સ્થાપત્ય ગૌણ છે જ્યારે તેના સ્થાને શિલ્પકલા પ્રાધાન્ય ધરાવે છે. પ્રત્યેક મંદિરમાં ગર્ભગૃહ,અંતરાલ, નવરંગ(મંડપ), નંદીમંડપ, પ્રચુર શિલ્પોથી સુશોભિત છે. ચેન્ન કેશવ મંદિર(બેલુર), સોમનાથપુરનું કેશવ મંદિર, દ્વારસમુદ્ર(હળેબીડ)નું હોયસાળેશ્વર મંદિર એ ત્રણ મંદિર આ શૈલીનાં છે. હોયસાળેશ્વર મંદિરનું ગર્ભગૃહ અષ્ટભદ્ર માનનું છે. જેમાં સૂક્ષ્મ શિલ્પકલાની સમૃદ્ધિ ઠાલવેલી જોવા મળે છે.

આઠમી સદીમાં પલ્લવોની સત્તાનો હ્રાસ થતાં અહીંની પ્રાદેશિક સ્થાપત્ય શૈલી અટકી. તે પછી કાંચીપુરમ અને અન્ય સ્થળોએ રાજસિંહ શૈલીનાં મંદિર બંધાયાં. પલ્લવ પછી સત્તા પર આવેલ ચોળ રાજ્યમાં દ્રાવિડ શૈલી વિશિષ્ટ લક્ષણો સાથે વિકસી. તેમાં ચોળ સમયની નાગર શૈલીનો પ્રારંભ નાનાં પલ્લવ શૈલીનાં મંદિરમાં થયો. ચોળ નરેશ રાજરાજે ઈ.સ. 1000 આસપાસ રાજધાની તાંજોરમાં બૃહદીશ્વર(રાજરાજેશ્વર)નું દક્ષિણ ભારતનું સૌથી મોટું શિવ મંદિર બંધાવ્યું. જે દ્રાવિડ શૈલીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. ઊંચા શિખરવાળું ગર્ભગૃહ, મંડપ, મુખ્યમંડપ, નંદીમંડપ, ગોખલા, આડા મજલાનું ઊંચા પિરામિડ આકારનું શિખર તેનાં મુખ્ય લક્ષણો ધરાવતું વાસ્તુકલાનું સર્વશ્રેષ્ઠ મહામંદિર છે. આવું જ એક મહા મંદિર રાજેન્દ્ર ચોળે ઈ.સ. 1025 આસપાસ નવી રાજધાની ગંગાઈ કોડચોળપુરમમાં બંધાવ્યું. તે પણ દ્રાવિડ શૈલીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. પાંડય રાજ્ય ૧૨મી સદીમાં અભ્યુદય પામ્યું. ત્યાં પણ દ્રાવિડ શૈલીના સ્થાપત્યનો, શિલ્પોનો ભારે વિકાસ થયો. પાંડય રાજ્યમાં દ્રાવિડ શૈલીના સ્થાપત્યમાં સૂક્ષ્મતા અને મૌલિકતા વધુ વિકાસ પામી. આમ, આ સમયના સ્થાપત્યમાં નાગર શૈલી, વેસર શૈલી, દ્રાવિડ શૈલીનાં સ્થાપત્ય વિકસ્યાં. જેમાં નાગર, દુર્ગ, રાજપ્રાસાદ, સરોવર, કુંડ, વાવ વગેરે જેવાં સ્થાપત્યનો પણ વિકાસ થયો. જેના અલ્પ નમૂના સચવાયેલ પ્રાપ્ત થાય છે.

### 17.3.4 સલ્તનતકાલીન સ્થાપત્ય.(ઈ.સ.1201 થી ઈ.સ.1526)

આ સમયગાળામાં ભારતમાં મુસ્લિમ શાસન સ્થપાતાં ઉત્તર ભારતમાં હિંદુ સ્થાપત્ય લગભગ બંધ થયું. વળી, મુસ્લિમ રાજ્યોમાં રાજ્ય તરફથી હિંદુ સ્થાપત્યને પ્રોત્સાહન બંધ થયું. તેમ છતાં ૧૩મી સદી સુધીમાં જ્યાં હિંદુ રાજ્ય હતાં ત્યાં રાજ્યાશ્રયે અદ્દભુત મંદિરો બંધાયાં. જેમાં ઓરિસ્સા, ગુજરાત, દક્ષિણમાં પાંડય, વિજયનગરમાં મંદિર સ્થાપત્ય વિકસતું રહ્યું. આ સમયના મંદિરો પૂર્વકાલની સ્થાનિક પ્રાદેશિક શૈલીમાં રચાયાં. આ સમયના ઓરિસ્સામાં નાગર શૈલીની ઓરિસ્સા શૈલીમાં ગંગવંશના રાજા નરસિંહ પ્રથમે (ઈ.સ. 1238-64) બંધાવેલ કોણાર્કનું સૂર્ય મંદિર નોંધપાત્ર છે. હાલ માત્ર

તેનું જગમોહન સુરક્ષિત છે. તેના ભગ્ન અવશેષો પરથી તે ભવ્ય અને આયોજનપૂર્વક બંધાયું હશે તેવું લાગે છે. ગુજરાતમાં વસ્તુપાલ-તેજપાલે 13મી સદીમાં જિનાલયો કરાવ્યાં હતાં. જેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે. જૈનેતર મંદિરોમાં દેરોલ(સાબરકાંઠા)નો બ્રહ્મા, વિષ્ણું, મહેશનો ત્રિપુરુષ-પ્રસાદ, ડભોઈનું વૈદ્યનાથનું મંદિર, વેરાવળ, કચ્છ, ઘિણોજ(મહેસાણા) અને વઢવાણનાં પ્રાચીન મંદિરો આ સમયમાં બંધાયાં છે.

અલાઉદ્દીનનાં સૈન્યે 14મી સદીનાં પ્રારંભે ગુજરાત પર આક્રમણ કર્યું તેમાં ઘણાં ખ્યાતનામ મંદિરો નષ્ટ થયાં. તેમ છતાં ગુજરાતમાં સ્થપાયેલી મુસ્લિમ સત્તાના સુબા આલમખાને શત્રુંજયના મંદિરોના જીર્ણોદ્ધાર વાસ્તે મંજૂરી આપી ઉદાર નીતિ અપનાવી. તેથી 14મી અને 15મી સદીમાં ઘણાં મંદિરોનો જીર્ણોદ્ધાર થયો તો કેટલાંક નવાં બંધાયાં. આબુ પર અચલેશ્વરનું મંદિર, પ્રભાસ પાટણનું સૂર્યમંદિર, થાનનું સૂર્યમંદિર, સરોત્રાનું(બનાસકાંઠા) બાવનધજા જિનાલય ૧૪મી સદીનાં ચૌલુક્ય શૈલીનાં મંદિરો છે. દેલવાડાનું પિત્તલહર આદિનાથ જિનાલય, પોશીનાનાં દેરાસરો, નીલકંઠ મહાદેવ મંદિર, ભેટાલી(શામળાજી)નું પંચાયતન શૈવમંદિર, ગિરનાર પરનું અંબાજી મંદિર, વડિયાવીર(સાબરકાંઠા)નું શિવમંદિર, પાવાગઢ પરનાં જિનાલયો, વડનગરનું હાટકેશ્વર મંદિર વગેરે ૧૫મી સદીના ચૌલુક્ય શૈલીનું અનુકરણ જોવા મળે છે.

રાજસ્થાનમાં રાણકપુરમાં આ સમયમાં ઈ.સ.1440માં જૈન મંદિર બંધાયાં. તે 'ત્રેલોક્ય દીપક' નામે જાણીતાં છે. ચતુર્મુખ પ્રાસાદ, મંડપો, અસંખ્ય સ્તંભો, શિખરો, દેવમૂર્તિઓ, ગર્ભગૃહ અને તેને ચાર દ્વાર વગેરે જેવાં લક્ષણોને લઈને મંદિર ઉત્કૃષ્ટ લાગે છે. દખ્ખણી શૈલીમાં 13મી સદીમાં મહારાષ્ટ્રમાં કેટલાંક મંદિરો બંધાયાં. જેમાં નાગનાથ મંદિર(ચૌંધ જિલ્લો), દૈત્યસૂદનમંદિર(વરાડ), વિષ્ણું મંદિર (સતગાંવ) મહત્ત્વનાં ગણાવી શકાય. માયસોરમાં 13મી સદીમાં હોયસાળ શૈલીવાળાંમંદિર બંધાયાં.

ચોળ રાજ્યના હ્રાસ પછી દક્ષિણમાં પાંડ્યો સત્તા પર આવ્યા. 13મી સદીમાં શરૂઆતના પાંચ દશકોમાં પાંડય રાજાઓએ મંદિર સ્થાપત્યને પ્રોત્સાહન આપ્યું. પુરોગામી પલ્લવ અને ચોળ સ્થાપત્યની કલા શૈલીનાં સંયોગથી અહી જે નવી શૈલી વિકસી તે પાંડય શૈલીથી ઓળખાઈ. ચોળશૈલીમાં શિખરને મહત્ત્વ અપાતું એ આ શૈલીમાં પ્રવેશદ્વાર (ગોપુરમ)ને અપાવા લાગ્યું. કલાત્મક શિખરને બદલે મંદિર આસપાસ ગોપુરો કાઢી તેને સંપૂર્ણ શિલ્પસમૃદ્ધ કરવામાં આવતાં. કેટલેક ઠેકાણે તો ગોપુરમ શિખરને પણ ઢાંકી દે એટલાં ઊંચાં છે. ગોપુરમ નીચે ચોરસ અને ઉપર જતાં પિરામિડ આકાર ધરાવે છે. આવાં ગોપુરમવાળાં મંદિરોમાં શ્રીરંગમ, ચિદંબરમ, કુંભકોણમ(તાંજોર), તિરુવન્નમલાઈ(આરકોટ)માં આવેલાં છે. ગોપુરમનો ઉત્તમ નમૂનો ચિદંબરમ મંદિરમાં જોવા મળે છે.

વિજયનગરમાં પણ ઈ.સ.1350 થી 1565ના સમય દરમિયાન સ્થાપત્યની નવી શૈલી વિકસી. કૃષ્ણદેવરાયના સમયમાં સ્થાપત્યકલાનો સારો વિકાસ થયો. વિજયનગરની સ્થાપત્ય શૈલીમાં કલાત્મક સ્તંભો ખાસ વિશેષતા ધરાવે છે. ઉપરાંત ગર્ભગૃહ, સભામંડપ, કલ્યાણમંડપ, અમ્મા મંદિર વગેરે લક્ષણો પણ ધરાવે છે. બેલુરના મંદિર એકાગ્રનાથનું

મંદિર(કાંજીવરમ), હમ્પીના વિઠ્ઠલ મંદિર તથા હજારા રામ મંદિર વગેરે વિજયનગર શૈલીનાં ઉત્તમ મંદિરો છે. ઉપરાંત મંદિરો ભગ્નાવશેષો સ્વરૂપે મળે છે. તેમ છતાં તેના અભ્યાસથી તેમની ભવ્યતાનો ખ્યાલ આવે છે.

મુસ્લિમ સત્તા સ્થપાતાં હિંદુ અને મુસ્લિમ કલાઓનો સમય જતાં સમન્વય થયો. સ્થાપત્યકલામાં આ સમન્વયથી ભારતીય મુસ્લિમ સ્થાપત્યકલાનો વિકાસ થયો. મુસ્લિમ વિજેતાઓ પાસે શિલ્પીઓનો અભાવ હતો. તેથી ભારતીય શિલ્પીઓથી કામ લીધું. અપુરતી સાધન-સામગ્રીને કારણે તેમણે હિંદુ મંદિરોને મસ્જિદમાં ફેરવી. મસ્જિદ, ઈદગાહ, મકબરો(દરગાહ) તથા રોજો મુસ્લિમ સ્થાપત્યનાં મુખ્ય પ્રકારો છે. મુસ્લિમો મધ્યએશિયામાં વિકસેલી એ સ્થાપત્યકલાને ભારતમાં લાવ્યા.મસ્જિદ એ મુસ્લિમ સ્થાપત્યનો મહત્ત્વનો પ્રકાર છે. લીવાન(મંડપ), મહેરાબ(ગોખ, મક્કાની દિશામાં પશ્ચિમ દિશામાં), મિમ્બર(નમાઝ પઢાવવાની વ્યાસપીઠ), લીવાન સામે મોટો ખુલ્લો 'શાન'(ચોક), હોજ, મિનારો(નમાઝની જાહેરાત માટે બાંગ માટે) તેનાં મુખ્ય અંગો છે. ઈદ સમયની નમાઝ માટે મુસ્લિમ વિસ્તારમાં 'ઈદગાહ' હોય છે. જેમાં પશ્ચિમ દિશામાં મક્કા તરફ મહેરાબ કે સાદી દીવાલ અને તેને મિમ્બર હોય છે. મહેરાબની સામે નમાઝ માટે ખુલ્લી જગ્યા રાખવામાં આવે છે. ખ્યાતનામ વ્યક્તિઓ, ઓલિયાઓ અને મુસ્લિમ સંતોની કબર પર ઈમારત કરવામાં આવતી. જેને 'મકબરો' કે 'દરગાહ' કહેવામાં આવે છે. મસ્જિદ સાથે મકબરો હોય તો તે સ્થાપત્ય 'રોજો' કહેવાય છે. મહેરાબ(કમાન), મસ્જિદ તથા મકબરા પર ઘુંમટ, મિનારા, ધનુષાકાર છતો, દીવાલોમાં નાના-મોટા ગોખલા, ક્યાંક ભોયરાં(તહખાનાં), હજુરો(કોટડી), ઊંચાં મજબૂત સ્તંભો, સાદાઈ, દરવાજા પર કુરાનની આયાતોની કોતરણી વગેરે મુસ્લિમ સ્થાપત્યનાં વિશિષ્ટ લક્ષણો છે. તેમાં હિંદુ સ્થાપત્યનાં કેટલાંક તત્ત્વોનો સમન્વય થયો. જેવાં કે, સુશોભનો, વિવિધ રંગના પથ્થરોનો ઉપયોગ, ઘુંમટ પરનો કળશ, મહેરાબોની કોતરણીમાં, દરવાજા, બારસાખ તથા સ્તંભો પર હિંદુ રૂપાંકનો વગેરે મુસ્લિમ ઈમારતોમાં પ્રયોજાયાં. વળી, પ્રાદેશિક પ્રાંતોમાંના મુસ્લિમ સ્થાપત્યમાં તો સ્થાનિક હિંદુ કલા શૈલીનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે. દિલ્હીના કુતુબમિનારથી શરુ કરી ઈ.સ.૧૬૫૬ સુધીના લાંબા કાળમાં આ ભારતીય મુસ્લિમ સ્થાપત્ય કલાનો વિકાસ થયો. જેમાં ગુલામ તથા ખિલજી વંશ, તુઘલક વંશ, સૈયદ વંશ તથા લોદી વંશ અને શાહજહાં સુધીનો મુઘલ વંશ એમ ચાર યુગોમાં તેનો વિકાસ થતો રહ્યો છે. ગુલામવંશની મુસ્લિમ સ્થાપત્યમાં કેટલીક વિશિષ્ટતાઓ નજરે પડે છે. આ સમયના હિંદુ મંદિરોને મસ્જિદમાં ફેરવેલી છે. તેથી હિંદુ લક્ષણો તેમાં છે. ઉપરાંત તેમાં નાના હજુરા, ઓરડા, ચાર દિશામાં મિનારા, ઘુંમટ પર સોને મઢેલ પિત્તળ કળશ, મહેરાબ, સાદા, અલ્પ સુશોભન વગેરે અંગોને લીધે ગુલામ વંશનું સ્થાપત્ય સાદું તથા મનોહર દેખાય છે. મંદિરોમાંથી મસ્જિદ બનાવેલી ઈમારતોમાં દિલ્હીની 'કુવ્વત-ઉલ-ઈસ્લામ મસ્જિદ'(જુઓ ચિત્ર-5), અજમેરની 'ઢાઈ દિનકા ઝોંપડા' પ્રસિદ્ધ છે. કુતુબુદ્દીને ઉપરોક્ત મસ્જિદો ઉપરાંત દિલ્હીમાં 'કુતુબ મિનાર' બંધાવવાનું શરુ કર્યું. જે તેના જમાઈ સુલતાન ઈલ્તુત્મિશે પૂર્ણ કરાવેલું. તથા ઉપર જણાવેલી બંને મસ્જિદોનો વિસ્તાર કરાવ્યો

હતો. ઈલ્તુત્મિશે 'શમ્સી મસ્જિદ', પુત્ર નાસિરુદ્દીનની કબર પર કરાવેલ 'સુલતાન ગઢી' મકબરો, 'શમ્સી ઈદગાહ' તથા 'હૌજે શમ્સી' બંધાવ્યાં. સુલતાન બલબને બંધાવેલ લાલ મહેલ સુંદર ઈમારતો છે.



**ચિત્ર-૫. કુવ્વતુલ મસ્જિદ.**

અલાઉદ્દીન ખિલજીએ ઘણી ઈમારતો કરાવી હતી. જે ગુલામવંશની ઈમારતોથી થોડીક અલગ પડે છે. ઊંચાઈમાં વૃદ્ધિ, મસ્જિદના ઓરડા, હજુરા, રવેશની વિશાળતા, ઘુંમટના કળશ નાના, અલ્પ સુશોભન અને સાદાઈ તેનાં લક્ષણો છે. અલાઉદ્દીને સીરીનો કિલ્લો અને તેમાં હજાર સ્તંભોવાળું 'હજાર સિતૂન' રાજમહેલ, 'અલાઈ દરવાજો', જમાયતખાના મસ્જિદ, હૌજેખાસ જળાશયો સુપ્રસિદ્ધ છે. તુઘલક કાળમાં મુસ્લિમ સ્થાપત્યનું બીજું ચરણ જોવા મળે છે. આ વંશના સુલતાનો ચુસ્ત મુસ્લિમો હતા અને તેથી આ કાલના મુસ્લિમ સ્થાપત્યમાં સાદગી, કર્કશતા તથા સુંદરતાનો અભાવ તથા સ્થાપત્યમાં પડતી આવેલ જોવા મળે છે. સુલતાન ગ્યાસુદ્દીને દિલ્હી નજીક તુઘલુકાબાદ નગર વસાવ્યું અને 'છપ્પન કોટ' કિલ્લો બંધાવ્યો. જ્યારે મુહમ્મદ તુઘલકે દિલ્હી નજીક જહાંપનાહ નગર, દેવગિરિ નજીક દૌલતાબાદ નગર વસાવી અન્ય ઈમારતોથી તેને આબાદ કર્યું હતું. ઉપરાંત તેણે દિલ્હીમાં 'દારેસરા ભવન' અને 'ચિરાગ-એ-દેહલી' મસ્જિદ પણ બંધાવી હતી. ફિરોઝશાહ તુઘલક કલાપ્રેમી હોઈ અનેક ઈમારતો બંધાવી. માલિક ગાઝી સહના અને અબ્દુલ નેક જેવા બાંધકામ વિભાગના અધિકારીઓ તે માટે તેણે રોક્યા હતા. તેના સમયમાં દિલ્હીની અનેક મસ્જિદો, મકબરા અને જળાશયોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. ઉપરાંત અનેક બંધો, મસ્જિદો, મદરેસાઓ, મકતબો, રાજભવનો, સરાઈઓ, નગરો, જળાશયો, દવાખાનાં, સ્નાનાગારો, મકબરા, સ્તંભ, કૂવા વગેરે નવાં બંધાવ્યાં હતાં. આમ, સાર્વજનિક સ્થાપત્ય ક્ષેત્રે કામ કરી પ્રજાની સુખાકારીમાં અભિવૃદ્ધિ કરી હતી. તેણે વસાવેલાં મોટાં નગરોમાં ફિરોઝાબાદ, ફતેહાબાદ, જૌનપુર, હિસાર ફિરોઝપુર પ્રમુખ છે. અંબાલા પ્રાંતમાંથી અશોકનો સ્તંભ લાવી ફિરોઝાબાદમાં ઊભો કરાવ્યો. તેણે રાજધાની દિલ્હીમાં અનેક મસ્જિદો બંધાવી હતી. જેમાં કાલી મસ્જિદ, બેગમપુરી મસ્જિદ, ખિડકી મસ્જિદ, કલાન મસ્જિદ મુખ્ય છે. તિલાંગનીનો મકબરો જાણીતો છે. ગ્યાસુદ્દીન બીજાના સમયમાં બંધાયેલ કબીરુદ્દીન ઔલિયાનો મકબરો 'લાલ ગુંબજ' નામથી ઓળખાય છે. ઉત્તરકાલીન તુઘલક સુલતાનો તિમુરના આક્રમણથી સ્થાપત્યને પ્રોત્સાહન આપી શક્યા

*નહીં. તિમુર દિલ્હીના સ્થાપત્યથી પ્રભાવિત થઈ અનેક શિલ્પીઓને સમરકંદ લઈ ગયો હતો.*

*સૈયદ વંશની ઈમારતોમાં તુઘલકકાલીન કલા રહીતતાને પુનર્ જીવન કરવાનો પ્રયાસ થયો. મુબારકશાહ અને મુહમ્મદશાહના મકબરા, લાહોર મસ્જિદ ઉપરાંત અન્ય કેટલીક ઈમારતો સૈયદ સમયમાં બની. લોદીસમયમાં ભારતીય મુસ્લિમ સ્થાપત્યનું ત્રીજું ચરણ જોવા મળે છે. જેમાં ખિલજી અને તુઘલક શૈલીનું મિશ્રણ થયું. નાની પણ મજબૂત દીવાલો, તહખાના, છજાનો અભાવ, દીવાલનાં ગોખાલાની બનાવટમાં ગુલામવંશની શૈલીનું અનુકરણ, ઘુંમટોની ઉપસાવેલી કલગીઓ, કલાતત્ત્વનો અભાવ, નોંધપાત્ર મિનાકારીવાળી રંગીન તકતીઓ, સાદાઈ, થોડી સજાવટ જેવાં લક્ષણો લોદી સ્થાપત્યની વિશેષતાઓ છે. ઓછી કલાત્મકતા ધરાવતા અને પ્રમાણમાં નાના મકબરાઓમાં બડેખાનકા ગુંબદ', છોટેખાનકા ગુંબદ, બડા ગુંબદ, શિહાબુદ્દીન તાજખાનનો મકબરો, દાદીકા ગુંબદ, પોલીકા ગુંબદ પ્રમુખ છે.*

*સલ્તનતકાલીન પ્રાંતોમાં દિલ્હી જેવી મોટી ને ભવ્ય ઈમારતો બંધાઈ નથી. પરંતુ ત્યાંના સ્થાનિક હિંદુ કલાનાં તત્ત્વો ઉમેરાતાં તે નાની ઈમારતો સુંદર બની છે. મુલતાનમાં આ કાલની ઈમારતો વિદેશી મુસ્લિમ કલા શૈલીએ બંધાઈ છે. જેમાં ઊંચી પીઠ, મહેરાબદાર તોરદ્વાર, મોટા ઘુંમટ, ગોખલા, કળશયુક્ત બુરજ તેના સ્થાપત્યનાં લક્ષણો છે. હિંદુ ઈમારતોના ભગ્નાવશેષોનો તેમાં ઉપયોગ થયો હોવા છતાં હિંદુ શૈલીનો પ્રભાવ જણાતો નથી. અહીં મુલતાની શૈલીએ બંધાયેલ જુમા મસ્જિદ, શાહ યુસુફ-ઉલ-ગર્દીજીનો મકબરો, બહાઉલ હકનો મકબરો, શમ્સુદ્દીનનો મકબરો, ગ્યાસુદ્દીન તુઘલુકે બંધાવેલ રુકન-એ-આલનનો મકબરો મહત્ત્વનાં સ્થાપત્યો છે. કાશ્મીરમાં હિંદુ કલાના પ્રભાવવાળી કાશ્મીરી શૈલીએ બંધાયેલ ઈમારતોમાં શ્રીનગરની જામા મસ્જિદ, મન્દનિકા મકબરા તથા શાહ હમદાન મસ્જિદ જાણીતી છે.*

*બંગાળમાં 13મી સદીમાં નિર્માણ પામેલ મુસ્લિમ સ્થાપત્યમાં બોદ્ધ અને હિંદુ મંદિરોનો ધ્વંસ કરી બનાવેલ હોઈ તેમાં બોદ્ધ-હિંદુ અસર ધરાવતી મુસ્લિમ શૈલી જોવા મળે છે. અહીંના મુસ્લિમ સ્થાપત્યમાં ઈંટો, વાંસ, લાકડાં વગેરેનો ઉપયોગ સુશોભનમાં પથ્થરનો ઉપયોગ, મહેરાબોમાં કોતરણીવાળા સ્તંભો વગેરે લાક્ષણિક્તાઓ રહેલી છે. તેના સ્થાપત્યનાં સ્વરૂપ, વિન્યાસ, બાંધકામમાં હિંદુ પ્રભાવ છે. ૧૪મા-૧૫મા સૈકામાં બંગાળના સુલતાનોએ સ્થાપત્યના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો. અહીં ગૌડની'તોતિપારા મસ્જિદ', 'લોત્તન મસ્જિદ', દખ્ખિન દરવાજો', છોટા સોના મસ્જિદ, બડા સોના મસ્જિદ, કદમ રસૂલ મસ્જિદ, ફિરોઝ હુસેનશાહનો મિનારો અને મકબરો આ સમયના અગત્યનાં સ્થાપત્ય છે. ઉપરાંત સિકંદરશાહે પાંડુઆમાં બંધાવેલી અદીના મસ્જિદ ભારતની મસ્જિદોમાં શ્રેષ્ઠ છે. જે સરાઈ અને બોદ્ધ વિહારનું સ્વરૂપ ધરાવે છે. અહીં સુંદર સુશોભન ધરાવતો જલાલુદ્દીન મુહમ્મદશાહનો 'એક્લખા' નામનો મકબરો પણ પ્રસિદ્ધ છે. તો ત્રિવેણીમાં કૃષ્ણમંદિરના અવશેષોથી બનેલ ઝફરખાં ગાઝીનો મકબરો અને મસ્જિદ આવેલાં છે.*

ગુજરાતમાં 14મી સદીમાં મુસ્લિમ સત્તા સ્થપાતાં અહીનાં હિંદુ અને જૈન દેવાલયોનો મસ્જિદ બનાવવામાં ઉપયોગ થતો રહ્યો. 15મી સદીની શરૂઆતમાં અહમદશાહે અમદાવાદ વસાવ્યું ત્યાંથી મુસ્લિમ સ્થાપત્યની વિશિષ્ટ શૈલી વિકસી. તેમ છતાં અહીના મુસ્લિમ સ્થાપત્યમાં બોદ્ધ, જૈન અને હિંદુ કલાની વિશેષ અસર જોવા મળે છે. જૈન કલાએ તેમાં વધું અસર કરી છે. તેથી જ બર્જેસે નોધ્યું છે કે, "જૈન સ્થાપત્યનો અભ્યાસ કર્યા વગર ગુજરાતની મુસ્લિમ કલાની વિશેષતાઓ સમજવી અસંભવિત છે". સોમપુરા શિલ્પીઓનો તેમાં વિશેષ ફાળો રહ્યો. તેથી ગુજરાતની આ મુસ્લિમ શૈલી ઉત્કૃષ્ટતા પામી છે. એ અંગે રત્નમણીરાવ જોટેએ કહ્યું છે કે, "ભરપુર અલંકાર સાથે જ સ્વચ્છ સાદાઈનો મજબૂતાઈ સાથે લાવણ્યનો જે સુમેળ ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યમાં સધાયો છે એવો હિંદના અન્ય પ્રાંતના કે હિંદ બહારના દેશોના સ્થાપત્યમાં જડવો મુશ્કેલ છે." પાટણની શેખ ફરીદની દરગાહ તથા જામે મસ્જિદ, ભરૂચની જામે મસ્જિદ, ખંભાતની જામે મસ્જિદ, ધોળકાની હિલાલ કાજીની મસ્જિદ, માંગરોળની જામે મસ્જિદ, પ્રાચીન ઈમારતોના અવશેષોમાંથી નિર્માણ પામી છે. અહમદશાહના સમયમાં અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારોમાં અનેક નમૂનેદાર ઈમારતો બંધાઈ. તેણે અમદાવાદમાં જામે મસ્જિદ બંધાવી. જેમાં મુસ્લિમ અને હિંદુ કલાનો અદ્દભૂત સમન્વય થયો છે. ઈરાની શૈલીની અસરવાળો દરિયાખાનનો મકબરો કુત્બુદ્દીન અહમદશાહે બંધાવ્યો. ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય મહમૂદ બેગડાના શાસનકાળમાં ચરમસીમાએ પહોંચ્યું. આ કાળથી મસ્જિદોની કમાનો ઘુંમટવાળી બનવા લાગી. અમદાવાદમાં મુહાફીઝખાને બંધાવેલ મસ્જિદ, રાણી સિપ્રીની મસ્જિદ, મિયાખાન ચીસ્તી, બીબી અચુતકુકીની મસ્જિદ, રાણી રૂપમતીની મસ્જિદ, અહમદશાહનો રોજો, રાણીનો હજીરો, શાહ આલમનો રોજો, સૈયદ ઉસમાનનો રોજો વગેરે જાણીતાં સ્થાપત્ય છે. અમદાવાદ સિવાય અન્ય સ્થળોએ પણ મુસ્લિમ ઈમારતો બંધાઈ. જેમાં અહમદ ખટ્ટુનો રોજો સૌથી મોટો રોજો છે. ચાંપાનેરમાં જામે મસ્જિદ, નગીના મસ્જિદ, લીલા ગુંબજ, ધોળકાની કુત્બુદ્દીન અહમદશાહે બંધાવેલી મસ્જિદ, મહેમદાવાદનો સૈયદ મુબારકનો રોજો ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યની શૈલીમાં બંધાયેલાં છે. ઉપરાંત આ સમયમાં ગુજરાતમાં કિલ્લાઓ, મહેલો, વાવ, કૂવા, તળાવો વગેરે બહોળી સંખ્યામાં નિર્માણ પામ્યાં. જે રચના, યોજના ને સજાવટમાં બેનમૂન છે.

જૌનપુરની મુસ્લિમ કલાશૈલી પર પણ હિંદુ કલાની અસર થઈ. ઉપરાંત દિલ્હીની તુઘલક શૈલીનો પ્રભાવ પણ જોવા મળે છે. ભારે ઢળતી દીવાલો, કલાત્મક ચોરસ સ્તંભો, નાની રવેશો, ઘુમટો, કલાત્મક મહેરબો, ગોખ, ગોપુરમ જેવાં દરવાજા વગેરે જૌનપુર શૈલીની વિશેષતાઓ છે. અહીની મસ્જિદોમાં મિનારાઓ નથી. અટાલાદેવી મસ્જિદ, જામે મસ્જિદ, ઝંઝરી મસ્જિદ, લાલ દરવાજા મસ્જિદ, કિલ્લાની મસ્જિદ વગેરે પ્રમુખ મસ્જિદો છે. કિલ્લાની મસ્જિદમાં હિંદુ મંદિરના સ્તંભો વપરાયા છે. તેવી જ રીતે અટાલાદેવી મંદિર તોડી તેમાંથી ઈબ્રાહિમશાહ શર્કીએ અટાલા મસ્જિદમાં રૂપાંતરિત કરી છે. જામે મસ્જિદમાં એક પણ સ્તંભ વગરની છત તેનું મુખ્ય આકર્ષણ છે.

*માલવાના ધાર અને માંડૂમો ઘોરી અને ખિલજી સુલતાનોએ સ્થાપત્યથી સમૃદ્ધ બનાવ્યાં હતાં. અહીંના સ્થાપત્યમાં હિંદુ કલા ઉપરાંત ખિલજી અને તુઘલક શૈલીનો પ્રભાવ જોવા મળે છે. ઊંચી પીઠ પર ઈમારતોનું નિર્માણ, ઘુમ્મટ, કલાત્મક સજાવટ વગેરેને કારણે અહીંની ઈમારતો ઘાટીલી લાગે છે. ધારમાં સરસ્વતી મંદિરનો વિધ્વંસ કરી બનાવેલ મસ્જિદ, તથા સૂર્ય મહેલનો લાટ મસ્જિદમાં પરિવર્તિત કરેલી છે. સૂફી સંત કમાલુદ્દીનનો મકબરો પણ અહીં આવેલો છે. આ ત્રણેય સ્થાપત્યમાં હિંદુ કલા શૈલીની અસર છે. માંડૂમાં જામે મસ્જિદ, હુસેનશાહનો મકબરો, હિંડોળા મહેલ, જહાજ મહેલ, અશરફી મહેલ, બાજ બહાદુર મહેલ, રૂપમતી મહેલ, માંડૂનો દુર્ગ જેવી અનેક ઈમારતો આવેલી છે.*

*દખ્ખણમાં બહમની રાજયમાં ઈજિપ્ત, ઈરાન અને તુર્કસ્તાન સાથે હિંદુ કલાના મિશ્રણવાળી બહમની શૈલી વિકસી. જેમાં ઈરાની કલાની અસર વધુ જોવા મળે છે. વિશાળ ઘુમ્મટ-ઊંચી પીઠીકા પર ઈમારત નિર્માણ, સપાટ દીવાલો, કલાત્મક મહેરાબો, મસ્જિદોમાં ચોકનો અભાવ, હિંદુ કલાથી પ્રભાવિત મકબરા, ગુંબજોમાં તુર્કી કલાનો પ્રભાવ વગેરે તેનાં મુખ્ય લક્ષણો છે. ધાર્મિક ઈમારતો ઉપરાંત રાજમહેલો, કિલ્લા, હોજ, વાવ, કૂવા, તળાવો, બાગ-બગીચા વગેરેનું નિર્માણ પણ થયું. નવાં નગરો પણ બહમની સુલતાનોએ વસાવ્યાં હતાં. બહમની સ્થાપત્યમાં ગુલબર્ગ અને બીડરની જામે મસ્જિદ, ફિરોજશાહનો મકબરો, મુઝાહિદશાહ તથા દાઊદશાહના મકબરા, બહમની વિઘટન પછી બીજાપુરમાં બંધાયેલ મોહમ્મદ આદિલશાહનો મકબરો(ગોળ ગુંબજ), બીડરની સોલા મસ્જિદ અને અહમદશાહ વલીનો મકબરો, મહમૂદ ગાવાની ઈરાની શૈલીમાં બંધાવેલ મદ્રેસા,(ચિત્રો માટે જુઓ પ્રકરણ ૧૫) દોલતાબાદનો ચાંદ મિનાર વગેરે પ્રમુખ ગણાવી શકાય. અહીં હિંદુ-મુસ્લિમ કલાનો સમન્વય થયો. જે મુઘલસમયમાં ચરમ ઉત્કર્ષે પહોંચી હતી.*

**● તમારી જાતે ચકાસો. (ક)**

**1) નીચેની ખાલી જગ્યા પૂરો.**

(A) *રથ મંદિર(શૈલ દેવાલય)નું નિર્માણ* __________ *કરાવ્યું છે.*

(B)*'દુમર લેણા'(સીતા-કી-નહાની) ગુફા* __________ *માં આવેલી છે.*

(C) *સ્થાપત્યની નાગર શૈલીનો વિકાસ* __________ *માં થયો.*

(D) *ચાલુક્ય-હોયસાલ સ્થાપત્ય શૈલી બીજા* __________ *નામથી પણ ઓળખાય છે.*

(E) *હજાર સિતૂન અને અલાઈ દરવાજો* __________ *બંધાવ્યો હતો.*

**● તમારી જાતે ચકાસો. (ખ)**

1) *ઈ.સ.* 650 *થી* 750 *સુધીના સ્થાપત્ય વિકાસ વિશે ટૂંકમાં માહિતી આપો.*

______________________________________________

______________________________________________

2) *નાગર શૈલીના મંદિર સ્થાપત્ય વિશે પાંચ વાક્યો લખો.*

______________________________________________

______________________________________________

3) *દ્રાવિડ શૈલી વિશે ટૂંકમાં સમજૂતી આપો.*

---

---

4) સલ્તનતકાલીન મુસ્લિમ સ્થાપત્ય વિશે ચાર વાક્યો લખો.

---

---

## 17.4 સારાંશ

*આમ, ઉપરોક્ત અભ્યાસ પરથી કહી શકાય કે, અનુગુપ્તસમયમાં ઈ.સ. 650 થી ઈ.સ. 750ના સો વર્ષના સમયમાં પુરોગામી ગુપ્તકાલની કલા અને સ્થાપત્યનો વિકાસ થતો રહ્યો. હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મનાં ધાર્મિક સ્થાપત્યમાં શૈલાશ્રયો અને ઈંટેરી એમ બંને પ્રકારોનો વિકાસ થયો. તેની સાથે સંલગ્ન મૂર્તિવિધાન, ચિત્રકલા અને વાસ્તુકલામાં પણ વિવિધ શૈલીઓ વિકાસ પામી. જોકે ગુપ્તકાલીન ઓજસ ઘટતા નાગર અને દ્રાવિડ શૈલીનાં કેટલાંક લક્ષણો અનુગુપ્તસમયમાં વિકસ્યાં જ્યારે પ્રતિહાર-રાષ્ટ્રકૂટ સમયમાં તે મંદિર સ્થાપત્ય શૈલીનું સ્પષ્ટ સ્વરૂપ ઘડાયું. સાથે સાથે પ્રાદેશિક સ્થાપત્ય અને કલાશૈલીનો પણ વિકાસ સધાયો. આ સમયથી શાસ્ત્રીય નિયમોને આધારે મૂર્તિવિધાન થવા લાગ્યું. 10મી સદીથી દક્ષિણમાં ધાતુશિલ્પનો વિકાસ થયો. ચિત્રોમાં ગુપ્તકાલીન શૈલીની સાથે નવીન શૈલી પણ પ્રયોજાઈ. 12મી સદીથી તો શિલ્પોમાં ભરાવદાર અંગવિન્યાસનો વિકાસ થયો. સલ્તનતસમયમાં ચિત્ર, સંગીત જેવી કલાઓનો વિકાસ ઓછો થયો. પરંતુ જાહેર બાંધકામ સારા પ્રમાણમાં થયું. ઉપરાંત હિંદુ-મુસ્લિમ કલાનો સમન્વય સધાયો અને સ્થાપત્યમાં ભારતીય ઈસ્લામિક સ્થાપત્યકલા વિકાસ પામી. ચિત્રકલામાં આકાળે લઘુચિત્રોનો વિકાસ થયો. તો સંગીત ક્ષેત્રે અમીર ખુશરોનો ફાળો નોંધપાત્ર છે.*

## 17.5 શબ્દાવલી

*સરાઈ – મુસાફરોને રોકાવા માટેનું મકાન.*

*કુફી – સુંદર અક્ષરોમાં કુરાનની નકલ લખવાની લિપિ.*

*ધ્રુપદ – એક પ્રકારની સંગીતની હિંદુ શૈલીની પદ્ધતિ.*

*ભંડાર – જૈન ગ્રંથાલયો.*

*દરગાહ – સૂફી સંતોની કબર.*

*ગર્ભગૃહ – દેવની મૂર્તિની પ્રતિષ્ઠાવાળું મુખ્ય સ્થાન.*

*લીવાન – મસ્જિદમાં પ્રાર્થના કરવાનો સ્તંભયુક્ત મંડપ.*

*મહેરાબ – મસ્જિદમાં મક્કાની દિશા સૂચવતો ગોખ.*

*મિમ્બર - નમાજ પઢાવવા માટેની ઊંચી વ્યાસપીઠ.*

*શાન- ચોક.*

*રોજો – મસ્જિદ સાથેનો મકબરો.*

## 17.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

- *તમારી જાતે ચકાસો 'અ'ના જવાબો.*

| પ્રશ્ન | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉત્તર | B | A | D | C | F | E | H | G | J | I | I | K |

● **તમારી જાતે ચકાસો '*f*' ના જવાબો.**

1. *જવાબ માટે જુઓ* 17.2.1.
2. *જવાબ માટે જુઓ* 17.2.2.
3. *જવાબ માટે જુઓ* 17..2.3.
4. *જવાબ માટે જુઓ* 17.2.4.3.

- **તમારી જાતે ચકાસો 'f' ના જવાબો.**

1) (A)*પલ્લવનરેશ નરસિંહવર્મા* (B)*ઈલોરા* (C) *ઉત્તર ભારત* (D) *વેસર* (E) *અલાઉદ્દીન ખિલજી*

- **તમારી જાતે ચકાસો 'ખલ્ર ના જવાબો**

1. *જવાબ માટે જુઓ* 17.3.1.
2. *જવાબ માટે જુઓ* 17.3.2
3. *જવાબ માટે જુઓ* 17.3.3 *નો છેલ્લો ફકરો.*
4. *જવાબ માટે જુઓ* 17.3.4

## 17.7 સ્વાધ્યાય.(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

*પ્રશ્ન* 1. *ઈ.સ.* 650 Ú*ll ઈ.સ.* 750 *સુધીના સમયની કલાના વિકાસ પર વિસ્તૃત નોંધ તૈયાર કરો.*

*પ્રશ્ન* 2. *પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન કલા વિશે સવિસ્તાર જણાવો.*

*પ્રશ્ન* 3. *પૂર્વ સલ્તનતકાલીન (પ્રાચીન કાલના અંતિમ તબક્કાના) કલા વિકાસને આલેખો.*

*પ્રશ્ન* 4. *સલ્તનતસમયમાં હિંદુ-મુસ્લિમ કલાના સમન્વય અને પ્રભાવ વિશે વિગતે જણાવો.*

*પ્રશ્ન* 5.*અનુગુપ્તકાલીન(ઈ.સ.*650 *થી ઈ.સ.*750*) સુધીના સ્થાપત્ય કલા પર વિસ્તારથી ચર્ચા કરો.*

*પ્રશ્ન* 6.*નાગર, દ્રાવિડ અને વેસળ શૈલીનો વિકાસ આલેખી તેનાં લક્ષણો જણાવો.*

*પ્રશ્ન* 7. *પૂર્વસલ્તનતકાલીન સમયમાં પ્રાદેશિક સ્થાપત્યનો વિકાસ નિરૂપો.*

*પ્રશ્ન* 8. *સલ્તનતકાલીન મુસ્લિમ સ્થાપત્યની વિશેષતાઓ વિગતે સમજાવો.*

## 17.8 સંદર્ભ સૂચિ


1. R. Nath, History of Sultunate Architecture.
2. Tarachand, Influence of Islam on Indian Culture.
3. *ડૉ. છોટુભાઈ નાયક, મધ્યયુગીન ભારતનો ઈતિહાસ.*
4. *ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રાચીન ભારત, ભાગ- ૧ અને ૨.*
5. *ડૉ. પ્રવિણચંદ્ર પરીખ, ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ.*
6. इश्वरी प्रसाद, प्राचीन भारतीय संस्कृति, कला, राजनीति, धर्म एवम दर्शन.
7. धनपत पांडेय, प्राचीन भारतका राजनैतिक और सांस्कृतिक इतिहास.